# સમયસાર રહસ્ય

ભાગ – ૭



ॐ

श्री सिद्ध परमात्मने नमः।

# સમયસાર રહસ્ય

## ભાગ–૭

અધ્યાત્મ યુગપુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર પરમાગમ ઉપરના ૧૭મી વખતના
૮૩ થી ૯૭ ગાથાના સ્વાનુભવ મુદ્રિત ૩૦ અક્ષરશઃ પ્રવચનો

પ્રકાશક
શ્રી કુંદકુંદ–કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ
શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ

| વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
| --- | --- | --- |
| ૨૫૫૦ | ૨૦૮૦ | ૨૦૨૪ |

**પ્રકાશન**

શ્રી જંબુદ્વીપ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક
પ્રતિષ્ઠા મહોત્સવ, તા. ૨૫-૧-૨૦૨૪

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.

(૨) શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ,
૧૭૩/૧૭૫, બેંક ઑફ બરોડાની ઉપર,
મુંબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨.

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**અજય ઑફસેટ**
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રકાશકીય

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરથી ઉદઘાટિત વિશુદ્ધ જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, અષ્ટપાહુડ એ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે કે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી આ નિજ વૈભવ પ્રાપ્ત થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં નિજ સમયસારરૂપ પરમાત્મતત્ત્વને પ્રકાશિત કરવાનું રહસ્ય ભર્યું છે. તેથી આ પ્રવચન ગ્રંથનું **'સમયસાર રહસ્ય'** નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની

મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન રહસ્યયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો 'પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.'

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમ જ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૭મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટને થઈ કે પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેથી તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ

કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૭મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૭મી વખતના કુલ ૫૯૬ પ્રવચનો છે, જે લગભગ ૨૫ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર રહસ્ય ભાગ-૭ પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી રજનીભાઈ દોશી, હિંમતનગર, દ્વારા કરી આપવામાં આવેલ છે તથા પ્રુફ રીડીંગમાં શ્રી હસમુખભાઈ શાહ, હિંમતનગરનો સહયોગ મળેલ છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

# અહોભાગ્ય!

પરમ પૂજ્ય વીતરાગી જિનેન્દ્ર ભગવંતોની વાણીમાં પ્રવાહિત આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તેમની પરંપરામાં થયેલ વીતરાગી સંતોની પરંપરાથી આજે પણ આપણને સુલભ છે. વીતરાગી નિર્ગ્રંથ સંતોની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોપરી છે. મંગલાચરણમાં શાસનનાયક ભગવાન મહાવીર તથા ગૌતમ ગણધર પછી તુરંત સ્મરણ કરવામાં આવતા આચાર્ય કુંદકુંદ આજે જૈનધર્મના આધાર સ્તંભ ગણવામાં આવે છે. વિદેહક્ષેત્રે સ્થિત જીવંતસ્વામી સીમંધર પરમાત્માના સાક્ષાત્ દર્શન અને દિવ્યધ્વનિ શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે તેઓશ્રીની વિશેષ ઉલ્લેખનીય ઉપલબ્ધિ છે. તેમની લેખનીથી ૮૪ પાહુડની રચના થઈ, જેમાંથી અમુક વર્તમાનમાં ઉપલબ્ધ છે. ગ્રંથાધિરાજ સમયસાર, આચાર્યદેવની નિષ્કારણ કરુણાનો અદ્ભુત પ્રસાદ છે. તેઓશ્રીએ આ ગ્રંથ અત્યંત અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવોના હિતાર્થે રચ્યો છે.

વર્તમાન યુગમાં જ્યારે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ આત્મજ્ઞાનશૂન્ય કોરા ક્રિયાકાંડમાં આચ્છાદિત થયું હતું અને આત્મધર્મ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, એવા વિષમકાળમાં જિનશાસનને જીવંત સ્વરૂપ પ્રદર્શિત કરવા માટે એકપુરુષનું અવતરણ થયું. જેમના દિવ્યવચનો અને અંતર્બાહ્ય વ્યક્તિત્વથી મૂળ જિનશાસનનું સ્વરૂપ આ શતાબ્દિમાં પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું. તે યુગપુરુષ છે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. જેમણે ૪૫ વર્ષો સુધી અનવરત પોતાની દિવ્યવાણીથી આચાર્ય ભગવંતોના રહસ્યોને ઉદઘાટિત કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પરિવર્તનમાં શ્રી સમયસારજીનું અવિસ્મરણીય યોગદાન રહ્યું છે, જે સર્વવિદિત છે. તેથી જિનાગમના અનેક ગ્રંથોના દોહન-પ્રવચન સાથે જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ઉપર ૧૯ વાર સભામાં પ્રવચન થયા. જેમાં આપણા સદ્ભાગ્યથી ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯મી વારના પ્રવચનો સી.ડી.માં ઉપલબ્ધ છે.

હું જ્યારે પણ કોઈપણ ગાથાનો સ્વાધ્યાય કરું છું કે કરાવું છું ત્યારે સમયસારની તે ગાથા ઉપર અલગ અલગ વારના પ્રવચનો અવશ્ય સાંભળુ છું અને તેનાથી મને વિશેષ લાભ થતો રહ્યો છે.

અત્યાર સુધી ગુજરાતીમાં શબ્દશઃ પ્રવચનોનું પ્રકાશન કાર્ય આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ સંભાળી રહ્યા હતા. પરંતુ તેમના અચાનક દેહપરિવર્તનના કારણે આ કાર્યનું દાયિત્વ મેં સંભાળવાનો નિશ્ચય કર્યો. જેના ફળસ્વરૂપે શ્રી સમયસારજી ઉપર ૧૭મી વારના પ્રવચન '**સમયસાર રહસ્ય**'નો સાતમો ભાગ મુમુક્ષુઓને સાદર સમર્પિત છે. આ પવિત્ર ગ્રંથનું કાર્ય કરવાનો મને જે અદ્ભુત લાભ મળ્યો તે મારું અહોભાગ્ય જ છે, પરંતુ આપ પણ મનોયોગપૂર્વક સી.ડી. પ્રવચન સાંભળતા સાંભળતા આ ગ્રંથનો ઉપયોગ કરશો તો નિશ્ચિતરૂપે લાભાન્વિત થશો.

પ્રસ્તુત ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસારના ૧૭મી વારના પ્રવચનો સંગ્રહીત છે. મને જીવનમાં આવા લાભ પ્રાપ્ત થતા રહે તથા મુમુક્ષુ સમાજને આ પ્રયાસ આત્મહિતનું કારણ થાય તેવી ભાવના છે.

રજનીભાઈ મીઠાલાલ દોશી
હિંમતનગર (ગુજરાત)

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૧૯૪ | ૧૭-૧૦-૧૯૭૨ | ગાથા-૮૩ | ૦૦૧ |
| ૧૯૫ | ૧૮-૧૦-૧૯૭૨ | ગાથા-૮૩ | ૦૧૫ |
| ૧૯૬ | ૧૯-૧૦-૧૯૭૨ | ગાથા-૮૩-૮૪ | ૦૨૭ |
| ૧૯૭ | ૨૦-૧૦-૧૯૭૨ | ગાથા-૮૪ | ૦૪૧ |
| ૧૯૮ | ૨૧-૧૦-૧૯૭૨ | ગાથા-૮૫ | ૦૫૪ |
| ૧૯૯ | ૨૨-૧૦-૧૯૭૨ | ગાથા-૮૫ | ૦૬૬ |
| ૨૦૦ | ૨૩-૧૦-૧૯૭૨ | ગાથા-૮૫-૮૬ | ૦૭૯ |
| ૨૦૧ | ૨૪-૧૦-૧૯૭૨ | ગાથા-૮૬ | ૦૯૩ |
| ૨૦૨ | ૨૫-૧૦-૧૯૭૨ | શ્લોક-૫૨-૫૩ | ૧૦૮ |
| ૨૦૩ | ૨૬-૧૦-૧૯૭૨ | શ્લોક-૫૪-૫૫ | ૧૨૩ |
| ૨૦૪ | ૨૭-૧૦-૧૯૭૨ | ગાથા-૮૭, શ્લોક-૫૫-૫૬ | ૧૩૯ |
| ૨૦૫ | ૨૮-૧૦-૧૯૭૨ | ગાથા-૮૭ | ૧૫૫ |
| ૨૦૬ | ૨૯-૧૦-૧૯૭૨ | ગાથા-૮૮-૮૯ | ૧૬૮ |
| ૨૦૭ | ૩૦-૧૦-૧૯૭૨ | ગાથા-૮૯-૯૦ | ૧૮૩ |
| ૨૦૮ | ૩૧-૧૦-૧૯૭૨ | ગાથા-૯૦-૯૧ | ૧૯૭ |
| ૨૦૯ | ૦૧-૧૧-૧૯૭૨ | ગાથા-૯૧-૯૨ | ૨૧૨ |
| ૨૧૦ | ૦૨-૧૧-૧૯૭૨ | ગાથા-૯૨ | ૨૨૯ |
| ૨૧૧ | ૦૩-૧૧-૧૯૭૨ | ગાથા-૯૨ | ૨૪૧ |
| ૨૧૨ | ૦૪-૧૧-૧૯૭૨ | ગાથા-૯૩ | ૨૫૬ |
| ૨૧૩ | ૦૫-૧૧-૧૯૭૨ | ગાથા-૯૩ | ૨૬૯ |

| | | | |
|---|---|---|---|
| ૨૧૪ | ૦૬–૧૧–૧૯૭૨ | ગાથા–૯૩–૯૪ | ૨૮૨ |
| ૨૧૫ | ૦૭–૧૧–૧૯૭૨ | ગાથા–૯૪ | ૨૯૬ |
| ૨૧૬ | ૦૮–૧૧–૧૯૭૨ | ગાથા–૯૪–૯૫ | ૩૦૯ |
| ૨૧૭ | ૦૯–૧૧–૧૯૭૨ | ગાથા–૯૫ | ૩૨૪ |
| ૨૧૮ | ૧૦–૧૧–૧૯૭૨ | ગાથા–૯૫–૯૬ | ૩૫૧ |
| ૨૧૯ | ૧૧–૧૧–૧૯૭૨ | ગાથા–૯૬ | ૩૫૧ |
| ૨૨૦ | ૧૨–૧૧–૧૯૭૨ | ગાથા–૯૬–૯૭ | ૩૬૩ |
| ૨૨૧ | ૧૩–૧૧–૧૯૭૨ | ગાથા–૯૭ | ૩૭૭ |
| ૨૨૨ | ૧૪–૧૧–૧૯૭૨ | ગાથા–૯૭, શ્લોક–૫૭–૫૮ | ૩૮૯ |
| ૨૨૩ | ૧૫–૧૧–૧૯૭૨ | શ્લોક–૫૮ થી ૬૨ | ૪૦૩ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

-

सहज चिदानंद

।।श्री परमात्मने नमः।।

# સમયસાર રહસ્ય

(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી સમયસારજી પરમાગમ ઉપર ચાલેલા ૧૭મી વખતના શબ્દશઃ સળંગ પ્રવચનો)

(ભાગ-૭)

## ગાથા-૮૩

ततः स्थितमेतज्जीवस्य स्वपरिणामैरेव सह कर्तृकर्मभावो भोक्तृभोग्यभावश्च --

णिच्छणयस्स एवं आदा अप्पाणमेव हि करेदि।
वेदयदि पुणो तं चेव जाण अत्ता दु अत्ताणं।।८३।।
निश्चयनयस्यैवमात्मात्मानमेव हि करोति।
वेदयते पुनस्तं चैव जानीहि आत्मा त्वात्मानम्।।८३।।

यथोत्तरंगनिस्तरंगावस्थयोः समीरसंचरणासंचरणनिमित्तयोरपि समीरपारावारयोर्व्याप्य-व्यापकभावाभावात्कर्तृकर्मत्वासिद्धो, पारावार एव स्वयमन्तर्व्यापको भूत्वादिमध्यान्तेषूत्तरंगनिस्तरंगावस्थे व्याप्योत्तरंग निस्तरंग त्वात्मानं कुर्वन्नात्मानमेकमेव कुर्वन् प्रतिभाति, न पुनरन्यत्, यथा स एव च भाव्यभावकभावाभावात्परभावस्य परेणानुभवितुमशक्यत्वादुत्तरंग निस्तरंग त्वात्मानमनुभवन्नात्मानमेकमेवानुभवन् प्रतिभाति,

न पुनरन्यत्, तथा ससंसारनिःसंसारावस्थयोः पुद्गलकर्मविपाकसम्भवासम्भवनिमित्तयोरपि पुद्गलकर्मजीवयोर्व्याप्यव्यापकभावा-भावात्कर्तृकर्मत्वासिद्धौ, जीव एव स्वयमन्तर्व्यापको भूत्वादिमध्यान्तेषु ससंसारनिःसंसारावस्थे व्याप्य ससंसारं निःसंसारं वात्मानं कुर्वन्नात्मानमेकमेव कुर्वन् प्रतिभातु, मा पुनरन्यत्, तथायमेव च भाव्यभावकभावाभावात् परभावस्य परेणानुभवितुमशक्यत्वात्ससंसारं निःसंसारं वात्मानमनुभवन्नात्मानमेकमेवानुभवन् प्रतिभातु, मा पुनरन्यत्।

તેથી એ સિદ્ધ થયું કે જીવને પોતાના જ પરિણામો સાથે કર્તાકર્મભાવ અને ભોકતાભોગ્યભાવ (ભોકતાભોગ્યપણું) છે એમ હવે કહે છેઃ-

આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું,<br>
વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩.

ગાથાર્થઃ- [निश्चयनयस्य] નિશ્ચયનયનો [एवम्] એમ મત છે કે [आत्मा] આત્મા [आत्मानम् एव हि] પોતાને જ [करोति] કરે છે [तु पुनः] અને વળી [आत्मा] આત્મા [तं च एव आत्मानम्] પોતાને જ [वेदयते] ભોગવે છે એમ હે શિષ્ય! [जानीहि] તું જાણ.

ટીકાઃ- જેમ [૧]ઉત્તરંગ અને [૨]નિસ્તરંગ અવસ્થાઓને પવનનું વાવું અને નહિ વાવું તે નિમિત્ત હોવા છતાં પણ પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, સમુદ્ર જ પોતે અંતર્વ્યાપક થઈને ઉત્તરંગ અથવા નિસ્તરંગ અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઉત્તરગ અથવા નિસ્તરંગ એવા પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે પરંતુ અન્યને કરતો પ્રતિભાસતો નથી; અને વળી જેમ તે જ સમુદ્ર, ભાવ્યભાવકભાવના (ભાવ્યભાવકપણાના) અભાવને લીધે પરભાવનું પર વડે અનુભવવાવું અશકય હોવાથી, ઉત્તરંગ અથવા નિસ્તરંગરૂપ પોતાને અનુભવતો થકો, પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસે છે પરંતુ અન્યને અનુભવતો પ્રતિભાસતો નથી; તેવી રીતે સંસસાર અને નિઃસંસાર અવસ્થાઓને પુદ્‌ગલકર્મના વિપાકનો [૧]સંભવ અને અસંભવ નિમિત્ત હોવા છતાં પણ પુદ્‌ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને સસંસાર અથવા નિઃસંસાર અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને સસંસાર અથવા નિઃસંસાર એવા પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસો પરંતુ અન્યને કરતો ન

૧. ઉત્તરંગ = જેમાં તરંગો ઊઠે છે એવું; તરંગવાળું.<br>
૨. નિસ્તરંગ = જેમાં તરંગો વિલય પામ્યા છે એવું; તરંગ વિનાનું.

પ્રતિભાસો; અને વળી તેવી રીતે આ જ જીવ, ભાવ્યભાવકભાવના અભાવને લીધે પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી, સસંસાર અથવા નિઃસંસારરૂપ પોતાને અનુભવતો થકો, પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો.

ભાવાર્થ :- આત્માને પરદ્રવ્ય-પુદ્‌ગલકર્મના નિમિત્તથી સસંસાર-નિઃસંસાર અવસ્થા છે. તે અવસ્થારૂપ આત્મા પોતે જ પરિણમે છે. તેથી તે પોતાનો જ કર્તા-ભોક્તા છે; પુદ્‌ગલકર્મનો કર્તા-ભોક્તા તો કદી નથી.

---

## આસો સુદ-૧૦, મંગળવાર, તા. ૧૭-૧૦-૧૯૭૨
## ગાથા-૮૩, પ્રવચન-૧૯૪

કર્તાકર્મ અધિકાર, ૮૩ ગાથા છે. ઉપોદ્‌ઘાત વંચાણોને કાલે. જુઓ ફરીને. '**તેથી એ સિદ્ધ થયું કે જીવને પોતાના જ પરિણામો સાથે...**' આ જીવના પરિણામ એટલે પુણ્ય અને પાપ, કામ, ક્રોધ, મિથ્યાત્વ ભાવ એવા જે વિકારીભાવ એની સાથે કર્તાકર્મભાવ છે અને ભોક્તાભોગ્યભાવ એની સાથે છે. એટલું વિશેષ નાખ્યું. કર્તાકર્મ તો સિદ્ધ કર્યું હતું. જીવ પોતે પોતાના જ પરિણામ વિકાર ભાવને કરે નિશ્ચયથી. નિશ્ચયથી છે પાઠ. એમાં (ઘણાં) કહે કે નહિ, વ્યવહારથી. જ્યાં જોઈએ નિશ્ચય ત્યાં વ્યવહાર નાખે. આ તો નિશ્ચયની વાત છે. આહા..હા..! ઓલી નિશ્ચયની અહીં ક્યાં વાત છે? જુઓ, પાઠ છે જુઓ, '**णिच्छणयस्स**' એમ પાઠ છે.

**णिच्छणयस्स एवं आदा अप्पाणमेव हि करेदि।**
**वेदयदि पुणो तं चेव जाण अत्ता दु अत्ताणं।।८३।।**

નીચે હરિગીત.

**આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું,**
**વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩.**

લ્યો આ તો નિશ્ચયની વાત છે. અહીં તો પોતાના પરિણામ નિશ્ચય છે. સ્વ છેને? પરને અહીંયાં વ્યવહાર કહ્યો છે. અને જે ઠેકાણે જે સિદ્ધ કરવું હોય એ પ્રમાણે લાગે. ત્યાં ત્રિકાળ નિશ્ચય નાખે. હજી પહેલા પરિણામની પણ સ્વતંત્રતા (તો સ્વીકાર કરે). રાગ, દ્વેષ, વિકાર જે થાય છે અને જીવ પોતે પોતાના પરિણામનો કર્તા અને એ પરિણામ એનું

કાર્ય. કર્મ એનો કર્તા અને કર્મ એનું કાર્ય એમ નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અને કર્મનો આત્મા ભોક્તા અને આત્મા એનો ભોગ્ય (અને) ભોક્તા એનું કર્મ ભોક્તા અને કર્મ પોતે ભોગ્ય એમ નથી. આત્મા પોતાના હરખ-શોકના ભાવને ભોગવે એ પોતે ભોક્તા અને પોતે ભોગ્ય. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં એ સિદ્ધ કરવું છે. પરનો કર્તા અને ભોક્તા નથી. પર એનો કર્તા-ભોક્તા નથી એ તો વાત છે જ. સમજાણું કાંઈ? પણ આત્મા પરને કરે અને પરને ભોગવે એમ છે નહિ. આ દાળ, ભાત અને રોટલા ભોગવે આત્મા એમ ના પાડે છે અહીં. ભગવાનજીભાઈ! આ શીરો ખાય, લાડવા ખાય. અહીં ખાતાને. ના. એ તો જડ અવસ્થા છે. જડને આત્મા ભોગવે અને એ જડ ભોગ્ય થાય એમ છે નહિ ત્રણ કાળમાં. જે વખતે એ રાગ અને હરખ-શોકના પરિણામ જે કરે એને એ ભોગવે અને એ ભોગવવાને યોગ્ય પરિણામ એના. પરને ભોગવે અને પરને કરે એવું વસ્તુના સ્વરૂપમાં નથી. કહો, સમજાણું કાંઈ?

ટીકા. પહેલા ગાથાર્થ લઈએ. નય છે ખરીને '**નિશ્ચયનયનો એમ મત છે...**' કહે છે કે સાચા જ્ઞાનનો એવો મત અને અભિપ્રાય છે '**કે આત્મા પોતાને જ કરે છે...**' પણ એ આત્મા પોતાને કરે છે એનો અર્થ કે પોતાના પરિણામને કરે છે. દ્રવ્યને ક્યાં કરવાનું હતું? અહીં ટૂંકુ સમજાવવું છેને. એ પણ એના પરિણામ છે એટલે આત્મા કહીને (વાત કરી છે). દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, હિંસા, જૂઠા આદિના જે ભાવ એને આત્મા કરે છે. નિશ્ચયથી આત્મા કરે છે, યથાર્થ સત્યથી આત્મા જ કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**અને વળી આત્મા પોતાને જ ભોગવે છે...**' એનો અર્થ કે પોતાના પરિણામને ભોગવે છે. સમજાણું કાંઈ? ભાષા તો આત્મા શબ્દ મૂકેને. એ પરિણામ આત્મા છે એમ કરીને આત્મા પરિણામને કરે અને એને ભોગવે.

આત્મા સિવાય કર્મને, શરીરને એ પરપદાર્થની કોઈ અવસ્થાને આત્મા કરે અને આત્મા એનો કર્તા એમ નથી. તેમ આત્માને ભોગવવા યોગ્ય સ્ત્રી, ઉપભોગ આવે છેને? ભોગ-ઉપભોગ નથી (આવતું)? એકવાર ભોગવાય તેને ભોગ કહીએ, વારંવાર ભોગવાય એને ઉપભોગ કહીએ. દાળ, ભાત, લાડવા એકવાર ભોગવાય. વસ્ત્ર, દાગીનો આદિ શરીર સ્ત્રીના એ વારંવાર (ભોગવાય). એ ભોગવાય એ ચીજ નહિ કહે છે. ભોગવવાના કાળમાં એના પોતાના જે હરખ-શોકના ભાવ થયા એને આત્મા ભોગવે. કહો, ગીરધરભાઈ! આ મકાન-બકાનને ભોગવે નહિ? ભગવાનજીભાઈ! ભગવાનજીભાઈને તો પાછા ઘણા હતા ત્યાં. ત્યાં ચાવી આપી ... વેચી નાખ્યા. પૈસા છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે મકાનને આત્મા (ભોગવતો નથી). નથી માણસો કહેતા કે સારુ-નરસું મકાન હોય તો પડ્યા રહે ભૂખ્યા અને તરસ્યા હોય તો. એક ઓટલો હોય તો રહેવાય મકાનમાં અને એને ભોગવાય. સાચું હશે? આ

હમણાં લીધું નહિ? આજે જ જગદીશભાઈએ મકાન લીધું નહિ? જગદીશ ક્યાં ગયો? નથી આવ્યો? પચાસ હજારનું મકાન લીધુંને, પીસ્તાલીસ હજારનું. આ ગયા હતાને વાસ્તુ લેવા. .. ભોગવવા માટે લીધું હશે કે .. માટે લીધું હશે?

મુમુક્ષુ :- આપ ના પાડો છો તો અમારે...

ઉત્તર :- પણ પરચીજ શું ભોગવે? એ તો જડ છે. આહા..હા..! એમ દાળ, ભાત, મોસંબી, લાડવા, અરે! આબરૂ, આવા શેઠ છે અને મોટા આવા છે. એ બધી આબરૂના રજકણો એ ભોગવાય આત્માને? સમજાણું કાંઈ? ભોગવવામાં એ વખતે હરખ કરે અને અનુકૂળ ન હોય તો શોક કરે. એ હરખ અને શોકના ભાવને ભોગવે અને કરે. બાકી એની મર્યાદાની સત્તામાં બીજું કરવું અને ભોગવવું છે નહિ. આહા..હા..!

દાખલો આપે છે. '**આત્મા પોતાને જ ભોગવે છે એમ હે શિષ્ય!**' જુઓ, કુંદકુંદાચાર્ય કહે છે. '**જાણ.**' એમ છેને? '**તું જાણ.**' આવી વાતને જાણવાનું? એય..! ચેતનજી! આ તો પર્યાયની વાત કરી. કુંદકુંદાચાર્ય એમ કહે છે કે તારા હરખ-શોકના પરિણામ (એને તું ભોગવે છે એમ જાણ). પૈસા આવ્યા અને અમને હરખ થયો એ હરખનો વિકાર એણે ભોગવ્યો. પૈસા ભોગવી શકે નહિ. એમ સ્ત્રીનો દેહ શરીર, માંસ અને હાડકા એને આત્મા ભોગવે એ ત્રણ કાળમાં નથી. એ તો જડ છે. એ વખતે થતા એના રાગના પરિણામ એને ભોગવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ જો નિર્ણય કરે તો એ પરનો કર્તા અને પરનો ભોક્તા એટલી દૃષ્ટિ એની શમી જાય છે. એની પર્યાયની, વર્તમાન પર્યાયની સ્વતંત્રતા મારે લઈને છે. પછી સ્વતંત્રતા દ્રવ્ય ત્રિકાળ છે એમ દૃષ્ટિ થાય ત્યારે એને ધર્મ થાય. સમજાણું કાંઈ?

પહેલા એ વિકારના પરિણામનો કર્તા હું અને કર્મમાં કાર્ય પણ મારું, એવી વર્તમાન પ્રગટ અવસ્થાની સ્વતંત્રતાને કબુલે તો પછી એ પર્યાય સિવાયનું ત્રિકાળી દ્રવ્ય જે સવારમાં કહ્યું હતું... સમજાણું કાંઈ? તો એ દ્રવ્યની દૃષ્ટિ થતાં એ વિકારી પરિણામ અને વિકારીનું ભોગવવું એ આત્મામાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિકારી પરિણામને કરે અને ભોગવે ત્યાં સુધી એ પર્યાયનો સ્વતંત્ર મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

'**ટીકા :- જેમ ઉત્તરંગ...**' જેમ આ તરંગો ઉઠે દરિયામાં. દરિયો છેને આ દરિયો એમાં તરંગ ઉઠે મોજા-મોજા. '**નિસ્તરંગ...**' એ મોજું સમાઈ જાય, મોજું વિલય પામે. મોજું થાય આમ, પછી આમ થાય. એવી '**અવસ્થાઓને...**' દરિયાના મોજા ઉઠવા અને મોજાનો વિલય થવો, સમાઈ જવું એવી '**અવસ્થાઓને પવનનું વાવું...**' એવી અવસ્થા થવામાં પવનનું વાવું, દરિયામાં તરંગ ઉઠે એમાં પવનનું વાવું એ નિમિત્ત. '**અને નહિ વાવું...**' એ તરંગ સમાઈ જાય આમ ત્યારે પવનનું નહિ વાવું. એવું એ નિમિત્ત. એ '**પવનનું વાવું**

**અને નહિ વાવું તે નિમિત્ત હોવા છતાં પણ પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** સમજાણું કાંઈ? સમુદ્ર વ્યાપક અને પવનની પર્યાય એની વ્યાપ્ય એમ નથી. સમજામું કાંઈ?

**'વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** દરિયો પોતે પવનની પર્યાયમાં વ્યાપતો નથી. પવનની પર્યાયને એ કરતો નથી. સમજાણું કાંઈ? અને પવનની પર્યાય અટકે છે ત્યારે એ એને અટકાવે છે એમ નથી. બહુ આવું. દેખાય છેને નજરે. પવન આવે તો તરંગ ઉઠે. પવન આવે અને તરંગ ઉઠે તો લાકડામાં ઉઠવા જોઈએ. જો એનાથી ઉઠે તો. જેની પોતાની પવનના નિમિત્તે તરંગ ઉઠવાની યોગ્યતાને લઈને એ ઉઠે છે. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ આમાં. કહે છે કે પવનને અને સમુદ્રને, પવન વ્યાપ્ય અને સમુદ્ર વ્યાપક (એમ નથી). વ્યાપક સમજાય છે? દરિયો પ્રસર્યો અને પવનની પર્યાયનું વાવું થયું એવી એની વ્યાપ્ય દશા એમ નથી. આમ તો નથી જ. પવન વાયો એટલે અહીં તરંગ થયું એ તો નથી જ. એ વાત તો નહિ. એ વાત પછી. એ વાત અહીં નથી લીધી, એનું કામ નથી. પવન વાયો એટલે દરિયામાં તરંગ ઉઠ્યું, મોજું ઉઠ્યું. એ તો અહીં વાત જ નથી. પણ મોજું ઉઠ્યું એમાં પવનનું નિમિત્ત છે, માટે મોજું એ પવનની વ્યાપ્ય અવસ્થા સમુદ્રની છે, તરંગની એ અવસ્થા છે એમ નહિ. ભારે કામ! સમજાણું કાંઈ? એ ઉત્તરંગ નામ દરિયામાં તરંગ ઉઠે મોજું અને એ મોજું સમાય-નિસ્તરંગ(પામે). એવી અવસ્થાઓને, દરિયાની એ પર્યાયને, દરિયાની એ હાલતની દશાને **'પવનનું વાવું અને નહિ વાવું તે નિમિત્ત હોવા છતાં પણ પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકના અભાવને લીધે...'** પણ દરિયો પોતે તરંગ ઉઠ્યો એ વ્યાપક થઈ અને પવનની પર્યાયને કરે એમ છે નહિ. પવનની પર્યાય તરંગને ન કરે એ તો બરાબર છે, પણ દરિયાની પર્યાય જે ઉઠી આમ તરંગ એ પવનને લાવે છે અને પવનની પર્યાયને કરે છે એમ નથી. સમજાણું કાંઈ?

(વ્યાપ્યવ્યાપક ભાવના) **'અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...'** એ દરિયાની તરંગ પર્યાય કર્તા અને પવનનું આવવું એ એનું કાર્ય એમ નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ રોટલી થાય છેને રોટલી? લોટની રોટલી. પછી વળી જરી અંદર લોટ નાખ્યો હોયને આમ ગોયણું વાળતા જરી અંદર એટલે પછી આ ઊની થાય ત્યારે આમ લૂગડું મૂકે આમ. ફૂલે રોટલી ફૂલે. ઓલો વચમાં લોટ હતોને જરી એટલે. બે પડ ચોંટ્યા ન હોય. ફૂલે. કહે છે કે એ ફૂલવાની પર્યાયમાં એમાં લૂગડું આદિ ભલે નિમિત્ત હો, પણ ફૂલવાની પર્યાય, લૂગડાની પર્યાયને કરતી નથી એમ કહે છે. આહા..હા..! લૂગડાની પર્યાય જે છે આમ એ તો દડાને કરતી જ નથી પણ એ દડાની પર્યાય લૂગડાની પર્યાયને કરતું નથી. એને લઈને આવ્યું (એમ નથી). સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આ દુનિયાને દેખત

ભૂલ. આ રળવાના પૈસા આવ્યા એમાં એની મમતામાં એ નિમિત્ત ખરું, પણ એ મમતાએ નિમિત્તને, પૈસાને લાવે, મમતા કર્તા અને પૈસો આવવો એનું કર્મ એટલે વ્યાપ્ય એમ નથી. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- તો તો મહેનત પાણીમાં ગઈ.

ઉત્તર :- ક્યાં ગઈ? એણે રાગના પરિણામ કર્યા હતા. એણે કર્યા અને એણે ભોગવ્યા. બરાબર હશે?

મુમુક્ષુ :- ઈ તો પોતે કર્યું હતું ને...

ઉત્તર :- પણ એને વાળી લીધો હોં. વાળી લીધું. એમ ચાલ્યા જ કરે. એમાં શું છે ધૂળમાં? ઓલો હેરાન થાય. આહા..હા..! અહીં તો બીજી વાત કહેવી છે કે એ પૈસાનું આવવું કે નહિ આવવું એ જીવના પરિણામનું કાર્ય નથી. જીવના પરિણામને એ કરે એ પ્રશ્ન તો અહીંયા છે જ નહિ. સમજાણું કાંઈ? આ તો જીવના પરિણામ એની પર્યાયને કરતું નથી એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? પૈસાની પર્યાય અહીં આવે નજીકમાં એ એના કારણે આવે છે. એ પરમાણુ કર્તા અને એની પર્યાય એનું કાર્ય. જીવના પરિણામ એને કરે અને એ એનું કાર્ય છે એમ નથી. ભારે! આ બધા કરતા હશે નહિ? હીરાભાઈ બંગડી આમ પહેરાવે કે નહિ સરખી આમ? એકદમ પહોળી ન કરે, જરીક આમ-આમ (કરે). પહેલા જોયું હતું બધું જોયું હતું. આ બાજુ વાળીને આમ ગોળ થાયને નાનું, પછી અહીં રહે. પણ કહે છે એણે હાથ આમ કર્યો માટે બંગડીની પર્યાય એવી થઈ એમ નથી. એય..! ભારે! એય..! હીરાભાઈ! આ તો તમારી દુકાનની માંડી. અને આ બધું જોયું છેને, અમે જોયું છે. એક-એક નમુના જગતના જોયા છે.

મુમુક્ષુ :- એક વકીલાતનું નથી જોયું.

ઉત્તર :- પણ વકીલાત કેમ કરે એની બધી ખબર પડે અમને.

મુમુક્ષુ :- એ તો સાંભળેલી વાત.

ઉત્તર :- સાંભળેલી જ હોયને. સમજાણું કાંઈ? ઓલા શંકરાચાર્ય સાથે ચર્ચા થઈ હતી. પછી ચર્ચા કરતાં... કરતાં... કરતાં... ઈ કહે, હું બધું જાણું છું. ત્યારે એક જણાએ કીધું કે સ્ત્રીનો વિષય લીધો છે? ... ભાઈ! એ સિવાય હું બધું (જાણું છું). (એવી) ચર્ચા થઈ હતી. શંકરાચાર્યને .. બધું જાણતા હો તો તમે પરણ્યા નથી, તમને સ્ત્રી નહોતી, તમે બ્રહ્મચારી છો. તો તમને સ્ત્રી કેમ છે અને કેમ વિષય અને શું ચેષ્ટા એની તમને ખબર નથી. એય..! પણ એ વાત પણ ખોટી છે. ભલે ન હોય એને ચેષ્ટાની ખબર ન હોય? બધું હોય. એ ક્રિયા ન હોય, પણ એનું જ્ઞાન ન હોય? અને તે જ્ઞાન એ ચેષ્ટાની ક્રિયાનું કર્મ કરે એમ નથી. આહા..હા..! આવી વાત છે. એય..! સમજાણું કાંઈ? એને રાગના પરિણામ થાય

અને તેથી તે ચેષ્ટાઓ દેહની આમ થાય એ પરિણામનું એ કાર્ય છે એમ નથી. એમ તે ટાણે ભોગવવામાં હરખના પરિણામ અજ્ઞાનીએ કર્યા તો હરખને ભોગવે નિશ્ચય એ બરાબર છે, પણ હરખની સાથે શરીરને અને દાળ, ભાતને ભોગવે એ વાતમાં એકેય દોકડો સાચો નથી. બરાબર હશે આ? આ તો દેખત ભૂલ મોટી. આહા..હા..!

આ તમારે શું કહેવાય ઈ? પ્લાસ્ટિકના જોડા હોય છેને. પગ નાખે તો સરખું થાય ત્યારે એ પગ અંદર ગરે. ઓલા મોચી જ્યારે બનાવેને જોડા તો એમાં એમ કે .. હોય છે. લાકડાનો કટકો અંદર નાખીને (આમ કરે). એથી આમ રહે સરખું. નહિતર વળી જાય તો પગ અંદર રહે નહિ. હવે તો સંચા થયા છે પણ પહેલા .. હતો લાકડાનો થાય છે. પછી ટીપે અને સરખું થાય આમ. પણ કહે છે કે એ મોચીના પરિણામે.. એના પરિણામનો કર્તા અને પરિણામ એનું કાર્ય, પણ એ આ .. આમ નાખ્યો અને આમ કર્યો એ એનું કરવું અને એનું એ કાર્ય એમ નથી. અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે મિથ્યાશ્રદ્ધામાં. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! લૂગડાનું એક લે છેને શું કહેવાય ઈ? ફર્માનું ફર્માનું. ભૂલી જઈએ છીએ ફર્માનું. જાડો થયો હોય તો ... મલમલ કરીને અહીં માપે. જેનો ફર્મો હોય એને માપેને આમ. આમ કરીને પછી કરે. પહોળું કેટલું કરવું છે? દરજી. નથી આવ્યાને મોહનભાઈ? નથી આવ્યા. કોઈ વખતે આવે. ઈ કહે છે કે દરજીના પરિણામ એમાં એ આમ થવું એ એનું નિમિત્ત ખરું પરિણામમાં એ, પણ આ પરિણામ એ ક્રિયાને કરે, એ પરિણામનું એ કર્મ, કાર્ય છે એમ નથી.

મુમુક્ષુ :- દરજી વગર કોટ થાય?

ઉત્તર :- રતનચંદજી કહે છેને દરજીની ઈચ્છા હોય ત્યારે કોટ થાય. કપડું લાવે, દસ વાર આપ્યું. જરી ઉનાળો છે તો એના પહેરણ કરવા છે પાતળા. પાતળા ઉજળા. પણ એ એની મેળાએ નહિ થાય. એ દરજીના પરિણામ કરવાના થશે ત્યારે થશે એમ કહ્યું છે એક પંડિતે. એઈ..! અહીં ભગવાન કહે છે કે એ પહેરણની જે પર્યાય થવાની છે એ પર્યાય આના પરિણામને નિમિત્ત છે, પણ આ પરિણામ એ પહેરણના પરિણામને કરે (એમ) ત્રણ કાળમાં નથી. વાત છે આ? ભારે વાતું ભાઈ! બીજા બધા વયા ગયા? છે? .. એ કીધું. ઠીક, સૂતા છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ!

સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર તીર્થંકરદેવ એના જ્ઞાનમાં એમ આવ્યું કે ભાઈ! એ જગતના પદાર્થની જે ક્રિયાના કાળમાં તારા પરિણામ છે રાગના, દ્વેષના એને એ નિમિત્ત હો, પણ નિમિત્ત હોવા છતાં એ નિમિત્ત આને તો કરે જ નહિ, પણ આ પરિણામ એને કરે નહિ એમ કહેવું છે અહીં. આહા..હા..! ભારે વાત ભાઈ! જૈનમાં આવું સાંભળ્યું ન હોય અને જૈન થઈને કહે, અમે જૈન છીએ ઓલા કહે અમે સ્થાનકવાસી, દેરાવાસી. આ જૈનના એકડાની

વાત પહેલી એને સાંભળી ન હોય. હજી તો આ એકડાની હોં. બીજી વાત તો પછી છે. જ્યાં સુધી પુણ્ય-પાપના પરિણામનો પણ કર્તા થાય અને એ પુણ્ય-પાપના કર્મ મારા ભાવ (એમ માને છે) ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. કેમકે વિકાર પરિણામનો કર્તા આખો આત્મા વિકારી માને તો થાય, પણ અવિકારી આત્મા જાણે એ વિકારનો કર્તા બની શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ એક જાણી લે. રાગને જાણવામાં શું વાંધો?

ઉત્તર :- કાંઈ વાંધો નથી. અજ્ઞાન રહેશે એને. એ અજ્ઞાન રહેશે અને અહીં જ્ઞાન સમ્યગ્દર્શનનું કેમ થાશે એને? લ્યો! ચેતનજી! આ અત્યારે તો ... નિશ્ચયનય શબ્દ મૂક્યો છે.

નિશ્ચય દૃષ્ટિથી દરિયાના તરંગ ઉઠે અને તરંગ સમાય એમાં પવનનું વાવું, ન વાવું, ઉપસ્થિત રીતે નિમિત્ત હોવા છતાં તે દરિયામાં તરંગ એ પવનનો એની અવસ્થા એ નહિ. દરિયાના તરંગની એ પવનની અવસ્થા એ નહિ. અવસ્થા એટલે એનું વ્યાપ્ય. આહા..હા..! આવી વાત ભારે! સમજાણું કાંઈ?

**'કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...'** એ દરિયામાં પાણી એનું તરંગ એનું કરવાપણું અને એનું કાર્ય એ પોતાના પરિણામમાં છે, પણ એ પવનનો કર્તા થાય અને પવનને અટકાવે એવું એનામાં છે નહિ. પવનનું વાવું થયું માટે તરંગ ઉઠ્યું એ વળી બીજી વાત. એ પવન નિમિત્ત છે અને તરંગ એનું કાર્ય છે એ તો નહિ. પવન આવ્યો અને તરંગ ઉઠ્યું એટલે પવન કર્તા અને તરંગ કર્મ-કાર્ય એ તો નહિ, પણ તરંગ કર્તા અને પવનનું આવવું એનું કર્મ એમ નહિ. આવી વાતું ભારે! ભગવાન ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞદેવ પરમેશ્વર ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે આ કહેતા હતા. ભાઈ! તું સાંભળ. તારી પર્યાય પણ સ્વતંત્ર કર્તા અને ભોક્તાની છે. પરને લઈને નહિ અને પરને નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સમુદ્ર જ પોતે અંતર્વ્યાપક થઈને...'** એટલે શું કહે છે? દરિયો પોતે આમ તરંગ ઉઠે એમાં વ્યાપે છે. પોતે વ્યાપે છે, આમ પ્રસરે છે. **'સમુદ્ર જ પોતે અંતર્વ્યાપક થઈને ઉત્તરંગ...'** તરંગનું થવું **'અથવા નિસ્તરંગ...'** તરંગનું સમાવું. એવી **'અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં...'** ઓહો..હો..! ભાષા જુઓ, એ આ સિદ્ધ કર્યું છે કે દરિયામાં તરંગ ઉઠે એની આદિમાં દરિયો, એની આદિમાં પવન નહિ એટલે કાઢી નાખ્યું આમ. સમજાણું કાંઈ? એટલે દરિયામાં આમ તરંગ ઉઠ્યું એની આદિમાં દરિયો, મધ્યમાં દરિયો અને અંતમાં પણ દરિયો. એની આદિમાં પવન આવ્યો માટે અહીં તરંગ થયું એ નહિ એમ કરીને એ પણ કાઢી નાખ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને...'** દરિયો પોતે જ તરંગને ઉઠાવે અને તરંગને સમાવે. **'ઉત્તરંગ અથવા નિસ્તરંગ એવા પોતાને કરતો થકો,...'** દરિયો પોતાના તરંગને કરતો થકો **'પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે...'**

એકને એટલે પરને કરે છે એમ નથી. એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કોને ..?

ઉત્તર :- પોતાને. **'પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે...'** પોતાના તરંગને કરતો દરિયો પ્રતિભાસે છે. દરિયો પ્રતિભાસે છે કે હું આ કરું છું એમ થાય છે. ભલે જ્ઞાન ન હોય. સમજાણું કાંઈ?

**'આદિ-મધ્ય-અંતમાં...'** ગજબ વાત કરે છે! એટલે એ દરિયો આમ ઉછળ્યો એની આદિમાં પવન હતો અહીં શરૂ માટે થઈ એમ તો નહિ, પણ એ પરિણામ પવનના આવવામાં આદિ થયો એમ પણ નહિ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ઓલો ઈશ્વર કર્તા. .. બધું ઈશ્વરકર્તા વિના ન થાય કાંઈ. પાંદડું પણ ન હલે. એક ફેરી અમે ગયા હતા ગઢડામાં ત્યારે એક સાધુ એમ કહેતો હતો. સ્વામીનારાયણનો સાધુ. અમને દેખીને હોં. એને ખબર કે આ સાધુ થવાના છે. ઈશ્વર વિના પાંદડું પણ હલે નહિ. નહાતો હતો. ૬૮ની વાત છે. ૬૯ની સાલ. ઓહો..હો..! કેટલાનો કર્તા ઈશ્વર? આહા..હા..! ભાઈ! તું તારા વિકાર પરિણામને કર એનો કર્તા તું અને એ વિકાર પરિણામને ભોગવ એનો ભોક્તા તું. બસ! એ સત્તા સિવાય તારા સિવાયની કોઈ ચીજ દાળ, ભાત, રોટલી, મકાનનો કર્તા તું થા તો એ કામ થાય અને એને તું ભોગવ એમ એને ભોગવવામાં એ ભોગ્ય થાય એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઉત્તરંગ અથવા નિસ્તરંગ એવા પોતાને કરતો થકો,...'** જુઓ, દરિયો પોતાના તરંગને કરતો થકો, પર્યાયને કરતો થકો. એય..! ચેતનજી! જે વાત જ્યાં સિદ્ધ કરવી છે ત્યાં (એમ સમજવું જોઈએ). અને તે નિશ્ચયનય શબ્દ વાપર્યો છે. વાંધા જ ઉઠાવે. .. વિકારનો કર્તા જીવ છે, મોક્ષની પર્યાયનો કર્તા જીવ છે. નહિ. એ પર્યાયનો કર્તા નિશ્ચય છે એ નિશ્ચય નહિ. એ તો વ્યવહાર થઈ ગયો પર્યાય.. હવે જ્યાં જોવે નિશ્ચય સ્વનો ત્યાં વ્યવહાર નાખ્યો.. આહા..હા..! અને જ્યાં સ્વભાવને આશ્રયે નિશ્ચય મોક્ષમાર્ગ થાય ત્યાં ઓલો વ્યવહાર નાખ્યો કે આ વ્યવહાર છે એ પણ નિશ્ચયને લાવે છે અને નિશ્ચય થાય છે. બેય વાત જૂઠી. આહા..હા..!

ત્યારે આ કહે છે જુઓ, ઓલા કહે નિમિત્તથી થાય. ઉપાદાન-નિમિત્તના વાંધા. મોટા ચર્ચા વાંધા ઉઠ્યા છેને ઈ. પવન ન હોય તો તરંગ ઉઠે? એ તો અહીં પ્રશ્ન પણ નથી. એની આદિમાં... તરંગનું ઉઠવું કે સમાવું કે એની આદિ-મધ્ય-અંતમાં દરિયો છે. પવન-ફવન એની આદિમાં છે માટે તરંગ ઉઠે છે એ વાત નથી. સમજાણું કાંઈ? પણ પવનનું આવવું એની આદિમાં આના તરંગો છે એમ નથી. ભારે વાત!

**'ઉત્તરંગ અથવા નિસ્તરંગ એવા પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો**

**પ્રતિભાસે છે...'** જુઓ, પરિણમતો પ્રતિભાસે છે જ્ઞાની એમ કહે છે અહીં. એને ભાસે છે એનું ભાન પણ ક્યાં છે એને? આમ ભાસે છે. **'પોતાને એકને જ કરતો...'** દરિયો પોતે જ આમ તરંગને ઉઠે અને સમાવે એમ કરતો જ્ઞાનીને ભાસે છે. એ દરિયાનું તરંગ પવનને કરે છે એમ ભાસતું નથી. **'પરંતુ અન્યને કરતો પ્રતિભાસતો નથી;...'** એમ અહીં લેવું છેને. ઓલી તો વાત સિદ્ધ કરી ગયા છે. સમજાણું કાંઈ? આહા..હા..! એમ કે અહીં પરિણામ એવા જીવના થાય તો કર્મનો ઉદય એવો જ એ લાવે. એય..! એક આવે છેને? ક્રોધ થવો હોય તો પરમાણુ ક્રોધના થાય ત્યાં. એવું નિમિત્ત આવે છેને ભાઈ! સરખે સરખું એ ક્રોધના પરિણામને લાવે છે એમ નથી. ક્યા ક્રોધના પરિણામ? જડના. ક્રોધ જીવે કર્યો તો એ પરિણામને લઈને ક્રોધના પરિણામને આવવું પડ્યું જડમાં એમ નથી. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! ભારે વાતું ભાઈ!

મુમુક્ષુ - કાર્ય કરે ત્યારે નિમિત્તને આવવું પડે.

ઉત્તર :- એમ નથી. કાર્યકાળમાં નિમિત્તને કાર્યકાળને કારણે આવવું પડે. એને કારણે આવે એ જુદી વાત છે. સમજાણું કાંઈ?

દરેક પદાર્થમાં જે વર્તમાન અવસ્થા થાય એથી... આ ચશ્મા, આંખ જાણવામાં નિમિત્ત છે. એ જાણવાના પરિણામનો કર્તા જીવ, પણ એ કર્તાની સાથે આંખને પણ આનો પણ કર્તા આમ માથે ચડાવ્યા, ચશ્માનો કર્તા એ પરિણામ એમ નથી. ચશ્માથી જણાય એમ તો નથી. સમજાય છે કાંઈ? ભારે! જાણવાના જે પરિણામ જીવમાં થાય એને ચશ્મા નિમિત્ત હોવા છતાં તેનાથી જાણવાના પરિણામ થયા નથી. એક વાત. અને જાણવાના પરિણામ થયા એનો કર્તા જીવ હોવા છતાં ચશ્મા ચડાવ્યા એણે, આંખને ઉંચી આમ કરી, એવું કર્મ એ જીવના પરિણામનું કાર્ય નથી. એઈ..! આમ આંખ નીચી હોય તો જોવાય? .. તો કરો, ભાઈ! મોટી ભૂલ છે ભાઈ! ભગવાન ભૂલમાં ભરમાણો આખો. આહા..હા..!

કહે છે કે **'પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે પરંતુ અન્યને કરતો પ્રતિભાસતો નથી;...'** આહા..હા..! એટલે? કે જીવના પરિણામને દરેક દ્રવ્યના પરિણામ વખતે એ પરિણામ નિમિત્તને લાવે છે (એમ નથી). એવું શોધે છેને કે નિમિત્ત એને મેળવવું એમ નથી કહેતા? એવું નિમિત્ત મેળવવું. એવું નિમિત્ત જેને મેળવવું એવું આવે છે, ચર્ચામાં આવે છે. નિમિત્તને મેળવવું. કહે છે કે નિમિત્તને મેળવવાનું કાર્ય જીવના પરિણામનું નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? છે કે નહિ એવું? આહા..હા..! વળી.. એક વાત થઈ.

**'વળી જેમ તે જ સમુદ્ર, ભાવ્યભાવભાવકના અભાવને લીધે...'** ભાવ્ય પવન અને ભાવક એના તરંગ એનો અભાવ છે. સમજાણું કાંઈ? એ તરંગ પવનને ભાવકપણે ભાવ્ય બનાવે એમ નથી. **'ભાવ્યભાવકભાવના અભાવને લીધે પરભાવનું પર વડે**

**અનુભવાવું અશક્ય હોવાથી,...**' ઓહો..હો..! એ પવનનો અનુભવ દરિયાને થાય તે અશક્ય છે. એ દરિયામાં જે તરંગ ઉઠ્યો એનો એને અનુભવ હોય. સમજાણું કાંઈ? પણ દરિયાના તરંગના અનુભવ ભેગા પવનના પરિણામને પણ એ ભોગવે (એમ નથી). આહા..હા..!

વીંછી કરડ્યો કે અગ્નિ અહીં અડી શરીરને. સમજાણું? આત્માના પરિણામ એને ભોગવે એમ નથી. અને પોતાના પરિણામને ભોગવવામાં ભોક્તા હોવા છતાં પરના પરિણામને પણ ભેગો ભોગવે એમ નથી. સમજાણું કાંઈ? આવો ધર્મ કેવો? ઈચ્છામિ પડિક્કમણું ઈરિયા.. તસ્સ મિચ્છામી દુક્કડમ. જાવ. તસ્સ ઉતરી કરણેણં તાવકાંય અપ્પાણં વોસરે. આવા બધા ચોપડાના જોનારાએ એવા ગોટા વાળ્યા છે બધા. આહા..હા..!

કહે છે કે પરિણામ જીવના... અહીં તો હજી તો પર્યાયની વાત છે દાખલામાં. દરિયાનો ભાવ, એનો તરંગ ઉઠ્યો એને એ ભોગવે પણ એ દરિયાના તરંગો પવનને ભોગવે એ અશક્ય હોવાથી '**ઉત્તરંગ અથવા નિસ્તરંગ પોતાને અનુભવતો થકો,...**' પોતાના તરંગનું ઉત્પન્ન થવું અને વ્યય થવું એને અનુભવતો (થકો). '**પોતાને એકને અનુભવતો...**' એકને અનુભવતો. પવનને ભેગો અનુભવતો એમ નહિ. આહા..હા..! '**પ્રતિભાસે છે, પરંતુ અન્યને અનુભવતો પ્રતિભાસતો નથી.**' આ થયો દૃષ્ટાંત. આ તો થયો હજી દૃષ્ટાંત. આહા..હા..!

'**તેવી રીતે સસંસાર...**' જીવમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામની દશા એ સસંસાર. '**અને નિઃસંસાર...**' મોક્ષની દશા એ નિઃસંસાર. સમજાણું કાંઈ? ચૌદમા ગુણસ્થાન સુધી સસંસાર. અસિદ્ધભાવ છેને? અને પછી સિદ્ધની અવસ્થા એ અસંસાર—નિઃસંસાર. '**એવી અવસ્થાઓને પુદ્ગલકર્મના વિપાકનો સંભવ અને અસંભવ નિમિત્ત હોવા છતાં...**' આહા..હા..! કહે છે કે જીવ અજ્ઞાની મિથ્યાત્વ અને રાગદ્વેષના પરિણામને કરે એમાં પૂર્વના કર્મનો ઉદય નિમિત્ત હોવા છતાં અને આત્મા મોક્ષના માર્ગને પોતાના પુરુષાર્થથી કરે એથી કર્મનો અભાવ પણ આત્મા ભેગો કરે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

વિકારી પરિણામ કરે એથી એ કર્મના ઉદયને વાળે એમ પણ નથી અને અવિકારી પરિણામ જીવ કરે ત્યારે કર્મનો અભાવ કરે એમ નથી. સમજાણું કાંઈ? લેવું છે અહીંથી એને. આના પરિણામ એને કર્તા અને ભોક્તા નથી. કર્મનો ઉદયને લાવે એવો જ કર્મનો ઉદય લાવે. જેવો વિકાર કરે એવો જ કર્મનો ઉદય આવે. વિકાર ટાળે ત્યારે એ કર્મને ત્યારે ટાળે એ જીવ એમ નથી. સમજાણું કાંઈ? ભારે! અનાદિ-અનંતની વાત કરી છે.

સંસારદશા અને નિઃસંસારદશા. એ સંસારદશામાં પણ જીવ પોતે જ પોતાના પરિણામને કરે. એની અવસ્થામાં '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને...**' આહા..હા..! વિકાર પરિણામ થાય જીવમાં એની આદિમાં જીવ છે, એની આદિમાં કર્મનો ઉદય છે એ તો નહિ, પણ કર્મના ઉદયને આ પરિણામ આદિમાં છે માટે ઉદય આવે છે એમ નહિ. એમ જીવે મોક્ષ કર્યો

પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો એને લઈને મિથ્યાત્વના પરિણામનો જે કર્મનો અભાવ થયો એ આનું કાર્ય છે એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આવી ચોખવટ આપ કરી શકો.

ઉત્તર :- .... કહો, સમજાય છે કે નહિ? એઈ..! મહેશભાઈ! સમજાય છેને? આહા..હા..! આમાં જુવાનિયાને રસ પડે બહુ. આહા..હા..! આ તો સાદી સહેલી વાત. ભાષામાં કાંઈ કોઈ એવી નથી. ભાષા જ એવી જાતની છે. આહા..હા..! કહે છે, ભાષાની પર્યાય એમાં એની પર્યાયમાં બીજી ચીજ આદિ નિમિત્ત હોવા છતાં ભાષાની પર્યાય બીજા નિમિત્તને કરતી નથી. આવો-આવો ભાષા કરે આવો. ઓલા કહે છેને, નિમિત્ત ભેગા કરો હજી. નિમિત્ત એકઠું કરવું જોઈએ. આમ છે ને તેમ છે ને ફલાણું છે. બહુ ઓલા કહે છે.

મુમુક્ષુ :- નિમિત્ત તો એટલા બધા...

ઉત્તર :- ધૂળેય થાતું નથી. એય..! ચેતનજી! વાંચ્યું છે કે નહિ એમાં? શેમાં? ખાનીયા ચર્ચા એમાં બહુ આવે છે, ખાનીયા ચર્ચામાં. ભગવાન! બહુ .. આહા..હા..!

કહે છે, જીવ સંસારદશામાં પોતાની સંસારની અવસ્થા એને કરે એટલે પરિણમે અને નિઃસંસાર મોક્ષમાર્ગની દશામાં પોતે જ પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામને પોતે કરે અને એ કરે એનું એ કર્તવ્ય, એ કર્મ, પણ એની સાથે વિકાર કરે એટલે કર્મનો ઉદય ખેંચીને નિમિત્તને લાવે એ એનું કાર્ય નહિ. એમ સમ્યગ્દર્શનને પામવાના કાર્ય કરે એ દર્શનમોહનો અભાવ પણ ભેગો કરે, મિથ્યાત્વમાં દર્શનમોહનું નિમિત્ત છતાં મિથ્યાત્વના પરિણામને કરે, પણ દર્શનમોહના ઉદયને લાવે એમ નથી. એમ સમ્યગ્દર્શનના પરિણામને જીવ કરે, પણ દર્શનમોહનો અભાવ પણ ભેગો કરે એમ નથી. કહો, નાથુલાલજી! આ છે કે નહિ એમાં? આહા..હા..! એમ કે એક ગાયનો ગોવાળ અને બે ગાયનો ગોવાળ એમાં શું ફેર પડ્યો? પોતાના પરિણામને કરે તો પરને પણ કરે એમાં શું? આહા..હા..!

**'સસંસાર અને નિઃસંસાર અવસ્થાઓને પુદ્‌ગલકર્મના વિપાકનો સંભવ...'** સંસારદશામાં જ્યાં સુધી વિકાર છે તેને કર્મનો વિપાક નિમિત્ત છે. ઈ સંસાર, વિપાક છે આ સંસારને કરે છે એ અહીંયા પ્રશ્ન છે નહિ, આ સંસારદશા એ કર્મને લાવે ઉદયમાં કે આ નિઃસંસાર દશામાં આત્મા પોતાના સન્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કરે એ કર્તવ્ય કાર્ય એનું, પણ એ સામે દર્શનમોહ અને ચારિત્રમોહના પરિણામને પણ અભાવરૂપ કરે એ કર્મ એનું નહિ. સમજાણું કાંઈ? આવી વાત ... જંગલમાં રહીને..! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની ભૂલ છે. એ ભૂલને કરે પણ ભેગો ભૂલના સામે નિમિત્તો હોય એને પણ કરે? નિમિત્ત મેળવવા જોઈએ. ઘડો સારો કરવો હોય તો સારા કુંભારને મેળવવો જોઈએ.

શીરો, પુડલા સારા કરવા હોય તો સારી ડાહી બાઈને (મેળવવી જોઈએ). મીઠાઈ સારી કરવી હોય તો સારા કંદોઈને લાવવો જોઈએ. અણઘડને લાવે? એય..! ધીરૂભાઈ! અમારે ઉમરાળાના કંદોઈ બહુ વખણાય. મૈસુબ ને... અમારી દીક્ષા વખતે પચાસ મણ મૈસુબ એક દિ'એ. પચાસ મણમાં એક મણના દસ રૂપિયા. એક રૂપિયાનો ચાર શેર. તે દિ' દસ રૂપિયાનો એવો નહિ. તો એ પર્યાય... એ કંદોઈના પરિણામે એ પર્યાય કરી નથી, પણ એ પરિણામમાં કંદોઈની જોડે પર્યાય નિમિત્ત હતી તો આ પરિણામ એણે કર્યું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એવો મૈસુબ ભારે.

આમ લોકોમાં એમ કહે કે કેટલીક બાયુંનો હળવો હાથ છે. એમ નથી વાતું કરતા? વાતું કરે. એને હાથે સારું થાય અને કેટલીક એવી ફુહડ હોય કે જેને હાથે બગડે જ બધું. એ વાતમાં માલ નથી અહીં કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ફુહડના પરિણામનો કર્તા એનો જીવ. પણ એ પરિણામ પાછા ઓલાને બગાડે અને સુધારે એમ છે નહિ. આહા..હા..! કેમ હશે આ? આવી વાતું ધર્મમાં શું કામની હશે? ધર્મમાં એ છે, બાપુ! તારી પર્યાયનો કર્તા તું છો અને તું નાખે છો પરને. અને પરનો પણ કર્તા મેળવીએ, નિમિત્ત મેળવીએ, નિમિત્ત મેળવીએ. આપણે સારું કામ કરવું હોય તો નિમિત્ત સારા મેળવીએ. એ તારી મોટી ભૂલ એ માટે આ છે. ઓલામાં બહુ લખ્યું છે. સારા નિમિત્તો મેળવવા જોઈએ. નિમિત્ત મેળવવા એ કાર્ય-પરિણામ જીવનું છે? આહા..હા..! બહુ લખ્યું છે. આવા નિમિત્ત સારા હોય તો કાર્ય સારું થાય. કુંભાર સારો હોય તો ઘડા કેવા બને આમ? ગરબા જેવા. ઓલા હોયને આસો મહિનામાં? આસો મહિનો ચાલે છેને? નોરતા. નોરતા પૂરા થઈ ગયા કાલે. કાણા હોય અને દીવો હોય અંદર લ્યો! સારો બનાવે. નહિતર ફૂટી જાય. કહે છે કે ભાઈ! એ ઘડવાના પરિણામ, પર્યાય તેં પરિણામ કર્યા એમાં એ નિમિત્ત હો, પણ એ નિમિત્તની પર્યાય તેં કરી છે એમ નથી. તેં તારા પરિણામ કર્યા.

દયા પાળવાનો ભાવ એ ભાવનો કર્તા તું અને એ દયાના ભાવમાં બીજો જીવ બચ્યો એમાં એ નિમિત્ત ખરું, પણ નિમિત્ત હોવા છતાં દયાના ભાવે એને બચાવ્યો (એમ નથી). આહા..હા..! એય..! જાવધવજીભાઈ! આ બધું દયા-બયા ધર્મ કરતાને તમે કલકત્તામાં? આહા..હા..! દયાના ભાવ રાગ મંદતાના પરિણામ હોય તો કર્તા. સમજાણું કાંઈ? પણ એ ભાવ થયો માટે ત્યાં બચવાના સામે પરિણામ થયા, એ દયાના ભાવનું એ કાર્ય એમ નહિ. મહારાજ કહેતા હતા એવું. ત્યાં જાશો નહિ હોં, એ તો હા પડાવે છે. એય..! ભાઈલાલભાઈ! ભાઈલાલભાઈને કહ્યું હતું. તે દિ' ૯૯માં. ૩૦ વર્ષ થયા. ત્યાં જાશો નહિ. એ કાનજી તો કાનમાં હા પડાવે છે. કાન પકડાવે છે. હા પડાવે છે હા. પણ આ ન્યાયથી સમજશે કે નહિ? વાણિયા છે કે નહિ? બુદ્ધિ કાંઈ બહેર મારી ગઈ છે? બીજે કેમ ડહાપણ કરે છે?

તો અહીં કાંઈક વિચારશે કે નહિ?

ભગવાન શું કહે છે? કે જીવ સંસાર, નિઃસંસાર પરિણામને કરે એનો અર્થ કેવળજ્ઞાનનો કર્તા આત્મા, સમ્યગ્દર્શનનો કર્તા આત્મા, સમ્યગ્જ્ઞાનનો કર્તા આત્મા, સમ્યક્ચારિત્રનો કર્તા આત્મા. મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો કર્તા આત્મા. આહા..હા..! સમજાણું? એમ પરિણમનનો કર્તા હોવા છતાં સામે જે નિમિત્ત છે એને મેળવે અને એને કરે એમ નથી.

મુમુક્ષુ :- નિમિત્તને સરખા ગોઠવવા તો જોઈએને.

ઉત્તર :- કોણ ગોઠવે? ધૂળ ગોઠવે? પણ સેવ કરવી હોય ઘઉંની નહિ સેવ નથી થાતી? પાટીયું લાંબુ નાખી ઓલા ખાટલામાં નાખીને સેવ વણે છે કે નહિ? આ તો બધું જોયું છે કે નહિ ત્યાં ક્યા આપણે ત્યાં (કરી છે). ખાટલાનો છેડો હોય ને ત્યાં પાટીયું નાખે લાંબુ પાંગતમાં અને બેસે લઈને. જુઓ, બધામાં એના પરિણામ છે એ નિમિત્ત થાય છે કે નહિ? એઈ..! અને એવો હાથ પાછો એમ બહુ હાથ એવો હોયને તો ભીંસાઈ જાય તો સરખી પાતળી ન થાય, બહુ ઉંચો કરવા જાય તો જાડી થાય એ રીતસર એ લોટ ઉપર રીતસર હાથ જોઈએ. એમાં કેટલો સાચું હશે? એય..! આહા..હા..! એ એકને જ કરતો પ્રતિભાસે છે. સંસાર-નિઃસંસાર એવા પોતાને કરતો પ્રતિભાસતો. સંસાર-નિઃસંસાર દશાની આદિ, મધ્ય અને અંતમાં તું છો. આહા..હા..! વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ-૧૧, બુધવાર, તા. ૧૮-૧૦-૧૯૭૨
## ગાથા-૮૩, પ્રવચન-૧૯૫

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર ૮૩ ગાથા ચાલે છે. કર્તાકર્મ છેને. એમાં પહેલા દૃષ્ટાંત આપ્યું. જેમ સમુદ્રમાં તરંગ ઉઠે છે. દરિયો સમુદ્ર (એમાં) તરંગ ઉઠે છે એ તરંગ વિલય પામે છે. એમાં પવનનું નિમિત્ત છે. તરંગ ઉઠવામાં પવનનું નિમિત્ત, તરંગ સમાવામાં તરંગના અભાવરૂપ નિમિત્ત. એમ હોવા છતાં પણ અહીંયા બીજી વાત કરવી છે કે પવન છે તો તરંગ ઉઠે છે એમ નહિ, એ વાત નથી. પવન છે તો તરંગ ઉઠે છે એમ નથી, પણ તરંગ ઉઠે છે તો તરંગ

પવનને લાવે છે એમ પણ નથી. સમજાણું કાંઈ? સમુદ્રમાં તરંગ ઉઠે છે એમાં તરંગ ઉઠવામાં પવનનું નિમિત્ત હોય, પણ એ નિમિત્તથી તરંગ ઉઠે છે એ તો નથી. એ તો વાત પહેલા આવી ગઈ. પણ તરંગ પવનને લાવે છે, તરંગ કારણ અને પવન એનું કરણ-કાર્ય એમ નથી. સમજાણું કાંઈ? એવો ભાવ્યભાવક સંબંધ (નથી).

હવે અહીંયાં આપણે **'તેવી રીતે સસંસાર અને નિઃસંસાર અવસ્થાઓને...'** આત્મામાં મિથ્યાત્વ, રાગ-દ્વેષની અવસ્થા થાય કે પોતામાં પોતાની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અવસ્થા થાય તો કહે છે કે સંસારયુક્તમાં પુદ્ગલ કર્મનું નિમિત્ત હો. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ પોતામાં થાય છે એમાં કર્મનું નિમિત્ત હોય છે. પણ અહીંયા તો બીજી વાત કરવી છે કે નિમિત્તથી વિકાર થાય છે એમ તો નથી પણ જે વિકાર થયો એ નિમિત્ત એનું કાર્ય છે, વિકાર કર્તા અને કર્મનો ઉદય એનું કર્મ-કાર્ય છે એમ નથી. ભારે ઝીણું ભાઈ!

મુમુક્ષુ :- નિમિત્તને લાવતું નથી?

ઉત્તર :- શું લાવે? નિમિત્ત તો એને કારણે આવે છે. નિમિત્ત મેળવો એમ કહે છેને લોકો? નિમિત્ત મેળવો, અનુકૂળ નિમિત્ત મળે તો કાર્ય થશે, પ્રતિકૂળ નિમિત્ત મળે તો કામ ન થાય એ બધી ખોટી વાત છે. પોતામાં રાગ અને દ્વેષની પર્યાય જ્યારે થાય છે તો એમાં પૂર્વ કર્મનું નિમિત્ત હો, એ નિમિત્તથી વિકાર થયો એમ નથી. એમ તો નથી, પણ વિકાર થયો એ વિકાર કર્તા અને નિમિત્ત કર્મનો ઉદય લાવવો એ કાર્ય, રાગનું કાર્ય કર્મનો ઉદય લાવવો એમ છે નહિ. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

એમ **'નિઃસંસાર અવસ્થાઓને...'** પોતામાં સમ્યગ્દર્શન (પ્રગટ કરે), આત્મા ત્રિકાળી ચીજ ધ્રુવને આશ્રયે સમ્યગ્દર્શન કરે છે તો સમ્યગ્દર્શનને કાળે પૂર્વના કર્મનો એમાં અભાવ છે પણ અભાવને એ સમ્યગ્દર્શન કરતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન નિઃસંસાર અવસ્થા. મોક્ષમાર્ગની કહો કે સિદ્ધની અવસ્થા કહો. પોતામાં મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શનની પર્યાય સવારે કહ્યું હતું ઈ, પરમભાવ જે ધ્રુવ ચૈતન્યને આશ્રયે સમ્યગ્દર્શનની પર્યાય (પ્રગટ થાય છે). ધર્મી જીવ પોતાની પર્યાયનો કર્તા અને પર્યાય એનું કાર્ય, તે સમયે પૂર્વના કર્મનો અભાવ (થાય છે એમાં) સમ્યગ્દર્શન કર્તા અને પૂર્વકર્મના દર્શનનો અભાવ થવો એ એનું કાર્ય છે એમ નથી. સમજાણું કાંઈ? વાત ઝીણી, ભાઈ! વીતરાગ માર્ગ બહુ ઝીણો છે. સમય સમયની પ્રત્યેક દ્રવ્યની પર્યાય પોતાથી થાય છે. એ પર્યાય બીજી પર્યાય આવે છે તો એને લાવે છે એમ નથી.

**'સસંસાર અને નિઃસંસાર અવસ્થાઓને પુદ્ગલકર્મના વિપાકનો સંભવ...'** જીવ પોતાની પર્યાયમાં સ્વતંત્રપણે અજ્ઞાનપણે થઈને વિકાર કરે એ વિકારનો કર્તા જીવ અને વિકારી પરિણામ એનું કાર્ય, પણ એમાં કર્મનો સંભવ નિમિત્ત છે એ નિમિત્તનું કાર્ય વિકારનું છે

એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! **'નિઃસંસાર અવસ્થાઓને પુદ્‌ગલકર્મના વિપાકનો સંભવ...'** થવો, ઉત્પત્તિ **'અસંભવ...'** ન થવું. **'નિમિત્ત હોવા છતાં પણ પુદ્‌ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** આહા..હા..! ભારે ઝીણું. પુદ્‌ગલકર્મનો ઉદય એ વ્યાપ્ય અને વિકાર પરિણામ એનું વ્યાપક, વ્યાપક નામ એ ઉદયને લાવનાર એમ નથી. સમજાણું કાંઈ?

જેમ માટીથી ઘડો થાય છે. એ ઘડો એ માટીનું કાર્ય અને ઘડો એનું કર્મ, પણ કુંભારથી ઘડો થયો એમ તો નથી, પણ ઘડો છે એ કર્તા અને કુંભારને લાવવો એ એનું કાર્ય એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ સમ્યગ્દર્શનમાં, ધર્મની પર્યાયમાં પોતાના દ્રવ્ય સ્વભાવનો આશ્રય કરીને સમ્યગ્દર્શનની પર્યાય થાય એનો આત્મા કર્તા અને એ સમ્યગ્દર્શન પર્યાય પોતાનું કાર્ય, પણ દર્શનમોહનો અભાવ થવો એ પોતાના સમ્યગ્દર્શનનું કાર્ય છે એમ નથી. કહો, સમજાણું કાંઈ? એમ પોતામાં પોતાની ચારિત્રદશા (થાય), સ્વરૂપ શુદ્ધ ધ્રુવને અવલંબને પોતામાં લીનતા, આનંદની લીનતા, રમણતા એ પોતાના જીવનું કાર્ય છે અને જીવનું એ કર્મ છે. કર્મ નામ કાર્ય. એમ હોવા છતાં ચારિત્રમોહનીયનો અભાવ કરવો એ ચારિત્રની પર્યાય કર્તા અને ચારિત્રમોહનીયનો અભાવ કાર્ય એમ નથી. કહો, સમજાણું કાંઈ? બીજી નિમિત્ત ચીજ પોતાની પર્યાયને કરતી તો નથી, પણ પોતાની પર્યાય નિમિત્તને લાવતી નથી અને નિમિત્તનો અભાવ પણ કરતી નથી. મોટી ગડબડ શ્રદ્ધામાં. આહા..હા..! સમજાણું કાંઈ?

પુદ્‌ગલકર્મ વ્યાપ્ય અર્થાત્ પૂર્વનો ઉદય કર્મ અવસ્થા અને જીવના પરિણામ તે અવસ્થાયી એટલે એને લાવનાર એમ છે નહિ. સમજાણું કાંઈ? જીવ વિકાર કરે તો પુદ્‌ગલ કર્મનું નિમિત્ત હોય, પણ એ નિમિત્તથી વિકાર થાય છે એમ નથી અને વિકારથી નિમિત્ત આવ્યું એમ પણ નથી. આહા..હા..! આવી ચીજ છે. આવી ચીજથી જરીક થોડી પણ વિપરીતતા કરે એમાં દૃષ્ટિ મિથ્યાત્વ અને અજ્ઞાન થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પુદ્‌ગલકર્મ અને જીવને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...'** આત્મા વિકાર કરે તો કર્મનો ઉદય લાવવો પડે એવું કર્તાકર્મ નથી અને આત્મા સમ્યગ્દર્શન પ્રગટ કરે, પોતામાં પોતાની પર્યાય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર જે **'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः'** એ મોક્ષમાર્ગ પોતાના દ્રવ્ય ત્રિકાળી સ્વભાવને આશ્રયે આત્મા કરે તો એ પર્યાયનો કર્તા આત્મા અને પર્યાય એનું કાર્ય. એ પર્યાયનું કાર્ય કર્મનો અભાવ છે એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! **'કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને...'** જીવ વિકાર અને મિથ્યાત્વ કરે અને વિપરીત શ્રદ્ધા કરે, વિપરીત જ્ઞાન કરે, વિપરીત રાગ-દ્વેષના પરિણામ કરે તો એ અંતર્વ્યાપક થઈને આત્મા જ સંસાર દશાની વિકાર અવસ્થા કરે છે. એ વિકાર દશામાં આત્માનું પ્રસરવું છે.

આત્મા એમાં વિસ્તાર થઈને વિકારને કરે છે.

એ **'જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને સસંસાર અથવા નિઃસંસાર અવસ્થાને...'** મોક્ષ કેવળજ્ઞાનની અવસ્થા કે મોક્ષમાર્ગની અવસ્થા એમાં આત્મા સ્વયં અંતર્વ્યાપક થઈને, અંદર પ્રસરીને એ વિકાર અને અવિકારની અવસ્થા જીવ કરે છે. વિકાર અને અવિકારી અવસ્થામાં પૂર્વનું કર્મ નિમિત્ત અને નિમિત્તનો અભાવ એનો કર્તા આ અવસ્થા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું આવી! કહે છે કે જીવમાં પરની દયાનો ભાવ થાય. એ દયાનો ભાવ, પરનો જીવ બચ્યો એમાં નિમિત્ત છે, પણ એ દયા નિમિત્તને બચાવે છે, પરની દયા નિમિત્ત પાળી શકે છે એમ નથી. કેમકે દયાનો ભાવ કર્તા અને એ જીવ બચે એનું કર્મ એમ છે નથી. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

એમ જૂઠું બોલવું. ભાષાથી જૂઠું બોલવું. એ જૂઠું બોલવું એ જીવ જૂઠા બોલવાનો ભાવ કરે એ ભાવનો કર્તા જીવ છે, પણ એ ભાષા બોલવી એનો કર્તા ઈ નથી. સમજાણું કાંઈ? ભાષા બોલાય છે એ ભાષામાં જૂઠા બોલવાનો ભાવ કર્તા થઈને ભાષાની પર્યાય એનું કાર્ય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ચોરીનો ભાવ થાય. પોતાની પર્યાયમાં ચોરીનો ભાવ ઉઠ્યો, તો એ ભાવનો કર્તા જીવ અને ચોરીનો ભાવ એનું કાર્ય, પણ ચોરીનો ભાવ થયો તો બીજાની વસ્તુ લઈ શકે છે, એ ભાવને કારણે બીજી કોઈ ચીજ લઈ શકે એ ભાવનું કાર્ય નથી.

મુમુક્ષુ :- ચોરીના ભાવનું એ કાર્ય નહિ?

ઉત્તર :- એ નહિ. અમરચંદજી! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! અત્યારે તો ગડબડી એટલી છે કે જૈન વીતરાગ માર્ગ શું છે (એમાં) બધું અંધારું થઈ ગયું.

અહીંયા તો કહે છે કે જીવમાં ચોરીનો ભાવ થાય એ ભાવમાં આત્મા અંતર્વ્યાપક થઈને એ ભાવને કરે છે, પણ એ ભાવમાં અંતર્વ્યાપક થઈને કર્યો તો એ ભાવની આદિ-મધ્ય અને અંતમાં આત્મા છે. એ વખતે ચોરીની વસ્તુ લે છે, થોડી ઉપાડે છે એ વસ્તુ ભાવનું કાર્ય છે એમ નથી. હિંમતભાઈ! વેપાર કરવાનો ભાવ થયો. આ તો ડોસાનો વિચાર આવ્યો તમારો. તો એ ભાવ થયો એ વિકાર છે એ વિકારનો કર્તા જીવ છે, પણ એ ભાવ થયો તો લોઢું લઈને તોલવું એ ભાવનું કાર્ય છે એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાતમાં માલ કાંઈ નથી. કપડાનો તાકો હોયને કપડાનો? કપડાનો ધંધો હોય તો એને કપડા વેચવાનો, રાખવોને એને ભાવ થાય, એવો વિકારીભાવ. તો એ વિકારીભાવમાં આત્મા પ્રસરેલો છે અને આત્મા એનો કર્તા છે. તો એ ભાવ થયો તો કપડાનો તાકો એ ભાવને કારણે બહાર આવ્યો અને પહોળો થયો એ ભાવનું કાર્ય છે એમ નથી.

કહો, ભગવાનજીભાઈ! ભારે વાત! એમ શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું અથવા શરીરથી વિષય લીધો. તો વિષયની વાસનાનો જે ભાવ થયો એનો જીવ કર્તા છે અજ્ઞાનભાવે. પણ એ ભાવ થયો તો શરીરમાં વિષયની એવી ક્રિયા થઈ એ ભાવનું કાર્ય છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! શું ચીજ છે? સર્વજ્ઞ શું કહે છે? જૈન સંપ્રદાયમાં જન્મે છતાં (સમજ્યો નહિ). .. પણ પહેલા સમજમાં તો લે. જે આશ્રય લેનારી પર્યાય મારાથી થાય છે... એય..! ચેતનજી! ભાવ તો આવે.

એ પર્યાય છે. ધર્મની પર્યાય લ્યોને. તો ધર્મની પર્યાયનો કર્તા આત્મા પણ ધર્મની પર્યાય થઈ તો એણે દેવ-ગુરુ-ધર્મનું નિમિત્ત મેળવ્યું એમ વાત નથી. એ ધર્મની પર્યાયનું એ કાર્ય નથી. સમજાણું કાંઈ? મંદિર બન્યું. મંદિર બનાવવાનો ભાવ, શુભભાવ એનો જીવ કર્તા છે, પણ શુભભાવ કર્તા અને મંદિર એનું કર્મ-કાર્ય એમ નથી. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! એક ગાથામાં તો અનાદિ-અનંત જીવની વિકારી-અવિકારી પર્યાય... સમજાણું કાંઈ? એમ શરીરથી બ્રહ્મચર્ય (પાળ્યું). સ્ત્રીનો સંયોગ ન થયો તો બ્રહ્મચર્ય પાળવાનો ભાવ શુભ છે, એનો કર્તા જીવ છે, પણ શુભભાવ થયો, તો સ્ત્રીનો સંયોગ થવો રોકાઈ ગયો એ ભાવનું કાર્ય નથી. સાંભળ્યું પણ ન હોય. તમારે નાગરભાઈને તો ખબર પણ નહિ હોય કોઈ દિ'. આહા..હા..! જાદવજીભાઈ! આહા..હા..!

કહે છે કે... એક શ્લોકમાં તો અનાદિ-અનંત જીવની સ્વતંત્ર પર્યાયનો કર્તા વિકાર કે અવિકારનો (સિદ્ધ કરે છે). આત્મા આદિ-મધ્ય-અંતમાં (છે). વિકારની આદિ-મધ્ય-અંતમાં આત્મા છે. વિકારના આદિમાં કર્મ છે એમ વાત નથી. વિકાર જે આત્મામાં થાય છે એની આદિ-મધ્ય અને અંતમાં આત્મા છે, કર્મ નહિ. એ તો નથી, પણ કર્મનું આવવું એની આદિ-મધ્ય-અંતમાં આત્માનો વિકાર છે એમ નથી.

મુમુક્ષુ :- વિકાર છે તો કર્મનો ઉદય લાવે એમ નથી.

ઉત્તર :- ઉદય લાવે એમ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ... કાર્ય-કારણનું કર્તાપણું હોવું જોઈએ.

ઉત્તર :- ક્યાં છે? કર્તાપણું છે જ નહિ પરનું. એ તો અહીં સિદ્ધ કરવું છે. પોતાના પરિણામનો કર્તા છે, પરના પરિણામનો કર્તા નથી.

એ ભાવ થયો કે શું કહેવાય તમારે આ? ડબો. સીવવાનો. .. ભાવનો કર્તા જીવ છે, પણ ભાવ થયો એ કારણે સંચો આમ થયો અને કપડું આમ થયું એ કાર્ય ભાવનું નથી. કહો, શાંતિભાઈ! આહા..હા..! વીતરાગનો માર્ગ તો જુઓ, વસ્તુનું સ્વરૂપ એવું છે. વીતરાગે કાંઈ બનાવ્યું નથી. જેવું છે એવું જાણીને જગતને જણાવ્યું છે, જગતને જણાવ્યું છે. સમજાણું કાંઈ?

પણ અહીં તો કહે છે કે ભગવાનની કેવળજ્ઞાનાદિની પર્યાય એનો કર્તા ભગવાન છે, પણ એ કેવળજ્ઞાનને કારણે ભાષા નીકળે છે એમ નથી. એ ભાષાનો કર્તા કેવળજ્ઞાનની પર્યાય છે એમ નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અને સમજનારની જ્ઞાન પર્યાયનો કર્તા ઈ આત્મા છે, પણ એ જ્ઞાનપર્યાય ભાષાને લાવે છે, ભાષાની નજીક જાય છે એ જ્ઞાનની પર્યાયનું કાર્ય નથી. આવી વાત. સમજાણું કાંઈ?

જીવ જ સ્વયં અંતરવ્યાપક થઈને સંસારયુક્ત (અર્થાત્) મિથ્યાત્વ કે રાગ-દ્વેષસહિતની અવસ્થાનો કર્તા અથવા નિઃસંસાર અવસ્થા (અર્થાત્) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાની નિર્મળ વીતરાગી દશા એ અવસ્થામાં આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને. આહા..હા..! દયા, દાન, પુણ્ય, પાપનો ભાવ અને ધર્મનો ભાવ, બેય ભાવમાં આદિ-મધ્ય-અંતમાં આત્મા છે. બીજી કોઈ ચીજની આદિ છે, મદદ છે તો એ ભાવ થયો એમ તો નથી, પણ આ ભાવ થયો તો બીજી ચીજ એને કારણે મળી (એમ પણ નથી). સમજાણું કાંઈ? આહા..હા..! સાંભળવાનો ભાવ થયો, એ ભાવનો કર્તા જીવ છે, પણ એ ભાવ વીતરાગની વાણી પ્રાપ્ત કરાવે એમ એ ભાવ પરનો કર્તા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ સમજાય છે કે નહિ? કોટાવાળા? હિન્દી ચાલે છે. એવી વાત છે.

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ એના જ્ઞાનમાં આવ્યું એવી વાણી આવી તોપણ કહે છે કે એ વાણીનું કાર્ય જીવનું નથી અને જીવના પરિણામ વાણી લાવવાનું કાર્ય નથી. વાણી આવે છે એનું કાર્ય જીવનું નથી અને જીવના પરિણામ, વાણી ભાષા બોલે એવું કાર્ય જીવના પરિણામનું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઈન્દ્રને ભાવ થયો સમવસરણની રચના કરવાનો. તો એ શુભભાવ છે. એ શુભની આદિ-મધ્ય-અંતમાં આત્મા છે. પણ એ ભાવ થયો તો સમવસરણની રચના થઈ જાય છે, એ ભાવનું કાર્ય છે એમ નથી. એય..! ભારે વાત ભાઈ! કોઈને ભાવ થયો કે હું પાણી લાવું. શું કહેવાય તમારે? ડંકીમાંથી. નળ-નળ. ભાવ થયો રાગ. તો રાગમાં આત્મા વ્યાપક થઈને રાગ એનું કર્તવ્ય છે. પણ એ રાગ પાણીને લાવે છે, નળને ફેરવે છે એ ભાવનું કાર્ય નથી. આહા..હા..!

મુમુક્ષુ :- હાથે કર્યુંને?

ઉત્તર :- હાથના પરમાણુ પણ ભિન્ન. ઝીણી વાત છે ભાઈ આ તો. એકદમ ગંભીર સિદ્ધાંત છે. આહા..હા..! દુનિયાથી જુદી ચીજ છે. આહા..હા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જેણે અનંત દ્રવ્ય જોયા, અનંત સંખ્યાએ. જાતિએ છ. જીવ, પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ—છ, પણ સંખ્યાએ અનંત. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ. તો કહે છે કે દરેક દ્રવ્યમાં વર્તમાન જે પર્યાય થાય છે એ પર્યાયમાં એ દ્રવ્ય વ્યાપક છે. એ દ્રવ્યનું એ પર્યાય કાર્ય છે. પણ બીજી પર્યાયનું

કાર્ય નથી અને આ પર્યાય બીજી પર્યાયનું કાર્ય કરે એમ નથી. સમજાણું કાંઈ? ભાઈ! વીતરાગમાર્ગ એમ બહારથી સમજાય જાય એવી ચીજ નથી. અનંતકાળમાં... આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..! આવો માર્ગ સર્વજ્ઞ પરમાત્મા, અરે! દિગંબર સંતો સિવાય એ માર્ગ બીજે ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? આવી સત્યતા, આવી સ્વચ્છતા, આવી સ્વતંત્રતા, આવી યોગ્યતા (બીજે ક્યાંય નથી). આહા..હા..! પણ એમાં જન્મ્યા એને ખબર નથી.

મુમુક્ષુ :- જન્મે ...?

ઉત્તર :- પણ જન્મે એમાં તો પરમેશ્વરના માર્ગમાં છે. તો પરમેશ્વર શું કહે છે?

મુમુક્ષુ :- પરમેશ્વર જે કહે છે એ સાચું કહે છે.

ઉત્તર :- સમજ્યા વિના? આહા..હા..! ઓહો..હો..! ભારે વાત કરી. એક ગાથાએ તો ગજબ વાત કરી! એ તો જીવના પરિણામની વાત કરી. નહિતર દરેક રજકણ અને દરેક આત્મા પ્રત્યેક એ પોતપોતાની વર્તમાન પર્યાયને એ પરમાણુ આદિ કરે પણ એ પર્યાય બીજા પરમાણુને લાવે એવું એ પરમાણુની પર્યાયનું કાર્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ શરીર છે જુઓ, આમ હાથ ઉંચો કર્યા. એ પરમાણુ જે છે શરીર રજકણના એની એ પર્યાય વ્યાપ્ય છે. એ પરમાણુનું એ કાર્ય છે. આત્માએ વિકલ્પ કર્યો એનું તો કાર્ય નથી. એનું તો આ કાર્ય નથી, પણ આ થયો તો વિકલ્પ થયો એ પણ એનું કાર્ય નથી. એ ભિન્ન છે. સમજાણું કાંઈ? આહા..હા..! શાસ્ત્રમાં આવે છે કે ભગવાનની મૂર્તિના દર્શન કરવાથી સમકિત થાય છે. નરકમાં વેદના ઘણી થાય છે એનાથી સમકિત થાય છે, જાતિસ્મરણથી થાય છે. સમજાણું કાંઈ? એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. ધર્મની પર્યાય જે થાય છે એ તો પોતાના ત્રિકાળી ભગવાનને અવલંબને થાય છે. એ પર્યાય કોઈ બીજી ચીજ આદિમાં હતી તો થઈ એવું તો નથી. પણ એ ધર્મ પર્યાય બીજી પર્યાયને લાવવામાં આદિ છે, તો બીજી પર્યાય આવે છે એમ નથી. કહો, સમજાણું કાંઈ? જુઓને કેટલું ભર્યું છે! એય..! ભગવાનજીભાઈ! આહા..હા..!

'**પોતે અંતર્વ્યાપક થઈને...**' ઓહો..! નિગોદની દશા, નિગોદ છેને? નિગોદ બટાટા આદિ એની જે મિથ્યાત્વની દશા એ મિથ્યાત્વના ભાવનો કર્તા ઈ જીવ છે. ત્યાંના દર્શનમોહનો ઉદય કર્તા તો નથી, પણ મિથ્યાત્વ કર્મનો ઉદય લાવે છે એમ પણ નથી. એમ નથી. ભારે વાતું ભાઈ! દરેક પદાર્થની પર્યાય ભિન્ન-ભિન્ન સ્વતંત્ર (થાય છે) એવું ભેદજ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? આ ખબર વિના ખીચડો કરે. અમે રાગ કરીએ તો દુનિયાને દુઃખી કરી શકીએ, દયા પાળીએ તો પરની દયા પાળી શકીએ, લક્ષ્મી દાનનો ભાવ થયો તો એ ભાવ પૈસા આપી શકે એ વાતમાં માલ કાંઈ નથી. દાનનો શુભભાવ થયો એ શુભમાં આદિ-મધ્ય-અંતમાં આત્મા છે, પણ એ દાનભાવ પૂર્વના કર્મથી થયો નથી, પણ દાનભાવ કર્મને

લાવે છે અથવા લક્ષ્મી આદિને દે છે એ દાનના ભાવનું કાર્ય છે એમ નથી. કહો, સમજાણું કાંઈ? આ તો અભિમાની ગર્વ કરે જ્યાં ત્યાં. આહા..હા..!

મુમુક્ષુ :- પૈસાવાળા હોય એ જ દાન દઈ શકેને. ગરીબ ક્યાંથી દઈ શકે?

ઉત્તર :- કોને હતા પૈસા? કોની પાસે હતા? કહે છે કે ભાવ થયો છેને પુણ્યનો, દયા, દાન, વ્રત આદિનો એવો ભાવ થયો તો એ ભાવનો કર્તા તો આત્મા છે. અહીં સામાન્ય વ્યાખ્યા છેને અત્યારે. સમજાણું કાંઈ? પણ ભાવ થયો એ નિમિત્તનું કાર્ય કરે, પૈસા દેવા, લેવા, લખવા એ કામ કરે એ ભાવનું કાર્ય નથી. કહો, સમજાણું કાંઈ?

એમ આત્મામાં ધર્મ પર્યાય નિઃસંસાર-સમ્યગ્દર્શન પ્રગટ પોતામાં થાય એમાં આદિમાં દ્રવ્ય છે. આ ગજબ વાત કરે છે જુઓને. આદિમાં. એ ધર્મની સમ્યગ્દર્શન પર્યાય એની આદિમાં દ્રવ્ય છે. એમ આદિ-મધ્યમાં દ્રવ્ય છે એમ બતાવ્યું. જુઓને ત્યાં પણ એ લાવ્યા પાછા. આહા..હા..! એ સમ્યગ્દર્શનમાં બહારના નિમિત્તથી સમ્યગ્દર્શન થાય છે એમ તો નથી, પણ એ સમ્યગ્દર્શન નિમિત્તને મેળવે છે એમ પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! લોકો શાંતિથી શાસ્ત્રનો સ્વાધ્યાય કરે નહિ, શાસ્ત્ર સમજે નહિ અને ગપ્પેગપ્પ મારે એમને એમ. ઉપરથી ભગવાન આમ કહે છે અને ભગવાન આમ કહે છે. આહા..હા..!

'**સસંસાર અને નિઃસંસાર અવસ્થાને વિષે...**' આહા..હા..! '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને...**' આત્મા જ પોતાની ધર્મની પર્યાયની આદિમાં દ્રવ્ય છે, મધ્યમાં દ્રવ્ય છે અને અંતમાં પણ દ્રવ્ય છે. પોતાનું દ્રવ્ય એ સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા અને સમ્યગ્દર્શનની પર્યાય એનું કાર્ય. એ સમ્યગ્દર્શન પર્યાયનું કાર્ય દર્શનમોહનો અભાવ કરવો એમ નથી. આત્માએ આમ કર્યું તો દર્શનમોહનો અભાવ આત્માએ કર્યો એમ નથી. કેવળજ્ઞાનના કાર્યે કેવળજ્ઞાનાવરણીયનો અભાવ કર્યો એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એક ગાથામાં કેટલો ખુલાસો! આહા..હા..!

ચાહે તો નિગોદ દશામાં હોય, ચાહે તો દ્રવ્યલિંગી સાધુ હોય, પણ એ ભાવ જે શુભવિકલ્પ છે, નિગોદમાં અશુભ. નિગોદમાં પણ શુભભાવ તો છે. તો નિગોદમાં પણ ક્ષણમાં શુભ અને બીજે ક્ષણે અશુભ થાય છે. એવો પાઠ છે શાસ્ત્રમાં. તો એ શુભભાવમાં કર્તા કોણ? અથવા અહીંયાં માણસ આવ્યો કે ભાઈ આ શુભભાવ થયો તો દાન દીધું, આહાર દીધો તો એ શુભભાવનું કાર્ય છે એમ નથી. નિગોદમાં તો એ છે જ નહિ. શુભભાવ તો નિગોદ એકેન્દ્રિયને પણ હોય છે. આહા..હા..! એ નિગોદના ભાવમાં આદિ-મધ્ય-અંતમાં એનો આત્મા છે. આહા..હા..! અને જ્ઞાનીનો આત્મા પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં આહાર છૂટ્યો, આહાર ન આવ્યો એનાથી અહીંયાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય થઈ એમ તો નથી, પણ સમ્યક્ચારિત્રની પર્યાય દ્રવ્યને આશ્રયે થઈ એ પર્યાય(નું) આહાર ન લાવવાનું

કાર્ય છે એમ નથી. આજે હું રાગનો ત્યાગ કર્યો છે તો હું આહાર નથી લેતો. એવું તો કાંઈ છે નહિ. આહારનો ત્યાગ નામ મંદતા શુભભાવ હોય તો એ શુભભાવથી આહાર મેં ન લીધો, મેં પાણી ન પીધું એવું કાર્ય એ ભાવનું નથી. એ તો એ ચીજ આવવાની હતી એનું એ કાર્ય છે, (એને) નહોતી આવવાની એનું એ કાર્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! જેવું સત્ય છે એવા સત્યની પણ એને ખબર નથી. એને ધર્મ કેમ થાય? સમજાણું કાંઈ?

જ્યાં હોય ત્યાં એમ કહે ભાઈ! શું કરીએ? કર્મનું જોર છો તો અમને વિકાર થાય છે. અરે! મૂઢ છો? તારી વિકારની આદિમાં તો તું છે. કર્મ ક્યાંથી લાવ્યો? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' એ ચંદ્રપ્રભુ ભગવાનની સ્તુતિમાં આવે છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતી પાઈ.' એ લોઢાની સંગતી અગ્નિએ કરી તો એને ઘણ પડે છે. કર્મ શું કરે બિચારા? કર્મનો સંગ તેં કર્યો. એ રાગ અને અજ્ઞાન તેં કર્યું તો કર્મનો સંગ તેં કર્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ!

કર્મથી તો વિકાર નથી, પણ ધર્મની પર્યાયમાં કર્મનો અભાવ કરવો એ ધર્મની પર્યાયનું કાર્ય નથી. સમજાણું કાંઈ? ભાઈ! અલવર(વાલે). સમજાય છે? ... આ તો હિન્દી ચાલે છે. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે આવી વાણીનો હુકમ નીકળતો હતો. ભાઈ! પ્રભુ! તારો વિકાર કરવો સંસારની દશાનો કે મોક્ષમાર્ગનો કે મોક્ષની પર્યાયનો એ તારો અધિકાર છે. એમાં કોઈ બીજી ચીજનો અધિકાર નથી. પણ એ તારા પરિણામનો અધિકાર છે તો બીજા પરિણામ પણ તું લાવી શકે, છોડી શકે એવું તારા પરિણામનું કાર્ય નથી. એક વાત પણ સત્ય બેસવી જોઈએ. એમને એમ ગડબડ ચલાવે એ વીતરાગમાર્ગ માં... આહા..હા..! ચાલે નહિ. ઓહો..હો..! જુઓને, અત્યારે તો ગડબડ કેટલી ચાલે છે! એકકોર સાંઈબાબા અને એકકોર રજનીશ ને એકકોર એક બાઈ થઈ છે મહારાષ્ટ્રમાં. ત્રણ ભગવાન છે અત્યારે. અરેરે! ભ્રમણામાં મોટા. આ પૂનમચંદજીને એમ કહેતા હતા. ભાષણ કરતો હતો. એક ..થી આવે છે બાવાજી. ... .. સાંઈબાબા. ... એની વહુ ત્યાં ગઈ છે... ત્યાં ગયા છે પૂછવા. ભ્રમણા અજ્ઞાનીની. આહા..હા..!

મુમુક્ષુ :- મોટા મોટા ભગવાન માને છે.

ઉત્તર :- .. માને એ મૂર્ખા મોટા ઘણા હોય છે. ભગવાન એટલે શું? આહા..હા..! એ જાદુગર છે એ તો એક. કહ્યું નહોતું? અમારે ભાઈ! કે.લાલ. મોટો જાદુગર છે. આખા હિન્દુસ્તાનમાં મોટો જાદુગર છે. આવ્યો હતો અમારી પાસે. અહીં આવ્યો હતો, રાજકોટ આવ્યો હતો. હમણા ત્યાં આવ્યો હતો ઇંદોર. મોટો જાદુગર. દસ-દસ હજાર, પંદર-પંદર હજાર રૂપિયા એક એક રાતના લે. લાખો રૂપિયા. એકવાર ત્રણ કલાકના પાંચ લાખ લીધા.

મોટો જાદુગર. આપણો જૈન છે. આવ્યો હતો અમારી પાસે હમણા. રાજકોટ આવ્યો હતો. ત્યાં આવ્યો હતો. મહારાજ! અમારું આ ધતિંગ છે બધું હોં. અમારી પાસે શું છે? મોટો જાદુગર છે કે.લાલ.—કાંતિલાલ. અમારું બધું ધતિંગ છે. એવો પણ વીર્યવાળો છેને. ૪૮ વર્ષની ઉંમર છે. દશાશ્રીમાળી વાણિયા. આમ બિચારા નજર કરે. મોટા-મોટા મહાત્મા અને મોટા-મોટા ઢળી જાય. પણ બોલ્યો બિચારો, મહારાજ! અમારું તો બધું ધતિંગ છે. માયા છે અમારી, બીજું કાંઈ નથી. આહા..હા..! અને એ જાદુ છે અમારી પાસે. એવી જાદુગરી રજનીશ પાસે અને એવી જાદુગરી સાંઈબાબા પાસે છે. એ બે જણા ત્યાગી દેખાય એટલે એની શક્તિ માને. અમારી શું કહેવાય? નજરબંધી માને. છીએ તો અમે બધા સરખા. ચોખ્ખું કહેતો હતો. મોટો જાદુગર છે. અનેક લાખો બાર મહિના પેદા કરે છે. પરદેશમાં જાય તો અનેક લાખ. શું છે? ધતિંગ છે અમારું. વાંચો. કીધું મરી જશો. પૂર્વના પુણ્ય છે તો આટલા પૈસા મળે છે. એમાં કાંઈ છે નહિ. ધતિંગ છે. સાંભળતો હતો. પુસ્તક એક-બે આપ્યા લઈ ગયા. વાંચો. વાંચો આ. મરી જશો, ધૂળમાં કાંઈ નથી. સોનું બતાવે? આ બતાવે. એક સ્ત્રીને કાપીને પાછી બોલાવે. એક સ્ત્રીને કાપે. છાપામાં લખ્યું છે. એને બોલાવે. એ બધું ધતિંગ છે અમારું. આવા મૂર્ખાઓ જગતના માણસ. એમાં વાણિયા થઈને પણ આવું માને. આહા..હા..!

મુમુક્ષુ :- .. છે એ બીજાને ન માને. વાણિયા તો બધાને માને. એનું નામ જ વાણિયા. જ્યાંથી લાભ મળે ત્યાંથી ખેંચે.

ઉત્તર :- ધૂળમાંય લાભ નથી. આહા..હા..!

અહીં તો પરમાત્મા વીતરાગદેવ સર્વજ્ઞ ત્રિલોકનાથ એની વાણીમાં જગતના સ્વતંત્ર પદાર્થની જાહેરાત આવી. જાહેરાત આવી. જાહેર થાઓ કે પ્રત્યેક આત્મા અને પરમાણુ પોતાની પર્યાયને કરે છે, પણ એ પર્યાય બીજા દ્રવ્યની પર્યાય કરતી નથી. એમ જાહેર થાઓ. અને એ મિથ્યાત્વ અને અજ્ઞાન સમાઈ જાવ. સમજાણું કાંઈ? તારા મિથ્યાત્વ અને અજ્ઞાનનો કર્તા તું છો. જાહેર થાઓ. અને એ રાગ અને અજ્ઞાન છોડવામાં પણ તું સ્વતંત્ર છે. કોઈની પરતંત્રતા છે કે કોઈની મદદ છે તો સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય છે એમ છે નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! એય..! ભીખાભાઈ! ગુરુનો અપવાદ રાખો.

ભગવાન ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાયા, એ ભગવાન ફરમાવે છે તારી પર્યાય કરવામાં તું સ્વતંત્ર છે. અમારું નિમિત્ત તારી પર્યાય કરે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ વાણીની પર્યાય અમે કરી એમ તો નથી, પણ વાણીની પર્યાયથી તારામાં સમજણની પર્યાય થાય છે એમ પણ નથી. અને તને સમજણની પર્યાયનું જ્ઞાન તારાથી થયું તો એ પર્યાય વાણીને લાવે છે, આવો વાણી

આવો, એ વાણીનું કાર્ય એ સમજણની પર્યાયનું નથી. આહા..હા..!

મુનિને, સાચા મુનિ સંત હોય, ભાવલિંગી મુનિ હોય, આત્મધ્યાની આનંદમાં ઝૂલનારા એને આહાર દેવાનો ભાવ હોય એ ભાવનો કર્તા તું છો. પણ એ ભાવે આહાર દીધો એ ક્રિયા ભાવનું કામ (કાર્ય) છે એમ ત્રણ કાળમાં નથી. એ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બધી વાતના ભૂક્કા.

ઉત્તર :- ઊંધી માન્યતા તારી. અમે આમ દીધું ને આમ દીધું. દુનિયાને અમે મદદ કરી, ટેકો દીધો, થોડો સહારો આપ્યો, પરપદાર્થનો થોડો સહારો આપ્યો તો પરપદાર્થમાં એ અવસ્થા થઈ. બધી ભ્રમણા અને અજ્ઞાનીઓનું અજ્ઞાન છે. કેમ હશે? ... નહિ હોય? આહા..હા..! એ ત્યાં આવ્યા હતા ઘનશ્યામભાઈ. .. નહિ? દહેગામ આવ્યા હતા. ... નહિ? તમારા ગામમાં. દર્શન કરવા આવ્યા હતા. ... છે. અમે આવ્યા તો ધામધુમથી મોટી મોટરું કાઢી ને.. આહા..હા..! શું થયું જાણે આ? આહા..હા..! ઢોલ પીટીને મડદાને હાંક્યા. અમારા પાલેજમાં એમ કહે. પાલેજમાં કોઈ મરી જાયને ત્યારે એક મોટું ભૂંગળું રાખે છે. મોટું ભૂંગળું. મરી જાય એટલે તરત આવે વગાડતો. મોટું ભૂંગળું. ભોં... ભોં... કરે. આ પાલેજમાં રિવાજ છે. માણસ મરી જાય, કાઢે મોટું ભૂંગળું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી બીજી વાત. દુનિયાને ખબર પડે કે આ મડદું નીકળવાની તૈયારી છે અને નીકળ્યું છે તો ખબર પડે. ... આહા..હા..! અહીંયાં તો કહે છે કે ભૂંગળા વગાડવાનો ભાવ એનો રાગ હોય. એ રાગનો કર્તા જીવ છે, પણ ભૂંગળા વગાડવાનું કાર્ય રાગથી થયું છે (એમ નથી). ભારે ભાઈ!

મુમુક્ષુ :- .. ભૂંગળાનું પણ ક્યાં છે?

ઉત્તર :- આ તો એક... આનું આ કાર્ય છે એમ છે નથી. આહા..હા..! કહો, પંડિતજી! સમજાવાનો તમારો ભાવ ... એ રાગ છે તો વિદ્યાર્થીનું કાર્ય થાય છે (એમ) નહિ? વિદ્યાર્થીને સમજાવાનું કાર્ય એ રાગ કરે છે (એમ નથી). વિદ્યાર્થી પણ તકરાર કરે છે. આહા..હા..!

એક સંસાર દશા નિગોદથી લઈને સર્વાર્થસિદ્ધનો ભવ એનો જે ભાવ એ ભાવનો કર્તા જીવ છે. એમાં કોઈ કર્મનું કારણ છે એમ પણ નથી અને એ ભાવ બીજી ચીજનું કાર્ય કરે એમ નથી. વસ્તુ એવી છે. આમ ન માને તો એને મિથ્યાદર્શન મોટું શલ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ પણ કહ્યું કે પોતાની ધર્મ પર્યાય આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (થાય) એની આદિમાં તો દ્રવ્ય આત્મા છે. એ શુભભાવ હતો તો સમ્યગ્દર્શન, શુદ્ધોપયોગ થયો એમ નથી. તો શુદ્ધોપયોગ થયો એણે શુભ ઉપયોગનો નાશ કર્યો (એમ નથી). આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ તો જુઓ. એ વસ્તુનો સ્વભાવ એવો છે એમ ભગવાન

કહે છે. ભગવાને કાંઈ બનાવ્યું નથી. ભગવાને કાંઈ ચીજ બનાવી નથી. ભગવાન કર્તા નથી. આહા..હા..!

**'સસંસાર અથવા નિઃસંસાર અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને...** ' આત્મા. **'સસંસાર અથવા નિઃસંસાર એવો પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસો...**' આહા..હા..! તારા પરિણામનો **'એકને જ કરતો પ્રતિભાસો પરંતુ અન્યને કરતો ન પ્રતિભાસો;...**' આહા..હા..! સમજાણું કાંઈ? એમ **'પોતાને એકને જ કરતો...**' પોતાને એકને જ. એમ લખ્યું છે. (આ તો) એકાંત થઈ ગયું. એકાંત જ છે. ભાઈ! .. અનેકાંત રાખો. પોતાના પરિણામ આત્મા પણ કરે અને બીજાના પરિણામ પણ આત્મા કરે. બે ક્રિયાવાદી આગળ લેશે, એ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! **'એકને જ કરતો પ્રતિભાસો પરંતુ અન્યને કરતો ન પ્રતિભાસો;...**' તારા મિથ્યાત્વ, રાગ-દ્વેષ અને તારું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પરિણામ સિવાય તું બીજાનો કર્તા ત્રણ કાળમાં ન ભાસો તને. કેમકે એમ છે નહિ. છે નહિ એવું ન ભાસો. સમજાણું કાંઈ? શું ગાથા બોલે છે? અમરચંદભાઈ! આહા..હા..!

**'અને વળી તેવી રીતે આ જ જીવ, ભાવ્યભાવકભાવના અભાવને લીધે...**' શું? કે ભાવક આત્મા અને રાગ અને દ્વેષ અને પરચીજ દાળ, ભાત, સ્ત્રી, પૈસા, ભાવ્ય ભોગવવા લાયક. પરચીજ છે એ ભોગવવા લાયક અને આત્મા ભોક્તા એવા ભાવ્યભાવકનો આત્મામાં અભાવ છે. આહા..હા..! મોસંબીના પાણી પીવે છે, લાડવા ખાય છે, ખીચડી-કઢી (ખાય). તો કહે છે કે એ ભોગવવાની ચીજ અને આત્મા એને ભોગવે એવું ભાવ્યભાવક નથી. પર ભોગવવાલાયક અને આત્મા ભોગવે એવી ચીજ આત્મામાં છે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? **'જીવ, ભાવ્યભાવકભાવના અભાવને લીધે પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી,...**' પોતાની પર્યાયથી લાડવાને ભોગવવા, સ્ત્રીને ભોગવવી, મકાનને ભોગવવું એ અશક્ય છે. આહા..હા..! કહો, ભીખાભાઈ! આ મેડીબંધ મકાન કર્યું એનું ભોગવવું કહે છે કે આત્મા ભાવક અને એ ભાવ્ય એમ નથી. પરવસ્તુ આત્મા ભોગવી શકતો જ નથી. પોતાના હરખ-શોક અને કલ્પના રાગાદિનો ભોક્તા આત્મા છે. એ એનું ભાવ્ય અને એ એનું ભાવક. પણ પરની અવસ્થા ભાવ્ય નામ ભોગવવાલાયક અને આત્મા ભાવક ભોગવી શકે (એમ નથી). આહા..હા..! છે?

**'જીવ, ભાવ્યભાવકભાવના અભાવને લીધે પરભાવનું પર વડે...**' એટલે સ્ત્રી, લક્ષ્મી, પૈસા, આબરૂ, દાળ, ભાત એ પરભાવનું પર વડે નામ આત્માની પર્યાય વડે **'અનુભવાવું અશક્ય હોવાથી,...**' સમજાણું કાંઈ? આ રોટલી, દાળ, ભાત, શાક એ ભોગવવા લાયક અને આત્મા ભોક્તા એ અશક્ય છે. જડ છે. એ જડને આત્મા શું ભોગવે? એ સમયનો

હરખ-શોકનો એ ભોગ્ય, એનો એ ભોક્તા. સમજાણું કાંઈ? એટલે **'સસંસાર અથવા નિઃસંસારરૂપ પોતાને અનુભવતો થકો, પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો...'** ભગવાન! તારા મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો ભોક્તા તું અને ભોગ્ય એ ચીજ. આનંદની અવસ્થામાં ભોક્તા આનંદનો તું અને આનંદ ભોગ્ય, પણ પરચીજ ભોગ્ય અને તું ભોક્તા એવું વસ્તુમાં ત્રણ કાળમાં નથી. સ્ત્રીનું શરીર ભોગ્ય અને આત્મા એનો ભોક્તા એમ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? એ વખતે જે રાગ થયો એ રાગનો ઈ ભોક્તા છે. સમજાણું કાંઈ? રાગ એને ભોગવવાલાયક અને ભોક્તા આત્મા. એમ વીતરાગી પર્યાય કાળે વીતરાગી પર્યાય એ ભાવ્ય અને ભોક્તા આત્મા. આહા..હા..! મકાનનો, કપડાનો, દાગીનાનો આત્મા ભોક્તા એમ છે નહિ ત્રણ કાળમાં. કહો, સમજાણું કાંઈ?

**'અનુભવતો પ્રતિભાસો પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો.'** પણ પરનો હું ભોક્તા છું અને ભોગવવાલાયક પરચીજ મારા માટે છે એવું ન પ્રતિભાસો. સત્યનું સ્વરૂપ એવું છે નહિ. આહા..હા..! આવી સ્વતંત્રતા સ્વીકારે તોપણ તીવ્ર મિથ્યાત્વનો નાશ થાય છે. અને પોતાના દ્રવ્યનો સ્વીકાર કરે તો સર્વથા મિથ્યાત્વનો નાશ થાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ-૧૨, ગુરુવાર, તા. ૧૯-૧૦-૧૯૭૨
## ગાથા-૮૩-૮૪, પ્રવચન-૧૯૬

આ સમયસાર, કર્તાકર્મ અધિકાર. ભાવાર્થ, ૮૩મી ગાથાનો ભાવાર્થ છેને? ઝીણું તત્ત્વ બહુ ભાઈ! અહીંયા તો **'આત્માને...'** એ શબ્દ પહેલો પડ્યો છે ભાવાર્થમાં. આ આત્મા જે વસ્તુ છે પદાર્થ એને **'પરદ્રવ્ય-પુદ્ગલકર્મના નિમિત્તથી...'** પરદ્રવ્ય એટલે શું? પુદ્ગલકર્મ. એના **'નિમિત્તથી સસંસાર-નિઃસંસાર અવસ્થા છે.'** એટલે? આત્મામાં વિકારભાવ, મિથ્યાત્વ રાગ-દ્વેષના ભાવ એમાં પૂર્વ કર્મ નિમિત્ત છે, નિમિત્ત છે. છતાં એ કર્મને વિકાર પરિણામ કરતું નથી. એટલે કે કર્મના ઉદયને એ લાવતું નથી. ઝીણું તત્ત્વ બહુ. એ રાગ-દ્વેષ જીવ કરે એથી નિમિત્તને બનાવે, રચાવે, લાવે એમ એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આ મોટા ગોટા છેને નિમિત્તના? એ તો વળી એમ કહે કે નિમિત્તથી થાય છે આમાં. એ તો મોટો ગોટો. પણ અહીં તો આત્મામાં સ્વરૂપને ભૂલી ભ્રમણા (કરે કે) પરમાં સુખ છે, પરવસ્તુમાં

પ્રસન્નતા થાય છે દેખીને એવો જે મિથ્યાત્વભાવ એમાં પૂર્વનું કર્મ નિમિત્ત છે, પણ એ નિમિત્તથી મિથ્યાત્વભાવ થયો, એમ નથી. એ ઉપરાંત મિથ્યાત્વભાવ એમાં નિમિત્ત હોવા છતાં એ નિમિત્તને કરતો નથી મિથ્યાત્વભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? બેય સ્વતંત્ર પર્યાય છે. વસ્તુ છેને? વસ્તુમાં ભૂલ થાય. વિકારી પરિણામ નિમિત્ત એ ભૂલમાં કર્મ જૂનું નિમિત્ત છે, પણ છતાં એ નિમિત્ત આ વિકારને કરાવતું નથી, તેમ વિકારમાં એ નિમિત્ત છે માટે વિકાર એને કરતું નથી, એને લાવતું નથી, એને પહોંચી વળતું નથી. ભારે વાતું આવી. સમજાય છે કાંઈ?

'આત્માને...' આ તો તત્ત્વની વાત છેને. એક શબ્દ છે માટે એમાં એટલે પૂરું પડે એવું નથી, એ વસ્તુમાં અનંત (શક્તિ) ભરી છે. આ શરીર, વાણી આ બધા તત્ત્વો તો જડ છે. એમ કર્મ પણ એક જડ ચીજ છે. તો આત્મા પોતે પોતાના સ્વરૂપને ભૂલીને, એ તો અતીન્દ્રિય આનંદનું ધામ છે, અતીન્દ્રિય આનંદનું સ્થાન છે, એને ભૂલીને ભ્રમણા કરે કે પરમાં મને ઠીક છે, આનંદ છે, સગવડતાથી હું સુખી છું, અગવડતાથી હું દુઃખી છું. એવા જે ભાવ એ જીવ પોતે કરે છે. એમાં કર્મ નિમિત્ત છે. કહો, સમજાણું કાંઈ? છતાં એ નિમિત્તને એ વિકાર લાવતું નથી. એ વિકાર નિમિત્તને પ્રાપ્ત કરતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! નિમિત્ત આને પ્રાપ્ત કરતું નથી એમ વિકાર નિમિત્તને પ્રાપ્ત કરતું નથી. આહા..હા..! શું કહે છે આમાં? લૌકિકનો અભ્યાસ કરવો હોય તો માળો રાત-દિ' ઉજાગરા કરીને કરે. પણ આ શું ચીજ છે એની એને દરકાર નથી. આહા..હા..! ભવ મળ્યા, ભવ લૂંટાઈ ગયા અને ગયા એકેન્દ્રિયમાં ચાલ્યા જાય છે જીવો.

અરે! એને તું પણ કોણ? હું એ આત્મા. હવે એ આત્મામાં થતી ભૂલ. જે ભૂલ દુઃખનું જ કારણ છે એવી ભૂલમાં નિમિત્તપણું કર્મનું હોવા છતાં એ કર્મથી ભૂલ થઈ નથી અને ભૂલ કર્મને પ્રાપ્ત કરતી નથી. નિમિત્ત એ ભૂલનું કાર્ય નથી. સમજાણું કાંઈ? આમાં ઝીણું પડેને બધું (એટલે) ધર્મને બહાને ચાલો દયા પાળીએ, વ્રત પાળીએ અને અપવાસ કરીએ. આહા..હા..! ભગવાન પોતે કોણ છે એને ભૂલ્યો અને એ ધર્મ કરનાર કેવડો અને કેમ કરે છે એની એને ખબર ન મળે. અધર્મ પણ કેમ કરે છે એની એને ખબર ન મળે.

પોતાની આત્મસત્તા વસ્તુ છેને. આદિ-અંત વિનાની એ ચીજ છે. શરીર નીકળતા જીવ ગયો એમ કહે છેને? કે મરી ગયો જીવ? આ તો ભવને માટે પાછો કહે છે. બીજો ભવ કરવા માટે. પણ અહીંથી ગયો એમ કહે છે. હજી નાડી-પલ્સ એના હાથમાં આવે ત્યાં તો વયો ગયો હોય. જાવ. આહા..હા..! એ વસ્તુ આત્મા અવિનાશી ત્રિકાળી છે. કોઈ કાળમાં એ નહોતો અને નહિ રહે એમ નથી. સમજાણું કાંઈ? એ ચીજને ભૂલીને જ્યાં મિથ્યા ભ્રમ ઊભો કરે છે કે પુણ્યના પરિણામમાં ધર્મ છે. એમાંથી બંધન થતાં સગવડતા મળે તો

કાંઈક ધર્મ કરવાને સગવડતા થાય. શું કીધું?

મુમુક્ષુ :- પુણ્ય કરવાથી સગવડતા થાય.

ઉત્તર :- સગવડતા નહિ, પુણ્યના ફળ તરીકે પૈસા જોવેને. અત્યારે નિવૃત્તિ લીધી... આહા..હા..!

મુમુક્ષુ :- સાંભળવાનું મળ્યું.

ઉત્તર :- સાંભળવાનું મળ્યું એટલે શું? એની વ્યાખ્યા શું? એક શબ્દો કાને પડ્યા. હવે એ શબ્દો કાને પડ્યા એથી એના આત્માને શું લાભ થયો? આત્માના શબ્દોમાં એની પર્યાય અહીં વ્યાપ્તી નથી, આવતી નથી અને આ શબ્દો એની પર્યાયને પહોંચતા નથી. આહા..હા..! કહો, ભીખાભાઈ! શું કરવું આમાં? આહા..હા..!

એવો જે ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્ નામ શાશ્વત રહેનારું તત્ત્વ અને તે જ્ઞાન અને આનંદના ગુણવાળું એ તત્ત્વ, એણે પોતાની નજરું જ્યાં નથી કરી અનાદિથી, તેથી એની નજરમાં વર્તમાન પ્રગટરૂપ જે અવસ્થા છે કે રાગાદિ છે એનું અસ્તિત્વ એના જ્ઞાનમાં ભાસે છે અને તે અસ્તિત્વના દોષમાં પરવસ્તુ છે તો મને દોષ થાય છે એમ ભ્રમણા એને થઈ ગઈ છે. અને એ દોષ થાય છે એ પરવસ્તુને લાવે છે, અંદર મેળવી શકે છે, હું રાગને લઈ પરવસ્તુને સમીપ લાવી શકું છું અને પ્રતિકૂળતા હોય એને હું દૂર કરી શકું છું એમ જે માને છે એ રાગનું એ કાર્ય માને છે. (વસ્તુ સ્વરૂપ) એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! કહો, ગીરધરભાઈ! તો શું આ ૪૫ હજાર ખર્ચીને કરવું હતુંને ત્યાં કામ કાંઈ? એ તો ભાગ્યશાળી. એ બધા .. પડ્યા. આવું સાંભળવાનો યોગ તો રહ્યો આ. અરે! આ ક્યાં છે ભાઈ! શું કરે છે? એ ચીજ શું છે? એની ચીજમાં શું શું અચિંત્યતા પડી છે? અચિંત્ય જેને ચિંતવનામાં ન આવે એવી એનામાં ચીજ પડી છે.

એ ભગવાન આત્મા જ્ઞાનનો ભંડાર, આનંદનો ભંડાર, શાંતિનો સાગર, સ્વચ્છતાથી પવિત્રના પૂર્ણ ગુણથી ભરેલો પદાર્થ છે. એને ભૂલી પરમાં કાંઈ પણ શાંતિ મળે, સુખ મળે એવી જે મિથ્યા ભ્રાંતિ... આહા..હા..! એ સમકિતની પર્યાયને ઘાતે છે એટલે કે સમકિતની પર્યાય ઉત્પન્ન થવા દેતું નથી. આહા..હા..! એ મિથ્યાત્વભાવ એમાં, કહે છે કે એ સંસાર અવસ્થામાં કર્મનું નિમિત્ત છે. એક વાત. હવે પોતે પોતાની નિઃસંસાર અવસ્થા પ્રગટ કરે (એટલે કે) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એમાં આવ્યું હતુંને ઈ? ૨૬૯ નહિ? એમ કે સંયમ પણ પરદ્રવ્ય પર્યાયને પ્રત્યાખ્યાનાવરણી ઘાતે છે. ભાઈ! ત્રીજી ચોકડી. માટે મિથ્યાત્વ અને એ ત્રીજી ચોકડીના અનુભાગ બરાબર સરખા છે.

મુમુક્ષુ :- એના અનુભાગ સરખા કેમ?

ઉત્તર :- સરખા કેમકે સરખા આ રીતે છે. કેમકે મિથ્યાત્વ છે એ સમ્યગ્દર્શનરૂપી પર્યાય

જે સર્વદ્રવ્ય ત્રિકાળી અને એની પર્યાયો એને પ્રતીતમાં લેનારું સમ્યગ્દર્શન એને એ મિથ્યાત્વ ઘાતે છે. એમ અસંયમ પ્રત્યાખ્યાનાવરણીય પ્રકૃતિ એના પરિણામ પોતે ઉંધા કરે એ નિમિત્ત, અનંત-અનંત અંતર શાંતિમાં જવું એવી સંયમદશા, આનંદની દશા એમાં એની પર્યાયને એ નિમિત્ત ઘાતે છે. પૂર્ણ દ્રવ્ય અને પૂર્ણ પર્યાયમાં લીન થવું એ સંયમ છે. જેમ પૂર્ણ દ્રવ્ય અને એની પર્યાયને પ્રતીતમાં લેવી એ સમ્યગ્દર્શન છે. ત્યારે પૂર્ણ ભગવાન આત્મા અને એની પર્યાય એમાં લીન થવું, આખા દ્રવ્યના અનંતગુણમાં લીન થવું એવો જે સંયમ એને ઘાતવામાં પ્રત્યાખ્યાનાવરણીયનું નિમિત્ત છે. બેય સરખા અનુભાગમાં છે એ અપેક્ષાએ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- એમાં શું કહેવા માંગે છે ન સમજાણું?

ઉત્તર :- ન સમજાણું? આ તો સાદી ભાષાએ તો ચાલે છેને. આ બધા .. શું હશે? આ વાત બે વાર થઈ.

વસ્તુ જે છે અનંતગુણનું ધામ પ્રભુ અને એની અવસ્થા. સમ્યગ્દર્શનમાં એ બધું પ્રતીતમાં આવે છે. કેમકે એ પૂર્ણ દ્રવ્યને એની પર્યાયને પકડી લીધી છે સમ્યગ્દર્શનમાં. એ સમ્યગ્દર્શનને ઘાત કરનાર મિથ્યાત્વ છે. તો મિથ્યાત્વમાં પણ જેમ અનંતરસ છે ઊંધો એમ અસંયમ પ્રત્યાખ્યાનાવરણીય પ્રકૃતિ જે અસંયમ છે એ અસંયમમાં પણ અનંતો રસ છે કે જે અનંતગુણનું ધામ ભગવાન અને એની પર્યાયમાં નિર્મળમાં સ્થિર થવું... સ્થિર થવું... સ્થિર થવું... જામી જવું... આહા..હા..! જેની એક સમયની અવસ્થા બધા દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એવી એવી અનંતી પર્યાયનું તત્ત્વ આખું એવા-એવા અનંતા ગુણને ધરનાર દ્રવ્ય એમાં લીન થવું, એમાં લીન થવું એને ઘાતે એનો રસ પણ ઊંધો અનંતો છે. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ તો એવી છે અને આચાર્યોએ તો એવી મૂકી છેને આ સાદી ભાષાએ. અંદર પકડાઈ જાય. પ્રયત્ન જ કર્યો નથી એણે, હોં! આહા..હા..!

અહીં તો કહે છે. પ્રશ્ન તો એ ઉઠ્યો છેને ૨૬૯, સંયમને ઘાત કરનાર પ્રત્યાખ્યાનવરણીય અને મિથ્યાત્વ સર્વ દ્રવ્ય અને પર્યાયનો વિષય કરનાર સમ્યગ્દર્શન તેને ઘાત કરનાર બે સરખા કેમ? .. સાધારણ છે. સમજાણું? પછી તો સંયમને ઘાતમાં નિમિત્ત છે, ઓલું તો સમકિતને ઘાતમાં કારણ છે. બે સરખા કેમ? કે આ અપેક્ષાએ (સરખા) છે. અનંત-અનંત ગુણની રાશિવાળો ભગવાન, એની પ્રતીતવાળું જે સમકિત, એને વિઘ્ન કરનારનો ભાવ પણ અનંત એનો આકરો છે. એવો જ અસંયમભાવ ત્રિકાળી વસ્તુમાં આવી ચીજ જે અનંત-અનંત ગુણવાળી એમાં લીન થવું એને ઘાત કરનાર અસંયમ એ મહા ઊંધો અનંતો છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રકૃતિથી વાત કરી છે પણ એ ઊંધો પોતે અસંયમભાવ કરે છેને. એમાં પ્રકૃતિ નિમિત્ત થઈ. એ તો અહીં આપણે ચાલે છે. સમજાય છે? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ... આ તો નયાવોયમ માર્ગ છે.

ચારિત્ર એટલે અનંત-અનંત બેહદ ગુણની રાશિ પ્રભુ એમાંથી ખસી ગયેલો અને એમાં રમવું એ રમણતાને વિઘ્ન કરનાર એનો અસંયમભાવ ઘણો જ ઘાતિ ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અસંયમને પેદા કરવામાં પૂર્વનું કર્મ નિમિત્ત છે. એમ મિથ્યાત્વને ઉત્પન્ન કરવામાં પૂર્વનું નિમિત્ત છે, છતાં તે નિમિત્તથી મિથ્યાત્વ થયું નથી, નિમિત્તથી અસંયમ થયો નથી, આ અસંયમ(ના પરિણામ) ચારિત્રમોહના ઉદયને લાવ્યો નથી. આહા..હા..! ભાઈ! આ તો અનંતકાળનો અજાણ્યો માર્ગ. આહા..હા..! દુનિયાને વીંખી નાખી. બધાને જેમ .. .. એ વાતની અમને ખબર છે, અમને ખબર છે. મૂળની ખબર ન મળે.

કહે છે કે **'આત્માને પરદ્રવ્ય-પુદ્‌ગલકર્મના નિમિત્તથી...'** નિમિત્તથી એનો અર્થ એટલે કે એનાથી થયું એમ નહિ. વાંધો જ આ છે. જુઓ, નિમિત્તથી થયું એમ કહે છે. પણ નિમિત્તથી થયું એટલે નૈમિત્તિક થયું એમાં એ નિમિત્ત છે એટલું અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? નિમિત્ત કહેવાણું ક્યારે? અહીં નૈમિત્તિક પર્યાય કરી ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. નહિતર કાળભેદ છે નૈમિત્તિક અને નિમિત્તને? આહા..હા..! અરે! સવળું સમજવામાં પણ આડોડાઈનો પાર ન મળે. એને અંતરમાં જાવું. પૂર્ણ પ્રભુ અનંત-અનંતગુણનો પિંડ પ્રભુ એને પહોંચી વળવું એ કાંઈ વાત છે ભાઈ! એ તો અનંતગણો પુરુષાર્ષ છે. અને એમાં સંયમની રમણતા પણ અનંતગુણા પુરુષાર્થની વાત છે. અનંતગુણનો દરિયો ભગવાન એમાં લીનતા. ..માં લીનતા ક્યાં છે? સમજાણું કાંઈ? આહા..હા..!

બેહદ ગુણની રાશિ એવો ભગવાન એની પ્રતીત અને એનો સંયમ બેહદ છે. એને વિઘ્નનું નિમિત્તપણું કર્મનું છે. નિમિત્તપણું. એથી એનાથી આ થયું નથી. અને એ મિથ્યાભ્રમણા અને અસંયમ એ નિમિત્તને લાવતું નથી, નિમિત્તને પહોંચતું નથી. પોતાના ભાવને પ્રાપ્ત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આવી એની વાત ઘરની ભગવાનની! અરે..! એની ઊંધાઈની વાતું શું કરવી? કહે છે કે શુદ્ધતા તો મહા બડો પણ એની અશુદ્ધતા પણ બડી છે. આહા..હા..! અનંત-અનંત ગુણની રાશિનો પ્રભુ ઢગલો આત્મા, અરે! એનો અનાદર કરવો એ પણ અશુદ્ધતામાં ઘણો પુરુષાર્થ ... વિપરીત પુરુષાર્થ, ઉલ્ટો પુરુષાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ એને સુલટો પડવામાં પણ અનંતો પુરુષાર્થ છે.

**'આત્માને પરદ્રવ્ય-પુદ્‌ગલકર્મના નિમિત્તથી...'** પોતાની નૈમિત્તિક પર્યાય. કોણ? સંસાર, સસંસાર, નિઃસંસાર. મિથ્યાત્વભાવ કે અવ્રતભાવ કે અસંયમભાવ એ સંસારદશા. નિઃસંસાર-સમ્યગ્દર્શનભાવ, સંયમભાવ, વીતરાગભાવ, અંતરના સ્વરૂપના ધ્યાનમાં, ધ્યાતાને ધ્યાનમાં લઈને સ્થિરતાનો ભાવ એ બધી નિઃસંસારદશા. એ નિઃસંસારદશા જીવનું કાર્ય. એમાં ભલે

પૂર્વના કર્મનો અભાવ આદિ નિમિત્ત હોય. અભાવની વાત છેને આમાં? સસંસાર અને અસંસારમાં નિમિત્ત અને નિમિત્તનો અભાવ. એમ. કર્મના અભાવની અસંસાર દશા પ્રગટ કરવામાં નિમિત્તનો અભાવ ભલે હો, પણ એ નિમિત્તના અભાવે મોક્ષમાર્ગ થયો નથી અને મોક્ષમાર્ગ એ નિમિત્તને પહોંચ્યો નથી. આહા..હા..! અરે! એના ઘરની વાતું બાપા ક્યાં છે? (પરમાં) માથા ફોડીને મરી ગયો એમને એમ. આહા..હા..! પૈસા, વિષય ને ભોગ, અમલદાર, મોટપ, પગાર, આ શેઠાઈ... મરી ગયો.

મુમુક્ષુ :- બધાય સુખના સાધન..

ઉત્તર :- બધા દુઃખરૂપ ભાવ. આહા..હા..! કહે છે પણ એ ભાવમાં નિમિત્તપણું ભલે કર્મનું હોય, પણ ભાવનો કર્તા તો તું છો હોં. અને તેનો અભાવ કરવામાં ધર્મની પર્યાય પ્રગટ કરવામાં કે કેવળજ્ઞાન પ્રગટ કરવામાં તારી દશાનો તું જ કર્તા છો. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ નહિ. ઓલા કહે છેને. કર્મક્ષયાત્ પ્રભુ! સાંભળ તો ખરો પ્રભુ! ભગવાન! તને તો એ સમજાવાની વાત કરી છે. આહા..હા..! કઈ નયનું વાક્ય છે (ઈ સમજવું જોઈએ). આહા..હા..!

ગતિ કરતા જીવ ગતિ કરે એના પરિણામને પ્રાપ્ત પોતે કરે છે. ભલે એ ગતિ થવામાં ધર્માસ્તિનું નિમિત્ત હો, પણ નિમિત્તથી અહીં ગતિ થઈ નથી અને એ નૈમિત્તિક ગતિની પર્યાય ધર્માસ્તિને પ્રાપ્ત થઈ નથી. અરે! કર્મનો અનુભાગ જીવને પ્રાપ્ત થતો નથી એમ કહે છે અહીં. કહે છેને ભાઈ કર્મનો અનુભાગ એટલે ફળ દેવાની શક્તિ, પણ ફળ કોને દે? એમ પૂછે છે. ફળ એને દે? આત્માને દે? એમ કહે છે. અનુભાગનો અર્થ ફળ દેવાની શક્તિ, કોને દે પણ? પોતે પોતાને દે? ભાઈ! તને ખબર નથી. અનુભાગ સત્તારૂપે પડ્યું હતું એ પાકરૂપે આવ્યું એનું નામ એને ફળ પોતાને આપ્યું. એ અનુભાગ કર્મનો પાક એ આત્મા ભોગવે એમ ત્રણ કાળમાં છે નહિ. આહા..હા..! આવી કર્મની પ્રકૃતિની વાતું બધી ... ..કત્તા કત્તા વિકત્તા. ૩૦માં અધ્યાયમાં શ્વેતાંબરમાં .. આવે છે. .. થાય. આત્મા કર્મનો કર્તા અને આત્મા કર્મનો ભોક્તા. એ નિમિત્તથી કથન છે. ભાવકર્મ અજ્ઞાન તેં કર્યા ત્યારે જડ કર્મ એને કારણે, જડને કારણે પરિણમ્યું. તારા પરિણામને કારણે ત્યાં કર્મપણે થયું એમ નથી. સમજાણું કાંઈ? એમ જીવે કર્મ બાંધ્યા અને જીવે કર્મને ભોગવવા એમ નથી. એ વ્યવહારના બધા (કથન છે). અહીં કહેશે હમણા વ્યવહાર. અજ્ઞાનીઓનો આવો વ્યવહાર માન્યતામાં છે. આહા..હા..! ઈ તો અજ્ઞાનમાં પ્રસિદ્ધ છે એને. આ તો પાગલ જગતથી જુદા પડે એને બેસે એવું છે. પાગલ લાગે હોં દુનિયાને તો. આ .. ભોગવવા બિચારા ગરીબ, નાણું મળતું નથી.

ઈંદિરા પાસે ગયા હતા કોઈ માણસ. એક વાત આવી હતી કે ભાઈ! આ અનાજ

મળતું નથી. અરે! આ ખાવને. કાજુ ને શું કહેવાય? અંગુર. ટોપલા આવે ઘરે. પણ રોટલા મળતા નથી ત્યાં અંગુર ક્યાંથી આવતા હતા અમારા ઘરે? રાજા પાસે ગયા એમ આવે છે કે સાહેબ! અનાજ મળતું નથી શું કરીએ? ખાજા ખાવને. પોતાને ઘરે ખાજા હોયને. આવા પણ મૂર્ખા છે બધા. એલા પણ રોટલા નથી મળતા ત્યાં ખાજા ક્યાંથી મળતા હતા એને? નવનીતભાઈ! ખાજા ખાવ.

મુમુક્ષુ :- એટલી ખબર નહિ પડતી હોય રાજાને?

ઉત્તર :- બધા રાજા એટલે.. મોટા અમલદાર હોય .. હોય. ત્યાં આપણે હતાને. નરસિંહદાસ. ભોપાલમાં ત્યાં ઉતર્યા હતાને. અમે ત્યાં ઉતર્યા હતા. ... વ્યાખ્યાનમાં .. કહો, એને ઘરે આવતા હતા ટોપલાના ટોપલા. શું કહેવાય? ... કાંટાવાળા અને અંદર મીઠા હોય. .. કહે છે? ટોપલાના ટોપલા આવે એને ત્યાં. ... પાકે ત્યાં. ... આ .. ખાવ આ. પણ ક્યાંથી લાવે? ભૂખ્યો રહે. સરખા મગના પાણી ન મળતા હોય એને કહે .. ખાવ. એ કાંટાવાળા ગોળ આવે છે. અંદર મીઠું હોય. ...

અહીં તો કહે છે કે તારી ભૂલમાં સંસારદશામાં અને તારા સ્વતંત્ર મોક્ષના માર્ગની પર્યાય અને મોક્ષમાં, પુદ્‌ગલકર્મનું સંસારદશામાં નિમિત્તપણું છે અને મોક્ષમાર્ગમાં એ નિમિત્તનો અભાવ છે. એ અપેક્ષાએ નિમિત્ત પણ છે અભાવરૂપ છે. અસંસાર-નિઃસંસાર અવસ્થા છે, અવસ્થા છે તારામાં તારી એમ કહે છે. ‘**તે અવસ્થારૂપ આત્મા પોતે જ પરિણમે છે.**’ એ કર્મનો પાક અનુભાગ આવ્યો માટે એને કર્મના.. જડની પર્યાય... અરૂપી આત્મા તો છે. આહા..હા..! શીરાને ખાય આત્મા? સ્ત્રીના શરીરને, માંસને, હાડકાને આત્મા ભોગવે? દાળ, ભાત અને મોસંબીના પાણી તૃષા લાગી હોય તો અનુભવે? એ તો બધું જડ છે. જીવની અરૂપી દશામાં એ જડના અનુભવ કેમ હોય? ફક્ત તને જે અંદર હરખ અને શોકના ભાવ થયા એ તારું ભાવ્ય અને ભાવક ઈ. પણ એ કર્મનો પાક અનુભાગ આવ્યો એ તારે ભોગવવો પડે, ભાવક તું અને ભાવ્ય એ, એમ વસ્તુમાં નથી ભાઈ! જે વસ્તુ તને અડતી નથી એનો ભોક્તા શી રીતે તું હોય? સમજાણું કાંઈ? હા, હરખ-શોકના ભોગવવાના કાળે બહાર ચીજનું નિમિત્તપણું કહો, પૂર્વના અનુભાગનું નિમિત્ત કહો, પણ નિમિત્તથી તે નિમિત્તનો ભોગવટો જીવને છે એમ નથી. આહા..હા..! અરે! આ ગળે કેમ ઉતરે? સમજાણું કાંઈ?

અહીં વીંછી કરડે અને અગ્નિ મૂકે આમ. તો એનો અનુભવ જીવને નથી એમ કહે છે. ફક્ત એ ક્ષણે એનું લક્ષ ત્યાં જાય છે અને પોતાના લક્ષને ચૂકે છે તેથી ત્યાં આકુળતા થાય છે અરૂપી તેને એ ભોગવે છે. આહા..હા..! માને છે કે હું આને ભોગવું છું. આહા..હા..! ભારે ભ્રમ ભાઈ! સમજાણું કાંઈ? એ તૃષા લાગી હોય અને મોસંબી આમ ઘટક-ઘટક ઉતારતો હોય. કહે છે કે એ મોસંબીને તું ભોગવતો જ નથી.

મુમુક્ષુ :- સારી લાવવી કે ખરાબ લાવવી?

ઉત્તર :- લાવે કોણ? ભોગવવાનો ભાવ મોસંબીને લાવી શકતો નથી. ભોગવવાનો ભાવ તને હરખ અને શોક થયો, અને હરખ અને શોક એ પ્રતિકૂળ ચીજને દૂર કરે અને અનુકૂળને લાવે એ એનામાં તાકાત નથી. આહા..હા..! કર્મવાળાને તો એવું લાગે આ. કર્મ બાંધ્યા એ ભોગવવા પડેને. અરે ભગવાન! ધીરો થાને. તારી દશામાં શું થયું તે કાળે? સમજાણું? તને જ્યાં રાગ ને દ્વેષ ને હરખ-શોક થયો એ તારી દશામાં થયો. એને એ કરે અને ભોગવે. પર ચીજને લાવે અને ભોગવે એ વસ્તુમાં ત્રણ કાળમાં નથી. ભ્રમણા થઈ છે તને. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તે અવસ્થારૂપ આત્મા પોતે જ પરિણમે છે.**' શું કહે છે? કે ભ્રમણા અને રાગ-દ્વેષની અવસ્થારૂપે જીવ પોતે પોતાથી થાય છે. અને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર અને કેવળજ્ઞાન એ પર્યાયપણે પણ આત્મા પોતે પોતાથી થાય છે. બીજી કોઈ ચીજની એમાં અસર અને સહાય છે એમ નથી. તેમ એ સહાયવાળી ચીજને તું મેળવી શકો છો (એમ નથી). ભાઈ! કેવળજ્ઞાન (માટે) વજ્રવૃષભનારાચ સંહનન... પરવસ્તુ મેળવી શકાય છે? નિમિત્તની પરચીજ સ્વતંત્ર છે. એને લાવી શકાય છે આત્માના પરિણામથી? એને કારણે આવે અને એને કારણે જાય. આહા..હા..!

'**તે અવસ્થારૂપ આત્મા પોતે જ પરિણમે છે.**' 'જ' પરિણમે છે. ભાઈ એ તો એકાંત થઈ જાય છે. ગોમ્મટસારની પ્રસ્તાવનામાં લખ્યું છે ભાઈએ ટોડરમલજીએ. કર્મ કરે નહિ પણ કરાવે ખરો. એ તો બોલવાની વાત છે. પોતે વિકાર કરે ત્યારે કર્મ નિમિત્ત છે. એટલે નિમિત્ત કરાવ્યું એમ લખ્યું. પ્રસ્તાવનામાં. એ બધી વાતું વ્યવહારની છે. આહા..હા..! તારા હોવાપણામાં, તું જ્યાં છો ત્યાં હોવાપણામાં વિકાર કે અવિકાર થાય એને કરે અને ભોગવે. જેના હોવાપણામાં પોતાનો પ્રવેશ નથી (તેને ભોગવે એમ કેમ બને?) લાડવા, દાળ, ભાત, શાક, મકાન, પૈસો, આબરૂ, કીર્તિ એ જડ વસ્તુના પ્રવેશમાં છો તું? તારો આત્મા ત્યાં પ્રવેશ કરે છે? આહા..હા..! જેમાં તારો પ્રવેશ નથી એને તું ભોગવ એમ કેમ બને? એમ કહે છે. સમજાણું કાંઈ?

'**તેથી તે પોતાનો જ કર્તા-ભોક્તા છે;...**' લ્યો! વિકારભાવ કર કે અવિકારી ધર્મ પર્યાય કર એનો કર્તા અને ભોક્તા તું તારા ભાવનો છે. '**પુદ્‌ગલકર્મનો કર્તા-ભોક્તા તો કદી નથી.**' આખો ભાવાર્થ ભરી દીધો આમાં. આહા..હા..! તું વ્યવહારે ભોગવાય છે... પણ વ્યવહાર નથી?

## ગાથા-૮૪

अथ व्यवहारं दर्शयति —

ववहारस्स दु आदा पोग्गलकम्मं करेदि णेयविहं।
तं चेव पुणो वेयइ पोग्गलकम्मं अणेयविहं।।८४।।
व्यवहारस्य त्वात्मा पुद्गलकर्म करोति नैकविधम्।
तच्चैव पुनर्वेदयते पुद्गलकर्मानेकविधम्।।८४।।

यथान्तर्व्याप्यव्यापकभावेन मृत्तिकया कलशे क्रियमाणे भाव्यभावकभावेन मृत्तिकयैवानुभूयमाने च बहिर्व्याप्यव्यापकभावेन कलशसम्भवानुकूलं व्यापारं कुर्वाणः कलशकृततोयोपयोगजां तृप्तिं भाव्यभावकभावेनानुभवंश्च कुलालः कलशं करोत्यनुभवति चेति लोकानामानादिरूढोऽस्ति तावद् व्यवहारः, तथान्तर्व्याप्यव्यापकभावेन पुद्गलद्रव्येण कर्मणि क्रियमाणे भाव्यभावकभावेन पुद्गलद्रव्येणैवानुभूयमाने च बहिर्व्याप्यव्यापकभावेनाज्ञानात्पुद्गलकर्मसम्भवानुकूलं परिणामं कुर्वाणः पुद्गलकर्मविपाकसम्पादितविषयसन्निधिप्रधावितां सुखदुःखपरिणतिं भाव्यभावकभावेनानुभवंश्च जीवः पुद्गलकर्म करोत्यनुभवति चेत्यज्ञानिनामासंसारप्रसिद्धोऽस्ति तावद् व्यवहारः।

---

હવે વ્યવહાર દર્શાવે છે :-

આત્મા કરે વિધવિધ પુદ્‌ગલકર્મ-મત વ્યવહારનું,
વળી તે જ પુદ્‌ગલકર્મ આત્મા ભોગવે વિધવિધનું. ૮૪.

ગાથાર્થઃ- [व्यवहारस्य तु] વ્યવહારનયનો એ મત છે કે [आत्मा] આત્મા [नैकविद्यम्] અનેક પ્રકારના [पुद्गलकर्म] પુદ્‌ગલકર્મને [करोति] કરે છે [पुनः च] અને વળી [तद् एम] તે જ [अनेकविद्यम्] અનેક પ્રકારના [पुद्गलकर्म] પુદ્‌ગલકર્મને [वेदयते] તે ભોગવે છે.

ટીકા :- જેમ, અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી માટી ઘડાને કરે છે અને ભાવ્યભાવકભાવથી માટી જ ઘડાને ભોગવે છે તોપણ, બહારમાં, વ્યાપ્યવ્યાપકભાવથી ઘડાના *સંભવને

---

* સંભવ = થવું તે; ઉત્પત્તિ.

અનુકૂળ એવા (ઈચ્છારૂપ અને હસ્તાદિકની ક્રિયારૂપ પોતાના) વ્યાપારને કરતો અને ઘડા વડે કરેલો પાણીનો જે ઉપયોગ તેનાથી ઊપજેલી તૃપ્તિને (પોતાના તૃપ્તિભાવને) ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો એવો કુંભાર ઘડાને કરે છે અને ભોગવે છે એવો લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે; તેવી રીતે, અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્ગલદ્રવ્ય કર્મને કરે છે અને ભાવ્યભાવકભાવથી પુદ્ગલદ્રવ્ય જ કર્મને ભોગવે છે તોપણ, બહારમાં, વ્યાપ્યવ્યાપકભાવથી અજ્ઞાનને લીધે પુદ્ગલકર્મના સંભવને અનુકૂળ એવા (પોતાના રાગાદિક) પરિણામને કરતો અને પુદ્ગલકર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી વિષયોની જે નિકટતા તેનાથી ઊપજેલી (પોતાની) સુખદુઃખરૂપ પરિણતિને ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો એવો જીવ પુદ્ગલકર્મને કરે છે અને ભોગવે છે એવો અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે.

ભાવાર્થ :- પુદ્ગલકર્મને પરમાર્થે પુદ્ગલદ્રવ્ય જ કરે છે; જીવ તો પુદ્ગલકર્મની ઉત્પત્તિને અનુકૂળ એવા પોતાના રાગાદિક પરિણામોને કરે છે. વળી પુદ્ગલદ્રવ્ય જ પુદ્ગલકર્મને ભોગવે છે; જીવ તો પુદ્ગલકર્મના નિમિત્તથી થતા પોતાના રાગાદિક પરિણામોને ભોગવે છે. પરંતુ જીવ અને પુદ્ગલનો આવો નિમિત્તનૈમિત્તિકભાવ દેખીને અજ્ઞાનીને એવો ભ્રમ છે કે પુદ્ગલકર્મને જીવ કરે છે અને ભોગવે છે. આવો અનાદિ અજ્ઞાનને લીધે અનાદિ કાળથી પ્રસિદ્ધ વ્યવહાર છે.

પરમાર્થે જીવ-પુદ્ગલની પ્રવૃત્તિ ભિન્ન હોવા છતાં, જ્યાં સુધી ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી બહારથી તેમની પ્રવૃત્તિ એક જેવી દેખાય છે. અજ્ઞાનીને જીવ-પુદ્ગલનું ભેદજ્ઞાન નહિ હોવાથી ઉપલક દૃષ્ટિએ જેવું દેખાય તેવું તે માની લે છે; તેથી તે એમ માને છે કે જીવ પુદ્ગલકર્મને કરે છે અને ભોગવે છે. શ્રી ગુરુ ભેદજ્ઞાન કરાવી, પરમાર્થ જીવનું સ્વરૂપ બતાવીને, અજ્ઞાનીના એ પ્રતિભાસને વ્યવહાર કહે છે.

## ગાથા-૮૪ ઉપર પ્રવચન

૮૪. હવે અજ્ઞાનીઓ માને છે શું? એ દર્શાવે છે.

ववहारस्स दु आदा पोग्गलकम्मं करेदि णेयविहं।
तं चेव पुणो वेयइ पोग्गलकम्मं अणेयविहं।।८४।।

.. આવે છેને પાછળ? એમ કે કરે છે પણ તન્મય થતો નથી. કરે છે શું? અરે ભગવાન!

મુમુક્ષુ :- ચર્ચામાં લખ્યું છે.

ઉત્તર :- છેને પણ ચર્ચામાં લખ્યું છે અને પાઠમાં પણ છે.

મુમુક્ષુ :- એનો આધાર લઈને.

ઉત્તર :- આધાર લઈને. સોની સોનાના દાગીના કરે ખરા, પણ સોની એ દાગીનામાં તન્મય ન થાય. પણ કરે તો તન્મય થાય તો જ કરે. કરે એ તો નિમિત્તપણાનું કથન છે. અમરચંદભાઈ! આવે છેને? સોનીનું આવે છે. કારીગર, કારીગરની કારીગીરી કરે પરદ્રવ્યની, પણ એમાં તન્મય ન થાય. એટલે શું પણ એનો અર્થ?

મુમુક્ષુ :- કરે છે એમ કહેવાય છે.

ઉત્તર :- કહેવાય છે અજ્ઞાનીની ભાષાએ. અહીં મૂકશેને, એવી ભાષાથી બોલાય છે કે આ કરે છે સોની. સમજાણું કાંઈ? પણ તન્મય ન થાય. પણ એનો અર્થ શું? એ કરતો જ નથી એને. અજ્ઞાની માને છે કે કારીગરે સોનાનો દાગીનો બનાવ્યો, કુંભારે ઘડો કર્યો. આ બાયું ભરે છેને ભરત આદિ બધા? આ શું કહેવાય લટકે ઈ? તોરણ. મોતી ગોઠવે જ્યાં હોય ત્યાં, ઘોડા છાપે ને આ ને તે. એ જ્યાં જોવે ત્યાં .. કરે છે, પણ તન્મય ન થાય. એના આત્માના પરિણામ ત્યાં ગરી ન જાય. પણ એના આત્માના પરિણામે કર્યું જ નથી. જો કરે તો તો તન્મય થઈ જાય અને તન્મય કોઈ દિ' થાય નહિ. આહા..હા..! ભારે કામ ભાઈ!

મુમુક્ષુ : અનાસક્તિએ.

ઉત્તર :- ધૂળેય અનાસક્તિ નથી. કરવું માને અને વળી અનાસક્તિ ક્યાંથી આવી? હું કરી શકું છું, દેશનું હું કરી શકું, કુટુંબનું કરી શકું લ્યો! હજાર-હજાર માણસને અમે અનાજ આપીએ છીએ, નભાવીએ છીએ. ... હોયને બધા પૈસાવાળા. અમે નભાવીએ છીએ બધાને. અમારા પોતાના માટે આ ધંધો કરીએ છીએ? પણ જગતના માણસોને નભાવવા માટે ધંધો કરીએ છીએ. મૂર્ખ છે મોટો.

મુમુક્ષુ :- .. ભગવાનને નભાવે છે, ઓલી બાજુ કહે પોતાને નભાવે.

ઉત્તર :- કાંઈ ઠેકાણા ન મળે. કહે છે,..

**આત્મા કરે વિધવિધ પુદ્‌ગલકર્મ-મત વ્યવહારનું,**
**વળી તે જ પુદ્‌ગલકર્મ આત્મા ભોગવે વિધવિધનું. ૮૪.**

પણ વ્યવહારનો મત તો ખરો કે નહિ? એ ખોટા અજ્ઞાનીના વ્યવહારની વાતું છે આ.

'ટીકા :- **જેમ, અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી માટી ઘડાને કરે છે...**' એટલે શું કહ્યું? કે માટી પોતે વ્યાપક થઈને ઘડાની અવસ્થાને વ્યાપ્યરૂપે કરે છે. જેમ અંદરમાં વ્યાપ્ય એટલે અવસ્થા ઘડાની, વ્યાપક એટલે માટી. છેને? ભલે એમાં માટી પહેલી છે અને ઘડો પછી છે, પણ માટી વ્યાપક છે અને ઘડો એ વ્યાપ્ય છે. એ માટી ઘડાને કરે છે. એ

માટી વ્યાપક પ્રસરીને વિસ્તરીને ઘડારૂપી પર્યાય માટી કરે છે, કુંભાર નહિ.

મુમુક્ષુ :- ઈ વાતમાં જ વાંધા છે.

ઉત્તર :- હા, એમાં પણ વાંધા બધા. કર્તા તો પ્રતિભાસતો નથી એમ આવતું નથી? ૩૭૨ ગાથા. નહિ? કુંભાર કરતો તો પ્રતિભાસતો તો નથી. એમ આવે છે આપણે. ૩૭૨. આહા..હા..! કોણ જાણે ક્યાં ... ભ્રમમાં પડ્યો છે ભ્રમમાં. સાધુ એક કહેતો હતો નામધારી કે આ પીંછી એની મેળાએ ઊંચી થાતી હશે? આપણે હાથે ઊંચી કરીએ તો ઊંચી થાય. એમ ભાઈ પણ કહેતા હતા. લીંબડીવાળા શું કહેવાય? ચંદ્રશેખર તો ખરો પણ આ તો.. ચીમનલાલ. ચીમનલાલ ચકુ. ૮૭માં કહેતો હતો. લ્યો આ હાથ ઊંચો કર્યો. નથી થાતું? ભાઈ! તને .. કે ભૂખ લાગી છે અને માંસ ખાધું અને ભૂખ મટી. હવે પ્રત્યક્ષ દેખાય છે કે માંસ ખાધું ને ભૂખ મટી અને તમે કહો કે માંસ ખાય એમાં પાપ છે. ભાઈ! એની ત્રિરાશિ જુદી જાતની છે. સમજાણું કાંઈ? આત્માની પર્યાયે અંદર શું કર્યું એ તને ખબર છે? એ આત્માની તને ખબર છે કે મેં આ કર્યું? આત્મા દ્રવ્ય, ગુણ અને પર્યાયવાળો. એ પર્યાયે આમાં શું કર્યું? એ તને ખબર છે? ખબર વિના કહે કે આત્માએ હાથ ઊંચો કર્યો. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ભ્રમણા અનાદિની છે જગતને. કેટલાક નવરા છેને બધાય, કરો ધર્મમાં માથાકૂટ. અમે બધા કામગરા છીએ. નવરા ક્યાં છીએ? ઠીક! લ્યો વળી એક જણો એમ કહે. કોણ? તમે ધર્મમાં સાચા-ખોટાનો નિર્ણય કરો તમારી મેળાએ, બાકી અમે તો અમારું કામ કરીએ. નાથાલાલ. અહીં આવ્યા હતા. ... એમ કહે કે તમે બધા, આ સાચું છે અને આ ખોટું છે એના કરો ઝઘડા. અમે તો દુનિયાનું સારું કરવાના કામ કરીએ છીએ. .. એમ કહેતો હતો. એય..! ધીરૂભાઈ! નાથાલાલ આવ્યા હતા. આહા..હા..! કંઈક મળ્યા. કંઈક ... હોં. આ શું કહે છે?

અહીં તો કહે છે, છે અંદરમાં? '**વ્યાપ્યવ્યાપકભાવથી માટી ઘડાને કરે છે અને ભાવ્યભાવકભાવથી માટી ઘડાને ભોગવે છે...**' માટી ઘડાને ભોગવે. ઉત્પન્ન પણ એ કરે અને વ્યય પણ એનાથી થાય. આહા..હા..! વળી માટી ઘડાને ભોગવે? કે માણસ પાણીને ભોગવે એમાં ભરેલું પાણી હોય તો? આવું હોવા છતાં '**તોપણ, બહારમાં, વ્યાપ્યવ્યાપકભાવથી...**' એટલે કરનાર માટીની સાથે વ્યાપ્યવ્યાપક વ્યવહારે છે કુંભાર એમ નથી. '**બહારમાં વ્યાપ્યવ્યાપકભાવથી...**' એની પર્યાયની વ્યાપ્ય અને એનો આત્મા એનો વ્યાપક. એનામાંથી '**ઘડાના સંભવને અનુકૂળ...**' ઘડો થાય એની ઉત્પત્તિમાં એનું નિમિત્ત '**સંભવને અનુકૂળ એવા (ઈચ્છારૂપ અને હસ્તાદિકની ક્રિયારૂપ પોતાના) વ્યાપારને કરતો...**' એ (વ્યાપાર) કર્યો એણે. કુંભારે ઈચ્છા કરી, હાથ હલાવ્યો. અત્યારે એને ... લેવું છેને. આહા..હા..! '**ઘડાના સંભવને...**' ઘડાની ઉત્પત્તિને, સંભવને અનુકૂળ એ નિમિત્ત.

કુંભાર અનુકૂળ નિમિત્ત. એ '**(ઇચ્છારૂપ અને હસ્તાદિકની ક્રિયારૂપ પોતાના)** વ્યાપારને **કરતો અને ઘડા વડે કરેલો પાણીનો જે ઉપયોગ...**' આહા..હા..! '**તેનાથી ઊપજેલી તૃપ્તિને...**' એને ભોગવતો.

'**ભાવ્યભાવકભાવ વડે અનુભવતો...**' એટલે કે જાણે એ પર્યાય ભાવ્યને હું ભોગવું છું એમ એ માને છે. ઘડાનું ભાવ્ય ઘડામાં અને ભાવક ઘડો એ માટી. આહા..હા..! એને ઠેકાણે એના ઘડા ભર્યા હોય તો પાણી પીએ ભાઈ. એના વિના પાણી શી રીતે લાવવું? તાવડી વિના રોટલી શી રીતે થાય? રોટલો હોય બાજરાનો. (ટીપતા) ન આવડે તો આમ વણીને કરે બાજરાનો. આવડે એ વળી આમ-આમ કરે. ગોળ કરવો હોયને. સરખો થાય ત્યારેને. એ કહે છે એ થવાની ક્રિયામાં આનો રાગ અનુકૂળ ખરો, પણ એ ક્રિયાને કરે રાગ એમ બનતું નથી. આહા..હા..! અને એ રોટલાને જીવ ભોગવે વ્યવહારથી, બહારના વ્યવહારથી ભોગવે એમ પણ નથી. ઈ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ઘડા વડે કરેલો પાણીનો જે ઉપયોગ તેનાથી ઊપજેલી તૃપ્તિને ભાવ્યભાવકભાવ વડે અનુભવતો...**' રાગને ભાવ્યભાવક વડે અનુભવતો, પણ પરનો ભાવ્યભાવક એની સાથે છે એમ કદી નથી. વ્યવહારે ભાવ્યભાવક પરનો અને વ્યવહારે વ્યાપ્યવ્યાપક પરનું એમ ન હોય. આહા..હા..! સમજાણું કાંઈ? આ ગાથાના અર્થમાં પણ વાંધા. ૮૦, ૮૧, ૮૨ના પણ વાંધા. એમ કે બહારમાં વ્યાપ્યવ્યાપક છે જુઓ કુંભાર. એમ નથી. વ્યાપ્યવ્યાપક તો એના ભાવમાં એ છે. એમ કે પાણી પીવે છે એમાં ભાવ્યભાવકપણું તો છેને? ના, ના. ભાવ્યભાવક તો પાણીનું પાણીમાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! પાણી ભાવ્ય અને પાણીના પરમાણુ એના ભોક્તા. આત્મા ભાવ્યભાવક વ્યવહારે પણ નહિ. પણ બાહ્યમાં એ માને કે હું આને ભોગવું છું અને હું આને કરું છું. ઘડો કરું છું અને પાણી ઘડા દ્વારા બાહ્ય વ્યાપ્યવ્યાપક વ્યવહારથી તો ભોગવું છું. આહા..હા..!

'**એવો કુંભાર ઘડાને કરે છે અને ભોગવે છે એવો લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે;...**' એમ કહે છે. આહા..હા..! અજ્ઞાનીની એવી માન્યતા છે. બહારથી વ્યાપ્યવ્યાપકપણું એમાં થાય અને બહારથી ભાવ્યભાવક એ ચીજ થાય એમ નથી. અજ્ઞાનીનો એમ વ્યવહાર માન્યતા છે કે આ ઘડાને હું કરું છું કુંભાર અને પાણી હું પીઉં છું એવી માન્યતા અજ્ઞાનીને છે. સમજાણું કાંઈ? અનાદિના સંસ્કાર છે. ચાલ્યું જ આવે છે નિગોદથી માંડીને. ભારે ઝીણું ભાઈ! ઈ કરતા તો રોગ મટાડી દે અને પૈસા આપી દે.. એને ભગવાન માને જાઓ. એય..! આહા..હા..! અરે..! રોગ તો તારો મિથ્યાત્વ. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ' સાંભળને. શરીરના રોગ તો હોય ને આવે ને જાય, પણ મોટી ભ્રમણાનો રોગ ગરી ગયો છે અંદરથી. ઓગળી ગયો એમાં આત્મા. આહા..હા..! જેવો છે એવો એની માન્યતામાં

રહ્યો નહિ. રહ્યો નહિ એટલે નથી એને માટે તો. આહા..હા..! કહે છે કે **'કુંભાર ઘડાને કરે છે...'** અને પાણી વડે કુંભાર તૃપ્તિ પામે એવો જે વ્યવહાર એવો લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે. એ વાત સાચી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... એ તો ... આપણે તો વાતું ઘણી કરીએ છીએ. ભાવાર્થમાં ભર્યું છે બધું. ભાવાર્થમાં આવી ગયું બધું, ટીકામાં આવી ગયું. એમ કાંઈ ... પાંચ-સાત મિનિટ છે આને. પોણો કલાક તો એ ચાલ્યું. આ તો સાધારણ વાત છેને. આમાં તો ખોટી વાત છેને. ખોટી વાતમાં એને ઘડો કરું છું એવો ભ્રમ થઈ ગયો છે કુંભારને. હું વ્યાપ્યવ્યાપક તો છુંને વ્યવહારે બહાર? બહાર ઉભો છું એટલી તો અવસ્થાને હું કરુંને? ધૂળેય કરે નહિ સાંભળને. ઘડાની અવસ્થાનું વ્યાપ્ય અને માટી વ્યાપક એમાં છે. પણ બહારથી ઉભો તું એમ માને કે હું આનું વ્યાપ્ય છું કે હું વ્યાપક છું એમ છે નહિ.

મુમુક્ષુ :- પાણી કામમાં આવે.

ઉત્તર :- પાણીનો ઉપયોગ કોણ કરે? પાણીનો ઉપયોગ પાણી કરે. રોટલા દાળ, ભાત તો ખાધા મેં. વ્યવહારે તો ખાધા. એ અજ્ઞાની માને છે એમ કહે છે. રોટલા રોટલાને ખાય, શીરો શીરાને ખાય. આત્મા ખાય એને? આહા..હા..! ભારે વાત ભાઈ! દુનિયાથી આખી દુનિયાથી ઊંધુ છે. આહા..હા..!

**'ભાવ્યભાવક વડે અનુભવતો-ભોગવતો એવો કુંભાર...'** રાગને કરે છે. બાહ્યથી તો કરે છે? એમ નથી કહે છે. એ માને છે. **'એવો લોકોનો અનાદિથી...'** દ્રઢ થઈ ગયેલો **'રૂઢ વ્યવહાર છે;...'** કુંભાર હોય તો ઘડો થાય, બાયું હોય તો એ ભરત સારા ભરે અને ઘરમાં પણ કામકાજ પણ ઉકેલવાળો હોય એ સારા ઉકેલે. હોંશિયાર હોય ઘરનો માણસ લ્યો. વાળી-જોડીને સાફ રાખે... હવે તો ચાકળા ક્યાં રહ્યા? હવે તો બીજી શું કહેવાય ઈ? ઘરવખરો. મૃગના શીંગડા ને ઢીંકણાના શીંગડા, એવા ફર્નિચર. પહેલા તો લૂગડા ... હરણના અને સિંહના ચામડા હોય એને લટકાવે. કહે છે કે એની શોભા અમે ભોગવીએ છીએ એ વાત તદ્દન જૂઠી છે. એની અવસ્થાનું ભોગવવું એને છે. એને ઠેકાણે હું ભોગવું છું એ અજ્ઞાનીનો રૂઢ વ્યવહાર છે. આહા..હા..! ઈશ્વરે પૈસા દીધા તો આપણે વાપરીએ, ભોગવીએ વળી એમ કહે. ઓલા ગીરધરભાઈ હતાને? લીંબડી. અહીં આવ્યા હતાને. આવતા. ઈશ્વરે દીધું છે તો વાપરીએ છીએ. એને કાંઈ ખબર ન મળે. જૈન શું કહે છે અને જૈન શું, કાંઈ ખબર નહિ અને અગ્રેસર કહેવાય બધા. આહા..હા..! એ પુદ્ગલને કરે અને ભોગવે એ અનાદિનો અજ્ઞાનીનો વ્યવહાર છે. એ રીતે હવે સિદ્ધાંત ઉતારશે. આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ-૧૩, શુક્રવાર, તા. ૨૦-૧૦-૧૯૭૨
## ગાથા-૮૪, પ્રવચન-૧૯૭

૮૪ ગાથા. એક ભાગ આવી ગયો દૃષ્ટાંતનો. દૃષ્ટાંતમાં શું ભાગ આવ્યો? કે માટી જે છે એ પોતે ઘડામાં વ્યાપીને ઘડાની પર્યાયને માટી કરે છે. અને જડ કર્મ જ એના ઉદયને ભોગવે છે. છેને? **'ભાવ્યભાવકભાવથી માટી જ ઘડાને ભોગવે છે...'** પોતે ઘડાના ભાવ્યભાવકથી માટી જ ઘડાને ભોગવે છે, કુંભાર નહિ. કુંભાર એનો કર્તા પણ નહિ અને કુંભાર એનો ભોક્તા પણ નહિ. આહા..હા..! **'તોપણ, બહારમાં. વ્યાપ્યવ્યાપકભાવથી...'** વ્યાપ્યવ્યાપક તો અંદર માટીનું છે, પણ બહારમાં ઓલો કુંભાર ઊભો હતો એ **'ઘડાના સંભવને અનુકૂળ...'** નિમિત્ત છેને ...? **'એવા વ્યાપારને કરતો અને ઘડા વડે કરેલા પાણીનો જે ઉપયોગ તેનાથી ઊપજેલી તૃપ્તિને...'** એને ભોગવે છે. **'ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો એવો કુંભાર ઘડાને કરે છે અને ભોગવે છે...'** એવું લોકોનું (માનવું છે). આહા..હા..! ઈ ઘડો છે એ તો વ્યાપ્યવ્યાપકના કર્તાનું કામ તો માટીનું છે અને એમાં પાણી લાવે અને એ ભોગવાય એ તો જડ એને ભોગવે છે. પણ એમાં કુંભારનું નિમિત્ત હોવાથી પોતાના પરિણામમાં એ નિમિત્ત છે એમ દેખીને કુંભાર એમ માને કે હું આ વ્યાપ્યવ્યાપક જે માટીનું થાય તેનો હું કર્તા છું અને પાણી આદિ ઘડામાં આવે અને ઘડામાં વપરાય એને હું ભોગવું છું એમ નિમિત્તવાળો એમ માને છે. કહો, સમજાણું કાંઈ?

જુઓ, આ શરીર છે. આ શરીર છે એની આ પર્યાય આમ થાય છે એનું વ્યાપ્ય એની અવસ્થા અને વ્યાપક એ પરમાણુ છે. અને આ શરીરમાં પર્યાયનું ભોગવવું થાય એનો અનુભવ પર્યાયને ભોગવવું છે જડનું હોં જડને, એનું ભાવ્યભાવક આમાં થાય છે. છતાં જોડે રહેલો જીવ એમાં નિમિત્ત છે અથવા એના પરિણામમાં આ નિમિત્ત છે. એથી એને એમ થઈ જાય છે કે આ દેહની અવસ્થાને હું કરું છું અને દેહની અવસ્થાને હું ભોગવું છું. આહા..હા..! એ મિથ્યા ભ્રમ અજ્ઞાનીનો છે. સમજાય છે કાંઈ?

આ શરીર માટી છે એમાં એનું વ્યાપ્યવ્યાપકપણું એમાં છે. વ્યાપ્યવ્યાપક એટલે કર્તાકર્મપણું એનું એનામાં છે. ભાવ્યભાવક એટલે? ભોગ્ય અને ભોક્તાપણું એનું એનામાં છે. છતાં જોડે રહેલો જીવ એના પરિણામમાં એ નિમિત્ત છે એથી એને એમ થઈ ગયું કે મારા પરિણામ આને હલાવે અને આ કામ કરે છે. છે એનું વ્યાપ્યવ્યાપક જડનું. પણ અજ્ઞાનીને ઓલા પરિણામમાં નિમિત્ત છે અથવા એ પરિણામને આ નિમિત્ત છે તેથી એમ માને છે કે હું

આને કરું છું. આહા..હા..! એમ આ શરીરને ભોગવે છે. સમજાણું કાંઈ? વિષય આદિ સેવન, દાળ, ભાત આદિનું સેવન, છે એ જડની પર્યાય. જડને ભોગવે અને જડ એનો ભાવક છે. પણ જોડે રહેલો જીવ નિમિત્ત છે ઓલા પરિણામનો એથી એમ માને છે કે હું આ શરીરને ભોગવું છું. એ મૂઢનો વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આખી દુનિયાથી ઊંધુ છે.

ઉત્તર :- આખી દુનિયા ઊંધી છે. આહા..હા..!

તત્ત્વો જુદા છેને. આ તત્ત્વ જુદું, ભગવાન આત્મા જુદો. એ જુદાનું વ્યાપ્યવ્યાપકપણું એમાં એનું છે અને ભોગ્યભોક્તાપણું પણ જડનું જડમાં છે. સમજાણું કાંઈ? પણ એના પરિણામને, અનુકૂળ પરિણામ છેને આના? એથી એને અજ્ઞાનીને એમ ભાસે છે કે આ જડની અવસ્થાને હું કરું છું અને જડનો ભાવ્યભાવક જડનો હોવા છતાં અજ્ઞાની કહે હું એને ભોગવું છું. એવું નિમિત્ત દેખીને એમ માને છે.

**'એવો લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે;...'** આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એક છોકરો છે નાનું બાળક એનો બાપ એને બચકું ભરે છે. તો ખરેખર એના શરીરની જે પર્યાય છે છોકરાની, એની પર્યાય વ્યાપ્ય અને એનો એ પરમાણુ વ્યાપક એમાં છે. એમાં ઓલાનું નિમિત્ત છેને પરિણામનું કે મેં બચકું ભર્યું, એ ક્રિયા આની થઈ એ વ્યાપ્યવ્યાપક પુદ્ગલની છે આમાં, છતાં એનામાં પરિણામનું નિમિત્ત એને છે એથી એમ માને છે કે મેં આને બચકું ભર્યું, મેં હોઠ હલાવ્યા. સમજાણું કાંઈ? આ તો દૃષ્ટાંતની વાત છે ત્યાં તો. સિદ્ધાંત તો હવે આવશે. સમજાણું કાંઈ? વાસણો, લૂગડા, મકાન, પૈસા, આબરૂ એ બધી ચીજો એના પરમાણુની પર્યાય એની, પરમાણુ એનું વ્યાપ્યવ્યાપક. એ વખતે ઉભેલો જીવ એને નિમિત્ત દેખીને પરિણામને અનુકૂળ નિમિત્ત છે, એથી એને એમ થાય છે કે હું આ વાસણને કરું છું, લૂગડાને પહેરું છું, દાગીના પહેરું છું એમ પરનો કર્તા અજ્ઞાની અનાદિથી માને છે. એમ પરનું ભોગવવું અને ભાવ્યભાવક તો પરનું પરમાં છે. વાસણનું, લાડવાનું, કપડાનું, શરીરનું, દાળ, ભાતનું, મોસંબીનું. એ દાળ, ભાત, રોટલા એનું ભાવ્યભાવક દાળ, ભાત, રોટલામાં છે.

મુમુક્ષુ :- રોટલા રોટલા ખાતા હશે?

ઉત્તર :- રોટલા રોટલાની પર્યાયને ભોગવે છે. દાળ-ભાતની પર્યાયને દાળ-ભાતના રજકણો ભોગવે છે. પાણી પીવે છે એમાં એ પાણીની પર્યાયને પાણી ભોગવે છે, જીવ નહિ. વસ્તુની ખબર નથીને એટલે એને ભ્રમ થઈ જાય છે. સુંદર શરીર હોય એટલે એને હું ભોગવું છું. ફક્ત સુંદર શરીરના ભાવ્યભાવકને, વ્યાપ્યવ્યાપક તો એનામાં છે. પણ એમાં અનુકૂળ અહીં નિમિત્તના પરિણામ દેખીને આને હું કરું છું અને આને હું ભોગવું છું એવો લોકોનો અનાદિનો

રૂઢ, મૂઢ વ્યવહાર છે.

મુમુક્ષુ :- રૂઢ કીધો, પણ મૂઢ કેમ?

ઉત્તર :- મૂઢ છેને. અજ્ઞાની છેને. કીધુંને. અનાદિથી એ રૂઢ વ્યવહાર એટલે અજ્ઞાનીનો વ્યવહાર છે એનો અર્થ. માને છે. દૃષ્ટાંત છેને. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો વસ્તુની દૃષ્ટિનો વિષય છે. અહીં તો છે હજી અજ્ઞાનપણે કે જ્ઞાનપણે બેય વાત છે. અજ્ઞાનપણે એ વસ્તુ એમાં થતી વ્યાપ્યવ્યાપકની દશા જડમાં હોવા છતાં એને અનુકૂળ પોતાના પરિણામ છે નિમિત્તરૂપે. ઉપાદાન તો એનું છે. પણ અનુકૂળ પરિણામ દેખીને એને હું કરું છું એવો ભ્રમ રૂઢ અનાદિનો વ્યવહાર છે. અને એ પાણી, દાળ, ભાત, સ્ત્રીના શરીર, સ્ત્રીને પતિનું શરીર વગેરે એના શરીરની પર્યાયનું ભાવ્યભાવક તો શરીરમાં છે. સમજાણું કાંઈ? પણ એના ભાવ્યભાવકની પર્યાયના કાળમાં આના પરિણામ નિમિત્તરૂપે અનુકૂળ છે એથી એને અજ્ઞાનીને ભાસે છે કે આ શરીરના કામ અને આ ચાલે એને હું કરું છું, એની ક્રિયાને હું ભોગવું છું. એવો અનાદિ રૂઢ વ્યવહાર છે અજ્ઞાનીનો. લૌકિક (વ્યવહાર છે). આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ગીરધરભાઈ! આવું તો ક્યાંય સાંભળ્યું નહિ હોય. કહો, આ છોકરા સારા થાય, ધંધો કરે અને એ જડની પર્યાયનો કર્તા માને. કહે છે કે એ જડની પર્યાયનું વ્યાપ્યવ્યાપકણું જડમાં છે. છતાં એના પરિણામને નિમિત્તરૂપે અહીંયાં અનુકૂળ છે એથી એમ માને કે હું આને કરું છું. રૂઢ અજ્ઞાનીનો વ્યવહાર છે મૂઢનો. આહા..હા..! કેમ હશે આ? આવ્યો હતોને તમારો ગયો? છે? તેડવા આવ્યો છે? કાલે વિનંતી કરવા આવ્યા હતા. મેં કીધું, આજે જાશે શી રીતે? કહો, સમજ્યા? આ તો વિચાર આવ્યો. .. આવ્યા હતાને. કાલે વિનંતી કરતા હતા. વિનંતી કરવા આવ્યા અને પછી વયા જાશે? આહા..હા..!

જગતની ચીજ તો જુઓ, ઓહો..હો..! આ શરીરના રજકણે રજકણ અસ્તિરૂપે જડરૂપે, હોવાની મોજૂદગી રૂપે છે. અને એ જડની અવસ્થાઓ થાય નવી, નવી એ અવસ્થાનું વ્યાપ્ય એટલે અવસ્થા એનો કર્તા વ્યાપક એ રજકણો છે. એ વ્યાપ્યવ્યાપક એમાં દેખીને એને અનુકૂળ આના પરિણામ છે જીવના જરી એથી જીવ એમ માને કે હું આનો કર્તા છું અને શરીરમાં આમ ભોગવવાની, ઇન્દ્રિયોના પરમાણુ આદિ એમાં અનેક પ્રકારની ક્રિયાઓ ઘસવાની થાય એનું ભાવ્યભાવક તો જડનું જડમાં છે. આહા..હા..! પણ એ કાળે આના પરિણામ જરી ભોગવવાના છેને પોતાના પરિણામ, એ એને નિમિત્ત તરીકે છે એટલે એમ માને છે કે હું આને ભોગવું છું. કહો, સમજાણું કાંઈ?

'**તેવી રીતે,...**' હવે અંદરમાં આવ્યું. ઓલી બહારની વાત હતી દાખલા તરીકે. આહા..હા..! ભારે આકરું કામ. '**અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્ગલદ્રવ્ય કર્મને કરે છે...**' આ કર્મ છેને અંદર જડ? એની કર્મની પર્યાયને, અવસ્થાને કર્મ કરે છે. કારણ કે એના કાર્ય

વિનાનો પરમાણુ હોઈ શકે નહિ. એ કર્મરૂપી અવસ્થા થાય એ વ્યાપ્ય છે અને એનું વ્યાપક એ પરમાણુઓ કાયમ રહેનારા એ રૂપે એ પરિણમ્યા છે એટલે એનું વ્યાપક છે.

'**અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલદ્રવ્ય કર્મને કરે છે અને ભાવ્યભાવકભાવથી પુદ્‌ગલદ્રવ્ય જ કર્મને ભોગવે છે...**' આહા..હા..! પણ જડની અવસ્થા ભિન્ન, આત્મા ભિન્ન. એ કોને ભોગવે? આહા..હા..! એની એને ખબર ન મળે. સમજાણું કાંઈ? તત્ત્વનો ખીચડો કરે છે એમ એક જણો કહેતો હતો. શરીર આદિ, કર્મ આદિ જે પરિણામ છે એનો કર્તા ઈ છે અને ભાવ્યભાવકથી પુદ્‌ગલદ્રવ્ય કર્મને ભોગવે છે. એ કર્મનો ઉદય આવીને ક્ષય થઈ જાય છે, નાશ થઈ જાય છે એ કર્મમાં થાય છે. આત્મામાં થાય છે અને આત્માને લઈને થાય છે એમ છે નહિ. ભારે વાત ભાઈ!

'**તોપણ, બહારમાં,...**' એટલે કે જીવ જે બહાર છે ઈ વ્યાપ્યવ્યાપક અને ભાવ્યભાવકથી બહારમાં છે. '**વ્યાપ્યવ્યાપકભાવથી...**' પરમાં. એવા '**વ્યાપ્યવ્યાપકભાવથી અજ્ઞાનને લીધે પુદ્‌ગલકર્મના સંભવને...**' એ જડ બંધાય એને નિમિત્ત અનુકૂળ છે એના પરિણામ. '**અનુકૂળ એવા પોતાના પરિણામને કરતો...**' અજ્ઞાની રાગ અને દ્વેષ, પુણ્ય-પાપના ભાવ કરે, પણ કર્મની પર્યાયને કરે (એમ નથી). જડ અવસ્થા સ્વતંત્ર છે, એ દ્રવ્ય છે, જગતની હયાતીવાળું તત્ત્વ છે. એ હયાતીવાળું તત્ત્વ પોતે પરિણમીને પર્યાયને કરે. પણ એના કર્મના બંધાવામાં જીવના એ પરિણામ અનુકૂળરૂપે નિમિત્ત છે એને દેખીને '**(પોતાના રાગાદિક) પરિણામને કરતો...**' કરે છે પોતાના પરિણામને (અને) માને કે હું કર્મને કરું છું. આહા..હા..! ભારે વાતું આવી. અરે..! આવી નવરાશ કે દિ' હોય ...? ...ભાઈ! જુઓ, ક્યાં નવરાશ છે? કરો, માથા ફોડો બહારની વાતુંમાં. આહા..હા..!

ભાઈ! તને સત્યની અને અસત્યની ખબર નથી. કર્મ તે તારે માટેથી તો અસત્ય છે. તારે માટે તો તારા પરિણામ તને સત્ય છે. એ પરિણામને કરતો પોતાની ચીજમાં જે ચીજ નથી એની કર્મની પર્યાયને કર્મ કરતો એને અનુકૂળ પરિણામ દેખીને આને હું કરું છું એ અજ્ઞાનીનો રૂઢ વ્યવહાર છે માન્યતામાં. એ અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે. આ દાખલો આપે છે ઓલા જુઓ આમાં આમ છે. પણ આ તો અજ્ઞાનીનો (રૂઢ વ્યવહાર છે) એમ વાત છે. જુઓ, પરને કરે છે, પરને ભોગવે છે. શું કહે છે? વ્યવહારથી પરને કરે છે, વ્યવહારથી પરને ભોગવે છે એ વાત ક્યાં છે અહીં? આહા..હા..! એના પરિણામને આનો વ્યવહાર નિમિત્ત છે એટલું દેખીને એ કરે છે અને ભોગવે છે એમ માને છે. એમ કહે છે. કરે છે કે દિ'? સમજાણું કાંઈ?

અરે! ચીજ જ્યાં ભિન્ન છે. બે ચીજો જ્યાં જુદી જુદી પોતાની મોજૂદગી રાખે છે, હયાતી રાખે છે એમાં એક બીજી ચીજની હયાતીના પરિણામને એની હયાતીવાળું તત્ત્વ

કરે અને એની હયાતીવાળું તત્ત્વ એને ભોગવે. એ પરિણામમાં વ્યાપ્યવ્યાપક અને ભાવ્યભાવકપણું પરમાં હોવા છતાં જીવના પરિણામ એને અનુકૂળ નિમિત્તરૂપે હોવાથી અજ્ઞાની એમ માને છે કે હું આને વ્યવહારે કરું છું અને આને ભોગવું છું. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**અને પુદ્‌ગલકર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી વિષયોની નિકટતા...**' ભાષા જુઓ, કહે છે કે શાતા-અશાતાના ઉદયથી મળેલી સામગ્રી એની નિકટ, નજીક આવી. પૈસા, કપડા, મકાન એ બધી વિષયોની નિકટતા છે. પુદ્‌ગલના કર્મના નિમિત્તથી થઈ. આત્માના પુરુષાર્થથી નહિ. એ બધી સામગ્રી (કર્મના નિમિત્તે સમીપ આવી છે). ભગવાનજીભાઈ! આહા..હા..! '**પુદ્‌ગલકર્મના વિપાકથી...**' વિપાક નિમિત્ત છે. ઉપાદાન તરીકે વિષયોની નિકટતા આવી. પાંચેય ઇન્દ્રિયોના વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એની આમ નજીક આવ્યા. જુઓ, આ પરદ્રવ્ય. '**તેનાથી ઊપજેલી સુખદુઃખરૂપ પરિણતિને...**' સુખદુઃખ પરિણતિને '**ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો...**' પોતે તો તેના નિમિત્તમાં પોતાની કલ્પનામાં જે સુખ-દુઃખ થયું એને એ ભાવ્યભાવક વડે ભોગવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! પરને ભોગવે છે એ છે નહિ. કર્મને ભોગવે છે એ નહિ એમ કહે છે. કર્મનો અનુભાગ આવ્યો એનો વિપાક જીવને ભોગવવો પડે. આહા..હા..! કહે છે કે એનું ભાવ્યભાવક (એનામાં છે). સત્તામાં કર્મ પડ્યું હતું. ઉદય આવ્યું અને એને લઈને આ સામગ્રી મળી એમ કહે છે અહીં તો લ્યોને. સમજાણું કાંઈ? એ સામગ્રીનું ઉપજવું, વ્યય થવો, ટકીને ભોગવવું એ સામગ્રીનું સામગ્રીમાં છે. આત્મા એને ભોગવતો નથી. આત્મા એના નિમિત્તે થતાં પોતાના પરિણામ હરખ-શોકના પરિણામ એને ભોગવતો ભાવ્યભાવક વડે, આ ભાવ્યભાવકને હું ભોગવું છું એવો અજ્ઞાનીનો અભિપ્રાય થઈ જાય છે. આહા..હા..! '**એવો અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે.**' ભારે આકરું!

મુમુક્ષુ :- અનાદિથી...

ઉત્તર :- અનાદિ નિગોદથી માંડીને. આવો પ્રસિદ્ધ વ્યવહાર અજ્ઞાનીઓનો છે. આહા..હા..! ભાઈ! પૈસા મળ્યા, બાયડી-છોકરા મળ્યા, મકાન-બકાન મળ્યા એને ભોગવવું જોઈએને. ભોગવે પરવસ્તુ ભોગવાય નહિ? પરવસ્તુનું ભાવ્યભાવક ભોગવવાપણું એમાં એનું છે. આના પરિણામ એને નિમિત્ત છે, પોતાના ભોગવવાના ભાવ પરિણામમાં એ ચીજ નિમિત્ત છે અથવા એના પરિણામમાં આના નિમિત્ત છે એમ દેખીને અજ્ઞાનીને એ કર્મને હું કરું છું અને કર્મને હું ભોગવું છું અથવા કર્મથી મળેલી સ્ત્રી, બાયડી, છોકરા, કુટુંબ, હજીરા, મકાન, પૈસા, દાગીના, કપડા એને હું ભોગવું છું એ મૂઢ જીવનો ક્વચિત્ વ્યવહાર અજ્ઞાનીનો છે. ભોગવી શકતો નથી, પણ માને છે કે હું આને ભોગવું છું. આહા..હા..! લ્યો! .. ભોગવે? લાડવો, દાળ-ભાત. કહો, ચુરમાનો લાડવો ભાંગે, અડદની દાળ સદડી હોય. એ ક્રિયા છે એનું ભાવ્યભાવકપણું

એનામાં છે. આત્મા એને ભોગવે છે એ વાત ત્રણ કાળમાં સાચી નથી. આહા..હા..!

મુમુક્ષુ :- આત્માએ કોઈ દિ' રોટલા ખાધા જ નથી?

ઉત્તર :- ખાધા જ નથી, પીધા જ નથી. એણે રાગ ખાધો છે અને રાગને ભોગવ્યો છે. આહા..હા..!

આવો વીતરાગમાર્ગ. આહા..હા..! જે ભાવમાં ભવનો અભાવ ન થાય એ ભાવ પણ સ્વતંત્ર સમજાણું કાંઈ? આવી સ્વતંત્રતા બતાવીને પછી એ પરિણામ વિકારી અને ભોગવવાના પણ એ તારા નથી એમ કહીને વસ્તુની દૃષ્ટિ કરાવવી છે. અહીંથી તો ખસ કહે છે. આને ભોગવું અને કરવું એ તો ખસ પહેલો. અહીંથી ખસ. આહા..હા..! હજી તો આનું કરવું અને ભોગવવું, નથી કરી શકતો અને નથી ભોગવતો એને કરું ને ભોગવવું એવી ભ્રમણા પહેલી તો ટાળ એમ કહે છે. પછી બીજી ભ્રમણા (ટાળ). એ રાગ અને દ્વેષના પરિણામને ભગવાન કરે અને એને ભોગવે એ તો અજ્ઞાન છે. આહા..હા..! એ તો અજ્ઞાન છે. ભાઈ! એ બતાવવા આ વાત કરી છે. પર તો પૃથક્ પ્રસિદ્ધ છે. પર પરથી પૃથક્ પ્રસિદ્ધ છે. એવા પ્રસિદ્ધ પૃથક્‌ને કરવું અને ભોગવવું એવો અજ્ઞાનીનો વ્યવહાર અનાદિથી મૂઢ જીવને ચાલ્યો આવે છે. સમજાણું કાંઈ?

અમે કર્મ બાંધ્યા, અમારે ભોગવવા. એમ નથી, ભાઈ! તારા ભાવને તેં કર્યા અને તારા ભાવને તારે ભોગવવા. આહા..હા..! એ જ વખતે કર્તા અને ભોક્તાપણું છે. કદાચિત્ એ પરિણામના નિમિત્તે બંધાયેલા કર્મનો સંયોગ આવે તો એ વખતે પણ ભોગવવાના પરિણામ તો તારા છે એને તું ભોગવે છે. એ સામગ્રીને અને કર્મના ફળને ભોગવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવું સત્ય પણ સાંભળવા મળે નહિ એને કઈ રીતે જુદું પાડવું? આહા..હા..! એનો અર્થ કે એ સંયોગમાં એને રહેવું છે અને સંયોગથી જુદું પડવું નથી. એટલે સંસારમાં રખડવામાં રહેવું છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક-એક ગાથા પણ કેવી લીધી છેને! આખી દુનિયાના તત્ત્વને સમાડી દીધું છે.

'**વિષયોની જે નિકટતા તેનાથી ઊપજેલી સુખદુઃખરૂપ પરિણતિ...**' એ તો નિમિત્ત પણ પોતામાં થયેલો સંકલ્પ-વિકલ્પ સુખ-દુઃખ.. એમાં સુખ થાય છે, એમાં દુઃખ થાય છે એવી જે કલ્પના એને '**ભાવ્યભાવકભાવ વડે અનુભવતો...**' ભોગવે છે એને. '**એવો જીવ પુદ્‌ગલકર્મને કરે છે અને ભોગવે છે એવો અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે.**' આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ અજ્ઞાનીઓનો પ્રસિદ્ધ વ્યવહાર છે. આહા..હા..!

'**ભાવાર્થ :- પુદ્‌ગલકર્મને પરમાર્થે પુદ્‌ગલદ્રવ્ય જ કરે છે;...**' કર્મ રજકણો જે આઠ કર્મના પરમાણુઓ એ કર્મ કર્મની પર્યાયને કરે છે. '**જીવ તો પુદ્‌ગલકર્મની ઉત્પત્તિને**

**અનુકૂળ એવા પોતાના રાગાદિ પરિણામોને કરે છે.'** સમજાય છે કાંઈ? પણ એ મેં રાગ કર્યો ત્યારે કર્મ બંધાણુંને? ન કર્યો હોત તો બંધાત? અરે! ભગવાન! હવે કર્યો છે એની અસ્તિની વાત સિદ્ધ થાય છે, હજી વળી કર્યો છે અને એને લઈને કર્મ બંધાણું એ તારો ભ્રમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૨૦૦૬ની સાલમાં પ્રશ્ન થયો હતો. રાગ કરીએ તો કર્મ બંધાય એટલી તો પરાધીનતા ખરીને કર્મને? અરેરે! બાપુ! તને ખબર નથી, ભાઈ! રાગનો કરનારો રાગ કરે એથી કર્મની પર્યાયનું વ્યાપ્યપણું—અવસ્થા રાગથી થાય એમ નથી. એ તો કર્મ પોતે વ્યાપક થઈને કર્મની અવસ્થાના વ્યાપ્યને કરે છે. વસ્તુસ્થિતિ તો આ એની છે, પણ એવા બંધના કાળમાં રાગના પરિણામ એને અનુકૂળ હોવાથી અજ્ઞાનીને ભ્રમ થઈ ગયો છે કે હું આને વ્યવહારે તો કરું છુંને. એ મૂઢ છે. સમજાણું કાંઈ? આવો ધર્મ પણ આવું (સમજીને) શું કરવું? એ કરતાં..

મુમુક્ષુ :- આમાં વખત જાય છે.

ઉત્તર :- આમાં વખત જાય છે એ જ વસ્તુ છે. આહા..હા..! એ વસ્તુની મર્યાદામાં શું થાય છે અને બહારમાં જે થાય તેની મર્યાદામાં આ એમ માને કે એને હું કરું છું એ ભૂલ ટાળવાને આ વખત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વળી પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મને ભોગવે છે;...'** આ એક-એક વાત. જડ જડને ભોગવે? પણ દરેક પરમાણુની વર્તમાન થતી પર્યાય એનો અભાવ એનામાં થાય છે. એનો ભોક્તા એ છે. પરથી આત્મા ભિન્ન અરૂપી એને અડતો પણ નથી એને ભોગવે? આહા..હા..! ભારે ભ્રમ. ભગવાનભાઈ! મોટો ભગવાન પણ ભૂલ્યોને. ભગવાન ભૂલાની ખડકી છે. આહા..હા..! પાછી ઈ ભૂલની શું સ્થિતિ છે એની ખબર ન મળે. વ્યવહારે તો અમે રાગ કર્યો ત્યારે કર્મ થયાને? એમ કહે. ધૂળેય ન થાય સાંભળને. અમે રાગ ન કરત તો કર્મ થાત? એટલી તો કર્મને અમારી સહાયતા અને મદદ ખરીને? ભાઈ! એમ નથી. તું રાગને કર. આહા..હા..! કર્મના રજકણોનો તે પ્રકાર પર્યાય થવાનો એનો કાળ છે રજકણનો એથી પર્યાય વ્યાપ્ત થાય. એને તારા રાગના પરિણામ અનુકૂળ દેખીને એને કરું છું એ તો અજ્ઞાનીનો પ્રસિદ્ધ વ્યવહાર મૂઢનો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અમારે ત્યાં પાલેજમાં દુકાન પાસે ઘાંચી હતા. હિન્દુ ઘાંચી થાય છે. મુસલમાન નહિ. મોટી ઉંમરે પરણેલો, બાઈ નાની. દુકાન બંધ કરીને એકવાર, લેતી જા, લેતી જા એમ કહેતો હતો. કૂટતો હોય પોતે, બોલે આમ. અમારી દુકાનની પાછળના ભાગમાં. શું કરે છે? મારે છે બાઈને? પોતે કૂટે અને લેતી જા, લેતી જા બોલે. એમ આ પરિણામ કરે પોતે અને કર્મને હું અનુકૂળ છુંને. બાંધું છું. મૂઢ છે. હજી આવા વ્યવહારની પણ ખબર ન મળે એને શુભભાવથી ધર્મ થાય (એમ માનતો હોય), એને શુદ્ધભાવ તો ક્યાં છે? અજ્ઞાનભાવ છે.

આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

આ ચશ્મા છે જુઓ. અહીં આવવાનું એની પર્યાયનું વ્યાપકપણું પરમાણુનું છે અને અહીં આવવાની આ પર્યાય વ્યાપ્ય એની છે. છતાં ઓલો વિકલ્પ આવ્યોને કે હું લઉં એવી અનુકૂળતાના નિમિત્ત દેખીને એ ચશ્મા મેં ચડાવ્યા. મૂઢ છે કહે છે. વળી ચશ્માથી મને દેખાય એ તો વળી ક્યાંય મૂઢ છે. આહા..હા..! કરો ચર્ચા. ચંદ્રશેખર. જુઓ, પૂછો આ બધાને ચશ્મા વિના દેખાય? અરે ભગવાન! થઈ ગઈ ચર્ચા કીધું. બાપુ! અમે તો કોઈ સાથે ચર્ચા કરતા નથી. આહા..હા..! પૂછો હવે આને. પણ શું પૂછે? સાંભળને તું. ચશ્મા છે તો એની પર્યાય આમ આવવું અને થવું એ આંગળીથી નહિ, આત્માના વિકલ્પથી નહિ. સમજાણું કાંઈ? એનું વ્યાપ્યવ્યાપકપણું એનામાં છે. ફક્ત એને અનુકૂળ ઓલો વિકલ્પ દેખીને, હું લાવ્યો છુંને, એવો અજ્ઞાની મૂઢ થઈને આ ચશ્મા મેં ચડાવ્યા એ એનો કર્તા થાય છે. વળી ચશ્મા હોય તો જણાય એ વળી બીજી મોટી મૂઢતા. એટલે ચશ્મા કર્તા અને જ્ઞાન એનું કાર્ય. તો જ્ઞાન થયું. ચશ્મા ન હોત તો થાત? અરે ભગવાન! તને ખબર નથી એકેય વાતની. ચશ્માની પર્યાય ચશ્મામાં અને જ્ઞાનની પર્યાયનું વ્યાપ્યપણું તો આત્મા વ્યાપક અને જ્ઞાનની પર્યાય એની વ્યાપ્ય. એ એમાં ચશ્મા વ્યાપક અને જ્ઞાનની પર્યાય જીવમાં થઈ એ વ્યાપ્ય એનું એમ છે જ નહિ. આહા..હા..! અરે.. પણ આખી મણમાં પાંચ શેરીની ભૂલ શું કહેવાય છે? આઠ પાંચ શેરીની ભૂલ. આહા..હા..!

કહે છે '**પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મને ભોગવે છે;...**' જીવ ભોગવે કે જડને ભોગવે? એ એકવાર પ્રશ્ન ઉઠ્યો હતો. હવે સાંભળને. ભોગવવું એટલે શું? એની અવસ્થામાં એનું પલટવું થાય છે. શું તારે કારણે ત્યાં પલટવું થાય છે? આહા..હા..! '**પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મને ભોગવે છે; જીવ તો પુદ્‌ગલકર્મના નિમિત્તથી થતા પોતાના રાગાદિક...**' ત્યાં પણ ગોટો વાળે. જુઓ! કર્મનું નિમિત્ત છે તો રાગ થયોને? પણ અહીં રાગ નૈમિત્તિક તેં કર્યા ત્યારે પુદ્‌ગલ કર્મ નિમિત્ત છે એમ કહેવામાં આવ્યું. કાળભેદ કે દિ' હતો? નિમિત્ત પહેલું આવે ત્યારે રાગ-દ્વેષ થાય પછી (એમ નથી) આહા..હા..! પુદ્‌ગલકર્મનું નિમિત્તપણું અને પર્યાયમાં વિકારનું પોતામાં ઉપાદાનપણું એ નૈમિત્તિક. એ નિમિત્ત-નૈમિત્તિકભાવ દેખીને. છેને? આહા..હા..!

'**પોતાના રાગાદિક પરિણામોને ભોગવે છે. પરંતુ જીવ અને પુદ્‌ગલનો આવો નિમિત્તનૈમિત્તિકભાવ દેખીને...**' નૈમિત્તિક પોતાની પર્યાય રાગની અને એને ભોગવવાની પોતાના ભાવની એમાં નિમિત્તપણું આ. એવા '**નિમિત્તનૈમિત્તિકભાવ દેખીને અજ્ઞાનીને એવો ભ્રમ છે કે પુદ્‌ગલકર્મને જીવ કરે છે અને ભોગવે છે. આવો અનાદિ અજ્ઞાનને લીધે અનાદિ કાળથી પ્રસિદ્ધ વ્યવહાર છે.**' આ દાખલો પાછો આપે જુઓ, આમ

વ્યવહારથી છે કે નહિ? પણ આ કોને કહે છે? અજ્ઞાની માને છે વ્યવહારથી એની વાત છે આ તો. આહા..હા..! માને છે. આહા..હા..! દાખલો આવ્યો હતો છાપામાં. .. જુઓ, વ્યવહારથી એને કરે અને ભોગવે છે. વ્યવહારથી માને છે ભોગવે અને કરે. કરે ભોગવે શું? સમજાણું કાંઈ? એમ આવે છેને સર્વવિશુદ્ધ અધિકારમાં? સોની પોતાના ભાવને કરે જોડે દાગીનાને પણ કરે છે અને દાગીનાના ફળરૂપ દામ અને પૈસા મળે એને ભોગવે છે. તન્મય થઈને નહિ. લ્યો! પણ ભોગવે તો તન્મય થઈ ગયો, એક થઈ ગયો. આહા..હા..! શિલ્પી. શિલ્પી શબ્દે બધાય. જેટલા કારીગરો હોય એ બધા લ્યોને. આહા..હા..!

એ ટાંકણાથી અક્ષર પડે અંદર એ વાત પણ ખોટી છે એમ કહે છે. લ્યો! આ પરમ દિ' થવાનું છેને અક્ષરનું. એ લોકોનું આવી ગયું છે. .. તરફથી પ્રેમ હતોને ત્યાં અક્ષર લખવાનો. આવે છે, ચાર જણા આવે છે. એ ટાંકણાની પર્યાય ટાંકણામાં અને અક્ષરની પર્યાયનું વ્યાપ્યવ્યાપકપણું એ પુદ્ગલનું. એ ટાંકણાથી આ અક્ષર પડ્યો, આરે! જુદી વાત છે. એ અજ્ઞાનીઓનો પ્રસિદ્ધ રૂઢ વ્યવહાર છે. એમ છે નહિ. આ તે કોને ગળે ઉતરે? કાઢી મૂકો ત્યારે લ્યો એને કારીગરને, અક્ષર એની મેળે પડતા હોય તો. એય..! પણ બેસે કોણ? ક્યા દ્રવ્યની પર્યાય એકલી બેસી રહી અને થઈ છે? દરેક દ્રવ્યની પર્યાય સમયે સમયે થાય જ. પછી બેસી ન રહે અને ન બેસે એવો પ્રશ્ન જ ક્યાં છે. એવો ભ્રમ પણ અજ્ઞાનીનો. કારીગર આવે તો આ થાય, કારીગરની હુશિયારીથી આ થાય. કહે છે કે એ થવા કાળના પર્યાયમાં વ્યાપ્યવ્યાપકપણું તો પુદ્ગલનું એનું સામાનું. પણ આના એક પરિણામ અનુકૂળ અથવા બીજી ચીજ અનુકૂળ દેખીને એને આણે કર્યું એવો અજ્ઞાનીઓનો પ્રસિદ્ધ રૂઢ વ્યવહાર છે. સાચી વાત છે નહિ. આહા..હા..! પાછા મશ્કરી કરે, લ્યો! સોનગઢીયા કહે છે કે મોટર ચાલે એમાં આપણે મોટર લઈને નથી જતા. આપણે તો એની મેળાએ જઈએ, મોટર મોટરને લઈને ચાલે. મોટર વિના ચાલવું થાય. મોટરમાં બેઠા વિના ચાલે શી રીતે મોટર? અને આદમી શી રીતે ચાલે? ભાઈ! તને ખબર નથી. આહા..હા..! એ શરીરનો પર્યાય આમ ક્ષેત્રાંતર થાય છેને, એનું વ્યાપ્યવ્યાપકપણું શરીરનું જ છે. એ મોટરને લઈને આમ ગતિ કરે છે શરીરની (એમ નથી). એ મોટરમાં બેઠો જ નથી. એય..!

વસ્તુ વિજ્ઞાનસારમાં આવ્યું છેને? પહેલું વસ્તુવિજ્ઞાન શાસ્ત્ર છપાણું હતુંને? દસ હજાર. એના કોઈક બ્રહ્મચારી હશે, મશ્કરી કરે ઇંદોરમાં. આ સોનગઢીયા કહે છે કે મોટર એની મેળાએ ચાલે. પેટ્રોલ વિના ચાલે. અરે.. ભગવાન! પેટ્રોલ શું એ? શું કહેવાય એને? ચકરડું, પૈડું. પૈડાનો એક એક રજકણ પોતાની પર્યાયનું વ્યાપ્ય કરીને વ્યાપક પરમાણુ છે. આહા..હા..! કહો, આમાં શું કરવું? ભાઈ! શાંતિથી તું તારા તત્ત્વને અને પરના તત્ત્વમાં શું ભેળસેળ નથી અને એકતા તેં માની છે એની તને ખબર નથી. આમાં પડ્યા એને રાગથી ભિન્ન

કરીને આત્માને અનુભવવો એ વાત ત્રણ કાળમાં બની શકે નહિ. સમજાણું કંઈ?

એ નિમિત્તથી થતાં એમ કહ્યું. ઉપાદાન એનું છે ત્યાં, અહીં નિમિત્ત છે. પણ '**આવો નિમિત્તનૈમિત્તિકભાવ દેખીને અજ્ઞાનીને એવો ભ્રમ છે કે પુદ્‌ગલકર્મને જીવ કરે છે...**' એ જીવ છે તો ત્યાં એ કાર્ય થાય છે. '**અને ભોગવે છે.**' આ દાગીના ઘસાય છે જુઓને. પહેરીને નથી કરતા? સોનાની બંગડી હોય, ઘસાય. પાંચ વર્ષ જાય તો ઘસાય. એ આપણે વાપરી તો ઘસાય છે. એમ નથી. હાથમાં બંગડી આવી જ નથી. શું કહેવાય હાથમાં એ? બંગડી. બંગડી બંગડીમાં છે એય..! ભીખાભાઈ! અડતો પણ નથી, અડ્યો પણ નથી. આહા..હા..! આવો તે ભ્રમ છે અજ્ઞાનીનો. '**આવો અનાદિ અજ્ઞાનને લીધે અનાદિ કાળથી...**' બે વાત લધી. જોયું! '**આવો અનાદિ અજ્ઞાનને લીધે અનાદિ કાળથી...**' પાછું. એ વાત અનાદિથી બેઠી નથી. '**પ્રસિદ્ધ વ્યવહાર છે.**' અજ્ઞાનીઓનો આવો વ્યવહાર છે. આહા..હા..!

કહો, આ ઝાઝા વોટ મળે તો પદવી મળે એ અહીં ખોટું કહે છે. બહારમાં તો એમ કીધું. આહા..હા..! એ નહોતા પ્રેમચંદભાઈ? ૯૦ની સાલમાં હતાને ઓલા મ્યુનિસિપાલિટીના? એની મરવાની તૈયારી. રાવસાહેબનો ઇલકાબ આપવાનો હતો. દેરાવાસીના, પણ અમે ત્યાં હતા ખરાને. આવ્યા મહારાજ. દર્શન કરવા છે. આ જુઓ તો શરીર લઠ જેવું. લગનમાં કાંઈક ગયા હશે એમાં જલેબી કાંઈક સરખાઈનું ખાધું હશે તો આ થઈ ગયું. ડબલ ન્યુમોનિયા. પ્રેમચંદભાઈ દેરાવાસી. .. રાજકોટના, સદરમાં (રહેતા હતા). એ ત્યાં મળ્યા હતા. શરીર લઠ જેવું. આંખમાંથી આંસુ ચાલ્યા જાય. બાયડી બેઠી હતી ત્યાં નીચે. પૂછવા હવે આ મરી જશે એટલે પૂછી લઈએ. અરે..! પણ શું કરો છો? આ છેલ્લે અવસરે આ કરો છો તમે? એને કાંઈક ધર્મ સંભળાવો. એમાં આવ્યો એક પટ્ટાવાળો સાઈકલ લઈને. હું ત્યાં ઊભો હતો હોં. રાવસાહેબનો ઇલ્કાબ. અહીં મરી ગયો તરત. આહા..હા..! એ બધા ઓલા બોકડા-બોકડા કાપેને તો એને જોઈને ... આર..ર..! આ ધંધા. અરે..! ક્યાં એમાં શા માટે એને .. એની એને ખબર પણ નથી. આહા..હા..!

'**પરમાર્થે જીવ-પુદ્‌ગલની પ્રવૃત્તિ ભિન્ન હોવા છતાં,...**' ખરેખર તો જીવ અને પુદ્‌ગલ બે ભિન્ન પદાર્થ જુદાં હોવાથી બેની પ્રવૃત્તિ જુદી હોવા છતાં. '**જ્યાં સુધી ભેદજ્ઞાન ન હોય...**' હજી તો પરથી જુદા પડવાની વાત છે. '**જ્યાં સુધી ભેદજ્ઞાન ન હોય...**' આહા..હા..! અરે..! એને શુભભાવથી ભિન્ન પડીને શુદ્ધમાં આવે તો ભવકટી થાય. એ વિના ભવકટીની બીજી ચીજ છે નહિ. આહા..હા..! એને ઠેકાણે આવા ભાવમાં પરમાં અનુકૂળ એવો ભાવ દેખીને '**ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી બહારથી એમની પ્રવૃત્તિ એક જેવી દેખાય છે.**' કુંભારના પરિણામ અને ઘડાનું થવું એક જેવું દેખાય. આહા..હા..! કુંભારના

પરિણામ જુદાં અને માટીની પર્યાય જુદી. એને બેને એક ક્યાં કરવું?

**'અજ્ઞાનીને જીવ-પુદ્‌ગલનું ભેદજ્ઞાન નહિ હોવાથી ઉપલક દૃષ્ટિએ...'** એ તો આપણે .. ઉપરથી જોનારને, અંદરના તત્ત્વોની ભિન્નતા ભાસ્યા વિના ઉપરથી જોનારને. આવું તો કાંઈ ભણતરમાં પણ ન આવતું હોય. મેટ્રીકમાં આવતું હશે? આહા..હા..! આ ભણી ભણીને આવ્યા છે બધા. ક્યાં ગયો તમારો? આવ્યો હતો, મુકેશ આવ્યો હતોને સવારમાં. એ બેઠો છે. પૂછયું કોણ છો તું? બાબુભાઈનો દીકરો. મુકેશ. ... ભગવાન તો મુકેશ છે. રાગથી ભિન્ન છે અને પરના કરવાની તો વાત જ (નથી) આહા..હા..! અશક્ય છે. ખરેખર તો ધર્મીને રાગ કરવો એ અશક્ય છે. આહા..હા..! એમ વાત છે. વિભાવ ક્ષણિક ઉપાધિ ભગવાન ત્રિકાળ આનંદનો નાથ, આનંદના ગુણની ખાણ... આહા..હા..! એ ચીજ તે રાગને કેમ કરે? એવી ચીજની અંતર દૃષ્ટિ થયા વિના ભવનો અભાવ ન થાય. ભવનો અભાવ ન થાય (તો) એમાં કાંઈ કર્યું નથી એણે. ભલે પછી સ્વર્ગમાં જાય અને ધૂળમાં જાય ને શેઠમાં જાય, એમ માને નહિ, એની પર્યાયમાં રહ્યો છે એ તો અજ્ઞાનમાં. આહા..હા..! અરે! એને ભવભ્રમણનો દુઃખનો ત્રાસ પણ ન આવ્યો. અરે! આ ચોર્યાશીના અવતાર. કોઈ શરણ નથી. શરણ પ્રભુ ચૈતન્ય સહજાનંદની મૂર્તિ પ્રભુ પોતે છે. એના શરણ વિના કોઈ શરણ, ચાર અરિહંત પદનું પણ શરણ નથી.

અહીં તો અજ્ઞાનીને **'ઉપલક દૃષ્ટિ જેવું દેખાય તેવું તે માની લે છે;...'** લ્યો! અમે આવ્યા ત્યારે રોટલી થઈ, નહિતર .. માટી પડી હતી. લાખ વર્ષ પડી રહે પણ કુંભાર વિના ઘડો થતો હશે? અને લોટ વિના, અમારા વિના લોટમાં રોટલી થાતી હશે? માસ્તર એમ જાણે કે અમારા વિના આ છોકરા ભણતા હશે? પંડિત એમ માને કે અમારા સમજાવ્યા વિના આ લોકો સમજતા હશે એની મેળાએ? આહા..હા..! ભાઈ! કોની પર્યાયને કોણ કરે? ભાઈ! તને ખબર નથી. જુદાં પૃથક્ તત્ત્વો છે કે નહિ? જો જુદાં પૃથક્ છે તો પૃથક્‌તત્ત્વની પર્યાયને પૃથક્ તત્ત્વ કરે એ શી રીતે બને? આહા..હા..! આટલી પણ જેને ખબરું નથી એ બધા ડહાપણ કરે એવા શાસ્ત્રના. લૂંટાઈ ગયો. શાસ્ત્રના નામે ધુંચાઈ ગયો. શાસ્ત્રમાં આમ કહ્યું જુઓ, વ્યવહારે કરે છે, એમ કહ્યું છે કે નહિ? અરે.. શું કીધું આ? આહા..હા..!

**'તેથી તે એમ માને છે કે જીવ પુદ્‌ગલકર્મને કરે છે...'** જીવ રાગને કરે અને પુદ્‌ગલ કર્મને પણ કરે. કારણ કે રાગ વિના પુદ્‌ગલકર્મ બંધાય? માટે રાગને પણ કરે અને કર્મને પણ કરે અને એને ભોગવે. (એમ નથી) **'શ્રી ગુરુ ભેદજ્ઞાન કરાવી, પરમાર્થ જીવનું સ્વરૂપ બતાવીને, અજ્ઞાનીના એ પ્રતિભાસને વ્યવહાર કહે છે.'** દેખો! એ પ્રતિભાસને વ્યવહાર કહે છે. સમજાણું કાંઈ? હું ઘડાને કરું છું, કર્મને બાંધું છું, કર્મને .. વ્યવહાર તારો અજ્ઞાનીનો માનેલો છે.

## ગાથા-૮૫

अथैनं दूषयति —

जदि पोग्गलकम्ममिणं तं चेव वेदयदि आदा।
दोकिरियावदिरित्तो पसज्जेदे सो जिणावमंद।।८५।।
यदि पुद्गलकर्मेदं करोति तच्चैव वेदयते आत्मा।
द्विक्रियाव्यतिरिक्तः प्रसजसि स जिनावमतम्।।८५।।

इह खलु क्रिया हि तावदखिलापि परिणामलक्षणतया न नाम परिणामतोऽस्ति भिन्ना; परिणामोऽपि परिणामपरिणामिनोरभिन्नवस्तुत्वात्परिणामिनो न भिन्नः। ततो या काचन क्रिया किल सकलापि सा क्रियावतो न भिन्नेति क्रियाकर्त्रोरव्यतिरिक्ततायां वस्तुस्थित्या प्रतपत्यां, यथा व्याप्यव्यापकभावेन स्वपरिणामं करोति भाव्यभावकभावेन तमेवानुभवति च जीवस्तथा व्याप्यव्यापकभावेन पुद्गलकर्मापि यदि कुर्यात् भाव्यभावकभावेन तदेवानुभवेच्च ततोऽयं स्वपरसमवेतक्रियाद्वयाव्यतिरिक्ततायां प्रसजन्त्यां स्वपरयोः परस्परविभागप्रत्यस्तमनादनेकात्मकमेकमात्मानमनुभवन्मिथअयादृष्टतया सर्वज्ञावमतः स्यात्।

---

હવે આ વ્યવહારને દૂષણ દે છેઃ-

પુદ્‌ગલકરમ જીવ જો કરે, એને જ જો જીવ ભોગવે,
જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા ઠરે. ૮૫.

ગાથાર્થઃ- [यदि] જો [आत्मा] આત્મા [इदं] આ [पुद्गलकर्म] પુદ્‌ગલકર્મને [करोति] કરે [च] અને [तद् एव] તેને જ [वेदयते] ભોગવે તો [सः] તે આત્મા [द्विक्रियाव्यतिरिक्तः] બે ક્રિયાથી અભિન્ન [प्रसजति] ઠરે એવો પ્રસંગ આવે છે- [जिनावमतं] જે જિનદેવને સંમત નથી.

ટીકાઃ- પ્રથમ તો, જગતમાં જે ક્રિયા છે તે બધીયે પરિણામસ્વરૂપ હોવાથી ખરેખર પરિણામથી ભિન્ન નથી (-પરિણામ જ છે); પરિણામ પણ પરિણામીથી (દ્રવ્યથી) ભિન્ન નથી કારણ કે પરિણામ અને પરિણામી અભિન્ન વસ્તુ છે (-જુદી જુદી બે વસ્તુ નથી). માટે (એમ સિદ્ધ થયું કે) જે કોઈ ક્રિયા છે તે બધીયે ક્રિયાવાનથી (દ્રવ્યથી) ભિન્ન નથી. આમ,

વસ્તુસ્થિતિથી જ (અર્થાત્ વસ્તુની એવી જ મર્યાદા હોવાને લીધે) ક્રિયા અને કર્તાનું અભિન્નપણું (સદાય) તપતું હોવાથી, જીવ જેમ વ્યાપ્યવ્યાપકભાવથી પોતાના પરિણામને કરે છે અને ભાવ્યભાવકભાવથી તેને જ અનુભવે-ભોગવે છે તેમ જો વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલકર્મને પણ કરે અને ભાવ્યભાવકભાવથી તેને જ ભોગવે તો તે જીવ, પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવતાં સ્વ-પરનો પરસ્પર વિભાગ અસ્ત થઈ જવાથી (નાશ પામવાથી), અનેકદ્રવ્યસ્વરૂપ એક આત્માને અનુભવતો થકો મિથ્યાદૃષ્ટિપણાને લીધે સર્વજ્ઞના મતની બહાર છે.

ભાવાર્થ :- બે દ્રવ્યોથી ક્રિયા ભિન્ન જ છે. જડની ક્રિયા ચેતન કરતું નથી, ચેતનની ક્રિયા જડ કરતું નથી. જે પુરુષ એક દ્રવ્યને બે ક્રિયા કરતું માને તે મિથ્યાર્દષ્ટિ છે, કારણ કે બે દ્રવ્યની ક્રિયા એક દ્રવ્ય કરે છે એમ માનવું તે જિનનો મત નથી.

## ગાથા-૮૫ ઉપર પ્રવચન

'હવે આ વ્યવહારને દૂષણ દે છે :—'

जदि पोग्गलकम्ममिणं तं चेव वेदयदि आदा।
दोकिरियावदिरित्तो पसज्जेदे सो जिणावमंद।।८५।।
પુદ્‌ગલકરમ જીવ જો કરે, એને જ જો જીવ ભોગવે,
જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા ઠરે. ૮૫.

બે ક્રિયાનો કરનાર એક ઠરે. રાગને જીવ કરે એને કર્મને પણ કરે. દયાના ભાવ કરે અને જીવની દયાનું પાળવું-પરનું પણ કરે. એ બે ક્રિયાનો કરનાર અજ્ઞાની જિનને અસંમત છે. વીતરાગને એ વાત માન્ય નથી. આહા..હા..! બે પદાર્થની ક્રિયા, એક પદાર્થ બેયને કરે એ વીતરાગને માન્ય નથી. વીતરાગને સત્ય માન્ય છે. આ અસત્ય માન્ય નથી એમ કહે છે. 'જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન...' રાગને કરે અને કર્મને પણ કરે. બે ક્રિયામાં એકરૂપ થઈ ગયો. એ વીતરાગને માન્ય છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ-૧૪, શનિવાર, તા. ૨૧-૧૦-૧૯૭૨**
**ગાથા-૮૫, પ્રવચન-૧૯૮**

'હવે આ વ્યવહારને દૂષણ દે છે :—' જીવ પોતાના પરિણામને પણ કરે અને વ્યાપ્ય-વ્યાપકથી પરદ્રવ્ય સ્વતંત્ર છે એથી દ્રવ્ય પોતાના પરિણામનો કર્તા અથવા વ્યાપક અને પરિણામ તે તે સમયની પર્યાય એ એનું કર્મ છે. છતાં અજ્ઞાની એમ માને કે મેં મારા પરિણામ પણ કર્યા અને એ પર્યાયને અનુકૂળ હું છુંને માટે એ પરિણામ પણ મેં કર્યા. સમજાણું? કુંભાર ઘડાને અનુકૂળ છેને? અનુકૂળ છે કે નહિ? અનુકૂળ. અનુકૂળ તો સિદ્ધ કરવું છે. ત્યારે નિમિત્ત કહેવાયને. ઘડો થવામાં માટી તે (અનુરૂપ છે). એ ઘડો એ માટીને અનુરૂપ વસ્તુ છે, ઓલી (કુંભાર) અનુકૂળ છે. અનુકૂળ દેખીને ઘડાના પરિણામને માટી કરે અને કુંભાર કહે કે હું અનુકૂળ છું માટે હું પણ કરું. અનુકૂળ વિના ત્યાં થાય? કહો. એમ બે પદાર્થની સ્વતંત્ર ક્રિયામાં એક કર્તા માને છે એ મિથ્યાદષ્ટિ છે. જૈનમતને વીતરાગના માર્ગને સંમત નથી.

મુમુક્ષુ :- .. સંમત છે ખરા.

ઉત્તર :- અજ્ઞાનીઓને સંમત છે. .. સંમત તેથી કહે છેને. સંભવમાં આવ્યુંને ઓલામાં? સંભવને અનુકૂળ નિમિત્ત. દરિયાના તરંગને સંભવને અનુકૂળ પવન છે અને તરંગનું સમાવવું એને અનુકૂળ પવનનો અભાવ છે. એથી જાણે પવન આને કરે અને આ પરિણામ પવનને લાવે. ત્યાં તો એ સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ? પવનની ક્રિયા થવી એ તરંગને (અનુકૂળ છે). ભારે! નિમિત્ત એને કહીએને અનુકૂળ. અનુકૂળ કરે કાંઈક ત્યારે એને નિમિત્ત કહીએને? એ કહે છે જુઓ ૮૫માં.

जदि पोग्गलकम्ममिणं तं चेव वेदयदि आदा।
दोकिरियावदिरित्तो पसज्जेदे सो जिणावमंद।।८५।।

**પુદ્‌ગલકરમ જીવ જો કરે, એને જ જો જીવ ભોગવે,**
**જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા ઠરે. ૮૫.**

'ટીકા :- પ્રથમ તો,...' 'तावद' શબ્દ પડ્યો છે સંસ્કૃતમાં. મુખ્ય તો જે છે એ એમ કહેવું છે કે 'જગતમાં જે ક્રિયા છે...' એટલે જેટલા આત્મા કર્મ, શરીર આદિ પદાર્થો છે એની પર્યાયો વર્તમાન પર્યાયનું બદલવું એ એની ક્રિયા છે. સમજાણું કાંઈ? લ્યો

આ હાથ છે ઈ આમ થાય એ ક્રિયા થઈ. પર્યાય બદલીને? આને ઊંચુ આવવામાં આ હાથ અનુકૂળ છે. એ આ દ્રવ્યની આમ છે અને આમ થઈ એ ક્રિયા, પર્યાય એની અવસ્થાનું બદલવું એ એની ક્રિયા છે અને હાથનું આમ થવું એ પણ હાથની ક્રિયા છે. '**જગતમાં...**' બહુ સિદ્ધાંત સિદ્ધ કર્યો છે. આખી દુનિયામાં કેટલા દ્રવ્યો છે વસ્તુ. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુંઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ. એ જેટલા પદાર્થ છે એની જે ક્રિયા, એમ લાગે છે કે જાણે ઓલું નિમિત્ત આવેને ત્યારે બદલે છે. સમજાણું કાંઈ? આ ... અહીંયાં આવ્યું તો આ જ્ઞાનની અવસ્થા બદલીને? પહેલી નહોતીને થઈને? ઓલી બદલી એથી એને ભ્રમ પડે છે અજ્ઞાનીને આ ક્રિયામાં આ નિમિત્ત છેને? એને લઈને બદલી. અહીં કહે છે કે એની પર્યાય અને જીવની પર્યાય બેય બદલે છે એ એની ક્રિયા છે. કહો, સમજાણું કાંઈ?

'**જગતમાં જે ક્રિયા...**' નામ અનંત પદાર્થ જે દ્રવ્ય અને ગુણ તરીકે ત્રિકાળ છે એની વર્તમાન અવસ્થાનું બદલવું. આમ બદલવાથી લેવું છે એટલે સદા બદલે છેને એ એની પદાર્થની ક્રિયા છે. સમજાણું કાંઈ? બદલે છે એટલે નિમિત્ત આવ્યું એટલે બદલી એમ અહીં સિદ્ધ કરવું છે કે એ વાત ખોટી છે. આહા..હા..! '**જગતમાં જે ક્રિયા છે...**' અવસ્થાનું બદલવું છે, પર્યાયનું રૂપાંતર થવું છે '**તે બધીયે પરિણામસ્વરૂપ હોવાથી...**' એ તો એ પદાર્થમાં પરિણામ છે કહે છે. એ ક્રિયા બદલવી એ પદાર્થના પરિણામ છે. આહા..હા..! એ પરિણામસ્વરૂપ હોવાથી જેમકે ઘડો માટીથી થયો એ ઘડો અવસ્થા બદલીને? પહેલા પિંડ હતો અને અવસ્થા થઈ એ એની ક્રિયા છે અને એ ક્રિયા એનું પરિણામ એની ક્રિયા. પરિણામ એ ક્રિયા પરિણામસ્વરૂપ છે. બદલવું અને જે પરિણામ થયા એ પરિણામસ્વરૂપ જ એ ક્રિયા છે. સમજાણું કાંઈ?

એ '**હોવાથી ખરેખર પરિણામથી ભિન્ન નથી...**' દરેક પદાર્થને બદલવાની સમયની જે ક્રિયા તે તે પદાર્થના પરિણામથી ભિન્ન નથી. એ પરિણામસ્વરૂપ જ છે. જુઓ, આ અવસ્થાને સિદ્ધ કરે છે. આહા..હા..! આ તો જ્યાં હોય ત્યાં મેં આમ કર્યું ને મેં આ કર્યું. આ દવાવાળા એમ માનેને? મેં આને દવા આપી તો આમ થયું. દવા આપી મેં. તો કહે છે કે એ દવાની પરમાણુની પર્યાય બદલી એ એની ક્રિયા છે અને એ ક્રિયાનું પરિણામસ્વરૂપ છે, એ પરિણામસ્વરૂપે એ ક્રિયા છે. આહા..હા..! સંભળાય છે કે નહિ? સંભળાય છે? થોડું સંભળાય છે. કહો, સમજાણું કાંઈ? દરેક વસ્તુ છે અનંત આત્માઓ, અનંત પરમાણુઓ એ કાયમ સત્તાની હયાતી રાખીને ક્ષણે ક્ષણે રૂપાંતર રૂપી પર્યાયની ક્રિયારૂપી પર્યાય થાય છે. દરેક સમયે દરેક દ્રવ્યની.

મુમુક્ષુ :- આરામ ક્યારે કરે?

ઉત્તર :- એનો સ્વભાવ જ છે પછી આરામ જ છે ઇ. ધારાવાહી પ્રત્યેક દ્રવ્ય અને તત્ત્વ રૂપાંતર થવાની ક્રિયા સમયે સમયે છે. ન હોય તો એ પર્યાય જ એની સિદ્ધ થતી નથી અને એ ક્રિયા પરિણામસ્વરૂપ છે. એના પરિણામ એટલે કે અવસ્થાસ્વરૂપ જ છે. અને એ પરિણામથી ભિન્ન નથી. કેટલી વાત સિદ્ધ કરી છે! આહા..હા..! આને તો જ્યાં હોય ત્યાં આ મેં કર્યું... આ મેં કર્યું... આ મેં કર્યું, આ પુસ્તક મેં બનાવ્યું. કહો, આત્મધર્મ અમે કાઢીએ છીએ. ક્યાં ગયા? વેણીભાઈ નથી? ગયા હશે. એના ઓલા આવ્યા હતા એની સાથે ગયા હશે, એના ભાણેજ આવ્યા હતાને. એની સાથે ગયા પાલિતાણા. એની બેનના દીકરા રહે છે. કહો, સમજાણું? એને સૂક્ષ્મ શલ્યમાં આત્મા મરી જાય છે એની ખબર નથી. એ પાનામાં જે અક્ષર પડે છે અને પાના જે આમ ફરે છે એ બધી પાનાની બદલવાની ક્રિયારૂપે પરિણામ છે એ પાનાના. એમાં આ જોડે રહેલો એમ માને છે કે આ મારાથી આ ક્રિયા થઈ. સારા અક્ષર લખ્યા, શોભિતું બનાવ્યું, બીજાને પાસ થાય એવી રીતે હું લખું છું.

મુમુક્ષુ :- બીજા શાસ્ત્ર...

ઉત્તર :- એવું છે. .. અભિપ્રાયમાં લખવો કે આ આને પાસ કરે છે એનો અર્થ શું?

મુમુક્ષુ :- બીજા નાપાસ કરે.

ઉત્તર :- એ કરે, ન કરે એ એને ઘરે રહ્યા.

મુમુક્ષુ :- બીજા નાપાસ કરે છે એ બધા ખોટા છે.

ઉત્તર :- શું થાય? એ તો બધું જગત એમ જ ચાલે છે. એ નાપાસ કરવાની પરિણમનની ક્રિયા પણ એ નાપાસ કરનારની છે. એ ક્રિયા કોઈ બીજો કરી દે છે? એને એ પસંદ પડતું નથી માટે ત્યાં પરિણામ બદલે છે? એ તો એનો ક્રિયાનો બદલવાનો પર્યાયનો સ્વભાવ છે. સમયે સમયે અવસ્થા બદલે. આહા..હા..!

એ '**પરિણામસ્વરૂપ હોવાથી...**' ત્રણ સિદ્ધ કરે છે. પહેલી તો ક્રિયાથી ઉપાડ્યું છે. કારણ કે બદલે છેને? બદલે છે. ત્યારે એ બદલે છે એ શું ચીજ છે? કોઈ જોડે અનુકૂળ છે માટે બદલે છે? અને એ પહેલા એ પર્યાય કેમ નહોતી નિમિત્ત પહેલા? નિમિત્ત આવ્યું ત્યારે એ આમ બદલવાની ક્રિયા થઈ. એ વાત સિદ્ધ કરવા માટે (આ સિદ્ધ કરે છે). ભાઈ! નિમિત્ત પહેલા પણ જે એની પર્યાય હતી એ બીજે સમયે એ પર્યાય બદલી છે એ ક્રિયા એની છે. એ નિમિત્ત આવ્યું એની ક્રિયા (થઈ) છે એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

આ ચશ્મા આવ્યા માટે ત્યાં જ્ઞાનની (પર્યાય થઈ). નહોતા ત્યારે કેમ થયું? .. થયું ત્યારે થઈ કે નહિ જ્ઞાનની ક્રિયા? એમ અજ્ઞાનીને આની નિમિત્તની અનુકૂળતાની ક્રિયા (થઈ) માટે અહીં પર્યાય બદલે છે એમ જે માને છે એને સિદ્ધ કરે છે. ભાઈ! તે સમયે તે જ્ઞાનની પર્યાયનું બદલવું એ એની ક્રિયા છે અને એ ક્રિયા એના પરિણામસ્વરૂપ છે. અને એ

પરિણામસ્વરૂપ પરિણામ—ક્રિયાથી, પરિણામથી ક્રિયા ભિન્ન નથી અને એ પરિણામ દ્રવ્યથી ભિન્ન નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

આ રાડે રાડ પાડે બધા નિમિત્તવાળા. અનાદિના... અનાદિનું આવ્યું છેને ૮૪માં? ૮૪માં અનાદિનું આવ્યું છે. આહા..હા..! આ પર્યાયની સમય સમયની જે દ્રવ્ય તત્ત્વની અવસ્થા એ બદલતી દેખીને તને એમ થાય કે આ પરને લઈને બદલે. પહેલા કેમ આમ નહોતું? પછી કેમ એમ થયું? પહેલી રોટલી કાચી હતી અને તાવડે પડી ત્યારે પાકી થઈ એ બદલી કે નહિ? એ બદલી કોને લઈને? ઓલું અનુકૂળ પડ્યું ત્યારે કે નહિ? કહે, ના ના. એ બદલવાની ક્રિયા એ એના પરિણામસ્વરૂપ છે. એ તાવડીએ કે અગ્નિએ બદલી નથી. ભારે!

એ '**પરિણામ પણ પરિણામીથી...**' આહા..હા..! દરેક તત્ત્વના પરિણામ બદલતી ક્રિયા એ એના પરિણામ છે એટલે વર્તમાન અવસ્થા છે અને એ અવસ્થા એ પરિણામી તત્ત્વ એનાથી તે અવસ્થા જુદી નથી. એ '**પરિણામ પણ...**' એમ. ક્રિયા પરિણામસ્વરૂપ છે અને એ '**પરિણામ પણ પરિણામીથી ભિન્ન નથી...**' સમજાણું કાંઈ? ઓહો..હો..! એક ન્યાયે તો આખા છ દ્રવ્યના સમય સમયના પરિણામને ભિન્ન કરી નાખ્યા. આવી વાત! આહા..હા..! વસ્તુની મર્યાદા (આમ છે).

વસ્તુ આત્મા કહો, પરમાણુ રજકણ વસ્તુ પરમાણુઓ એમાં બદલતી અવસ્થા પહેલી નહોતી અને થઈ એથી જગતને ભ્રમ પડે છે કે નિમિત્ત હતું માટે થઈ એથી આ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ચોખો ઊના પાણીમાં પડ્યો ત્યારે પાક્યો. એ વાત ભ્રમ છે અજ્ઞાનીનો. કેમકે ચોખાના પરમાણુ છે એની અવસ્થા બદલી. પહેલી કાચી હતી અને પાકી એ ચોખાની ક્રિયા છે, એ ક્રિયા એના પરિણામથી જુદી નથી. એ પરિણામસ્વરૂપ છે અને એ પરિણામ એના પરિણામી ચોખાથી ભિન્ન નથી. અને તેથી ક્રિયાથી ઉપાડ્યું. કેમ ઉપાડ્યું? કોઈ બદલે છેને આમ? એટલે અજ્ઞાનીને ભ્રમ પડી જાય છે કે પહેલા આ નિમિત્ત નહોતું ત્યારે આમ નહોતું, ઓલું આવ્યું ત્યારે આમ થયું. એ ક્રિયાથી ઉપાડ્યું છે. આહા..હા..! 'ક્રિયા પર્યાયની ફેરણી...' આવે છેને આમાં? ૮૬માં આવશે, ૮૬માં. એટલે આ વાત ઉપાડી છે. ન્યાય સમજાય છે કાંઈ?

દરેક તત્ત્વ, જગતના અસ્તિ તત્ત્વો એટલે કે મોજૂદગી રાખનારા તત્ત્વો એની વર્તમાન અવસ્થાનું બદલવું થાય એ તો ક્રિયા એની છે એમ કહે છે અને તે ક્રિયા એના પરિણામથી જુદી નથી, એની અવસ્થાથી એ ક્રિયા જુદી નથી અને એ અવસ્થા, એ અવસ્થા કહો કે તે પરિણામ કહો, એ ત્રિકાળી પરિણામી પદાર્થથી તે અવસ્થા જુદી નથી. આહા..હા..! કેટલા નિયમ કહો, ભીખાભાઈ! આવી વાત નહોતી ત્યાં? આ તો સાદી વાત છે. આહા..હા..! એમાં પણ આવે છે 'જે કર્તા પરભાવનો...' પણ પાછા અર્થ ઊંધા કરે. આહા..હા..!

આ લાકડી છે જુઓ, હવે એ આમ છે અને આમ થઈ. તો એમાં પર્યાય બદલીને? બદલવું એ થયું ક્યારે? કે આંગળા આમ થયા તો. તો કહે છે કે ત્યાં જે બદલવાની ક્રિયા થઈ એ ક્રિયા એના પરિણામ, એની અવસ્થાસ્વરૂપે છે એ તો અને એ એની અવસ્થા સ્વરૂપથી પરિણામીથી એ અવસ્થા જુદી નથી કે જેથી આંગળી એને ઉંચી લાવે અને એની ક્રિયા કરે. અજ્ઞાનીને ભ્રમ પડી જાય છે. કહો, સમજાણું કાંઈ?

રોટલી હાથમાં લીધી અને આ કટકા કર્યા. ફટ બટકા કર્યા. તો કહે છે કે એને નિમિત્ત નહોતું ત્યારે બટકા કેમ ન થયા? એને હાથ અડ્યો ત્યારે એના કટકા થયા. ત્યારે કહે છે કે એ કટકાની પર્યાય પહેલી નહોતી અને થઈ એ શેમાં થઈ? રોટલીમાં થઈ. તારા આંગળા અનુકૂળ છે માટે થઈ, તો બે ક્રિયા, એની ક્રિયા અને આની ક્રિયા, એણે બેની ક્રિયા કરી? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કેમ હશે? ગીરધરભાઈ! કાર્યકર્તાનું કામ પણ કરે અને પોતાના પરિણામ પણ કરે. બે ના કરે? વસ્તુ છે કે નહિ? છે કે નહિ આ અસ્તિ સત્તા? આત્મા અને પરમાણુઓ, બીજા ચાર એક કોર રાખો કે આ છે કે નહિ? છે. તો છે એમાં બે પ્રકાર, એક કાયમ રહેવું અને એક બદલવું. તો એ બદલવું એ ક્રિયા છે એ તત્ત્વમાં થાય છે કે બદલવું ક્રિયા એ અનુકૂળને લઈને થાય છે?

મુમુક્ષુ :- એમાં પણ મોટો મતભેદ છે.

ઉત્તર :- મતભેદ જ અજ્ઞાનીનો અનાદિનો છેને. એ તો કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કર્મની અવસ્થા, કહે છે કે સત્તામાં પડ્યા હતા કર્મ. વસ્તુ છેને. એ ઉદય આવ્યો, એ પર્યાય થઈ, બદલી અને અહીં રાગ નહોતો અને રાગ થયો. ત્યારે એ નિમિત્ત આવ્યું ત્યારે અહીં રાગ થયો. તો કહે છે કે એ રાગ થયો એ કોની ક્રિયા છે? એ જીવની ક્રિયા છે કે એ કર્મની ક્રિયા છે? એ તો જીવની ક્રિયા છે. અને જીવની ક્રિયા એ જીવના પરિણામ છે અને એ પરિણામ પરિણામી ત્રિકાળથી ભિન્ન જુદી ચીજ નથી અને ઓલી ચીજ તો જુદી છે. કર્મ અવસ્થા, કર્મની અવસ્થા એ તો જુદી ચીજ છે. આહા..હા..! કર્મે ઉદય પણ કર્યો અને આને રાગ પણ કર્યો કર્મે. તો બે ક્રિયા એક દ્રવ્ય કરે? એમ જીવે રાગ પણ કર્યો અને કર્મની અવસ્થા પરમાણુમાં નહોતી એ અવસ્થા કર્મમાં થઈ. પહેલી કેમ નહોતી ત્યાં? એ તો વર્ગણા હતી. પછી કર્મરૂપ થઈ ત્યારે આ રાગ અનુકૂળ છે માટે એ અવસ્થા થઈ. તો કહે છે કે એ અવસ્થા બદલી એ શું ચીજ છે? એ તો એની ક્રિયા છે પરમાણુની અને ક્રિયા તો એના પરિણામ છે અને પરિણામ તો એના પરિણામીના છે. રાગના એ પરિણામ છે? સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! પણ ન્યાય, લોજિકથી તો સમજશે કે નહિ? આહા..હા..! બહુ સરસ ગાથા (છે). એક-એક એક-એક ચડતી જાય છે આમ.

પરિણામ પણ પરિણામીથી એટલે કે વસ્તુથી, એ ચીજથી એ બદલતી ક્રિયા પરિણામરૂપ

હોવાથી પરિણામથી ક્રિયા જુદી નથી અને એ પરિણામ દ્રવ્યથી જુદા નથી. હવે એણે કર્યું શું જુદા કર્મે આત્મામાં? અને કર્મમાં આત્માએ શું કર્યું? એમ કહે છે. કર્મ આત્માએ બાંધ્યા. એટલે શું થયું પણ તું કહે તો ખરો. કર્મની અવસ્થામાં પરમાણુઓમાં પહેલી અકર્મરૂપ અવસ્થા હતી. પછી બદલીને કર્મરૂપ અવસ્થા થઈ. એ ક્રિયા તો પરમાણુમાં થઈ અને એ ક્રિયા એ પરમાણુના પરિણામ છે અને એ પરિણામ પરમાણુથી જુદા નથી કે બીજો રાગ એને કર્મપણે કરે. કહો, હવે આ તો સમજાય એવું છે કે નહિ? આહા..હા..!

એ '**પરિણામ પણ પરિણામીથી...**' આહા..હા..! કેટલું સ્પષ્ટ! કેટલું ચોખ્ખું! ભાષાની પર્યાય થઈ, તો કહે છે કે ભાષાવર્ગણા હતી પહેલી, પછી ભાષાની પર્યાય થઈ એમાં. એ ક્રિયા થઈ અને એ ક્રિયા પરિણામસ્વરૂપ છે. ભાષાના પરિણામ સ્વરૂપ છે અને એ પરિણામસ્વરૂપ ભાષાના રજકણથી જુદા નથી કે જીવ એને કરે. ભાષા જીવ કરે! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! જેટલો રાગ કર્યો જેટલા પ્રમાણમાં એટલા જ પ્રમાણમાં ત્યાં કર્મના રજકણોની અવસ્થા થાય છે. કહો, દયાના ભાવ થોડા હોય અને તીર્થંકરપ્રકૃતિ બંધાય એમ હોય છે ત્યાં? એના જે પ્રકારના ભાવ જીવના, એ પ્રકારે કર્મની અવસ્થા ત્યાં થાય. તો કહે છે કે કર્મની અવસ્થા પહેલી પરમાણુમાં નહોતી અને અવસ્થા થઈ એ ક્રિયા કોની? એ તો પરમાણુની ક્રિયા છે. એ પરમાણુના પરિણામરૂપ ક્રિયા છે. એ તો પરમાણુના પરિણામરૂપ ક્રિયા છે. એના પરિણામથી ક્રિયા જુદી નથી તો પરિણામ પરિણામીથી જુદા નથી. કર્યું શું તેં? આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**કારણ કે પરિણામ અને પરિણામી અભિન્ન વસ્તુ છે.**' આહા..હા..! સમય સમયના પરિણામ ભિન્ન રહેંસીને બતાવ્યા છે. આહા..હા..! અમે હતા તો આ માણસો સુધર્યા. અનુકૂળ નિમિત્ત તો છીએને અમે, તો એના પરિણામ સુધર્યા. પહેલા ક્યાં પરિણામ આવા હતા? અહીં પરિણામ જે થયા એ શું થયું? એ તો આત્માની બદલતી અવસ્થારૂપ ક્રિયા છે અને એ ક્રિયા એ પરિણામસ્વરૂપ છે, એના પર્યાયસ્વરૂપ છે અને એ પર્યાય દ્રવ્યથી અભિન્ન છે. વાણીથી એમાં થયું શું? એ પરિણામ પરિણામી... ભાષા જુઓને. આહા..હા..! આ પરિણામ તો આજ આવ્યું એ હશે? આ છોકરાને આજ પરિણામ હતું. આજ છોકરા લેવા ગયા હતા. પરિણામ-પરિણામ બધા પરીક્ષાના. એ પરિણામ હશે આ? આ તો પરિણામ એટલે એની અવસ્થા. વસ્તુની ક્ષણે ક્ષણે થતી અવસ્થા એ એનું પરિણામ કહેવાય. અને એ પરિણામ એ એની બદલતી ક્રિયારૂપે પરિણામ છે અને એ પરિણામ પરિણામી ચીજ છે એનાથી જુદી નથી. એનાથી જુદી જે ચીજ છે એનાથી એ પરિણામ થયા નથી. જીવમાં રાગ થયો તો કર્મનો ઉદય આવ્યો એથી અહીં રાગ થયો એમ પણ નથી અને રાગ થયો તો કર્મના રજકણને કર્મરૂપે થવું હતું એમ પણ નથી. કહો, સમજાણું કાંઈ? ભારે વાત આ.

જુદી જુદી બે વસ્તુ નથી. પરિણામ અને પરિણામી, અવસ્થા અને અવસ્થાયી, દશા અને દશાવાન બે જુદાં નથી. આહા..હા..! નિમિત્તથી કાઢી નાખો તો કોઈ વાત રહેશે નહિ ભાઈ અનુકૂળતા કરવાની. દુકાને હુશિયાર માણસ બેઠો હોય તો જુઓ આમ માલ ખરીદે, ગ્રાહક કરી દે વેપાર, ધંધો સરખો ચાલે. ઉદ્યોગપતિ લ્યો આ બધા. ઉદ્યોગની ક્રિયા એણે કરી કે નહિ જીવે? તો કહે છે કે જડમાં બદલવાની ક્રિયા જે હતી એ તો જડના પરિણામસ્વરૂપ છે અને એ પરિણામ તો એના દ્રવ્યસ્વરૂપ છે. બીજાએ શું કર્યું ઉદ્યોગમાં? રાગ તો કર્યો એ પોતાને કારણે કર્યો છે. એ ઉદ્યોગ થયો માટે રાગ થયો એમ પણ નથી.

મુમુક્ષુ :- બરાબર છે. પોતાને કારણે જ થયો.

ઉત્તર :- .. ઉદ્યોગની ક્રિયા થઈ માટે અહીં રાગ થયો છે? અને રાગ થયો માટે ઉદ્યોગની ક્રિયા જડમાં દેખાય, વેપારમાં લેવું-દેવું ધમાલ ચોવીસ કલાક આખો દિ' લ્યો. લીધું-દીધું, દીધું-લીધું કરે છે ત્યાં ... કોલાબામાં. તે દિ' ઘણા વર્ષ પહેલાં જોયેલું. કોલાબામાં. (સંવત) ૧૯૬૦ની વાત હશે. કોલાબામાં છેને? દરિયાને કાંઠે મોટું મકાન છે. પછી મારવાડી આમ બરાબર બોલતો હતો દીધું-લીધું... લીધું-દીધું... શું કરે છે આ તે? ગાંડા છે બધા. કાંઈ ભાન ન મળે હોં. મોટા મૂર્ખના સરદારો છે. આહા..હા..! હુશિયારી બનાવે. એમ કહે અમે હુશિયાર છીએ જુઓ. અરે..! આમ ઝપટ કરાવે, સામાને અસર કરે. એવી ચીજ છે તમારી પાસે? અમારી પાસે છે લ્યો. પણ એટલે શું? અસર કરે એટલે શું? અસર કરવું એટલે શું? જે સામે પર્યાય થાય છે એ તો એની અસરની એની ક્રિયા છે. એમાં બીજાની અસર આવી ક્યાંથી? કહો, સમજાણું કાંઈ?

બીબુ આમ રંગીને સરખું મૂકે આમ. ત્યારે એમાં સરખી છાપ આવે કે નહિ? આહા..હા..! કહે છે કે એ બીબુ દેખાય છે જે પડ્યું એ કોઈ તત્ત્વ છે કે નહિ? અને તત્ત્વ છે તો પહેલી અવસ્થાથી બદલીને એમાં થયું કે બીબાએ કર્યું? કારણ કે બદલવાની અવસ્થા તો એની છે અને એ અવસ્થા એની અવસ્થાથી ક્રિયા જુદી નથી અને એ અવસ્થા વસ્તુથી જુદી નથી. હવે તારે શું કરવું છે? આહા..હા..! કહો, સમજાણું?

'**માટે (એમ સિદ્ધ થયું કે)...**' આ કારણે એમ સાબિત થયું. લોજિકથી તો વાત કરે છે અહીંયાં. એમ ને એમ ઘસડી-પસડીને વાત નથી. આહા..હા..! '**જે કોઈ ક્રિયા છે તે બધીયે ક્રિયાવાનથી ભિન્ન નથી.**' પાછું ત્યાં ઉપાડીને મૂક્યું. પહેલી ક્રિયા કીધી, ક્રિયા તે પરિણામસ્વરૂપ કીધી, પરિણામ તે પરિણામીથી એક કીધી. ... સરવાળો લીધો. જેટલા પદાર્થોનું બદલવાની અવસ્થા થાય '**તે બધીયે ક્રિયા...**' '**કોઈ ક્રિયા છે તે...**' કોઈ ક્રિયા. પરમાણુની હો, આત્માની હો. '**કોઈ ક્રિયા છે તે બધીયે ક્રિયાવાન...**' તે દ્રવ્ય જે વસ્તુ છે એ ક્રિયાવાન છે. એનાથી ભિન્ન નથી. કહો, સમજાણું? ક્રિયા ક્રિયાવાનથી

જુદી નથી. પરિણામ પરિણામીથી જુદું નથી. હવે આમાં શું કર્યું કહે છે તેં? દયાના ભાવ રાગ (થયો). પહેલો નહોતો ભાવ અને રાગ થયો. એ તો રાગ થયો એ તો પર્યાય ક્રિયા થઈ. હવે એ ક્રિયા એ પરિણામસ્વરૂપ છે અને એ પરિણામ પરિણામીથી જુદા નથી. તો જેટલી ક્રિયા છે એ ક્રિયાવાનથી જુદી નથી. એથી બીજો એની ક્રિયા કરે, નિમિત્ત અનુકૂળ હોય તો ત્યાં ક્રિયા થાય એમ રહેતું નથી. ભારે ભાઈ આખી દુનિયાથી (જુદી વાત). ઉપાદાન-નિમિત્તના ઝઘડા.

'જે કોઈ ક્રિયા છે...' ઓહો..હો..! સમ્યગ્દર્શનની પર્યાય થઈ. મિથ્યાત્વનો નાશ થઈ અને સમ્યક્‌ની પર્યાય થઈ એ ક્રિયા. એ ક્રિયા જીવના પરિણામસ્વરૂપ છે અને એ પરિણામ જીવથી જુદાં નથી. તો કર્મનો અભાવ થયો માટે ત્યાં સમ્યગ્દર્શન થયું, દર્શનમોહનો અભાવ-ક્ષય થયો તો આ થયું એમ રહેતું નથી. કેવળજ્ઞાનાવરણીય ક્ષય થાય તો કેવળજ્ઞાન થાય એમ રહેતું નથી. ... રાડ નાખે છેને બધા, રતનચંદજી ને... આહા..હા..! .. જયધવલ, મહાધવલ. એમાં શું થયું પણ? એમાં નિમિત્તની પ્રધાનતાથી કથન છે વ્યવહારના. સમજાણું કાંઈ?

વસ્તુ, કોઈપણ વસ્તુ એની વર્તમાન બદલતી પર્યાયની ક્રિયા એના પર્યાયરૂપ પરિણામથી જુદી નથી. જે કોઈ ક્રિયા છે તે બધી એ ક્રિયાવાનથી જુદી નથી લ્યો! કહો, હુશિયાર માણસ આમ કરે એમ હોય કે નહિ કાંઈ? કડિયો સારો હોય તો મકાન કેટલું સારું કરે? બાઈ હુશિયાર હોય તો લાડવા, પુડલા, દાળ, ભાત, શાક હળવા હાથવાળાને.. શું થયું સાંભળને. એ સામી ચીજ છે કે નહિ? અને એ ચીજ બદલતી અવસ્થા એ ક્રિયા છે કે નહિ? અને એ ક્રિયા એની અવસ્થામાં છે? કે એ ક્રિયા બહારને લઈને છે? એ તો અવસ્થામાં છે અને એ અવસ્થા તો પરિણામ છે અને પરિણામ એના પરિણામીથી જુદી નથી. માટે બધી જગતની ક્રિયાઓ ક્રિયાવાનથી જુદી નથી. એટલે કે બધી વસ્તુની ક્રિયા બીજાથી થઈ નથી. કહો, સમજાણું આમાં? પરજીવની દયા પાળી.

મુમુક્ષુ :- એ તો જૈનધર્મ છે.

ઉત્તર :- જૈનધર્મ કોણે કહ્યો? ક્રિયાનો રાગ થયો એ તારો. એ ક્રિયા પરિણામ તારા, એ પરિણામથી તું જુદો નહિ. પણ જુદી ચીજની દયા પળી ગઈ રાગને લઈને એમ છે? એ તો એના પરમાણુની જે એની જે પર્યાય હતી એ બદલી અને ટકી રહી છે. એ ક્રિયા પરમાણુ અને બીજા જીવની છે. એ ક્રિયા એના પરિણામીથી જુદી નથી કે જે દયાના પરિણામવાળો એની દયા પાળે. આહા..હા..!

**'ક્રિયા છે તે બધીયે ક્રિયાવાનથી ભિન્ન નથી. આમ, વસ્તુસ્થિતિથી જ...'** છે. જુઓને ભાષા. આહા..હા..! **'આમ, વસ્તુસ્થિતિથી જ (અર્થાત્ વસ્તુની એવી**

જ મર્યાદા હોવાને લીધે)...' હવે સિદ્ધ કરે છે. '**ક્રિયા અને કર્તાનું અભિન્નપણું તપતું હોવાથી,...**' આહા..હા..! દરેક વસ્તુની વર્તમાન અવસ્થારૂપી ક્રિયા અને એનો કર્તા તે દ્રવ્ય. એ ક્રિયા અને કર્તાનું એકપણું સદાય તપતું હોવાથી. આહા..હા..! સદાય એમ બનતું હોવાથી એમ કહે છે. શોભિત એ રીતે દ્રવ્ય છે. એના પરિણામની ક્રિયા એનો કર્તા એ પરિણામી. એવું ક્રિયા અને કર્તાનું એકપણું હોવાથી, તપતું હોવાથી એ રીતે જ પ્રકાશવાની એની દરેક દ્રવ્યની પર્યાય થાય છે. પરને લઈને જરીએ નથી. આહા..હા..! મોટા ઉપાદાન અને નિમિત્તના ઝઘડા. ભૈયા ભગવતીદાસે કર્યું ઉપાદાન-નિમિત્તનું. ત્યારે એક પંડિત નીકળ્યો કે નિમિત્તની દલીલ બરાબર છે. ઉપાદાનની.. એના માટે આ કર્યું છે? સાંભળને.

મુમુક્ષુ :- પોતાના મતલબની વાત માની...

ઉત્તર :- પણ એનો અર્થ શું? નિમિત્ત હાર્યો એમ છે એમાં તો. નિમિત્ત હારી ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે આત્મા રાગની ક્રિયા પોતે પોતાથી અભિન્ન રહીને કરે, પણ એ રાગવાળો જીવ પરની પર્યાયને કાંઈ કરે, કર્મ બાંધવાની ક્રિયા કરે, કર્મ છોડવાની ક્રિયા કરે, રજકણ લાવવાની કરે, રજકણ છોડવાની કરે એ એકેય વાતમાં દોકડો સાચો નથી. કહો, આ ઘરમાં સારા અનાજ હોય, કેવા? ધોળીયા ઘઉં હોય એનો લોટ ધોળો હોય. એમાં ઘી હોય તાજા ગાયના અને એમાં સાકર નાખીને લાડવા કરે લ્યો! એ લાડવાની ક્રિયા કરી કે નહિ જીવે? પહેલા હતો લાડવો? એ લાડવો થવાની એમાં શક્તિ હતી. એવી ક્રિયા થઈને લાડવો એ પરમાણુથી થયો છે. બીજો કહે કે મારાથી થયો છે. ભાખરી સરખી કરી, પકવીને પછી ભૂકો કરીને ગોળ નાખ્યો. લાડવો સરખો વાળ્યો. નાના-નાના વાળજો નહિતર મોટામાં તો થોડું ખાશે અને કાઢી નાખશે. નાના નાના વાળવામાં ઘી વધારે ... નાના વાળજો. એ વાળી શકતો હશે? એમ ઘણા કહે છે. મોટા લાડુ હોય તો નાના ખાઈ શકે નહિ, એઠું મૂકી દે. એ કરતા પહેલેથી નાના વાળવા. ભલે વધારે આપીએ, બીજો આપો, ત્રીજો આપે, પણ વાળજો નાના. એ વાળી શકે આત્મા? એ વાળી શકે ઈ? આહા..હા..! એ પરમાણુની બદલતી અવસ્થા તે પરમાણુ એનો કર્તા અને એની ક્રિયા એની. છેને?

'**ક્રિયા અને કર્તાનું અભિન્નપણું તપતું હોવાથી,...**' આહા..હા..! ટીકા તે પણ ટીકા છે! એક ગાથા જોવે તો આખી દુનિયાથી જુદો પડી જાય. જ્યાં હોય ત્યાં હું... હું... હું... હું... હું... અને પોતાનો દેખાવ કરાવા આટલું આટલું હું કરું છું, આટલું આટલું મેં કર્યું અને આટલું આટલું તેં કર્યું. તને કરતા આવડ્યું નહિ. આહા..હા..! બે ભેગા થઈને કર્યું વળી એમ કહે. પાંચ આંગળે ... એક આંગળી તુટી ગઈ હોય તો? બુઠું લાગે. એમ પાંચ માણસ ભેગા થઈને કામ કરે તો શોભતું થાય. અહીં ના પાડે છે. ભગવાનજીભાઈ! શું કહે

છે? હુશિયાર છોકરા હોય તો ત્યાં કરે લ્યો. આહા..હા..! કેટલું સિદ્ધ કર્યું છે! ઓહો..હો..!

રાગાદિની ક્રિયા કે સમ્યગ્દર્શનની ક્રિયા, બધી ક્રિયા એ ક્રિયાવાનથી જુદી નથી એમ કહે છે. એ તો ૮૩માં આવી ગયુંને બધું? સસંસાર-નિઃસંસાર એમાં કર્મનું નિમિત્તપણું અને અભાવપણું હોવા છતાં એ કર્મને કરતો નથી અને કર્મથી એ થતું નથી. આહા..હા..! હજી આ વાત બેસે નહિ એને ભેદજ્ઞાન અંદરથી થાય નહિ. હજી તો રાગથી બીજામાં થયું અને બીજાને લઈને મારામાં થયું આવી જેની મિથ્યાશ્રદ્ધા શલ્ય (રહે છે) એને રાગથી ભિન્ન આત્મા કોઈ રીતે બેસે નહિ. અને ભિન્ન ભાવથી આત્માનું જ્ઞાન થાય, શુભભાવથી આત્માની શુદ્ધતા આવે (આવી માન્યતાવાળાને) એ કોઈ રીતે બેસે નહિ એને. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જીવ જેમ વ્યાપ્યવ્યાપકભાવથી પોતાના પરિણામને કરે છે...'** આત્મા પોતે પોતાની વિકાર અવસ્થા કે નિર્વિકારી અવસ્થા એ એનું વાચ્ય એને વ્યાપક થઈને પોતે પ્રસરીને એ કામ કરે. વ્યાપક એટલે કર્તા અને વ્યાપ્ય એટલે ક્રિયા, કર્મ. કહો, સમજાણું કાંઈ? **'જીવ જેમ...'** પોતાની વિકારી કે અવિકારી અવસ્થા એને વ્યાપકભાવથી **'પોતાના પરિણામને કરે છે...'** મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, કેવળજ્ઞાન એવા પરિણામને પોતે કરે. લ્યો! **'અને ભાવ્યભાવકભાવથી તેને જ અનુભવે-ભોગવે છે...'** શું કીધું? જીવ રાગ અને પુણ્ય અને પાપના ભાવ પોતે કરે એને ભોગવે. એ પરને કરે નહિ અને પરને ભોગવે નહિ. આહા..હા..! આત્મા દાળ, ભાત અને શાકને ભોગવે નહિ એમ કહે છે. આ કપડા કપડા સારા હોયને ઘરમાં? ટ્રંકમાં ભરી રાખ્યા હોય જુદી જુદી ભાતવાળા. ક્યાંક જાવું હોય તો અમુક જાતની ભાતવાળું પહેરે, દિશાએ જાવું હોય તો અમુક જાતનું પહેરે. કહો, ભોગવાય છે કે નહિ ઈ? બાયું પાસે તો કેટલાય કપડા હોય.

મુમુક્ષુ :- ભોગ-ઉપભોગની વ્યાખ્યા જ એ આવે છે.

ઉત્તર :- એકવાર ભોગવાય તે ભોગ અને વારંવાર ભોગવાય તે ઉપભોગ. અહીં કહે છે કે એ વાત ખોટી છે તારી. સાંભળને. તારા રાગના ભાવને કર અને રાગના ભાવને ભોગવ. સમ્યગ્દર્શનના પરિણામને કર અને સમ્યગ્દર્શનના પરિણામને ભોગવ. આહા..હા..! પરને કર અને પરને ભોગવે (એમ છે નહિ). કહો, આ પૈસાવાળા હોય એ પૈસાને ભોગવે, ગરીબ માણસ મજૂરી કરીને એ ભોગવે સાંજે રોટલો દાળ. લ્યો! કઢી-ખીચડી (ભોગવે). એ બધી વાત ખોટી છે કહે છે. દેવશીભાઈ! શું આ મકાન-બકાન કરતા નહોતા તમે? આહા..હા..! અહીં કેટલું બનાવ્યું? વજુભાઈએ આ બધું બનાવ્યું છેને બધું આ. આ વજુભાઈએ બધું કર્યું નથી? આ હિંમતભાઈએ પુસ્તકો લાખો કર્યા લ્યો. દસ લાખ, આઠ લાખ હિંમતભાઈએ કર્યા છે. આ અર્થ કોણે કર્યા આવા? કહે છે કે એ શબ્દની પર્યાય હતી. પરમાણુની પર્યાય એ પોતે એની પરમાણુની ક્રિયા છે. એ ક્રિયાનો કર્તા એ પરમાણુ છે અને એના પરિણામનો

ભોક્તા પણ એ પરમાણુ છે. તું એને કર અને તું એને ભોગવ એમ ત્રણ કાળમાં છે નહિ. ભારે ધર્મ ભાઈ! કેમ હશે આમાં? મૂળચંદભાઈ! તમારો દીકરો ત્યાં મોટા બાગ-બગીચા ભોગવતો નથી? આહા..હા..! બાગ-બગીચા, મોટા મકાન. લ્યો! તમારે ત્યાં ચોરણા પહેરવા પડે. એને ઘરે જાવું હોય તો આવા ચાલે? ચીથરા જેવા પહેરવા ધોતિયા. ઓલો મોટો કરોડપતિ આનો બાપ હશે આવો? આવા બાપ કેવા? પૂંછડા જેવા ... ઓલું તો આમ શું કહેવાય ઈ? પાટલુન સરખું પહેર્યું હોય. ૬૫ વર્ષના ૭૦ વર્ષના માણસને એ પહેરવું પડે ત્યાં છોકરા પાસે. કહે છે કે એ પરમાણુની પર્યાય આત્મા ભોગવે અને કરે એ વાત જરીએ એમાં સાચું નથી. આહા..હા..! વ્યવહારે તો કરે કે નહિ? હવે નિશ્ચયથી ન કરે. બે નય છે કે નહિ? આ તો નિશ્ચયનયની વાત છે. આહા..હા..! વ્યવહારની તો આવી ગઈ. અજ્ઞાનીનો પ્રસિદ્ધ વ્યવહાર એ માને છે એવો છે. ખાવું, પીવું આપણે ખાઈએને આ? ખાધા વિના ચાલે ભાઈ? કહો. આહા..હા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે કે આ જગતના અનંતા તત્ત્વો છે એવી જો તને માન્યતા સાચી હોય તો અનંતા તત્ત્વોમાં જે ક્ષણે ક્ષણે એના પરિણામરૂપી ક્રિયા થાય એ ક્રિયાનો કર્તા એ દ્રવ્ય છે. અનંતને તું માનતો હો તો. ન માનતો હો તો અજ્ઞાન છે. એમાં તો આ વાત સાચી હોઈ શકે નહિ. આહા..હા..! કહે છે કે જેમ જીવ પોતાની રાગની અવસ્થા અને વીતરાગી સમ્યગ્દર્શનની અવસ્થાને વ્યાપ્યવ્યાપક ભાવથી કરે અને ભાવ્યભાવકથી ભોગવે. પોતાના વિકારીભાવને અજ્ઞાની ભોગવે, જ્ઞાની નિર્વિકારી ભાવને ભોગવે. '**તેમ જો વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્ગલકર્મને પણ કરે...**' એ સિદ્ધ તો અહીં કરવું છે. આવે છે કે નહિ જ્ઞાનાવરણીયમાં? આ છ કારણે જ્ઞાનાવરણીય બંધાય. નથી આવતું? જ્ઞાનની અશાતના, જ્ઞાનીની અશાતના, જ્ઞાનનું ઓળવવું એ આવે છે કે નહિ? છ કારણે જ્ઞાનાવરણીય બંધાય. એ તો ના પાડે છે. કહો, શું શીખીને આવ્યો છે? છ કારણે જ્ઞાનાવરણીય બંધાય એ શીખવ્યું. એય..! છ કારણે દર્શનાવરણીય બંધાય, અમુક કારણે મોહનીય બંધાય, અમુક કારણે આયુષ્ય બંધાય લ્યો! અમુક ભાવથી દેવનું આયુષ્ય બંધાય, અમુક ભાવથી નરકનું બંધાય. એ બધી ગપ છે કહે છે. આહા..હા..!

જીવ પોતાના ભાવને વિકારને કે અવિકારને કરે અને વિકાર-અવિકારને ભોગવે. એમ ભેગો કર્મને પણ કરે ને કર્મને પણ ભોગવે એવું જો હોય '**તો તે જીવ પોતાની અને પરની...**' છેને? '**વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્ગલકર્મને પણ કરે અને ભાવ્યભાવકભાવથી તેને જ ભોગવે...**' આહા..હા..! ભાઈ! જેવા બાંધ્યા એવો ભોગવવા ભાઈ. એમ કહે છેને? એ વાત ખોટી છે કહે છે. કર્મ આત્મા બાંધે નહિ અને કર્મ આત્મા ભોગવે નહિ. એ પોતાના વિકારી ભાવને કરે અને વિકારી ભાવને ભોગવે. આહા..હા..! પોતે જેમ પોતાની અવસ્થામાં

કર્તાપણે હોય છે અને પોતાની અવસ્થાના ભોગવવાપણે હોય છે એમ **'પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી...'** એમ કર્મને પણ આત્મા કરે અને એને ભોગવે. તો તો **'બે ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવતાં...'** આહા..હા..! **'સ્વ-પરનો પરસ્પર વિભાગ અસ્ત થઈ જવાથી...'** એ જુદા રહેતા નથી. જુદાં રહેતા નથી તો નાશ થઈ જાય છે. આહા..હા..! **'અભિન્નપણાનો પ્રસંગ આવતાં સ્વ-પરનો પરસ્પર વિભાગ અસ્ત થઈ જવાથી...'** પોતાની પરિણામ દશાને કરે અને પરને પણ કરે. અથવા પર એની પર્યાયને પણ કરે અને આ આત્માના ભાવને પણ કરે. એવું જો હોય તો સ્વ-પરનો પરસ્પર વિભાગ આથમી જાય છે, અસ્ત થઈ જાય છે, બે જુદા રહેતા નથી. આહા..હા..! બે દ્રવ્યની ક્રિયા. ભાઈ! મોટા વાંધા અત્યારે આ.

**'અનેકદ્રવ્યસ્વરૂપ...'** એ તો જુદાં-જુદાં દ્રવ્ય થયા. આત્મા જુદું તત્ત્વ, કર્મ જુદું તત્ત્વ. આહા..હા..! જેમ પોતે પોતાના રાગને ભોગવે એમ જીવ સ્ત્રીના શરીરને પણ ભોગવે, એમ જે બે માને એ બે દ્રવ્યની ભિન્નતા આથમી ગઈ છે, નાશ થઈ ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'પરસ્પર વિભાગ અસ્ત થઈ જવાથી (નાશ પામવાથી), અનેકદ્રવ્યસ્વરૂપ એક આત્માને અનુભવતો થકો...'** પોતાની પર્યાયનું અને બીજાની પર્યાયનું કરવું, ભોગવવું એમ **'અનેકદ્રવ્યસ્વરૂપ એક આત્માને અનુભવતો થકો મિથ્યાદષ્ટિપણાને લીધે સર્વજ્ઞના મતની** બહાર છે.' **'जिनावमतम्'** છેને? જિનને એ માન્ય નથી. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરને એ માન્ય નથી. આહા..હા..! આવો ખુલાસો સ્પષ્ટ (છે) છતાં ઝઘડા એવા કરે છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નાખવું પડ્યું, શું કરે? હું એકલો કહેતો નથી, આ તો ભગવાન સર્વજ્ઞ પરમાત્મા આમ કહે છે. ટીકાકારે જિનમતનો અર્થ સર્વજ્ઞ કરવો પડ્યો.

સર્વજ્ઞ ભગવાન એમ જાણે છે કે દરેક દ્રવ્યની પર્યાય ભિન્ન-ભિન્ન પોતાથી થાય છે. એ પરને કરે અને પર એને કરે એવું ત્રણ કાળમાં બનતું નથી. આહા..હા..! આત્મા(ને) વીંછી કરડ્યો તો એને અંદર અણગમો થયો તો એ દ્વેષને ભોગવ્યો, પણ વીંછીના કરડને પણ ભોગવે એમ બે ન ભેગું થાય. બે દ્રવ્યની ક્રિયા એક થતાં બે દ્રવ્ય એક થઈ જાય છે. એ મિથ્યાદષ્ટિ છે. એની દૃષ્ટિમાં મિથ્યાત્વ છે. આહા..હા..! જૂઠાપણું છે. એ જૂઠો થઈને ઝુલે છે. આહા..હા..!

**'સર્વજ્ઞના મતની** બહાર છે.' ત્રિલોકનાથ સર્વજ્ઞ અરિહંત પરમેશ્વર એમણે જે સ્વતંત્રતા દરેક પર્યાયની ભિન્ન કહી એવું એણે માન્યું નહિ. તે સર્વજ્ઞની આજ્ઞા બહાર છે બધા. એ જૈન નથી એમ કહે છે. ભીખાભાઈ! એ જૈન નથી. આહા..હા..! ભાવાર્થ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ-૧૫, રવિવાર, તા. ૨૨-૧૦-૧૯૭૨
## ગાથા-૮૫, પ્રવચન-૧૯૯

સમયસાર, કર્તાકર્મ અધિકાર છે. ૮૫ ગાથા એની '**ટીકા :- પ્રથમ તો,...**' મહા પરમસત્ય સિદ્ધાંત છે આ. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો અને વસ્તુનું સ્વરૂપ છે એવો. એવો ભગવાનનો હુકમ છે. ભગવાને કહ્યુંને? '**जिनावमतम्**' કહ્યું છેને? આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણવામાં આવ્યા એ તો એવો એનો જીવનો સ્વભાવ જ હતો, સર્વજ્ઞસ્વભાવ જ એનો હતો એ વર્તમાન પર્યાયમાં પ્રગટ થયો એ સર્વજ્ઞ સ્વભાવને આશ્રયે. ત્યારે ભગવાનની વાણી ઈચ્છા વિના નીકળી. નિમિત્ત પણ ભગવાનનું છેને એટલે એની વાણી એમ કહેવામાં આવે છે. બાકી તો વાણીના કર્તા પણ ભગવાન નથી. પણ વાણીમાં એ આવ્યું કે મુખ્ય વાત તો એ છે કે. પ્રથમ શબ્દ છેને? '**तावद**' મુખ્ય જગતના તત્ત્વો માટે કહેવાનું હોય તો આ છે કે. એમ.

'**જગતમાં...**' છ દ્રવ્યો છે જાતિએ, સંખ્યાએ અનંત છે. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. વીતરાગ પરમાત્મા તીર્થંકરદેવના જ્ઞાનમાં છ જાતિ તરીકે, સંખ્યા અનંત તરીકે જ્ઞાનમાં આવી. એ ભગવાનની વાણી પરમસત્યનો ઢંઢેરો પીટતી એમ કહે છે. ભાઈ! '**પ્રથમ તો,...**' મુખ્ય વાત તો એ છે કે '**જગતમાં જે ક્રિયા છે...**' આ જગત એક તો સિદ્ધ કર્યું. ચૌદ બ્રહ્માંડ, છ દ્રવ્યસ્વરૂપ જગત. એમાં '**જે ક્રિયા છે...**' ક્રિયા નામ અવસ્થાનું પલટવું. આ પહેલી ક્રિયા કેમ લીધી પરિણામ સાધારણ ન લેતા? કેમકે અવસ્થા, દરેક પદાર્થ અવસ્થા ક્ષણે ક્ષણે પલટે છેને એટલે પલટવામાં જગતને ભ્રમ પડી જાય કે આ પલટવું પહેલી પર્યાય બીજી હતી અને પછી બીજી થઈ તો કાંઈક એને નિમિત્તની અસર અને નિમિત્તને કારણે છે આ? એમ નથી. એ માટે પરિણામથી ન ઉપાડતા ક્રિયાથી ઉપાડ્યું. ક્રિયા (અર્થાત્) પર્યાયનું ફરવું. દરેક પદાર્થની અવસ્થાનું ફરવું એ ક્રિયા. પરમાણુની હો કે આત્માની હો, નિગોદની હો કે સિદ્ધની હો. એ જગતમાં જે ક્રિયા છે એટલે કે જે અવસ્થાનું બદલવું થાય છે '**તે બધીયે...**' પાછી બધીયે આમ શબ્દ (છે).

અનંતા ગુણો છે દરેક દ્રવ્યના અને અનંતા ગુણોની અનંતી પર્યાય પલટે સમયે સમયે. એટલે કહે છે કે '**જે ક્રિયા છે તે બધીયે...**' અનંતા ગુણનું પરિણમન પરમાણુનું હો

કે આત્માનું હો, ધર્માસ્તિ, આકાશ આદિનું હો. '**તે બધીયે પરિણામસ્વરૂપ હોવાથી...**' પછી નાખ્યું કે એ પલટવાની જે પર્યાય છે ક્રિયા એ બધું પરિણામસ્વરૂપ છે. પરિણામ એટલે? એ દ્રવ્યની અવસ્થાસ્વરૂપ છે. સમજાણું કાંઈ? '**બધીયે...**' આહા..હા..! એમ કહીને તો અનંતા ગુણની સમયે સમયે પલટતી અવસ્થા એમાં વિલક્ષણતા નિમિત્તને લઈને દેખાય એમ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે બધીયે પરિણામસ્વરૂપ હોવાથી...**' એ આત્માની હો કે પરમાણુની હો. એ પલટતી અવસ્થાની જે ક્રિયા એ બધીયે એ દ્રવ્યના પરિણામસ્વરૂપ છે, એ વસ્તુના વર્તમાન અવસ્થાસ્વરૂપ છે.

એ '**ખરેખર પરિણામથી ભિન્ન નથી;...**' પરિણામસ્વરૂપ હોવાથી એમ ભાષા (છે). આહા..હા..! દરેક આત્મા અને પ્રત્યેક પરમાણુ અસ્તિપણે, કાયમ રહીને હયાતીપણું કાયમ રાખીને ક્ષણે ક્ષણે જે બદલવાની અવસ્થા પ્રત્યેક દ્રવ્યમાં એક સમયે જે દેખાય છે એ બધીયે. આહા..હા..! જુઓને! બધી કહીને શું કહ્યું છે? કે જેટલા દ્રવ્યો છે એના જેટલા ગુણો છે એ ગુણોની બધી ક્રિયાઓ જે પલટતી એ બધી પરિણામસ્વરૂપ હોવાથી. તે વસ્તુના એ પરિણામ છે. એ પલટવું, અનંતા ગુણની અવસ્થાનું પલટવું તે તે દ્રવ્યના એ પરિણામ છે.

'**પરિણામસ્વરૂપ હોવાથી ખરેખર...**' પાછી ભાષા જુઓ! '**પરિણામથી ભિન્ન નથી...**' એ ક્રિયા પરિણામસ્વરૂપ હોવાથી. જેમકે આ શરીર અત્યારે લ્યો જુઓ, આ શરીર છેને? અનંતા રજકણવાળું તત્ત્વ છે આ. એમાં પ્રત્યેક પરમાણુ અનંત ગુણવાળા છે અને એમાં રહેલો આત્મા જુદો એ પણ અનંત ગુણવાળો છે. અને એ આત્માના અનંતા ગુણોની પહેલી અવસ્થા કરતાં બીજી આમ બદલીને થાય, આ પરમાણુ આમ છે અને આમ થાય એ બધી ક્રિયા પરિણામસ્વરૂપ, બધી ક્રિયાથી તે પરમાણુની કે આત્માની તે તત્ત્વના, તે દ્રવ્યના પરિણામસ્વરૂપ હોવાથી ખરેખર તે તેના પરિણામ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ '**પરિણામથી ભિન્ન નથી...**' સમજાય છે કાંઈ?

આત્મા કે પરમાણુ રજકણ અનંત છે. એ દરેક સમયે તે અનંત ગુણની એકરૂપ સ્થિતિ નથી. એથી એનું પલટવું થાય એ એની ક્રિયા છે. એ ક્રિયા ખરેખર પરિણામસ્વરૂપ હોવાથી, બધી ક્રિયા પરિણામસ્વરૂપ હોવાથી. સમજાય છે કાંઈ? તે '**ખરેખર પરિણામથી...**' એ ક્રિયાના પરિણામથી જુદા નથી. આહા..હા..! '**પરિણામ પણ પરિણામીથી ભિન્ન નથી...**' હવે ત્યાં આવ્યું. પલટતી ક્રિયા સમય સમયમાં અનંતા ગુણની એ પલટતી ક્રિયા પરિણામસ્વરૂપ હોવાથી ખરેખર તેની અવસ્થાને પરિણામથી તે ક્રિયા જુદી નથી. સમજાણું કાંઈ? અને તે પરિણામ પણ. પણ લીધુંને પાછું? પરિણામીથી એટલે વસ્તુ જે છે એનાથી. આહા..હા..! ભિન્ન નથી. તે તે પરિણામ, સમય સમયની દશા તે તે અવસ્થાયી વસ્તુ એનાથી તે અવસ્થા જુદી નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કાલે નહોતા નહિ? વ્યાખ્યાનમાં નહોતા. એટલે

આ નવું લીધું. કાલે આવી ગયું હતું.

મુમુક્ષુ :- પહેલા આવ્યા હતા...

ઉત્તર :- આવ્યા હતા ખબર છેને. આજ રવિવારે આ બીજા ઘણા છેને પાછા નવા.

સર્વજ્ઞનું કહેલું તત્ત્વ એની એક સમયની થતી અનંત-અનંત ગુણની અવસ્થા એ સ્વતંત્ર પરિણામ છે એ ક્રિયાના. એ પરિણામ તે દ્રવ્યનું એટલે તે પદાર્થનું છે. એ પરિણામ પરને લઈને થાય છે (એમ નથી). આહા..હા..! સમજાય છે કાંઈ? આત્મા વસ્તુ છે એમાં અનંતા ગુણો છે. સત્તા શાશ્વત રાખનાર શક્તિઓ. વસ્તુ જેમ શાશ્વત છે આત્મા એમ એની શક્તિઓ જ્ઞાન, દર્શન, આનંદ અનંત શાશ્વત છે. હવે એની વર્તમાન અવસ્થામાં એ અનંત ગુણોની પહેલી અવસ્થા કરતા બીજી અવસ્થા આમ પલટે. જેમકે અહીંયાં સાંભળતા પહેલી જે અવસ્થા હતી એથી બીજી થઈ સાંભળતા. સમજાય છે કાંઈ? એ બીજી જે અવસ્થા થઈ એ એના પરિણામ દ્રવ્યના છે અને એ પરિણામ એના દ્રવ્યથી જુદા નથી. એ સાંભળવાથી થઈ નથી. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં જે ક્ષણે-ક્ષણે... બીજા એમ કહે કે ભાઈ જ્યાં બહાર હતા ત્યારે બીજા પરિણામ હતા અને અહીં બીજા પરિણામ (થયા). પણ એ પરિણામ બીજા હતા એ તો પરિણમવું એ બીજા પરિણામ હોય જ. પણ એ બીજી પર્યાય થઈ માટે તે અવસ્થા અહીંયાં સંયોગ નિમિત્તને લઈને થઈ એમ નથી. એની બદલવાની ક્રિયાના કાળે એનો પર્યાય જે થયો એ એના પરિણામસ્વરૂપ જ છે અને એ પરિણામ પરિણામી ચીજથી જુદી નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

આ તમારા પિત્તળના વાસણને શું છે બધું? છેને બધું વાસણ જ છેને? ગયા હતાને એક ફેરી દુકાન પર આવ્યા હતા. મહારાજ! આ લઈ જાવ ઓલું શું કહેવાય એ? પાણીનું .. કરવાનું. મોટું હતું. અહીં ક્યાં નાખે? કીધું. અહીં તો એમ કહેવું છે કે એ પીત્તળનું વાસણ છે એ અનંતા રજકણનો સ્કંધ છે, સ્કંધ નામ પિંડ છે અને એમાં જે... ઉપર લટકાવ્યું હોયને બતાવવા માટે. એમાંથી નીચે ઉતરે. તો કહે છે કે એ અવસ્થા જે પલટી એ અવસ્થા પલટી એ આંગળાને લઈને નહિ, પરને લઈને નહિ. એની અવસ્થા આમ હતી એ આમ થઈ એ અવસ્થા એ દ્રવ્યની ક્રિયા છે, પલટવારૂપ એની ક્રિયા છે અને એ ક્રિયા એના પરિણામસ્વરૂપથી એ ક્રિયા જુદી નથી અને એ પરિણામસ્વરૂપ હોવાથી એ પરિણામથી એનું પરિણામી દ્રવ્ય જુદું નથી. એના પરિણામની ક્રિયા પલટી એના દ્રવ્યને કારણે. તમે હેઠે ઉતાર્યું માટે એને લઈને પલટી એમ નહિ એમ કહે છે. ભારે!

મુમુક્ષુ :- ઉતારવું કે ન ઉતારવું?

ઉત્તર :- કોણ ઉતારે? આ તો ગિરીશભાઈની ઘરની વાત કરી. ત્યાં જોયું હતુંને. આપણે ગયા હતા એક ફેરી. પાણી ભરવાનું આવડું મોટું કાંઈક હતું. કાંઈ લીધું હતું કે નહિ? નહિ

લીધું હોય. પાણી ભરવાનું આવડું.

કહે છે, આહા..હા..! પ્રભુની વાણી તો જુઓ! એક આ ગાથા. આખી દુનિયાના જેટલા તત્ત્વો છે એ તત્ત્વની પહેલેથી બીજી અવસ્થાનું બદલવું થયું એ તો એ દ્રવ્યની ક્રિયા છે અને એ ક્રિયા એનું પરિણામસ્વરૂપ છે. એ પરિણામસ્વરૂપ હોવાથી ખરેખર તે પરિણામસ્વરૂપ પરિણામથી જુદી નથી અને એ પરિણામ તેના દ્રવ્યથી જુદા નથી. આહા..હા..! વાત તે વાત કરી છેને! સમજાણું કાંઈ? આત્મામાં, આ શબ્દ વાંચે ત્યારે અંદર જે પહેલી અવસ્થા હતી તો આમ શબ્દ ઉપર લક્ષ ગયું એટલે બીજી અવસ્થા ત્યાં થઈ. કહે છે કે બીજી અવસ્થા થઈ એ તો ક્રિયા થઈ એની. એની બદલવાની ક્રિયારૂપ અવસ્થા થઈ. એ ક્રિયા આ શબ્દોને લઈને નથી. આહા..હા..! એ તો એની અવસ્થાનું બદલવું તે સમયનું તેને કારણે જે ક્રિયા (થઈ) તે એનું પરિણામ છે અને એ પરિણામ પરિણામથી જુદું નથી અને એ પરિણામ પરિણામીથી જુદું નથી. આહા..હા..! ગજબ વાત કરી છેને! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આખો જૈન શાસનનો સાર આવી ગયો.

ઉત્તર :- બસ. ભગવાનને .. ભગવાનને આ માન્ય છે. બે પર્યાય (એમાં) એક પર્યાય બીજાને કરે એ માન્ય નથી. આહા..હા..! બે દ્રવ્યની ક્રિયા એક કરે એ પરમાત્માને માન્ય નથી. તે તે દ્રવ્યની તે તે સમયની અવસ્થા (તે દ્રવ્યથી થાય). આહા..હા..! એક મોસંબીનું પાણી જીભમાં આવ્યું અને તેના જે પરિણામ હતા એ બદલ્યા ત્યાં. તો કહે છે કે બદલ્યા. પહેલી તૃષા છે એમ જે ખ્યાલના પરિણામ હતા એ પરિણામ બદલ્યા મોસંબી આવી એમાં. કહે છે કે એ બદલ્યા છે એ પરિણામ કોને લઈને? મોસંબી આવી એને લઈને?

મુમુક્ષુ :- નિશાળમાં છોકરાઓને પૂછી જુઓ.

ઉત્તર :- છોકરાઓની કેળવણી જુદી જાતની, રખડવાની એ તો છે. આ તો સંસારથી જેને સ્વતંત્રતાનો ઢંઢેરો સાંભળીને છૂટું પડવું હોય એને માટે છે.

આ બધા ઉપાદાન-નિમિત્તના ઝઘડા છેને શાંતિભાઈ! ઉપાદાન-નિમિત્તના ઝઘડા. શું કીધું? આ નિમિત્તથી થાય... નિમિત્તથી થાય... તમને કહું છું. આ વાત છે. આ અસ્તિ છેને? અસ્તિ છે કે નથી? છે. તો છે ઈ શું છે? તો કહે છે કે એ અનંતા રજકણ જે છે, આ એકરૂપ વસ્તુ નથી એક દ્રવ્ય. કારણ કે આના કટકા કરે તો ભિન્ન-ભિન્ન તત્ત્વો જુદા પડી જાય છે. તો એનો અર્થ એ કે જે છેલ્લામાં છેલ્લું તત્ત્વ છે એવા અનંત રજકણોનો પિંડ અસ્તિરૂપે દેખાય છે. આમ છે રૂપે દેખાય છેને? કે નથી એ રૂપે દેખાય છે? છે રૂપે દેખાય કે નથી એમ દેખાય? હવે એનો જે એક પરમાણુ છે એક રજકણ એ આમ હતો અને આમ થયો એ અવસ્થા બદલી એની. આમ હતું અને આમ થયું. એ અવસ્થા બદલી એ પરમાણુની ક્રિયા છે. એ પરમાણુની ક્રિયા છે. બદલવાની ક્રિયા એ પરમાણુની છે. એ એક-

એક પરમાણુની છે. પાછા બીજા પરમાણુને લઈને એમાં નથી. અને એ ક્રિયા એ પરમાણુનું પરિણામ છે, અવસ્થા છે અને એ અવસ્થા એટલે હાલત અવસ્થાયીથી જુદી નથી. એટલે એ અવસ્થા બીજા દ્રવ્યથી થાય ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

આ તો અક્ષરો તો કેવા પડ્યા છેને! આહા..હા..! એ અક્ષરોથી અહીં જ્ઞાન બદલાય એમ નથી એમ કહે છે. એનો જે આત્મા અંદર છે વસ્તુ, વસ્તુ છેને? આત્મા એ અસ્તિ છે કે નહિ? છે એ જણાય કે ન હોય એ જણાય? ગધેડાના શિંગડા છે? જણાય છે? ન હોય ઈ શું જણાય? છે આત્મા. તો આત્મા છે એ શું ચીજ છે? કે જ્ઞાનાદિ અનંતગુણના સ્વભાવવાળું એ તત્ત્વ છે. હવે એ તત્ત્વમાં એ તો બેય શાશ્વત રહ્યા. વસ્તુ અને વસ્તુના સ્વભાવ શક્તિ કહો કે ગુણ કહો એ તો કાયમી ચીજ રહી. પણ વર્તમાન અવસ્થામાં એની જે બદલવી અવસ્થા થાય એ અવસ્થા પહેલી હતી બીજી અને અહીંયાં આ અક્ષર વાંચતા-સાંભળતા બીજા પરિણામ થાય. ત્યાં બહાર બીજા પરિણામ હતા અને અહીંયાં આવ્યા ત્યારે બીજા પરિણામ થયા. તો કહે છે કે એ પરિણામની ક્રિયાનો કોની સાથે સંબંધ છે? એના દ્રવ્ય સાથે સંબંધ છે. બહારના ક્ષેત્ર સાથે અને બહાર સાંભળવા (મળે) એની સાથે સંબંધ છે નહિ. નાથુલાલજી! ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સાદી ભાષાએ સમજાય એવું છે હોં! આ કાંઈ બહુ કોઈ સંસ્કૃત ને વ્યાકરણ ને ફલાણું એમ નથી. આહા..હા..!

કહે છે, એ આત્મામાં અનંતગુણ શક્તિ વસ્તુ છેને? તો વસ્તુ છે એ શક્તિવાળી હોય કે શક્તિ વિનાની હોય? શક્તિવાળી કહો કે ગુણવાળી કહો કે સ્વભાવવાળી કહો. તો એ વસ્તુ છે એ ગુણવાળી છે. તો ગુણવાળી છે એનું વર્તમાન બદલવું થાય છે કે નહિ? તો એ ગુણની જે જ્ઞાનની પહેલી પર્યાય હતી બહાર, અહીંયાં બીજી અવસ્થા થઈ. તો કહે છેકે એ અવસ્થા થઈ એ એની ક્રિયા છે અને એ ક્રિયાએ એના પરિણામ અવસ્થાસ્વરૂપ છે અને એ પરિણામ અવસ્થા તેના અવસ્થાયી દ્રવ્યથી ભિન્ન નથી. એટલે ભિન્નથી થયેલી, પરથી જુદું પડેલું તત્ત્વ એનાથી થયેલી અવસ્થા છે. આહા..હા..! ઝીણું છે આમાં, નૌતમભાઈ! વીતરાગ સર્વજ્ઞનો માર્ગ એવો છે. અત્યારે તો ગોટા ઉઠ્યા બધાય. આહા..હા..! ત્રંબકભાઈ! ધીરૂભાઈ! લ્યો આવું છે. આહા..હા..!

તૃષામાં ખ્યાલમાં હતું જ્ઞાનમાં કે તૃષા લાગી છે. એ પર્યાય જ્યાં પાણી આવ્યું અને એ પર્યાય બદલી. તો કહે છે કે એ બદલી એ શું છે? શું થયું ઈ? કે બદલી એ તો એ દ્રવ્ય આત્માની ક્રિયા છે. પાણીને લઈને બદલી છે એમાં એકેય દોકડો સાચો નથી. આહા..હા..! ભગવાનજીભાઈ! શું હશે આવું? આહા..હા..! ભગવાનના અભિપ્રાયમાં એક દ્રવ્ય તત્ત્વની અવસ્થા જે થાય તે અવસ્થા બદલવાને કાળે બીજી દશા દેખાય, એ દેખાય છતાં

તે નિમિત્તને કારણે નહિ, બીજાને કારણે નહિ. એની બદલવાની ક્રિયાને કાળે એની પર્યાય બીજી થાય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

આ ચોખા કાચા હોય એ જ્યારે પાકા થાય. ચડે છેને આમ? હવે કહે છે કે એ ચોખો એટલે શું? એ અસ્તિ શું? કે અનંતા રજકણોનું દળ, જથ્થો જેને શાસ્ત્ર ભાષાએ સ્કંધ કહે છે. હવે એ જે ચોખો કાચો હતો એમાં પાકો થયો. ઊના પાણીમાં ફળફળતા આ નાખે છેને આ બાયું રાંધવા વખતે? ફદીયા પડે એવું પાણી હોય એમાં ચોખા નાખે. કાચા પાણીમાં નાખે કાંઈ? ફદીયા પડે. ફદીયા પડે એટલે શું? કે આમ-આમ થાય. તરત ચડે. કહે છે કે એ શું થયું આ? ઈ ચોખાની વર્તમાન પર્યાય જે બીજી હતી એ બીજે સમયે એ જ પલટીને બીજી થઈ પણ એનાથી થઈ છે. પાણીને લઈને અને અગ્નિને લઈને ત્રણ કાળમાં એ થયું નથી. આમ ભગવાન ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા એના કહેણ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓને! પાઠમાં લીધું છે. પોતે કહે છે એમ નહિ. '**जिनावमतम्**' (એમ લીધું છે). ભાઈ! દરેક દ્રવ્યની જે સમયની પર્યાય પલટે એ પોતાને કારણે અને બીજાને પણ પલટાવે વીતરાગને એ માન્ય નથી. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વરને એ માન્ય નથી તો તને માન્ય કેમ હોય એવું ઊંધુ? આહા..હા..! ભારે કામ ભાઈ! કહો, બાબુભાઈ! ઓલા હીરા ફરે એટલે કોણ ફરે છે? હીરા-માણેક. એય..! હરિભાઈ! એ ડોક્ટર છે. ઈંજેક્શન. કહે છે કે ઈંજેક્શન આમ આપે એ ક્રિયા શું થઈ? કોને લઈને થઈ? એ હાથને લઈને થઈ? ના. હાથનું અસ્તિત્વ અને આ તત્ત્વો જુદાં અને ઈંજેક્શનના તત્ત્વો જુદાં. એ ઈંજેક્શનના તત્ત્વોની અવસ્થા જે આમ હતી અને આમ થઈ એ ક્રિયા થઈ ઈંજેક્શનમાં અને એ ક્રિયા ક્રિયાવાન.. છેલ્લે મૂક્યું છેને એ તો પછી. એ ક્રિયા પરિણામસ્વરૂપ એ પરમાણુનું પરિણામ છે. એ પરિણામસ્વરૂપ પરિણામથી જુદા નથી અને એ પરિણામ એના પરમાણુથી જુદા નથી. આહા..હા..! એટલે આ હરિભાઈએ એમાં કાંઈ ઈંજેક્શન આપ્યું એ વાત ખોટી છે એમ કહે છે. એય..! હરિભાઈ! કાંતિભાઈ! ત્યાં શું હતું તમારે? ઉડવાનું હતું ત્યાં. મુંબઈમાં હતાને. પંદરસોનો પગાર હતો. પંદરસો. છોડી દીધું. છોડીને અહીં નિવૃત્તિથી રહે છે. પંદરસોનો પગાર છોડી દીધો. બે વર્ષ થયા. હવે પંદરસો શું ધૂળમાં, સાંભળને. આહા..હા..! અહીંયાં તો કહે છે કે એકપણ રજકણ અને એકપણ આત્મા, વર્તમાન કાળમાં એની અવસ્થાનું બદલવું જે દેખાય એમાં એ ક્રિયા એ દ્રવ્યની છે અને એ ક્રિયા એના પરિણામ છે અને એ પરિણામ પરિણામી દ્રવ્યથી જુદા નથી.

'**માટે (એમ સિદ્ધ થયું કે)...**' ઓહો..હો..! કેટલી વાત સ્પષ્ટ કરે છે! '**જે કોઈ ક્રિયા છે...**' ઓલામાં એમ નાખ્યું હતું કે જે ક્રિયા છે તે બધી પરિણામસ્વરૂપ (છે). બધી

ત્યાં નાખ્યું હતું પહેલું. (હવે) અહીં નાખ્યું. જે કોઈ રજકણમાં અને આત્મામાં બદલતી અવસ્થા જે છે એના તત્ત્વની અંદર, તે ક્રિયા બધી એ ક્રિયાવાનથી ભિન્ન નથી. સરવાળો કરી નાખ્યો. એ બદલતી અવસ્થા તે ક્રિયા એ ક્રિયાવાન જે વસ્તુ દ્રવ્ય એનાથી ક્રિયા જુદી નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

ક્રોધ આવ્યો ક્રોધ. પહેલો ક્રોધ નહોતો અને પછી થયો ક્રોધ. કહે છે કે એ ક્રોધના પરિણામ થયા બદલીને એ ક્રિયા છે. એ ક્રિયા પરિણામસ્વરૂપ છે અને એ પરિણામ અવસ્થાસ્વરૂપ છે, એ અવસ્થા વસ્તુથી જુદી નથી. પરિણામ એ અવસ્થા છે. એ ક્રોધે થપ્પડ મારી બીજાને અને લાલચોળ મોઢું થયું એ ક્રિયા આત્મા કરી શકતો નથી કહે છે. એની મર્યાદા ક્રોધના પરિણામમાં રહી. પણ એ પરિણામ હાથ ઊંચો કરીને થપ્પડ મારે બીજાને એ ક્રિયા આત્મા કરી શકતો નથી. આહા..હા..! કારણ કે આ પણ એક રજકણવાળું તત્ત્વ છે આ અજીવ. એ અજીવતત્ત્વને આમ છે ને આમ થયું એ એની અવસ્થા બદલી એ એના પરમાણુને કારણે બદલી છે અને સામાના ગાલ ઉપર પડ્યું અને લાલચોળ થયો ગાલ, ઈ આને લઈને નહિ. એના પરમાણુની પહેલી અવસ્થા લાલ નહોતી, બીજે સમયે લાલ થઈ એ ક્રિયા પરિણામીની છે, હાથની નહિ. કહો, સમજાણું કાંઈ? ભારે ખીચડો કર્યો છેને. ખીચડામાં તો અનાજ હોય. આ તો અનાજ અને કાંકરા ભેગા કર્યા. આહા..હા..!

ભાઈ! તને સત્‌ની, સત્‌ના સત્યની, સત્‌ના સત્ત્વની અને સત્‌ના સત્ત્વની દશાની સ્વતંત્રતાની ખબરું નથી, ભાઈ! આહા..હા..! એથી તને એમ થઈ જાય છે કે મેં આને થપ્પડ મારી, મેં આ વેપાર કર્યો, મેં આ ઠામઠીકરા ને ધંધા મેં કર્યા. એ અવસ્થાઓ તો એમાં રજકણની છે. આણે એને રાગ આવ્યો એ રાગ કર્યો. એ રાગના પરિણામની ક્રિયા એ પરિણામ છે. એ પરિણામ પરિણામી આત્માથી જુદા નથી. પણ એ પરિણામ ધંધાની ક્રિયા કરે એમ નથી. કારણ કે એ ધંધાના બીજા જે ઠામઠીકરા, કપડાનો જે ધંધો હોય એ વસ્તુ છે આ રજકણો અસ્તિ છે, હોવાવાળા તત્ત્વો છે. તો હોવાવાળા કાયમ રહીને પલટો મારે છે એ બીજાના સંયોગને લઈને મારે છે એમ નહિ. કહો, ભગવાનજીભાઈ! ભારે વાત ભાઈ! આહા..હા..!

જીવે એક દયા પાળવાનો ભાવ કર્યો રાગ આટલો. તો કહે છે કે રાગની ક્રિયાનો કર્તા એ ક્રિયાવાન પોતે દ્રવ્ય છે. એ રાગ પરની દયા પળી માટે રાગ થયો કે કર્મનો ઉદય અંદર આવ્યો માટે રાગ થયો એમ નથી. અરે..! કેમકે કર્મનો ઉદય જડની અવસ્થા, જડની અવસ્થા જડથી જુદી નથી, પણ અહીં રાગથી તો જડની અવસ્થા જુદી છે. એટલે જડની અવસ્થાએ આને રાગ કરાવ્યો, તદ્દન મૂઢની માન્યતા અજ્ઞાનીની છે. કહો, પંડિતજી! એમ છે? આહા..હા..!

આ આંખની પાંપણના પરમાણુ છેને. આમ ઉંચા-નીચા થાય અને આમ થાય. કહે છે

એ શું આત્માના રાગને, વિકલ્પને કારણે એમ થાય છે? કારણ કે એ પણ પરમાણુઓ એક જગતના દશ્યમાં દેખાય એવા અસ્તિવાળા તત્ત્વો છે. એ તત્ત્વોની આમ બદલવાની અવસ્થા આમ હતી એ આમ થઈ એટલે આને એમ થાય કે મને વિકલ્પ આવ્યો ઉંચું કરું માટે થઈ એ વાત જૂઠી છે. કહો, નૌતમભાઈ! આ મુંબઈમાં તો સાંભળવાનું મળે એવું નથી ત્યાં. ત્યાં તો હોળી આખો દિ' સળગી. આ કર્યું ને આ કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**તે બધીયે ક્રિયા...**' જે જે રજકણની અવસ્થા બદલે કે આત્માની બદલે એ બધી ક્રિયા એટલે કે બધા ગુણોની ક્રિયા પલટે... આહા..હા..! એ ક્રિયા ક્રિયાવાનથી ભિન્ન નથી. ક્રિયાવાન એટલે દ્રવ્ય તત્ત્વ. એ ક્રિયા એનાથી જુદી નથી. એટલે કે એ ક્રિયા જુદા પદાર્થે એની કરી છે એમ નથી. આહા..હા..! ભારે! સમજાણું કાંઈ? '**તે બધીયે ક્રિયાવાનથી ભિન્ન નથી. આમ, વસ્તુસ્થિતિ જ...**' આમ વસ્તુસ્થિતિ જ. હવે ભેળવે છે બીજું. '**ક્રિયા અને કર્તાનું અભિન્નપણું...**' જે સમયની જે પરમાણુમાં અને આત્મામાં અવસ્થા થાય તે તે અવસ્થા એ ક્રિયા અને એનો કર્તા એ તત્ત્વ દ્રવ્ય. એ ક્રિયા અને કર્તાનું અભિન્નપણું છે. સમજાણું કાંઈ? એ વાંધો ઉઠયો હતોને, (સંવત) ૨૦૧૩ની સાલમાં. ઈસરી. વિકાર થાય છે એ વિકાર નિશ્ચયથી જીવની પર્યાયમાં જીવથી થાય છે. એ કર્મને લઈને નહિ, સંયોગને લઈને નહિ. એય..! ખળભળાટ ઊભો થઈ ગયો.

મુમુક્ષુ :- ભૂલ્યા-ભૂલ્યા.

ઉત્તર :- બહુ ભૂલ્યા. આહા..હા..! એને એમ થઈ ગયું. સાંભળેલું નહિ, કોઈ દિ' સાંભળ્યું નહિ. આહા..હા..! ભૂલ્યા કહે. ભાઈએ કહ્યું હોં ફૂલચંદજીએ. સ્વામીજી એમ કહે છે કે આત્મામાં જે પ્રકારનો રાગ-દ્વેષ, ભ્રમણા આદિ પર્યાય થાય તે પર્યાય નિશ્ચયથી એ પોતાની છે, પોતે કરે છે. ખરેખર એ પર્યાય પર્યાયને કરે છે એમ છે. કારણ કે દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. આહા..હા..! ગજબ વાત છે! એ વિકારી પરિણામ દયાના થયા, હિંસાના થયા, જૂઠાના થયા, વિષયની વાસનાનો રાગ આવ્યો એ રાગનો કર્તા એ પર્યાય છે. એ રાગનો કર્તા એ કર્મ નહિ, રાગનો કર્તા એ સ્ત્રીને દેખીને રાગ થયો, માટે સ્ત્રીની પર્યાય રાગની કર્તા એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પણ પહેલો અમને ક્યાં રાગ હતો એવો? એ સ્ત્રીને દેખીને થયો. અરે.. પ્રભુ! ભૂલે છો તું ભાઈ! એ કાળ બદલ્યો એ તારી અવસ્થા બદલી છે. એ સંયોગ બદલ્યા માટે અવસ્થા બદલી છે એમ નથી. આહા..હા..! ભગવાનજીભાઈ! આહા..હા..!

એમ કે આ સંયોગ બદલ્યા. જુઓ! નમણું શરીર દેખ્યું, કુણું શરીર દેખ્યું માટે ત્યાં રાગ થયો. બિલકુલ જૂઠ વાત છે, બિલકુલ અસત્ય છે. કેમકે જે રાગ થયો એ તો પહેલી અવસ્થા બીજી હતી અને બીજે સમયે તે ક્રિયા અવસ્થાનું રૂપાંતર થયું એ તારાથી થયું છે. એ ક્રિયા ક્રિયાવાનથી જુદી છે નહિ અને એ ક્રિયાનો કર્તા એ આત્મા છે. આહા..હા..!

એ ક્રિયા બહારની ચીજ અનુકૂળ દેખી માટે રાગ થયો એમાં એકેય અંશ સત્ય છે નહિ. કહો, પણ સારો છોકરો રૂપાળો હોય હુશિયાર લ્યો. એક જણ કહેતા કે આ છોકરા ઉપર મને બહુ પ્રેમ આવે છે લ્યો. આને દેખું ત્યાં આમ રાગ થઈ જાય છે. એક જણો એમ કહેતો હતો લ્યો! એ વાત સાચી હશે?

મુમુક્ષુ :- રાગ તો થઈ આવે છે.

ઉત્તર :- પણ થઈ આવે તે કોને લઈને? એની પોતાની અવસ્થાને લઈને થાય છે, નહિ કે એ દીકરાને દેખવાથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એકનો એક દીકરો હોય એટલે થઈ જાય એના પ્રત્યે. આહા..! આને દેખીને જાણે બહુ પ્રેમ થઈ જાય.

મુમુક્ષુ :- આપ તો ના પાડો છો.

ઉત્તર :- એમ લોકો કહે છે. તને ખબર નથી, ભાઈ! તું ભ્રમમાં પડ્યો છો. તારી પહેલી અવસ્થા બીજી હતી અને હવે બીજી થઈ એ તો ક્રિયા થઈ. એ ક્રિયા તો તારાથી થઈ. એ ક્રિયા અને ક્રિયાવાન કોઈ જુદા નથી. એ ક્રિયા કર્મ છે અને તું એનો કર્તા છો. એ કર્મ એટલે કાર્ય બીજી અવસ્થા દેખીને થયું માટે બીજી અવસ્થા કર્તા અને એ રાગ એનું કાર્ય એમ છે નહિ. આહા..હા..! આમાં તો ચોખ્ખું છે. નાથુલાલજી! આ બધા કેમ પંડિતો બધા...? એય..! આહા..હા..! આ ગાથા જુઓ તો સમજાય છે?

‘**ક્રિયા અને કર્તાનું અભિન્નપણું...**’ જે પરમાણુમાં અવસ્થા થાય અને આત્મામાં થાય એ ક્રિયાનું કર્તાપણું એના તત્ત્વનું છે. એ રીતે તપી રહ્યું એટલે થઈ રહ્યું છે એમ કહે છે. આહા..હા..! ‘**ક્રિયા અને કર્તાનું અભિન્નપણું (સદાય) તપતું હોવાથી,...**’ સદાય એ રીતે થતું હોવાથી. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ બધા પંચશીલ કરે, સડકું બનાવે, પાણી ખોદીને તળાવ કરે, માલકોષ કરે શું કહેવાય એ? બંધ-બંધ. કહે છે કે એ પર્યાય એની એનાથી થાય (એમાં) બીજો શું કરે?

મુમુક્ષુ :- .. નહિતર પાણી ક્યાંથી આપશે?

ઉત્તર :- એ કહેતા હતા, અરજાણભાઈ. આજે .. આવ્યું છે ક્યાંકથી થોડું. પછી અહીં રાખ્યું નથી, અહીં રાખ્યું છે. પીપળવા છેને? ત્યાં રાખ્યું. કહેતા હતા. પછી આવશે હળવે-હળવે. ઘાસ નથી એટલે અહીં આવ્યું છે ખરું. આહા..હા..! એ ઘાસનું એક રજકણ પણ ક્ષેત્રાંતર થઈને જે અવસ્થા અહીં થઈ એ અવસ્થા તો તે સમયની તેની પરમાણુની કર્તા થઈને થયેલી છે. બીજો એને ત્યાં લાવી શકે, ઘાસને ફેરવી શકે, ક્ષેત્રાંતર કરી શકે... (એમ નથી) આહા..હા..!

મુમુક્ષુ :- ... સરકાર તો કરેને.

ઉત્તર :- સરકાર કોણ કરે? સરકાર કહેવો કોને? આહા..હા..!

કહે છે કે આ આંગળીઓ છે આ જગતના તત્ત્વો છે રજકણો. એમાં આ મુઠ્ઠી વળે કે આમ થાય એ એની બદલતી પરમાણુની ક્રિયા છે. એ ક્રિયા એ પરમાણુના પરિણામ છે અને એ પરિણામ પરમાણુથી જુદાં નથી. માટે એ ક્રિયાને આત્માના વિકલ્પે કરી કે આત્મામાં જ્ઞાનમાં એમ ખ્યાલમાં આવ્યું કે આ ઊંચું થાય તો ઠીક, એટલે એવા જ્ઞાનથી આમાં થઈ (એમ નથી). ભારે વાત ભાઈ! આ તો પાંગળો છે આત્મા. પરને માટે તો પાંગળો જ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

આમ જેને વાત સત્યને સત્ય તરીકે સ્વીકારવામાં જો આવે તો એની પર ઉપરની દૃષ્ટિ ઉડી જાય. પરને લઈને મારામાં થયું અને મારે લઈને પરમાં થયું. આહા..હા..! એય..! ગીરધરભાઈ! આ તો બહુ ભૂંસાડીયો વળી ગયો. આહા..હા..! કાર્યકર્તાઓ આગળ વધ્યા, ઘણા કામ કર્યા લ્યો! લોકપ્રિય આ કાર્યકર્તા છે એમ નથી કહેતા? કારણ કે લોકના ઘણા કામ કર્યા. એમ કરીને ચડાવે લોકોને. આવે છે અત્યારે. સમાજમાં પ્રિય વક્તા, પ્રિય માણસ છે, ફલાણું છે, ઢીંકણું. શેની પ્રિયતા? સાંભળને. આહા..હા..! તારા ભાવની દશા તારામાં, એની તે ક્ષણની તેની દશા તેનામાં. બેના કોઈ કર્તા છે નહિ. આહા..હા..! અને કર્યા વિના થઈ નથી, પણ કર્તા એ દ્રવ્ય. આહા..હા..!

આ બધા મીલમાલિકના બધા સંચા બહુ ચાલે છે હમણા મુંબઈમાં તો નહિ? અનેક-અનેક પ્રકારે શું કહેવાય? ઉદ્યોગ. ઘણા સંચા કરે, કારખાના કાઢે આ કારખાના લ્યો. ફલાણાનું કારખાના, ઢીંકણાનું કારખાના, બંગડીનું કારખાનું, ઓલાનું કારખાનું. કારખાના-કારખાના. ૨૫-૫૦ હજાર રૂપિયા હોય .. એક-એક છોકરો કારખાનું નાખે. કહે છે કે એ કારખાનાના રજકણોનું અસ્તિત્વ છે એની અવસ્થા આત્મા કરી શકે? આ તો શું ...? આ જુવાન અવસ્થા હોય લ્યો. જોરદારથી ચાલે તો પગ એકદમ ચાલે આમ અને ઘરડા (હોય તો ધીમે ધીમે ચાલે). હમણા એ ભાઈએ ન કીધું, ભાઈ ખેદ થાય છે થોડો. આટલેથી અહીં આવે છે રામજીભાઈ એનું મને આકરું પડે છે. બીજો કોઈ ઉપાય છે? એમ કે નજીક હોય તો ઠીક. પણ એટલું ફરે તો શરીર ઓલું રહે. એમ માણસ વાતું કરે છે. થોડું ફરતું રાખે તો ફરતું રહે, નહિતર પછી બંધિયાર થઈ જશે. એય..! ધીરૂભાઈ! શરીર નહિતર બંધિયારુ થઈ જાય.

આ ફરવા જાય છે માણસો લ્યોને દેશદેશાંતર શું કરે? દેશદેશાંતરમાં ભિન્ન-ભિન્ન દેખેને તો બુદ્ધિ કેળવાય. ઈ કહે છે કે તારો ભ્રમ છે. એ પરને લઈને તારી પર્યાય બદલે એ તને ભ્રમણા ચોંટી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ગાથા! એક ન્યાયને મગજમાં લેને, કૂચા નીકળી જાય બધા ઊંધા. આહા..હા..! સપનામાં પણ એને પછી ન આવે કે હું પરનું કરી શકું છું અને પર મને મદદ કરી શકે છે. ત્રણ કાળમાં કોઈ વાત નથી. મારા ભાવના કાર્યમાં પરની જરીએ મદદ નથી અને પરના ભાવના કાર્યમાં મારી જરીએ મદદ

નથી. આહા..હા..! ભગવાનજીભાઈ! આ આફ્રિકાવાળા બધા પેદા કરતા હશે તો એમ માનતા હશે? ઓલા કહે, અમે આવ્યા, અમે કેટલા કામ કર્યા! દેશવાળાને કરોડ રૂપિયા ન થયા અને આપણે કરોડ થયા ત્યાં એ દેશમાં. કાંઈક આવડતું હશે ત્યારે થયા હશે કે નહિ? જાદવલાલજી! આવડવાની ક્રિયાના પરિણામ, ભગવાન તારા અને એને લઈને પૈસો આવે અને પૈસાનો ધંધો થાય એ બિલકુલ અસત્યના માનનારા, સેવનારા છે. સત્યનો સંહાર કરનારા છે. આહા..હા..!

મુમુક્ષુ :- હિંસક છે.

ઉત્તર :- હા, હિંસક છે ભાઈ! તને ખબર નથી. જે રીતે ચીજ છે એ રીતે તારા જ્ઞાનમાં ન આવે તો જ્ઞાનનો વિષય ખોટો આવે તો એ જ્ઞાન તો જૂઠું ઠર્યું. જૂઠું ઠર્યું એટલે સત્ય ન રહ્યું. સત્ય ન રહ્યું એ તો એણે આત્માના જ્ઞાનની હિંસા કરી છે. સમજાણું કાંઈ? હવે પણ એક ચોખા ને ઘઉંની રોટલી ખાતો હોય લ્યો! કે જુવારની રોટલી અને રોટલો. તો સામે મૈસુબ ખાય તો પરિણામમાં કાંઈ ફેર પડે છે કે નહિ?

મુમુક્ષુ :- એના કારણે નથી પડતો.

ઉત્તર :- તો પહેલા કેમ પરિણામ એવા નહોતા? એક જણો બિચારો એમ કહેતો હતો કે આ તમે વચ્ચે લાકડું નાખ્યું. નહિતર અમે તો જાત્રા કરીએ, આમ કરીએ એમાં ભાવ સારા થાય. અહીં ભાવ થાય છે? તમે વચ્ચે લાકડું નાખો છો કે પરને લઈને કાંઈ થાય નહિ. લ્યો, વિરમગામથી એક આવ્યો હતો. દેરાવાસી હતો. ઘણા-ઘણા આવે. બિચારાને જે બેઠું હોય એ બોલે એમાં કાંઈ અફસોસ કરવાની કાંઈ જરૂર નથી. એ જાણે એટલું હોય. 'જામે જિતની બુદ્ધિ હૈ ઈતનો દેય બતાય, વાંકો બુરો ન માનીએ ઔર કહાં સે લાય.' બીજું લાવે ક્યાંથી? આહા..હા..! એને એમ કહે કે આ ખાવાની ક્રિયાની અવસ્થા તારાથી થતી નથી, તું ખાઈ શકતો નથી, પી શકતો નથી, પડખું ફેરવી શકતો નથી. કેમ બેસે એને? એ ખાવા-પીવાની ક્રિયા તો ભગવાન જડની અવસ્થા છે. તને તે વખતે રાગ હોય એ રાગને ખાય, પણ પરવસ્તુને ખાઈ શકે એ વાતમાં એ અસત્યનો બધો પૂરો છે, સત્યનો એક અંશ નથી. આહા..હા..!

'**ક્રિયા છે તે બધીયે ક્રિયાવાનથી ભિન્ન નથી.**' ઓહો..હો..! અને એ '**ક્રિયા અને કર્તાનું અભિન્નપણું હોવાથી...**' ક્રિયા અને કર્તાની એકતા હોવાથી. જુઓ, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં આવ્યું નથી? જયસેનાચાર્યે બેય એક નાખ્યા છે. વ્યવહારનું જ્ઞાન કરાવ્યું છે. એ કહે જુઓ, તમે ક્રમબદ્ધ કહો છો પણ અહીં આમ કહ્યું છે જયસેનાચાર્યે કે કર્તા જુદું અને કર્મ જુદું એમ કીધું છે ત્યાં. એ તો એક જ્ઞાન કરાવ્યું છે કે ભાઈ! બીજી ચીજ છે એ તો એને કારણે થઈ અને કર્તા તું છો એમ જે કહીએ એ તો વ્યવહારની વાત છે. આહા..હા..! બહુ કામ આકરું. જગતને સત્યના પંથે આવવું... આહા..હા..! ઘણું .. આ

તો. બહુ વાત અલૌકિક છે! અભિમાન બધા ગળી જાય. એય..! પણ ઘરમાં તમે એક ડાહ્યા થયા ત્યારે આ બધા થયા. તમારે લઈને થયા. ગયા વયા ગયા? ગયા હશે. એ માંડ માંડ રોકાણા હતા આને લઈને, નહિતર કાલે જાવું હતું. આહા..હા..!

જે સમયની એટલે કાળની, જે દ્રવ્યની જે ક્રિયાના પરિણામ છે એ પરિણામ જ એનું સત્ છે. એને માટે કોઈ બીજા સંયોગને કારણે એ અવસ્થા થાય કે એ અવસ્થા સંયોગને લાવે, મૂકે ને રાખે એમ નથી. કહો, રાગી રાગને કરે એ રાગની ક્રિયાનો કર્તા એ આત્મા, પણ એ રાગને લઈને પૈસામાં વ્યાજ ઉપજાવાની આવડત અને વ્યાજ ઉપજાવે, પચાસ લાખની મૂડી હોય, પચાસ લાખ પોતાને ઘરે રાખે અને એક-એક વેપારી ગોતે અને એક-એ લાખ આપે અને રૂપિયાનું વ્યાજ લે અને અડધો ભાગ લે. હુશિયાર છેકે નહિ એ? કારણ કે ઝાઝા પૈસા નાખવા ક્યાં? એવા વેપારી ગોતે પચાસ-સો. લાખ-લાખ રૂપિયા આપીશ તમને જાવ. તે દિ'ની વાત છેને. બાર આનાની .. હતી તે દિ'. ખબર છે? બાર આનાનું ..નું વ્યાજ અને અડધો ભાગ. કારણ કે હું આવી શકું નહિ દુકાન પર. મહિને તપાસવા જાય ત્યાં. મહિને-મહિને જાયને? આ તો બધું સાંભળેલું, જોયેલું, નક્કી કરેલું છે. માણસો આવેલા. પણ માણસો .. આહા..હા..! કોણ કોને સંભાળે? ધીરૂભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઝાંઝવાના પાણીને પાણી માનીને દોડ્યો છે. મૃગજળ-મૃગજળ એને જળ માન્યા છે. આહા..હા..! એમ જગતના તત્ત્વોની બદલતી અવસ્થામાં પોતાનું નિમિત્ત દેખી અને હું હતો તો આ બદલ્યું. ત્યારે એણે શું કર્યું? જ્યારે તું હતો ત્યારે બદલ્યું તો એણે કાંઈ બદલ્યું કે નહિ? આહા..હા..!

મુમુક્ષુ :- એ ૫૦-૫૦ ટકા રાખો.

ઉત્તર :- એ કહેતા હતા માણસ. બહુ ચર્ચા ચાલે તો કહેતા કે મહારાજ! તમે વિકાર આત્માથી થાય એ કરતા એ બહુ એમ રાખો તો ૪૯ ટકા કર્મ અને ૫૧ ટકા આત્મા કરે. આ તો ચર્ચામાં ૫૦ વર્ષ પહેલાની વાત.

મુમુક્ષુ :- આપણે અહીં પણ ૫૦-૫૦ કહેતા હતા.

ઉત્તર :- કહેતા હતા. ... શેઠ આવ્યા હતા એક જણો. આહા..હા..! હજી અત્યારે એમ ચાલે છેને કે કર્મ હોય તો વિકાર થાય અને કર્મ તો નિમિત્ત થઈને જ આવે. બીજા નોકર્મ છે એ તો નિમિત્ત પોતે કરે તો થાય, નિમિત્ત બનાવે તો બને, પણ કર્મનો જે ઉદય એ તો નિમિત્ત લઈને જ આવે એટલે વિકાર કરવો જ પડે. આહા..હા..! ભ્રમણા છે તારી, ભાઈ! તને ખબર નથી. આહા..હા..! તારી અવસ્થાની ક્રિયાનો કર્તા તું અને એ ક્રિયાના કર્તાના કર્મના ઉદય (ઉપર) નાખે, મોટી ભ્રમણા છે. આહા..હા..! અસત્યનું મોટું સેવન.

સત્યનો મોટો અનાદર. ત્રણ કાળ અને ત્રણ લોકનું સત્ય એનો અનાદર. આહા..હા..! હવે એની કિંમત ન મળે. આ તો અપવાસ કરે છે, પરની દયા પાળે છે, એક ટંક ખાય છે, માથુ ઉઘાડું રાખે છે, લોચ કરાવે છે, ફલાણું છે આ એની કિંમત છે લોકોને. એય..! સત્યનો સંહાર શી રીતે સત્યનો સંહાર કરે છે અને અસત્યનો આદર શું કરે છે એની એને ખબર ન મળે. આહા..હા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે, એ સંતો આડતિયા થઈને જગતને કહે છે. ભાઈ! આહા..હા..! ત્યાં ફેરવવું, ક્રિયા લીધી હતી ત્યાં પછી ક્રિયા અને કર્તા નાખી છેલ્લે. એ ફરતી ક્રિયા એનો કર્તા પોતે છે આત્મા. પરમાણુમાં ફરતી ક્રિયા એનો કર્તા એ પરમાણુ છે. આહા..હા..! પહેલો એમ કે રાગ મંદ હતો અને પછી તીવ્ર થયો તો કંઈક એમાં કર્મના ઉદયનો કાંઈક કાંઈક દોકડો એકેય ખરો કે નહિ? એય..! આહા..હા..! ભાઈ! એનો દોકડો હોય તો તેં શું કર્યું? એ તો કહે છે. મંદ રાગમાંથી તીવ્ર રાગની અવસ્થા કરી એ અવસ્થા ક્રિયા અને એ ક્રિયાનો કર્તા આત્મા. એનો કર્તા કર્મનો ઉદય છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલી તો શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાન શું ચીજ છે એને સુધારવી કઈ રીતે એની જ ખબરું ન મળે અને બીજા સુધારવામાં મંડી પડ્યા. આ દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને આ કરે. સમજાણું કાંઈ?

એ '**ક્રિયા અને કર્તાનું અભિન્નપણું...**' આ અભિન્ન શબ્દ આવ્યો હતો તે દિ' ભાઈ ત્યાં. ૧૩ની સાલમાં. એમ કે આ વિકાર પોતે જ કરે છે, પોતાથી થાય છે. કર્મથી નહિ. કર્મની અપેક્ષા બિલકુલ નહિ. પાઠ છેને (પંચાસ્તિકાયની) ૬૨ (ગાથામાં). પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે વિકાર જીવથી થાય છે. એ તો અભિન્નની વાત છે એમ બોલતા હતા. પણ અભિન્ન એટલે શું? કે વિકારની ક્રિયા અને વિકારનો કર્તા એ જીવ એ અભિન્ન. આહા..હા..! સમજાણું?

મુમુક્ષુ :- મથાળું છે.

ઉત્તર :- મથાળું પણ શું કરવા કહે છે ઈ? કે તારા વિકારમાં તું જે ભાવ જ્યાં કર ત્યાં ત્યાં તારું સ્વતંત્રપણું તારી અવસ્થાનું છે. આહા..હા..! તે અવસ્થામાં જરીએ પણ અંશ પરદ્રવ્યની કંઈ મદદ અને સહાય અને કંઈ ફેરફાર કરે એ વસ્તુની સ્થિતિમાં નથી. તારી માન્યતામાં હોય એ જુદી વાત છે કહે છે. કહો, ચેતનજી! આ આટલી પર્યાયની વાતું આટલી કરી? પણ હજી સાંભળ તો ખરો કે પર્યાય સ્વતંત્ર આવી છે. એ પર્યાય પરનું ન કરે અને એ પર્યાય પરથી ન થાય એટલું પણ જેને હજી બેસતું નથી, એને રાગથી રહિત આત્મા ચિદાનંદ ભગવાન આત્મા એવો વીતરાગી સ્વભાવ જે વ્યક્ત પર્યાયમાં નથી એને અવ્યક્ત છે, વસ્તુ તરીકે વ્યક્ત છે (એ એને કેમ બેસશે)? આહા..હા..! એ વસ્તુને પહોંચી વળવું અને સમ્યગ્જ્ઞાનમાં

રાગનો એ કર્તા નથી જીવ એ દૃષ્ટિ થયા વિના એને કલ્યાણનો પંથ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ પછી અહીં સુધી આપણે આવ્યું હતું. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૧, સોમવાર, તા. ૨૩-૧૦-૧૯૭૨
## ગાથા-૮૫-૮૬, પ્રવચન-૨૦૦

૮૫ ગાથા, કર્તાકર્મ (અધિકાર). અહીંયાં ક્રિયાથી ઉપાડીને વાત છે. પ્રત્યેક પદાર્થ જે અસ્તિ છે એની અવસ્થાનું બદલવું જે ક્ષણે-ક્ષણે, સમયે-સમયે બદલવું થાય છે એ ક્રિયા એ પરિણામસ્વરૂપ છે અને એ પરિણામ એના પરિણામીથી જુદી નથી. કેટલું સ્પષ્ટ કર્યું છે! અને એ પરિણામ પરિણામીથી પરિણામ જુદા નથી. એ રીતે '**ક્રિયા છે તે બધીયે ક્રિયાવાનથી ભિન્ન નથી.**' છેવટે એ લીધું. પરમાણુ એક હો કે એક આત્મા હો, એક શરીરમાં અનંત નિગોદના જીવ હો અને એક-એક જીવની સાથે અનંતા કર્મના રજકણના પિંડ હો, તોપણ તે એક સમયમાં જે પરમાણુની પર્યાય પરમાણુમાં થાય, આત્માની પર્યાય આત્મામાં થાય. ભલે મિથ્યાત્વની હો કે અજ્ઞાનની હો અને બહાર નીકળીને પછી ભલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની હો, નિગોદમાંથી નીકળીને, પણ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ધર્મની પર્યાય પહેલી નહોતી અને નવી થઈ એથી કોઈ કર્મના નિમિત્તની અપેક્ષા છે તેથી એમ થયું? એમ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ગુરુના ઉપદેશથી...

ઉત્તર :- એ કોઈ વાત (નહિ), એ તો ક્યાંય રહી ગયું. આહા..હા..!

જે તત્ત્વ છે એ તો અસ્તિ સત્તા શાશ્વત છે. ચાહે તો આત્મા હો કે પરમાણુ હો. જે વસ્તુ છે એ નવી કેમ થાય? અને છે એનું રૂપાંતર થાય, પણ છે એનો નાશ થાય? 'ના સતો વિદ્યતે ભાવો' એ આપણે પંચાસ્તિકાયમાં આવે છે. એ ભાવ ગીતામાં લે છે એ લોકો. ન હોય તે થાય નહિ અને હોય તે જાય નહિ. આ સિદ્ધાંત. જે ચીજ જગતમાં ન હોય એ નવી થાય નહિ અને હોય તે જાય નહિ, નાશ થાય નહિ. જે ચીજ છે તેનું રૂપાંતર થાય, અવસ્થાંતર થાય. એ અવસ્થાંતર થવામાં એ ક્રિયા પરિણામથી જુદી નથી,

માટે તે અવસ્થાંતર થવામાં એનો પરિણામી પદાર્થ કારણ છે. ચાહે તો સમ્યગ્દર્શન પામીને પરિણમન હો, કે ચાહે તો ચારિત્રનું પરિણમન હો, ચાહે તો મિથ્યાશ્રદ્ધા અને રાગનું પરિણમન હો, એ બધી ક્રિયા ક્રિયાવાન જે દ્રવ્ય એથી જુદી નથી. ગીરધરભાઈ ગયા લાગે છે. સમજાણું? છેવટે આચાર્ય (કહે છે), ક્રિયા અને કર્તાનું અભિન્નપણું સદાય શોભતું, તપતું, મેળવાળું હોવાથી એને મેળ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં સુધી આવ્યું છે કાલે.

**'જીવ જેમ વ્યાપ્યવ્યાપકભાવથી...'** એટલે આ આત્મા જેમ વ્યાપ્ય નામ પોતાની વર્તમાન અવસ્થા અને વ્યાપક નામ પોતે દ્રવ્ય, એવા **'વ્યાપ્યવ્યાપકભાવથી પોતાના પરિણામને કરે છે...'** આહા..હા..! ચાહે તો રાગને કરે, દ્વેષને કરે, મિથ્યાત્વને કરે, સમકિતને કરે, ચારિત્રને કરે, કેવળજ્ઞાનને કરે. સમજાણું કાંઈ? એ પોતાના પરિણામને કરે. કારણ કે એ પરિણામ વ્યાપ્ય નામ એની અવસ્થા અને વસ્તુ પોતે વ્યાપક. પોતે પ્રસરીને, વિસ્તરીને એ પર્યાય થાય છે. કોઈ કર્મ વિસ્તરીને એમાં મિથ્યાત્વ થાય અને કર્મનો અભાવ થઈને અહીં સમ્યગ્દર્શન થાય એમ નથી. કહો, સમજાણું કાંઈ? એ વ્યાપ્યવ્યાપક પર્યાય અને ભાવથી જીવ પોતાના પરિણામને કરે. આહા..હા..!

ભાવ્યભાવકભાવથી અને વર્તમાન ભોગવવાયોગ્ય ભાવ નામ અવસ્થા એને ભાવ્ય કરીને ભાવકપણે આત્મા એને ભોગવે. સમજાય છે કાંઈ? કાં રાગ કરે તો રાગને ભોગવે, હરખ કરે તો હરખને ભોગવે, શોક કરે તો શોકને ભોગવે, આનંદ કરે તો આનંદને ભોગવે. ધર્મ કરે તો આનંદને ભોગવે, અધર્મ કરે તો દુઃખને ભોગવે. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! આવી વાત સ્પષ્ટ! આવું સ્વતંત્ર સત્ય જ્યાં પ્રસિદ્ધ થઈને જાહેર થાય છે. એમ કહે છે. આવું જ કર્તા અને કર્મપણું પ્રસિદ્ધ થઈને સિદ્ધિ કરે છે. આ પ્રમાણે વસ્તુ છે. આહા..હા..!

**'ભાવ્યભાવકભાવથી તેને જ અનુભવે...'** પોતાના ભાવ હરખ-શોકના એને ભાવ્ય તરીકે, ભોગવવા તરીકે એને ભોગવે. **'તો તે જીવ,...'** તેને ભોગવે **'તેમ જો વ્યાપ્યવ્યાપકભાવથી...'** જેમ પોતાની વર્તમાન પરિણતિની અવસ્થાની વ્યાપ્યથી વ્યાપક થઈને કરે અને ભાવ્ય થઈને પરિણામ ભાવ્ય થઈને એને ભોગવે. એમ **'વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલકર્મને પણ કરે...'** કર્મની બાંધવાની પર્યાયને જીવ કરે. જેવા પરિણામ હોય એવું ત્યાં કર્મ થાય, છતાં એ પરિણામ વ્યાપ્ય, કર્મની પર્યાય વ્યાપ્ય થઈને, આ પરિણામ વ્યાપક થઈને કરે એમ બનતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ **'પુદ્‌ગલકર્મને પણ કરે...'** હવે બહારની વાત તો ક્યાંય લીધી નહિ આમાં તો. કે આત્મા વેપારને કરે, ધંધો કરે, કારખાના કરે, રૂપિયા લે, રૂપિયા દે એવું કરે એની તો અહીં વાત લીધી જ નથી.

મુમુક્ષુ :- કેમ ન લીધી?

ઉત્તર :- એની તો સ્થૂળ વાત છે કહે છે. અહીં તો અંદરમાં જેવા પરિણામ કરે એ

પ્રમાણે જ ત્યાં કર્મની પર્યાય બંધાય અને જે પરિણામ ધર્મના કરે એના પ્રમાણમાં કર્મની પર્યાયમાં અકર્મરૂપ પર્યાય થાય. એ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ આવો છે. બીજામાં એવો સંબંધ છે નહિ. સમજાણું કાંઈ? પોતાના સદોષ અથવા નિર્દોષ પરિણામરૂપી ક્રિયા એને વ્યાપક થઈને વ્યાપ્યને કરે અને ભાવક થઈને તે હરખ-શોકને ભાવ્યને ભોગવે. એ રીતે પાછું કર્મને પણ વ્યાપ્યવ્યાપક થઈને કરે અને ભાવ્યભાવકભાવથી તેને અનુભવે **'તો તે જીવ, પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવતાં...'** લ્યો! બે દ્રવ્ય એક થઈ ગયા. ત્યાં અંતરમાં સૂક્ષ્મ રજકણો કર્મના, વર્ગણા હતી પરમાણુની એ કર્મરૂપે થઈ એ તો વ્યાપ્ય પરમાણુનું અને પરમાણુ એનું વ્યાપક એટલે કર્તા, પણ જીવ પણ પોતાના પરિણામને કરે એવા પરને પણ કરે તો બે દ્રવ્યની ક્રિયાનો કર્તા થાય. એ તદ્દન મિથ્યાદષ્ટિ માને છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવતાં...'** બેની પર્યાય એક થઈ જાય છે, ભિન્ન રહેતી નથી. **'સ્વ-પરનો પરસ્પર વિભાગ અસ્ત થઈ જવાથી...'** આહા..હા..! પોતાના પરિણામને કરે અને પરના પણ કરે તો બે દ્રવ્યની ભિન્નતા રહેતી નથી. આથમી જાય છે, બે દ્રવ્યનો ત્યાં નાશ—અસ્ત થઈ જાય છે. આહા..હા..! કેમ હશે આમાં? મિત્રસેનજી! ત્યાં એ બાજુ બધા પંડિતો બીજું કહે છેને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો બતાવવું છે કે વિકાર કરે ત્યારે પરમાણુ ત્યાં.. સમજાવવું છેને. આમ તો એની સત્તા વડે પ્રવર્તે એમ કરીને આવ્યું હતું. ઇન્દ્રિય આદિ આત્માની સત્તા વડે પ્રવર્તે છે. એ બધી વ્યવહારની વાતું છે.

મુમુક્ષુ :- એ તો હોય ત્યારે.

ઉત્તર :- પણ હોય તોપણ એને લઈને ક્યાં પ્રવર્તે છે ઈ. એ તો પરમાણુ પરમાણુને લઈને, ઇન્દ્રિય ઇન્દ્રિયને લઈને પ્રવર્તે, આત્મા આત્માને લઈને પ્રવર્તે. પણ સાધારણ માણસને સમજાવાની એ શૈલી છે. પણ વ્યવહારપ્રધાન કથન એમાં ઘણું છે. સમજાણું કાંઈ? એથી તો આ સ્વાધ્યાય કરી આજે.

મુમુક્ષુ :- સ્વતંત્રતાનું દ્યોતક છે.

ઉત્તર :- દ્યોતક છે. વસ્તુસ્થિતિ એવી છે. ભગવાને કહી એવી ચીજ સ્વતંત્ર છે. આહા..હા..! હવે અહીં તો લોકો કહે કે નિમિત્ત આવે તો થાય અને નિમિત્ત ન આવે તો ન થાય. પણ એ પ્રશ્ન જ ક્યાં છે? જે સમયે, પ્રત્યેક સમયે પોતાના પરિણામ મિથ્યા કે સમ્યક્ જેની જે યોગ્યતા છે તે પ્રમાણે થાય છે. હવે એમાં થાય છે એમાં ફલાણું આવે તો થાય અને ન આવે તો ન થાય એ ભ્રમણા અજ્ઞાનીની છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પુદ્‌ગલકર્મને પણ કરે...'** એમ છેને? પોતાના પરિણામને પણ કરે અને ત્યાં કર્મની બંધનની પર્યાયને પણ જીવ કરે અંદર. ધર્મની પર્યાયને પણ કરે એમ કર્મની પર્યાયનો પણ અભાવ પણ ભેગો કરે. તો તો બે દ્રવ્ય ભિન્ન રહેતા નથી. બે દ્રવ્યનો વિભાગ... વિભાગ શબ્દ વાપર્યો છેને? **'સ્વ-પરનો પરસ્પર વિભાગ...'** એટલે જુદાઈ **'અસ્ત થઈ જવાથી...'** જુદા રહેતા નથી. આહા..હા..! આવું સ્પષ્ટ કથન સિદ્ધાંત. આહા..હા..! એને માટે કાંઈ બીજા ચોપડા જોવાની જરૂર પડે એવું નથી. એને આ વાંચે એક જ ન્યાયથી મધ્યસ્થથી.. ઓહો..! એમ જો થાય, એમ ભાવ્યભાવકપણે પોતાના ભાવો વિકારીભાવ કે ધર્મભાવને ભોગવે, પણ એમ કર્મના ઉદયને પણ ભોગવે તો તો બે દ્રવ્ય એક થઈ જાય છે. એમ કર્મના ઉદયને પોતાના હરખ-શોકને ભોગવે એમ દાળ, ભાત, રોટલા, શરીર, ગોળ, આબરૂ એ જડની અવસ્થાને પણ જો ભોગવે તો બે દ્રવ્ય એક થઈ જાય છે. પરને ભોગવી શકતો નથી. આહા..હા..!

**'પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવતાં...'** એકપણાનો ત્યાં આગળ પ્રસંગ થતાં **'સ્વ-પરનો પરસ્પર વિભાગ અસ્ત થઈ જવાથી (નાશ પામવાથી),...'** બે જુદા રહેતા જ નથી. **'અનેકદ્રવ્યસ્વરૂપ...'** જીવ પોતાની પર્યાયને કરે અને ભોગવે એમ પરની પર્યાયને કરે અને ભોગવે તો **'અનેકદ્રવ્યસ્વરૂપ એક આત્માને અનુભવતો થકો...'** અનેકદ્રવ્યસ્વરૂપ એટલે પોતાની પર્યાય અને પરની એટલે અનેક. કરે અને ભોગવે બેયને. **'અનેકદ્રવ્યસ્વરૂપ એક આત્માને અનુભવતો થકો મિથ્યાદૃષ્ટિપણાને લીધે...'** કહો, સમજાણું કાંઈ? સર્વજ્ઞના મતની બહાર છે. આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન (વર્તે છે) એના અભિપ્રાયથી, મતથી અજ્ઞાની બહાર છે. પોતાના વિકારને પણ કરે અને કર્મને પણ કરે. વિકારને ભોગવે અને કર્મનો પણ અભાવ કરે, ધર્મને કરે અને કર્મનો અભાવ કરે (એમ) બેનું જો કર્તવ્ય માને (તો એ) સર્વજ્ઞ પરમાત્માની આજ્ઞાથી બહાર છે.

મુમુક્ષુ :- પંડિતો આનો શું અર્થ કરે છે?

ઉત્તર :- એ તો ખબર નથી આપણને. એ આ ઉપાદાન-ઉપાદાનની વાત છે. નિમિત્ત કર્તાની વાત નથી અહીં એમ કહે. જયસેનાચાર્યમાં ઈ છે. ... આહા..હા..!

નિમિત્ત પણ એક વસ્તુ છેને સામી? તો એની પણ એ સમયની અવસ્થા હોયને? તો એ અવસ્થા એનું વ્યાપ્ય અને એ પદાર્થ એનું વ્યાપક. એમાં આત્મા એની પર્યાય વ્યાપ્ય અને આત્મા એનો વ્યાપક એમ આવ્યું ક્યાંથી? એ આત્માનું કાર્ય અને આત્મા એનો કર્તા એમ આવ્યું ક્યાંથી? એ પરદ્રવ્યની પર્યાય એનું કાર્ય અને પરદ્રવ્યનો એનો કર્તા. એમ ન હોય તો બે દ્રવ્ય આથમી જાય છે, બે દ્રવ્યનો નાશ થઈ જાય છે. આહા..હા..! કહો,

કેમ હશે આમાં? કાંતિભાઈ! આ બધા મોટા-મોટા પંડિતો કહે છેને.

મુમુક્ષુ :- અહીં આવીને સાંભળવાની જરૂર છે.

ઉત્તર :- કાંતિભાઈ ટાઢા માણસ છે. મીઠી ભાષા (બોલે છે). સજ્જન છેને. ઓલા ખોટા છે એમ ન કહ્યું. સજ્જન માણસ છેને. આહા..હા..! બાપુ! આવો માર્ગ છે, ભાઈ! તારે માટે નહિ, પણ આખી દુનિયાને માટે આ છે. કેમ હરિભાઈ! શું હશે આમાં? વાત તો એમ છે. આહા..હા..! આ શું કરે? રાગ કરે. રાગને કરે અને ઓપરેશનની પર્યાયને વ્યાપ્ય થઈને કરે (તો) બે દ્રવ્યનો નાશ થઈ જાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- એ કરે છતાં બે દ્રવ્ય તો રહે છે.

ઉત્તર :- કરતો નથી અને બે દ્રવ્ય જુદા રહે છે. કરે તો બે દ્રવ્ય એક થઈ જાય છે. આહા..હા..!

'**અનેકદ્રવ્યસ્વરૂપ...**' પોતાના ભાવને જીવ કરે અને કર્મના ભાવને એટલે પર્યાયને, શરીરની પર્યાયને, વાણીની પર્યાયને... આહા..હા..! પૈસાને દેવા-લેવાની ક્રિયાને, દાળ-ભાત-શાક આદિ બનાવવાની ક્રિયાને... આહા..હા..! ભારે કામ ભાઈ! એને કરે અને આત્મા પોતાના પરિણામને કરે તો બે દ્રવ્યો આથમી જાય છે. બે દ્રવ્યની હયાતી સ્વતંત્ર રહેતી નથી. આહા..હા..! સ્પષ્ટ કર્યું જરી. પાઠમાં '**जिनावमतम्**' છેને? વીતરાગને એ માન્ય નથી. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવને એ માન્ય નથી કે આત્મા પોતાના ભાવને કરે અને પરના ભાવ પર્યાયને પણ કરે. પોતાના ભાવને ભોગવે અને પરને પણ ભોગવે એ સર્વજ્ઞને માન્ય નથી એટલે એ વસ્તુ એમ છે નહિ.

'**મિથ્યાદષ્ટિપણાને લીધે...**' અરે! એની દૃષ્ટિ જ મિથ્યાત્વ છે કહે છે. જૂઠો ઠરેલો એ છે. સમજાણું કાંઈ? '**સર્વજ્ઞના મતની બહાર છે.**' સર્વજ્ઞ ભગવાનને યાદ કર્યા છે. આહા..હા..! પ્રભુ સર્વજ્ઞસ્વભાવી એવો ભગવાન જ્યારે સર્વજ્ઞપણાને પામ્યો એમાં તો આ ભગવાને આમ જોયું કે દરેક દ્રવ્ય પોતાની પર્યાયને કરે, પણ પરની કરી શકે નહિ. આમ જોયું અને એમ કહ્યું. આ ચોપડાના નામા સારા લખે મોતીના દાણા જેવા અક્ષર (લખે). કેમ હશે? રજનીભાઈ! નામા સારા ચોપડા લખતા નથી? એની મેળાએ લખાઈ જતા હશે? અરે! બધી કેટલી મહેનત કરવી પડે. ચોપડા બાંધવા. આ જુઓને દીવાળીએ થાય છે. ચોપડા લાવવા, સારા કાગળ લાવવા, આ મોટા લાંબા પાછા. પછી નાગરવેલના પાન તોડવા. પૂજા કરશેને. આ દીવાળીને દિ'. અમારે ત્યાં પાલેજમાં સાથે બધા ચોપડા લખ્યા હતા એક ફેરી. એમાં એ ભાઈનો મોટું .. બળી ગયું તરત. સાથે ચોપડા લખતા હતા અને આ તમારું બળી ગયું અને અમારું રહ્યું. આ શું થયું? ધ્યાન ન રાખ્યું માટે હશે? આહા..હા..! એને તો મેડીવાળા મકાન હતા, ગૃહસ્થ હતા. વડોદરામાં લોટિયા વોરા. બળ્યું તે નીચે કાપડ સળગ્યું.

પચાસ હજારનું કાપડ હશે. એકદમ સળગ્યું કોણ જાણે કેમ. બૈરાને ઉપરથી બારીમાંથી ઓલા પતરાના બીજાના ઘર હોયને આમ ત્યાંથી ઉતારી પતરામાં લાવવા પડ્યા. હેઠે ઉતરવાનો રસ્તો રહ્યો નહિ. નામા તો એક સાથે લખેલા. અમે તો નામા લખીને... ત્યાં રિવાજ એવો છે, નામા લખે પછી ફટાક્યા ફોડે. ફડાક્યા હોયને શું કહેવાય? ફટાકડા. ફટ... ફટ... ફટ... ફટ... લવિંગીયા (ફોડે). એમ કે આપણે ફતેહ. એમાં હું અને એ બે મુંબઈ ગયેલા. શું થયું? આ બધું થયું. નામું તો સાથે લખતા હતા. .... આહા..હા..! કોને પણ બળ્યું શું? તારું બળ્યું? એ તો એની અવસ્થાની ક્રિયા તેમાં થવાની હતી એ ક્રિયા એની થઈ એનામાં. એ તો એ પરમાણુનું વ્યાપક અને એની પર્યાય એની વ્યાપ્ય. તને શું બળ્યું એમાં? તારામાં શું બળ્યું એમાં? તું શોક કર તો એ શોકનું વ્યાપ્ય તારી અવસ્થા અને એને તું ભોગવ. અને શોકનો તું કર્તા, બાકી એ ચીજનો કર્તા છે નહિ. ધ્યાન રાખ્યું હોત તો આમ થાત અને ફલાણું હોત તો આમ થાત. ક્યારે દીવો બળ્યો અને શું થયું? એ વાતું બધી. આહા..હા..! અહીં હિંમતભાઈને નહોતું બળ્યું? બળ્યું હતું કે નહિ શું તમારું? પણ એને આવ્યા હશે કેટલાક. વિમો. પૂરો તો વિમો લખાવ્યો ન હોય પહેલેથી. કારણ કે એટલા પ્રમાણમાં દેવા આવશે. ઝાઝું લખાવ્યું હોય તો એટલા પ્રમાણમાં પૈસા દેવા પડે. એ બધું કરી શકતો હશેને? ધીરૂભાઈ! આહા..હા..! ભાઈ! તને ખબર નથી.

તારી સત્તામાં ફેરફાર અવળો-સવળો કરી શકે. જ્યાં તું છો ત્યાં, પણ જ્યાં તું નથી તેનું તું કરી શકે (એમ વસ્તુસ્થિતિ નથી). જેમાં તું નથી પરમાં, વાણીમાં, દેહમાં, ઘરમાં, પરમાં તો આત્મા નથી. તું તો તારી સત્તામાં છો. છે એમાં છે. એની સત્તામાં અવળું-સવળું કરી શકે રાગ-દ્વેષ અને આનંદ સુખ આદિ, પણ પરવસ્તુમાં તારો પ્રવેશ જ નથી. પરવસ્તુમાં તારી અંશે હયાતી નથી. અંશે હયાતી નથી એનું તું કર? અને એને તું ભોગવ? ન્યાયથી તો વાત બેસવી જોઈએને લોજિકથી. સમજાણું કાંઈ?

એ '**અનેકદ્રવ્યસ્વરૂપ એક આત્માને...**' જોયું! આમ તો પર્યાયની વાત છે, પણ એ પરની પર્યાય અને પોતાની પર્યાય બેને કરતો અને બેને ભોગવતો જે એમ માને છે એને બેની ક્રિયાનો અભિન્નપણાનો પ્રસંગ આવી જાય છે. એ સ્વપર મળીને અનેકદ્રવ્યસ્વરૂપ. તું તારી દશાને પણ કર, તું તારી અવસ્થાને પણ ભોગવ, ભેગો પરને પણ કરે, પણ મેં રાગ કર્યા તો પર્યાય બંધાણીને ત્યાં? એ વાત જ ખોટી છે. એ કર્મના થવાની પર્યાયને યોગ્યવાળા પરમાણુ ત્યાં કર્મપણે પરિણમ્યા છે. એ કંઈ તારા રાગને લઈને થયા નથી. સમજાણું કાંઈ? એ '**સર્વજ્ઞના મતની બહાર છે.**' આમ ટીકાકારે તો ખુલાસો કર્યો.

'**ભાવાર્થ :- બે દ્રવ્યોની ક્રિયા ભિન્ન જ છે.**' એક-એક આત્મા એવા અનંત પ્રત્યેક આત્મા, એક-એક રજકણો એવા અનંત રજકણો પરમાણુઓ. એ બે દ્રવ્યોની એટલે જે-

જે દ્રવ્યો છે તેની ક્રિયા જુદી-જુદી છે. '**જડની ક્રિયા ચેતન કરતું નથી,...**' કર્મને બાંધવાને આત્મા કરતો નથી, શરીરને હલાવવાને અને ભાષા બોલવાને આત્મા કરતો નથી. આહા..હા..! '**જડની ક્રિયા ચેતન કરતું નથી, ચેતનની ક્રિયા જડ કરતું નથી.**' ચેતનના રાગ-દ્વેષના પરિણામ તે કર્મ કરતું નથી અને સુખ-દુઃખના પરિણામ તે કર્મ કરતું નથી.

'**જે પુરુષ એક દ્રવ્યને બે ક્રિયા કરતું માને...**' જે કોઈ આત્મા, પુરુષ એટલે આત્મા '**એક દ્રવ્યને બે ક્રિયા...**' બેની પરિણતિ, બેની અવસ્થા, બેની દશા, બેના ભાવને કરે એમ માને '**તે મિથ્યાદષ્ટિ છે, કારણ કે બે દ્રવ્યની ક્રિયા એક દ્રવ્ય કરે છે એમ માનવું તે જિનનો મત નથી.**' એ વીતરાગ ભગવાનનો અભિપ્રાય નથી. આહા..હા..! કહો, અહીં તો કહે છે કે જીવ રાગ કરે અને પરની દયાને પાળી શકે, એ બે કરી શકે એ વીતરાગના મતથી બહાર છે. મેં રાગ કર્યો તો આ જીવને બચાવ્યો. પાણીમાં બૂડતો હતો. હાથ નાખ્યો અને ઊંચો કર્યો અને .. રાખ્યા તો પાણી નીતરી ગયું અને જીવ રહી ગયો. એટલે જીવે રાગ પણ કર્યો અને એને બચાવવાની પર્યાયને પણ કરી. એ જિનના માર્ગથી બહાર છે, વીતરાગ માર્ગથી બહાર છે. હવે આ જગતના પ્રાણી (એમ કહે), પરની દયા પાળવી, પરને મારી શકું, પરની દયા પાળો. પરની દયા પાળવાની ક્રિયા એ મારી અને એને દયા પાળવાનો ભાવ એ મારો. આહા..હા..! એ તો કહે છે કે મિથ્યાદષ્ટિ છે. સર્વજ્ઞની આજ્ઞા બહાર છે, જિનના મતથી તે દૂર છે. વીતરાગ જે મત છે તે મતવાળો એ નથી. એ જિનનો મત નથી. વીતરાગનો અભિપ્રાય નથી આ. આહા..હા..! લ્યો એ ૮૫ પૂરી થઈ.

## ગાથા-૮૬

कुतो द्विक्रियानुभावी मिथ्यादृष्टिरिति चेत् —

जम्हा दु अत्तभावं पोग्गलभावं च दो वि कुव्वंति।
तेण दु मिच्छादिट्ठी दोकिरियावादिणो हुंति।।८६।।
यस्मात्त्वात्मभावं पुद्गलभावं च द्वावपि कुर्वन्ति।
तेन तु मिथ्यादृष्टयो द्विक्रियावादिनो भवन्ति।।८६।।

यतः किलात्मपरिणामं पुद्गलपरिणामं च कुर्वन्तमात्मानं मन्यन्ते द्विक्रियावादिनस्ततस्ते

मिथ्यादृष्टय एवेति सिद्धान्तः। मा चैकद्रव्येण द्रव्यद्वयपरिणामः क्रियमाणः प्रतिभातु। यथा किल कुलालः कलशसंभवानुकूलमात्मव्यापारपरिणाममात्मनोऽव्यतिरिक्तमात्मनोऽव्यतिरिक्तया परिणतिमात्रया क्रियया क्रियमाणं कुर्वाणः प्रतिभाति, न पुनः कलशकरणाहंकारनिर्भरोऽपि स्वव्यापारानुरूपं मृत्तिकायाः कलशपरिणामं मृत्तिकाया अव्यतिरिक्तं मृत्तिकायाः अव्यतिरिक्तया परिणतिमात्रया क्रियया क्रियमाणं कुर्वाणः प्रतिभाति, तथात्मापि पुद्गलकर्मपरिणाामानुकूलमज्ञानादात्मपरिणाममात्मनोऽव्यतिरिक्तमात्मनोऽव्यतिरिक्तया परिणतिमात्रया क्रियया क्रियमाणं कुर्वाणः प्रतिभातु, मा पुनः पुद्गलपरिणामकरणाहंकारनिर्भरोऽपि स्वपरिणामानुरूपं पुद्गलस्य परिणामं पुद्गलादव्यतिरिक्तं पुद्गलादव्यतिरिक्तया परिणतिमात्रया क्रियया क्रियमाणं कुर्वाणः प्रतिभातु।

હવે ફરી પૂછે છે કે બે ક્રિયાનો અનુભવ કરનાર પુરુષ મિથ્યાદૃષ્ટિ કઇ રીતે છે? તેનું સમાધાન કરે છે :-

જીવભાવ, પુદ્ગલભાવ-બન્ને ભાવને જેથી કરે,
તેથી જ મિથ્યાદૃષ્ટિ એવા દ્વિક્રિયાવાદી ઠરે. ૮૬.

ગાથાર્થઃ- [यस्मात् तु] જેથી [आत्मभावं] આત્માના ભાવને [च] અને [पुद्गलभावं] પુદ્ગલના ભાવને- [द्वौ अपि] બન્નેને [कुर्वन्ति] આત્મા કરે છે એમ તેઓ માને છે [तेन तु] તેથી [द्विक्रियावादिनः] એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા [मिथ्यादृष्टयः] મિથ્યાદૃષ્ટિ [भवन्ति] છે.

ટીકાઃ- નિશ્ચયથી દ્વિક્રિયાવાદીઓ (અર્થાત્ એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા) આત્માના પરિણામને અને પુદ્ગલના પરિણામને પોતે (આત્મા) કરે છે એમ માને છે તેથી તેઓ મિથ્યાદૃષ્ટિ જ છે એવો સિદ્ધાંત છે. એક દ્રવ્ય વડે બે દ્રવ્યના પરિણામ કરવામાં આવતા ન પ્રતિભાસો. જેમ કુંભાર ઘડાના સંભવને અનુકૂળ પોતાના (ઇચ્છારૂપ અને હસ્તાદિકની ક્રિયારૂપ) વ્યાપારપરિણામને (-વ્યાપારરૂપ પરિણામને)-કે જે પોતાથી અભિન્ન છે અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો પ્રતિભાસે છે, પરંતુ ઘડો કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ (તે કુંભાર) પોતાના વ્યાપારને અનુરૂપ એવા માટીના ઘટ-પરિણામને (ઘડારૂપ પરિણામને)-કે જે માટીથી અભિન્ન છે અને માટીથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો પ્રતિભાસતો નથી; તેવી રીતે આત્મા પણ અજ્ઞાનને લીધે પુદ્ગલકર્મરૂપ પરિણામને અનુકૂળ પોતાના પરિણામને-કે જે પોતાથી અભિન્ન છે અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-

કરતો પ્રતિભાસો, પરંતુ પુદ્‌ગલના પરિણામને કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ (તે આત્મા) પોતાના પરિણામને અનુરૂપ એવા પુદ્‌ગલના પરિણામને-કે જે પુદ્‌ગલથી અભિન્ન છે અને પુદ્‌ગલથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો ન પ્રતિભાસો.

ભાવાર્થ :- આત્મા પોતાના જ પરિણામને કરતો પ્રતિભાસો; પુદ્‌ગલના પરિણામને કરતો તો કદી ન પ્રતિભાસો. આત્માની અને પુદ્‌ગલની-બન્નેની કિયા એક આત્મા જ કરે છે એમ માનનારા મિથ્યાદષ્ટિ છે. જડ-ચેતનની એક ક્રિયા હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી સર્વનો લોપ થઈ જાય-એ મોટો દોષ ઊપજે.

## ગાથા-૮૬ ઉપર પ્રવચન

‘હવે ફરી પૂછે છે કે બે ક્રિયાનો અનુભવ કરનાર પુરુષ મિથ્યાદષ્ટિ કઈ રીતે છે?’ એને જૂઠો ઠરાવો છો એ શી રીતે જૂઠો છે? શ્રદ્ધામાં, માન્યતામાં મિથ્યા એટલે જૂઠી દષ્ટિવાળો છે એ શી રીતે આપ એને કહો છો? કઈ રીતે તેને કહો છો? **‘તેનું સમાધાન કરે છે :—’**

**जम्हा दु अत्तभावं पोग्गलभावं च दो वि कुव्वंति।**
**तेण दु मिच्छादिट्ठी दोकिरियावादिणो हुंति।।८६।।**
**જીવભાવ, પુદ્‌ગલભાવ-બન્ને ભાવને જેથી કરે,**
**તેથી જ મિથ્યાદષ્ટિ એવા દ્વિક્રિયાવાદી ઠરે. ૮૬.**

આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે!

‘ટીકા :- **નિશ્ચયથી...’** નામ ખરેખર ‘**દ્વિક્રિયાવાદીઓ (અર્થાત્ એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા)...’** આહા..હા..! જીવ પોતાના પરિણામને પણ કરે અને એ જડના કર્મને બાંધવાની પર્યાય પણ કરે, જીવ પોતાના રાગને કરે અને શરીરની હલાવાની ક્રિયા પણ એ કરે, રાગને પણ એ કરે અને બોલવાની ભાષા પણ એ કરે... આહા..હા..! એમ માનનારા ‘**આત્માના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને પોતે (આત્મા) કરે છે એમ માને છે...’** આખો દિ’ કરે અને કરે નહિ એમ કહેવું લ્યો! આખો દિ’ શું કરે છે ઈ? એને ખબર નથી. આખો દિ’ એના પરિણામ જે થાય એને કરે છે. કહો, બંગડીની બજારમાં બેસે, વેચવાનું કરે, બંગડી ટૂંકી હોય તો હાથ આમ સરખો કરે અને પછી આમ

કરે નહિ? બંગડી નાની હોય તો આમ-આમ નાખે બંગડી? અહીંનો ભાગ જરી વાળીને આમ કરે. બંગડીવાળા કરે છે કે નહિ? જોયું છેને.

મુમુક્ષુ :- બંગડી ચડે કેવી રીતે?

ઉત્તર :- એ રીતે ચડે. કહે છે કે એ બંગડીનો રાગ પણ કરે અને બંગડીને પહેરાવાની ક્રિયા પણ એ કરે. બે દ્રવ્યની ક્રિયા એક માન્યતા મૂઢ છે ઈ. ભારે! કહો, સમજાણું કાંઈ? આ બાયું રાગ કરે કે નહિ રાંધવાનો? તો રાગ પણ કરે અને દાળ, ભાત અને રોટલીને પણ કરે. બે દ્રવ્યની ક્રિયા એક થઈ જાય છે. આહા..હા..! ભારે આ તો ભાઈ! રોટલી આમ કરે લ્યો. ગોરણું કાઢે ઓલામાંથી. વેરણું સરખું ફેરવે. નહિતર વાંઢા જેવું થઈ જાય. ખબર છે? વાંઢાની રોટલી એક ફેરી આવી હતી અમારે. ગોળ કરતા ન આવડેને તો એક બાજુ ખુણો આમ નીકળી જાય અને ખુણો આમ નીકળી જાય લોટનો. આ રોટલી ક્યાંની આવી? વાંઢાની આવી. વડોદ છે અહીં ઉમરાળા પાસે, વડોદ છે.

આ કહે છે કે '**(અર્થાત્ એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા) આત્માના પરિણામ...**' પર્યાયને અને '**પુદ્‌ગલના પરિણામને પોતે** (આત્મા) **કરે છે એમ માને છે તેથી તેઓ મિથ્યાદૃષ્ટિ જ છે એમ સિદ્ધાંત છે.**' ત્યાં કહેવામાં આવ્યું હતું ઘણા વર્ષ પહેલા. ભાઈ હતાને? આ કનુભાઈ હતા અને ભાઈ હતા સુમનભાઈ. ઘણા વર્ષ થઈ ગયા હોં. અહીં પહેલા એક જુવાને કર્યું હતુંને. યુવક સ્થાપ્યું હતું. યુવક મંડળ સ્થાપ્યું હતું. ઘણા વર્ષની વાત છે. ત્યારે એ બે જણા ગયા હશે ત્યાં પાલિતાણા. આ બધું અહીં સાંભળ્યું અને ત્યાં પ્રશ્ન કર્યો એમને કે મહારાજ! આ આત્મા શરીરનું કરી શકે? પરનું કરી શકે? શરીરનું ન કરી શકે, પરમાણુનું ન કરી શકે. એમ જવાબ આપ્યો, સુમનભાઈને. ઘણા વર્ષ થઈ ગયા હોં. ૨૫ વર્ષ થઈ ગયા. ૯૮. ૯૮ને બે ને ૨૮, ૩૦ વર્ષ થયા. લ્યો! સાચી વાત ૯૮માં. ભાઈ હતાને ઓલા ..વાળા. હિંમતભાઈના દીકરા અમૃતલાલ અને ઈ બધા જુવાનિયા તે દિ' હતાને. કનુભાઈ ને એ બધાનું યુવક મંડળ થયું હતું. સાધક મંડળ.

મુમુક્ષુ :- પરમાણુનું ન કરી શકે, પરનું કરી શકે.

ઉત્તર :- બસ, પરમાણુનું ન કરે, સ્કંધનું કરે. કહો એઈ..! આ એના ભગત. અરે! એને ચૈતન્ય વસ્તુ વીતરાગનો માર્ગ, વીતરાગનો નહિ પણ જગતના તત્ત્વોનું શું સ્વરૂપ છે એની ખબર ન મળે. અને અમે ધર્મી છીએ અને અમે મોટા. આહા..હા..! આમ ને આમ બગાડ્યું છે જીવે, અનાદિથી બગાડ્યું છેને.

'**પરિણામને પોતે કરે છે એમ માને છે તેથી તેઓ મિથ્યાદૃષ્ટિ જ છે એવો સિદ્ધાંત છે.**' આવો નિશ્ચયનો નિર્ણય છે એમ કહે છે. આહા..હા..! ઊના પાણી કરવાનો ભાવ પણ કરે અને ઊનું પાણી પણ કરે અને એ ઊનું પાણી પણ પીવે-ભોગવે અને એ

રાગને પણ ભોગવે. મિથ્યાદષ્ટિ મૂઢ છે કહે છે. ભાન નથી તને. સત્યનું સત્‌પણાની મર્યાદાની તને ખબર નથી. મર્યાદા ઓળંગી ગયેલ છે તું. આહા..હા..! **'એક દ્રવ્ય વડે બે દ્રવ્યના પરિણામ કરવામાં આવતા ન પ્રતિભાસો.'** આહા..હા..! જુઓને સિદ્ધાંત! સંતોની કરૂણા તો જુઓ! વીતરાગી મુનિ અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય એમ કહે છે, ભાઈ! તારી હિંસા થાય છે, ભાઈ! પરની પર્યાયને પણ કરું અને મારીને પણ કરું. હું નિમિત્ત થાઉંને. નિમિત્ત એને થાઉંને તો એમાં થાયને. આહા..હા..! તો એનામાં થવાનો કાળ હતો એ ક્યાં ગયો? આહા..હા..! એના નિમિત્તનો કાર્યકાળ હતો કાર્યકાળ એટલે એની અવસ્થાનો જે કાળ હતો એ તેં કાર્ય કર્યું તો એનો કાર્યકાળ ક્યાં ગયો? આહા..હા..! ભારે! આ બધા .. માણસો જુઓને આ બધા આ કાર્યવાહકો મોટા કહેવાય, શું કહેવાય બધા? દીવાનો છે. દીવાનો નહિ શું કહે છે એ? પ્રધાનો. મોટા કેટલા કામ કરે લ્યો! આહા..હા..!

**'એક દ્રવ્ય વડે બે દ્રવ્યના પરિણામ કરવામાં આવતા ન પ્રતિભાસો.'** ભગવાન સંતો કરૂણાથી જગતને જાહેર કરે છે. ભાઈ! બે દ્રવ્યની પર્યાયને એક કરે એમ ન ભાસો. આહા..હા..! **'જેમ કુંભાર ઘડાના સંભવને અનુકૂળ પોતાના વ્યાપારપરિણામને—કે જે પોતાથી અભિન્ન છે...'** ઠીક! દાખલો આપે છે. કુંભાર ઘડાના ઉત્પત્તિને અનુકૂળ. આ નિમિત્તને હવે સિદ્ધ કરે છે. છતાં એ એક **'અનુકૂળ પોતાના (ઈચ્છારૂપ અને હસ્તાદિકની ક્રિયારૂપ) વ્યાપારપરિણામને (-વ્યાપારરૂપ પરિણામને)—કે જે પોતાથી અભિન્ન છે...'** કુંભારના આત્માથી એના પરિણામ એનાથી અભિન્ન છે. **'અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે...'** હવે ક્રિયા લીધી. **'પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયા...'** બદલતી ક્રિયા એમાંથી કરે **'તેને—કરતો પ્રતિભાસે છે, પરંતુ ઘડો કરવાના અહંકારથી ભરેલો...'** ઘડો કરવાનો અહં—હું છું તો ઘડો થાય છે, મારો હાથ આમ ફરે તો ઘડો આમ ગોળ થાય છે. આહા..હા..! **'અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને—કરતો પ્રતિભાસે છે, પરંતુ ઘડો કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ (તે કુંભાર) પોતાના વ્યાપારને અનુરૂપ...'** પોતાના હાથ આદિ રાગને અનુરૂપ. જુઓ, પોતે અનુકૂળ, સામે અનુરૂપ. નિમિત્તને અનુકૂળ કહે છે, નૈમિત્તિકને અનુરૂપ કહે છે. સમજાણું? કુંભાર અનુકૂળ છે નિમિત્ત અને ઘડો થવાને પોતાને અનુરૂપ છે ઈ. પોતાને થવાને લાયક છે.

**'અનુરૂપ એવા માટીના ઘટ-પરિણામને—કે જે માટીથી અભિન્ન છે...'** એ ઘટ પર્યાય તો માટીથી જુદી નથી, એક છે. **'અને માટીથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને—કરતો પ્રતિભાસતો નથી;...'** એ કુંભાર ઘડાને કરતો ભાસતો નથી. ભારે ભાષા! આ પાઠ. એ રોટલી સ્ત્રી કરે એમ ભાસતી નથી એમ કહે છે. એમ

ભરત ભરેને આ બધા. લટકતા ઓલા બધા ભરત ભરે. પહેલા ભરત હતા. ચાકળા ભરતા ચાકળા. ફૂલ ને બધા. પહેલા નાના નાના ઓલા આવતાને કાચના ટૂકડા. પછી લૂગડામાં નાખી, એક ટૂકડો નાખીને ચારે કોર ભરત ભરતા પહેલા. ચાકળા. એવું ભરતા બાયું. પણ કહે છે એને અહંકાર હોય કે હું કરું છું. છતાં એ માટીથી અભિન્ન અથવા એ કપડાથી અભિન્ન એની પર્યાય, એ '**પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને—કરતો પ્રતિભાસતો નથી;...**' આહા..હા..! એ ચાકળો ભરતો ભાસે છે? કે ના, ઘડો કરતા કુંભાર ભાસે છે? કે ના. આવું કેવું પણ જગતથી (ઊંધુ)?

પછી એક જણો છોકરો કહે કે જો ભાઈ આ થપ્પડ આવે છેને એ કંઈ હું કરતો નથી હોં! બોર્ડિંગનો છોકરો હતો. આ બધું સાંભળે ખરોને. મારે. મહારાજ કહે છે કે શરીરની ક્રિયા આત્મા કરતો નથી. તેં ભાવ કરેલો. એનાથી શરીરની ક્રિયા થઈ, પણ ભાવ તો તેં કર્યો છે કે નહિ? આહા..હા..! એવું થયું હતું. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વળી જુદું. ... આ તો કહે મેં કાંઈ કર્યું નથી. એ કોણે કર્યું? મેં કંઈ કર્યું નથી. મારવાની ક્રિયા તો ક્રિયાથી થઈ, પણ તારા પરિણામ તો તેં કર્યા હતાને? પરિણામ કર્યા માટે એ ક્રિયા થઈ એમ નથી. આહા..હા..! ભારે આ જગતને ગળે ઉતારવું (કઠણ છે). અહીં તો કહે છે કે મૂર્તિના દર્શનથી શુભભાવ થયા નથી. એમ કહે છે. એઈ..! અને શુભભાવથી મંદિર રચાણું નથી. મૂર્તિ લાવીને મંદિર રચાણું એ શુભભાવથી નથી. આહા..હા..! જગતથી ઊંધુ છે.

એ ઘડાની પર્યાયનો અહંકારી એ કુંભાર હોવા છતાં તેને કરતો પ્રતિભાસતો નથી. આ તો આચાર્ય કહે છે લ્યો. અમને તો ભાસતો નથી એનો કર્તા કહે છે. કુંભારનો આત્મા જુદો, ઘડાનું સ્વરૂપ માટીનું જુદું, જુદા-જુદાને શું કરે? આહા..હા..! ભારે કામ ભાઈ આ. રોટલી ખાતા, નાનુ બટકું કાપવું હોય તો કાપે આમ કરીને અને મોટું કરવું હોય તો કાપે અને વળી રોટલીનો કટકો લઈને આમ દાળ ભરાય એવી રીતે વાળે રોટલી અને દાળમાં લઈને આમ કરે. કે ના, એ તું કરતો જ નથી કહે છે. બટકું એવું વાળેને જરી કે એમાં દાળ રહે. કહે છે કે એનો કર્તા અમને તો ભાસતો નથી. તારા અજ્ઞાનપણે તું માનતો હોય તો એ તારું અજ્ઞાન છે. આહા..હા..!

એ પુસ્તક બનવામાં એમ હશેને? રાગને કરે અને પુસ્તકને બાંધવાની ક્રિયા કરે. મગનભાઈ આવ્યા છે કે નથી? છે? ઠીક. રાગ પણ કરે અને છાપખાનાની ક્રિયા પણ ચલાવે સરખી. કેમ હશે આમાં? અહીં તો ના પાડે છે કે તેને કરતો પ્રતિભાસતો નથી. એ કુંભાર ઘડાને કરતો પ્રતિભાસતો નથી. સ્ત્રી રોટલીને કરે એમ કર્તા પ્રતિભાસતું નથી, એ છાપખાનું ચાલે

એમાં મગનભાઈ કરે એમ પ્રતિભાસતું નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- નિમિત્ત કરતું પ્રતિભાસે...

ઉત્તર :- એનો અર્થ થયો અહીં તો. નિમિત્ત કરતું પ્રતિભાસતું નથી એમ કહે છે અહીં. આહા..હા..! ભારે ભાઈ! કેમ હશે આમાં? રસિકભાઈ! ઓલા કાપડ શું તમારે કહેવાય છે? કાગળિયા. કાગળના મોટા થોક પડ્યા હોય લ્યો. તારી પર્યાયને તું કરે એમાં તને આ પર્યાયને ઉંચું-નીચું કાપડ કર. એ લૂગડા શું કહેવાય છે? કાગળ. આહા..હા..! એમ અમને તો ભાસતું નથી કહે છે.

મુમુક્ષુ :- સર્વજ્ઞદેવને ભાસતું નથી.

ઉત્તર :- પહેલું સર્વજ્ઞનું કીધું. પછી અહીં કહે અમને પણ ભાસતું નથી. અમે પણ એના માનનારા છીએ. આહા..હા..!

એક તત્ત્વ જ્યાં જુદું બીજાથી છે એમાં એક તત્ત્વ બીજાની પર્યાયને શી રીતે કરે? કરે તો બે એક થઈ જાય છે. બે જુદા રહેતા નથી. આહા..હા..! આ ચશ્મા ચશ્માની પર્યાયને કરે અને આત્માની જ્ઞાનની પર્યાયને કરે. કહો, ચશ્મા વિના જ્ઞાન થાય ત્યાં? કહે છે કે ચશ્મા વિના જ જ્ઞાન થાય ત્યાં. આહા..હા..! ભારે આકરું કામ પણ જગતને. તો ચશ્મા ચડાવો છો શું કરવા? ચડાવે કોણ પણ? રાગને કરે કે એ ચડાવાની ક્રિયાને આત્મા કરે? એ તો સ્વતંત્ર પરમાણુની ક્રિયા છે. ભારે ભાઈ! મૂળમાં ભૂલ, મૂળમાં ભૂલ. ઉપાદાન-નિમિત્તમાં નામ ઈ આપ્યું છેને? પરમેષ્ઠીદાસે નામ આપ્યું છે. મૂળમાં ભૂલ નામ રાખો આ પુસ્તકનું. ઉપાદાન-નિમિત્તનું. ૨૦૦૨ની સાલમાં આવ્યા, છપાણું પછી. ઘણા વર્ષ થઈ ગયા.

કહે છે, ઘડાની પર્યાને કુંભાર કરું એવા અહંકારથી ભરેલો હોવા છતાં ઘડાની પર્યાયને કરતો પ્રતિભાસતો નથી. એટલે કે એ નિમિત્ત પરને કરે છે એમ પ્રતિભાસતુ નથી. હવે આવી તો ચોખવટ છે. ઓલામાં એમ આવે કે બે કારણ વિના કાર્ય થાય નહિ. અષ્ટસહસ્રીમાં એમાં બધું આવે. એ તો એક બીજી ચીજ છે એટલું જણાવાનું જ્ઞાન છે. બીજું .. નથી. આ તો અનંત પદાર્થ છે. એક જ માનનારાને બીજું નથી માનતો એને કહે છે કે બાપુ બે છે. અનેક છે. અનેકની વ્યાખ્યા અનંત છે. દરેક પદાર્થ વર્તમાન સમયની પોતાની પર્યાયને કરતું તે પરિણમન એનું છે. બીજાની તે જ સમયે થતી પર્યાય તે પરિણમન તે દ્રવ્યનું છે, તારું એ નહિ. અહીં તો કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય કહે છે. '**તેને—કરતો પ્રતિભાસતો નથી;...**' આ તો દૃષ્ટાંતની વાત પહેલી કરી આ તો. કહો, આ તો હજી દાખલો આપ્યો.

'**તેવી રીતે આત્મા પણ અજ્ઞાનને લીધે...**' ઓલો અહંકાર હતો. '**પુદ્‌ગલકર્મરૂપ પરિણામને અનુકૂળ...**' ભાન નથી એથી, ફક્ત તે કાળે પુદ્‌ગલની પર્યાય જે થવાની છે ત્યાં થાય છે. એના પરિણામને અનુકૂળ તારા રાગ અને દ્વેષના પરિણામ છે બસ. એવા

**'અનુકૂળ પોતાના પરિણામને—કે જે પોતાથી અભિન્ન છે...'** કર્મના બંધનના કાળમાં એની પર્યાય થવામાં જડની તારા પરિણામ એને અનુકૂળ છે. એ પોતાના પરિણામને કહે છે પોતાથી અભિન્ન છે. રાગ છે એ તો જીવથી અભિન્ન-જુદાં નથી. **'અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે...'** બદલીને પોતાથી ક્રિયા થઈ છે. **'તેને—કરતો પ્રતિભાસો,...'** લ્યો! રાગ ને પુણ્યના, પાપના ભાવને કરતો (પ્રતિભાસો). અજ્ઞાનપણાની વાત છેને અહીં તો હજી? અજ્ઞાનીને પણ કહે છે કે એ રાગનો કર્તા તને ભાસવો જોઈએ. તું પરનો કર્તા ભાસે એ તો તીવ્ર અજ્ઞાન છે. આહા..હા..!

**'તેને—કરતો પ્રતિભાસો, પરંતુ...'** જીવ પોતાના રાગને, દ્વેષને, પુણ્ય અને પાપના ભાવને અજ્ઞાનથી કરતો પ્રતિભાસો. **'પરંતુ પુદ્‌ગલના પરિણામને કરવાના અહંકારથી...'** લ્યો! કર્મ મેં બાંધ્યા, કર્મની પર્યાય મેં કરી એવો જે તારો અહંકાર. આહા..હા..! અહંકાર. **'ભરેલો હોવા છતાં...'** ભલે અહંકારથી ભરેલો હોવા છતાં **'પણ (તે આત્મા) પોતાના પરિણામને અનુરૂપ...'** **'પોતાના પરિણામને અનુરૂપ એવા પુદ્‌ગલના પરિણામને...'** **'પોતાના પરિણામને અનુરૂપ એવા પુદ્‌ગલના પરિણામને...'** જોયું! કર્મની જે પર્યાય એ રાગને અનુરૂપ અને પુદ્‌ગલના પરિણામ એને રાગ અનુકૂળ. ઘડાના પરિણામને રાગ અનુકૂળ અને રાગ. છેને? જુઓ, **'પુદ્‌ગલના પરિણામને—કે જે પુદ્‌ગલથી અભિન્ન છે...'** **'પોતાના પરિણામને અનુરૂપ એવા પુદ્‌ગલના પરિણામને...'** એ રાગને અનુરૂપ પુદ્‌ગલની અવસ્થા અને પુદ્‌ગલની અવસ્થાને અનુકૂળ રાગ. સમજાણું કાંઈ? આ શરીર ચાલે જુઓ આમ આગળ (ચાલે) એને અનુકૂળ જીવનો રાગ અને રાગને આ પરિણામ અનુરૂપ. નિમિત્તને અનુકૂળ કહીએ અનુકૂળ. સાથે ઉભેલી ચીજ. .. કહેવાય છેને ...

**'પુદ્‌ગલના પરિણામને કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ (તે આત્મા) પોતાના પરિણામને અનુરૂપ...'** અજ્ઞાનીના રાગ-દ્વેષના પરિણામને અનુરૂપ. કોણ? કર્મના પરિણામ. અને કર્મના પરિણામને અનુકૂળ રાગ અને દ્વેષ. આ તો ... છે. આહા..હા..! **'પોતાના પરિણામને અનુરૂપ...'** આહા..હા..! રોટલીની પર્યાયને સ્ત્રીનો રાગ તે અનુકૂળ અને એ રાગને રોટલીની પર્યાય અનુરૂપ. સમજાણું કાંઈ? હાથની આમ મુઠ્ઠી વાળી એવી પર્યાયને રાગ અનુકૂળ અને એ રાગને આ મુઠ્ઠીની આ પર્યાય અનુરૂપ. નિમિત્ત એ અનુકૂળ અને નિમિત્ત આ પરિણામને (નૈમિત્તિકને) અનુરૂપ. આહા..હા..! સમજાણું કાંઈ? પુદ્‌ગલના પરિણામ રાગને અનુરૂપ તો ખરાને એને લઈને? પણ એનો અર્થ એ. તેથી તો સ્પષ્ટ કરે છે. સમજાણું કાંઈ? અક્ષર લખવામાં આવે એને જીવ રાગી છે એ રાગ એને અનુકૂળ અને અક્ષર થવા પર્યાયના એ રાગને અનુરૂપ. સમજાણું કાંઈ? અનુકૂળ અને અનુરૂપ. નિમિત્તને અનુકૂળ કહીએ અને નિમિત્ત એને (નૈમિત્તિકને) અનુરૂપ કહીએ. આને એ નિમિત્ત અનુકૂળ કહીએ અને આને

અનુરૂપ કહીએ. આહા..હા..! એને અનુરૂપ, નિમિત્તને અનુરૂપ આ પર્યાય છે કહે છે અને અનુરૂપની પર્યાયને એ અનુકૂળ પર્યાય છે. આહા..હા..! નિમિત્તને આ અનુરૂપ છે એમ કહે છે. નૈમિત્તિક અનુકૂળ છે. ભારે ભાઈ આવું. માથાકૂટ કોણ આવી કરે? ભાઈ! તને ખબર નથી. એ અનુકૂળ હોવા છતાં તે આત્માના પરિણામને કરતા નથી અને પરિણામ તે નિમિત્તને અનુરૂપ હોવા છતાં એને નિમિત્ત કરતો નથી. નિમિત્ત એને કરતો પ્રતિભાસતો નથી. એમ તો ખુલાસો કરે છે. સમજાણું કાંઈ?

**'પોતાના પરિણામને...'** એટલે રાગને અનુરૂપ કોણ? કે પુદ્‌ગલના પરિણામ. પુદ્‌ગલના પરિણામને રાગ અને દ્વેષ અનુકૂળ અને રાગ-દ્વેષના પરિણામને પુદ્‌ગલના પરિણામ અનુરૂપ. એ નિમિત્તને અનુરૂપ છે અને નિમિત્ત આને અનુકૂળ છે. આહા..હા..! **'કે જે પુદ્‌ગલથી અભિન્ન છે...'** લ્યો! કોણ? ઓલા પુદ્‌ગલના પરિણામ કે જે પોતાના પરિણામને અનુરૂપ છે. હોવા છતાં તે પુદ્‌ગલના પરિણામ પુદ્‌ગલથી અભિન્ન છે. આમાં ઓલાને અનુરૂપ છે એનાથી ભિન્ન છે અને એનાથી અભિન્ન નથી. શું કીધું? પુદ્‌ગલના પરિણામ આને અનુરૂપ હોવા છતાં, પુદ્‌ગલના પરિણામ એને અનુરૂપ આને હોવા છતાં એનો એ કર્તા નથી. આહા..હા..! **'પુદ્‌ગલથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને--કરતો ન પ્રતિભાસો.'** કહો, સમજાણું કાંઈ? નિમિત્તના પરિણામને કરતો ન ભાસો. તેમ નિમિત્ત આના પરિણામને કરતો ન ભાસો. એમ આદેશ-આજ્ઞા કરે છે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૨, મંગળવાર, તા. ૨૪-૧૦-૧૯૭૨
## ગાથા-૮૬, કળશ-૫૧, પ્રવચન-૨૦૧

ગાથા ૮૬ ચાલે છે. પંડિત તો વયા ગયાને હિન્દી? સવારે હતા, વયા ગયા. સવારે હિન્દીની માગણી કરી હતી. ૮૬મી ગાથા ચાલે છે. જુઓ! અહીંયાં આવ્યું છે. માથે અઢી લીટી છેને? આત્મા **'પોતાના પરિણામને અનુરૂપ એવા પુદ્‌ગલના પરિણામને—કે જે પુદ્‌ગલથી અભિન્ન છે અને પુદ્‌ગલથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને—કરતો ન પ્રતિભાસો.'** શું કહે છે? ઝીણી વાત છે, ભાઈ! જીવ પોતાના પરિણામમાં

રાગ, દ્વેષ, વિકાર આદિ ભાવ કરે. એ ભાવ નવા કર્મ બંધાય એને અનુકૂળ છે. સમજાણું કાંઈ? જેવા એ ભાવ કરે એ રીતે જ ત્યાં કર્મના પરમાણુઓ કર્મરૂપે થાય. તો એ કર્મના પરમાણુઓ આ રાગને નિમિત્ત છે એમ અત્યારે નથી કહેવું. એ કર્મ પરમાણુ જે બંધાય એને આ વિકારી પરિણામ અનુકૂળ છે એ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? હરિભાઈ! એ જીવ પોતાના ભાવ કરે, પણ એ ભાવ કરે એની સાથે કર્મ જે બંધાય એને પણ એ કરે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ પોતાના પરિણામને કરે. જેમકે દયાના ભાવને પોતે કરે. દયાનો ભાવ. એ દયાના ભાવમાં, દયા પળે એને આ દયાભાવ નિમિત્ત છે. અને આ દયાભાવને એ અનુરૂપ એની દયા ત્યાં પળે છે. છતાં દયાના ભાવે એની દયા પાળી શકે છે, એવી ક્રિયા દયાના ભાવ પણ કરે એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ભારે! દયાનો ભાવ કરે એ રાગ. એ રાગ, અહીંયા જીવની દયા પળે એમાં એ રાગ અનુકૂળ છે, નિમિત્ત છે. અને એ દયાના ભાવને અનુરૂપ ત્યાં દયા પળે છે અંદર, છતાં એ દયા પળે એ આત્મા કરી શકે નહિ. એમ કહે છે. આકરી વાત. તે ભાવ પણ કરે અને પરજીવની દયાની ક્રિયા પણ કરે એમ ત્રણ કાળમાં બને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભવિષ્યમાં એમ નહિ બને એમ કેમ જાણ્યું?

ઉત્તર :- ભવિષ્યમાં એટલે ક્યાં? આ તો વર્તમાનની વાત છેને. જે પ્રકારે ત્યાં જીવ બચવાનો છે એને આના પરિણામ નિમિત્ત થયા. નિમિત્ત થયા એટલે ત્યાં એણે બચાવ્યો એને અને નિમિત્તને અનુરૂપ જ એ ચીજ છે છતાં એને વર્તમાનમાં રાગ છે માટે તે બચ્યો છે, દયા પળી છે એમ નથી. સમજાણું કાંઈ? એવી વાત છે. વીતરાગમાર્ગ...

ઘડાનો પર્યાય થવામાં કુંભાર અનુકૂળ નિમિત્ત છે. સમજાણું કાંઈ? તો ઘડો માટીથી થાય, પણ એ ઘડો પાછો કુંભારની પર્યાયને પણ કરે એ અહીં વાત લેવી છે. એમ નથી. સમજાય છે કાંઈ? સ્ત્રીને દાળ, ભાત, રોટલી, રોટલો એની જે ક્રિયા તે કાળે થાય એમાં સ્ત્રીનો ભાવ હોય કે હું આવું કરું, પણ એ ભાવનો કર્તા સ્ત્રી થાય અને એ ભાવ જે સામે ક્રિયા થાય છે એમાં એ ભાવ અનુકૂળ છે. પણ અનુકૂળ હોવા છતાં એ ભાવ રોટલી, રોટલો, દાળ, ભાતની અવસ્થા કરે એ ત્રણ કાળમાં બનતું નથી. સમજાણું કાંઈ? હજી આ તત્ત્વ બે જુદાં છે એનું એક તત્ત્વ બીજા તત્ત્વનું કાંઈ કરે નહિ. સમજાય છે કાંઈ?

એ અહીં કહે છે જુઓ, જીવ પોતાના પરિણામને (અર્થાત્) જે દયા પાળવાનો ભાવ કે રાગનો ભાવ કે દ્વેષનો ભાવ કે વિષય વાસનાનો ભાવ, એ વિષય-વાસનાના ભાવને એ કરે જીવ. એ શરીરની જે ક્રિયા વિષયની થાય એને એ પરિણામ અનુકૂળ છે પણ એથી એ રાગના પરિણામ શરીરની ક્રિયાને આમ કરે, ફેરવે એ ક્રિયા જીવ કરે એમ નથી. કહો,

ભીખાભાઈ! આ રાતે પૂછ્યું હતું. ધ્યાન રાખે જરી એમ. અદ્ધરથી વયું ન જાય. આ વીતરાગ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર એમના જ્ઞાનમાં આવ્યું એવું વાણી દ્વારા કહેવામાં આવ્યું. તો કહે છે કે ઘડો થવામાં કુંભારના પરિણામ અનુકૂળ છે છતાં કુંભાર ઘડાને કરે એમ નથી. ભારે કામ ભાઈ આવું!

મુમુક્ષુ :- કુંભારના ભાવને અનુરૂપ તો ઘડો થાયને?

ઉત્તર :- એ તો કીધું. એ તો અનુરૂપ છે. ઘડાના ભાવને કુંભારના પરિણામ અનુકૂળ છે અને આના ભાવને ઓલા પરિણામ અનુરૂપ છે. અનુરૂપ હોવા છતાં... એ તો બેની વ્યાખ્યા કરી, પણ એ ઘડો બનાવી શકે કુંભાર, અથવા ઘડાના પરિણામ કુંભારની ઇચ્છાને કરે એમ નથી. આહા..હા..! ભારે ઝીણું તત્ત્વ. સમજાણું કાંઈ?

પુદ્ગલના પરિણામ એ અત્યારે આમ લેવું નથી. નહિતર જીવ રાગ-દ્વેષ કરે ત્યારે પૂર્વના કર્મનો ઉદય એને નિમિત્ત છે અને વિકારી પરિણામ તેને નૈમિત્તિક છે. એ ઉદયને અનુરૂપ છે અને ઉદયને એ નિમિત્ત છે. સમજાણું કાંઈ? ઉદય વિકારમાં નિમિત્ત છે. એ તો વાત પહેલી સાધારણ સિદ્ધ કરી છે. એની સાથે સંબંધ અત્યારે નથી. અહીંયાં તો જીવ ભાવ કરે ઇચ્છા રાગ-દ્વેષ-વાસના, હો. તો એ કરે એ નવા કર્મ બંધાય એને એ ભાવ અનુકૂળ છે. અનુકૂળ એટલે નિમિત્ત છે, પણ નવા ભાવ થાય એ આ પરિણામને અનુરૂપ છે, પણ અનુરૂપ હોવા છતાં એ જડની, કર્મની બંધનની પર્યાય આત્મા કરે એમ નથી. એ તો પોતાની સત્તામાં રાગ અને દ્વેષ કરે, બસ. નાથુલાલજી! આવો માર્ગ! આહા..હા..! સમજાય છે કાંઈ?

એક માણસ દાનના ભાવ કરે રાગ મંદ. સમજાય છે કાંઈ? એ પૈસા આમ જાયને? શું કહેવાય તમારી? નોટ અને પૈસા આમ જાય એને આ રાગ નિમિત્ત છે, અનુકૂળ છે. અને એને અનુરૂપ ત્યાં પૈસા આમ જાય એને અનુરૂપ છે, છતાં એ રાગનો કરનાર રાગ કરે, પણ પૈસા દેવાની ક્રિયા પણ કરે એ વાત મિથ્યાદૃષ્ટિ માને છે. સમજાણું કાંઈ? જીવ અને અજીવ તત્ત્વ બે જુદાં છે અને એક-એક જીવ પણ બીજા જીવથી જુદો છે. આહા..હા..! કહે છે, '**પોતાના પરિણામને અનુરૂપ...**' ભાષા બોલાય એમાં બોલવાનો વિકલ્પ જે છે એ અનુકૂળ છે અને બોલવાનો જે વિકલ્પ છે એ ભાષા થાય છે એને અનુરૂપ છે. છતાં જીવ રાગને, બોલવાના ભાવને કરે, પણ ભાષાને પણ કરે, બોલવાની ક્રિયા આત્મા કરે એમ નથી. આહા..હા..! ગજબ વાત છે! વીતરાગે શું કહ્યું છે એની ખબર નથી. વાડામાં પડ્યા (અને માને કે) અમે જૈન છીએ, પણ જૈન શું કહે છે એની ખબરું નથી. સત્ય કેમ છે? સત્યનું સ્વરૂપ કેમ છે? અને એ અસત્ય કેમ જૂઠું માને છે એની એને ખબર નથી. આહા..હા..!

કહે છે... આ તો છેલ્લા શબ્દ આવ્યાને ત્રણ લીટીના? જીવ પોતાના ભાવને. અહીં

તો વિકારની વાત છેને અત્યારે તો? પુણ્ય અને પાપના, પુણ્ય અને પુણ્યના શુભભાવ કરે. તેથી એ ભાવ.. ભગવાનની પૂજા આમ થાય સ્વાહા આદિ ક્રિયા એમાં એ ભાવ અનુકૂળ છે અને એ ભાવને અનુરૂપ ત્યાં ક્રિયા થાય છે. છતાં એ સ્વાહા આમ (હાથથી થાય) એ ક્રિયા જીવ ન કરી શકે. કહો, સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? રસિકભાઈ! શું આ દુકાનનો ધંધો ચાનો, શું છે તમારે? ચાની કોથળી શું કહેવાય તમારું? પેટી. એ ચાની પેટી આમ જવાની હોય એ ક્રિયા ચાની પેટીએ કરી છે. વેચવાવાળાનો ભાવ રાગ હો, તો રાગ એ ક્રિયામાં અનુકૂળ છે અને રાગને એ ક્રિયા અનુરૂપ છે. છતાં એ ચાની ક્રિયા અને પેટી દઈ શકે એ ક્રિયા જીવની નથી. અરે..! સમજાણું કાંઈ?

**'પોતાના પરિણામને અનુરૂપ એવા પુદ્‌ગલના પરિણામને...'** નવા કર્મ બંધાય એ. જેવા ભાવ કરે એ પ્રમાણે કર્મના રજકણો કર્મરૂપે થાય. છતાં કર્મરૂપના પરિણામને આના પરિણામ અનુરૂપ છે. સમજાય છે કાંઈ? એને નિમિત્ત છે અને એના પરિણામને ઓલા પરિણામ અનુરૂપ છે સામાના. છતાં **'પુદ્‌ગલથી...'** તે પરિણામ **'અભિન્ન છે...'** પરમાણુમાં જે કર્મરૂપ અવસ્થા થઈ એ પુદ્‌ગલથી એકમેક છે. જીવ કરી શકે નહિ. આહા..હા..! આત્મા કર્મ બાંધે અને આત્મા ભોગવે. કહે (છે), ના. અહીં તો એમ કહે છે. ભાઈ! તને ખબર નથી. તું કર રાગ અને દ્વેષ અને ભોગવ હરખ અને શોક. એમાં રાગને, દ્વેષને કરતા જડની ક્રિયાઓને પણ કરી શકે એમ નથી. અને તું ભોગવ જ્યારે હરખ-શોક, હરખ-શોકને અનુભવે. ભેગો એ લાડવા, દાળ, ભાત અને સ્ત્રીના શરીરને ભોગવે એ વાતમાં એકેય દોકડો સાચો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ખબર ન મળે કે કેમ થાય છે અને એને ધર્મ કરવો. આત્મા શું કરી શકે એની ભૂમિકામાં? એ ભૂમિકાના પરિણામ જે થતી ચીજને ભલે અનુકૂળ હો, એથી કરીને એ પરની ક્રિયા કરી શકે... આહા..હા..! એવા તત્ત્વને માને એ મિથ્યાદૃષ્ટિ છે, મૂઢ છે. હું રાગ પણ કરું અને ધંધાની ક્રિયા પણ કરું.

મુમુક્ષુ :- ધંધાની ક્રિયા કરવી કે ન કરવી?

ઉત્તર :- કોણ કરે? પણ કરી શકે કોણ? આ બધા મોટા ધંધાના રહ્યા. એઈ..! હરિભાઈ! શું આ દવાખાનું કરી શકે કે નહિ? રાગ કરે. પણ રાગ કરતા એ ઇંજેક્શનની ક્રિયા કરે અને દવા આપે અને દવાને લખે એ ક્રિયા આત્મા ન કરી શકે. સમજાણું કાંઈ? જાધવજીભાઈ! શું છે આ તમારે ત્યાં વ્યાજવટાવનો ધંધો, હુંડીનો. કલકત્તા. ઈ કહે છે કે રાગ કરે.

મુમુક્ષુ :- એ ન કરે, એના દીકરા કરે.

ઉત્તર :- દીકરો પણ કરે નહિ અને એ ન કરે. ઓલો દિલીપ તો હવે એમ કહે છે કે હું કરવાનો નથી કાંઈ એમ કહે છે. એના દીકરાનો દીકરો છે દિલીપ. ચૌદ વર્ષનો. કોણ જાણે ક્યાંથી સંસ્કાર લઈને આવ્યો છે. નહિતર ઘણા લાખોપતિ છે ત્યાં. એમના દીકરાનો

દીકરો છે દિલીપ. ચૌદ વર્ષની ઉંમર. પણ એવું બોલે... કોણ કરે? તારો બાપ કરે આ વ્યાજવટાવનો ધંધો. કર્યા. મારો બાપ તો રાગ કરે (એમ કહે). વ્યાજ વટાવની ધંધાની ક્રિયા કરે પરની જડની? મેં તો કીધું, તારે પણ કરવી પડશે. આ તારા બાપાએ કરી, દાદાએ કરી. હવે તારો બાપ કરે છે, હવે તારે (કરવી પડશે). આપણે કરવાના નથી. ચૌદ વર્ષનો છે લ્યો! અત્યારથી એમ ધડાકા બોલે છે. એય..! સામે પુસ્તક લઈને બેસે. સમયસાર. પાના-પાના ને લીટી વાંચે. શેનો અર્થ ક્યાં કરે છે? આહા..હા..!

આમ બોલે કે જીવ અને અજીવ જુદાં છે. અજીવને જીવ માને તો મિથ્યાત્વ, જીવને અજીવ માને તો મિથ્યાત્વ. એમ તો કહે છેને? પડિક્કમણાના પાઠમાં. એ ગડિયામાં ચાલે. ભાવને સમજે નહિ. ક્યાં ગયા હસમુખભાઈ? ગયા? બેઠા છે. શું કીધું સમજાણું? શું છે તમારે ધંધો? શું કીધું? પતરા. કહે છે કે એને રાગ થાય તો એ રાગને કરે, પણ પતરાને આપે અને દે અને ઈ પતરાની ક્રિયા જાવી-આવવી થાય, એ હાથ ઉપાડે અને એનાથી આમ થાય એ ક્રિયા આત્માની નહિ. એ આત્મા કરી શકતો નથી. આહા..હા..! રાગ થયો તો એથી હાથે પતરાને આમ પકડ્યું પતરાને હાથે, એ ક્રિયા આત્માની નહિ.

મુમુક્ષુ :- એ હાથની ક્રિયા છે?

ઉત્તર :- હાથની ક્રિયા છે એ તો. એય..! આહા..હા..! આ તો જડ છે, આ માટી છે આ તો. અજીવ તત્ત્વો છે. અનંત રજકણનો આ તો સ્કંધ, પિંડ છે. આ કાંઈ આત્મા છે? આત્મા ભિન્ન એ રાગ કરે, કાં દ્વેષ કરે, પણ એ રાગને લઈને હાથની ક્રિયા આમ કરે પતરા દેવાની, પૈસા ગણવાની. શું કહેવાય તમારી ઈ? નોટું. નોટું ગણવાની ક્રિયા આત્મા કરે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ માને છે કહે છે. એને જૈન ધર્મની ખબર નથી. આહા..હા..! એને જૈન પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવે જે એણે ભાવ કહ્યા એના ભાવની એને ખબર નથી. એ પુદ્ગલપરિણામને કે જે પુદ્ગલની ક્રિયા બંધનની પુદ્ગલથી અભિન્ન છે. નવું (કર્મ) બંધાય ઈ. એ '**પુદ્ગલથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે...**' પરમાણુ બદલીને કર્મ થયા છે. રાગે એને બદલાવીને કર્મ કર્યા છે એમ નથી. આહા..હા..!

મહા મિથ્યાદૃષ્ટિનું પાપ છે કહે છે. મિથ્યા. આત્માના સ્વભાવને જે રીતે છે ઈ જાણતો નથી એથી વિપરીત માને છે એ જ એની હિંસા છે. એ પોતાના સ્વરૂપની હિંસા કરે છે. આહા..હા..! પરની હિંસા કરી શકતો નથી. સમજાણું કાંઈ? દ્વેષ આવ્યો બીજાને મારી નાખવાનો, હિંસા કરવાનો. એ દ્વેષભાવને અનુરૂપ છે એ ચીજ અને દ્વેષભાવ એને અનુકૂળ છે. છતાં દ્વેષ ભાવ કરનારો પરની હિંસા કરી શકે (એમ નથી). શાક કરે છે કે નહિ આ શાક? આ દૂધી, કારેલા, શું કહેવાય? ટીંડોડા. છરી લઈને આમ કાપે. કહે છે કે એ ક્રિયા જીવ ન કરી શકે એમ કહે છે. એઈ..! હસમુખભાઈ! કારણ કે એની સત્તાની બહારની બીજી ચીજ

છે એ તો. એની સત્તામાં હોવાપણામાં તો રાગ-દ્વેષ કરે, પણ રાગ-દ્વેષની સાથે એ શાક મોળું (કરું) અને આ કરું એ ક્રિયા પણ જીવ કરે એમ માને એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. વીતરાગની આજ્ઞાથી બહાર છે ઈ. સર્વજ્ઞના મતને એ માનતો નથી. ભારે! કહો, શાંતિભાઈ! આહા..હા..!

**'ભાવાર્થ :- આત્મા પોતાના જ પરિણામને કરતો પ્રતિભાસો;...'** છેને ભાવાર્થ? ભગવાનનો હુકમ છે, સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ કેવળી પરમાત્મા એનો હુકમ છે, એની આજ્ઞા છે કે **'આત્મા પોતાના જ પરિણામને કરતો પ્રતિભાસો; પુદ્ગલના પરિણામને કરતો તો કદી ન પ્રતિભાસો;...'** આહા..હા..! મિથ્યાત્વના ભાવને કરે, રાગ-દ્વેષને કરે, પણ તેથી કર્મના બંધનની પર્યાયને પણ કરે એમ ન પ્રતિભાસો. એ ભાસ છોડી દે. આહા..હા..! હુશિયાર માણસ આ બધા વેપાર-ધંધા કરતા હશે. એ તો ફૂહડ જેવા બેસે દુકાને તો એ ધંધો ચાલતો હશે? એ તો એને કારણે ચાલે. કુંવરજીભાઈને એ હતુંને કે હું છું તો આ બધું ચાલે છે. ચાલ્યા કીધું હવે. છોટાભાઈ! હું છું તો આ દુકાન (ચાલે છે). બે રૂપિયાનો મહિનો હતો ઓલામાં શું કહેવાય? લહિયા. એ જ્યારે ગુજરી ગયા તો બે લાખની પેદાશ વર્ષની. અત્યારે તો ઘણી પેદાશ, મોટી છે એ દુકાન. એ દુકાનમાં હું પણ હતોને. અમારા પિતાજીની દુકાન હતીને ત્યાં. બે દુકાનો હતી. એક દુકાન રહી હવે. મેં આ પેદા કર્યું. કર્યા કીધું. આવી મમતામાં મરીને ઢોરમાં જાશો, કીધું. એઈ..! આ તો ૬૬ની વાત છે હોં! દીક્ષા લીધા પહેલા. અમે તો ભગત કહેવાતાને પહેલેથી. બોલે નહિ, કહીએ ઈ સાંભળે. ના ન પાડે. ભગત બોલે છે, બોલશો નહિ. ... મારાથી મોટા હતા ચાર વર્ષ. મરીને ઢોર થાશો કીધું યાદ રાખો. એમ કરીએ છીએ, અમે કરીએ છીએ. આપણે વાણિયા છીએ. એટલે માંસ ને દારૂ આપણે નથી એટલે નરકે નહિ જાવ તમે. એય..! રસિકભાઈ! આ તો ૬૬ની વાત. દીક્ષા તો ૭૦માં થઈ. એના પહેલા ૬૬. ૧૯૬૬. કેટલા વર્ષ થયા? ૬૩. આપણે તો વાણિયા છીએ એટલે નરકમાં નહિ જાઓ. તેમ દેવમાં જવાના લક્ષણ તમારા દેખાતા નથી કીધું. તે દિ' હોં. માણસમાં જવાના લક્ષણ પણ મને દેખાતા નથી, કીધું. એક ગતિ રહી ગતિ ઢોરની હોં. એ..! કુંવરજીભાઈ! પશુની ગતિ છે એક તમારા માટે. આહા..હા..! બોલે નહિ, ના ન પાડે. સમજાણું કાંઈ? અમે કરીએ... અમે કરીએ...

મુમુક્ષુ :- દુકાનનો ભાવ..

ઉત્તર :- ગમે તે ભાવ રાખે. મરતા ગાંડા થઈ ગયા. બબ્બે લાખની પેદાશ દુકાનની વર્ષની. લઈ જાવ દુકાને નહિતર મરી જઈશ. કીધું, જુઓ! આ સરવાળા આવ્યા. એના છોકરા મનસુખે કહ્યું. એના છોકરાએ કહ્યું. મહારાજે કહ્યું હતું ૬૬માં. એ પરિણામ આવ્યું આ. દુકાને લઈ જાવ નહિતર મરીશ. પડવા મંડ્યા. મેડીબંધ દુકાન છેને એમાંથી દુકાન .. આમ પડવા માંડ્યા. ત્યાં ગુલાબચંદભાઈ હતા. એય..! જોબાળિયા. એના વેવાઈ થાયને.

એણે જાલી રાખ્યા. નહિતર પડું-પડું. પણ છોકરા કહે, પણ કોના માટે તમે રળો છો આ? અમે ના પાડીએ. અમારે ઘણું છે. એવા જે બીજ રોપ્યા હતા એ ફળે, એના ફાલ આવે. ધૂળમાંય નથી. અભિમાન (કરે). અમે કરીએ, હું કરું. હું કરું. બાયુંને કેટલાકને અભિમાન એવા હોય કે અમને આવડે આ બધા. સારી વડીયું કરતાં, સારી સેવ કરતાં, પુડલા કરતાં, સારો શીરો કરતાં. ધૂળેય આવડે નહિ, સાંભળને. તારો ભાવ તું કર, એ ભાવને પરને કરી શકે? જૈન વીતરાગ માર્ગથી આજ્ઞાથી બહાર છે ઈ માનનારા. ભલે જૈન કહેવાતા હોય. આહા..હા..! સમજાણું કાંઈ? રસિકભાઈ! આવો માર્ગ છે. સાચી વાત છે?

'**આત્મા પોતાના જ પરિણામને કરતો પ્રતિભાસો;...**' ભગવાનની આજ્ઞા છે, હે આત્મા! તારા ભાવને કર એમ તને ભાસે. '**પુદ્‌ગલના પરિણામને કરતો તો કદી ન પ્રતિભાસો.**' શરીરની અવસ્થા કરું, કર્મને બાંધું, કર્મની પર્યાય બાંધવામાં મારું નિમિત્ત છે માટે હું એનો કર્તા છું એમ ન ભાસો. આહા..હા..! '**આત્માની અને પુદ્‌ગલની—બન્નેની ક્રિયા એક આત્મા જ કરે છે...**' ભગવાન આત્મા રાગ-દ્વેષને કરે અને કર્મને પણ બાંધવાની ક્રિયા કરે. શરીરને હલાવાની ક્રિયા કરે, ભાષા બોલવાની ક્રિયા જીવ કરે '**એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે.**' એ દૃષ્ટિના જૂઠા છે. આહા..હા..!

'**જડ-ચેતનની એક ક્રિયા હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી સર્વનો લોપ થઈ જાય...**' આહા..હા..! કેટલી વાત સ્પષ્ટ કરી છે. માણસને પોતાની જાતમાં શું થાય અને શેનું હું અભિમાન કરું છું (એની ખબર નથી પડતી). આહા..હા..! શ્વાસ પણ તારો સગો નથી એમ નથી કહેતા? મરવા ટાણે શ્વાસ અટકેને. અટક્યો અંદરથી અહીં. નાભિ સુધી જાય છેને અત્યારે શ્વાસ? એની ક્રિયા આત્મા કરતો નથી. આહા..હા..! આ શ્વાસ ચાલે છેને આમ? એને આત્મા કરતો નથી. આત્મા રાગ કરે કે આ સરખો શ્વાસ ચાલે તો ઠીક. બસ! પણ એ રાગ કરે ભેગો શ્વાસની ક્રિયા, એવી ક્રિયા પરમાણુની પણ (કરે એમ નથી). એ પરમાણુની ક્રિયા છે આ તો. જડ છે એ તો પરમાણુ.

મુમુક્ષુ :- હળવે હળવે શ્વાસ લઈએ તો જાજું જીવાય.

ઉત્તર :- ધૂળમાંય જીવાય નહિ. એ તો એક ફેરી કહ્યું હતું મેં ૭૧માં. એક ડોસો ચાલતો હતો આમ હળવે-હળવે. મોટી ઉંમર હતી. ૭૦ વર્ષની હશે ૭૫ની. ૭૧ની વાત છે, લાઠી. કીધું, આ ડોસો આમ કેમ ચાલે? છે તો નિરોગી શરીર. આમાં શ્વાસ પણ દેખાતો નથી, કફ દેખાતો નથી. વિઠ્ઠલ શેઠ હતા એક. ત્રિભુવન વિઠ્ઠલ. એઈ..! ઓલા ત્રિભુવન વિઠ્ઠલ નહિ? શેરીમાં મકાન છે. હરગોવિંદની પાસે મકાન. નાકા ઉપર. એ ચાલતા હતા. મેં કીધું, આ ડોસાને રોગ નથી, કફ નથી, શ્વાસ નથી. આમ હળવે-હળવે કેમ ચાલે છે? કોકને પૂછ્યું કે આમ હળવે-હળવે ચાલે તો શ્વાસ ઓછા લેવાય તો જીવતર વધે. માર્યા કીધું, આવા

ને આવા. આવા ને આવા મૂર્ખા ગામમાં વસે છે. હરિભાઈ!

મુમુક્ષુ :- પણ એવું મેડિકલ સાયન્સમાં આવે છે.

ઉત્તર :- આવ્યા. ત્યાં ગપ્પ માર્યા હોય મેડિકલ સાયન્સમાં. આહા..હા..!

અહીં તો વીતરાગ પરમાત્મા, જેને સમય સમયના પરિણામ કોના કોણ કરે એનું જ્યાં લખાણ, પ્રવચન છે, ભગવાનની આજ્ઞામાં એ આવ્યું છે. આહા..હા..! પહેલી સમજણ તો કર તારા ઘરમાં કે હું આ રાગને કરું. પણ રાગ કરતા હું પરનું કરી દઉં, દયા પાળી દઉં, જૂઠું બોલી દઉં, સત્ય બોલી દઉં (એમ ત્રણ કાળમાં નથી). આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

એક દ્રવ્ય જો બીજાની પર્યાયને કરે તો બીજા દ્રવ્ય છે એ રહેતા નથી. એનો અભાવ થઈ જાય છે. વસ્તુ જે અસ્તિ છે એની એક દ્રવ્ય—વસ્તુ બીજા દ્રવ્યનું કાંઈક કરે તો બીજા દ્રવ્યની અસ્તિ રહેતી નથી. તું કર તેનું અને તે કરે તારું. એટલે બેય જણાનો નાશ થયો. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ભાઈ! બાયડી, છોકરા સારા હોયને તો નિરાંતે માવજત કરે, તો કાંઈક જીવન પણ ચાલે. સાચી વાત હશે?

મુમુક્ષુ :- ડોક્ટરને પૂછી લો.

ઉત્તર :- એ ડોક્ટર તો અહીં સમજવા આવ્યા છે.

મુમુક્ષુ :- બહુ સૂક્ષ્મ વાત છે.

ઉત્તર :- સૂક્ષ્મ વાત છે. વાત આ જ છે. એ બધા માવજત કરનારા સારા હોયને તો આપણું શરીર ઠીક રહે. સાચી વાત હશે? શરીરને કેમ રહેવું એ તો જડની અવસ્થા છે. આ કાંઈ આત્માની છે? કેટલાકને એવું હોય કે આપણે પથ્ય આહાર કરીએ તો રોગ આવે નહિ. અપથ્ય આહાર કરીએ તો રોગ આવે. ખોટી વાત બધી છે. આહાર જ કરી શકતો નથીને આત્મા. આહાર કરવાનો રાગ એ કરે. પણ એથી રોટલી અને દાળ, ભાત, શાક ખાય, એ તો જડ છે, જડને ખાય આત્મા? આહા..હા..! પણ કે દિ' વિચાર્યું છે? આંધળે આંધળું એમ ને એમ કૂટાણું છે. આહા..હા..! કોને ખાય? કોને પીવે? ભાઈ! કહે છે કે જો એક તત્ત્વ પોતાના પરિણામની સાથે બીજાના પણ પરિણામ કરે તો એ પરિણામનો ધણી સ્વતંત્ર રહેતો નથી. તારે લઈને એમાં થયા એટલે એને લઈને એમાં થયા એમ વાત રહેતી નથી. ભારે ધર્મની વાત ઝીણી ભાઈ! આહા..હા..! આ વકીલોએ વકીલાત કરી હશે? આ રામજીભાઈએ નહિ કરી હોય ત્યાં દલીલ-બલીલ સારી? નકામી.

મુમુક્ષુ :- પુદ્ગલ કરતું હતું ...

ઉત્તર :- પુદ્ગલ જ કરતું હતું, બીજું કરે કોણ? આહા..હા..! કેમ હશે નવીન? તને નાખ્યોને હવે આ બધા લોઢાના કામમાં? લોઢાના શું છે તમારા? લોઢાના. આહા..હા..!

બે તત્ત્વો જુદાં તત્ત્વોનું,... જુદાં તત્ત્વમાં જે તત્ત્વ છે તેનો પ્રવેશ નથી અને પ્રવેશ વિના એની ક્રિયા પરની કરે એમ ત્રણ કાળમાં બને નહિ. આહા..હા..! દવાથી રોગ મટે એ વાત ખોટી છે એમ કહે છે.

મુમુક્ષુ :- કો'કને ન મટે.

ઉત્તર :- કો'કને ન મટે એટલે થઈ રહ્યું. કીધુંને, અમે એક ફેરી ૭૭માં ગયા હતા ભાવનગર. એક ડોક્ટર હતો. કાણી ડોક્ટર. એ ડોક્ટરને વિશ્વાસ ઉડી ગયો હતો બધો. આ તો નવું કાંઈક કરીએ છીએ અને કાંઈક થાય છે. દવાથી જ મટે એમાં આપણને વિશ્વાસ આવતો નથી. ધૂળેય ન થાય. આહા..હા..! એક પરમાણુ રજકણ બીજા પરમાણુની કોઈ પર્યાયને કરે તો એ પરમાણુ પર્યાય વિનાનો (રહેતાં તેનો) નાશ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

## શ્લોક-૫૧

(आर्या)

यः परिणमति स कर्ता यः परिणामो भवेत्तु तत्कर्म।
या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया।।५१।।

હવે આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [यः परिणमति स कर्ता] જે પરિણમે છે તે કર્તા છે, [यः परिणामः भवेत् तत् कर्म] (પરિણમનારનું) જે પરિણામ છે તે કર્મ છે [तु] અને [या परिणतिः सा क्रिया] જે પરિણતિ છે તે ક્રિયા છે; [त्रयम् अपि] એ ત્રણેય, [वस्तुतया भिन्नं न] વસ્તુપણે ભિન્ન નથી.

ભાવાર્થ :- દ્રવ્યદૃષ્ટિએ પરિણામ અને પરિણામીનો અભેદ છે અને પર્યાયદૃષ્ટિએ ભેદ છે. ભેદદૃષ્ટિથી તો કર્તા, કર્મ અને ક્રિયા ત્રણ કહેવામાં આવે છે પણ અહીં અભેદદૃષ્ટિથી પરમાર્થ કહ્યો છે કે કર્તા, કર્મ અને ક્રિયા-ત્રણેય એક દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે, પ્રદેશભેદરૂપ જુદી વસ્તુઓ નથી. ૫૧.

## કળશ-૫૧ ઉપર પ્રવચન

'હવે આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છે :—' ૫૧મો શ્લોક.

(आर्या)

यः परिणमति स कर्ता यः परिणामो भवेत्तु तत्कर्म।
या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया।।५१।।

'શ્લોકાર્થ :- જે પરિણમે છે તે કર્તા છે,...' શું કહે છે? પરમાણુ જ્યારે પરિણમ્યા કર્મરૂપે, એ તો પોતે પરમાણુ પરિણમ્યા એ એ પરમાણુનો કર્તા છે. જીવ રાગનો કર્તા અને કર્મને બાંધવાની ક્રિયાનો કર્તા એમ ત્રણ કાળમાં બનતું નથી. આહા..હા..! ભારે વ્યાખ્યા! 'यः परिणमति' જે તત્ત્વ અવસ્થારૂપે થાય છે તે અવસ્થાનો તે અવસ્થાયી કર્તા છે. આ શરીરની અવસ્થા આત્મા કરે? આ તો જડ છે. જડની અવસ્થાની પરિણતિ એની આ, એનો કરનારો એ પરમાણુ છે, આત્મા નહિ. આહા..હા..! બેસે કેમ? અભિમાન ગરી ગયા છેને એટલા. આહા..હા..! 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડાનો ભાર કૂતરો તાણે. ઓલા અડેને હેઠે તો એ જાણે કે આ મારાથી ગાડું ચાલે. એમ થડે બેસે અને રાગ કરે ત્યાં થડાની ક્રિયા મારાથી ચાલે છે આ બધી.

મુમુક્ષુ :- કૂતરાની ઉપમા આપવી છે?

ઉત્તર :- કૂતરાથી જ બે છે ઈ તો. એય..! નાથુલાલજી! આહા..હા..! મોટા ધંધા આ કર્યા ને આ કર્યા, ઉથલ-પાથલ (કરી), વખારમાં ભર્યા માલ. પછી વખારને માર્યા તાળા. એ બધા તાળા મારે તો એ માલ રહે સરખો. કહે છે કે એ ક્રિયા આત્મા કરે એ માન્યતા જ મૂઢ જીવની છે. જૈન વીતરાગની આજ્ઞા માનનારની એ માન્યતા નથી.

મુમુક્ષુ :- તાળું ન દેવું એમ ભગવાનની આજ્ઞા છે?

ઉત્તર :- કોણ દે અને કોણ લે? આહા..હા..! તાળાની ક્રિયા દેવાની કે લેવાની એ તો તાળાથી, જડથી થાય. આત્મા તાળું દઈ શકે?

જુઓ! 'જે પરિણમે છે તે કર્તા છે,...' તાળું તે વખતે આમ બંધ થવાની ક્રિયા તાળામાં થાય છે તો તાળુ એનો કર્તા છે. જીવ ઓલો ઊભો હોય સાથે એ એનો કર્તા છે?

મુમુક્ષુ :- ચાવીથી પણ બંધ ન થાય?

ઉત્તર :- બિલકુલ નહિ. ચાવીથી પણ નહિ. આહા..હા..! માર્ગ તો આવો છે, પણ એને ભાન નથીને. પાગલ થઈને ફરે છે. પાગલ હોં પાગલ. આહા..હા..! કહે છે કે આ

હાથ આમ થયો એમાં પરિણમ્યું કોણ? **'પરિણમે છે તે કર્તા છે,...'** એ તો પરમાણુ પરિણમે છે. કે તેં રાગ કર્યો માટે એને પરિણમાવ્યું? આહા..હા..! જીવ તો ભગવાન ભિન્ન છે, અરૂપી છે. સમજાણું કાંઈ? એ પરિણમે તે કર્તા. આ અવસ્થા પરિણમે છે એ પર્યાય પરમાણુની છે તો એ પરમાણુ એના કર્તા ખરા. આહા..હા..! આત્મા એનો કર્તા નહિ. આ કર્તા માને એ ચાર ગતિમાં રખડશે એમ કહે છે. કારણ કે પરદ્રવ્યની પર્યાયનો નાશ કરે છે. એટલે પોતાના જ્ઞાનમાં અનંત દ્રવ્યો જે છે અસ્તિ એનો ગોટાળો કરે છે, જ્ઞાન જૂઠું કરે છે. આહા..હા..! કેમ હશે રસિકભાઈ? શું છે તમારે ધંધો? કાગળનો. પુસ્તકો (બનાવવા).

જીવ વિકલ્પના પરિણામને કરે તો એ પરિણતિ રાગની (થઈ) એનો કર્તા જીવ, પણ એ પૂઠું બાંધે, પૂંઠા આમ કરે અને ચોપડીનું આમ કરે ને ઢીંકણું કરે એ ક્રિયા જીવની નહિ, એની પરિણતિ તો જડની છે. કહો, સમજાણું કાંઈ? આ પાનું ફરે એની પરિણતિ કોની? એ તો પરમાણુની, પુદ્‌ગલની છે. આમ ફર્યો એનો કર્તા કોણ? કે એ પુદ્‌ગલ એ તો પોતે છે. આંગળી એની કર્તા છે? આત્મા એનો કર્તા છે આમ ફેરવવાની? ભારે વાત ભાઈ! આવું ધર્મનું તત્ત્વ! આહા..હા..!

**'જે પરિણમે છે તે કર્તા છે,...'** તો કર્મમાં પરમાણુ પરિણમ્યા કે આત્મા પરિણમ્યો? સમજાણું કાંઈ? અને રાગ કર્યો એમાં કર્મના ઉદયનું પૂર્વનું નિમિત્ત હો. આ તો વર્તમાનની વાત ચાલે છે કે રાગ કરે અને પુદ્‌ગલના નવા પરિણામ બાંધે એને પણ કરે. બે ન થાય. અને બીજી રીતે હવે. કર્મનો ઉદય આવ્યો એ કર્મની ઉદયની ક્રિયાની પરિણતિ, એ પરિણતિનો કર્તા એ કર્મ, પણ એ પરિણતિ કર્મ પણ ઉદયને કરે અને કર્મ રાગ-દ્વેષને પણ કરે એમ બને નહિ. આહા..હા..! ભાઈ! કર્મનો ઉદય આવે એમ વિકાર કરવો પડે લ્યો! મૂઢ છો. હજી તો તને વ્યવહારની સ્થિતિ કેવી હોય એની તને ખબર નથી. આહા..હા..! કર્મનો ઉદય આવે એવા,.. લખ્યા એ ભોગવવા એમ કહે છેને માણસ? શું લખ્યા? જડ લખ્યા છે તારામાં? જડના પરિણામ જડના અને ચૈતન્યના પરિણામ ચૈતન્યના. બેય ભિન્ન-ભિન્ન છે. ચૈતન્ય પરિણામે પરિણમતો આત્મા એનો કર્તા. જડ પર્યાયે પરિણમતો જડ એનો કર્તા. આત્મા કર્તા નથી.

મૂળ તો સમ્યક્ શ્રદ્ધા અને જ્ઞાનમાં જ વાંધા ઉઠ્યા છે અનાદિથી. એની દૃષ્ટિ પરમાં-પરમાં. હું છું તો આ બધું થાય. છોકરાઓને ન આવડે. બેસાડે નહિ. અમે ત્યાં થડે બેઠા હોય તો ગ્રાહકને કેમ સાચવવો? કેમ એની સાથે લવથવ કરવી, લવથવ.. એય..! હસમુખભાઈ! લવથવ સમજાણું? લવું ને થવું એટલે બોલવું. બોલાવે એ લવ કહેવાય અને થવું તમે આવા છો અને તમે આવા છો. એ થવ. લવથવ બહુ કરે આ બાયડ્યું બહુ લવથવ કરે. બાયું કોક મળે ત્યારે લવથવ (કરે). ધૂળેય લવથવ કરી શકતો નથી સાંભળને. એ તો જડની ભાષા

છે. શું કીધું?

મુમુક્ષુ :- શાસ્ત્રોના સાચા અર્થ તો...

ઉત્તર :- એ અર્થો થાય છે પોતાની ભાષાથી. ભાષામાં કહેવાની તાકાત છે સ્વપર કહેવાની. એમ છે. આત્માથી નહિ.

મુમુક્ષુ :- આવા સાંભળ્યા નથી.

ઉત્તર :- સાંભળ્યા નથી. એ તો પર્યાય એની પોતાની એવી સાંભળી નહોતી. આહા..હા..! કોણ કરે ભાષા? અને કોણ કરે ભાષાનો અર્થ? ગજબ વાત છે! જે બદલે તે કરે એમ કીધુંને? પરિણતિ એટલે. જે બદલે તે તેનો કર્તા. ભાષા પરમાણુ હતી વર્ગણા એ ભાષારૂપે થઈ. તો બદલી એ ભાષા. આત્મા એને કરે ભાષાને? આત્મા બોલે? બોલે ઈ બીજો જડ. આહા..હા..!

'**જે પરિણમે છે તે કર્તા છે,...**' મહાસિદ્ધાંત. ભગવાનની વાણી, એમના જ્ઞાનમાં જે આવ્યું એ મહાસિદ્ધાંત. અને '**(પરિણમનારના) જે પરિણામ છે તે કર્મ છે...**' બદલતી જે પર્યાય થઈ, બદલતા જે પર્યાય થઈ એ એનું કાર્ય. બદલનારનું એ કાર્ય, પલટનારનું એ કાર્ય. બીજા જીવનું કાર્ય એનામાં છે એમ છે નહિ. આહા..હા..! આ તો મહાસિદ્ધાંતો છે. 'કર્તા પરિણામી દ્રવ્ય' એ હિન્દી શ્લોક છે. 'કર્મરૂપ પરિણામ, ક્રિયા પર્યાયકી ફેરની વસ્તુ એક ત્રય નામ.' આ શ્લોકના શબ્દ છે. 'કર્તા પરિણામી દ્રવ્ય...' દરેક રજકણ અને દરેક આત્મા પોતાના પરિણામને કરે તે દ્રવ્ય કર્તા પરિણામી. અને 'કર્મરૂપ પરિણામ...' એની જે પર્યાય થઈ એ કર્મ થયું એનું કર્મ નામ કાર્ય અને પૂર્વની અવસ્થા તે બદલી એ ક્રિયા થઈ, એ ત્રણે એક જ આત્માની ચીજ છે. એમ પરમાણુમાં પરમાણુ ત્રણે એક ચીજ છે. આહા..હા..! ભારે!

અહીં કહે છે, ખીલ્લી લાકડામાં જાય છે. ખીલ્લી લાકડામાં જાય હથોડીથી. કહે છે કે એ હથોડી ભલે અનુકૂળ હો, પણ એ ખીલ્લી લાકડામાં જાય છે એની ક્રિયા એ હથોડીની નથી. એ ચુંક જાય છે લાકડામાં એને ભલે હથોડી નિમિત્ત-અનુકૂળ હો, પણ એના એ હથોડીના પરિણામને એ જ અનુરૂપ છે. આહા..હા..! છતાં એ ચુંક અંદર ગઈ એની ક્રિયા હથોડીની નહિ, તો વિકલ્પના કરનારની નહિ અને આત્માની તો નહિ જ. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ આવે છેને. ક્યાં બધું સમજાણું? બધું સમજાય તો નિહાલ થઈ જાય. આહા..હા..! મેટ્રીકના બધા ચોપડા ફેરવવા. હવે ચોપડા કહે છે. પહેલા કહેતા ચોપડી. આટલા ચોપડા લીધા અને આટલા ચોપડા લીધા એવું છોકરાઓ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- આ સિદ્ધાંતમાં એ બધું ઊડી જાય છે.

ઉત્તર :- ઊડી જાય છે. આહા..હા..!

ભગવાન સર્વજ્ઞદેવ ત્રણ કાળ, ત્રણ લોક જેણે જાણ્યા એના જ્ઞાનમાં તો આ આવ્યું કે જે તત્ત્વ બદલીને ક્રિયા થાય છે તે તત્ત્વ તે પરિણતિની ક્રિયાનો કર્તા છે અને એ પરિણમનારું તે પરિણામ તે તેનું કાર્ય છે. સમજાણું કાંઈ? રોટલીનો ભૂકો થાય દાંતમાં, તો કહે છે કે એ ભૂકો થયો એ પરિણતિ ક્રિયા થઈ. એ પરિણતિની ક્રિયાનો કર્તા કોણ? કે એ પરમાણુ. દાઢે ભૂકો કર્યો એ નહિ અને આત્માએ કર્યો એ તો ત્રણ કાળમાં વાત સાચી નથી. દાઢના રજકણો જુદાં, રોટલીના જુદાં. ભલે રોટલીના ટૂકડામાં દાઢ નિમિત્ત હો, અનુકૂળ હોય અને દાઢને અનુરૂપ એ ક્રિયા ભલે થાવ, પણ દાઢની ક્રિયા દાઢ કરે અને ટૂકડા કરવાની ક્રિયા પણ દાઢ કરે એમ બને નહિ ત્રણ કાળમાં. આવું તત્ત્વ હશે? આહા..હા..! પણ એને ખબર નથી મરતા આમ શ્વાસ.. કેમ છે ભાઈ? શ્વાસ દુંટીએથી ઊંચો થયો છે. ઊભો શ્વાસ નથી કહેતા મરતા? ઊભો શ્વાસ થયો છે. .. આવે છેને. અટકાવને. શ્વાસની ક્રિયા કરી શકે નહિ, આ જગતના કામ કરે મૂઢ માને છે મિથ્યાત્વથી. આહા..હા..!

મુમુક્ષુ :- કોઈ કામ નહિ કરે.

ઉત્તર :- કોણ કરે છે? કહો, ભીખાભાઈ! આ બંગડીના વેપાર નહિ કરે. આ રાંધવાનું આત્મા કરી શકે નહિ તો બાયડી રાંધશે નહિ.

મુમુક્ષુ :- મહેમાન આવે તો અમે કરી શકીએ નહિ.

ઉત્તર :- કહેતો હતો એક જણો અહીં. ધૂળેય કરે નહિ સાંભળને. આહા..હા..!

મુમુક્ષુ :- એમને એમ થાય રોટલી?

ઉત્તર :- એમને એમ જ થાય છે. એ રોટલી થાય છે એ વેરણાથી નહિ. વેરણું જુદી ચીજ છે, લોટની રોટલી થાય એ જુદી ચીજ છે. વેરણાની ક્રિયાનો વેરણું કર્તા અને રોટલીની પરિણતિની ક્રિયા એ રોટલીના લોટના રજકણો કર્તા. આહા..હા..! ભારે.

મુમુક્ષુ :- અગ્નિ નહિ, તાવડી નહિ...

ઉત્તર :- બિલકુલ નહિ. અગ્નિ-ફગ્નિ તો ક્યાંય રહી ગઈ અહીં તો. વેરણું ફેરવેને સરખું આમ? ગોળ ચક્કર. એથી એવી રોટલી થઈ છે ગોળ સરખી અને વાંઢાને ન આવડે તો એ વેરણું સરખું ન ફરે તો આમ આમ થઈ જાય, ખૂણા નિકળે, એટલે નહિ (વેરણાથી નહિ) એમ કહે છે. ભાઈ! તને ખબર નથી. આહા..હા..! એ ખૂણો પડ્યો અને આમ આડીઅવળી થઈ એની પરિણતિની ક્રિયાનો કર્તા તો એ પરમાણુ છે અને એ પરિણતિના પરિણામ થયા એ એનું કાર્ય છે. આહા..હા..! કામ તે કામ પણ ભારે આકરું! અરે! વીતરાગ માર્ગને શું કહેવું છે એની એને ખબરું નથી.

'**જે પરિણામ છે તે કર્મ છે...**' તો કહે છે કે રોટલી લોટમાંથી થાય છે, કાંઈ હાથમાંથી અને વેરણામાંથી થતી નથી. આહા..હા..! એમ કર્મનું બંધન થાય એ પરમાણુથી થાય છે,

આત્માથી થતું નથી. આહા..હા..! આ આંગળી આ લાકડાને ઊંચુ કરે, કહે છે કે એ વાત તદ્દન સોએ સો ટકા જૂઠી છે. કેમકે આ લાકડી પરિણમે છે ઊંચા-નીચાની એ પોતે. તો પરિણમે એ એનો કર્તા. પરિણામનાર એ કર્તા. આંગળી એની કર્તા નહિ. તો આત્મા તો કર્તા છે જ નહિ. નવા માણસને તો ઓલું લાગે. કોઈ દિ' સાંભળ્યું ન હોયને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ એમ જ છે. છે એમ એણે નક્કી કરવું પડશે. વસ્તુ આવી રીતે જ છે. ભગવાને કીધી એટલે એમ છે? એ રીતે હતી એ પ્રમાણે ભગવાને જાણી છે. આહા..હા..!

'**જે પરિણમે છે તે કર્મ છે...**' કર્તા પરિણામી દ્રવ્ય. 'કર્મરૂપ પરિણામ' અને તે તે તત્ત્વની જે પર્યાય થઈ તે પરિણામ કહેવાય. પરિણામ તે તે દ્રવ્યનું કાર્ય '**અને જે પરિણતિ છે તે ક્રિયા છે;...**' પરિણતિ તે ક્રિયા છે. અવસ્થા બદલી તે એની ક્રિયા છે. કર્તા પરિણામી, કર્મ પરિણામ અને ક્રિયા પર્યાય બધું એક જ ચીજ છે. સમજાણું કાંઈ? બહુ ભાઈ ઝીણું આવું છે. ઓલા કહે, દયા પાળી લઈએ, પાંજરાપોળનું કરી દઈએ. આ શું કહેવાય તમારા પંચશીલવાળા? સડકું સરખી બાંધી દઈએ, કૂવા ઊંડા ખોદી દઈએ, બંધ પાણીના કરી દઈએ.

મુમુક્ષુ :- બધુંય કરવાના છે.

ઉત્તર :- થઈ રહ્યું. ધૂળેય કરશે નહિ. રાગ કરે છે. બહારની ક્રિયા તો જે સમયે જડની થવાની તે થવાની. પરિણમનાર એ એની ક્રિયાનો કર્તા. તું એનો પરિણમનાર છો?

મુમુક્ષુ :- યોજનાઓ ચાલે છે.

ઉત્તર :- એ બધા યોજના રાગની કરે. પરની યોજના શું કરી શકે? આહા..હા..! યોજના કરતો-કરતો મરી જાય ત્યાં. કહો, ડોક્ટર! ડોક્ટર આટલા ઈંજેક્શન દે, ઓપરેશન કાંઈક કરતો હતો ત્યાં મરી ગયો એ. લ્યો! હેમંતકુમાર સર ડોક્ટર હતા. તો એ શું કરે? જડને શું કરે પણ? એની સ્થિતિ જ્યાં પૂરી થવાની ત્યાં આ... થઈ રહ્યું લ્યો! મને કાંઈક થાય છે. ઓપરેશન કરતા હતા. સર ડોક્ટર, ભાવનગરના સર્જન. આમ મને થાય છે, બસ આમ થયું ત્યાં ખલાસ ઉડી ગયા. આહા..હા..! એ રજકણોની અવસ્થા જે સમયે બંધ પડવાની તે પરિણતિ તે એને કારણે પડે છે. આત્મા એને રાખી શકે, આત્મા એને બદલાવી શકે, આત્માના પરિણામ એને મદદ થઈ શકે એમ નથી. અસર પાડી શકે લ્યો! આહા..હા..! કોની છાપ પડે?

એ તો ઘણા કહે છેને કે ભાઈ મહારાજના હાથમાં છેને આ લાકડી. એનામાં ઈલમ છે. જેના ઉપર ફરે તો જાદુગરી છે એમાં પૈસા થાય. ધૂળેય નહિ. આ તો પરસેવો હાથમાં થાય તો આને અડાય નહિ એટલે. એનાથી પૈસા થતા હશે? એના પુણ્ય હોય તો થાય.

હરિભાઈ! એમ કહેવાય છે બહારમાં. મહારાજના... લાકડી ખોવાઈ ગઈ એક. સનાવદ ગયાને, લઈ ગયું કોક. એ જાણે લાકડીમાં (જાદુ) છે. ત્યાં ક્યાં હતું ધૂળમાં. અહીં તો ચૈતન્યની સાચી વાત છે. એ ચમત્કાર છે અહીં તો. આહા..હા..! ધૂળમાંય કાંઈ નથી મફતનો...

કહે છે '**એ ત્રણેય, વસ્તુપણે ભિન્ન નથી.**' એટલે પરિણતિની ક્રિયા તે તત્ત્વથી જુદી નથી, એનું પરિણામ તે તેનાથી જુદું નથી અને એ પરિણામનો કર્તા પણ એનાથી જુદો નથી. આહા..હા..! ભારે! એણે નક્કી કરવું પડશે.

'**ભાવાર્થ :- દ્રવ્યદૃષ્ટિએ પરિણામ અને પરિણામીનો અભેદ છે...**' જોયું! વસ્તુદૃષ્ટિએ જોઈએ તો તે તે તત્ત્વના વર્તમાન પરિણામ પર્યાય અને પરિણામી વસ્તુ એક છે. '**અને પર્યાયદૃષ્ટિથી ભેદ છે. ભેદદૃષ્ટિથી તો કર્તા, કર્મ અને ક્રિયા ત્રણ કહેવામાં આવે છે...**' ભેદથી એટલે કે આ પર્યાય પલટી એ ક્રિયા, પરિણામ એનું કાર્ય, વસ્તુ એનો કર્તા એમ ભેદ છે વ્યવહારથી. અને '**પણ અહીં અભેદદૃષ્ટિથી પરમાર્થ કહ્યો છે કે કર્તા, કર્મ અને ક્રિયા—ત્રણેય એક દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે,...**' લ્યો! આહા..હા..! પાછી અવસ્થા કીધી અહીં. પરિણામી પણ એક અવસ્થા એ જાતની એમ. અવસ્થ-છેને એમ. '**ત્રણેય એક દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે,...**' પરિણામીને પણ અવસ્થા કીધી. અવસ્થા એટલે અ એટલે નિશ્ચય છે. ઝીણું બહુ ભાઈ! અરે! તત્ત્વ કેવા છે અને કેમ થાય છે એની ખબરું વિના એને હિત કરવું, ધર્મ કરવો. ધર્મ કરનારો કેવો છે અને એ પરનું કરી શકે છે કે નહિ એની ખબર ન મળે અને એને ધર્મ થાય. ત્રણ કાળમાં થાય નહિ.

'**એક દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે,...**' લ્યો ઠીક! પરિણામીને પણ અવસ્થા તરીકે કીધું. '**પ્રદેશભેદરૂપ જુદી વસ્તુઓ નથી.**' અવસ્થા, પરિણામ અને પરિણતિ, પરિણામ અને પરિણામી એના અંશો જુદા નથી, એક જ ચીજ છે. કોઈ તત્ત્વના પરિણામ, બીજા તત્ત્વના પરિણામને કરે એ ત્રણ કાળમાં બનતું નથી. એમ એણે નિર્ણય સાચો કરવો પડશે, જો હિત કરવું હોય તો. નહિતર રખડી મરે છે અનાદિથી. એમાં કાંઈ સત્ય હાથ આવતું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૫૨

(आर्या)

एकः परिणमति सदा परिणामो जायते सदैकस्य।
एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः।।५२।।

ફરી પણ કહે છે કે :—

શ્લોકાર્થ :- [एकः परिणमति सदा] વસ્તુ એક જ સદા પરિણમે છે, [एकस्य सदा परिणामः जायते] એકના જ સદા પરિણામ થાય છે (અર્થાત્ એક અવસ્થાથી અન્ય અવસ્થા એકની જ થાય છે) અને [एकस्य परिणतिः स्यात्] એકની જ પરિણતિ-ક્રિયા થાય છે; [यतः] કારણ કે [अनेकम् अपि एकम् एव] અનેકરૂપ થવા છતાં એક જ વસ્તુ છે, ભેદ નથી.

ભાવાર્થઃ- એક વસ્તુના અનેક પર્યાયો થાય છે; તેમને પરિણામ પણ કહેવાય છે અને અવસ્થા પણ કહેવાય છે. તેઓ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજનાદિકથી જુદા જુદા પ્રતિભાસે છે તોપણ એક વસ્તુ જ છે, જુદા નથી; એવો જ ભેદાભેદસ્વરૂપ વસ્તુનો સ્વભાવ છે. ૫૨.

---

**આસો વદ-૩, બુધવાર, તા. ૨૫-૧૦-૧૯૭૨**
**કળશ-૫૨-૫૩, પ્રવચન-૨૦૨**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

(आर्या)

एकः परिणमति सदा परिणामो जायते सदैकस्य।
एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः।।५२।।

શું કહે છે? અર્થ નીચે. કે આ આત્મા છે આત્મા અને આ પ્રત્યેક પરમાણુ રજકણ ભિન્ન-ભિન્ન તત્ત્વ છે. આત્મા અનંત છે, અને રજકણ આના ટૂકડા કરતાં-કરતાં છેલ્લા પરમાણુ સૂક્ષ્મ એને પરમાણુ તત્ત્વ કહે છે. એવા અનંત પરમાણુ છે અને અનંત આત્મા છે. બીજા ચાર દ્રવ્ય અરૂપી ભિન્ન છે.

અહીં કહે છે કે **'વસ્તુ એક જ સદા પરિણમે છે,...'** આત્મા પોતાના પરિણામ કરવામાં સદા એક જ પરિણમે છે. પોતાની પર્યાય કરવામાં બીજા કર્મની અને શરીરની પણ પર્યાય કરે એવું વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? પ્રત્યેક પદાર્થ ભિન્ન ભિન્ન રહીને પોતાની પર્યાય નામ અવસ્થા, એની પરણતિ **'સદા પરિણમે છે,...'** **'એક જ સદા પરિણમે છે,...'** આત્મા આત્માપણે વિકારપણે પરિણમો કે અવિકારપણે હો, પણ પોતાના પરિણામે પરિણમે છે. **'એકના જ સદા પરિણામ થાય છે.'** અને પરિણામ પણ સદા પરિણમિત એ એના એકના જ પરિણામ છે. આત્મામાં જ્ઞાન-દર્શનના પરિણામ હોય કે વિકારના પરિણામ, પણ એકના છે. બીજાથી એમાં થાય છે અને પોતાથી પરમાં કાંઈક થાય છે એમ છે નહિ.

મુમુક્ષુ :- સદા એમ છે?

ઉત્તર :- ત્રણે કાળ. તત્ત્વ અનંત છેને ભિન્ન. અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ પ્રત્યેક પોતાની સત્તામાં સદા અવસ્થાંતર કરે છે. એ અવસ્થાંતર કરનારા પરિણામ પરિણામીના છે, એ દ્રવ્યના છે. એ પરિણામ પરથી થાય છે એમ ત્રણ કાળમાં નથી. તેમ એ પરિણમે છે તો એ કર્મનું બંધન પણ કરે (એમ નથી), આત્મા રાગ અને દ્વેષ કરે તો તો પરિણતિ એની અવસ્થા છે, તો રાગ-દ્વેષ કરે અને એની સાથે નવા કર્મ પણ આત્મા બાંધે, નવા કર્મની પરિણતિ પણ આત્મા કરે એમ બનતું નથી. ન્યાયથી સમજાય છેને? શાંતિભાઈ! આહા..હા..! આ દેહ છે દેહ જુઓ, આ દેહના રજકણ છે પરમાણુઓ. આંગળી તો અજીવ છે, આ તો માટી છે. પુદ્ગલ છે. અનંત રજકણનું એ તો દળ, પિંડ છે. એની આવી જે અવસ્થા થાય છે એ પરિણમિત એ પરમાણુ પરિણમિત અવસ્થાને કરે છે. આત્માથી એવી અવસ્થા થાય છે એમ ત્રણ કાળમાં નથી.

મુમુક્ષુ :- એ તો બરાબર છે, પણ આત્મા વિના ન થાય.

ઉત્તર :- ત્રણ કાળમાં આત્મા વિના જ થાય છે. પંડિતજી! આહા..હા..! વીતરાગ દર્શન સર્વજ્ઞથી (પ્રરૂપિત)... અનંત આત્મા અને અનંત પરમાણુ ભગવાને કહ્યા તો એ કહે છે કે જેટલા દ્રવ્ય વસ્તુ ભિન્ન-ભિન્ન છે એ પોતાની અવસ્થાને રૂપાંતર કરે, પણ એ બીજી ચીજને પણ રૂપાંતર અને અવસ્થા કરે એવો વસ્તુનો સ્વભાવ નથી. સમજાય છે? રાગ કરે રાગ બોલવામાં, વકીલાતમાં, જજમાં પણ ભાષા આત્મા કરી શકે છે એમ નથી એમ કહે છે. કેમકે ભાષા છે એ અનંત રજકણ આત્માથી પૃથક્ તત્ત્વ છે. પૃથક્ તત્ત્વની અવસ્થા

પૃથક્ આત્મા કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. અજ્ઞાનીઓની માન્યતા મૂઢ જેવી છે, પણ માને છે કે હું મારો રાગ પણ કરું છું અને હું ભાષાની અવસ્થા પણ કરું છું. હું રાગ પણ કરું છું અને પરની દયા પણ પાળી શકું છું, રાગ કરું અને ભાષા પણ કરે કે શરીરની અવસ્થા એમ કરી શકે. એ વાતમાં એકેય સત્ય નથી, બધું ખોટું છે.

મુમુક્ષુ :- રોટલી તો ખાઈ શકે કે નહિ?

ઉત્તર :- ખાઈ શકે કોણ? રોટલીના રજકણ ભિન્ન છે. અજ્ઞાનીને ખાવાના કાળે રાગ પરિણતિ રાગ હો, પણ રાગની પરિણતિનો કર્તા તો આત્મા છે. તો એ રાગનો કર્તા છે તો એની સાથે રોટલીનો ટૂકડો કરી શકે, ખાઈ શકે એમ ત્રણ કાળમાં નથી. કેમકે ભિન્ન-ભિન્ન તત્ત્વ છે, તો ભિન્ન તત્ત્વની અવસ્થા ભિન્ન તત્ત્વ કરે એમ વસ્તુમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એક જ સદા પરિણમે છે,...'** ભાષા જુઓને! મહાસિદ્ધાંત આ તો છે. આત્મા હોય કે એક પરમાણુ હોય રજકણ પોઈન્ટ. **'એક જ સદા પરિણમે છે,...'** પોતાની અવસ્થામાં એ એક જ પદાર્થ અવસ્થા કરે છે. બીજા પદાર્થની એ અવસ્થા કરે કે બીજા પદાર્થથી એનામાં અવસ્થા થાય એમ ત્રણ કાળમાં નથી.

મુમુક્ષુ :- એ તો એકાંત થઈ જાય છે.

ઉત્તર :- એકાંત વસ્તુની મર્યાદા છે. એ તો આવી ગયું માથે. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુની મર્યાદા એવી છે. (ઊંધુ) માને છે એટલે તો સમજાવે છે. વસ્તુ આત્મા હોય કે રજકણ પરમાણુ હોય એ વસ્તુ છે. વસ્તુમાં અનંત શક્તિઓ પોતાની વસેલી છે, રહેલી છે. એ શક્તિઓ—એ ગુણ પોતાની વર્તમાન દશામાં પરિણત થાય, અવસ્થા થાય તો એ એક જ સદા પરિણમે છે. આ શરીર આમ ચાલે છે તો આત્માની અવસ્થા આત્મા કરે અને આત્માની અવસ્થા એને પણ ચલાવે એવું ત્રણ કાળમાં બનતું નથી. કેમકે ભિન્ન પદાર્થની અવસ્થા ભિન્ન પદાર્થ છે ઈ કરે છે. છે? આ તો સિદ્ધાંત છે.

મુમુક્ષુ :- તો પછી ભોજન વખતે મોઢું આમ ઉંચું...

ઉત્તર :- કોણ ઉંચું-નીચું કરે? ધૂળ? આ તો રજકણ છે. આ રજકણ છે. આમ-આમ થાય છે એ તો પુદ્‌ગલની પર્યાય છે. આત્મા કરી શકે એમ ત્રણ કાળમાં નથી. ન્યાય સમજાય છે કે નહિ? લોજિકથી તો વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :- ઘડ નથી બેસતી.

ઉત્તર :- ઘડ બેસે એવી છે આ જ તે. ઊંધી કરે એ જૂઠી (છે). આહા..હા..! સમજાણું કાંઈ?

આત્મા.. શબ્દ શું પડ્યો છે? વસ્તુ. વસ્તુ નામ પદાર્થ. પદાર્થ નામ આત્મા હો કે પરમાણુ

હો, એ એક જ પોતે પોતાથી જ સદા પરિણમે છે. ત્રણે કાળ પોતાની અવસ્થારૂપે એ પદાર્થ સ્વતંત્ર પોતાથી અવસ્થા કરે છે. આહા..હા..! આ બધા કારખાના કરે, હુશિયાર માણસ કારખાના કરે લ્યો! આ વકીલો મોટા ચોપડા ફેરવે. આ રામજીભાઈ મોટા વકીલ હતાને.

મુમુક્ષુ :- મોટા ખોટા.

ઉત્તર :- એ વકીલ હતા ૩૦ વર્ષ પહેલા. કોર્ટમાં જતા હતા પાંચ કલાક. ૨૦૦ રૂપિયા લેતા હતા. ઈ કહે છે કે પોતાની પર્યાય કરે ત્યાં વિચારણાની, પણ એ પર્યાય ભાષા કરી શકે, દલીલ દઈ શકે એ વાતમાં કાંઈ માલ નથી. કેમકે દલીલ જેમાં થાય છે એ તો જડની પર્યાય છે. એ જડની અવસ્થા આત્મા કરે અને આત્મા રાગ પણ કરે એમ ત્રણ કાળમાં તત્ત્વની સ્થિતિમાં મર્યાદામાં નથી. અજ્ઞાની માને છે એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે.

મુમુક્ષુ :- આવું ભગવાન કહે છે?

ઉત્તર :- આ કોણ કહે છે? ભગવાન કહે છે. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણમાં લાખો-કરોડોની સભામાં દેવની વચ્ચે ભગવાનની આ વાણી આવે છે. લોજિકથી-ન્યાયથી સમજવું પડશે કે નહિ એને? કોઈપણ તત્ત્વ છે એ આત્મા કે જડ પોતાની સત્તા જેટલામાં છે એટલી સત્તામાં ફેરફાર કરી શકે. પરની સત્તામાં આત્મા નથી તો પરની સત્તામાં ફેરફાર કરે એમ બની શકે નહિ.

મુમુક્ષુ :- હવે કેટલાય કાળ .. ફરી જાય.

ઉત્તર :- ધૂળમાંય કાંઈ ફરી જતા નથી.

મુમુક્ષુ :- ... પણ ફરી જાય.

ઉત્તર :- ફર્યા. એ તો એની પર્યાય ફરવાની હોય તો એને કારણે ફરે.

મુમુક્ષુ :- એનો સ્વભાવ ફરવાનો છે.

ઉત્તર :- એનો સ્વભાવ છે. આહા..હા..! દાખલા વકીલો આપે. વિલાયતમાં આ કેસ આમ ચુકવાણો હતો, ફલાણુ આમ ચુકવાણો હતો. જુઓ અહીંયાં. એ વાણીની ક્રિયા આત્મા કરી શકે છે? એય..! પંડિતજી!

મુમુક્ષુ :- પંડિતજી વિદ્યાર્થીઓને નહિ શીખવતા હોય?

ઉત્તર :- બિલકુલ શીખવે નહિ. શું શીખવે? વિકલ્પ કરે રાગ. પણ ભાષા બોલે અને વિદ્યાર્થીને સમજાવી દે, એ ક્રિયા પણ આત્મા કરે એમ છે નહિ. કહો, હીરાભાઈ! કેમ હશે આ બધું? ભારે આકરું!

મુમુક્ષુ :- એક અપવાદ રાખવો.

ઉત્તર :- એક રાખો કે ગુરુ સમજાવી શકે એટલું. એમ કહે છે. આહા..હા..! ગુરુનો આત્મા ગુરુના પરિણામને કરે. એ શું બીજા પદાર્થના પરિણામને કરે? કેમકે એ પરિણામ

ક્રિયા વિના ખાલી પદાર્થ છે? પ્રત્યેક પદાર્થ ક્ષણે ક્ષણે પોતાની પર્યાયરૂપ પરિણામ કરે છે. એમાં તારા પરિણામથી એમાં પરિણામ થયા એ ભ્રમ છે, અજ્ઞાનીની મૂઢતા છે. આહા..હા..! અસત્ય જૂઠું સેવે છે એમ કહે છે. આ તો મહાસિદ્ધાંત છે. આ કાંઈ કથા નથી, વાર્તા નથી.

જગતના પદાર્થ જેટલા પ્રત્યેક પૃથક્ અનંતપણે રહ્યા છે એ સદાય એક જ. એમ શબ્દ છેને? એક જ. આત્મા એક જ પોતાથી પોતાના પરિણામ કરે છે. આ પરમાણુ પોતાથી જ આવી પર્યાય કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આત્મા દયાનો ભાવ કરે તો એ ભાવની પરિણતિ આત્મા પોતાથી કરે છે, પણ દયાનો ભાવ થયો એટલે બીજો બચી ગયો, એ પર્યાયથી બચાવે છે એ વસ્તુ ત્રણ કાળમાં સત્ય નથી. કેમકે સામે જીવ અને પરમાણુના સંયોગ એ તત્ત્વ છે. એનું ત્યાં રહેવું, એનો વ્યય થવો એ તો એની પર્યાયનું કાર્ય છે. તારી પર્યાયનું કાર્ય એ નથી. ભારે વાત ભાઈ આવી! કહો, સમજાય છે કાંઈ? કેમ હશે આમાં? ચંદ્રકાંતભાઈ! આ તમે ત્યાં બધી દલીલ કરતા હશો કે નહિ ત્યાં? એ છેને એમાં છેને ભાઈ! એસોમાં છે. ભાઈ છેને એસોમાં. આહા..હા..!

મુમુક્ષુ :- એ જુદા ખાતામાં છે.

ઉત્તર :- જુદું ખાતું હશે. એસોમાં આ ભાઈ પણ છે. રામજીભાઈનો દીકરો છે ત્યાં એ એસોમાં. મુંબઈ છેને. આઠ હજારનો પગાર માસિક. એ તો કહેતા હતા. કોણ? ધીરૂભાઈ? બીજા કહેતા હતા. એણે નહિ. બીજાએ કીધું. દસ-દસ હજારમાં બબ્બે હજાર ઘટાડ્યા. દસ હજારનો હતોને ત્યાં લઈ ગયા હતાને, બેલ્જીયમ. દસ હજારનો પગાર માસિક. પછી ઘટાડ્યું કે ભાઈ મારા પિતાજી અહીં રહે અને મહારાજ અહીં રહે અને હું બાર મહિને ન જઈ શકું, એ દેશ મારે ન જોઈએ. બે હજાર ઘટાડ્યા મહિને. એમ વાતું કરતા હતા. હવે એ તો પોતે કહેતા હતા કે પૈસા તો એટલા અત્યારે આવે. એમ કહેતા હતા એક ફેરી. શું કહેવાય ઓલી આ? ખંપાળી. પૈસા એટલા આવે છે. ઘણા એમ કહેતા હતા. આંકડો નહોતા બોલતા. એક વાર એના મકાનમાં ઉતર્યા હતાને ભાઈ તે દિ'. આવેને, એવા ઘણાને હોય છે, એમાં ધૂળમાં શું છે? આહા..હા..!

કહે છે કે આત્મા વસ્તુ છે વસ્તુ તત્ત્વ અને એમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ એની શક્તિઓ ગુણ ત્રિકાળ અવિનાશી છે અને એમાં વર્તમાન અવસ્થા થાય છે, પર્યાય અવસ્થા પરિણામ. તો એક જ આત્મા પોતાના પરિણામને સદા કરે છે. પણ એ આત્મા બીજાના પરિણામને પણ કરે એ વસ્તુની સ્થિતિમાં ત્રણ કાળમાં નથી. કહો, સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- આમ ને આમ આપ.. ત્યારે તો અમે હા પાડીએ પણ દાખલા આપો ત્યારે..

ઉત્તર :- દાખલા આપીએ ત્યારે સમજાય, નહિતર એમ ને એમ ન સમજાય. દાખલો આપીએ ત્યારે માંડ સમજાય એને. નહિતર આ તો **'વસ્તુ એક જ સદા પરિણમે છે,...'** હવે શું લ્યો એમાં સમજો. પણ એનો અર્થ દરેક પરમાણુ.. આ એના પરમાણુ છેને? ભિન્ન-ભિન્ન આ પરમાણુ. મોટરના પૈડાના પરમાણુ છેને? પૈડા-પૈડા સમજો છોને? એમાં જે એક રજકણ છે એ રજકણ પોતાની પર્યાયમાં (પરિણમે છે). જુઓ, **'વસ્તુ એક જ...'** પરમાણુ એક જ **'સદા પરિણમે છે,...'** અવસ્થા કરે છે.

મુમુક્ષુ :- હવે પેટ્રોલથી ચાલે છે.

ઉત્તર :- ધૂળેય પેટ્રોલથી ચાલતી નથી. અહીં તો એ કહે છે. એ પરમાણુ પોતાથી પોતાની પરિણતિ કરે છે. એ પરમાણુ ઉપર મોટર ચલાવે એ ત્રણ કાળમાં સાચી વાત નથી. કેમકે મોટરના રજકણોનું અસ્તિત્વ ભિન્ન છે. તો પ્રત્યેક પરમાણુ પોતાની પર્યાયને, અવસ્થાને સદા કરે, પણ પરના પરિણામને અવસ્થા કરે તો અન્ય દ્રવ્યનો લોપ થઈ જાય છે. આહા..હા..! ધીરૂભાઈ! તો આ બધા હુશિયાર કારખાના કરે છે. આ બધા કરે છેને? શું કરતા હશે? એઈ..! આહા..હા..!

એક જ સિદ્ધાંત આ પહેલો. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ ઈન્દ્રો અને ગણધરોની સભામાં પરમાત્માની વાણી.. નિમિત્તથી કહીએ છીએ, વાણી વાણીની છે, પરમાત્માની નહિ... સમજાણું કાંઈ? એ વાણીમાં એમ આવ્યું. એ ગણધરે રચના કરી શાસ્ત્રની, આગમની. એ આગમ માહ્યલું આ એક સમયસાર આગમ છે. સમજાય છે કાંઈ? પરમાત્મા બિરાજે છે સીમંધર ત્રિલોકનાથ તીર્થંકર મહાવિદેહમાં. જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન છે અને કરોડ પૂર્વનું આયુષ્ય છે. કરોડ પૂર્વ. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એવા-એવા કરોડ પૂર્વનું ભગવાનનું આયુષ્ય છે. વર્તમાન મહાવિદેહમાં બિરાજે છે અને ત્રણ કાળનું જ્ઞાન છે અને પાંચસો ધનુષની શરીરની ઉંચાઈ છે. આહા..હા..! ..લાલજી! એ ભગવાનના શ્રીમુખે વાણી આવી. આ કુંદકુંદાચાર્ય ગયા હતા સંવત્ ૪૯માં. એ જ્ઞાની હતા, ચારિત્રવંત હતા તો વિશેષ નિર્મળતા થઈ. અહીંયા આવીને આ શાસ્ત્ર બનાવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વસ્તુ એક જ...'** 'જ' છે હોં! દરેક આત્મા અને દરેક પરમાણુ પ્રત્યેક **'એક જ સદા પરિણમે છે,...'** વર્તમાન અવસ્થાને કરનારા અને પરિણમનાર એ એક જ ચીજ છે. **'એકના જ સદા પરિણામ થાય છે...'** આહા..હા..! અને એ પરિણામ જે પરિણતિ થાય છે તે એક પદાર્થની છે. બીજા પદાર્થના એ પરિણામ છે એમ છે નહિ. આહા..હા..! ભારે કામ આકરું. જગતને, દુનિયાને તત્ત્વની ખબર નથી. મૂળ તત્ત્વ છે નવ તત્ત્વ. નવ તત્ત્વ છેને? તો એમાં અજીવ તત્ત્વ છેને એક? અને જીવ તત્ત્વ છે. તો જીવ તત્ત્વ જીવની

પર્યાય કરે, એ અજીવની પર્યાય કરે એમ ત્રણ કાળમાં બને નહિ અને અજીવ છે એ અજીવ પોતાની પર્યાય—પરિણામ કરે એ જીવના પરિણામ કરે, કર્મનો ઉદય એ પોતાની ક્રિયાને કરે, પણ એ ઉદય આત્માના વિકારને કરે એવી ત્રણ કાળમાં ક્રિયા થતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

સવારે તો અધ્યાત્મની એકદમ આનંદકંદ પ્રભુ છે એવી વાત ચાલી હતી. પણ હજી આટલી પણ સ્વતંત્રતાની પ્રતીત ન હોય એને વિકાર રહિત એક સમયની પર્યાય રહિત ત્રિકાળી આનંદકંદ પ્રભુ છે એવી દૃષ્ટિ કરવી એ તો અપૂર્વ પુરુષાર્થ છે. આહા..હા..! અનંતકાળમાં કદી કરી નથી. કહો, હરિભાઈ! આ ડોક્ટર દવા પણ આપે અને પોતાના પરિણામને પણ કરે. બે ન થાય? કરતો નથી. થાય ત્યારે તમને મનાઈ જાય છે એમ કહે છે. મનાઈ જાય છે એમ કહે છે. કરતો નથી. આહા..હા..! કેમ? કે જગતમાં જેમ તારું તત્ત્વ છે એમ જગતમાં અનંત આત્માઓ અને અનંત રજકણો છે. તો વર્તમાનમાં એ ચીજની જે અવસ્થા થાય છે એ પરિણામ એ દ્રવ્યના છે. પરદ્રવ્યથી એમાં કાંઈ થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી, એક પદાર્થ બીજા દ્રવ્યને કદી અડતો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

વીંછીનો કરડ થયો અહીંયાં. વીંછીનો ડંખ. તો એ પરમાણુની પર્યાય થઈ. એ પર્યાય અહીં શરીરમાં થઈ એ વીંછીએ કરી નથી. વીંછીના શરીરના રજકણ ભિન્ન, આ રજકણ ભિન્ન છે. એમાં જે અંદર ઝેર ચડ્યું એ પર્યાય પરમાણુની આ પરમાણુની છે. એ વીંછીનું ઝેર અહીં આવ્યું નથી. આહા..હા..! ભારે ભાઈ! ...લાલજી! આવું જૈનદર્શન હશે? જૈન સંપ્રદાયમાં જન્મ્યા પણ જૈન શું કહે છે અને એ ચીજ કેવી છે એની ખબર નથી. આંધળે આંધળો ચાલે. આહા..હા..!

કહે છે કે '**એકના જ...**' એમ શબ્દ પડ્યો છેને? અનેકાંત ન કર્યું. એકાંત થઈ ગયું આ તો. સમ્યક્ એકાંત જ છે. પોતાના '**એકના જ સદા પરિણામ થાય છે (અર્થાત્ એક અવસ્થાથી અન્ય અવસ્થા એકની જ થાય છે)...**' રૂપાંતર થાય છે આત્મામાં, જડમાં તો પોતાને કારણે થાય છે. જડની અવસ્થા જડથી રૂપાંતર (થાય છે), પોતાની અવસ્થા પોતાથી રૂપાંતર (થાય છે). '**અને એકની જ પરિણતિ-ક્રિયા થાય છે;...**' પૂર્વની અવસ્થા બદલીને નવી અવસ્થા ક્રિયા થાય છે એ એકની જ થાય છે. બે મળીને ક્રિયા થાય છે એમ છે નહિ. બે તત્ત્વ મળીને આત્મામાં અને જડમાં રૂપાંતર થાય છે એવી ચીજ વસ્તુમાં છે નહિ. અજ્ઞાનીએ અનાદિથી માની રાખ્યું છે મિથ્યાદૃષ્ટિપણે. આહા..હા..! કેમ હશે આમાં? નેમિચંદભાઈ! કહો, આ બધા બંગલા-બંગલા સાચવી રાખે કે નહિ? જુઓ, કેટલી મહેનત કરી હતી? બાયડી માટે લખી દીધું તો બાયડી મરી ગઈ પહેલી. એય..! પાંચ-પચાસ હજાર

મફતના સરકારને ભરવા પડ્યા. આહા..હા..! એમાં કોણ કોની અવસ્થા કરે? કોના માટે કરે? આહા..હા..!

'**એકની જ...**' 'જ' શબ્દ પડ્યો છેને બધામાં? છેને?

**एकः परिणमति सदा परिणामो जायते सदैकस्य।**
**एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः।।५२।।**

'**કારણ કે અનેકરૂપ થવા છતાં...**' એટલે? આત્મા અને જડ અથવા આત્મામાં આ ત્રણ પ્રકાર '**અનેકરૂપ થવા છતાં...**' પરિણામ એકના છે, પરિણતિ એકની છે અને રૂપાંતર એકનું જ છે. એવા ત્રણ બોલ લાગુ પડે છે છતાં '**અનેકરૂપ હોવા છતાં એક જ વસ્તુ છે,...**' વસ્તુ તો એકની એક છે. પરમાણુ પલટે તો પર્યાય એની, પરિણામી પદાર્થ એનો અને બદલે તો એના. ત્રણે ચીજ એક વસ્તુમાં થાય છે. એ બીજી વસ્તુમાં બીજાથી થાય એમ નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉત્પાદ-વ્યય...

ઉત્તર :- એનાથી ઉત્પાદ-વ્યય સદા રહે છે એમ કહે છે. દરેક પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રુવસહિત છે. એ ઉત્પાદ-વ્યય-ધ્રુવ તો દસલક્ષણી પર્વમાં બહુ આવે છે. ઘણી વાર સાંભળે છે. તો કહે છે કે પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ ઉત્પાદ-વ્યય-ધ્રુવસહિત છે. તો પ્રત્યેક પર્યાયમાં જે પોતાથી ઉત્પાદ થાય છે અને એ પરિણતિની ક્રિયા પોતામાં થાય છે એ પરિણતિ પરિણામી આત્મા એનો કર્તા છે. પરથી પરિણામ થાય છે અને પોતાના પરિણામથી પરમાં કાંઈ થાય છે એ વાતમાં મિથ્યાદૃષ્ટિ મૂઢ એવી માન્યતા કરે છે એમ કહે છે. એને જૈનદર્શન અને જૈનની ખબર નથી. એટલે કે તત્ત્વની જ ખબર નથી એમ. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી. વસ્તુદર્શન છે એ તો.

'**કારણ કે અનેકરૂપ થવા છતાં...**' અનેક નામ સદા પરિણમે છે એક વસ્તુ, એક જ સદા પરિણામ થાય છે અને એક જ પરિણતિ થાય છે. એ અનેકરૂપ થવા છતાં પણ વસ્તુ તો એક જ છે. સમજાણું કાંઈ? આ લોઢાનું છેને? શું કહેવાય ઈ? કાતર, આ કાતર. એક માણસથી ઊંચી થાય? પચાસ મણની હોય આ લોઢાની. પચ્ચીસ માણસ ભેગા થાય ત્યારે ઊંચી થાય છે. પણ એક-એક ભિન્ન રહ્યા તો કેમ થઈ? એ પચ્ચીસ ક્યાં એક થયા છે? એકથી નથી થતી તો બીજાથી નહિ, ત્રીજાથી નહિ અને પચ્ચીસથી પણ નહિ.

મુમુક્ષુ :- તો કેમ ઊંચી થઈ?

ઉત્તર :- પોતાની પર્યાયથી ઊંચી થાય છે. એ વખતે પરમાણુ સ્કંધ પિંડના અવસ્થા બદલવાની પર્યાય એ પરમાણુથી થાય છે. બીજાએ હાથ લગાવ્યો તો ઊંચી થાય એ વાતમાં એક સત્યનો દોકડો નથી. બધું જૂઠું છે. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- દુનિયાના સિદ્ધાંતો ખોટા પડી જાય છે.

ઉત્તર :- દુનિયાના સિદ્ધાંતો જૂઠા છે બધા. અજ્ઞાનીઓએ માનેલા. સમજાણું કાંઈ? આત્મા વિકલ્પ કરે. એક દાખલો. રાગ. પણ એ સાથે આ ચશ્મા ચડાવી શકે એમ છે? એ ક્રિયા એની છે આત્માની? આ તો જડની છે. આ રજકણો અહીંયા છે. એની અવસ્થા બદલાય છે તો એમાં બદલાય છે. શું આત્મા એને બદલાય છે?

મુમુક્ષુ :- હાથ છોડી દ્યો.

ઉત્તર :- કોણ છોડે? કોણે પકડી છે તો છોડે? આહા..હા..! આત્મા રાગ પણ કરે અને ચશ્માની પર્યાયને પણ કરે એવું તત્ત્વમાં નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ આવી. વીતરાગ પરમાત્માનું તત્ત્વ આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. વીતરાગે કાંઈ કોઈ ચીજ બનાવી નથી. છે એવું જાણ્યું અને જાણ્યું એવું કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..!

**'અનેકરૂપ થવા છતાં એક જ વસ્તુ છે, ભેદ નથી.'** શું? કે આત્મા પોતાના પરિણામ કરે, પર્યાય ફરે અને પરિણામી એ. ત્રણ નામ હોવા છતાં પણ વસ્તુ તો એક જ છે. ત્રણ નામ તો વ્યવહારનયથી પડ્યા છે. પરમાર્થે તો ત્રણ એક જ વસ્તુ છે. ભાવાર્થ. લ્યો આ એક શબ્દમાં તો અડધો કલાક થયો. અરે! એને ખબર નથી કે તત્ત્વ શું છે. એક આ માથું ઉંચું થાય છે તો કહે છે કે એની પર્યાયથી થાય છે. જીવ નીકળી જાય છે તો નીચે પડી જાય છે લ્યો.

મુમુક્ષુ :- એ એના કારણે પડી જાય છે?

ઉત્તર :- એને કારણે. જીવ ત્યાં છે તો આ શરીર આમ રહે છે એમાં માલ નથી એમ કહે છે. અંદર આત્મા છે તો શરીર કડક રહે છે એ બિલકુલ જૂઠું છે. કેમકે આત્મા પોતાની પર્યાયને કરે, શું શરીરની પર્યાયને કરે આમ રાખવાની? અરે! ભારે આવું ભાઈ!

મુમુક્ષુ :- ઉદયમાં તો ઘણી શક્તિ બતાવી.

ઉત્તર :- અનંતી શક્તિ રજકણ પદાર્થ છે કે નહિ? એક પરમાણુમાં પણ જેટલા આત્મામાં ગુણ છે એટલા જ ગુણ પરમાણુમાં છે. એ જડ છે અને આ ચૈતન્ય છે. એક-એક પરમાણુ પોઈન્ટ ઈશ્વર જડેશ્વર છે તો પોતાની પર્યાયથી એ કામ કરે છે. પરના આધારે એમાં પર્યાય રહે છે એમ નથી. ભાઈ! તત્ત્વની વાત જ ગુમ થઈ ગઈ. સમ્યક્શ્રદ્ધા અને સમ્યગ્દર્શન શું ચીજ છે અને એનું ધ્યેય શું છે એની ખબર નથી. વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, જાત્રા કરો લ્યો! ધૂળમાં એ તો રાગની મંદતા હોય તો થાય. સાંભળને હવે, કોણ કરે છે? આહા..હા..!

મુમુક્ષુ :- સંસાર કપાય જાય કે નહિ?

ઉત્તર :- એ પોતે સંસાર છે. રાગ એ સંસાર છે. રાગ રાગને કાપે?

મુમુક્ષુ :- લોઢું લોઢાને કાપે છે.

ઉત્તર :- લોઢું લોઢાને કાપતું જ નથી. કાપતું જ નથી. લોઢું પોતાથી કપાય છે. એ તો અહીં ચાલે છે. બીજી ચીજ બીજાને આમ કાપે એવું બનતું જ નથી. છરી-છરી છેને? છરી કહે છેને? ચપ્પુ. તો ચપ્પુ છે એ તો અનંત પરમાણુનો સ્કંધ-પિંડ છે. તો આમ આમ થયું એ એની પર્યાય થઈ. એ પરને આમ કાપે છે એ વાત જ ખોટી છે. પરના રજકણમાં છૂટા થવાની પર્યાયનો કાળ છે તો એ પોતાની પર્યાયી છૂટા પડે છે. છરીથી નહિ.

મુમુક્ષુ :- ઓપરેશન કરે છેને ડોક્ટરો.

ઉત્તર :- કોણ કરે? ડોક્ટર મરી જાય નહિ? ઓપરેશન કરતા-કરતા મરી ગયો ડોક્ટર આ હેમંતકુમાર. સર્જન મોટો ભાવનગરમાં લ્યો. સર્જન-સર્જન. આમ કરતો હતો. .. આપણે નહિ જેતપુરમાં. ..ના જમાઈ હતાને. જીવણલાલજી. એ બિચારા ઓપરેશન કોકનું કરતા હતા એને અહીં ઓલી લાગી ગઈ છરી એની થોડી. એકદમ ત્યાં ને ત્યાં બેસી ગયા. એ અવસ્થા તે કાળે જડથી થવાની, થવાની, થવાની અને થવાની. એમાં રોકી રહે નહિ અને રાખી રહે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- સાવધાની રાખી હોત તો ...

ઉત્તર :- એ વખતે એ પર્યાય બનવાની, બનાવે કોણ? આહા..હા..! દુનિયાના અંહકાર મિથ્યાદષ્ટિના એમ ભગવાન અહીં તો ફરમાવે છે. આહા..હા..! દુનિયાને સુધારી દઉં. આ બધા નેતાઓ છેને. દુનિયાને સુધારી દઈએ. પંચશીલ (કરે). સડકું, કૂવા ખોદાવીએ, આ કરીએ. ધૂળમાંય ન કરે, સાંભળ તો ખરો. તારા પરિણામ તારામાં અને એ પરિણામ એના એમાં થાય છે. મારાથી થયા અને હું હતો માટે થયું. તો શું તું એમાં ઘૂસી ગયો છો? તારું હોવાપણું શું પરના હોવાપણામાં ઘુસી ગયું છે કે પરની ક્રિયા કરે? કેમ હશે કાંતિભાઈ આમાં? મોટું તમારું ચાલતું હતુંને ઓલું? પ્લેન. લ્યો એ પ્લેન ચલાવતા હતા. મોટા .. ઉડતા હતા. આહા..હા..! આ પ્લેન ચાલે. એ કહે છે કે પ્લેન એંજીનથી ચાલે એમ પણ નથી એમ કહે છે. પ્લેનના રજકણો સ્કંધરૂપ છે એની પર્યાયની પરિણતિને કરનારા એ સ્કંધ પરમાણુ છે. આહા..હા..! આવી વાત જગતને સાંભળવા મળે નહિ તત્ત્વની અને લોકોને ધર્મ થઈ જાય. ધૂળમાંય ધર્મ નથી.

મુમુક્ષુ :- ભ્રમણા ઊપજે.

ઉત્તર :- ભ્રમણા ઊપજે. .. લેને અંદર મોટો? એક ફેરી જોયું હતું. આખું પ્લેન હતુંને આપણું ભાઈ! તે દિ'ને? ભુલેશ્વર ગયા તે દિ'. આખું પ્લેન હતુંને ૩ હજાર રૂપિયાનું. ત્યાં ખંડગીરી, ઉદયગીરી કલકત્તાથી જાત્રાએ ગયા હતાને. ૨૮ માણસ, ૩૦ માણસનું આખું હતું ૩ હજાર રૂપિયાનું ભાડું. એ એનો ઓલો કહે કે મહારાજ જોવા તો આવો આ.. ઓલા

ચાલેને સંચા એના. આખુ આપણું જ હતું સવારથી સાંજ સુધી. કલકત્તાથી તે ખંડેરગીરી- ભુલેશ્વર. ભુવનેશ્વર, ભુવનેશ્વર. ત્યાં રહ્યા હતા. જાત્રા કરી હતીને. સાંજે .. તો અંદર જોવા અમે ગયા હતા. જોયું કીધું હવે આમાં. એ તો બધું ચાલે છે એને લઈને. દેખાડતા હતા એના માણસ. આપણું ખરુંને. કે મહારાજ બેઠા છે એને બતાવીએ. જોયા બાપુ રજકણે રજકણ પોતાથી ચાલે છે. આહા..હા..! એક રજકણથી બીજા રજકણની પણ અવસ્થા ન થાય ત્યાં આત્માથી બીજાની અવસ્થા થાય અને આત્મામાં પોતાની અવસ્થાનું બીજાઓ કરી દે. આહા..હા..! મોટો ભ્રમ અજ્ઞાનીનો છે. મિથ્યાશ્રદ્ધામાં આમ જ અનાદિથી રખડી રહ્યો છે. આહા..હા..!

‘**ભાવાર્થ :- એક વસ્તુના અનેક પર્યાયો થાય છે;...**’ છેને ભાવાર્થ? એક પદાર્થ આત્મા કે પરમાણુ. ‘**એક વસ્તુના અનેક પર્યાયો...**’ એટલે અવસ્થા હાલત થાય છે. ‘**તેમને પરિણામ પણ કહેવાય છે અને અવસ્થા પણ કહેવાય છે.**’ આ પરિણામ છે જડના. આ દેખાય છેને એ જડના પરિણામ છે, જડની અવસ્થા છે, જડની પર્યાય છે. પરિણામ પણ કહેવાય, અવસ્થા પણ કહેવાય, પરિણામી પણ કહેવાય. ‘**એક વસ્તુના અનેક પર્યાયો થાય છે; તેમને પરિણામ પણ કહેવાય છે અને અવસ્થા પણ કહેવાય છે. તેઓ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજનાદિકથી જુદા જુદા પ્રતિભાસે છે...**’ નામભેદ છે. પરિણામ, પર્યાય, પરિણામી, ક્રિયા, પરિણતિ એ નામભેદ, સંજ્ઞાભેદ છે. વસ્તુ એકની એક છે. સમજાણું કાંઈ? સંજ્ઞા નામ નામભેદ હો, સંખ્યાભેદ હો, દ્રવ્ય એક છે. પર્યાયના ત્રણ પ્રકાર થયા. લક્ષણ ભેદ છે. પર્યાયનું લક્ષણ ભિન્ન અને દ્રવ્યનું લક્ષણ ભિન્ન. પ્રયોજન ભિન્ન છે. આવા ‘**જુદા જુદા પ્રતિભાસે છે તોપણ એક વસ્તુ જ છે,...**’ છતાં તે ચીજ એક જ છે. ત્રણ તો એની પર્યાયથી, પરિણામથી કહેવાય છે. ‘**જુદા નથી;...**’ અનેકાંત કર્યું લ્યો. ‘**એક વસ્તુ છે, જુદા નથી;...**’ આહા..હા..! ‘**એવો જ ભેદાભેદસ્વરૂપ વસ્તુનો સ્વભાવ છે.**’ દ્રવ્ય અપેક્ષાએ અભેદ છે, પરિણામ અને પરિણામીની અપેક્ષાએ ભેદ છે. વસ્તુ તો એકની એક છે દરેક તત્ત્વ. ઓહો..હો..! ટૂંકા શબ્દોમાં ઘણું ઘણું કહ્યું છે. આખા દુનિયાના ત્રણ કાળ, ત્રણ લોકના પદાર્થો એક જ શ્લોકમાં (સમાડી દીધા છે). દરેક તત્ત્વની વર્તમાન અવસ્થા, હાલત એ પરિણામી તત્ત્વની છે. જેની છે એની પરિણામીની છે અને એનું પલટવું પણ એનામાં એને લઈને છે. બીજી ચીજના સહારે, બીજી ચીજમાં કાંઈ પલટો ખાય એ વાત તદ્દન જૂઠી છે. કહો, સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એટલે સમજમેં આતા હૈ કાંઈ? ગુજરાતી ભાષા તો આવી જાય. ભાઈ કહે અમારે હિન્દીમાં (સાંભળવું છે). આહા..હા..!

## શ્લોક-૫૩

(आर्या)

नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायेत।
उभयोर्न परिणतिः स्याद्यदनेकमनेकमेव सदा।।५३।।

વળી કહે છે કે :-

શ્લોકાર્થ :- [न उभौ परिणमतः खलु] બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી, [उभयोः परिणामः न प्रजायेत] બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી અને [उभयोः परिणतिः न स्यात्] બે દ્રવ્યોની એક પરિણતિ-ક્રિયા થતી નથી; [यत्] કારણ કે [अनेकम् सदा अनेकम् एव] અનેક દ્રવ્યો છે તે સદા અનેક જ છે, પલટીને એક થઈ જતાં નથી.

ભાવાર્થ :- બે વસ્તુઓ છે તે સર્વથા ભિન્ન જ છે, પ્રદેશભેદવાળી જ છે. બન્ને એક થઈને પરિણમતી નથી, એક પરિણામને ઉપજાવતી નથી અને તેમની એક ક્રિયા હોતી નથી -એવો નિયમ છે. જો બે દ્રવ્યો એક થઈને પરિણમે તો સર્વ દ્રવ્યોનો લોપ થઈ જાય.૫૩.

## કળશ-૫૩ ઉપર પ્રવચન

હવે ૫૩. ૫૩ કળશ. ૫૨ છેને ઉપર? હવે ૫૩.

(आर्या)

नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायेत।
उभयोर्न परिणतिः स्याद्यदनेकमनेकमेव सदा।।५३।।

આહા..હા..! એક-એક શ્લોકમાં સંતોએ તો સિદ્ધાંત ભર્યા છે. આ શબ્દો છે શ્રીમદ્‌માં. શ્રીમદ્‌ને શ્લોકો મળ્યા હતા ૨૫મા વર્ષમાં કે ૨૬મા હશે. કહે છે.

મુમુક્ષુ :- ..માં.

ઉત્તર :- હા, પણ એણે પોતાના પત્રમાં મૂક્યા છે.

'શ્લોકાર્થ :- બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી,...' એનો અર્થ નીચે છે. નીચે અર્થ છે. બે દ્રવ્ય. બે દ્રવ્ય એટલે આત્મા અને પરમાણુ બે ભિન્ન-ભિન્ન. છતાં 'બે

**દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી,...**' અવસ્થા નથી થતી. બે દ્રવ્યો મળીને અવસ્થા નથી થતી. આહા..હા..!

મુમુક્ષુ :- ...નું કામ નહિ?

ઉત્તર :- ..નું કામ શું કહે છે? ભાગીદાર. આત્મામાં જે વિકાર થાય છે તો થોડો ભાગ વિકારનો અને થોડો ભાગ જડનો. એવો ભાગ છે એમાં?

મુમુક્ષુ :- કંપની તો થાય છે.

ઉત્તર :- કંપનો ધૂળેય નથી, સૌ પરમાણુ ભિન્ન છે. કોણ કંપની કરે? આહા..હા..! આત્મા આત્માએ જુદી ચીજ, પરમાણુ-પરમાણુ જુદી ચીજ. એક નિગોદના શરીરમાં અનંત આત્માઓ, એક-એક આત્માની સાથે કાર્મણના રજકણો અનંત. પ્રત્યેક તત્ત્વ પોતપોતાની પર્યાયને કરે, કોઈ બીજા તત્ત્વની કરે, બે થઈને થાય છે એમ છે નહિ. આહા..હા..! આ તો સમજાય એવી ભાષા છે હોં, કાંઈ ગુંચવણવાળી ભાષા નથી. આહા..હા..!

'**બે દ્રવ્યો...**' એટલે બે પદાર્થ. '**એક થઈને...**' એક થઈને એટલે મળીને '**પરિણમતાં નથી,...**' બે દ્રવ્ય મળીને એક અવસ્થા થતી નથી. સ્ત્રીને તો અર્ધાંગના કહે છે લોકો, નથી કહેતા? તો અર્ધાંગના એટલે અડધું એનું અંગ અને અડધું એનું અંગ એમ હશે? અર્ધાંગના કહે છે જુઓ, અડધું અંગ એનું, અડધું અંગ એનું. ધૂળેય નથી સાંભળને. અર્ધાંગના કેવી? એનું દ્રવ્ય આત્મા જુદો, એના રજકણો જુદા શરીરના. તારા આવ્યા ક્યાંથી? તું એનો પતિ ક્યાંથી થઈ ગયો? પતિ ક્યાંથી થઈ ગયો એનો? આહા..હા..! જગતના ભિન્ન તત્ત્વોનો પતિ તું સ્વામી થઈ ગયો? શું થયું તને? બે દ્રવ્ય એક થઈને એમાં વસ્તુ ટકે છે? રક્ષા તો કરે છે કે નહિ? અનાજ જોઈએ તો અનાજ આપે, કપડા જોઈએ તો કપડા લાવે, દાગીના જોઈએ તો દાગીના લાવી દે. કહો, ધૂળેય લાવે નહિ એમ કહે છે અહીં તો.

'**બે દ્રવ્ય એક થઈને પરિણમતાં નથી,...**' જુઓ, આ લાકડી ઊંચી થાય છે તો આંગળીએ આમ ઊંચી કરી. તો આંગળી અને આ બે થઈને આ અવસ્થા નથી થતી. આવી અવસ્થા થાય છે એ દ્રવ્યના પરમાણુની અવસ્થા થાય છે. આંગળીને કારણે નહિ. બે મળીને અવસ્થા થઈ એમ નથી.

મુમુક્ષુ :- ઉપાદાન-નિમિત્ત બે મળીને કામ ન થાય?

ઉત્તર :- ત્રણ કાળમાં બને નહિ. ઉપાદાન પોતાથી પર્યાય કરે છે. નિમિત્ત-નૈમિત્તિકનું ઉપાદાન છે કે નહિ? આહા..હા..! 'ઉપાદાનનું નામ લઈએ...' એ ગડબડ મોટી. ક્યાં ગયા ચેતનજી? આહા..હા..!

'**બે દ્રવ્યો...**' બે પરમાણુ, બે રજકણ એકઠા થઈને પરિણમે છે એમ પણ નથી. આત્મા અને રજકણ બે એકઠા થઈને કોઈ ક્રિયા થાય એમ નથી. સમજાણું કાંઈ? એની મોટી ગડબડ

છેને. બંસીધરજી. સંયોગી દ્રવ્ય એકઠા છે. કોણ એકઠા છે? ભાઈ! રજકણે રજકણ (જુદા છે). આ ચીજ છે એમાં રજકણ પોઈન્ટ છેને છૂટો એક? એ રજકણ પોતાની પર્યાયથી ત્યાં રહ્યો છે. એને (પોતાની પર્યાયને) અડીને રહ્યો છે, એને (બીજાને) કારણે રહ્યો એમ છે નહિ. તત્ત્વજ્ઞાનની ચીજ આવી છે. દ્રવ્યાનુયોગનું સ્વરૂપ આવું છે. આહા..હા..!

'**બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી,...**' આત્મા અને કર્મ બે મળીને વિકાર થાય છે એમ નથી. છે એમાં? '**બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી...**' લ્યો ઠીક! '**બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી, બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી...**' દરેક દ્રવ્યની પર્યાય પરિણામ સ્વતંત્ર પોતાથી છે. બે દ્રવ્યનું એક પરિણામ નથી. આહા..હા..! એમાં આવ્યું છેને. પુત્ર કોનો? કે અડધો બાપનો અને અડધો એની માનો. અહીં કહે છે કે પુત્ર પુત્રનો. એની મા અને બાપનો કોઈનો નહિ. એ કેસ ચાલ્યો છેને એવો ભાઈ! એની જે સગી માતા હતી એ બિચારી મૂંઝાઈ ગઈ. પછી એની જે ઓરમાન માતા હતી, ઓરમાન માતા. ઓરમાન સમજો છો? ... એનો કેસ ચાલ્યો. કેસ ચાલતા-ચાલતા એવો ચુકાદો આવ્યો ન્યાયધીશનો કે ભાઈ બેયને અડધું આપો, અડધું આને આપો અને અડધું એને આપો. તો એની જે સગી માતા હતી. (તે કહે) મારો નહિ, મારો નહિ. એને આપી દો. ન્યાયધીશ કહે તમારો છે જાઓ. તમે લઈ જાવ. એય..! ઓલાના કટકા કરવા. ભાઈસાહેબ! લઈ જાવ. મારો નથી, મારો નથી. ન્યાયધીશે કહ્યું, તારો જ છે, જા નક્કી થઈ ગયું. તને અંદર દુઃખ થયું. એનો પણ નથી અને આનો પણ નથી. એ તો પુત્ર-પુત્રનો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી...**' બે પદાર્થની એક અવસ્થા નથી થતી. પહેલા (કહ્યું) '**બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી,...**' પછી (કહ્યું) '**બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી...**' આહા..હા..! હળદર અને આવે છેને ફટકડી? લાલ રંગ થઈ જાયને લાલ. બે મળીને એ લાલ થયો. બિલકુલ ખોટું છે. એ તો નિમિત્ત શું છે એને બતાવે છે. સ્ટાર્ચ કરે છેને કપડાને? સ્ટાર્ચ. પીળો રંગ થઈ જાય છેને? તો એને સાબુ લગાવી દો તો લાલ થઈ જાય. પછી સૂકવી નાખો તો ઉડી જાય લાલ. એ લાલ બે મળીને નથી થયો. એ પરમાણુની પર્યાય લાલ થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ભાઈ આવું. ઝીણું ઝીણું ખેંચ્યું. ક્યાં સુધી ખેંચ્યું? ક્યાંય સુધી નહિ, જ્યાં સુધી છે ત્યાં સુધી ખેંચ્યું. આહા..હા..!

કહે છે '**બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી...**' બે તત્ત્વની એક અવસ્થા નથી થતી. '**અને બે દ્રવ્યોની એક પરિણતિ-ક્રિયા થતી નથી;...**' બદલવાની ક્રિયા બે મળીને નથી થતી. આહા..હા..! આત્મા રાગ કરે તો રાગ પોતાની પર્યાયમાં પોતાથી સ્વતંત્ર કર્તા છે. કર્મની પણ એમાં થોડી અસર પડે છે, કર્મનો પ્રભાવ પડે છે તો રાગ થાય છે એ

વાતમાં બિલકુલ સત્ય વાત છે નહિ. સમજાણું કાંઈ? '**બે દ્રવ્યોની એક પરિણતિ-ક્રિયા થતી નથી;...**' ક્રિયા નામ પલટવું, બદલવું. '**કારણ કે અનેક દ્રવ્યો છે તે સદા અનેક જ છે,...**' આહા..હા..! અનેક-અનેકપણે રહ્યા છે. અનેક એક થઈ જાય એમ કદી બનતું નથી. એનો અર્થ કે અનંત અનંતપણે છે. પ્રત્યેક અનંત પદાર્થ છે તો પોતાની પર્યાય એ સમયે પોતાથી થાય છે, પરની પર્યાય પરથી થાય છે. એમ અનેક અનેકપણે રહે છે. કહો, સમજાણું કાંઈ?

લ્યો, આ આંખ છે તો અંદર જાણવાની ક્રિયા થાય છે. કહો, બરાબર છે? નહિ? નહિતર ત્યાં જ્ઞાન નથી થતું, લ્યો. પણ જ્ઞાન તો થાય છે એ સમયે. એ આંખ આમ થઈ એ તો એને કારણે, ખુલી તો એને કારણે. જ્ઞાન થયું એ પોતાને કારણે. આહા..હા..! સમજાણું કાંઈ? થોડું ગુરુ જ્ઞાન આપે અને થોડું પોતાથી થાય, બે મળીને જ્ઞાન થાય કે નહિ? થોડું ગુરુથી મળે અને થોડું આત્માથી મળે. થોડું ભગવાનથી મળે અને થોડું પોતાથી મળે. કહો. આ ભગવાનની મૂર્તિ જોઈને શુભભાવ થાય છે કે નહિ? કહો! મૂર્તિથી થાય તો એ ચકલા બેસે છે ભગવાન ઉપર. એનાથી ક્યાં થાય છે? એ શુભભાવ તો પોતાની પર્યાયથી, પોતાની પરિણતિથી થાય છે. એની મૂર્તિની પરિણતિ ભિન્ન છે. આહા..હા..! મૂર્તિ અને આત્માના પરિણામ બે મળીને (શુભભાવ) થયા એમ છે નહિ. પહેલા એવા પરિણામ કેમ નહોતા? ઘરે બેસીને કેમ ન થયા? ભગવાન પાસે થાય છે. પણ એ વખતે તારા પરિણામ તારાથી છે. એ પરિણામ પરને કારણે છે? આહા..હા..! '**બે દ્રવ્યોની એક પરિણતિ-ક્રિયા થતી નથી; કારણ કે અનેક દ્રવ્ય છે તે સદા અનેક જ છે, પલટીને એક થઈ જતાં નથી.**' બે દ્રવ્ય પલટીને એક થઈ જતા નથી. આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે!

'**ભાવાર્થ :- બે વસ્તુઓ છે...**' બે વસ્તુ. પરમાણુએ પરમાણુ, આત્માએ આત્મા જુદે જુદી ચીજ. '**બે વસ્તુઓ છે તે સર્વથા ભિન્ન જ છે,...**' સર્વથા ભિન્ન જ છે. કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે એમ છે? અનેકાંત કરો અનેકાંત. આ અનેકાંત-સર્વથા ભિન્ન જ છે, અભિન્ન નથી. એ અનેકાંત. છે? '**બે વસ્તુઓ છે તે સર્વથા ભિન્ન જ છે,...**' સર્વથા જુદી છે. કથંચિત્ બીજું દ્રવ્ય મળે અને કોઈ કોઈ વખતે ન મળે એમ છે નહિ. આહા..હા..! પાણીમાં સાકર નાખે છે તો પાણી મીઠું થઈ જાય છે લ્યો! બે મળીને થયું કે નહિ? સાકર અને પાણી. એ તો પાણી પોતાની ઠંડી અવસ્થા હતી એ મટીને ગળી અવસ્થા થઈ, બીજી અવસ્થા થઈ. એ તો પોતાથી થઈ છે. સાકરથી થાય છે? સાકરના રજકણ જુદા, પાણીના રજકણ જુદા. જુદા જુદામાંથી કાંઈ થાય છે એમ છે નહિ. ઓહો..હો..! આ બધા અભિમાનીઓના અભિમાન ગળી જાય એવું છે. અમે કરીએ છીએ અને અમે કરીએ છીએ. અરે! શું કરે ભાઈ? આ શરીરના રજકણ પણ આમ થાય છે લ્યો.

એક ભાઈ આજે આવ્યા હતા નહિ ઓલા દાદભાવાળા? નથી. આજે વયા ગયા હશે. સવારે હતા. એકદમ કહે કે હું રાતે એક થયું તો આખા .. એ હલે નહિ, ચલે નહિ. આજે આવ્યા હતા દર્શન કરવા. આમ સ્થાનકવાસી છે. વઢવાણવાળા. દાદભાના. આવ્યા હતા. યુવાન માણસ ૩૫ વર્ષનો, પણ એકદમ અહીં સુધી અવસ્થા બધી જડ થઈ ગઈ. હળવે... હળવે... હળવે... હળવે..... આહા..હા..! એ જડની અવસ્થા આત્મા રોકી શકે કે આત્મા રાખી શકે, આત્મા પરની, જડની વ્યવસ્થા કરી શકે એમ ત્રણ કાળમાં નથી. વ્યવસ્થા નામ વિશેષે અવસ્થા. તો જે જે જડ અને ચૈતન્ય છે એ કાયમ રહીને પોતાની વર્તમાન અવસ્થા થાય છે એ તત્ત્વની વ્યવસ્થા છે. એ વ્યવસ્થા બીજાની કરે (એમ નથી). હુશિયાર માણસ તો ઘણાની વ્યવસ્થા કરે. એમ કહે છે માણસ, નહિ? કહો, આહા..હા..!

'**બે વસ્તુઓ છે તે સર્વથા ભિન્ન જ છે,...**' 'જ છે' એમ કહે છે પાછું. '**પ્રદેશભેદવાળી જ છે.**' દરેકના પ્રદેશ જુદા છે. આત્માનું ક્ષેત્ર જુદું, પરમાણુનું ક્ષેત્ર જુદું. બેય ક્ષેત્રે ક્ષેત્ર-પ્રદેશ જુદા છે. આહા..હા..! આત્મા શરીરમાં નથી રહ્યો. આત્મા આત્મામાં રહ્યો છે એમ કહે છે. શરીર શરીરમાં રહ્યું છે જડ. આહા..હા..! સમજાણું કાંઈ? દરેક પદાર્થના એના પ્રદેશ નામ ક્ષેત્ર ભિન્ન-ભિન્ન છે. આહા..હા..! '**બન્ને એક થઈને પરિણમતી નથી,...**' બે દ્રવ્ય એક થઈને દશા થતી નથી, '**એક પરિણામને ઉપજાવતી નથી...**' બે મળીને એક પરિણામને ઉત્પન્ન કરતી નથી. '**અને તેમની એક ક્રિયા હોતી નથી—એવો નિયમ છે.**' એવો નિયમ છે વસ્તુનો. આહા..હા..!

કહો, એક આંગળીથી કોઈ ચીજ એવી હોય તો ન ઉપડી શકે લ્યો. બે-ત્રણ આંગળા ભેગા કરે તો ઉપડી શકે. જુઓ આ. એક આંગળીએ ઉપાડો લ્યો, ઉપડે? બે-ચાર ભેગું કરે તો ઉપડે. બે-ચાર આંગળી એકઠી થઈ નથીને. ભિન્ન-ભિન્ન છે. તો એકથી ઉંચી નથી થતી તો બીજાથી પણ ઉંચી થતી નથી. એ તો પોતાની પર્યાયથી ક્ષેત્રાંતર પોતાથી થાય છે. એ અવસ્થા પરથી થાય છે એમ ત્રણ કાળમાં છે નહિ. આહા..હા..!

'**એક પરિણામને ઉપજાવતી નથી અને તેમની એક ક્રિયા હોતી નથી—એવો નિયમ છે. જો બે દ્રવ્યો એક થઈને પરિણમે તો સર્વ દ્રવ્યોનો લોપ થઈ જાય.**' આહા..હા..! એક પણ સત્ય વાત એને રુચે તો પરથી ભિન્ન થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? બે દ્રવ્ય મળીને જો અવસ્થા થાય, પર્યાય થાય, પરિણામ થાય તો સર્વ દ્રવ્યનો લોપ થઈ જાય. કોઈ દ્રવ્ય સ્વતંત્ર રહી શકે નહિ. લ્યો એ ૫૩ શ્લોક થયો. ૫૪ કાલે ચાલશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૫૪

(आर्या)

नैकस्य हि कर्तारौ द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य।

नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात्।।५४।।

ફરી આ અર્થને દૃઢ કરે છેઃ-

શ્લોકાર્થઃ- [एकस्य हि द्वौ कर्तारौ न स्तः] એક દ્રવ્યના બે કર્તા ન હોય, [च] વળી [एकस्य द्वे कर्मणी न] એક દ્રવ્યનાં બે કર્મ ન હોય [च] અને [एकस्य द्वे क्रिये न] એક દ્રવ્યની બે ક્રિયા ન હોય; [यतः] કારણ કે [एकम् अनेकं न स्यात्] એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય નહિ.

ભાવાર્થ :- આ પ્રમાણે ઉપરના શ્લોકોમાં નિશ્ચયનયથી અથવા શુદ્ધદ્રવ્યાર્થિકનયથી વસ્તુસ્થિતિનો નિયમ કહ્યો. ૫૪.

---

## આસો વદ-૪, ગુરુવાર, તા. ૨૬-૧૦-૧૯૭૨
## કળશ-૫૪-૫૫, પ્રવચન-૨૦૩

૫૪ કળશ. ૮૬ ગાથાનો ૫૪મો કળશ ચાલે છે. ૫૩ પૂરો થયો.

(आर्या)

नैकस्य हि कर्तारौ द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य।

नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात्।।५४।।

નીચે અર્થ છે.

'શ્લોકાર્થ :- એક દ્રવ્યના બે કર્તા ન હોય,...' શું કહે છે? કે આત્મા જે છે એ પોતાની વિકારી પર્યાય પણ કરે અને કર્મની પર્યાયનો બંધ પણ કરે એમ બનતું નથી. 'એક દ્રવ્યના બે કર્તા ન હોય,...' અર્થાત્ એક દ્રવ્ય શબ્દે? ભલે દ્રવ્ય શબ્દ લીધો છે, પણ એની પરિણતિ, પર્યાય. આત્મા અજ્ઞાનપણે પોતાના સ્વભાવને ભૂલીને મિથ્યાત્વ

અને રાગ-દ્વેષની પરિણતિ, પરિણામ કરે, પણ એ પરિણતિ કરે એની સાથે કર્મબંધનની પર્યાય પણ કરે એમ છે નહિ. એક પરિણતિના બે કર્તા નથી. સમજાણું કાંઈ? એમ જડ કર્મ ઉદયમાં આવે છે, તો જડમાં ઉદય આવવો એ જડની ક્રિયા છે. તો જડની ક્રિયા ઉદય આવવો એ પણ જડ કરે અને આત્માને વિકાર પણ કરાવે એમ બનતું નથી. સ્વરૂપચંદભાઈ! આહા..હા..!

આત્મા પોતાની પર્યાયમાં, અવસ્થામાં એક સમયની કર્તાપણાની ક્રિયા પોતાની કરે, પણ એ એક દ્રવ્યના બે કર્તા નથી થતા. અર્થાત્ એક દ્રવ્યની જે પરિણતિ વર્તમાન અવસ્થા છે એના બે કર્તા નથી હોતા. રાગ-દ્વેષ જીવ પણ કરે અને રાગ-દ્વેષ કર્મ પણ કરાવે એમ નથી હોતું. કેમકે કર્મ દ્રવ્ય ભિન્ન છે અને આત્મદ્રવ્ય ભિન્ન છે. કહો, સમજાણું કાંઈ?

**'એક દ્રવ્યના બે કર્તા ન હોય, વળી...'** જેમ આ શરીર ચાલે છે જુઓ, એ પર્યાયનો કર્તા બે દ્રવ્ય નથી. આત્મા પણ કરે અને એ પરમાણુ, આંગળીના પરમાણુ પણ ચાલે. એમ બે દ્રવ્ય મળીને એ ક્રિયા નથી થતી. એ જડની પર્યાયનો કર્તા જડ દ્રવ્ય છે અને આત્માની પર્યાયનો કર્તા આત્મા છે. આત્મા રાગ કરે અને સાથે શરીર પણ ચલાવે, ભાષા પણ બોલે એવી એક ક્રિયાના બે કર્તા હોતા નથી. એક દ્રવ્યના બે કર્તા નથી હોતા. આહા..હા..! આત્મા દયાનો ભાવ પણ કરે અને પરની દયા પાળવાની, બચાવવાની ક્રિયા પણ કરે એમ નથી હોતું. સમજાણું કાંઈ? આત્મા રાગ પણ કરે અને શરીરની ચેષ્ટા પણ આમ કરે એમ કદી નથી બનતું. આહા..હા..!

મુમુક્ષુ :- સોલ્જર લશ્કર લડે.

ઉત્તર :- દરેક પરમાણુ પોતાની પર્યાય કરે છે. લડે-ફડે કોઈ નહિ. સોલ્જર પોતામાં દ્વેષભાવ કરે, પણ બંદુક ઉપાડવી અને ગોળી છોડવી એ પણ ક્રિયા કરે એમ નથી. પંડિતજી! છેને જુઓ.

**'એક દ્રવ્યના...'** નામ એક દ્રવ્યની પર્યાયના **'બે કર્તા ન હોય,...'** બે કર્તા ન હોય. આહા..હા..! પોતામાં દયાનો ભાવ રાગ થાય, પણ એ રાગને કારણે રાગની ક્રિયા પણ કરે આત્મા અને પરને બચાવવાની ક્રિયા કરે એમ ન બને. એમ જીવ ભગવાનની પૂજાના ટાઈમે શુભરાગ પણ કરે અને આંગળી પણ સ્વાહા. દ્રવ્યપૂજા કરે ત્યારે એમ થાય છે. એમ બનતું નથી. સ્વાહા બોલે એ જડની ક્રિયા છે, આત્માની નહિ. કહો, સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ! વીતરાગદર્શન આવું છે. વીતરાગ દર્શનમાં અનંત આત્મા, અનંત પરમાણુ પૃથક્-પૃથક્ પોતામાં ટકીને પોતાની પર્યાયને કરે છે. કોઈની પર્યાય કોઈ કરે, બે મળીને કરે એવી વસ્તુની સ્થિતિ છે નહિ. કહો, સ્વરૂપચંદભાઈ!

મુમુક્ષુ :- લોકો આવું કાંઈ માને નહિ.

ઉત્તર :- લોકો મૂર્ખ છે તો ન માને. એ તો કહે છે અહીંયાં.

મુમુક્ષુ :- લોકો ન માને એટલે કાંઈ સત્ય...

ઉત્તર :- લોકો ન માને એટલે કાંઈ વસ્તુસ્થિતિ પલટી જાય છે?

મુમુક્ષુ :- આ તો જ્ઞાનીઓની વાત છે.

ઉત્તર :- નહિ, વસ્તુની વાત છે. વસ્તુ એવી છે. અનંત આત્માઓ છે તો એક આત્મા પોતાના પરિણામને પણ કરે અને બીજાના આત્માના પરિણામ પણ કરે એવી વાત હોતી નથી. સમજાણું કાંઈ? તીર્થંકર ભગવાન પોતાની જ્ઞાનની પર્યાય પણ કરે કેવળજ્ઞાનની અને એ ભાષાની પર્યાય પણ કરે એમ નથી બનતું એમ કહે છે. કેમકે એક દ્રવ્ય છે તો બે દ્રવ્ય થઈ જાય. એમ તો કદી બનતું નથી. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞદેવની વાણી નીકળે છે તો એ વાણીની ક્રિયા જડ કરે છે એમ આત્મા પણ વાણીની ક્રિયા કરે તો એક દ્રવ્યના બે કર્તા ન હોય. એક પરિણતિના બે કર્તા હોય નહિ ત્રણ કાળ, ત્રણ લોકમાં. આહા..હા..! ભારે કઠણ.

મુમુક્ષુ :- આમ માને નહિ અને ધર્મ કરે તો વાંધો શું?

ઉત્તર :- ધૂળમાં ધર્મ ક્યાંથી થાય? હજી બે દ્રવ્યની ક્રિયા એક કરે એ માન્યતા જ મિથ્યાદષ્ટિની છે. જૂઠાણની દૃષ્ટિ છે, જૂઠાનું સેવન કરનારા છે. જૂઠાનું સેવન કરે એને વળી ધર્મ ક્યાંથી થાય? સમજાણું કાંઈ? જીવ શુભરાગ પણ કરે અને મંદિર પણ બનાવે. એમ એક પરિણતિના બે કર્તા ન હોય.

અહીં તો **'એક દ્રવ્યના બે કર્તા ન હોય,...'** એક પરિણતિના બે કર્તા નહિ. પોતાના રાગની ક્રિયાનો પણ આત્મા કર્તા, પરની ક્રિયા પણ કરે એમ હોય નહિ. મંદિરની ક્રિયા જે થાય છે એ પરમાણુથી થાય છે. તો એ પરમાણુથી થાય છે એ પર્યાય આત્માથી થાય એમ ત્રણ કાળમાં હોય નહિ. સમજાણું કાંઈ? માંડેલું એણે જે બધું માંડલું છે વિપરીત માન્યતાનું એ બધું ફેરવવું પડશે. છે? એક સિદ્ધાંતમાં તો આખી દુનિયા ભિન્ન ભિન્ન કરીને બતાવી દીધી. આહા..હા..! જુઓ, આ કાગળના રજકણ છેને? તો એ રજકણની ક્રિયા આમ થઈ એનો કર્તા એ પરમાણુ છે. આત્માએ આમ કર્યું એમ ત્રણ કાળમાં નથી.

મુમુક્ષુ :- આત્માએ અને આંગળી બેયે ભેગા થઈને...

ઉત્તર :- એની આંગળી પણ અડી નથી એને. આંગળીની પર્યાય આમ થઈ એ એનાથી નહિ અને આમ થયું તો આ કાગળ આમ થયો એમ પણ નથી.

મુમુક્ષુ :- .. ગાંડા કહે લોકો.

ઉત્તર :- પાગલ છે તો પાગલ જ કહે. દુનિયા પાગલ છે. દુનિયાને ક્યાં ખબર છે? સમજાણું કાંઈ? પાગલ તો પાગલને જ કહે પાગલ. જ્ઞાનીને પણ પાગલ કહે અને પોતાને સારા માને એને ડાહ્યા અને વિદ્વાન કહે. દુનિયા તો પાગલ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આત્મા રાગ પણ કરે અશુભ અને શરીરની વિષયની વાસનાની ક્રિયા એમ જે થાય છે એ પણ આત્મા કરે, ત્રણ કાળમાં નહિ. આહા..હા..! કહો, રતનલાલજી!

**'એક દ્રવ્યના બે કર્તા ન હોય,...'** દ્રવ્ય શબ્દે પર્યાય **'વળી એક દ્રવ્યનાં બે કર્મ ન હોય...'** એક આત્મા કે એક પરમાણુના બે કાર્ય નથી. આત્માના બે કાર્ય ન હોય, પરમાણુના બે કાર્ય ન હોય. આત્મા રાગ પણ કરે અને આત્મા કર્મ પણ બાંધે. આત્મા શુભરાગ પણ કરે અને મંદિર પણ કરે એવા એક દ્રવ્યના બે કાર્ય નથી હોતા. કહો, સમજાણું કાંઈ? **'એક દ્રવ્યનાં બે કર્મ ન હોય...'** આત્મા રાગ વિકલ્પ પણ કરે અને ચશ્મા આમ કરીને આમ ચડાવે એમ હોય નહિ. કહો, ચશ્મા આમ ઊંચા થાય છે એ જડની ક્રિયાથી થાય છે. રાગ થાય છે જીવમાં. તો રાગ થયો તો એવી ચશ્માની ક્રિયા થઈ ચડવાની, બિલકુલ ખોટી વાત છે. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આંખે ભાળે છે ક્યાં? આંધળો છે. દ્રવ્ય ભિન્ન-ભિન્ન છે તો ભિન્ન-ભિન્ન ક્રિયા ભિન્નથી થાય છે. શું પરથી થાય છે? મિથ્યાદૃષ્ટિ છે, જૈનની શ્રદ્ધા એને નથી.

વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા દરેક દ્રવ્યની ભિન્નતા પ્રસિદ્ધ કરે છે એમાં કોઈ દ્રવ્યની ક્રિયાના બે કર્તા છે એમ ભગવાન કહેતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ખબર નથી કાંઈ. જાત્રા કરવાના ભાવમાં શુભરાગ થાય જીવમાં તો એ રાગને કરે. પણ એ શરીરને પણ શેત્રુંજય તરફ ચલાવે એવી ક્રિયા આત્મા કરે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. એવી વાત છે. જડની ક્રિયાના બે કર્તા નહિ અને આત્માની ક્રિયાના બે કર્તા નહિ. આહા..હા..! જય ભગવાન! ભગવાન પાસે જઈને કહે. તો કહે છે કે એ ક્ષણે જે શુભભાવ થયો તે શુભનો કર્તા જીવ છે, પણ શુભભાવની સાથે આમ હાથ આમ-આમ કર્યો આત્માએ રાગને કારણે બિલકુલ ખોટી વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કેટલા ટકા ખોટું છે?

ઉત્તર :- સોએ સો ટકા ખોટું. સો ટકા સમજો છો?

મુમુક્ષુ :- પૂરેપૂરું ખોટું.

ઉત્તર :- હા. કહો, ચંદ્રકાંતભાઈ! આવું હશે? બધું આપણે નામુ-બામુ લખતા હશે ઈ? આહા..હા..!

પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તારી પર્યાયમાં થાય એનો કર્તા તું છો. બીજા દ્રવ્યમાં પર્યાય થાય એનો કર્તા તો ઈ છે. તું એ પર્યાયનો કર્તા હો તો એ દ્રવ્યનો લોપ થઈ જાય છે. આહા..હા..! ખબર નથી, ખબર નથી. ધર્મને નામે એટલા ગોટા અત્યારે ચાલે છે. આહા..હા..! આ તો હજી બે દ્રવ્યની વાત કરે છે. ૫૫ કળશમાં તો છોડી દે છે. રાગનો પણ હું કર્તા નથી. હું તો શુદ્ધ આનંદકંદ છું. સમજાણું કાંઈ? સવારે જે વાત ચાલતી હતીને.

ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ પોતાનો શુદ્ધ સ્વભાવ ધ્રુવ એ તરફના ઝુકાવથી જે પર્યાય થાય એ ધર્મની પર્યાય છે. પર તરફના ઝુકાવથી જેટલા વિકલ્પ ઉઠે એ બધી અધર્મની પર્યાય છે. સમજાણું કાંઈ? કહો, હરિભાઈ! આવું પણ માને દુનિયા?

મુમુક્ષુ :- દુનિયાની દૃષ્ટિએ પાગલ થાય ત્યારે થાય.

ઉત્તર :- વાત તો સાચી. આહા..હા..! ભગવાન પાસે સમ્મેદશિખર જાય તો પોતાના ભાવ જે સમયે સમયે થાય છે એ ભાવનો કર્તા છે રાગનો અજ્ઞાનભાવે હોં. પણ એ ભાવને કારણે ત્યાં ભગવાન પાસે શરીર ચાલ્યું, આત્મા લઈ ગયો અને ભાવને કારણે ત્યાં ભાષાની સ્તુતિ બોલાય છે એ વાતમાં એકેય દોકડો સાચો નથી.

મુમુક્ષુ :- ભક્તિ તો બહુ સારી ચાલે છે.

ઉત્તર :- ભક્તિ તો જડની પર્યાય છે બહારની. અંદરની ભક્તિનો શુભરાગ છે. આહા..હા..!

મુમુક્ષુ :- બે સાથે કેવી રીતે થાય?

ઉત્તર :- અરે! અનંત કાળની પર્યાય સાથે થાયને. અનંત દ્રવ્ય છે કે નહિ? તો અનંત દ્રવ્યનું પરિણમન સાથે હોય કે ભિન્ન-ભિન્ન હોય? એક સાથે જ હોય. કાંઈ ભિન્ન કાળે હોય? એકનું પરિણમન પછીના કાળે અને એકનું પરિણમન પહેલાના કાળે એમ હોય? એક સાથે જ હોય. આહા..હા..! અરે! વીતરાગમાર્ગ એણે સાંભળ્યો નથી હોં! આહા..હા..!

**'એક દ્રવ્યનાં બે કર્મ ન હોય...'** કર્મ નામ કાર્ય. આત્માના અને પરમાણુના બે કાર્ય નથી. આત્મા રાગનું કાર્ય પણ કરે અને આત્મા શરીરને ચલાવવાનું કાર્ય પણ કરે અને ભાષાને બોલવાનું કાર્ય પણ કરે અને પરની દયા પાળવાની ક્રિયા બચાવવાની પણ એ કરે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? આ વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાની ત્રિલોકનાથ, એક સમયમાં જેણે ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા એમની વાણીમાં આ પદાર્થની મર્યાદા આવી છે. એવી બીજે ક્યાંય નથી. જગતના ઘણા અનંત મત છે એ બધા મત વીતરાગથી વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

વિકલ્પ આવ્યો શુભરાગ કે હું કપડા છોડી દઉં. તો કહે છે કે વિકલ્પનો કર્તા થાય અજ્ઞાન છે ત્યાં સુધી, પણ એ કપડા ઉતારવાની ક્રિયા રાગ થયો તો એણે કરી, એ વાતમાં એકેય દોકડો સાચો નથી. એ બધું ખોટું છે. એ વસ્ત્ર ઉતરવાની ક્રિયા જડની જડને કારણે થાય છે. સમજાણું કાંઈ? એમ વસ્ત્ર પહેરવાની ક્રિયા. લ્યો આ ટોપી પહેરે છેને સરખી? રાગ પણ થાય છે. રાગનો કર્તા હો. ટોપી આમ સરખી કરેને. કહો, એ ટોપી ખેંચે એ ક્રિયા જીવની છે એમ ત્રણ કાળમાં નથી. ભારે વાત ભાઈ! એક-એક શ્લોકે અનંત-અનંત દ્રવ્યની પૃથક્તા સિદ્ધ કરી છે, સિદ્ધ કરી છે. આહા..હા..!

**'એક દ્રવ્યનાં બે કર્મ ન હોય...'** આત્મા દયાના ભાવનું પણ કાર્ય કરે અને પરને

બચાવવાની ક્રિયા, શરીર અને આત્મા ભિન્ન છેને? તો એને બચાવવાની ક્રિયા એણે કરી એમ ત્રણ કાળમાં બનતું નથી. સમજાણું કાંઈ?

**'અને એક દ્રવ્યની બે ક્રિયા ન હોય;...'** પલટવું, અવસ્થાનું પલટવું **'એક દ્રવ્યની બે ક્રિયા...'** (અર્થાત્) આત્મા પોતાની અવસ્થા પણ પલટાવે અને જડની અવસ્થા પણ પલટાવે એમ ત્રણ કાળમાં બને નહિ. ભારે વાત ભાઈ! આ બધા કાર્યકર્તાઓના બધા પંચશીલવાળાને પૂછો. ઓલા કાર્યવાળા છેને મોટા? અમે આ કરીએ છીએ, અમે આ કરીએ છીએ. સડક બનાવીએ છીએ અને ઊંડા કૂવા ખોદીને પાણી કાઢીએ છીએ, બંધકોષ પાણીના કરે છેને? શું કહે છે? બંધકામ. ધૂળેય નથી કરતો, સાંભળતો ખરો. હવે એ તો અનંત રજકણનું દળ છે. એ અનંત રજકણની અવસ્થા અનંત રજકણને કારણે થાય છે. **'અને એક દ્રવ્યની બે ક્રિયા...'** તેં રાગ પણ કર્યો અને જગતની સડક બનાવી, રેલ બનાવી, પાણીના કૂવા ખોદાવ્યા, એ ક્રિયા પણ તારી છે (એમ વસ્તુસ્થિતિ નથી).

મુમુક્ષુ :- ડુંગરાના ડુંગરા તોડી નાખ્યા.

ઉત્તર :- ધૂળેય તોડતા નથી. અભિમાન કરે છે. આહા..હા..!

મુમુક્ષુ :- વ્યવહારે કરે.

ઉત્તર :- વ્યવહારનો અર્થ શું? ભાઈ! વ્યવહારનો અર્થ તો બોલવામાં આવે છે. એમ છે નહિ. એવી વાત છે. આહા..હા..! કાર્યકર્તા આવે છે કે નહિ? અમારે ઢેબરભાઈ આવે છે ઘણીવાર. ઢેબરભાઈ આ વાત સાંભળે (ત્યારે કહે) પણ આપણે નિમિત્ત તો થઈએને. કોનું નિમિત્ત થાય? એની ક્રિયા એનામાં થાય અને તમારી ક્રિયાથી એમાં થાય? એમ ન ચાલે. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ઉપયોગ તો કરવો જોઈએને.

ઉત્તર :- ઉપયોગ કોણ કરે? પૈસાનો ઉપયોગ કરે?

મુમુક્ષુ :- શરીરનો ઉપયોગ કરે.

ઉત્તર :- શરીરનો ઉપયોગ એ તો જડ છે.

મુમુક્ષુ :- મનનો ઉપયોગ કરે.

ઉત્તર :- મન તો જડ છે. પાણી જડ છે, તન જડ છે, શરીર જડ છે. એ ક્રિયાનો ઉપયોગ આત્મા કરે? આત્મા પોતામાં રાગ-દ્વેષના પરિણામ કરે, બસ એટલી મર્યાદા, પણ એ સિવાય જડનો ઉપયોગ કરે, પૈસાનો ઉપયોગ કરે, દાળ-ભાત-શાક ખાવાની ક્રિયા કરે, રાગ પણ કરે અને ખાવાની ક્રિયા પણ કરે એવી વસ્તુસ્થિતિ ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી. આહા..હા..! છે? જુઓ, એક કળશમાં તો આખી દુનિયાના તત્ત્વોની મર્યાદા ભરી દીધી છે. કહો, સ્વરૂપચંદભાઈ! શું કરીએ? આ છોકરાનું કરે કે નહિ? બાયડીનું કરે કે નહિ? ભાઈ!

ઘરનું માણસ હોય એનું તો કાંઈક કરવું પડે કે નહિ? રોગ થાય તો ડોક્ટર લાવવો, આ લાવવું. ધૂળેય ન કરે સાંભળ તો ખરો. પાગલ છો તું? તને રાગ થયો તો રાગની મર્યાદામાં તારી અસ્તિ ક્રિયા છે, પણ એ રાગ દવા કરી દે અને સ્ત્રીને આમ કરે અને આ ડોક્ટર છે લ્યો આ હરિભાઈ ડોક્ટર નથી? એય..! હરિભાઈ!

મુમુક્ષુ :- ઘણાની આંખ સુધારે છે.

ઉત્તર :- ધૂળેય સુધારતા નથી. કોણ કહે છે સુધારે?

મુમુક્ષુ :- એ પોતે કહે છે.

ઉત્તર :- બોલવામાં તો એમ જ આવે. ભાષા કેમ બોલાય? એવી ભાષા બોલે તો એનાથી સાચું થઈ ગયું? કેમ હશે આમાં? કાંતિભાઈ! તમે નથી કર્યું ત્યાં? પ્લેનમાં હતાને એ નોકર. મુંબઈ પ્લેનમાં નોકર હતાને. પંદરસોનો પગાર. દોઢ હજારનો પગાર છોડી દીધો. નોકરી છોડી દીધી. પંદરસોનો પગાર હતો. બે વર્ષથી નોકરી છોડી દીધી. ધૂળમાંય નથી. પંદરસો આવવાના હતા તો પૂર્વના પુણ્ય હતા તો આવતા હતા. એમાં શું આત્માના પુરુષાર્થથી ચીજ આવે છે? આ બહુ ડાહ્યા હોય છેને. તમારે ડાહ્યાને શું કહે છે? હુશિયાર. દુકાન ઉપર શાણા માણસ હોય તો ઘણા પૈસા પેદા કરે. એવી વાત છે?

મુમુક્ષુ :- ધંધામાં પ્રવીણ હોય ઈ કરે.

ઉત્તર :- ધૂળમાંય કરતો નથી. એય..! ભગવાનજીભાઈ! રાગ કરે. અજ્ઞાની છે તો એને રાગ તો થાય છે. પણ રાગથી એ લક્ષ્મી આવવાની ક્રિયા ઘણી સાવધાનીથી કરે તો ઘણા પૈસા આવે અને ઘણી (થોડી) સાવધાની કરે તો ઓછા પૈસા આવે, એ વાતમાં એકયે વાત સાચી નથી. અહીં તો આવી વાત છે. આહા..હા..! એક શ્લોકે તો ગજબ (કરી છે)! આખી દુનિયાને ભિન્ન કરી નાખી.

**'કારણ કે એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય નહિ.'** સિદ્ધાંત કહ્યો. એક આત્મા પોતાનું પણ કરે અને પરનું કરે. ક્યારે? કે પરમાં પેસી જાય અને પરને પોતાનું કરે તો. પણ પર તો પોતાનું થઈ શકે નહિ. એક દ્રવ્ય અનેક દ્રવ્ય. આત્મા બીજા દ્રવ્યરૂપ થઈ જાય તો તો બીજા દ્રવ્યની ક્રિયા કરે. પરમાણુ પોતાના આત્મા સાથે એક થાય તો આત્માની ક્રિયા પરમાણુ કરે. આહા..હા..! દુનિયા કહે છેને કે કર્મનો ઉદય આવે એવો વિકાર કરવો પડે. ધૂળેય નથી. કોણ કહે છે એવું તને? કર્મના ઉદયની ક્રિયા જડની જડમાં છે. એ જડની ક્રિયા જડ પણ કરે અને જડની ક્રિયા આત્માને વિકાર પણ કરાવે. મૂઢ છો? તને જૈનની શ્રદ્ધા જ નથી. વીતરાગ શું કહે છે એની માન્યતાની તને ખબર નથી. ભાઈ! શું કરવું? બોલવું કે નહિ? એવી ગૂઢ વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વીતરાગતા થઈ પરથી એટલો તો ભિન્ન પડ્યો. મિથ્યાત્વ તીવ્ર શ્રદ્ધાથી ભિન્ન પડ્યો. પછી અહીં તો આગળ લેશે. આવું માને પછી રાગનો વિકલ્પ ઉઠે એ પણ મારું કાર્ય નથી. એવી જ્યારે દ્રવ્યાર્થિક અંદર ચિદાનંદ ભગવાનની દૃષ્ટિ કરે છે ત્યારે વીતરાગતા થાય છે. વીતરાગતા નામ ત્યારે સમ્યગ્દર્શન થાય છે. એ સમ્યગ્દર્શન વીતરાગભાવ છે. સમજાણું કાંઈ? એ આવે છે જુઓ.

'**ભાવાર્થ :- આ પ્રમાણે ઉપરના શ્લોકમાં...**' ઉપર ઉક્ત. ઉપર કહેલા શ્લોકમાં '**નિશ્ચયનયથી અથવા શુદ્ધદ્રવ્યાર્થિકનયથી વસ્તુસ્થિતિનો નિયમ કહ્યો.** ' વ્યવહારથી બોલાય એ બીજી વાત છે, પણ વસ્તુસ્થિતિ એવી નથી. વસ્તુ નિશ્ચયનયથી, શુદ્ધદ્રવ્યાર્થિકનયથી વસ્તુની મર્યાદાનો નિયમ કહ્યો, વસ્તુની સ્થિતિનો નિયમ કહ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! બીડી પીવાનો ભાવ થયો એક વિકલ્પ. તો એ બીડી લઈ શકે અને બીડી પી શકે એ ક્રિયા પણ આત્મા કરી શકે છે એ બિલકુલ ખોટું છે. એક દ્રવ્ય અનેકરૂપ થઈ જાય તો એમ બને. પણ એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ તો થતું નથી. સ્વરૂપચંદભાઈ! ભારે વાતું આ. સમજાય છે કે નહિ આ? ચંદુભાઈને. ચંદ્રકાંતના... આ બધું સમજવું પડશે હોં આ ઓલા ભણતર કરતા. દુનિયાના ભણતર બધા ગપેગપ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ ખોટી વાત છે ઈ કહે છે, ભાઈ! ધુમાડો નીકળે છે એ બીડીની પર્યાયમાંથી નીકળે છે. આત્મામાં ભર્યો છે? ધુમાડો નીકળે? આત્મા વિના જ પર્યાય જડમાં થાય છે એમ અહીં કહે છે. આહા..હા..! જડનો સ્વભાવ એવો છેને. એ તો પહેલા કહ્યું કે એક દ્રવ્ય બે દ્રવ્યની ક્રિયા નથી કરતું. એ ધુમાડાની ક્રિયા આત્મા કરે તો જડ છે.

મુમુક્ષુ :- એ તો મડદામાં...

ઉત્તર :- મડદામાં પણ મડદામાં રજકણ ભિન્ન છે. મડદાના કાળમાં એ પર્યાય થવાની એમાં બહારની શક્તિ નથી. પણ બહારની શક્તિથી જ્યારે થાય છે તો એને કારણે થાય છે, આત્માથી નહિ. આહા..હા..! આ બોલે છે એ આત્મા નહિ. બોલે એ બીજા. જડ બોલે છે. આ તો પરમાણુની પર્યાય છે. આત્મા પરમાણુની પર્યાય કરી શકે? આહા..હા..! સમજાણું કાંઈ? એક જ સિદ્ધાંત લક્ષમાં લે તો પરદ્રવ્યની પરાધીનતાની દૃષ્ટિ એટલી છૂટે. સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો, સ્ત્રી બહુ હુશિયાર હોય તો બરાબર આમ દાળ, ભાત, શાક, રોટલી એવી સ્વચ્છ ચોખ્ખી બનાવે. લ્યો! ખીર, દૂધપાક, પુડલા. ધૂળેય ન કરે સાંભળ તો ખરો. એ તો પરમાણુની પર્યાય જડની છે. જડની પર્યાય જડ પણ કરે અને એની પર્યાય તું પણ કર? પાગલ છો જગતમાં. સમજાણું કાંઈ?

'**આ પ્રમાણે ઉપરના શ્લોકમાં નિશ્ચયનયથી...**' નિશ્ચય એટલે સત્યદૃષ્ટિથી

'દ્રવ્યાર્થિકનયથી...' એટલે એક-એક દ્રવ્ય જે ભિન્ન છે એવી દૃષ્ટિ કરાવવા અને એમ છે એમ 'વસ્તુસ્થિતિનો નિયમ કહ્યો.' લ્યો! વસ્તુની મર્યાદા એવી અનાદિની છે. ગડબડ કરશે એમાં મિથ્યાત્વ લાગશે. આહા..હા..! મહામિથ્યાત્વ હોં. મોટું પાપ. આહા..હા..!

## શ્લોક-૫૫

(शार्दूलविक्रीडित)

आसंसारत एव धावति परं कुर्वेऽहमित्युच्चकै-
र्दुर्वारं ननु मोहिनामिह महाहङ्काररूपं तमः।
तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्
तत्किं ज्ञानघनस्य बन्धनमहो भूयो भवेदात्मनः।।५५।।

આત્માને અનાદિથી પરદ્રવ્યના કર્તાકર્મપણાનું અજ્ઞાન છે તે જો પરમાર્થનયના ગ્રહણથી એકવાર પણ વિલય પામે તો ફરીને ન આવે, એમ હવે કહે છેઃ-

શ્લોકાર્થ :- [इह] આ જગતમાં [मोहिनाम्] મોહી (અજ્ઞાની) જીવોનો '[परं अहम् कुर्वे] પરદ્રવ્યને હું કરું છું' [इति महाङ्काररूपं तमः] એવા પરદ્રવ્યના કર્તુત્વના મહા અહંકારરૂપ અજ્ઞાનાંધકાર-[ननु उच्चकैः दुर्वारं] કે જે અત્યંત દુર્નિવાર છે તે [आसंसारतः एव धावति] -અનાદિ સંસારથી ચાલ્યો આવે છે. આચાર્ય કહે છે કે : [अहो] અહો! [भूतार्थपरिग्रहेण] પરમાર્થનયનું અર્થાત્ શુદ્ધદ્રવ્યાર્થિક અભેદનયનું ગ્રહણ કરવાથી [यदि] જો [तत् एकवारं विलयं व्रजेत्] તે એક વાર પણ નાશ પામે [तत्] તો [ज्ञानधनस्य आत्मनः] જ્ઞાનઘન આત્માને [भूयः] ફરી [बन्धनम् किं भवेत्] બંધન કેમ થાય? (જીવ જ્ઞાનઘન છે માટે યથાર્થ જ્ઞાન થયા પછી જ્ઞાન ક્યાં જતું રહે? ન જાય. અને જો જ્ઞાન ન જાય તો ફરી અજ્ઞાનથી બંધ ક્યાંથી થાય? કદી ન થાય.)

ભાવાર્થ :- અહીં તાત્પર્ય એમ છે કે-અજ્ઞાન તો અનાદિનું જ છે પરંતુ પરમાર્થનયના ગ્રહણથી, દર્શનમોહનો નાશ થઈને, એકવાર યથાર્થ જ્ઞાન થઈને ક્ષાયિક સમ્યક્ત્વ ઊપજે તો ફરી મિથ્યાત્વ ન આવે. મિથ્યાત્વ નહિ આવતાં મિથ્યાત્વનો બંધ પણ ન થાય. અને મિથ્યાત્વ ગયા પછી સંસારનું બંધન કઈ રીતે રહે? ન જ રહે અર્થાત્ મોક્ષ જ થાય એમ જાણવું. ૫૫.

## કળશ-૫૫ ઉપર પ્રવચન

**'આત્માને અનાદિથી પરદ્રવ્યના કર્તાકર્મપણાનું અજ્ઞાન છે...'** એ અજ્ઞાન છે. **'તે જો પરમાર્થનયના ગ્રહણથી...'** અહીં તો એ કહ્યું. આહા..હા..! (હું) પરનો કર્તા અને પરથી મારામાં કાંઈ થાય એ બધો અજ્ઞાનભાવ છે. એ અજ્ઞાનભાવને **'પરમાર્થનયના...'** ત્રિકાળી ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ (છું) એવી દૃષ્ટિ કરીને, એની ત્રિકાળીની દૃષ્ટિ કરીને **'એકવાર પણ વિલયને પામે...'** અજ્ઞાન એકવાર વિનાશ પામે **'ફરીને ન આવે,...'** પ્રાપ્ત થાય. લ્યો, વિલય થઈ જાય તો પાછી ન આવે. વળી ફરીથી ક્યાંથી થાય? આહા..હા..! અજ્ઞાન ગયા પછી અજ્ઞાન આવતું નથી એમ કહે છે.

સમ્યગ્દૃષ્ટિ, ચક્રવર્તીના રાજમાં દેખાય. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય, પણ એ સ્ત્રીનો ધણી નથી, સ્ત્રીનો સ્વામી નથી, ચક્રવર્તીનું રાજ મારું નથી, એ ચીજ પરની છે, મારામાં જરી આસક્તિ થાય છે તેનો પણ હું સ્વામી નથી. ચક્રવર્તીપદનો તો (સ્વામી) નહિ. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી અને સમ્યગ્દૃષ્ટિ ઈન્દ્ર. શક્રેન્દ્ર સમ્યગ્દૃષ્ટિ છે. પહેલા દેવલોકનો ઈન્દ્ર છે અને એની સ્ત્રી છે. બેય એકાવતારી છે. એક ભવ કરીને મોક્ષે જવાના છે, સુધર્મ ઈન્દ્ર અને એની પટરાણી ઈન્દ્રાણી મૂળ બેય એક ભવ કરીને મોક્ષે જવાના છે. તો એ બેય અંતરમાં એમ માને છે કે આ પટરાણી મારી રાણી છે અને આ મારો ધણી છે એમ અંદર માનતા નથી. સમજાણું કાંઈ? અને એ શક્રેન્દ્રને ૩૨ લાખ વિમાન છે. એક-એક વિમાનમાં અસંખ્ય દેવ છે. તોપણ માનતો નથી કે હું આ વિમાનનો સ્વામી છું. એ જડની જગતની વસ્તુ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં એવી માન્યતા અંદરમાં થઈ જાય છે. આહા..હા..!

પક્કડ પક્કડમાં ફેર છે. બિલાડી હોય છેને બિલ્લી-બિલ્લી. પોતાના બચ્ચાને પણ પકડે અને ઉંદર-ચૂહાને પણ પકડે. પક્કડ પક્કડમાં ફેર છે. ઉંદરને પકડવામાં આમ ભીંસ કરે છે અને બચ્ચાને પકડવામાં પોચું રાખે છે. એમ મિથ્યાદૃષ્ટિ જગતની ચીજ થાય છે એમાં મારાથી થાય છે એમ પક્કડ કરે છે અને સમ્યગ્દૃષ્ટિ એ ક્રિયાના કાળે ઊભો હોવા છતાં, એ ક્રિયા મારી નથી (એમ માને છે). સમજાણું કાંઈ? એમ સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનની વચ્ચે અનંત-અનંત તફાવત છે. આહા..હા..! એ સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન નથી થતું અને સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર-ફારિત્ર થતું નથી. સમજાણું કાંઈ? એ કહે છે લ્યો ૫૫.

आसंसारत एव धावति परं कुर्वेऽहमित्युच्चकै-
दुर्वारं ननु मोहिनामिह महाहङ्काररूपं तमः।

तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्
तत्किं ज्ञानघनस्य बन्धनमहो भूयो भवेदात्मनः।।५५।।

બહુ ઊંચો શ્લોક છે!

'**શ્લોકાર્થ :- આ જગતમાં મોહી (અજ્ઞાની) જીવોનો પરદ્રવ્યને હું કરું છું...**' પરપદાર્થની ક્રિયા મારાથી થાય છે '**એવા પરદ્રવ્યના કર્તૃત્વના મહા અહંકારરૂપ અજ્ઞાનાંધકાર...**' '**તમ:**' '**મહા અહંકારરૂપ અજ્ઞાનાંધકાર...**' અજ્ઞાની જીવો, પરદ્રવ્યની ક્રિયા હું કરું છું અને પરદ્રવ્ય મારી ક્રિયા કરે છે, બેય એક શબ્દમાં આવ્યું. '**એવા પરદ્રવ્યના કર્તૃત્વના...**' પરદ્રવ્યના પરિણમનની ક્રિયાના '**મહા અહંકારરૂપ...**' અહંકાર—મારાથી થયું. આહા..હા..! મેં પરોપકાર કર્યો, લક્ષ્મીના દાન મેં દીધા. લક્ષ્મી તો જડ છે. જડની ચીજ તારાથી દઈ શકાય છે? સમજાણું કાંઈ? તારામાં રાગની મંદતાનો ભાવ હો, એ લક્ષ્મી આવે-જાય એ ક્રિયા તારી નથી. આહા..હા..! ભારે જગતને. એકવાર પણ પરદ્રવ્યનો અહંકાર છૂટી જાય... આહા..હા..!

'**અજ્ઞાનાંધકાર—કે જે અત્યંત દુર્નિવાર છે...**' અનાદિકાળથી દુર્નિવાર છે. એ અજ્ઞાન ટાળવું એ મહાપુરુષાર્થ જોઈએ. એ સાધારણ વાત નથી. ક્રિયાકાંડ કરવા દયા, વ્રત, ભક્તિ આદિ એ તો શુભ પરિણામ અનંતવાર કર્યા, પણ આ અજ્ઞાન ટાળવું એ તો અલૌકિક વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અત્યંત દુર્નિવાર છે તે—અનાદિ સંસારથી ચાલ્યો આવે છે.**' આહા..હા..! નિગોદથી હોં! એમ કહે છે. નિગોદમાં પણ એ અહંકાર ચાલ્યો આવે છે. હું રાગને કરું, શરીરને કરું, કર્મને બાંધુ અને જેવા કર્મ બાંધ્યા એવા ઉદયમાં આવે તો એને ભોગવું. એ બધું મિથ્યાત્વ છે. શું આત્મા કર્મને ભોગવે? આત્મા તો એની અજ્ઞાનદશામાં જે રાગ-દ્વેષ કર્યો હતો એ જ રાગ-દ્વેષ અને હરખ-શોક ભોગવે છે. પરચીજને આત્મા ભોગવે ત્રણ કાળ, ત્રણ લોકમાં એ વાત સાચી નથી. સ્ત્રીના શરીરને આત્મા ભોગવી શકે એ તદ્દન ખોટી વાત છે. સમજાણું કાંઈ? એ તો જડ છે. માંસ, હાડકા રૂપી વસ્તુ છે. તું તો ભગવાન અરૂપી છો. શું અરૂપી રૂપીનો ભોગ લે? સમજાણું કાંઈ? મિથ્યાભ્રાંતિમાં અજ્ઞાની એમ માને છે. આહા..હા..! મકાન બનાવ્યું પાંચ-દસ લાખનું જુઓ. ભાઈ અમે બનાવ્યું. ભોગવો આપણે. જીવે ત્યાં સુધી તો ભોગવો. મરી ગયા પછી વળી... આહા..હા..!

અરે! તારું અજ્ઞાન અંધકાર. પરને હું ભોગવું છું અને મારા હરખ-શોકને ભોગવું છું એ બે દ્રવ્યની ક્રિયાનો કર્તા અને ક્રિયાનું અભિમાન તને થયું એ મહા અહંકાર મિથ્યાત્વ છે. આહા..હા..! ભાઈ! કહો, દાળ, ભાત ને શીરો ખાય છે કોણ? જડ ખાય છે? જડ પણ ખાતું નથી અને આત્મા પણ ખાતો નથી. જડમાં એવી ક્રિયા થાય છે. રોટલીના ટૂકડા થાય, દાળ-ભાત હોય, શીરો હોય. અંદર ગયા પછી વિષ્ટા થઈ જાય છે. એ પર્યાય જડની

જડથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? લોકોના ભણતરમાં તો આવી વાત આવતી નથી. ભણી ભણીને શું કરવું? એય..! ભીખાભાઈ! ભાઈ! અત્યારના છોકરા બહુ ભણે છે માટે ભણવું લ્યો. આહા..હા..! અહીં તો કહે છે કે શાસ્ત્ર ભણે એ પણ એમ માને કે શાસ્ત્ર જે જડ છે એનાથી મારું જ્ઞાન થાય છે. એ પણ મૂર્ખ, પાગલ, મિથ્યાદષ્ટિ છે. અમરચંદભાઈ! ભારે આકરું ભાઈ! પાગલના ગામોગામ ભર્યા છે. સાધુ નામ ધરાવીને અમે આમ કરીએ... આમ કરીએ.. આમ કરીએ છીએ, અમે ઉપદેશ કરી શકીએ છીએ, દુનિયાનો આહાર લઈ છીએ તો એટલો પરોપકાર કરીને ઉપદેશ કરીએ છીએ. બેય ખોટી વાત છે. દુનિયાનો આહાર પણ લેતો નથી અને ઉપદેશ પણ કરી શકતો નથી.

મુમુક્ષુ :- દેતા નથી?

ઉત્તર :- દેતા પણ નથી અને લેતા પણ નથી કોઈ પાસે. એમ માને કે આપણે .. આવો આહાર લેવો. તો આટલો ઉપદેશ કરીને એનું સાટું વાળી લેવું. સાટું એટલે શું? બદલો. એનો બદલો વાળી દેવો. બધી અજ્ઞાનીની ભ્રમણા છે. આહા..હા..! બરાબર હશે?

'આ જગતમાં...' અનાદિ સંસારથી ચાલ્યું આવે છે. આહા..હા..! આવી બુદ્ધિ, જૈન સાધુ થયો તોપણ અનાદિથી આવી બુદ્ધિ ચાલી આવી છે. સમજાણું કાંઈ? હું પંચ મહાવ્રતના પરિણામ કરું છું તો જીવને હું બચાવી શકું છું. અથવા હું સત્ય બોલું છું. તો સત્ય બોલવાની ક્રિયા તો પરમાણુની છે. અજ્ઞાની અનાદિથી સાધુ થઈને પણ અજ્ઞાન ચલાવ્યું છે. આહા..હા..! ભાવસાધુ નથી. દ્રવ્યલિંગ ધારણ કર્યું. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! ત્યાં તો કાંઈ આવું સાંભળવા મળે નહિ. આફ્રિકામાં ન મળે આ. બહારનું હોય, મંદિર બનાવો દસ લાખ રૂપિયાનું. બે, પાંચ, દસ હજાર આપે, પચ્ચીસ હજાર આપે તો ઓહો..હો..! ભારે કામ કર્યું. ધૂળેય નથી કર્યું સાંભળને. પાંચ લાખ દીધા એણે. નાખો ભાઈ, ધર્મધુરંધર. લાખ એ તો જડ છે. જડને તેં દીધું? જડ એણે દીધું? આવું માનશે તો નહિ દે પછી લક્ષ્મી, આ મંદિર નહિ બને તો. મૂઢ એમ માને છે. જે બનવાની ક્રિયા છે એ તો બનશે, બનશે અને બનશે જ. એ તારાથી બને છે એમ છે નહિ. આહા..હા..!

એક માણસ એમ કહેતો હતો કે જુઓ ભાઈ અમારી પાસે લક્ષ્મી તો નથી, પણ અમે લક્ષ્મીવાળાને ઉપદેશ આપીને લક્ષ્મી ખંખેરીએ છીએ. બે-પાંચ લાખ પડાવીએ છીએ. બરાબર છે? અમારી પાસે લક્ષ્મી કાંઈ નથી તો અમે દાન ક્યાંથી આપીએ? પણ લક્ષ્મીવાળાને એવો ઉપદેશ આપીએ કે પડાવી લઈએ. કરો. સ્ત્રીઓને એમ કહે. અમારે એક મણિભાઈ હતા કોઠારી. જોરાવર નહિ? ગોંડલના. બાયું બાયું ભેગી થાય લશ્કર—સભા. પછી એવું બોલે. અમારી પાસે આવ્યા હતા ત્યાં. ગુજરી ગયા. અરે! તમે સ્ત્રીઓ ધણીના નોકર? નોકર હોય એને સો રૂપિયાનો પગાર મહિને મળે, તો પચાસ વર્ષનો પગાર કેટલો થાય? એમ તમારા દાગીના

પહેર્યા છે એનો હક તમારો નહિ દેવાનો? તમે નોકર છો કે નહિ? એ.. ..લાલજી! એમ બોલતા હતા. છોડો. કરો દાન, દાગીના કાઢો. દાગીના કાઢવાની એટલી તમારી શક્તિ નથી? તો દાગીના તમારા પતિએ દીધા. તો શું આપ્યું? બસ રાંધવાનું .. તારે કરવું. ધુમાડા ફૂંકવા. એવા નોકરને પણ મહિને સોનો પગાર મળે. પહેલાની વાત છે હોં! અત્યારે મોંઘો પગાર. પણ તમે પચાસ વર્ષના ગણો. મહિનાના સો. બાર મહિનામાં બારસો. પચાસ વર્ષમાં એટલા પૈસા દેવાની પણ તમારી તાકાત નહિ? તમારી શક્તિ નહિ? તમે સ્વાધીન નહિ? ઓલી બાયુંને કહે. આમ બને છે હોં. પણ એ કાંઈ તારા રાગને લઈને અને તેં ભાષણ કર્યું માટે બન્યું છે એમ છે નહિ.

મુમુક્ષુ :- બેયનો કાળ તો એક છે.

ઉત્તર :- કાળ તો અનંતુ કીધું. ભાઈ સ્વરૂપચંદભાઈએ નહોતું કહ્યું? કાળ તો અનંતનો એક સાથે જ પરિણમે છે. અનંત દ્રવ્યો વર્તમાન પરિણતિએ ભિન્ન-ભિન્ન તરીકે અનંત સાથે વર્તમાને જ પરિણમે છે. એક દ્રવ્ય પહેલું પરિણમે અને બીજું દ્રવ્ય પછી પરિણમે એમ હશે? દરેક સમયે અનંત દ્રવ્યો એ રીતે સમય સમયમાં પરિણમી રહ્યા છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! અનાદિથી સંસાર ચાલ્યો આવે છે. આવી માન્યતા તો અનાદિની છે એમ કહે છે.

આચાર્ય કહે છે... ભગવાન અમૃતચંદ્રાચાર્ય મુનિ સંત દિગંબર વનવાસી હતા. આત્માના આનંદમાં ઝૂલતા હતા. બાહ્યમાં તો વસ્ત્રનો ટૂકડો પણ નહોતો એવા વનવાસી સંત સિદ્ધની વાતું કરતા હતા. ભગવાન! સિદ્ધ કોનું કરે? કે કોઈનું નહિ. તો તું કોનું કરે? સમજાણું કાંઈ? એ ટી.બી. શાહ હતાને ભાઈ! મુંબઈમાં છેને એક ટી.બી. શાહ એક ફેરી અહીં આવ્યા હતા ૯૨માં. પછી કહે આ સિદ્ધ શું કરે સિદ્ધ ભગવાન? મને કહે. કીધું કાંઈ કરે નહિ પરનું. પોતાના આનંદના અનુભવને કરે. ત્યારે અહીંયાં પચ્ચીસ માણસનું કરીએ, પચાસનું અમે કરીએ અને સિદ્ધ કોઈનું કરે નહિ? એ પણ સિદ્ધ ક્યાં છે તારે સિદ્ધ? સાંભળને હવે. અમારે એવી સિદ્ધદશા જોતી નથી. કોઈનું કરે નહિ? સિદ્ધ કોઈનું કરે નહિ? આ અમે મોટા થઈને આટલા નાના સાધારણ માણસો હોય, ગામના માણસને આમ કરો, ફલાણાને આમ કરો, પાંજરાપોળનું કરો, ખરડા કરો લ્યો! હવે એને ભાન કે દિ' હતું? પાગલ હતો. અહીં આવ્યો હતોને. આહા..હા..! દુનિયાને ભાન કે દિ' છે? એના ભાન વિનાના મોટા સેક્રેટરી હોય એના. આમ કહેતો હતો લ્યો ઈ હીરાભાઈના મકાનમાં. મહારાજ સિદ્ધ તમે કહો છો. તો સિદ્ધ શું કરે? કીધું સિદ્ધ કરે અનંત ગુણની પરિણતિનો અનુભવ. બીજું કાંઈ ન કરે. જૈનશાસન બને કે ન બને એમાં કાંઈ સિદ્ધનો અધિકાર નહિ. આહા..હા..! અરે! એ સિદ્ધ નથી જોતા. અમે તો અહીં પાંચ-પચ્ચીસ માણસનું કરીએ, સગાવ્હાલાનું કરીએ,

કુટુંબનું કરીએ. બાળક વિદ્યાર્થી સાધારણ ગરીબ હોય એને મદદ કરીએ, વિધવા હોય એને આંસુ લુછીએ. ભાઈ વયા ગયા નેમીદાસ? બસ? કહો, સમજાણું? કોણ કરે? ભાઈ! કીધું. આહા..હા..! તો અમારે એવા સિદ્ધ નથી જોતા. પણ ક્યાં છે? નિગોદ છે. સિદ્ધ ક્યાં હતા તારે ઘરે? નિગોદની દશા છે. આહા..હા..! એય..! મિથ્યાત્વનું સેવન એ નિગોદના ઘરમાં જવાનું સેવન છે. આહા..હા..! આત્માનું સેવન અને સમ્યગ્દર્શનનું (સેવન) એ સિદ્ધમાં જવાની તૈયારી છે. આહા..હા..! અરેરે!

કહે છે કે અહો..! પરમાર્થનયનું શુદ્ધદ્રવ્યાર્થિકનય.. પાઠમાં ભૂતાર્થ છે. પાઠમાં ભૂતાર્થ છે. અર્થમાં પરમાર્થનય અથવા શુદ્ધ દ્રવ્યાર્થિકનય અથવા અભેદનય—ત્રણ લીધા. ચાર બોલ લીધા. પાઠમાં ભૂતાર્થ ત્રિકાળી ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ છું એવું એકવાર પણ ગ્રહણ કરીને જે દૃષ્ટિ થઈ. પછી અજ્ઞાન ક્યાંથી આવે? અંધકારનો નાશ થયો તો સૂર્ય પાસે અંધારું ક્યાંથી આવે? એવી દૃષ્ટિનું જોર કહ્યું જુઓ, અપ્રતિહત વર્ણન છે. અરે! એવું અજ્ઞાન ટાળવું હોય તો એકવાર ભગવાન પૂર્ણાનંદ જ્ઞાતા-દૃષ્ટા થઈ જા. એક જ્ઞાન અને આનંદનો પુંજ પ્રભુ આત્મા એની એકવાર દૃષ્ટિ કર, એનો આશ્રય કર તો એ પરમાર્થનયનો વિષય એણે ગ્રહણ કર્યો. એણે શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય ગ્રહણ કર્યો, એણે અભેદનય ગ્રહણ કરી. આહા..હા..! પરનું કરવું, છોડવામાં તો તારી દૃષ્ટિ અહીંયાં હોય તો પરનું કરવું છૂટે એવી યથાર્થ દૃષ્ટિ છે કહે છે. નહિતર તો યથાર્થ દૃષ્ટિ થતી નથી. શલ્ય રહેશે કાંઈ ને કાંઈ.

એ પ્રશ્ન ઉઠેને કે મડદું બોલે? ભીંત બોલે? આત્મા બોલે. ભગવાન! તને ખબર નથી, ભાઈ! મડદું જ બોલે છે. ભાષા જડ મડદું છે. આહા..હા..! પરમાર્થનયનું ત્રિકાળી જ્ઞાયક આનંદસ્વરૂપ ધ્રુવ (છું) એવી એકવાર દૃષ્ટિ કર. એ પરમાર્થસ્વરૂપ ભગવાનનો આશ્રય કર, એ શુદ્ધ દ્રવ્યસ્વરૂપ ભગવાન એનું અવલંબન લે અને અભેદ વસ્તુ ત્રિકાળી છે, પર્યાયનો ભેદ પણ જેમાં નથી. આહા..હા..! એવા '**અભેદનયનું ગ્રહણ કરવાથી જો તે એક વાર પણ નાશ પામે...**' લ્યો! સમજાણું કાંઈ? ચણો એકવાર પણ શેકવામાં આવે પછી પાછો ઉગતો નથી. એમ દૃષ્ટિ એકવાર થઈ તો ફેર પડતો જ નથી એમ કહે છે અહીં તો.

મુમુક્ષુ :- માખણનું ઘી થાય, ઘીનું માખણ થાય?

ઉત્તર :- માખણનું ઘી થાય, ઘીનું માખણ થાય? ઘી તો ઘી જ રહે. આહા..હા..!

મહાપ્રભુ ચૈતન્ય આનંદ અતીન્દ્રિય આનંદનું ધ્રુવધામ એને ધ્યેય બનાવીને એકવાર પણ જો અજ્ઞાનનો નાશ થાય તો પછી ક્યાંથી અજ્ઞાન આવે? આહા..હા..! સમજાણું કાંઈ? એ કદી કર્યું નથી. અનંતકાળમાં નથી કર્યું તો આ નથી કર્યું. બાકી તો સાધુપણાની ક્રિયા અનંતવાર કરતા કરતા મરી ગયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો,' અજ્ઞાનભાવથી મુનિપણું લઈ લીધું. નગ્ન થયો, હું પંચ મહાવ્રત પાળું છું અને દેહની ક્રિયા નગ્ન મેં કરી એવો મિથ્યાત્વભાવ

છોડ્યા વિના એ ક્રિયા થઈ એમાં કોઈ લાભ થયો નહિ. કહો, સમજાણું કાંઈ?

**'જ્ઞાનઘન આત્માને...'** આહા..હા..! (મિથ્યાત્વ) **'એક વાર પણ નાશ પામે તો જ્ઞાનઘન આત્માને ફરી બંધન કેમ થાય?'** અહીં તો અબંધસ્વરૂપ ભગવાન, પૂર્ણ પરમાત્મસ્વરૂપ પોતાનું નિજ સ્વરૂપ એને જ્યાં અંતરદષ્ટિથી ગ્રહણ કર્યો, પછી બંધન કેમ થાય? અહીં તો બંધન નથી એમ કહે છે, જાવ. અબંધસ્વરૂપ ભગવાન આત્મા એને પકડ્યો અને સમ્યગ્દર્શન થયું એ અપ્રતિહત થયું એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'આત્માને ફરી બંધન કેમ થાય?'** કેમકે રાગ અને વિકલ્પ દયા, દાન, વ્રત વિકલ્પથી પણ પાર આત્મા છે. એવી નિર્વિકલ્પ ચીજની જ્યાં અંતરદષ્ટિ કરી તો અજ્ઞાનનો નાશ થયો તો અજ્ઞાન ફરીને કેમ થાય? અબંધ દષ્ટિમાં બંધભાવ ક્યાંથી થાય? એમ કહે છે. સમજાણું કાંઈ?

**'બંધન કેમ થાય? (જીવ જ્ઞાનઘન છે...'** ભગવાન તો જ્ઞાનનો પુંજ છે, ચૈતન્યરસ છે. ભગવાન આત્મા જ્ઞાનનો રસ છે, આનંદનું ધામ છે. નિત્યાનંદ અનાકુળ સ્વભાવથી ભરેલો છે. એવો જ્ઞાનઘન છું એવી દષ્ટિ થઈ, અબંધ દષ્ટિ થઈ તો બંધનો ભાવ પછી કેમ થાય? અથવા એને બંધન કેમ થાય? બંધન-ફંધન છે નહિ. આહા..હા..! ભારે ભાઈ કામ! અહીં તો સમ્યગ્દર્શન થયું તો બંધન નથી એમ કહે છે. પછી થોડો રાગ થાય એની બંધન ક્રિયા જડમાં જાય છે, આત્મામાં નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાનઘન ભગવાન આત્માને **'ફરી બંધન કેમ થાય? (જીવ જ્ઞાનઘન છે માટે યથાર્થ જ્ઞાન થયા પછી...'** જ્ઞાન જ્યાં થયું. તો આ જ્ઞાન ક્યાં જઈ શકે? ક્યાં જાય? ચૈતન્ય ભગવાન ધ્રુવ જ્યાં ભાનમાં આવ્યો એ ધ્રુવ ક્યાં જાય? તો એની દષ્ટિ પણ ક્યાં જાય? જુઓને! પંચમકાળમાં એટલું તો જોર દીધું છે આત્મામાં. લાલાપેઠા કરે છે આમ થશે ને આમ થશે. સમકિત થઈને પડી જશે તો? મોકાણ ક્યાં માંડી તેં પહેલી? પહેલા જ માંડી રોવાની. બાયડી પરણે તો એમ હશે કે હમણા મરી જશે તો? એમ માને એ વખતે? પણ પરણતા-પરણતા કોઈ સર્પ કરડે અંદરમાં અને મરી જશે તો? એમ વિચાર કરે? એમ ભગવાન આત્મા દીર્ઘ ત્રિકાળ વસ્તુ છે એની દષ્ટિ કરવામાં હું અજ્ઞાનમાં આવું અને બંધન થઈ જાય એવી એને શંકા પડતી નથી. સમજાણું કાંઈ? **'અને જો જ્ઞાન ન જાય તો ફરી અજ્ઞાનથી બંધ ક્યાંથી થાય?'** અજ્ઞાન જ ન કહ્યું. આહા..હા..! એ તો જ્ઞાતા-દષ્ટાનું ભાન થયું એને બંધન થતું નથી. એનું નામ મોક્ષનો માર્ગ છે લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ-૬, શુક્રવાર, તા. ૨૭-૧૦-૧૯૭૨**
**કળશ-૫૫-૫૬, ગાથા-૮૭, પ્રવચન-૨૦૪**

૫૫ કળશનો ભાવાર્થ છે. '**અહીં તાત્પર્ય એમ છે કે—અજ્ઞાન તો અનાદિનું છે...**' એટલે? આત્મા શુદ્ધ આનંદકંદ પ્રભુ છે એનું અજ્ઞાન તો અનાદિનું છે. એનું એણે અનંતકાળમાં કોઈ દિ' ભાન કર્યું નથી. પૂર્ણ શુદ્ધ આનંદ જ્ઞાનનો પુંજ, જ્ઞાનપુંજ છે ઈ. એનું જ્ઞાન નહિ કરતા પરદ્રવ્યનો કર્તા એ અનાદિથી માને છે. મેં શરીરનું કર્યું, વાણીનું કર્યું, દેશનું કર્યું, કુટુંબનું કર્યું. આ જગતના પ્રાણીઓને વ્યવસ્થા કરીને હું એને બધાને સરેડે ચડાવું છું, રસ્તે ચડાવું છું એ બધી માન્યતા અજ્ઞાનીની ભ્રમ છે. સમજાણું? એ અજ્ઞાન અનાદિનું છે. અનાદિથી નિગોદથી માંડીને, એકેન્દ્રિય જીવથી માંડીને માનતો આવે છે.

મુમુક્ષુ :- ઘુંટી-ઘુંટીને પાક્કું કરેલું છે.

ઉત્તર :- ઘુંટીને પાક્કું કરેલું અનાદિનું છે કહે છે. સમય સમયમાં નવું-નવું કરે છે એ, પણ પ્રવાહથી અનાદિનું છે.

'**પરંતુ...**' એ વસ્તુના સ્વભાવનું ભાન, પોતાની નિજ પુંજી, નિજ નિધાન અંતર આનંદ અને જ્ઞાનાદિ અનંતગુણની ખાણ પ્રભુ આત્મા, એનું અનાદિથી અજ્ઞાન હોવા છતાં '**પરંતુ પરમાર્થનયના ગ્રહણથી,...**' પણ એકવાર જો શુદ્ધ ચૈતન્ય અખંડ આનંદ છું એવી અંતર દૃષ્ટિ કરે તો એના કારણે '**દર્શનમોહનો નાશ થઈને,...**' મિથ્યાત્વભાવનું નિમિત્ત જે દર્શનમોહ છે કર્મ, ભ્રમણાનો નાશ કરનાર (એને) દર્શનમોહનો પણ નાશ થઈ જાય છે. એ પોતાના પરિણામમાં પોતાને કારણે અજ્ઞાન કર્યું હતું. કોઈ કર્મે કરાવ્યું છે કે બીજી ચીજે કરાવ્યું છે એમ નથી. એણે આ આત્મા ઉપર નજર (નથી કરી). એની ચીજ શું છે? એની નજર અનાદિથી કરી નથી. એની નજરું બહારમાં આમ ને આમ ફર્યા કરે. આનું કરું ને આનું કરું ને આનું કરું. અહીંથી લઉં... અહીંથી લઉં... અહીંથી સુખ લઉં. એમ મૂઢ, અજ્ઞાની મૂઢ અનાદિથી અજ્ઞાન એનું ચાલ્યું આવે છે. છતાં એ નાશ થઈ શકે છે.

'**પરંતુ પરમાર્થનય...**' વસ્તુ અખંડ આનંદનું ધામ પ્રભુ છે એવું અંતરમાં ભાન થયે, અંતરમાં દૃષ્ટિ દીધે દર્શનમોહનો નાશ થાય છે. એટલે કે મિથ્યા ભ્રાંતિ નાશ થાય છે અને ભ્રાંતિનું નિમિત્ત જે કર્મ છે એનો પણ નાશ થાય છે. ભારે વાત ભાઈ! આ જયધવલમાં ચાલે છેને બધો અધિકાર? એ બધા અધિકાર વર્ણવતા... વર્ણવતા... વર્ણવતા... વર્ણવતા...

પણ પરિણામવશ, પરિણામવશ એ શબ્દ બહુ આવે એમાં. પોતાના પરિણામને કારણે, પરિણામને કારણે એ આવે બહુ. એટલે કર્મની વાતું કરે બધી પાછી. વાત આ લે. આહા..હા..! કોઈ પરને કારણે એના પરિણામ અજ્ઞાન છે કે મિથ્યા છે એમ નથી. પોતે પલટીને અંતરમાં શું ચીજ છે એ જોયું નથી અને એ જોવાનો એણે પ્રયત્ન પણ માન્યતાથી કર્યો નથી. આ બહારમાં અંદર વર્તમાન પર્યાય પ્રગટ છે એની એને માન્યતા. આ હું જ્ઞાન છું એટલો અંશ. આ રાગ તે હું છું અને આ હું છું ત્યાં બીજા પદાર્થોની મોજૂદગીમાં મારી હયાતીને લઈને એમાં ફેરફારના કાર્યો થાય છે એમ એ અજ્ઞાની માન્યા જ કરે છે મૂઢ થઈને. આહા..હા..! આ બધા દસ-દસ હજારના પગારવાળા ને અબજોપતિ ને એ બધા આવા હશે? રમેશભાઈ! આહા..હા..!

**'એક વાર યથાર્થ જ્ઞાન થઈને...'** છે? વસ્તુ વસ્તુ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, પૂર્ણ વસ્તુ છેને? તત્ત્વ છેને? તો એનો સ્વભાવ સ્વભાવ (પણ છે). જેમ વસ્તુ પોતે અનાદિ-અનંત છે એમ એનો અનાદિ-અનંત સ્વભાવ છે કે નહિ? સ્વભાવ વિના સ્વભાવવાન વસ્તુ ક્યાંથી હોય? તો એનો અનાદિ-અનંત તો જ્ઞાન અને આનંદ એનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? **'એક વાર યથાર્થ જ્ઞાન થઈને ક્ષાયિક સમ્યક્ત્વ ઉપજે...'** એટલો ખુલાસો કર્યો છે એમણે. બાકી મૂળ તો આચાર્યને એમ કહેવું છે કે એકવાર પણ ભાન થાય એટલે ન જ પડે એ જ વાત છે અહીં તો. સમજાણું કાંઈ? નિર્જરા અધિકારમાં આવે છેને પરિપક્વ ફળ. ફળ તૂટ્યું એ તૂટ્યું એ ફરીને ડીટડે ન ચોંટે. જમરૂખનું, કેરીનું ફળ ઉપરથી ટૂટે એ ફરીને ત્યાં ચોંટે? એમ ભગવાન આત્મા. આહા..હા..! પોતાની મહાસત્તા મહા હોવાપણે પ્રભુ (છે) એનું એકવાર પણ યથાર્થ જ્ઞાન થાય તો ફરીને એ જ્ઞાન અજ્ઞાન કેમ થાય? માથે આવી ગયું છે. **'જો જ્ઞાન ન જાય તો ફરી અજ્ઞાનથી બંધ ક્યાંથી થાય?'** કળશમાં આવી ગયું છેલ્લે. **'(જીવ જ્ઞાનઘન છે માટે યથાર્થ જ્ઞાન થયા પછી જ્ઞાન ક્યાં જતું રહે?)'** આહા..હા..!

મુમુક્ષુ :- કૌંસમાં છે.

ઉત્તર :- હા, એ. **'અને જો જ્ઞાન ન જાય તો ફરી અજ્ઞાનથી બંધ ક્યાંથી થાય?'** આહા..હા..! કૌંસમાં છે. કાલે તો હિન્દીમાં ચાલ્યું હતુંને? ઓલા હિન્દી લોકો હતા. આહા..હા..! અરે! એણે કરવા જેવું એ કર્યું નહિ અને નહિ કરવા જેવા કરીને ભૂંસાડિયો વાળ્યો આત્માનો. આહા..હા..! જિંદગીમાં.. ઓલો ગાતો એક જણો નહિ? આપણે અહીં આવે છેને. 'રજકણ તારા રખડશે...' આ રજકણ જડ, ધૂળ, માટી. 'રજકણ તારા રખડશે અને જેમ રખડતી રેત.' રેત, વેળુ એમ ઉડી જશે. ફૂ રાખ થઈને ઉડી જશે. બળશે ત્યારે તો આટલા રજકણનો ઢગલો પણ નહિ રહે. બરાબર હશે? બાબુભાઈ! આ ઢગલો આમ દેખાય છે. આ માટીનો

ઢગલો છે. આત્મા નથી આ કાંઈ. આ તો જડ તત્ત્વ છે અજીવ. મરે ત્યારે આટલું થાય. એમાં એક પવન સરખો આવે... ઓલો ગાતો હતો ત્યાં એક નહિ? મોરબી. છોકરો ગાતો હતો. પણ પાછો સ્વચ્છંદી થઈ ગયો કહે છે. મુસલમાનના છોકરાઓ હોય છેને. એ ગાવાનું જ આખું કુટુંબમાં. એ ધંધો એને ગાવાનો. એના બાપ એના બધા. જૈનના ઓલા કહેવાય. છે મુસલમાન. પણ જૈનનું ગાય. જૈનની ભક્તિ એ બધું ગાય. એ છોકરો હતો ૧૫-૧૬ વર્ષનો. એવો કંઠ તે સભા તો એકવાર આમ (ડોલી ઉઠે). 'રજકણ તારા રખડશે અને જેમ રખડતી રેત, પછી નરતન પામીશ ક્યાં?' આહા..હા..! આવો દેહ ક્યારે મળશે? કહે છે. ભાઈ! તને ખબર નથી. 'ચેત ચેત નર ચેત.'

અરે! ચેતવાના કાળે ન ચેત્યો તો પછી ક્યાંય માણસપણું મળવું મુશ્કેલ છે ભાઈ! અરેરે! એને અંતર થાતું નથી કે હું ક્યાં જઈશ? અરે..! આ આંખ મીંચાઈને, આ આત્મા તો અવિનાશી છે તો ભવિષ્યમાં અનંતકાળ રહેવાનો છે, ક્યાં રહેશે? આહા..હા..! જેને પુણ્ય અને પાપ, દેહની રુચિ છે એ ચાર ગતિમાં રખડવામાં રહેશે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! જુઓને મરતા કેટલા... હમણા તો અહીં બધાનું કેટલું મરવાનું સાંભળીએ છીએ જુઓ, એક છોડી અહીં લાકડું પડ્યું ને મરી ગઈ, એક વળી ઓલો વીંછી કરડ્યો અને ગરાસિયાનો છોકરો મરી ગયો પંદર વર્ષનો. બા! બા! કરતો. ઝેર ચડી ગયું વીંછીનું. એક બાઈ બળીને મરી ગઈ, ખવાણ, પરમ દિ' કે કાલે. પરમ દિ'. કાલ વળી એક છોકરો મરી ગયો. જમરૂખ ખાધા હશે ઝાઝા તે. ૧૪ વર્ષનો નાની ઉંમરનો. આ રયાભાઈ હતાને આપણે. .. એના દીકરાનો દીકરો. આહા..હા..! આવા માણસપણા મળ્યા, ચાલ્યા ગયા. ખોઈને ચાલ્યા ગયા. અરે! આવું માણસપણું ક્યારે મળે? ક્યારે એવું સાંભળવાનું મળે પાછું? કરવાનું તો ક્યાંય પછી. આહા..હા..! અરે! તું ભુલ્યો, ભગવાન ભુલ્યો ભાઈ! એ રાગનું પણ તારું... દયા, દાનના વિકલ્પો એ પણ તારી ચીજ નહિ. આહા..હા..!

કહે છે કે જેને પરદ્રવ્યના કર્તાપણાની બુદ્ધિ અનાદિની છે એ એકવાર જો આત્માનો આશ્રય લઈને નાશ પમાડી તો એ જ્ઞાન ક્યાં જાય ફરીને? ઉઘડેલા જ્ઞાનનો વિકાસ ક્યાં અંજાય જાય હવે? એમ કહે છે. પછી ખુલાસો કરવો પડ્યો કે ક્ષાયિક અપ્રતિહત છે એને. અપ્રતિહતની જ વાત છે અહીં તો. આહા..હા..! એ ક્ષાયિક અંદર પ્રતીત થઈ કે આ તો આત્મા આનંદસ્વરૂપ જ છે અને એ તો જ્ઞાનની મૂર્તિ જ છે. એ પરનું કાંઈ કરે નહિ અને પરથી એમાં કાંઈ આવે નહિ. આહા..હા..! ભારે કામ પણ! તો એને '**સમ્યક્ત્વ ઉપજે તો મિથ્યાત્વ ન આવે.**' એવી દૃષ્ટિ નિર્મળ થાય કે જેવી ચીજ છે એ, વસ્તુ ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે, જેવો છે એવી જો દૃષ્ટિ થઈ તો પછી વિપરીત દૃષ્ટિ આવે ક્યાંથી? કહે છે. સમજાય છે કાંઈ?

**'મિથ્યાત્વ નહિ આવતા મિથ્યાત્વનો બંધ પણ ન થાય.'** એટલું. અજ્ઞાન જતાં અજ્ઞાનનો જે બંધ પડતો એ પણ પછી થાય નહિ. **'અને મિથ્યાત્વ ગયા પછી સંસારનું બંધન કઈ રીતે રહે?'** આહા..હા..! પછી ભલે છ ખંડના ચક્રવર્તીના રાજમાં દેખાય, પણ એ તો અંદર નિરાળો... નિરાળો... નિરાળો છે. સમજાણું કાંઈ? ક્યાંય હું નથી, બીજી ચીજ ક્યાંય મારામાં આવતી નથી. હું તો આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ છું. આહા..હા..! આ આત્મવિદ્યા, આ આત્મજ્ઞાન, આત્માનો આ સાક્ષાત્કાર ભેટો.

ચૈતન્યબિંબ આનંદનો નાથ પ્રભુ હું તો આ છું. પરનું કરવાપણું એવું જે અજ્ઞાન એ મારું નહિ, મારામાં છે જ નહિ. એમ એકવાર પણ જો યથાર્થપણે દૃષ્ટિ અને ભાન થાય તો એને સંસારનું બંધન કઈ રીતે રહે? અજ્ઞાનનું બંધન નથી. અસ્થિરતાનું બંધન એ બંધન ગણાતું નથી. એ બધું પરમાં જાય છે. આહા..હા..! **'ન જ રહે અર્થાત્ મોક્ષ જ થાય એમ જાણવું.'** લ્યો!

## શ્લોક-૫૬

(अनुष्टुभ्)

आत्मभावान्करोत्यात्मा परभावान्सदा परः।
आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते।।५६।।

ફરીને વિશેષતાથી કહે છેઃ-

શ્લોકાર્થઃ- [आत्मा] આત્મા તો [सदा] સદા [आत्मभावान्] પોતાના ભાવોને [करोति] કરે છે અને [परः] પરદ્રવ્ય [परभावान्] પરના ભાવોને કરે છે; [हि] કારણ કે [आत्मनः भावाः] પોતાના ભાવો છે તે તો [आत्म एव] પોતે જ છે અને [परस्य ते] પરના ભાવો છે તે [परः एव] પર જ છે (એ નિયમ છે.). ૫૬.

## કળશ-૫૬ ઉપર પ્રવચન

'ફરીને વિશેષતાથી કહે છે :—' છેલ્લો કળશ કહે છે એનો.

(अनुष्टुभ्)

आत्मभावान्करोत्यात्मा परभावान्सदा परः।

आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते।।५६।।

‘**શ્લોકાર્થ :- આત્મા તો સદા પોતાના ભાવોને કરે છે...**’ આહા..હા..! ભગવાન આત્મા ભૂલે તોપણ એના ભૂલના ભાવને કરે છે, પરનું કાંઈ કરતો નથી. આહા..હા..! હવે આવા બધા માણસો હુશિયાર કહેવાય કેટલાક. કહેવાય કહું છું હોં! એ બધા કામ કરે નહિ? આહા..હા..! કેટલા કામ કરે લ્યો! મોટા કારખાના હલવે, મોટા ચોપડાના ચોપડા આમ લાંબા પડ્યા હોય, લખે, ફેરવે પાના આમ છે ને આમ છે. કેટલા કામ કરે! ... કેટલા ચોપડા ફેરવી નાખે લ્યો! એય..! ધીરૂભાઈ! શું કરતો હશે? આ તમારો છોકરો કરતો હશેને? આહા..હા..! ભાઈ! તેં શું કર્યું તને ખબર નથી. તારા હોવાપણામાં તું તારા ભાવને કર. છેને? ‘**સદા પોતાના ભાવોને કરે છે...**’ રાગ કરે, દ્વેષ કરે, પુણ્ય કરે, પાપ કરે, મિથ્યાત્વ કરે, એ પોતાની દશાને, ભાવને કરે.

‘**પરદ્રવ્ય પરના ભાવોને કરે છે;...**’ આ શરીર, વાણી, મન જડ એ એની દશાને કરે. એ આત્મા એની દશાને કરે? આહા..હા..! સમજાણું કાંઈ? પણ સંસ્કાર પડી ગયાને અનાદિના. શરીર તે હું અને શરીરનું બધું કરું. આહા..હા..! એવી પરદ્રવ્યની માન્યતા. દેશનું કરું, કુટુંબનું કરું, આખી દુનિયાને હું સુધારી દઉં. આહા..હા..! અરવિંદનું નહોતા લોકો કહેતા કે ઉપરથી સ્વર્ગ ઉતારશે એ તો. અરવિંદ, પોંડિચેરી. ધૂળેય નથી, શું કરે? સાંભળને. આહા..હા..! ભીખારા જીવો દુઃખમાં પડ્યા છે અને જાણે સુખની ઝાંવા નાખે ઝાંવા. અને એવા કોક મળી જાય તો આપણને ઓહો..હો..! સ્વર્ગ ઉતારી દેશે અહીં સુખી થઈ જશું. કહો, સુખી થવાના સગડવતાના સાધનો એ સુખી અજ્ઞાનીને. આહા..હા..!

સુખી તો પોતે ચિદાનંદ સુખરૂપ છે એની અંતર દૃષ્ટિ કરે અને સુખની દશાને પ્રગટ કરે તો એ સુખી થાય. બાકી બધા યોગી ને બાવા ને ત્યાગી એ બધા દુઃખી છે બિચારા. સમજાણું કાંઈ? દુનિયાનું કરી દઈએ તો દુનિયા રાજી થાય. આહા..! આપણે કરવું મટ્યું અને આપણને સગવડતા આપે લ્યો. આહા..હા..! જુઓને, આ પુનમચંદભાઈ મરી ગયા તો ત્રણ દિ' સુધી મડદું રાખ્યું કહે છે. ત્રણ કલાક, ત્રણ કલાક. ત્રણ કલાક રાખ્યું. કરોડપતિ માણસ હવે કેટલાય. હમણા તમારે મુંબઈ. સાંઈબાબાને ઓલું આપ્યું, શું કહેવાય તમારે? ફોન. કે હવે શું કરવું? એમ કે.. માન્યતા તો જુઓ મૂઢને. .. કરીએ તો કાંઈક કરી દેશે, કરી દેશે. મોટો પાસડા જેવો. ભાષણ કરતો... કરતો... કરતો... ઓફિસમાં પડી ગયો ફટ નીચે. શરીર પણ મોટું હતું. ૫૪ વર્ષની ઉંમર. કરોડોપતિ. છ ભાઈઓ. બાયડીને અને બીજાને એમ થઈ ગયું હશે હવે કાંઈક કરી દેશે ઓલો સાંઈબાબા. ત્રણ કલાકે સમાચાર આવ્યા કે

જે થતું હોય એનું કરો હવે. બાળી દ્યો હવે, કાંઈ ન મળે. કોણ રાખતો હતો? સાંભળને. ભ્રમણા.. ભ્રમણા. આહા..હા..! શરીરનું આત્મા કરે અને શરીરને જીવતો કરેને. એવા કોઈ બાવા-બાવા મળી જાય તો જીવતો કરે. ધૂળેય કરે નહિ સાંભળને. એનું શરીર છૂટશે ત્યારે આમ એં.. એં.. થઈને છૂટી જશે. એ ક્યાં શરીરનો ધણી અને સ્વામી છે?

**'પરદ્રવ્ય પરના ભાવોને કરે છે;...'** છેને? શરીર, વાણી, દેશ, કુટુંબ જે પરપદાર્થ છે એની દશા, એનું રહેવું, ટકવું અવસ્થાથી એ બધું એનાથી થાય છે. **'કારણ કે પોતાના ભાવો છે તે તો પોતે જ છે...'** લ્યો! અહીં તો રાગ, દ્વેષ અને વિકાર કરે એ તો આત્માની દશા અને આત્માના છે. પરથી જુદો પાડે છેને અહીં. સમજાણું કાંઈ? જે કાંઈ આત્માના સ્વભાવને ભૂલી અને મિથ્યા ભ્રમણા અને રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના ભાવ કરે છે એ ભાવ એ પોતાના છે અને એ પોતે જ છે ઈ. **'પોતાના ભાવો છે તે તો પોતે જ છે...'** ઓહો..હો..! એક બાજુ આવશે અંદર અર્થમાં કે એકકોર તમે રાગ-દ્વેષને જડના કહો અને એકકોર રાગ-દ્વેષ જીવના કહો. મેળ ક્યાં છે? સાંભળને હવે.

અહીં તો પુણ્ય અને પાપ અને ભ્રમણા તારી દશામાં તારાથી તારી સત્તામાં, તારા હોવાપણામાં તારાથી થાય છે. પરથી થતા નથી અને પરને એ ભાવ કાંઈ કરતો નથી. આહા..હા..! એ આત્માના **'પોતાના ભાવો છે તે તો પોતે જ છે અને પરના ભાવો છે તે પર જ છે (એ નિયમ છે.).'** આહા..હા..! શરીર, વાણી આદિ આ બધી અવસ્થાઓ. એ બધી પરભાવ છે, જડની છે.

---

## ગાથા-૮૭

मिच्छत्तं पुण दुविहं जीवमजीवं तहेव अण्णाणं।
अविरदि जोगो मोहो कोहादीया इमे भावा।।८७।।
मिथ्यात्वं पुनर्द्विविधं जीवोऽजीवस्तथैवाज्ञाम्।
अविरतिर्योगो मोहः क्रोधाद्या इमे भावाः।।८७।।

मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादयो हि भावाः ते तु प्रत्येकं मयूरमुकुरन्दवज्जीवजीवाभ्यां भाव्यमानत्वाज्जीवाजीवौ। तथा हि—यथा नीलहरितपीतादयो भावाः स्वद्रव्यस्वभावत्वेन

मयूरेण भाव्यमानाः मयूर एव, यथा य नीलहरितपीतादयो भावाः स्वच्छताविकारमात्रेण मुकुरन्देन भाव्यमाना मुकुरन्द एव, तथा मिथ्यादर्शनमज्ञानमविरति-रित्यादयो भावाः स्वद्रव्यस्वभावत्वेनाजीवेन भाव्यमाना अजीव एव, तथैव च मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादयो भावाश्चैतन्यविकारमात्रेण जीवेन भाव्यमान जीव एव।

(પરદ્રવ્યના કર્તાકર્મપણાની માન્યતાને અજ્ઞાન કહીને એમ કહ્યું કે જે એવું માને તે મિથ્યાદષ્ટિ છે; ત્યાં આશંકા ઊપજે છે કે-આ મિથ્યાત્વાદિ ભાવો શી વસ્તુ છે? જો તેમને જીવના પરિણામ કહેવામાં આવે તો પહેલાં રાગાદિ ભાવોને પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા તે કથન સાથે વિરોધ આવે છે; અને જો પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવે તો જેમની સાથે જીવને કાંઈ પ્રયોજન નથી તેમનું ફળ જીવ કેમ પામે? આ આશંકા દૂર કરવાને હવે ગાથા કહે છે:-)

મિથ્યાત્વ જીવ અજીવ દ્વિવિધ, એમ વળી અજ્ઞાન ને
અવિરમણ, યોગો, મોહ ને ક્રોધાદિ ઉભયપ્રકાર છે. ૮૭.

ગાથાર્થઃ- [पुनः] વળી, [मिथ्यात्वं] જે મિથ્યાત્વ કહ્યું તે [द्विविधं] બે પ્રકારે છે- [जीवः अजीवः] એક જીવમિથ્યાત્વ અને એક અજીવમિથ્યાત્વ; [तथा एव] અને એવી જ રીતે [अज्ञानम्] અજ્ઞાન, [अविरतिः] અવિરતિ, [योगः] યોગ, [मोहः] મોહ અને [क्रोधाद्याः] ક્રોધાદિ કષાયો- [इमे भावाः] આ (સર્વ) ભાવો જીવ અને અજીવના ભેદથી બબ્બે પ્રકારે છે.

ટીકાઃ- મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ જે ભાવો છે તે પ્રત્યેક, મયૂર અને દર્પણની જેમ, અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા હોવાથી અજીવ પણ છે અને જીવ પણ છે. તે દષ્ટાંતથી સમજાવવામાં આવે છેઃ- જેમ ઘેરો વાદળી, લીલો, પીળો આદિ (વર્ણરૂપ) ભાવો કે જેઓ મોરના પોતાના સ્વભાવથી મોર વડે ભાવવામાં આવે છે (-બનાવાય છે, થાય છે) તેઓ મોર જ છે અને (દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતા) ઘેરો વાદળી, લીલો, પીળો ઈત્યાદિ ભાવો કે જેઓ (દર્પણની) સ્વચ્છતાના વિકારમાત્રથી દર્પણ વડે ભાવવામાં આવે છે તેઓ દર્પણ જ છે; તેવી જ રીતે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ ભાવો કે જેઓ અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી અજીવ વડે ભાવવામાં આવે છે તેઓ અજીવ જ છે અને મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ ભાવો કે જેઓ ચૈતન્યના વિકારમાત્રથી જીવ વડે ભાવવામાં આવે છે તેઓ જીવ જ છે.

ભાવાર્થ :- પુદ્‌ગલના પરમાણુઓ પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિ કર્મરૂપે પરિણમે છે. તે કર્મનો

વિપાક (ઉદય) થતાં તેમાં જે મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે તે મિથ્યાત્વાદિ અજીવ છે; અને કર્મના નિમિત્તથી જીવ વિભાવરૂપ પરિણમે છે તે વિભાવ પરિણામો ચેતનના વિકાર છે તેથી તેઓ જીવ છે.

અહીં એમ જાણવું કેઃ- મિથ્યાત્વાદિ કર્મની પ્રકૃતિઓ છે તે પુદ્‌ગલદ્રવ્યના પરમાણુ છે. જીવ ઉપયોગસ્વરૂપ છે. તેના ઉપયોગની એવી સ્વચ્છતા છે કે પૌદ્‌ગલિક કર્મનો ઉદય થતાં તેના ઉદયનો જે સ્વાદ આવે તેના આકારે ઉપયોગ થઈ જાય છે. અજ્ઞાનીને અજ્ઞાનને લીધે તે સ્વાદનું અને ઉપયોગનું ભેદજ્ઞાન નથી તેથી તે સ્વાદને જ પોતાનો ભાવ જાણે છે. જયારે તેમનું ભેદજ્ઞાન થાય અર્થાત્ જીવભાવને જીવ જાણે અને અજીવભાવને અજીવ જાણે ત્યારે મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યગ્જ્ઞાન થાય છે.

## ગાથા-૮૭ ઉપર પ્રવચન

હવે પૂછે છે. ૮૭મી ગાથા લેતા પૂછે છે. '**(પરદ્રવ્યના કર્તાકર્મપણાની માન્યતાને અજ્ઞાન કહીને એમ કહ્યું...**' ભગવાન! ગુરુને શિષ્ય પૂછે છે કે શરીરનું કરું, કુટુંબનું કરી દઉં, નાતનું કરી દઉં, બાયડીનું કરી દઉં, બાઈ કહે છે કે પતિનું કરી દઉં, એવું બધું માને છે એ તો અજ્ઞાન આપે કહ્યું. '**કર્તાકર્મપણાની માન્યતાને અજ્ઞાન કહીને એમ કહ્યું કે જે એવું માને તે મિથ્યાદષ્ટિ છે; ત્યાં આશંકા ઉપજે છે...**' આશંકા હોં! શંકા નહિ. આશંકા એને કહીએ કે સમજણમાં આવ્યું નથી અને પૂછે છે એનું નામ આશંકા. પણ તમારું ખોટું છે એમ કરીને પૂછે એ શંકા. પણ તમે શું કહેવા માગો છો એ અમને સમજણમાં આવતું નથી. એવી આશંકા એને કહીએ. '**આશંકા ઊપજે છે કે—આ મિથ્યાત્વાદિ ભાવો શી વસ્તુ છે?**' આહા..હા..! ઊંધી માન્યતા, વિપરીત શ્રદ્ધા, પરનું કરું અને પરથી મારામાં કાંઈક મદદ મળે પરની તો હું કાંઈક આગળ વધું. એવી જે માન્યતા મિથ્યા ઊંધી એ ચીજ શું છે? સમજાય છે કાંઈ? આ બધા આફ્રિકામાં ગયા, લ્યો પૈસાવાળા થયા કે નહિ? ભગવાનજીભાઈ! અહીં હતા તો મહાજન હતા બધા સાધારણ. દેશમાં શું હતું એ ખબર નથી? ગામડામાં રહેતા. ત્યાં ગયા તો કરોડોપતિ, પચાસ લાખ ને ધૂળ લાખ ને. આહા..હા..!

મુમુક્ષુ :- દેશ મૂકીને બધા ભાગ્યા.

ઉત્તર :- ભાગ્યા હવે ત્યાં. ત્યાંથી પણ ભાગ્યા હવે. હાય.. હાય.. ધૂળેય પણ એ ચીજ ક્યાં તારી હતી તેં મેળવી અને તેં રાખી છે? આહા..હા..! અમે પૈસા રળ્યા અને

અમે મકાનો બનાવ્યા અને અમે બધી સંભાળથી વ્યવસ્થા, જગતના પદાર્થની વ્યવસ્થા—વિશેષે અવસ્થા, વિશેષ અવસ્થા એ વ્યવસ્થા, બધી હાલતોની બધી આમ દોર હાથમાં રાખીને કામ લીધું. પડાઈને ઉડાડવી હોય તો હાથમાં દોર રાખીએ અમે. એમ જગતના બધા કામ અમે કર્યા.

મુમુક્ષુ :- બધું પાણીમાં ગયું.

ઉત્તર :- કર્યું હતું કે દિ'? આહા..હા..! હવે તો કહે છેને એ દેશવાળા ત્રણ લૂગડા માંડ માંડ રાખીને કાઢી મૂકે છે. કરોડોપતિઓને મારતા અને કાઢ્યા ત્યાં આફ્રિકા દેશમાંથી. આહા..હા..! ધૂળેય નથી. એ બધી વાત તેં રાગ અને મિથ્યાશ્રદ્ધા કરી હતી. અરેરે! આવી મહેનતું ૪૦-૪૦ વર્ષ કરી અને હવે મફત જાય? તેં શું કર્યું હતું પણ? તેં તો રાગ અને દ્વેષ અને પુણ્ય અને પાપના ભાવ કર્યા હશે. એ ચીજો તો ત્યાં પડી રહી. આહા..હા..! ઓલા નાનજી કાળીદાસ અબજોપતિ ત્યાં. કાઢ્યા ત્યાંથી જાવ. કોણ કાઢે? એની અવસ્થા એ કાળે થવાની હતી એનાથી થાય છે. આહા..હા..!

કહે છે, એ મિથ્યાત્વ વિપરીત માન્યતા એ ભ્રમણાનું ભૂતડું ઈ છે શું? એ તે કોઈ આત્મામાં થાય છે? એ તે કોઈ જડમાં થાય છે? અને આત્મામાં થાય તો છે શું ઈ ચીજ? સ્વરૂપચંદભાઈ! બરાબર છે? એ મિથ્યાત્વ—મિથ્યાશ્રદ્ધા, મિથ્યા માન્યતા અને રાગ-દ્વેષભાવ એ ભાવો નામ એ પર્યાય શી વસ્તુ છે? શું એને તમે કહેવા માગો છો? '**જો તેમને જીવના પરિણામ કહેવામાં આવે...**' મિથ્યા માન્યતા અને પુણ્ય-પાપના ભાવ એ જીવના અવસ્થા અને જીવના પરિણામ કહેવામાં આવે '**તો પહેલાં રાગાદિ ભાવોને પુદ્ગલના પરિણામ કહ્યા હતા...**' પહેલા આવી ગયું છે ૭૫થી ૭૯માં. જેટલા પરિણામ આત્મામાં રાગ અને દ્વેષ ને મિથ્યાશ્રદ્ધા થાય એ બધા પુદ્ગલના પરિણામ છે, આત્માના નહિ. એમ આપે કહ્યું હતું.

મુમુક્ષુ :- યાદ રાખે છે ખરો.

ઉત્તર :- સાંભળનારો યાદ રાખે છે એટલું, પહેલા પછીનું.

એ પુણ્ય અને પાપના ભાવ અને પરનું કરું એવી મિથ્યા માન્યતા એને તો આપે પહેલા પુદ્ગલની દશા કીધી હતી પહેલાં. '**તે કથન સાથે વિરોધ આવે છે; અને જો પુદ્ગલના પરિણામ કહેવામાં આવે તો જેમની સાથે જીવને કાંઈ પ્રયોજન નથી...**' એ મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષ એ તો પુદ્ગલના પરિણામ આત્માને શું છે? તો તેનું ફળ જીવ કેમ ભોગવે? બે પૂછ્યું છે બે. આહા..હા..! મિથ્યાશ્રદ્ધા (અર્થાત્) પરમાં સુખ છે, શરીરમાં, જડમાં, પૈસામાં, આબરૂમાં, હજીરામાં. હજીરા એટલે આ મકાન મોટા. આહા..હા..! એવી માન્યતા એ તો મિથ્યાત્વ છે, ઉંધી માન્યતા. એ ઉંધી માન્યતાના પરિણામ છે કોના? જો તમે એને જીવના

કહો તો પહેલા પુદ્‌ગલના કહેવામાં આવ્યા છે. અને પુદ્‌ગલના જો પરિણામ હોય તો એની સાથે કાંઈ આત્માને સંબંધ નથી. તો રાગ-દ્વેષનું ફળ હરખ-શોક ભોગવવું પડે છે એ ભોગવવું પડે નહિ. ભોગવવું તો એને પડે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જુઓ, પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા એ વાત યાદ રાખી છે એણે.

ધવલમાં આવ્યું હતું હમણાં જયધવલમાં. કે ફરી વાર કહોને મહારાજ આ. કે એકવાર હમણા કહ્યું એ સાંભળ્યું નહિ તેં? ફરી વાર કહેવાનું તું માગે છો. સાંભળવાને લાયક નથી. એમ કહ્યું. હમણાં જ કીધું છે કે અનંત. આંકડા વિના કહ્યું. આગળ.. હમણા તને વાત કરી છે એ તને ખ્યાલમાં રહી નહિ અને તે જ કાળે બીજું પૂછે છે કે આ શું કહ્યું? અમને ખબર પડતી નથી. તો એ વાતને યાદ કરવાને ક્ષણ પણ લાગી નહિ તને યાદ કરવા? સાંભળવાને લાયક નથી. તને સાંભળવાનો પ્રેમ નથી એમ કહ્યું. એવું કહ્યું છે હોં. એવો લેખ છે. બતાવ્યો હતોને. એય..! અધ્યાત્મની વાત એવા જીવોને સાંભળવા લાયક નથી. એમ કહ્યું એય..! શાંતિભાઈ! જેને ગરજ નથી. આ શું કહે છે આ વાત આ તે? કાંઈ નવરા છે એ? અમને જે વિકલ્પથી વાત આવી તને કહીએ અને ખ્યાલમાં તું ન લે તરત ને તરત હોં ક્ષણમાં, સાંભળવાને લાયક નથી. આણે ધ્યાનમાં લીધી છે વાત. મહારાજ! તમે પહેલા કહેતા આવ્યા હતાને કે મિથ્યાશ્રદ્ધા, પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ ભાવ એ બધા જડના છે. એમ આપે કહ્યું હતું. અને જો જડના હોય તો એના ફળને જીવને ભોગવવું એમ ક્યાંથી આવે?

'**આ આશંકા દૂર કરવાને હવે ગાથા કહે છે :—**' સમજાણું કાંઈ? પહેલા જે પુદ્‌ગલના કહ્યા હતા એ તો જીવનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય આનંદઘન છે એવું ભાન થતાં એ પરિણામ જીવના નથી. એમ એને ભિન્ન કરવાને માટે કહ્યા હતા અને અત્યારે જે કહ્યું કે એ પરિણામ એના એ તો એની અવસ્થામાં થાય છે માટે એના એમ કહીએ છીએ. સમજાણું કાંઈ? આહા..હા..! ૭૫ (ગાથાનું) પૂછ્યું હતું સોમચંદભાઈએ તે દિ' ૯૯માં. કે આ વિકાર ખરેખર પુદ્‌ગલના છે? ઓલું ૭૫માં આવ્યોને પહેલો શબ્દ? નિશ્ચયથી શબ્દ આવ્યો. સોમચંદભાઈ. કેવા? સોમચંદ કરમશી? કરમચંદ શાહ. ખારા હતાને. એણે પૂછ્યું હતું. આખા જામનગરના રેવન્યુ અધિકારી હતા. ખરેખર એના છે. કઈ અપેક્ષાએ? ત્રિકાળ વસ્તુ ભગવાન આનંદકંદમાં એ રાગ-દ્વેષ છે નહિ. એ માટે એવું જેને ભાન થયું, એવી જેને દૃષ્ટિ થઈ એ પરથી જુદો પડ્યો માટે એ પરના છે એમ કીધું છે. નિશ્ચયથી પરના છે. અને વ્યવહારે એની પર્યાય તો એનામાં થાય છે. અજ્ઞાન અને રાગ-દ્વેષ કાંઈ જડમાં થાય અને જડથી થાય એમ છે નહિ, એ તો એનામાં થાય છે. એ પોતે કરે તો થાય છે. એથી એ એના છે. પર્યાયદૃષ્ટિમાં એના છે, દ્રવ્યદૃષ્ટિમાં એના નથી. હરિભાઈ! જુઓ, ૮૭. આવી વાત.

ઘડીકમાં આ અને ઘડીકમાં લ્યો!

मिच्छत्तं पुण दुविहं जीवमजीवं तहेव अण्णाणं।
अविरदि जोगो मोहो कोहादीया इमे भावा।।८७।।

નીચે.

**મિથ્યાત્વ જીવ અજીવ દ્વિવિધ, એમ વળી અજ્ઞાન ને**
**અવિરમણ, યોગો, મોહ ને ક્રોધાદિ ઉભયપ્રકાર છે. ૮૭.**

આહા..હા..! 'ટીકા :- **મિથ્યાદર્શન,...**' ઉંધી માન્યતા, વિપરીત શ્રદ્ધા, અજ્ઞાનસ્વરૂપનું અજાણપણું અને 'અવિરતિ...' એટલે અસ્થિરતા. રાગનો ત્યાગ નહિ અને રાગની આસક્તિનો ભાવ એ '**અવિરતિ ઈત્યાદિ જે ભાવો છે તે પ્રત્યેક, મયૂર અને દર્પણની જેમ, અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા હોવાથી અજીવ પણ છે અને જીવ પણ છે.**' એકલે ન સમજાય એ કાંઈ વાંચ્યે. કહે છે, એક મોર છે અને એક કોર દર્પણ છે. મોર જે છે એ જીવતો મોર છે એ તો એમાં છે. એ અહીં જીવ છે એ નથી લેવું. એ અજીવ છે. અને દર્પણમાં જે મોર દેખાય છે એ દર્પણની અવસ્થા છે. મોરની અવસ્થા જે બહાર છે, મોર ઉભો છે ઈ, ઈ મોરની અવસ્થા તે અજીવની એટલે પર છે. અને દર્પણમાં જે મોર દેખાય છે એ આ મોર નથી ત્યાં, એ દર્પણની અવસ્થા છે.

બહારમાં અગ્નિ પડી હોય. દર્પણમાં અગ્નિ દેખાય આમ ઝળહળ આમ. અગ્નિ છે ત્યાં? (અગ્નિમાં) આમ હાથ કરે તો દાઝે અને આમાં (દર્પણમાં) હાથ કરે દાઝે? ત્યાં અગ્નિ છે? એ તો અરીસાની અવસ્થા છે. જ્યાં આમ ઝળહળ અગ્નિ દેખાય એ તો અરીસાની પર્યાય છે. બરફ અહીં પડ્યો હોય સામે. ઓગળવા માંડે તો અહીં અંદર ઓગળવા માંડે એમ દેખાય. બરફ છે ત્યાં? બરફ તો અહીં રહ્યો. એ તો અરીસાની એક અવસ્થા છે, હાલત છે. એ અરીસાની હાલત અરીસાથી થયેલી છે. આહા..હા..! અરીસામાં મોર જે દેખાય છે એ અરીસાથી થયેલી છે, મોરથી થયેલી નથી. તેમ મોર જે છે એ અરીસાની અવસ્થા છે એનાથી મોર થયો નથી. વાત તો ચોખ્ખી છે. સામે આમ કેરી, જાંબું પડ્યા હોય, નાળિયેર પડ્યા હોય. અરીસામાં એવું દેખાય બરાબર. એ શું છે અરીસામાં? નાળિયેર અને કેરી છે અંદર? નાળિયેર કેરી તો ક્યાં બહાર રહ્યા, ત્યાં છે. એ તો અરીસો સ્વચ્છ છે એની એ દશા છે, એની એક હાલત છે. એ અરિસાની હાલત અરીસામાં અરીસાથી થયેલી છે.

આમાં પણ વાંધા હતા ભાઈ બધાને. જુઓ, મોરને લઈને આ થયું. ધૂળેય થયું નથી સાંભળને. તો એ વખતે મોરની છાયા કેમ દેખાય? ત્યાં પાડો કેમ ન દેખાય એ ઠેકાણે? પણ મોરની છાયા જ ક્યાં છે ત્યાં? સાંભળ તો ખરો. મોર ઉભો છે આમ. આ અરીસામાં નથી કરતા ચકલા? ચાંચ મારે. સામે દેખાયને ચકલુ. ઉંચું ઉડે તો ત્યાં પણ ઉંચું થાય આમ.

પણ ઈ તો અરિસાની અવસ્થા છે. ત્યાં ક્યાં ચકલું હતું અંદર? ચકલા હોય છેને અરીસામાં? પહેલો નીચે બેસે તો લાગે કાચમાં. ઉંચું ચડે તો ઓલું પણ ઉંચું ચડે. પણ એ તો અરીસાની અવસ્થા ત્યાં થાય છે. એ તો જડની અવસ્થા છે. ચકલો છે ત્યાં? ભારે!

એમ ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ છે પ્રકાશનો અરીસો છે શીશો. એમાં કર્મનું નિમિત્ત જે છે જડ એ તો જડ છે, ભિન્ન છે અને અહીંયાં થતી રાગ ને દ્વેષ ને મિથ્યાશ્રદ્ધાની અવસ્થા એ જીવની જીવમાં છે. જીવની કરેલી જીવમાં છે. એ કર્મની કરેલી જીવમાં છે એમ નથી. આહા..હા..! ન્યાયથી તો સમજાય એવું છે પણ હવે... હરિભાઈ! સમજાય એવું છે કે નહિ? આ તો ન્યાયથી તો સમજાય એવું છે. લોજિકથી તો વાત ચાલે છે. આહા..હા..! શું કીધું અંદર? જુઓ.

મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા અવિરતિ અને મિથ્યા દર્શનમોહનો ઉદય મિથ્યાત્વ અને અજ્ઞાન, જ્ઞાનાવરણીયનો ઉદય અને અવિરતિ-ચારિત્રમોહનો ઉદય એ બે જે ભાવો કહ્યા તે પ્રત્યેક એક-એક '**મયૂર અને દર્પણની જેમ,...**' મોર અને દર્પણની જેમ '**અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા...**' ભાષા દેખો. મોર જે છે એ મોરથી થયેલો છે મોર. એ કાંઈ અરીસાને લઈને મોર છે એમ છે નહિ. એમ અરીસામાં જે મોર દેખાય છે એ મોર નથી. અરીસાની એ અવસ્થા છે. ભારે! લઈ લ્યો લો. લાલ કપડું આમ રાખીએ તો ત્યાં લાલ દેખાય. લઈ લ્યો જોઈ લાલ કપડું દેખાશે હવે લાલ? કોણ લે સાંભળને હવે. એ મૂર્ખાઈની માટે તો વાત કરે છે. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્ય અરીસો જ્ઞાનપ્રકાશનો પુંજ પ્રભુ એ કર્મના નિમિત્તમાં જ્યારે દર્શનમોહનો ઉદય હોય એ જડ છે, એ જડની ભાવનાથી ભાવ થયેલો છે. એ કર્મના પર્યાયથી થયેલો ભાવ એ જડનો છે અને આત્મા જે મિથ્યાશ્રદ્ધા કરે કે પુણ્યથી ધર્મ થાય, પરના કામ કરી શકું, પરથી મને મદદ મળે, હું પરને મદદ કરું એવી જે મિથ્યા ભ્રાંતિ એ જીવની કરેલી જીવની અવસ્થા છે. આહા..હા..! શાંતિભાઈ! કહો, આ તો સમજાય એવું છે. આ કાંઈ (એવું કઠણ નથી). ભારે ભ્રમ ભાઈ!

એ '**અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા...**' ભાષા એમ છેને? મોર છે તે મોરના ભાવથી તે રહેલો છે અને અરીસામાં જે મોરની છાયા દેખાય છે એ મોરની નથી. એ અરીસાની ભાવના એટલે એના પરિણમનથી થયેલી દશા છે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? '**તે દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :— જેમ ઘેરો વાદળી, લીલો, પીળો આદિ (વર્ણરૂપ) ભાવો કે જેઓ મોરના પોતાના સ્વભાવથી...**' મોરના એના પીંછા હોય છેને. ઘેરો વાદળી રંગ, લીલો અને પીળો એ '**ભાવો કે જેઓ મોરના પોતાના સ્વભાવથી મોર વડે ભાવવામાં આવે છે...**' મોર વડે તે અવસ્થા થાય છે એમ કહે

છે. મોરની મોર વડે અવસ્થા થયેલી છે. અરીસા વડે થયેલી છે એમ નહિ. '**(-બનાવાય છે, થાય છે) તેઓ મોર જ છે...**' એ તો મોર જ છે.

'**(દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતા)...**' અરીસામાં, એ બિંબ છે એનું પ્રતિબિંબ અરીસામાં દેખાય એને પ્રતિબિંબ, પ્રતિબિંબ. સામી ચીજ છે એવું અહીં દેખાય. જે '**(દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતા) ઘેરો વાદળી,...**' રંગ અંદર દેખાય. '**લીલો, પીળો ઈત્યાદિ ભાવો કે જેઓ (દર્પણની) સ્વચ્છતાના વિકારમાત્રથી...**' આહા..હા..! એ તો અરીસાની સ્વચ્છતાની વિકૃતિ અવસ્થા છે, એ મોરની અવસ્થા નથી, મોરથી થયેલી નથી. ત્યાં મોર છે માટે આવો રંગ અહીં દેખાય છે એમ છે નહિ. આહા..હા..! ભારે વાતું ભાઈ! આવી વાતું તો આ બધા વકીલો ને એવા સમજતા હશેને, આ વેપારી નહિ સમજી શકે એમ છે?

મુમુક્ષુ :- વેપારી તો વકીલને વહેંચી આવે.

ઉત્તર :- નહિ, કેટલાક એમ કહે આવો ન્યાયનો વિષય એ તો વેપારી ન જાણી શકે. ભાઈ! આત્મા વેપારી જ છે બધાય, સાંભળને. પોતાની પર્યાયનો વેપાર કરે એ વેપારી. આહા..હા..! સમજાણું કાંઈ? એક ફેરી કીધું ભાઈ વેપારી એટલે? ભાઈ! વેપારી એટલે એમ ન સમજવું કે વાણિયા જ વેપારી. ખોજા અને મુસલમાન કરે એ પણ વેપારી કહેવાય. ખાલી વાણિયા જ વેપારી કહેવાય એમ કાંઈક કહે છે ને? નવનીતભાઈ! જે વેપાર કરે એ વેપારી. પછી મુસલમાન અને ખોજો હોય એ પણ વેપારી જ કહેવાય. કાંઈ વાણિયો એ જ વેપારી એમ છે કાંઈ? વેપાર કરે એ વેપારી. એમ મોરનો વેપાર જે બહાર ઉભો છે એ મોરે કર્યો છે. અને જે અરીસામાં દેખાય છે લાલ વાદળી આદિ એ અરિસાની અવસ્થાથી થયેલી દશા છે. અરીસાની સ્વચ્છતાનું વિકૃત રૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને એ '**(દર્પણની) સ્વચ્છતાના વિકારમાત્રથી દર્પણ વડે ભાવવામાં આવે છે...**' આહા..હા..! કેવી-કેવી દલીલ આપી છે! બે સાથે છેને? સાથે હોય તો શું છે? મોર વડે મોરની દશા અને દર્પણ વડે દર્પણની દશા. મોર વડે દશા અરીસામાં છે, બિલકુલ જૂઠ છે. એવી દૃષ્ટિ અને જોનારો મોટો જૂઠો છે. કહો, સમજાણું કાંઈ? મોર ત્યાં ન હોય તો અહીં મોર દેખાશે? માટે કાંઈક મોરનો કોઈ દોકડો ખરો કે નહિ અરીસામાં? એક, બે, ચાર દોકડા. ૨૫ દોકડા એના રાખો અને ૭૫ દોકડા અરીસાના રાખો.

મુમુક્ષુ :- ૫૦-૫૦ રાખોને.

ઉત્તર :- ૫૦-૫૦ કરીએ. એક પંડિત આવ્યો હતો તે કહે ૫૦-૫૦ દોકડા રાખો બેના. અમારે વળી દામોદર શેઠ કહે કે મહારાજ! તમે બહુ પુરુષાર્થની વાત કરો છો, પણ એમ રાખો ૫૧ દોકડા પુરુષાર્થના અને ૪૯ દોકડા કર્મના. એમ કહેતા હતા. કર્મ-કર્મ બહુ હતા દામોદર શેઠ. ગૃહસ્થ હતાને તે દિ' તો અહીં. બધા પૈસાવાળા નહોતા કોઈ, આ તો અત્યારે

હવે પૈસા (થયા). તે દિ' પૈસા ઘણા દસ લાખની મૂડી ૪૦ હજારની ઉપજ. મોટો પૈસાવાળો કહેવાય, ભાઈ! દામનગર. પુરુષાર્થની વાત કરીએ કે આત્માથી વિકાર થાય અને એ વિકાર પુરુષાર્થથી ટળે. પરની કોઈ જરૂર છે નહિ. કે ના, એવું નહિ. કર્મથી કાંઈક લ્યો કર્મથી. બહુ તો ૪૯ દોકડા કર્મના અને ૫૧ દોકડા પુરુષાર્થના. પણ કાંઈક દોકડા રાખો. દોકડા સમજ્યાને? હિસ્સો. કાંઈક હિસ્સો રાખો થોડો. સોએ સો ટકા હિસ્સો રાખીએને કીધું. જડનો જડનો હિસ્સો અને આત્માનો આત્માનો હિસ્સો. આ તો અમારે પચાસ વર્ષથી વાતું ચાલે છે. સમજાણું કાંઈ? એ બધી વાતું સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબરમાં એ જ ચાલે છે. એય..!

એ અહીં કહે છે જુઓ, એકવાર શાંત થા. ધીરો થઈને દૃષ્ટાંતને તો નક્કી કર. સમજાણું કાંઈ? કે એક કોર મોર છે અને એક કોર મોરની અંદર આકૃતિ દેખાય. ઘેરો વાદળી, લાલ, લીલો. એના પીંછા હોયને પીંછા લ્યોને. જ્યારે મોર કળા ખીલવે છેને ત્યારે પીંછા આમ હોય છેને. એમાં એવું દેખાય લ્યો! એવું છે એ અંદર. એક સમય છે. આ આવ્યો અને થયું એમ છે? એ વખતે અરીસાની અવસ્થા પોતાથી તે પ્રકારે થઈ છે. મોર મોર જ તે કાળે પોતાની અવસ્થાથી ત્યાં ઉભો છે. આહા..હા..! ભારે! કહો, હવે આવા દૃષ્ટાંત સાદા દઈને તો આચાર્ય સમજાવે છે જગતને. તોપણ કાઢે-કાઢે ને કર્મનું કાઢે અંદરથી. કર્મ હેરાન કરે અને આકરા કર્મનો ઉદય આવે એટલે વિકાર કરવો જ પડે. ઠીક! પણ આ કર્મનો ઉદય અને વિકાર તો એક સમયે બે એક સાથે થાય છે. પછી પહેલા છે? મોર પહેલા અને પછી અંદર આકૃતિ અરીસાની એમ છે? એ તો એક સમય છે બેય. મોર મોરને લઈને અહીં છાયા પડે જે અંદર એ અરીસાની અવસ્થા એ અરીસાને લઈને છે. મોરને લઈને એકેય દોકડો નહિ. હિસ્સો-હિસ્સો, આ ભાગીદાર રાખેને થોડા? ભાઈ! ચાર આના તમારા અને બાર આના મારા. એમ કરે છે કે નહિ આ? બે-પાંચ લાખ રૂપિયા આપીશું તમને. એમાં બાર આના મારા અને ચાર આના તમારા. આ બહુ ઝાઝા પૈસા હોય તો નાખવા ક્યાં? પછી નાખે છેને ક્યાંક ગરીબ માણસને આપે. જાવ! વ્યાજનો દર આટલો આપજો, પેદા થાય એનો અડધો ભાગ મારો. વ્યાજ આટલું અને વળી (હિસ્સો).

એમ અહીં હિસ્સો હશે કાંઈ? મોરને લઈને એમાં લીલી ઝાંય દેખાય એમાં કાંઈ હિસો મોરનો ખરો? એમ આત્મામાં વિકાર કરે જીવ ત્યારે સામે કર્મનો ઉદય છે એનો કાંઈ હિસ્સો આમાં ખરો? આહા..હા..! કેમ હશે? પ્રવિણભાઈ! થોડો-થોડો હિસ્સો નહિ હોય? એ વખતે મોર લઈ લ્યો જોઈ. મોરની છાંયા રહેશે એમાં? તો મોરનું કાંઈક... કાંઈક... કાંઈક કર્તાપણું ખરું કે નહિ? અરે..! ભાઈ! તને ભ્રમ પડી ગયો છે. મોર લઈ લઈએ તો મોર ન દેખાય. પણ લે કોણ અને મૂકે કોણ? મોર જ્યારે ન હોય ત્યારે અરીસાની નિર્મળ અવસ્થા પોતાથી

છે અને મોર હોય તે જ સમયે પોતાની અવસ્થા તેની પોતાથી છે. આહા..હા..! અવસ્થા એકરૂપ હોય? એકરૂપ રહે દ્રવ્ય? એ તો આવી ગયું છે આપણે. વસ્તુ એકરૂપ ન રહે. પહેલા અરીસો નિર્મળ હતો. મોર આવ્યો તો એવું થયું, કાગડો અહીં આવે તો એવું થાય, કોયલ આવે એવું તો થાય, જુઓ! એ અવસ્થા પોતાને કારણે નથી. પરને કારણે બિલકુલ નથી. આ ભારે! હજી તો આ અજ્ઞાન સ્વતંત્ર (થાય છે) એ સમજવું એને કઠણ પડે. સમજાણું કાંઈ? રતનચંદજી જ્યાં હોય ત્યાં એ નાખે. જ્યાં જરીક વાત આવી એટલે એ કર્મને લઈને આ રખડ્યો.

તમારા અહીં અમે ગયા હતા ત્યાં એ થયુંને? ૨૦૦૬ની સાલમાં, રામવિજય. ૨૦૦૬ સાલ. રામવિજય છેને? અમે પાલિતાણે ગયા હતા. માણસ ૭૦૦-૮૦૦ સાથે હતું. એની સભામાં ૨૦૦ માણસ અને અહીં ૧૦૦૦ માણસ. સાંખી શક્યા નહિ. બિલકુલ તમે કહો છો કે પોતાથી ભૂલ કરે અને ભૂલથી રખડે એમ નહિ. કર્મથી રખડે એમ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર કહે છે. એય..! ૨૦૦૬ની સાલની વાત છે. ૨૨ વર્ષ થયા. કીધું હરામ છે પરને લઈને રખડે એ વાત. ત્રિલોકનાથ પરમોપકારી પરમાત્મા ભગવાન આમ કહે છે. રામવિજયે કહ્યું. કર્મને લઈને એ ચાર ગતિમાં રખડે છે. કીધું, હરામ હોય તો એ વાત. પોતાની ભૂલને લઈને ચોર્યાશીમાં રખડે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

હજી એટલી પણ સ્વતંત્રતાની શ્રદ્ધાની ખબર ન મળે એને રાગરહિત ભગવાન ત્રણલોકનો નાથ ચિદાનંદ બિરાજે છે એની શ્રદ્ધા એને કેમ થાય? પર્યાયની અવસ્થાની સ્વતંત્રતા પણ પોતાથી થાય છે, પરને લઈને બિલકુલ નહિ. એ અરીસામાં રંગ ઉપર દેખાય છે એ પર્યાયના ષટ્કારકોથી એની પર્યાયનું પરિણમન છે. એ લાલ, લીલો દેખાય છે એ અરીસાની પર્યાય છે. એ પર્યાયનો કર્તા પર્યાય છે. પર્યાયનું કાર્ય પર્યાયથી થયું છે. પર્યાયનું સાધન પર્યાયથી છે. એ નહિ. (બાહ્ય ચીજ નહિ) પર્યાયનું થઈને રહેવું એ પર્યાયથી છે, પર્યાયથી પર્યાય થઈ છે, પર્યાયને આધારે પર્યાય થઈ છે. આહા..હા..! છ કારક છે. કહો, સમજાણું કાંઈ? હજી પ્રગટ અવસ્થા વિકારની પણ સ્વતંત્રતાની જેને શ્રદ્ધા નથી અને કાંઈક કર્મનો દોકડો રાખો. ધૂળેય નથી સાંભળને. આહા..હા..! સમજાય છે કાંઈ? જેને વિકારના ભાવ પણ મારાથી સ્વતંત્ર (થાય છે), તે પણ ખરેખર તો એ વિકાર દ્રવ્ય-ગુણથી પણ નહિ. નિમિત્તથી તો નહિ, પણ એના દ્રવ્ય-ગુણથી નહિ. દ્રવ્ય-ગુણ અવિનાશી ધ્રુવ છે ત્રિકાળ. પલટતી અવસ્થાના ષટ્કારકે તે વિકાર દેખાય છે. વાત ઈ છે.

'**(દર્પણની) સ્વચ્છતાના વિકારમાત્રથી દર્પણ વડે ભાવવામાં આવે છે તેઓ દર્પણ જ છે;...**' એ દૃષ્ટાંત થયો હજી તો. '**તેવી જ રીતે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ ભાવો કે જેઓ અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી અજીવ વડે**

**ભાવવામાં આવે છે...**' સામે કર્મનો ઉદય. મિથ્યાદર્શન મોહ એ કર્મનો ઉદય. અજ્ઞાન-જ્ઞાનાવરણીયનો ઉદય. અવિરતી-અસ્થિરતા. એ ભાવો જેઓ અજીવના. સામે હોં. સામા. સામા જે છેને જડમાં? પુદ્‌ગલમાં એ અવિરતભાવ ચારિત્રમોહનો ભાવ એ અજીવના પોતાના છે ઈ. '**અજીવ વડે ભાવવામાં આવે છે...**' આહા..હા..! એ કર્મની જડ પર્યાય વડે થવામાં આવતા '**તેઓ અજીવ જ છે અને મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ ભાવો કે જેઓ ચૈતન્યના વિકારમાત્રથી જીવ વડે ભાવવામાં આવે છે તેઓ જીવ જ છે.**' કહો, સમજાણું કાંઈ? આત્મામાં, પરમાં સુખ છે, પુણ્યથી ધર્મ થાય છે, પરને હું મદદ કરી શકું છું એવી જે મિથ્યાશ્રદ્ધા જીવ વડે ભાવવામાં આવવાથી જીવની થઈ છે. ભારે વાત ભાઈ!

એક કોર ૭૫માં કહે કે કર્મ વ્યાપક થઈને વિકારી વ્યાપ્ય અવસ્થા એની છે. એ તો જુદી વાત છે. એ તો વસ્તુ જે અખંડ આનંદમૂર્તિ પ્રભુ એવી જ્યાં દૃષ્ટિ થઈ એથી એ વસ્તુનો સ્વભાવ કર્મની વ્યાપ્ય અવસ્થાને કરે એવું છે નહિ. સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ જ્યાં દ્રવ્યસ્વભાવ ઉપર પડી એથી દ્રવ્યસ્વભાવ તો પોતાના નિર્મળ પર્યાયનું વ્યાપ્ય અને નિર્મળ એનો આત્મા કર્તા. એમ કરીને વિકારના પરિણામનો પર્યાય તે જડનો છે એના ચૈતન્યના ગુણની એ અવસ્થા નથી. એમ કહીને કાઢી નખાવા એની કહી. કાઢી નાખી છે એને. સમજાણું કાંઈ? અને જેણે કાઢેલ નથી અને જેણે માની જ છે કે આ મારી, એ તો એની જ છે. આહા..હા..! હવે આવું બધું સમજ્યા વિના... ધર્મ કરવો છે કે નહિ? રાતે ગોળ ખાય તો ગળ્યો ન લાગે?

મુમુક્ષુ :- ગોળનો ગોળ કે છાણાનો ગોર?

ઉત્તર :- ગોળ તો ગોળ હોય. આ સંધુ કહે છેને બાયું અગ્નિ. ત્યારે એને ગોળ કહે છે ભુક્કો છાણાનો. છાણાનો ભુક્કો અગ્નિ પકડી શકેને. આખું છાણું મૂકે તો અગ્નિ પકડી શકે નહિ તો એનો ગોળ કરે, ભુક્કો કરે એટલે ભુક્કામાં અગ્નિ પેસી શકે આમ. હવે એ ગોર કહે છે કે ગોળ છે એના ભાન વિના? છાણું આવ્યું તો કહે ગોળ છે. આહા..હા..!

મુમુક્ષુ :- તાપણું ગોળ હોય એનું.

ઉત્તર :- એ તો ગોળ વળી. આ તો ગોળ. આ તો ગોળ. સ્વાદમાં ફેર છે. ગોળ અને ગોળ. શબ્દ એનો એ છે, પણ ફેર છે. સમજાણું કાંઈ?

એમ ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ એની વાણીમાં એમ આવ્યું એ સંતો પોકાર કરીને કહે છે. અરે! આત્મા તારી વર્તમાન દશામાં મિથ્યાશ્રદ્ધા થાય, રાગ-દ્વેષ થાય, વિષય વાસના થાય એ તારા ભાવથી થયેલી છે. પરના કારણે બિલકુલ નહિ, બિલકુલ નહિ. પરથી નહિ અને તારાથી છે એ અનેકાંત છે. અનેકાંત એમ કરે કે ભાઈ મારાથી થોડી થાય અને થોડી

પરથી થાય. એવું અનેકાંત રાખો. સમજાણું? અમરચંદભાઈ! એમ અનેકાંત કહે છેને? એમ એકાંત થઈ જશે. આત્મા જ કરે છે એમાં એકાંત થઈ જશે. થોડું આત્મા કરે અને થોડું જડ કરે તો અનેકાંત થાશે. એ કહે છે તારું અનેકાંત ફુદડીવાદ થયું એ તો. રાગ અને દ્વેષ અને મિથ્યાશ્રદ્ધા તું પોતે જાતે કરે છો. પરને લઈને બિલકુલ નહિ એનું નામ અનેકાંત કહેવામાં આવે છે. ધીરૂભાઈ!

**'વિકારમાત્રથી જીવ વડે ભાવવામાં આવે છે...'** ભાષા દેખોને. જીવની પર્યાય વડે થયેલી દશા છે અને એની ભાવના છે માટે એને જીવ કહેવામાં આવે છે. એવું જે સમજે પછી એ વિકારની રુચિ છોડીને ત્રિકાળની દૃષ્ટિ કરે તો એને સમ્યગ્દર્શન થાય. પણ પહેલી જેની શ્રદ્ધામાં જ વાંધા. હજી વિકાર કો'કના, એને તો અંદર ઉતરવાની દૃષ્ટિની યોગ્યતા છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૭, શનિવાર, તા. ૨૮-૧૦-૧૯૭૨
## ગાથા-૮૭, પ્રવચન-૨૦૫

**'ભાવાર્થ :- પુદ્ગલના પરમાણુઓ પૌદ્ગલિક મિથ્યાત્વાદિ કર્મરૂપે પરિણમે છે. તે કર્મનો વિપાક (ઉદય) થતાં તેમાં જે મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે તે મિથ્યાત્વાદિ અજીવ છે;...'** શું કહે છે? કે જે રજકણ કર્મ છેને પરમાણુ કર્મ? એ પૌદ્ગલિક કર્મો દર્શનમોહના મિથ્યાત્વપણે, ચારિત્રમોહના પરિણામપણે જે કર્મરૂપી અવસ્થા થાય જડમાં એ કર્મનો વિપાક થતાં, એનો પાક થતાં તેમાં જે મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય કર્મનો અનુભાગ, જરી ઝીણી વાત છે, કર્મનો અનુભાગ-પાક એ થાય અંદર એ સ્વાદ, મિથ્યાત્વ તે અજીવ છે. આત્મામાં, હવે અહીંયાં આત્મામાં કહે છે કે કર્મ જે અંદર ચીજ છે બીજી જડ અને એ કર્મ પોતે જ અકર્મરૂપે પહેલા હતા અને કર્મરૂપની અવસ્થાના પરિણામ પર્યાયરૂપે પરિણમ્યા. એ કર્મનો પાક આવતા—ઉદય આવતા એ કર્મનો સ્વાદ, અનુભાગનો સ્વાદ જડમાં

ઉત્પન્ન થાય છે. ઝીણી વાત છે. આમાં તો અભ્યાસ હોય તો બેસે એવી વાત છે આ. સમજાણું કાંઈ?

'**તે મિથ્યાત્વાદિ અજીવ છે;...**' એ તો જડની અજીવ અવસ્થા છે. અરીસાનો દૃષ્ટાંત તો લીધો હતોને અરીસાનો? અરીસામાં જે ઝાંય દેખાય છે એ તો અરીસાની છે. પણ સામી ચીજ જે છે મોર એ પરચીજ છે. મોર પોતે પોતાના રજકણથી એનું શરીર એવું પરિણમ્યું છે. અને અરીસામાં જે દેખાય છે એ મોર નહિ, એ તો અરીસાની સ્વચ્છતાની વિકૃત અવસ્થા છે. એમ કર્મના પરમાણુઓ કર્મપણે જ્યારે પરિણમે છે એમાં એનો અનુભાગ થાય છે. પ્રકૃતિ, સ્થિતિ ચાર ભાગ છેને? પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ. એનો રસ કર્મમાં અનુભાગ પડે છે. એનો ઉદય આવતા એનો સ્વાદ કર્મનો જે જડ છે એ તો અજીવ છે અને કર્મના નિમિત્તથી, એ કર્મનું નિમિત્ત છે, જીવ વિભાવરૂપે પરિણમે છે, વિકારરૂપે મિથ્યાશ્રદ્ધારૂપે, રાગ-દ્વેષરૂપે, સંકલ્પ-વિકલ્પની વિકારી પર્યાયપણે પરિણમે છે. તે વિભાવ પરિણામો ચૈતન્યના વિકાર છે. સમજાય છે?

જેમ અરીસાનો દૃષ્ટાંત લીધોને અરીસાનો? એ અરીસો સ્વચ્છ છે એમાં જે મોર તરફના નિમિત્ત અને એ અરીસો એનું પ્રતિબિંબ એ છે. એનું પ્રતિબિંબ અહીંયા (છે). એટલે કે અરીસાની દશા. અરીસામાં થયેલી, અરીસાની સત્તામાં થયેલી, અરીસાની હયાતીમાં થયેલી અને રહેલી એ અરીસાની દશા છે, એ મોરની નહિ. અને મોરની દશા છે તે આ અરીસાની દશા નહિ. એમ કર્મનો પાક થતાં એમાં જડનો સ્વાદ, અનુભાગ એ જડની દશા છે. અને ચૈતન્યને એ નિમિત્ત તરફના વલણમાં વિકારી ભાવ જે પુણ્ય અને પાપ, દયા, દાન, વાસના, વિષયભોગ વાસના આદિ એ પર્યાય ચૈતન્યની અવસ્થામાં થાય છે. એ ચૈતન્યની અસ્તિમાં, ચૈતન્યની હયાતીમાં થાય છે. એ કર્મની હયાતીમાં નહિ અને કર્મની હયાતીને લઈને નહિ. ભારે ભાઈ! સમજાણું કાંઈ?

(તારામાં) ઊંધાઈ થાય છે એ પણ તારાથી થાય છે એમ સિદ્ધ કરે છે. સવળાઈની તો એને ખબર નથી. અંદર ભગવાન આત્મા ધ્રુવ સ્વરૂપે બિરાજમાન ચૈતન્ય આનંદ અને જ્ઞાનનો ગંજ. આહા..હા..! એની તો એને ખબર નથી. પણ ખબર વિના કર્મના નિમિત્તનો સ્વાદ કર્મમાં આવે ત્યારે પોતાના પરિણામ તે તરફ ઝુકે છે એથી એનામાં વિકારના પરિણામ જે જીવના થાય એ જીવની હયાતીના જીવના છે. સમજાય છે કાંઈ?

'**અહીં એમ જાણવું કે :—**' હવે વિશેષ જરી ખુલાસો કરે છે. '**મિથ્યાત્વાદિ કર્મની પ્રકૃતિઓ છે...**' જડ '**તે પુદ્‌ગલદ્રવ્યના પરમાણુ છે.**' એ તો રજકણો છે. જેમ આ રજકણ છે શરીર માટી એવા એ ઝીણા રજકણો છે. આ જાડા રજકણ છે આ સ્થૂળ. જે દૃશ્યમાન દેખાય છે. અને અંદરમાં જેને કર્મ કહીએ. જીવ જે પ્રકારનો વિકારી ભાવ કરે

એના પ્રમાણમાં એ કર્મના પરમાણુઓ કર્મપણે પોતાથી પરિણમે અને પરિણમવાની લાયકાતવાળા પરિણમે. એ જડની દશા. અને એમાં પાક આવે જ્યારે અનુભાગ એ પણ જડની દશા. આત્મામાં એના તરફના વલણથી, ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા એના ઉપર દૃષ્ટિ નહિ હોવાથી, એના પૂર્ણ સ્વરૂપનો સ્વીકાર નહિ હોવાથી એની દૃષ્ટિ વર્તમાન રાગ અને પુણ્ય ઉપર જાય છે. એટલે કે નિમિત્ત ઉપર લક્ષ જાય છે. એ નિમિત્ત ઉપર લક્ષ જતાં જે વિકારી પરિણામ થાય એ જીવની હયાતીમાં થાય છે. એ જીવના છે. એ કર્મની પ્રકૃતિ જે જડ છે. આમાં કોઈ એનો કર્તા-ફર્તા નથી એમ સિદ્ધ કરવું છે. જીવના વિકારીભાવ થાય એનો કર્તા કર્મ નથી. અને વિકારી ભાવનું નિમિત્ત અને કર્મ બંધાય એનો કર્તા વિકારી પરિણામ નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કર્મશાસ્ત્ર સમજાવો.

ઉત્તર :- બેય વાત છે આમાં. કર્મશાસ્ત્ર અને આત્મશાસ્ત્ર (અધ્યાત્મશાસ્ત્ર) બેય છે. વસ્તુ છે કે નહિ? આહા..હા..!

એ કહે છે જુઓ, **'પુદ્‌ગલદ્રવ્યના પરમાણુ છે.'** સામે બીજી ચીજ છે ભિન્ન કર્મ. આ જડ સ્થૂળ આ જડ, ઓલા સૂક્ષ્મ રજકણ છે. **'જીવ ઉપયોગસ્વરૂપ છે.'** હવે લ્યે છે. ભગવાન તો જાણવા-દેખવાના સ્વભાવવાળું તત્ત્વ છે. જાણવા-દેખવાના (સ્વભાવવાળું તત્ત્વ છે). જેમ અરીસો સ્વચ્છ છે એમ આત્માનો વેપાર ખરેખર તો એ જ્ઞાન અને દર્શનના પરિણામવાળો એનો ઉપયોગ છે. એનું સ્વરૂપ તો એ છે. **'તેના ઉપયોગની એવી સ્વચ્છતા છે...'** અરીસાની એવી સ્વચ્છતા છે કે જેવી સામે ચીજ હોય તેવું જ ત્યાં પ્રતિબિંબ પડે એમ દેખાય. એમ ઉપયોગ આત્મા જાણવા-દેખવાનો ચૈતન્ય ભગવાન સ્વભાવ છે એનો. એવા ઉપયોગની સ્વચ્છતા એવી છે **'કે પૌદ્‌ગલિક કર્મનો ઉદય થતાં...'** કર્મનો એમાં પાક થતાં **'તેના ઉદયનો સ્વાદ આવે...'** એ જડમાં. ત્યાં સુધી જડમાં. **'તેના આકારે ઉપયોગ થઈ જાય છે.'** એ ચૈતન્યમાં. સમજાણું કાંઈ?

જાણવા-દેખવાના વેપારમાં અંતર ચૈતન્યના સ્વરૂપની જ્યાં ખબર નથી એવા જીવની અહીં વાત છે. આહા..હા..! એ અંતર સ્વરૂપ જે ચૈતન્ય આનંદ અને જ્ઞાનસ્વભાવી વસ્તુ એના હોવાપણાની અંતરમાં દૃષ્ટિ નથી, શ્રદ્ધા નથી, તેના સન્મુખ થયેલ નથી. એ જીવને અનાદિથી કર્મના પરમાણુઓ ત્યાં સામે પાક રૂપે આવે એ તો ત્યાં સુધી એનો પાક સ્વાદ જડનો છે. પણ ચૈતન્ય ઉપયોગની એટલી નિર્મળતા છે કે પૌદ્‌ગલિક કર્મનો ઉદય થતાં તેના ઉદયનો સ્વાદ આવે પરમાં તેના આકારે ઉપયોગ થાય. જાણવા-દેખવાના ભાવમાં રાગ-દ્વેષનું પરિણમન થઈ જાય. આહા..હા..!

જાણવા-દેખવાનો ભાવ સ્વ તરફ અનાદિનો નથી તેથી જાણવા-દેખવાના ભાવમાં જે

કર્મના સ્વાદનું સ્વરૂપ છે એને આકારે ઉપયોગ થઈ જાય છે. એને અહીંયાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ કહેવામાં આવે છે. આહા..હા..! અભ્યાસ નહિ જેને, ક્યાં જાવું છે અહીંથી મરીને? અને ક્યાંથી આવ્યો? કાંઈ પડી નથી. આ હોળી આખો દિ' આહા..હા..!

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞદેવે આ કહ્યું કે ભાઈ! તું અને કર્મ બે ચીજ છે. તું કર્મરૂપે નહિ અને કર્મ તારા રૂપે નહિ. જેમ મોર છે અને અરીસો છે. એ મોર મોરરૂપે છે અને અરીસો અરીસારૂપે છે. અરીસો મોર રૂપે થતો નથી અને મોર અરીસા રૂપે થતો નથી. છતાં અરીસામાં સ્વચ્છતાને કારણે મોર જેવું સામે બિંબ છે એવે જ આકારે અરીસાની અવસ્થા પરિણમે છે. એમ ભગવાન આત્મા... આ એની ભૂલ કેમ થાય છે એ બતાવે છે.

ચૈતન્યસ્વભાવી ભગવાન આત્મા જાણવા-દેખવાના ભાવવાળું એ તત્ત્વ (છે), પણ એ જાણવા-દેખવાના પરિણામમાં પર તરફના વલણવાળો ભાવ હોવાથી એના ઉપયોગમાં રાગ અને દ્વેષ અને મિથ્યાત્વરૂપી પરિણમન થઈ જાય છે. જે દુઃખરૂપ અને સંસારમાં રખડવાના મૂળિયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાનીને અજ્ઞાનને લીધે.. અહો..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના સ્વાદવાળો હોવા છતાં, અંતર ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદનું રૂપ એનું સ્વરૂપ છે એના અજ્ઞાનને લીધે, એના અભાનને લીધે, એના તરફના આશ્રયના અભાવને કારણે '**તે સ્વાદનું અને ઉપયોગનું ભેદજ્ઞાન નથી...**' આહા..હા..! ક્યા સ્વાદનું? આ ઉપયોગમાં રાગ અને દ્વેષ પરિણમ્યા એ અને આ જ્ઞાન-દર્શન ઉપયોગ બેનો ભેદ નથી. ...લાલજી! ઝીણી વાત છે, ભાઈ! સર્વજ્ઞ શાસન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે કહેલા તત્ત્વો એ તત્ત્વોમાં ભૂલ ક્યાં છે અને ભૂલનું મુખ્ય કારણ કોણ છે એનો એણે કોઈ દિ' નિર્ણય કર્યો નથી. આહા..હા..! યથાર્થ નિર્ણય જો કરે તો એની દૃષ્ટિ ... ઉપર આવ્યા વિના રહે નહિ. આહા..હા..! આમને આમ ચોર્યાશીના અવતાર (કરે છે). આહા..હા..! એક પડદો થયો ત્યાં બીજો પડદો. આહા..હા..! ઘડીકમાં મેનેજરનું રૂપ લઈને આવે અને ઘડીકમાં પીંગળાનું રૂપ લઈને આવે. એનો એ માણસ. આહા..હા..! એ પોતાના પરિણામને કારણે છે. કર્મને કારણે નહિ. કર્મ તો જડ છે, પર છે.

કહે છે, '**તેના આકારે ઉપયોગ થઈ જાય છે. અજ્ઞાનીને અજ્ઞાનને લીધે તે સ્વાદનું...**' એટલે કે વિકારી ભાવ જે થયો એ મેલો સ્વાદ દુઃખરૂપ સ્વાદ છે. એનું અને ઉપયોગનું. જાણવા-દેખવાનો ઉપયોગ એ જીવની ચીજ છે. એમ બેનું ભેદજ્ઞાન નથી. આહા..હા..! ભારે આકરું કામ, ભાઈ! હવે આ કોને કરી દેવું? આહા..હા..! પ્રભુ આત્મા જ્ઞાન અને દર્શનના ઉપયોગસ્વરૂપ ત્રિકાળ છે. જ્ઞાન અને દર્શન ઉપયોગ એટલે અંદર સ્વભાવ એ તો ત્રિકાળ છે, પણ એનો વર્તમાન વેપાર જ્ઞાન અને દર્શનનો, જાણવા-દેખવાનો થાય એ અંતરની દૃષ્ટિના અભાવને લઈને, અંતરના ત્રિકાળી ઉપયોગસ્વરૂપ છું એવા અજ્ઞાનને લઈને, એના ભાન નહિને

લઈને એ કર્મનો જે ભાગ અનુભાગ એ ખ્યાલમાં આવ્યો અહીંયાં. એ ઉપયોગ એ રૂપે આકારરૂપે પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રતના પરિણામ એ રૂપે થયા. એ પરિણામ વિકારી જીવમાં જીવને લઈને થયા. ભારે ભાઈ આવું!

જાણવામાં રહેલો ... ભગવાન ચૈતન્યસ્વરૂપ તો જાણવા-દેખવાના ભાવ સ્વભાવવાળું ત્રિકાળી તત્ત્વ છે. એના જાણવા-દેખવાના વર્તમાન ભાવમાં ત્રિકાળીનું અજ્ઞાન છે એટલે વર્તમાન ભાવમાં કર્મના નિમિત્તનો પાક એની સ્વચ્છતામાં જણાય છે. એટલે ઉપયોગ તેમાં તે આકારે પર્યાયબુદ્ધિ છે, નિમિત્ત તરફના વલણવાળું તત્ત્વ છે પર્યાયનું, અંતરના સ્વભાવ તરફના વલણનો ત્યાં અભાવ છે. આહા..હા..! એથી અજ્ઞાનને લીધે, અજ્ઞાનીને એમ. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ એના કહેલા તત્ત્વો જગતમાં ક્યાંય નથી. અને જગત જ્યાં ત્યાં ફાંફા મારે છે લ્યો! આ... આ જીવાડી દેશે, આ પૈસા આપશે. મરી ગયો એમને એમ આશામાં. આહા..હા..! ...

અહીં તો કહે છે કે વિકાર જે થાય પુણ્ય અને પાપના વિકલ્પો જે વિભાવ એ પણ તારા ચૈતન્યના સ્વભાવની અજ્ઞાનતાને લઈને અજ્ઞાનીને એ વિપાકનું પરિણમન કર્મના નિમિત્તથી થયું. એમાં અંદર. એનું અહીંયાં ઉપયોગમાં એ થયું. રાગ અને દ્વેષ, દયા અને દાન, પુણ્ય અને પાપ આદિ ભાવ એ ભાવ અને ઉપયોગ અંદર જાણવા-દેખવાનો સ્વભાવ. બેની ભિન્નતાના ભાન વિના. આહા..હા..! ભારે આકરું કામ. સમજાણું કાંઈ?

**'તે સ્વાદનું...'** તે સ્વાદ તો જીવની પર્યાયમાં વિકાર થયો એની વાત કરે છે હોં! **'અને ઉપયોગનું...'** એટલે જાણવા-દેખવાનો ભાવ અને એમાં જે રાગાદિનો ભાવ-વિભાવ (થાય એ) બેની ભિન્નતા નહિ જાણવાથી **'તે સ્વાદને જ પોતાનો ભાવ જાણે છે.'** આહા..હા..! એ પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, શુભ-અશુભભાવ એને જ પોતાનું સ્વરૂપ માને છે. સમજાણું કાંઈ? આમાં જાણવું બહુ પડે હોં ચંદ્રકાંતભાઈ! ... બહુ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથના શ્રીમુખે ધ્વનિ આવી એ આ અધિકાર છે. એને ખબર નથી કે હું શું કરું છું?

અહીં તો એમ કહે છે કે આત્મા આ શરીર, વાણી, મન, પરનું તો કાંઈ કરી શકતો નથી. ફક્ત બફમ અજ્ઞાનને લઈને માને છે. આ ધંધા, વેપારની ક્રિયા આત્મા કરી શકતો નથી એમ કહે છે. એ તો ઠીક, પણ કર્મની પર્યાય જે થાય જડની એને પણ કરી શકતો નથી. એ તો ઠીક, પણ હવે નિમિત્ત તરફના ઉપયોગમાં વિકાર થાય એનો કર્તા હું અને એ કર્મ, એ અજ્ઞાન છે. આહા..હા..! આ તો ધીરજના કામ છે, ભાઈ! જેને કલ્યાણ કરવું હોય જીવનું. આહા..હા..! સમજાણું કાંઈ? મોટી ચર્ચા આવી છે એમાં. એ વાત થઈ હતી મનસુરમાં. મનસુરમાં ઉઠ્યાને તે દિ', તે દિ' ... આવ્યા. પહેલી પ્રરૂપણા એ કરી એણે. સમ્યગ્દર્શન-સમ્યગ્દર્શન કરે છે પણ જ્ઞાન અને ચારિત્રના અજ્ઞાન છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય

નહિ.

મુમુક્ષુ :- એવો પ્રશ્ન?

ઉત્તર :- એ સભામાં ... એ વાત આવી સામે. નામ લઈને નથી આવ્યું. વસ્તુસ્થિતિ શું છે. .. કોટાવાળા છેને. કોટાને? બુંદિવાળા. ગેંડાલાલજી. એ ઉજ્જૈનમાં ગયા હશે તે એણે એવું સાંભળ્યું હશે તો નહિ ઠીક પડ્યું તો એ જરી વાત કરી હશે. તો એક બાઈને ગોઠ્યું નહિ તો એ બાઈ વિરોધ કરવા માંડી કે સોનગઢના અધ્યાત્મવાદીઓ આ જ્યાં ત્યાં આવી વાતું ફૂંકે છે, ચરણાનુયોગના વ્રત ને તપને તો કરતા નથી. ખોટી વાતું કરે છે એકલી. ઉજ્જૈનમાં છેને એક બાઈ? તેજબાઈની (સાથે) બાઈ છે એક. એની સાથે રહેનારી છે. તેજબાઈ છેને. ભાગચંદજીના બહેન એની સાથે એક બાઈ છે. એ વળી પાંચ-સાત જણાને ભેગા કરીને વાતું કરે છે. અહીં હમણા આવી હતી. કારણ કે ઓલા વિદ્યાનંદ ત્યાં હતાને, મનસુર. બપોરે વ્યાખ્યાન અહીં સાંભળવા આવે, સવારે ત્યાં જાય. ત્યાં ... વંચાયને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. હતી? એમ ઠીક. એ બાઈ. આવે અહીં, આવતી હતી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, આવી હતીને. તમે હતા? આવી હતી. પછી સવારે વ્યાખ્યાનમાં ત્યાં જાય. સવારે વાંચેને ત્યાં. બપોરે વાંચે નહિ એટલે બપોરે અહીં આવે. એણે લેખ લખ્યો છે. અહીંની પ્રેમી છે. પણ આ બધો બહારનો ઠઠારો દેખી ભાષણ-બાષણ એવા લોકોને એમ થયું કે આહા..હા..! આવા મહારાજ પાક્યાને એનો વિરોધ કરે છે લોકો? એમ કહે છે. અરે..! ભાઈ! બાપુ! એનો વિરોધ નથી. કોઈનો વિરોધ નથી, ભાઈ! તને ખબર નથી. પહેલું એમ કહે કે જ્ઞાન કરવું આ શાસ્ત્રનું અને કષાયની મંદતારૂપ ચારિત્ર કરવું. હવે એ કરે તો એના ફળરૂપે એને સમ્યગ્દર્શન કાળલબ્ધિએ પાકે. અરે! આ તે કાંઈ વચનો વીતરાગના છે? સ્વરૂપચંદજી! આ તે કાંઈ સત્ય વચન છે? ભાઈ! દુનિયાના પુણ્ય હોય તો થાય, પુણ્યને લઈને લોકો માને, પણ સત્ય નહિ થાય, ભાઈ! નુકસાન થશે.

ભગવાને તો પહેલું કહ્યું છે કે આત્મા રાગથી રહિત એનું સમ્યગ્દર્શન કર્યા વિના સમ્યગ્જ્ઞાન થાય નહિ અને સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર હોઈ શકે નહિ. આવો તો સંતોનો પોકાર છે. વીતરાગનો પોકાર છે આવો. એની સામે એમ કહેવું (કે) સમ્યગ્દર્શન તો કાળલબ્ધિએ થાશે. આપણે તો જ્ઞાન અને ચારિત્ર આ માનેલું, એ આપણે આ કરો, એના ફળ તરીકે સમ્યગ્દર્શન થશે થાવું હશે ત્યારે. આહા..હા..! આ તો ૪૦ વર્ષ પહેલાં, ૫૦ વર્ષ પહેલાં પણ સાંભળતા. એ પાછું અહીં આવ્યું.

દામોદર શેઠ હતા એક અમારે. દામનગર. તે દિ' પૈસાવાળા એ હતાને આ બાજુના?

દામોદર શેઠ. તે દિ' પૈસાવાળા, ૧૦ લાખની તે દિ' મૂડી ૬૦ વર્ષ પહેલા. .. વાણિયાને એવા પૈસા આટલામાં નહોતા. દસ લાખ રૂપિયા અને ચાલીસ હજારની ઊપજ અને એક ગામ. ૬૦-૭૦ વર્ષ પહેલા હોં! ઈ એમ કહેતા, મહારાજ! આ કષાય મંદ કરવો અને શાસ્ત્રનું જાણપણું કરવું એ પુરુષાર્થથી થાય, પણ સમ્યગ્દર્શન તો પુરુષાર્થથી ન થાય એ તો કાળલબ્ધિ આવે ત્યારે થાય. એ એમ કહેતા, પ્રમાદ અને કષાયનો ત્યાગ એ પુરુષાર્થથી થાય અને મિથ્યાત્વનો ત્યાગ એ પુરુષાર્થથી નહિ. એ તો થવાને કાળે થાય. એવી વાત (આ કરે છે).

મુમુક્ષુ :- તત્ત્વથી વિરુદ્ધ વાત.

ઉત્તર :- તત્ત્વથી તદ્દન વિરુદ્ધ વાત છે. એ વાત અત્યારે નીકળી છે. અહીંનો વિરોધ કરવા. બાપુ! એમ ન થાય ભાઈ! સત્ય છે આમ હોં. એ કચરડી-મચરડીને પણ સત્યને અસત્ય ન કરાય. સમજાય છે કાંઈ?

એ આત્મા અંદર પ્રથમ જ એણે નિર્ણય કરવાની વિશેષ અનુભવની દૃષ્ટિ છે કે રાગાદિ આ સ્વાદ... છેને જુઓને! શું ચાલે છે? '**ઉપયોગનું ભેદજ્ઞાન નથી...**' એ ભેદજ્ઞાન કર એમ કહે છે. પહેલું તો એ કર. '**તેથી તે સ્વાદને જ પોતાનો ભાવ જાણે છે.**' એ રાગ અને દ્વેષના, દયા, દાન, પુણ્યના પરિણામ એ અજ્ઞાનપણે પોતાના છે એમ એ માની બેઠો છે. આહા..હા..! આ તો ક્યાંય રહી ગયા ભગવાન શરીર, વાણી, મન તો. પણ અંદર મેલ જે ઉભો થયો એ મેલ એ તારી ચીજ નથી. મેલ તારું કાર્ય નહિ અને મેલનો કર્તા તું નહિ. એવી એ ચીજ એવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આકરી વાત છે ભાઈ આજની જરી. કર્મ અને કર્મના પરમાણુ અને વળી એની પર્યાય અને એ ઉપયોગમાં જણાય અને એનું ભેદજ્ઞાન કરવું અને ભેદજ્ઞાન નથી ત્યાં સુધી અજ્ઞાન. માર્ગ એવો છે, બાપુ! એણે અનંત કાળે પોતે કરવાની ચીજ છે આ.

જે કર્મના સંગના લક્ષે જે જ્ઞાન-દર્શનનો વેપાર વર્તમાન ઉપયોગ (અને) રાગ અને દ્વેષ અને પુણ્ય-પાપરૂપે દેખાય છે એનું એને ભેદજ્ઞાન નથી તેથી એ મારા છે એમ માનીને એનો કર્તા થાય છે. આમ છે. આહા..હા..! ૨૫-૨૫ વર્ષના ક્ષયમાં મરે. એક ઠેસ વાગે અને મરી જાય. જુઓને આ દાખલા. આહા..હા..! અરે..! તારું જીવન શું ભાઈ? અહીં તો કહે છે કે તારી પર્યાયના ઉપયોગમાં... આહા..હા..! અરીસાની સ્વચ્છતાને લઈને એમાં દેખાય છે, પણ એ તો અરીસાની અવસ્થામાં એટલું સિદ્ધ કરવું છે. એમ અહીં પણ એની પર્યાયમાં, અવસ્થામાં જાણવા-દેખવાના ઉપયોગમાં રાગ-દ્વેષ આદિનો સ્વાદ દેખાય છે, પણ ખરેખર એ સ્વાદ (અને) ચીજ જીવની નથી.

ભગવાન આત્મા જ્યાં ત્રિકાળી ધ્રુવ સ્વભાવ ત્રિકાળ ત્રિકાળ આનંદસ્વરૂપ એની આગળ વર્તમાન એક સમયની પર્યાયનું કર્તૃત્વ તે અજ્ઞાનભાવ છે. હરિભાઈ! આવો માર્ગ પણ. અરેરે!

અનંત કાળે માંડ મળે એ ટાણે પાછો વહ્યો જાય છે અનાદિનો એમ ને એમ. અરે..! ભાઈ! ચોર્યાશીના અનંતકાળમાં આરા તને આવ્યા નહિ. ટાણા આવ્યા ત્યારે કાંઈક કર્યું, કાંઈક માન્યું અને કાંઈક આ કરું પહેલું અને આ કરું. અરે..! ભાઈ! ચરણાનુયોગમાં તો ભગવાને શું કરવા કહ્યું કે વ્રત .., પણ ભાઈ એ તો સમ્યગ્દર્શન પછીની વાત છે. આહા..હા..! રાગનો ભેદ થયા પછી, પછી એ રાગના આચરણમાં એ ભૂમિકાને મંદ આચરણ કેવું હોય કષાયનું એની એ તો વ્યાખ્યા છે. ... આહા..હા..! શું કરે? અભિપ્રાયને ક્યાં વાળે છે અને દૃષ્ટિમાં ક્યાં ટકાવે છે એની એને ખબર નથી.

કહે છે, જરી આ અભ્યાસ હોય તો વધારે સમજાય. કર્મના રજકણો વર્ગણા હોય છે. જેમ ચણાનો લોટ હોય ઝીણો એનાથી મેસુબ થાય, જાડો હોય તો એનાથી મોહનથાળ આદિ થાય, એમ ઘઉંનો ઝીણો લોટ હોય તો લાપસી થાય, જાડા ફડચા હોય તો આ શું કહેવાય? ઓરમુ. ઓરમુ કહે છેને ઓરમુ? સમજાણું કાંઈ? એમ રજકણો જાડા હોય એનું આ શરીર થાય, પાતળા હોય એના કર્મ થાય. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! એને... આ જાડા થાય લ્યો આ. આ તો ઓરમું થાય એવા છે. પણ અંદર જે રાગ-દ્વેષ જીવ કરેને એના પ્રમાણમાં જે કર્મ બંધાય એ કર્મ સૂક્ષ્મ રજકણ છે. આ લાપસી કરે ઘરે આ વર્ષ બેસતાની એ કાંઈ ઓરમા જેવા લોટની કરે? એમાંથી કરે? ઝીણો પાતળો લોટ હોય. વળી એ લાપસી થતા એમને એમ થવા ન દે ત્યાં. અંદર વેરણું નાખે. કારણ કે ઓલો લોટ કાચો વચમાં રહી જાય તો સરખું ન થાય. એ વેરણાથી લાપસી થતી નથી પણ અહીં તો કહે છે. આહા..હા..! ગજબ વાત છે! આહા..હા..! એ તો લોટના રજકણ જ એ પાતળા-સુંવાળાપણે પરિણમે છે એની લાપસી થાય છે. એ અગ્નિથી નહિ, વેરણાથી નહિ, બાયડીથી નહિ, તપેલાથી નહિ. તપેલામાં હોયને ઈ? આહા..! એવી વાતું છે. હરિભાઈ! ... તમે તો ડાહ્યા માણસ કહેવાઓ, ડોક્ટર કહેવાઓ. .... આહા..હા..!

અરે! પ્રભુ! તેં કોઈ દિ' તારી જાતમાં ભૂલ ક્યાં થાય છે એની તને ખબર ન મળે. અને ભૂલનું રૂપ શું છે? અને કેમ થાય છે? ક્યાં થાય છે? થાય છે તારી દશામાં. કેમ થાય છે? કે તારો ઉપયોગ નિમિત્ત તરફ ઝુકેલો (છે) માટે થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે, અરે! એ સ્વાદને પોતાના ભાવ જાણે છે. જ્યારે તેમનું ભેદજ્ઞાન થાય. આહા..હા..! જ્યારે આત્માને... હવે પહેલું તો આ માંડી છે. શાસ્ત્રનું જ્ઞાન કરવું, પછી આ ચારિત્ર પાળવું, પછી આ ભેદજ્ઞાન થાય, એમ છે? અરે.. ભગવાન! પણ .. છે હવે એને શું કરવું? એટલે એમ ન થાય ભાઈ! જૈનશાસન ... જૈનમાર્ગ છે આ તો. અનંતા તીર્થંકરો, સંતો, ગણધરોનો માર્ગ છે. એ ન બદલે. બદલવા માગે તોપણ ન થાય, ...

અહીં તો પહેલી જ વાત એ છે કે જે આત્મા ત્રિકાળી જ્ઞાન-દર્શનનો પિંડ ધ્રુવ અને

એની વર્તમાન પર્યાયમાં વેપાર જાણવા-દેખવાનો ભાવ એમાં જે રાગ-દ્વેષ દેખાય છે એ રાગ-દ્વેષ ઉપર દૃષ્ટિ હોવાથી એ રાગ-દ્વેષ અને આત્માનો ઉપયોગ જાણવા-દેખવા બે જુદા જોવા જોઈએ એ જુદા પાડતો નથી. આહા..હા..! એનો અર્થ? કે જે વિકારી પરિણમન થાય છે ત્યાંથી દૃષ્ટિ ઉઠાવીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતો નથી. આહા..હા..! શું કહે છે આમાં? દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતો નથી. દ્રવ્ય શું હશે? ... ભગવાન! તું દ્રવ્ય છો, વસ્તુ છોને. અનાદિ-અનંત આદિ વિનાનું તત્ત્વ, અંત વિનાનું તત્ત્વ ત્રિકાળી છે. એવો જે નિત્યાનંદ પ્રભુ એને દ્રવ્ય કહીએ. એની દૃષ્ટિ કરવી એને સમ્યગ્દર્શન કહીએ. એને જન્મ-મરણને ઓગાળવાનો એ ઉપાય છે. સમજાણું કાંઈ? એ સિવાયની બધી વાતું છે. ક્રિયાકાંડ ને બધું હો. નરકમાં જાય એકલા, સ્વર્ગમાં જાય એકલા, નિગોદમાં જાય. આહા..હા..!

કહે છે કે આત્મામાં જાણવા-દેખવાના ઉપયોગમાં એટલે કે વર્તમાન વેપારમાં એ પુણ્ય-પાપના, રાગ-દ્વેષના ભાવ જે અંદર જણાય છે, એના ઉપર દૃષ્ટિ હોવાથી ઉપયોગ એને આકારે થઈ જાય છે. સમજાણું કાંઈ? ભારે! એ સ્વાદને પોતાનો જાણે છે કેમ? કે તેને અંતર ત્રિકાળી આનંદસ્વરૂપ ભગવાન (છે) એની એને ખબર નથી. ખબર નથી એટલે મેલના પરિણામને જ પોતાના માને છે. આહા..હા..! કહો, કાંતિભાઈ! શું હશે આ? આહા..હા..! વીતરાગી વિજ્ઞાન. છપાય છેને ત્યાં? ટોડરમલ (સ્મારક ભવન). વીતરાગ વિજ્ઞાન નહિ? ચોપડી. છપાય છે. વીતરાગ વિજ્ઞાન. બાપુ! આ તો સુખરૂપ દશા કેમ થાય એની વાત છે. કહે છે, તારું હોવાપણું ત્રિકાળ તો જ્ઞાન અને દર્શનના ઉપયોગસ્વરૂપ જ ... છે. પણ ત્રિકાળ ઉપર ઉપયોગની દૃષ્ટિ નહિ હોવાથી, વર્તમાન વેપારની દૃષ્ટિ અંતરમાં નહિ હોવાથી એ ઉપયોગમાં જાણવા-દેખવાના ભાવમાં રાગ અને દ્વેષનો આકાર પરિણમી જાય છે. આહા..હા..! જે દુઃખરૂપ છે, ઝેર છે.

'**જ્યારે તેમનું ભેદજ્ઞાન થાય...**' ભેદજ્ઞાન કરે ત્યારે થાય એમ. કોઈ કર્મ જુદા પડે અને આમ થાય તો થાય (એમ નથી). જ્યારે પોતે ભેદજ્ઞાન કરે. '**જીવભાવને જીવ જાણે...**' જુઓ, ઓહો..! જાણવા-દેખવાનો ભાવ તે મારો જીવનો. જાણવા-દેખવાના પરિણામમાં એ રાગ-દ્વેષ પુણ્ય-પાપરૂપે થયો એ સંસાર, એ મિથ્યાત્વભાવ. આહા..હા..! આજે એક લખાણ આવ્યું છે. ઓલું વકીલનું નથી આવતું પુસ્તક? .. એમાં ઓલું નરકનું વાંચ્યું ભાઈ! એક માણસને સુવાડીને વીંછી કરડાવ્યો. નરકનું. ભાઈ! તને મિથ્યાત્વના ભાવ જ્યાં સુધી છે ત્યાં સુધી નરકગતિ પડી છે અંદર. એ નરકગતિમાં જતા આ એક માણસ ગયો છે નરકમાં અને પછી એને હજારો વીંછી કરડાવે છે. અને વીંછી એવા મોટા કાળા. હમણા મરી ગયો નહિ એક ગરાસિયાનો છોકરો? વીંછી .. ગયો એકવાર. હું તો એકલો જ દિશાએ જતોને પહેલા તો. એય..! મોટો આવડો મોટો વીંછી હતો. બે તો ડબ્બા હોય જાણે રેલના એવા

બે આમ. મોઢા આગળ માથુ, વચલો ભાગ અને પાછળ ભાગ. એ .. જો કરડ્યો એટલે મારી નાખે, તરત મરી જાય. એની આયુષ્યની સ્થિતિ પૂરી થવાની હોય એને એ થાય. આહા..હા..! ... એક વીંછીનો કરડ પણ જ્યાં આકરો પડે છે જીવને... આહા..હા..!

મુમુક્ષુ :- ત્યાં હજારો વીંછી કરડે.

ઉત્તર :- હજારો વીંછી તે કેવા? ઠાકરિયા વીંછી. ઠાકરિયા વીંછી સમજાય છે? વીંછીનો ઠાકોર. આ માણસમાં ઠાકોર કહેવાયને ઠાકોર એટલે પ્રમુખ, શેઠિયો, મોટો. એમ વીંછીનો એક ઠાકરિયો વીંછી કહેવાય છે. એકવાર જોયો છે બસ રસ્તામાં. પછી કોઈ દિ' જોયો નહિ. એય..! મોટો કાળો આમ. રસ્તામાં ચાલ્યો જાતો હતો. હું નીકળ્યો. આજે મારી નાખશે કીધું .. હોય તો. આયુષ્ય પૂરું થાય તો થાયને. .. આહા..હા..! આમાં દેખાવ આપ્યો છે, જુઓ! વીંછી, એક કોર સર્પ .. જીવને કરડે છે. નાની-નાની નાગણ બનાવે. અને અહીં કરડે ચોંટે કે અહીં ચોંટે કે અહીં ચોંટે કે અહીં ચોંટે, બે આંખમાં ચોંટે. આહા..હા..! ભાઈ! આ વાત નથી હોં! એ દુઃખની દશા નરકમાં એવી છે, ભાઈ! તેં સાંભળી નથી. આહા..હા..! ભૂલી ગયો પણ. પેટમાં નવ મહિના રહ્યો હતો એને ભૂલી ગયો તો ઓલીને તો ભૂલી જ જાયને. આ ઉંધે માથે નવ મહિના. માથું નીચે પગ ઉપર. ... આહા..હા..! અરે! આ સંસારની જાળ એમાં આવા અવતાર! ભાઈ! તારા મિથ્યાત્વને લઈને અવતાર છે. ઊંધી શ્રદ્ધા, એ રાગ-દ્વેષના પરિણામ મારા અને એનો કર્તા અને એ મારું કાર્ય. બીજા કાર્યની તો વાત પણ ક્યાં કરવી! આહા..હા..! ભારે આકરું આવું. વીતરાગ ધર્મ આવો હશે? બાપુ! કેવળીનો પ્રરૂપેલો આ છે. એમ બોલે છેને? કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. ગડીયો તો બોલે પણ સમજે નહિ કાંઈ. મંગળિકમાં આવે છે કે નહિ? અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવળી પણ્ણંતો ધમ્મો મંગલં. પણ કેવળીએ કહેલો ધર્મ શું? કોને કહેવો? સમજાય છે કાંઈ? આહા..હા..! કહે છે... બહુ સરસ વ્યાખ્યા કરી છે જયચંદ્ર પંડિતે. અર્થ સારો કર્યો છે મોટો.

મુમુક્ષુ :- એમાંથી ભેદજ્ઞાન કાઢ્યું છે.

ઉત્તર :- છે જ ને એમાં. અભેદ છે, એકાકાર છે, અજ્ઞાન છે. હવે એને જુદો પાડવો છે. અહીં તો એ સિદ્ધ કરવું છેને કે આ રાગ-દ્વેષ કેમ થાય? અને થતાં એ મારા કાર્ય છે અને એનો કર્તા એ બધો અજ્ઞાનભાવ છે. આહા..હા..! હવે એ રાગ-દ્વેષના પરિણામ મારા, હું કર્તા અને કર્મ એ અજ્ઞાન તો આ તો મોટી દુનિયાના કામ બધા... શું કહે છે તમારે? ઠાકુરદાસને દવાખાનું છે? તમારા સસરાને શું છે? નહિ? કાંઈ નહિ. એક ડોક્ટર છેને. આહા..હા..! અહીં આવ્યા હતા નહિ? બાપ-દીકરો. બાપ-દીકરો બેય આવ્યા હતા. આહા..હા..! હુશિયાર લાગે આમ જાણે .. શેનું કરે ભાઈ? એક રજકણ પણ ફરે તેનો કર્તા

આત્મા નહિ, અહીં તો એથી આગળ જઈને અંદરમાં લઈ ગયા છે હવે તો. કેમકે તારું સ્વરૂપ તો આનંદનો સ્વાદ આવે એવી ચીજ છે પ્રભુ! અને તને આ વિકારી સ્વાદ આવે. આ પુણ્ય-પાપના ભાવનો સ્વાદ હોં! એ સ્વાદનું કાર્ય તારું અને એનો તું કર્તા. એ જ પરિભ્રમણનું મૂળિયું છે. આહા..હા..! એને કોણ ટાળે અને કોણ આપે? જગતની ભ્રમણાનો પાર ન મળે. આહા..હા..! કોઈ બચાવી દેશે ને આ દેશે...

અમારે ત્યાં ચાલતું ભાઈ બોટાદમાં પહેલું સ્વામિનારાયણનું કે આજે તો સ્વામિનારાયણ આવ્યા હતા અને બળદ ... શેરીએ પૂછ્યું કે ફલાણા. પણ ત્યાંથી અહીં આવ્યા તો પાછી શેરી પૂછવી પડે એને! ત્યાં ચાલતું બોટાદમાં. ૮૦ની સાલનું ચોમાસુ રહેલાને. ૭૮ .. હિંમતલાલમાં. ઓલા સ્વામિનારાયણ બધા વિશાશ્રીમાળી. વાતું આવી ચલવે. એય..!

મુમુક્ષુ :- રાજકોટમાં એમ કહે છે.

ઉત્તર :- કહે છે, બધે કહે છે. સ્વામીનારાયણ આમ .. શું કહેવાય એ માથું . પડ્યું. બળદની સાથે.. સમજ્યાને. સ્વામિનારાયણ બેઠા. લેવા આવ્યા, લઈને ગયા. પણ કોને લઈ ગયા? શરીર તો અહીં પડ્યું રહ્યું. અને એ આવ્યા અને પછી પૂછયું કે ભાઈ ફલાણું ઘર. તો ત્યાંથી આવ્યા અને અહીં ઘરની ખબર ન પડે?

મુમુક્ષુ :- ખબર શું પડે બીજાને કે ભગવાન આવ્યા?

ઉત્તર :- હા, એમ છે. પહેલા બોલતા પછી ખુલાસો વ્યાખ્યાનમાં કર્યો તો ... દુનિયાને ખબર પાડવા કે ભગવાન આવ્યા છે. ગાંડે ગાંડા છે. કોણ ભગવાન ક્યાં હતો? આહા..હા..! આમાં પણ એમ કીધું છે, સાંઈબાબા આવ્યા હતા, લઈ ગયા. કોને લઈ ગયા પણ? આત્માને? આત્મા તો અરૂપી છે. મૂર્ખાઈના ઘર કાંઈ જુદાં હશે? શરીર તો આ પડ્યું રહ્યું. (આત્મા) તો અરૂપી છે. કોને લઈ જાય? કોણ ક્યાં જાય? આહા..હા..! મહામિથ્યાત્વના પૂતળા બધા ભ્રમણા. અનંત સંસારની વૃદ્ધિના કારણ ભ્રમણા છે. આહા..હા..!

અહીં તો ત્રિલોકનાથ તીર્થંકરદેવની આજ્ઞામાં તો એ આવ્યું, ભાઈ! બીજાની વાત તો શું કરવી? તને બીજો કરી દે અને તને મારે કે લઈ જાય એ તો વાત બધી જૂઠી છે, પણ તારામાં તું રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપના ઉપયોગમાં જ્યારે જોડાઈ જા છો એ ચીજ પણ ઝેર છે. એને જ્યારે ભેદજ્ઞાન થાય, '**જીવભાવને જીવ જાણે...**' એટલે કે જાણવા-દેખવાના પરિણામ તે જીવના અને રાગાદિ મેલ તે પર. એમ બેને જુદાં અંદર જાણે ત્યારે એ ધર્મી થાય. ત્યારે એ સુખના પંથે પડે. ત્યારે એને જન્મ-મરણના કારણ મિથ્યાત્વ ગળે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કેટલાક કહે કે આવો ધર્મ ક્યાંથી કાઢ્યો? કાઢે ક્યાંથી? ભગવાનનો ધર્મ છે ઈ આ છે. નવો કાઢ્યો છે નવો. સોનગઢવાળાએ નવો કાઢ્યો. એ બાઈએ એમ લખ્યું છે, સોનગઢીયા જ્યાં જાય ત્યાં આવું કહે છે. મહારાજ! અમને ભલામણ કરી

હતી. કાનજીસ્વામીને ભલામણ કરીએ છીએ કે આ બધાને રોકો નહિતર બધો ફેરફાર થઈ જશે. એય..! આહા..હા..! આવ્યું છે. આવે છેને? દિગંબર ... આહા..હા..!

અરે! ભગવાન! ભાઈ! વસ્તુની સ્થિતિ તો આ છે એમ જણાવતા તો ... સમજાય છે? દારૂની નિંદા કરતા દારૂ વેચનારને ન સારા લાગે એથી કરીને કાંઈ ...? દારૂની દુકાનવાળાને સારું ન લાગે કે આ તો નિંદા કરે છે, કોઈ દારૂ લેવા નહિ આવે. આહા..હા..! એમ ભાઈ! તેં દારૂ મિથ્યાત્વનો પીધો છે હોં ભાઈ! શેનો? પરને કરું અને પરનું કાર્ય મારું, પર મને કરી દે અને પરને હું કરું. મોટો મિથ્યાત્વનો દારૂ પીધો છે, ભાઈ! એનેથી તો આગળ અહીંયા સૂક્ષ્મ લઈ જાય છે. આહા..હા..! ધીરો થા, ધીરો થા. એ ટાણા આવ્યા એને જવા ન દે.

ભગવાન આત્મા, એ પુણ્ય અને પાપના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ વિકાર છે. એના કરતાં-કરતાં સમકિત થાશે (એમ કહે છે). કહો, મિત્રસેનજી! તમારા ગામમાં ચાલે છે કે નહિ મેરઠમાં? આહા..હા..! અશુભભાવથી બચવા એ ભાવ હોય, પણ એ ચીજ પોતે ધર્મ છે (એમ નથી). રાગ પોતે જ સંસાર છે. આહા..હા..! એના સ્વભાવને અને આત્માના સ્વભાવને જ્યાં સુધી જુદા ન જાણે ત્યાં સુધી અજ્ઞાની છે. ગમે એટલા શાસ્ત્રના ભણતર ઈ ભણ્યો હોય અને ક્રિયાકાંડના મહાવ્રત ને મહિના-મહિનાના અપવાસ (કરતો હોય)... સમજાય છે કાંઈ? પણ કહે છે કે અંદરમાં એ રાગ અને પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિઓ છે એ મેલ છે અને મારું ત્રિકાળી સ્વરૂપ નિર્મળાનંદ છે (તેનું ભેદજ્ઞાન નથી, ત્યાં સુધી અજ્ઞાની છે). આહા..હા..! પર્યાયમાં દેખાય નહિ અને પર્યાય વળે તો દેખાયા વિના રહે નહિ. સમજાણું કાંઈ? જ્યાં સુધી પુણ્ય-પાપના ભાવની રુચિ અને ત્યાં આગળ રહ્યો છે ત્યાં સુધી એની પાછળ કોણ પ્રભુ છે એની તો એને ખબર નથી.

કહે છે, અંતરમાં ભેદજ્ઞાન કરીને **'જીવભાવને જીવ જાણે અને અજીવભાવને અજીવ જાણે...'** તે ખરેખર સ્વાદના પરિણામ પણ અજીવ છે વિકારી. ભાવ હોં એના. એના પરિણામમાં થતાં પુણ્ય-પાપના ભાવ. ઓલું તો અજીવ પરમાં ગયું હતું પહેલું. હવે આને અજીવ કહીને કાઢી નાખવા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઝીણો ધર્મ ભારે! આમાં માણસ વળી શી રીતે શકે? ઢોર વળે કહે છે. ભાન વિનાના છે બધા, હા પાડે છે. અરે! પ્રભુ! તું આવ તો ખરો એકવાર. એકવાર તો જો. આહા..હા..! એકવાર બે-ચાર દિ' સાંભળ તો ખબર પડે તને કે શું છે આ? કોનું કહે છે અને કેમ કહે છે. આહા..હા..! ભાઈ! તને તારી ખબરું નથી. તારી ખબર તેં બધી પુણ્ય-પાપના ભાવમાં સોંપી દીધી. પણ જ્યારે ભેદજ્ઞાન થાય ત્યારે જીવભાવને જીવ જાણે. આહા..હા..! જાણવા-દેખવાના પરિણામ તે જીવના અને રાગ અને દ્વેષ તે અજીવના. ઓલો અનુભાગ તો અજીવ હતો. આમાં આવ્યો હતો ઉપયોગમાં એ પણ જીવના ભાવ જાણતા એને પણ અજીવ તરીકે કાઢી નાખ્યો. બહુ પણ આવું બેસે

નહિને, એટલે લોકો બિચારાને ચડાવી દીધા જ્યાં-ત્યાં. ક્યાંય જેમાં ભવના અંત નહિ. આહા..હા..! ચોર્યાશીની ખાણ અવતાર અનંત... અનંત... અનંત... અનંત... નરકના, નિગોદના, ઢોરના, પશુના, કાગડાના, કૂતરાના આવા ભવ. એના કારણરૂપ મિથ્યાત્વભાવ એને જ્યાં સુધી જુદો ન પાડ... આહા..હા..! ત્યાં સુધી એને પોતાનો માન ત્યાં સુધી એને ચોર્યાશીના અવતાર ઉભા છે બધા. ભય માટે નહિ હોં આ. વસ્તુનું સ્વરૂપ એ છે. ભગવાનજીભાઈ! ઓલા કહે, ભય પમાડવા માટે કહેતા હશે? આહા..હા..!

એક મંદવાડ બાર મહિના, બે વર્ષ ચાલે તો રાડ નાખી જાય છે. આહા..હા..! એ શૂળ ચડ્યા છે કહે છે. ક્યાંય સખ નથી આવતું. ઘડીકમાં અહીં અને ઘડીકમાં અહીં. કોણ જાણે અંદર જેમ વીંછીના કરડ જેવું (લાગે છે). ભાઈને કાંતિભાઈને થયું હતું. ભાયાણી. એકકોર હરસ નીકળ્યા ... બિચારા. રાજકોટ .. કાંતિભાઈ ભાયાણી. ઓહો..હો..! જોવાય તો શેનું પણ આખી રાત કેમ કાઢે? ... એના કાકા હતાને. સગપણ કર્યું હતું. ... આ હરસ નીકળ્યા. વીંછી કરડે એવી પીડા થાય છે. .. એના બાપ ... આ સંસાર. .. હરસ. રસ નીકળેને રસ? એ નીકળી જાય તો નહિ પણ નીકળે નહિ... વીંછીની પીડા થાય. એ કહેતા. કાંતિભાઈ. કહેતા હતા કે બિચારા રાતે .... એવી પીડા. અરે! એ એકની નહિ એવા તો લાખ વીંછી કરડાવ્યા નરકમાં ભાઈ તને. આહા..હા..! અરે! તું બધું ભૂલી ગયો, ભાઈ! સમજાય છે કાંઈ? તારી વાત કરે તો તને ગોઠે નહિ. આહા..હા..! આ તો એ વખતે આવા બધા દુઃખ સહ્યા છે તેં હોં! આહા..હા..!

કહે છે, એકવાર આ કરવા જેવું છે એમ તો હા પાડ. **‘જીવભાવને જીવ જાણે...’** આ જીવભાવ એટલે ઓલા રાગ-દ્વેષ એ નહિ. જાણવા-દેખવાના ભાવને જીવ જાણે. **‘અજીવભાવને અજીવ જાણે...’** એ પુણ્ય અને પાપના વિકલ્પ રાગ એ જીવની જાત નહિ. એને પર તરીકે અજીવ જાણે ત્યારે મિથ્યાત્વનો અભાવ થાય. લ્યો! ત્યારે ભ્રાંતિનો અભાવ થઈને સમ્યગ્જ્ઞાન થાય. સમ્યગ્જ્ઞાન તો અહીં થાય આ રીતે. એમ કહે કે એકલા શાસ્ત્રના ભણતર અને વાતું કરવી. હજારો માણસને રીઝવવા, ખુશી-ખુશી થઈ જાય. હવે એની સાથે શું સંબંધ છે ભાઈ! દુનિયા કેટલીક તને રિપોર્ટ આપે તને શું કહેવાય સમજ્યાને? સર્ટિફિકેટ. એની પાસે સર્ટિફિકેટ લે કે ભાઈ આ જ્ઞાની ભારે હોં. પાગલ પાસેથી સર્ટિફિકેટ લેવું છે. ..ભાઈ! આહા..હા..! આ તો એની મેળાએ બહુ વાંચે તો સમજાય એવું નથી. સ્વરૂપચંદભાઈ! ... કોઈક કહેતું હતું. કોઈક કહેતું હતું એ સાંભળ્યું. ... એ? એ જ આ? એ તો પૂનમભાઈ. ..નાના. આહા..હા..! આત્મા છે એને ... આહા..હા..! જ્યારે ભેદજ્ઞાન થાય ત્યારે મિથ્યાત્વનો અભાવ થાય ત્યારે સમ્યગ્જ્ઞાન થાય. અહીં તો (આ વાત છે). તે વિના રાગની મંદતા કરો, જ્ઞાન કરો પછી સમકિત થાશે. અરે પ્રભુ! આ માર્ગ ક્યા ઘરના? ત્યારે એનું કલ્યાણ થાય

છે લ્યો! સમ્યગ્જ્ઞાન થતાં. રાગ હો, પણ એનાથી ભિન્ન મારી ચીજ છે અને રાગનો જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય ત્યારે તેને સમ્યગ્જ્ઞાન કહેવાય અને ત્યારે એના જન્મ-મરણ ટળે. એની અલ્પકાળમાં મુક્તિ થાય, પણ આ રીત કરે તો થાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૮૮

काविह जीवाजीवाविति चेत-

पोग्गलकम्मं मिच्छं जोगो अविरदि अणाणमज्जीवं।
उवओगो अण्णाणं अविरदि मिच्छं च जीवो दु।।८८।।
पुद्गलकर्म मिथ्यात्वं योगोऽविरतिरज्ञानमजीवः।
उपयोगोऽज्ञानमविरतिर्मिथ्यात्वं च जीवस्तु।।८८।।

यः खलु मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादिरजीवस्तदमूर्ताच्चैतन्यपरिणामादन्यत् मूर्तं पुद्गलकर्म; यस्तु मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादिर्जीवः स मूर्तात्पुद्गलकर्मणोऽन्यश्चैतन्यपरिणामस्य विकारः।

---

હવે પૂછે છે કે મિથ્યાત્વાદિકને જીવ અને અજીવ કહ્યા તે જીવ મિથ્યાત્વાદિ અને અજીવ મિથ્યાત્વાદિ કોણ છે? તેનો ઉત્તર કહે છેઃ-

મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ અજીવ, પુદ્ગલકર્મ છે;
અજ્ઞાન ને અવિરમણ વળી મિથ્યાત્વ જીવ, ઉપયોગ છે. ૮૮.

ગાથાર્થ :- [मिथ्यात्वं] જે મિથ્યાત્વ, [योगः] યોગ, [अविरतिः] અવિરતિ અને [अज्ञानम्] અજ્ઞાન [अजीवः] અજીવ છે તે તો [पुद्गलकर्म] પુદ્ગલકર્મ છે; [च] અને જે [अज्ञानम्] અજ્ઞાન, [अविरतिः] અવિરતિ અને [मिथ्यात्वं] મિથ્યાત્વ [जीवः] જીવ છે [तु] તે તો [उपयोगः] ઉપયોગ છે.

ટીકા :- નિશ્ચયથી જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ અજીવ છે તે તો, અમૂર્તિક ચૈતન્યપરિણામથી અન્ય એવું મૂર્તિક પુદ્‌ગલકર્મ છે; અને જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ જીવ છે તે, મૂર્તિક પુદ્‌ગલકર્મથી અન્ય એવો ચૈતન્યપરિણામનો વિકાર છે.

---

**આસો વદ-૮, રવિવાર, તા. ૨૯-૧૦-૧૯૭૨**
**ગાથા-૮૮-૮૯, પ્રવચન-૨૦૬**

આ સમયસાર, કર્તાકર્મ અધિકાર. ૮૭ ગાથા પૂરી થઈ. ૮૮નો ઉપોદ્‌ઘાત છે જુઓ, '**હવે પૂછે છે કે મિથ્યાત્વાદિકને જીવ અને અજીવ કહ્યા તે જીવ મિથ્યાત્વાદિ અને અજીવ મિથ્યાત્વાદિ કોણ છે?**' શું પ્રશ્ન છે? કે આ આત્મા છે એ ચૈતન્યસ્વરૂપ આનંદસ્વરૂપ શુદ્ધ હોવા છતાં એની વર્તમાનદશામાં મિથ્યાત્વભાવ નામ જૂઠો ભાવ—પરમાં સુખ છે, પરથી સુખ છે, પરથી મને કાંઈક લાભ થાય, હું બીજાને લાભ કરી શકું, બીજાનું કરી શકું એવો જે મિથ્યાત્વ-જૂઠો ભાવ, એ શું ચીજ છે? જીવ અને અજીવ બે કહ્યા છે. એ ભાવ છે એ જીવ છે અને બીજા કર્મ છે જડ એ અજીવ છે શું ઈ? એમ પૂછે છે. ..લાલજી! આ બધી તમારા અભ્યાસ બહારની વાત છે થોડી. મને પૂછતા હતા. ઓલું હાથમાં પુસ્તક હતુંને આ. એનો કાંઈ મેળ કેટલો? કીધું, ઉગમણો-આથમણો ફેર. .. છેને. આહા..હા..! આ ... પુસ્તક પૂનમચંદનું છપાણું છેને. આજે થોડું વાંચ્યું. આહા..હા..! જૈનમાં જન્મ્યા છતાં જૈનની ખબર ન મળે. ગપ મારે. પહેલા કેમ લઈ ગયા તમે હમણા? બાર મહિના જો રહે તો એને પક્ષઘાત થઈ જાત. આવા ગાંડા વાણિયા માને પાછા. અને પાછા કરોડપતિ કહેવાય ધૂળના. ધૂળના પતિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પતો તો ઠીક. પતિ તો આત્મા આનંદસ્વરૂપ છે. એના જ્ઞાનસ્વરૂપનો પતિ શ્રીપતિ થાય ત્યારે પતિ કહેવાય. સમજાણું કાંઈ?

શિષ્યનો પ્રશ્ન છે કે આત્મામાં અને જડમાં બે. મિથ્યાત્વ આદિ ભાવ જડના છે અને એક ચૈતન્યના છે એ શું છે ચીજ? કહો, આ વાત હશે બીજે ક્યાંય વીતરાગ સિવાય? ઓલા કહે અમે અવતાર ધારણ કર્યો તમને ઉદ્ધાર કરવા માટે. તું ક્યાં જઈશ હજી તને ખબર નથી.

મુમુક્ષુ :- વગર મહેનતે છેને.

ઉત્તર :- શેના વગર મહેનતે? વગર મહેનતે ચાલ્યો જાશે. એમ કહે, હું વૈકુંઠથી આવ્યો છું અને હવે એટલા સુધી કેમ નહિ.. એમ કહે છે. હું તો વૈકુંઠથી આવ્યો છું. એવો ભાસ થયો હશે, વ્યંતર-બ્યંતર ભૂતડામાંથી આવ્યો હોય ને... આહા..હા..!

અહીં તો પરમાત્મા એ આત્મા અંદર શુદ્ધ ચૈતન્યઘન ચૈતન્ય ચિંતામણિ વસ્તુ છે. એને મિથ્યાશ્રદ્ધા થાય છે અને એનું નિમિત્ત જે કર્મ છે ઈ જડ છે અને આત્મામાં જે મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષ થાય એ ચૈતન્ય જીવની પર્યાય છે. ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવે એમ કહ્યું એનું શિષ્ય પૂછે છે કે એ શું ભાવ છે અંદર? છેને? '**મિથ્યાત્વાદિકને જીવ...**' કહ્યા. વિપરીત માન્યતા, રાગ-દ્વેષ એવા ભાવને ભગવાને જીવ કહ્યો, પર્યાયમાં એનામાં થાય છેને અને અજીવ કહ્યા. જે કર્મ જડ છે એમાં એ છે એને અજીવ કહ્યા.

એ '**જીવ મિથ્યાત્વાદિ અને અજીવ મિથ્યાત્વાદિ કોણ છે?**' એને પ્રશ્ન કર્યો છે. '**તેનો ઉત્તર કહે છે :—**'

**पोग्गलकम्मं मिच्छं जोगो अविरदि अणाणमज्जीवं।**
**उवओगो अण्णाणं अविरदि मिच्छं च जीवो दु।।८८।।**
**મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ અજીવ, પુદ્ગલકર્મ છે;**
**અજ્ઞાન ને અવિરમણ વળી મિથ્યાત્વ જીવ, ઉપયોગ છે. ૮૮.**

ઝીણો અધિકાર છે. એની ટીકા. ૮૮ની ટીકા એ બાજુ છે. '**નિશ્ચયથી...**' ટીકા છેને? .. આવ્યા હતા તમે જયપુરથી આવ્યા હતા .. આવ્યા હતા કે નહિ? ભાઈ ..લાલ, બેય આવ્યા હતા. સાંજે ઘરે આહાર કરવા ગયા હતા, ભોજન કરવા ગયા હતા. આ વાત બહારની શેઠાઈ જુદી છે. આહા..હા..! જગત ક્યાં ભરમાયું પડ્યું છે? હજી તો કોક આપી દેશે. કોક રોગ ટાળશે. અહીં એમ કહેવાય છેને કે મહારાજની આ (લાકડી) ફરે ત્યાં પૈસા થાય છે. બધી ગપ છે. એના પુણ્ય હોય તો થાય. એ વાતમાં માલ કાંઈ નથી. કોણ કોને આપે? કોણ કોને દે? આહા..હા..!

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ કહે છે કે તારામાં જે મિથ્યાશ્રદ્ધા થાય, પરનું કરી શકું, પરને તારી શકું, બીજાને બુડાડી શકું, બીજાની દયા પાળી શકું, પૈસાને મેળવી શકું, પૈસાનું રક્ષણ કરી શકું, પૈસાને સદ્ઉપયોગે વાપરી શકું. પૈસા જડ. એવી જે માન્યતા છે એને ભગવાન મિથ્યાત્વ કહે છે. કેમકે જડની ક્રિયા જડમાં જડને લઈને થાય. એને ઠેકાણે અજ્ઞાની એમ માને કે મારે લઈને એમાં થાય. આહા..હા..! કહો, ભગવાન થનારને તો બધાને તારી દેવાનો ભાવ છે. ભારે ભાઈ ભગવાન તારો! આહા..હા..! ભગવાનજીભાઈ! બધી આવી ભ્રમણા ચાલે છે. આહા..હા..!

અહીં તો કહે છે કે **'નિશ્ચયથી જે મિથ્યાદર્શન,...'** એટલે દર્શનમોહ કર્મ છે એક જડ. સમજાય છે કાંઈ? અહીંયા મિથ્યાશ્રદ્ધા કરે જીવ ત્યારે એમાં એક જડ કર્મ નિમિત્ત છે. એ જડ કર્મ નિમિત્ત છે એને અહીં દર્શનમોહની પર્યાય અજીવ તરીકે કહેવામાં આવે છે. એ કર્મની અવસ્થા અજીવ છે. **'મિથ્યાદર્શન, અજ્ઞાન,...'** એ જ્ઞાનાવરણીય અંદર કર્મ છે જડ, એનો ઉદયભાવ અજ્ઞાન છે, એ અજીવ છે. **'અવિરતિ...'** અને ચારિત્રમોહની દશા અંદર પડી છે જડમાં એને અવિરતિ તરીકે જડની દશા કીધી છે. **'ઇત્યાદિ અજીવ છે તે તો,...'** જડ કર્મ અંદર દર્શનમોહ, ચારિત્રમોહ, જ્ઞાનાવરણીય એ બધી અંદર જડની દશા છે. એ જડની દશા આત્મા કરી શકે નહિ અને એ જડની દશા આત્મા ટાળી શકે નહિ. આહા..હા..! આ તો દુનિયાનું કાંઈકનું કરી દઉં, કહે છે.

એ અજીવ અને જે **'અમૂર્તિક ચૈતન્યપરિણામથી અન્ય...'** આત્મા તો અમૂર્ત છે. રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. એવો જે આત્મા **'અમૂર્તિક ચૈતન્યપરિણામ...'** ભગવાન આત્મામાં તો રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાના મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, રાગ-દ્વેષના પરિણામ એ બધા ચૈતન્યપરિણામ અમૂર્તિક (છે). એનાથી **'એવું મૂર્તિક પુદ્‌ગલકર્મ છે;...'** સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય એ તો અરૂપી છે. એમાં રંગ, રસ, ગંધ, સ્પર્શ નથી. તો એ ચૈતન્યના જે પરિણામ છે મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષના ભાવ જે દુઃખદાયક છે એ તો અમૂર્ત ચૈતન્યના પર્યાય પરિણામ છે. એનાથી વિરુદ્ધ મૂર્તિક પુદ્‌ગલ કર્મ છે એ જડની દશા છે. પંડિતજી! ક્યા? ચૈતન્યના જે પરિણામ છે એ અરૂપી છે. એનાથી જડ કર્મના પર્યાય જે છે એ અજીવ છે. એ ચૈતન્યના પરિણામથી અન્યભાવવાળા છે. આહા..હા..! કર્મ છેને કર્મ આઠ? આ જાડા છે ઘણા રજકણો. અંદર ઝીણા રજકણ છે કર્મ. આ પુણ્યાદિના રજકણ પડ્યા હોય. ઉદયને કાળે આ લક્ષ્મી આદિ દેખાય છેને ધૂળને. એ અંદર એક કર્મ છે. એ કર્મ જડની અવસ્થા છે, આત્માની નહિ. સમજાણું કાંઈ?

એ આઠ કર્મ છે એ જડની અવસ્થા છે. દર્શનમોહ હો, ચારિત્રમોહ હો, જ્ઞાનાવરણીય હો, અંતરાય હો એ બધા કર્મ અંદર અજીવ જડની પર્યાય છે. કેવી એ પર્યાય છે? કે આત્મા અમૂર્ત એના ચૈતન્ય પરિણામથી અન્ય જાત છે એ. આહા..હા..! કોઈ દિ' સાંભળ્યું અને વિચાર્યું ન હોય લ્યો! એમને એમ આંધળે આંધળા ચાલ્યો જાય છે અનંતકાળ રખડવા ચોર્યાશીના અવતારમાં.

કહે છે, ખરેખર તો દર્શનમોહ એક જડ છે, ચારિત્રમોહ એક જડ છે, જ્ઞાનાવરણીય એક જડ છે. **'ઇત્યાદિ અજીવ છે...'** ઇત્યાદિમાં યોગ કર્મનો ઉદય એ બધા જડ છે. **'તે તો, અમૂર્તિક ચૈતન્ય પરિણામથી અન્ય...'** ... કાલે જવાના છેને. અહીં નહોતા ત્યારે નહોતું થયું, અહીં આવ્યા ત્યારે થયું. આ .. ઈ પુણ્ય છે. પણ એ પુણ્યને લઈને

થાય છે? આહા..હા..! એની અવસ્થાને લઈને ત્યાં થાય છે. આહા..હા..! કહે છે કે ભગવાન આત્મા તો અંદર રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો અમૂર્તિક છે. એ અમૂર્તિક ચૈતન્યના જે પરિણામ, અરૂપી જે પરિણામ છે આત્માના એનાથી અન્ય એવું કર્મ એ જડની પર્યાય છે.

**'અને જે મિથ્યાદર્શન,...'** હવે જીવના પરિણામ લીધા. જે મિથ્યાશ્રદ્ધા. આ પૈસા મળે તો લાભ થાય, પૈસા મળે તો સુખ થાય, આ પુણ્ય કરું તો ધર્મ થાય એવી જે મિથ્યા માન્યતા. મિથ્યાશ્રદ્ધા, જૂઠી શ્રદ્ધા તે જીવના પરિણામ છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું! આવી વાત હશે બીજે ક્યાંય? ભગવાન ... ભૂત-ભવિષ્યની વાત કરે છે ભાઈ કોક કહે છે. કાંઈક આવ્યો હશે વ્યંતર-બ્યંતરમાંથી તો કરતો હોય. એને ભાન ક્યાં છે? આહા..હા..!

મુમુક્ષુ :- આત્માની કાંઈ વાત કરે છે?

ઉત્તર :- આત્મા-ફાત્માની કાંઈ નહિ. આત્માની ક્યાં...? હું આમ કરી દઈશ બધાનું, કરી દઈશ. વાણિયા પણ ચાલી નીકળ્યા. ગાંડા છેને. અવતારી પુરુષ છું, હું અવતર્યો છું, સત્ય સાંઈબાબા છું કહે છે લ્યો. ભગવાન સાંઈબાબા. વાણિયા પણ મૂર્ખ જેવા ભર્યા છે. આવા તે કાંઈ. એય..! સ્વરૂપચંદભાઈ! આહા..હા..! ત્યાં ભળ્યા કેટલાક. કેટલાક ત્યાં ભળ્યા કે ઓહો..હો..! વીતરાગમાર્ગ સિવાય આ વાત સાચી ક્યાંય ત્રણ કાળમાં બીજે હોઈ શકે નહિ. હજી એને કર્મ શું અને વિકાર શું એનું ક્યાં ભાન છે? આહા..હા..!

અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે, એ સંતો કહે છે કે ભાઈ! જે અંદર મિથ્યાદર્શન કર્મ છે દર્શનમોહ, ચારિત્રમોહ એ અજીવ છે. એ ચૈતન્યના પરિણામથી અન્ય અજીવ છે અને ચૈતન્યના જે પરિણામ મિથ્યાશ્રદ્ધા... આહા..હા..! મહાદુઃખદાયક માન્યતા, ભ્રમણા. કોઈક મને તારી દેશે અને હું બીજાને તારી દઈશ અને હું બીજાને ઉગારી દઈશ અને બીજાથી હું ઉગરી જઈશ. આવી જે માન્યતા એ મિથ્યાદર્શન જૂઠાણ છે. મહાપાપ મોટામાં મોટું છે, કહે છે. એ પાપના પરિણામ જીવના છે. સમજાણું કાંઈ?

**'મિથ્યાદર્શન, અજ્ઞાન,...'** આત્મામાં સ્વરૂપનું અભાન એવું અજ્ઞાન એ પણ જીવના પરિણામ છે અને **'અવિરતિ,...'** રાગનો આસક્તિભાવ. રાગની અસ્થિરતાનો ભાવ એ અવિરતિભાવ એ જીવના પરિણામ છે. **'ઇત્યાદિ જીવ છે તે,...'** જીવની એ અવસ્થા છે. જીવમાં એ કરે, જીવ કરે તો થાય છે. સમજાણું કાંઈ? **'મૂર્તિક પુદ્‌ગલકર્મથી અન્ય...'** એ કર્મ જે જડ છે એનાથી આત્માના આ પરિણામ **'અન્ય એવો ચૈતન્યપરિણામનો વિકાર છે.'** આહા..હા..! સમજાય છે કાંઈ? અરીસામાં. દાખલો આવી ગયો અરીસાનો. અરીસો સમજો છો? ચંદ્રકાંત. શીશો. અરીસો હોય છેને. સામે મોરનો દાખલો આવ્યો હતો. મોર જે છે મોર સામે, એ મોરમાં મોર છે અને જે છાયાં દેખાય છે અરીસામાં પ્રતિબિંબ એ મોર નથી, એ તો અરીસાની અવસ્થા છે. એ તો શીશા-અરીસાની દશા છે. મોર કાંઈ પેસી

ગયો નથી અંદર. મોર-મોરની પેઠે પોતાની અવસ્થા ભિન્ન રાખે છે. એમ કર્મ જે જડ છે એ પોતાની અવસ્થા ચૈતન્ય પરિણામથી ભિન્ન રાખે છે. આહા..હા..! અને અરીસામાં જેમ એ લાલ, વાદળી દેખાય એ મોર નથી, એ તો અરીસાની અવસ્થા છે. એમ ચૈતન્યના પ્રકાશમાં મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષ જે જણાય એ જીવની અવસ્થા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જીવે કરેલા કામ છે એના. આહા..હા..! .. વાત છેને અત્યારે? આહા..હા..!

અહીં તો એ કહેવું છે કે તારી વિપરીત માન્યતા અને રાગ-દ્વેષના પરિણામનો કર્તા તું. અને એનું સ્વતંત્રતાનું કરવાપણું છે. કર્મને લઈને એ વિકાર થાય છે, કર્મ કર્તા અને વિકાર ઈ એનું કાર્ય એમ નથી. તેમ તારા પરિણામ વિકારી તું કર, ભેગા કર્મને બાંધવાની ક્રિયા પણ તું કર એ બે વાત એક આત્મા કરી શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પણ અનાદિથી રખડે. રખડપટ્ટી પણ ક્યાં રખડે છે એની એને ખબર ન મળે. દુઃખી છે આ બધા. રતનલાલજી! આ બધા પૈસાવાળા તમે દુઃખી છો હોં. સુખી કહે તો મૂર્ખ છો બધાય પાગલ. આહા..હા..!

કહે છે કે એ મૂર્તિક જે જડ કર્મ છે એનાથી જીવના ભાવ, અરીસાના ભાવ એ મોરથી જુદા છે. એમ જડની અવસ્થાથી કર્મની દશાથી આત્માના થતા વિકારી ભાવ એ જડથી જુદા છે. '**એવો ચૈતન્યપરિણામનો વિકાર છે.**' એટલો પણ હજી ભેદ પાડતા ન આવડે, એટલોય ભેદ પાડવાની જેને તાકાત ન મળે એને રાગથી ભિન્ન ભગવાન આત્મા છે એવું જ્ઞાન કરે અને દર્શન કરે તો ધર્મ થાય, એ વિના ધર્મ થતો નથી. આહા..હા..! જન્મ-મરણને ગાળવાની દવા આ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પણ એ રાગ-દ્વેષ વિકાર પોતે કરે છે તો થાય છે. કોઈ કર્મ કરાવે છે અને સંયોગો એને કરાવે છે એમ છે નહિ. તેમ એ સંયોગી દશા આત્મા કરે છે (એમ નથી). કહો, આ ધંધાપાણી કરે બધા. શું હશે તમારા ધંધા? શણનો. પાકિસ્તાનમાં હતોને. ભાઈને હતો. ... આહા..હા..! કહે છે કે એ શણના ધંધાની અવસ્થા જીવ ન કરી શકે. એ તો જડ છે. એ સંચો ચલાવી શકે નહિ, સંચાથી થાય નહિ. અરે! સંચાથી એ શણનું કપડું ન થાય એમ કહે છે અહીં તો. એ શણનું કપડું શણને લઈને થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આવું જ્યાં સ્વતંત્ર છે. એની ખબરું ન મળે, બિચારા ભરમાઈ જઈને માથા ફોડે જ્યાં ત્યાં. આહા..હા..! જીવન ચાલ્યા જાય છે. જીવન ચાલ્યા ગયાને ઘણાના. આહા..હા..!

કહે છે કે મિથ્યાશ્રદ્ધા તેં કરી છે. કોઈએ કરી નથી, કોઈએ કરાવી નથી અને તારા કર્યા વિના એ થઈ (એમ) નથી. એમ રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ભાવ એ બધા જીવના પરિણામ છે. એ જીવે કરેલા છે. જીવ કરે તો થાય છે, જીવ ન કરે તો ન થાય એવો એનો સ્વભાવ છે. આહા..હા..!

## ગાથા-૮૯

मिथ्यादर्शनादिश्चैतन्यपरिणामस्य विकारः कुत इति चेत् —

उवओगस्स अणाई परिणामा तिण्णि मोहजुत्तस्स।
मिच्छत्तं अण्णातं अविरदिभावो य णादव्वो।।८९।।
उपयोगस्यानादयः परिणामास्त्रयो मोहयुक्तस्य।
मिथ्यात्वमज्ञानमविरतिभावश्च ज्ञातव्यः।।८९।।

उपयोगस्य हि स्वरसत एव समस्तवस्तुस्वभावभूतस्वरूपपरिणामसमर्थत्वे सत्यनादिवस्त्वन्तरभूतमोहयुक्तत्वान्मिथ्यादर्शनमज्ञानमविरतिरिति त्रिविधः परिणामविकारः। स तु तस्य स्फटिकस्वच्छताया इव परतोऽपि प्रभवन् दृष्टः। यथा हि स्फटिकस्वच्छतायाः स्वरूपपरिणामसमर्थत्वे सति कदाचिन्नीलहरितपीततमालकदलीकांचन-पात्रोपाश्रययुक्तत्वान्नीलो हरितः पीत इति त्रिविधः परिणामविकारो दृष्टः, तथोपयोगस्याना-दिमिथ्यादर्शनाज्ञानाविरतिस्वभाववस्त्वन्तरभूतमोहयुक्तत्वान्मिथ्यादर्शनमज्ञानमविरतिरिति त्रिविधः परिणामविकारो द्रष्टव्यः।

---

હવે ફરી પૂછે છે કે મિથ્યાદર્શનાદિ ચૈતન્યપરિણામનો વિકાર ક્યાંથી થયો? તેનો ઉત્તર કહે છે :-

છે મોહયુત ઉપયોગના પરિણામ ત્રણ અનાદિના,
-મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા. ૮૯.

ગાથાર્થ :- [मोहयुक्तस्य] અનાદિથી મોહયુક્ત હોવાથી [उपयोगस्य] ઉપયોગના [अनादय:] અનાદિથી માંડીને [त्रय: परिणामा:] ત્રણ પરિણામ છે; તે [मिथ्यात्वम्] મિથ્યાત્વ, [अज्ञानम्] અજ્ઞાન [च अविरतिभाव:] અને અવિરતિભાવ (એ ત્રણ) [ज्ञातव्य:] જાણવા.

ટીકા :- જોકે નિશ્ચયથી પોતાના નિજરસથી જ સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે, તોપણ (આત્માને) અનાદિથી અન્ય-વસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી, આત્માના ઉપયોગનો, મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે. ઉપયોગનો તે પરિણામવિકાર, સ્ફટિકની સ્વચ્છતાના પરિણામવિકારની જેમ, પરને લીધે (-પરની ઉપાધિને લીધે) ઉત્પન્ન થતો દેખાય છે. તે

સ્પષ્ટપણે સમજાવવામાં આવે છે :- જેમ સ્ફટિકની સ્વચ્છતાનું સ્વરૂપ-પરિણમનમાં (અર્થાત્ પોતાના ઉજ્જ્વળતારૂપ સ્વરૂપે પરિણમવામાં) સમર્થપણું હોવા છતાં, કદાચિત્ (સ્ફટિકને) કાળા, લીલા અને પીળા એવા તમાલ, કેળ અને કાંચનના પાત્રરૂપી આધારનો સંયોગ હોવાથી, સ્ફટિકની સ્વચ્છતાનો, કાળો, લીલો અને પીળો એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે, તેવી રીતે (આત્માને) અનાદિથી મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ જેનો સ્વભાવ છે એવા અન્ય-વસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી, આત્માના ઉપયોગનો, મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખવો.

ભાવાર્થ :- આત્માના ઉપયોગમાં આ ત્રણ પ્રકારનો પરિણામવિકાર અનાદિ કર્મના નિમિત્તથી છે. એમ નથી કે પહેલાં એ શુદ્ધ જ હતો અને હવે તેમાં નવો પરિણામવિકાર થયો છે. જો એમ હોય તો સિદ્ધોને પણ નવો પરિણામવિકાર થવો જોઈએ. પણ એમ તો થતું નથી. માટે તે અનાદિથી છે એમ જાણવું.

---

## ગાથા-૮૯ ઉપર પ્રવચન

'હવે ફરી પૂછે છે કે મિથ્યાદર્શનાદિ ચૈતન્યપરિણામનો વિકાર ક્યાંથી આવ્યો?' શું પ્રશ્ન કરે છે હવે? કે જે આત્મામાં મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષ એ વિકાર છે, એ વિકાર આવ્યો ક્યાંથી? સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાનનો પુંજ પ્રભુ (છે). સર્વજ્ઞ પરમેશ્વરે જે પ્રગટ કર્યો એવો જ આ આત્મા છે. એમાં તો સર્વજ્ઞ ઠરાવ્યો છે ભાઈ એમાં તો. સર્વજ્ઞ... આહા..હા..! વાણિયા માનનારા કેવા? એય..! હરિભાઈ! જૈનમાં જન્મેલા. વાડામાં તો વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકર કોણ છે? જેને તીર્થંકર તરીકે પિતા મળ્યા, ધર્મ પિતા હવે એને આવી ભ્રમણા!

અહીં તો ભગવાન પૂછે છે શિષ્ય ગુરુને. મહારાજ! એ આત્મામાં, તમે આત્માના પરિણામ કહ્યા મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષ, વિકારના તો એ થયો ક્યાંથી? વિકાર થયો ક્યાંથી? છે? 'વિકાર ક્યાંથી થયો?' આહા..હા..! ૮૯.

उवओगस्स अणाई परिणामा तिण्णि मोहजुत्तस्स।
मिच्छत्तं अण्णातं अविरदिभावो य णादव्वो।।८९।।

નીચે હરિગીત.

**છે મોહયુત ઉપયોગના પરિણામ ત્રણ અનાદિના,**
**-મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા. ૮૯.**

આહા..હા..! લ્યો, મુદ્દાની રકમ આવી હવે.

'**ટીકા :- જોકે નિશ્ચયથી...**' નિશ્ચય એટલે ખરેખર, સાચેસાચ કહીએ અને જાણીએ તો '**પોતાના નિજરસથી જ સર્વ વસ્તુઓનું...**' પોતાની શક્તિથી, પોતાના સ્વભાવથી, પોતાના સામર્થ્યથી જ '**સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત...**' પોતાની જે સ્વભાવરૂપ શક્તિ એવા સ્વરૂપે પરિણમનમાં સમર્થપણું છે. ખરેખર તો દરેક ચીજને પોતાના સ્વભાવપણે, સ્વભાવનું પરિણમનનું સમર્થપણું છે. શું કીધું સમજાણું? '**જોકે...**' ખરેખર. નિશ્ચય નામ ખરેખર, સાચેસાચું જોઈએ તો '**પોતાના નિજરસથી...**' આત્મા હો કે રજકણ હો. આ પરમાણુ, આ માટી કે આત્મા એ બેય નિજરસથી—પોતાના સામર્થ્યથી, પોતાની શક્તિથી, નિજસ્વભાવથી '**સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત...**' જુઓ, આ નિશ્ચય ત્રિકાળ સ્વભાવની વાત છે હોં! વિકારી પરિણામ છે એ સ્વભાવભૂત નહિ. આહા..હા..!

દરેક ચીજની શક્તિ અને એના સ્વભાવથી જુઓ તો એ સ્વભાવ તેવા સ્વરૂપ પરિણમન, સ્વરૂપનું શુદ્ધરૂપે પરિણમન જીવમાં, જડમાં જડ તરીકે એનું '**સમર્થપણું છે,...**' સામર્થ્ય તો આ છે. આહા..હા..! શું કહે છે? કે મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષનું પરિણમવું એના સ્વભાવમાં નથી. એ સ્વભાવનું સામર્થ્ય નથી. આહા..હા..! ભગવાન આત્મા તો જ્ઞાન અને આનંદનો પુંજ પ્રભુ છે. એના સ્વભાવનું સામર્થ્ય તો પોતાના સ્વભાવનું સ્વભાવભૂત નિર્મળદશા એનું સમર્થપણું કરવામાં છે. આહા..હા..! પરનું કરવાપણું તો છે જ નહિ. જીવ પરની દયા પાળે, ... શકે, પૈસા રાખી શકે, બંગલા બનાવી શકે કે બોલી શકે એ તો છે નહિ. પણ એનામાં જે વિકાર થાય એ ખરેખર એના સ્વભાવનું સામર્થ્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિજરસથી જ સર્વ વસ્તુઓનું...**' આહા..હા..! '**પોતાના સ્વભાવભૂત...**' પોતાનો સ્વભાવ જે છે ત્રિકાળી શુદ્ધ એને '**સ્વરૂપ-પરિણમનમાં...**' એના સ્વરૂપની દશા થવી એવું એમાં '**સમર્થપણું છે,...**' સમજાય છે કાંઈ? રાગ-દ્વેષ અને પુણ્યપણે થવું એ એનો સ્વભાવ નથી. આ દયા, દાનના પરિણામ કે રળવાના, ભોગના, વિષય-વાસનાના પરિણામ એ થવા એ એના સ્વભાવનું સામર્થ્ય નથી. આહા..હા..! ખરેખર પોતાના એટલે અપના '**નિજરસથી જ...**' જુઓ, અહીં તો એકાંત કર્યું, ભાઈ! એકાંત કર્યું છે. વિભાવરૂપે પરિણમે છે એવો સ્વભાવ નથી. આહા..હા..! પ્રભુ! તારું સામર્થ્ય! તું જ્ઞાન અને આનંદરૂપે થા એ તારું સામર્થ્ય છે. રાગ અને પુણ્ય અને દયા, દાનના રાગરૂપે થવું એ તારું સામર્થ્ય સ્વભાવ નથી. પણ કેમ એ થાય છે એની હવે વાત અહીં વર્ણવે છે. આહા..હા..! અરે! સાચી વાત એણે સાંભળી નહિ. સાંભળવાના ટાણા આવ્યા એ ગુમાવ્યા. આહા..હા..! દુનિયા તો વખાણ

કરે. પાગલ દુનિયા ગાંડા, પાગલ પાગલના વખાણ કરે. આહા..હા..! ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન છે. એ ભગવાન એમ કહે છે કે ભાઈ! દરેક ચીજ પોતાનો મૂળ સ્વભાવ છે ત્રિકાળી એના પણે પરિણમવું અવસ્થામાં એવું સામર્થ્ય છે એનું. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સ્વભાવભૂત એવા સ્વરૂપ-પરિણમનમાં...**' જુઓ, ત્યાં પરિણમનને સ્વભાવભૂત કીધો પાછો. એ પોતાના સ્વભાવભૂત. સ્વભાવ જે ત્રિકાળી આનંદ આદિ એનું જે પરિણમન. એવા '**સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે,...**' જુઓ, સમજાણું કાંઈ? '**તોપણ...**' ત્યારે હવે ગડબડ કેમ થઈ કહે છે. ચૈતન્યસ્વરૂપ ભગવાન ત્રિકાળ આનંદમૂર્તિ પ્રભુ એનું સામર્થ્ય તો શુદ્ધ જ્ઞાન અને આનંદપણે થવું એ એનું સામર્થ્ય છે. આહા..હા..! એ એનું કાર્ય છે અને એ ખરેખર એનો કર્તા છે. સમજાણું કાંઈ? આવું હોવા છતાં '**અનાદિથી...**' આત્માને '**અન્ય-વસ્તુભૂત મોહ...**' એક બીજી ચીજ કર્મ જડ છે એની સાથે એનું સંયુક્તપણું-જોડાણ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાનો જે અવિનાશી આનંદસ્વભાવ, અતીન્દ્રિય આનંદસ્વભાવ, એવા આનંદપણે પરિણમવું, આનંદપણે થવું, આનંદપણાની અવસ્થા પ્રગટ કરવી એ જ એનું સામર્થ્ય છે. સમજાણું કાંઈ? બીજાનું કરવું એ તો સામર્થ્ય નથી, પણ રાગ વિકાર કરવો એનો સ્વભાવ સામર્થ્ય નથી એમ કહે છે. પર્યાયમાં ભૂલ છે, વસ્તુમાં એ છે નહિ. સમજાણું કાંઈ? સમજાય છે આમાં?

આત્મા જ્ઞાન જાણવું-દેખવું, આનંદ એવો એનો ત્રિકાળી સ્વભાવ છે. જેવી ત્રિકાળી પોતે ચીજ છે એવો જ એનો જ્ઞાન, દર્શન, આનંદ ત્રિકાળી સ્વભાવ છે અને એ સ્વભાવપણે થવું, વસ્તુના સ્વભાવપણે થવું, તેનાપણે પરિણમવું એ એનું સામર્થ્ય છે. હરિભાઈ! છતાં વિકાર આવ્યો ક્યાંથી ત્યારે? એમ પૂછ્યું છેને? એમ પૂછ્યું છે. આહા..હા..! આ રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના લાકડા ગર્યા ક્યાંથી તને? પર શરીર તો આવ્યું નથી એમાં. પણ આ પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભ વિકાર અને એ મારા એવી મિથ્યાશ્રદ્ધા ઈ એનું સ્વભાવનું સામર્થ્ય ન હોવા છતાં થયું શું આ? ભાઈ! છે તો આવો એનો સ્વભાવ સામર્થ્ય. પણ અનાદિથી અન્ય વસ્તુ ભગવાન આત્માથી અનેરી ચીજ છે એક અંદર જેને મોહકર્મ કહીએ... આહા..હા..! એ અન્યવસ્તુભૂત છે. તારી ચીજમાં નથી. અન્ય વસ્તુ તરીકે ટકી રહેલા છે કર્મ.

એ '**મોહ સાથે સંયુક્તપણું...**' મોહને લઈને પરમાં સંયુક્ત એમ નહિ. પોતે (જોડાય થાય છે). એક અન્યવસ્તુ અંદર કર્મ છે એનું સંયુક્તપણું, સમ્યક્ પ્રકારે એનું જોડાણ કરે છે. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ પ્રભુ છે એનું પરિણમવું એ જ એનું સામર્થ્ય અને એ જ શક્તિ અને એ જ સત્ત્વ એનું એવું છે. છતાં અનાદિથી મોહ

નામનું એક કર્મ જડ છે એનો સમ્યક્ પ્રકારે એક સંબંધ છે એને. એ સંબંધ એણે કર્યો છે. સમજાય છે કાંઈ? જેનું નિર્મળ આનંદરૂપે થવું એવું સામર્થ્ય હોવા છતાં અન્ય વસ્તુ એક કર્મ છે એના સંયુક્તના સંબંધને કારણે '**આત્માના ઉપયોગનો,...**' એ આત્માના જાણવા-દેખવાના વેપારમાં '**મિથ્યાદર્શન,...**' '**આત્માના ઉપયોગનો, મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ તેમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે.**' ઝીણી તો વાત છેને ભાઈ! અનંતકાળથી એણે કોઈ દિ' કર્યું નથી, કરવા જેવું કર્યું નથી. નહિ કરવાના વિકાર ઊંધા ભાવ કર્યા છે. પરનું તો કર્યું છે જ નહિ. સવળું કર્યું નથી અને પરનું કર્યું નથી. અવળું કર્યું છે અંદર. સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન આત્મા ત્રિકાળી એનો સ્વભાવ તો અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે. અને તેનું સ્વભાવનું પરિણમન થવું એ તો સ્વભાવ છે તેનું પરિણમન થવું એ એનો સ્વભાવ છે. વિભાવપણે થવું એ એનો સ્વભાવ નથી. આ પર્યાયમાં થાય છે ઈ હવે બતાવવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ કરતાં તો ભાઈ વ્રત પાળવા, અપવાસ કરવા, જાત્રા કરવી અને દાન દેવા. જાવ. ધૂળેય નથી ધર્મ, સાંભળને તારા દાન અને જાત્રા. એ તો રાગની ક્રિયા છે. સમજાય છે કાંઈ? એ રાગરૂપે ન થવું એ તો એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

જ્ઞાનસ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ, બ્રહ્મ શબ્દે આનંદ, એવો જ્ઞાન અને આનંદનો નાથ પ્રભુ પોતે એને જ્ઞાનપણે—જ્ઞાતા અને દૃષ્ટા અને આનંદપણે થવું એ એનું બળ અને એ એનું સામર્થ્ય છે. પણ એને ભૂલીને અનાદિથી એક જડ કર્મ આત્માથી અન્ય વસ્તુ છે, અનેરી વસ્તુ એની હયાતીએ છે એની સાથે સંયુક્ત છે. સંબંધ કર્યો છે એણે. સ્વભાવથી સંબંધ અનાદિનો તોડ્યો છે અને કર્મનો સંબંધ અનાદિનો એણે કર્યો છે. સંબંધ કર્યો છે હોં! કર્મે એને કાંઈ કર્યું નથી. કર્મનો સંગ કર્યો એણે. આમ અસંગ ચીજને ભૂલી અને કર્મના જડનો એણે અનાદિનો સંગ કર્યો છે. આહા..હા..! અજીવતત્ત્વનો એણે સંગ કર્યો. ભારે વાતું ભાઈ આહા..હા..!

અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ, ભૂલ કેમ થઈ એ પણ બતાવે છે અને એ ભૂલને ભાંગવી એ તારું સ્વરૂપ છે એમ કહે છે. ભૂલને રાખવી કે કરવી એ તારો સ્વભાવ નથી. આહા..હા..! કહે છે, એ મોહકર્મની સાથે એને સંયુક્તપણું (છે). અન્ય વસ્તુ કીધી છેને એ? મોહ એટલે વિકારી પરિણામ નહિ. કર્મ અન્ય વસ્તુ. કર્મ જડ છે એક મોહ. આઠ કર્મમાં એક મોહ કર્મ છે અજીવ, માટી, ધૂળ ઝીણી. એના સંયુક્તપણાને લઈને. સંયુક્ત સંબંધ હોવાથી, સંબંધ હોવાને કારણે એમ. '**આત્માના ઉપયોગનો,...**' આત્માના જાણવા-દેખવાનો જે વેપાર એ એનું સ્વરૂપ છે એ તો, પણ એનો જાણવા-દેખવાનો ઉપયોગ મિથ્યા શ્રદ્ધાપણે

થાય છે. મિથ્યા માન્યતાપણે એના પરિણામ વિકાર થાય છે. ભારે વાતું આમાં હવે. અંદરની વાતું, બહાર સાથે કાંઈ મેળ ન મળે. શરીર સાથે શું? આ તો માટી-ધૂળ છે. આ તો જગતના રજકણ માટી છે આ. સંયોગે સ્થિતિ આવી છે અને સ્થિતિ પૂરી થઈને છૂટા પડી જશે. એને કાંઈ આત્મા સાથે સંબંધ નથી. કર્મ પણ એને કારણે આવે અને જાય છે. પણ પોતાનો ત્રિકાળી ભગવાન આત્મા એની સ્વતંત્રતાના શુદ્ધ સ્વભાવના ભાન વિના અજ્ઞાનને લઈને એ કર્મનો સંબંધ કરે છે અંદર કહે છે. કર્મ સંબંધ આપે છે એ અહીંયા પ્રશ્ન નથી. એ પરનું લક્ષ કરે છે. એના લક્ષના સંબંધને કારણે **'આત્માના ઉપયોગનો,...'** જાણવા-દેખવાનો ભાવ એ ઉપયોગ જીવનો. એમાં **'મિથ્યાદર્શન,...'** એ મિથ્યાશ્રદ્ધા (અર્થાત્) શરીર અને પૈસાની સગવડતાએ હું સુખી છું. એવો જે મૂઢ જીવ મિથ્યાશ્રદ્ધાને કરે છે. આ છોકરા સારા, કુટુંબ સારું, દેશ સારો મળ્યો લ્યો! આર્યદેશમાં અવતાર. માટે એટલી સગવડતા છે કે નહિ? નહિ? તો આ અગવડતા હશે? સગવડતા-અગવડતા ક્યાં? એ તો પરની ચીજ છે, પર છે. આહા..હા..! એણે એને એવું માન્યું. એણે એને એવું માન્યું કે આ હોય તો મને ઠીક પડે છે. એવી જે મિથ્યાશ્રદ્ધા, એના ઉપયોગના પરિણામની દશા છે. એ કોઈએ કરાવી નથી. એનો સ્વભાવ સામર્થ્ય ન હોવા છતાં પર્યાયમાં પરના સંબંધે આવો ભાવ ઉપયોગમાં વિકાર મિથ્યાદર્શન થાય છે. આહા..હા..! મિથ્યાશ્રદ્ધા. **'અજ્ઞાન,...'** સ્વરૂપનું અજ્ઞાનપણું એ પણ એક જીવના પર્યાયમાં, પરિણામમાં, દશામાં થાય છે **'અને અવિરતિ...'** અત્યાગભાવ, રાગનો અત્યાગભાવ એટલે રાગભાવ. આસક્તિ એવો જે ભાવ **'એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે.'** આહા..હા..! એ ત્રણ પ્રકારનો પરિણામ એટલે જીવની પર્યાયમાં વિકાર છે. આહા..હા..! દોષ છે. સમજાણું કાંઈ?

એ **'ઉપયોગનો તે પરિણામવિકાર, સ્ફટિકની સ્વચ્છતાના પરિણામ-વિકારની જેમ,...'** હવે એ જાણવા-દેખવાના ભાવમાં એ અન્ય કર્મના લક્ષને કારણે, સંબંધને કારણે જીવની પર્યાયમાં મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને રાગ-દ્વેષ થાય છે એ **'પરિણામ-વિકારની જેમ,...'** પરિણામ-વિકાર છે. એ **'ઉપયોગનો તે પરિણામવિકાર, સ્ફટિકની સ્વચ્છતાના પરિણામ-વિકારની જેમ,...'** દૃષ્ટાંત આપે છે. સ્ફટિક છે એ તો નિર્મળ છે. સ્ફટિક પત્થર છેને પત્થર? સ્ફટિક રત્ન. 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવસ્વભાવ.' જીવનો સ્વભાવ તો સ્ફટિકની પેઠે સ્વચ્છ નિર્મળ છે પણ એ સ્ફટિકને.. દાખલો આપે છે જુઓ.

એ **'ઉપયોગનો તે પરિણામવિકાર, સ્ફટિકની સ્વચ્છતાના પરિણામ-વિકારની જેમ, પરને લીધે (-પરની ઉપાધિને લીધે) ઉત્પન્ન થતો દેખાય છે.'** એ વિકાર ઉત્પન્ન થતો દેખાય છે. વસ્તુમાં નથી, સામર્થ્ય નથી. આહા..હા..! પણ અવસ્થામાં એ ત્રણ પ્રકારનો વિકાર દેખાય છે. **'તેમ સ્પષ્ટપણે સમજાવવામાં આવે છે :—જેમ સ્ફટિકની સ્વચ્છતાનું**

**સ્વરૂપ...'** સ્ફટિક છેને? સ્ફટિક આવે છે. સ્ફટિકની મૂર્તિ છે આપણે અહીં છેને. આ ઘોઘામાં તો આવડી મોટી સ્ફટિકની છે. આ ઘોઘા છેને. ત્યાં પણ હતી, ફિરોઝાબાદમાં. સ્ફટિકની હતી, દેરાસરમાં ગયા હતા. **'સ્ફટિકની સ્વચ્છતા...'** એ સ્ફટિક એવું હોય છે કે સ્વચ્છ હોય છે. એ **'સ્વચ્છતાનું સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું હોવા છતાં,...'** શું કહે છે? એ સ્ફટિકને તો **'(અર્થાત્ પોતાના ઉજ્જ્વળતારૂપ સ્વરૂપે પરિણમવામાં) સમર્થપણું...'** છે. સ્ફટિક રત્ન છે એ તો ઉજ્જ્વળ છે અને ઉજ્જ્વળપણે થવાનું એનું સામર્થ્ય છે. સ્ફટિકમાં મેલપણે થવું, રાતા રંગ અને કાળા રંગપણે થવું એવો સ્ફટિકનો સ્વભાવ નથી.

**'જેમ સ્ફટિકની સ્વચ્છતાનું સ્વરૂપ-પરિણનમાં સમર્થપણું હોવા છતાં,...'** સ્ફટિક તો સ્વચ્છપણે, ઉજ્જ્વળપણે થાય ઈ એનું સામર્થ્ય છે. **'છતાં, કદાચિત્ (સ્ફટિકને)...'** એમ. કોઈ કાળે એને **'કાળા, લીલા અને પીળા એવા તમાલ, કેળ અને કાંચનના પાત્રરૂપી...'** તમાલ હોય. આવે છેને? કાળા પાંદડા હોય છે. લીલા કેળ અને પીળા કંચન એના પાત્ર હોય પાત્ર. વાસણ, પાત્ર. **'કાંચનના પાત્રરૂપી આધારનો સંયોગ હોવાથી,...'** એ સ્ફટિક એમાં મૂક્યું હોય તો સ્ફટિકની સ્વચ્છતાનો.. ઓલામાં ઉપયોગ લીધેલો છે. **'કાળો, લીલો, પીળો એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે,...'** એ સ્વચ્છતા હોવા છતાં એ સ્ફટિકની વર્તમાનદશામાં એને કાળા, લીલા, પીળા ફૂલનો સંયોગ, પત્થરનો સંયોગ રંગનો સંયોગ હોવાથી એમાં સ્વચ્છતામાં પર્યાયમાં, વર્તમાન હાલતમાં **'કાળો, લીલો, પીળો એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે,...'** શેમા? સ્ફટિકમાં. કાળું ફૂલ મૂકે તો કાળું દેખાય. એ મૂળ સ્ફટિકનો સ્વભાવ કાળારૂપે થવાનો નથી, પણ પર્યાયમાં સ્ફટિકને કાળા તમાલના પાંદડામાં મૂકે તો કાળી ઝાંય દેખાય અંદર. એ કાળી ઝાંય સ્ફટિકની પોતાની પર્યાયમાં છે. એ કાળા પાંદડાને લઈને નથી. સમજાણું કાંઈ? આવા ન્યાય અને વાત સાંભળવા નવરાશ કે દિ' હતી? એ કરતા તો... આહા..હા..! હેરાન કરી-કરીને મરી ગયો છે ચોર્યાશીના અવતારમાં. સાધુ થયો હોય તોપણ ભાન ન મળે આત્માનું. એ રાગનો કર્તા અને રાગ મારો ને... આહા..હા..! એ દયા, દાનના પરિણામ મારા અને એ મારું કર્તવ્ય. કર્તા-કર્મ છેને? એ મિથ્યાદર્શન છે એમ કહે છે. આહા..હા..!

અમે ઈચ્છા થાય તો અમે તો જગત આખાને ફેરવી નાખીએ. આહા..હા..! એક રજકણ પણ ફેરવવાની તાકાત નથી. અરે! તારી તાકાત વિકારપણે થવાની પણ તાકાત નથી અંદરમાં. પણ પર્યાયમાં ઉંધાઈમાં ચડ્યો છોને. આહા..હા..! સમજાણું કાંઈ? એ સ્ફટિકમાં સ્વચ્છતાના પરિણામ સ્વચ્છતાના પરિણમવાનો, થવાનો સ્વભાવ હોવા છતાં આવા કાળા, લીલા ને પીળા પાંદડા કે ફૂલના સંબંધમાં એમાં કાળી, લાલ, પીળી ઝાંય સ્વચ્છતામાં દેખાય છે એ સ્ફટિકની અવસ્થા છે. વિકારી સ્ફટિકની અવસ્થા છે. એ કાંઈ ફૂલને લઈને અને પાંદડાને

લઈને નહિ. પહેલા દાખલો મોરનો આપ્યો હતો. સમજાણું કાંઈ?

અહીં તો સ્વચ્છતાનો સ્વભાવ સ્વચ્છપણે થાવું એવો હોવા છતાં. એમ. કર્મના સંગમાં ગયો, સ્ફટિક તો ઓલા રંગના સંગે ગયો તો એની ઝાંય એવી રંગપણે દેખાય છે. એ સ્ફટિકની અવસ્થામાં છે. એમ '**તેવી રીતે (આત્માને) અનાદિથી મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ જેનો સ્વભાવ છે એવા અન્ય-વસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી,...**' દેખો હવે. પહેલા સામાન્ય મોહ નાખ્યો હતો હવે ત્રણ ભેદ કરી નાખ્યા. અનાદિ '**મિથ્યાદર્શન,...**' મોહ. અજ્ઞાન જ્ઞાનાવરણીય, અવિરતી-ચારિત્રમોહ જડ. '**જેનો સ્વભાવ છે એવા અન્ય-વસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી,...**' એ અન્ય વસ્તુનો સંબંધ હોવાથી, ત્યાં સ્ફટિક અને ફૂલનો સંબંધ હોવાથી કાળી, રાતી ઝાંય દેખાય છે અંદર. એ એની પોતાની લાયકાતથી છે. સમજાણું? આ લાકડીમાં ન દેખાય લ્યો. દેખાય છે લાલ? આમાં દેખાય છે. એ તો એની પોતાની અવસ્થા છે. પરને લઈને થાય તો આમાં પણ ઝાંય પડવી જોઈએ. સમજાય છે કાંઈ? આહા..હા..! શું કહે છે આ? રાગ, દ્વેષ અને અજ્ઞાનનું થવું પરને લઈને નથી. આહા..હા..! પોતાની લાયકાત (છે). સ્ફટિકમાં કાળા, લીલા અને રાતા જે આ દેખાય છે રંગ અંદર દેખાય એ ફૂલને પાત્રને લઈને નથી, એની પોતાની પર્યાયની યોગ્યતાને લઈને છે. આહા..હા..! ક્યાં હવે... કર્મ હોય તો વિકાર થાય, થઈ રહ્યું જાવ. એમ નથી. કર્મ તો કર્મમાં રહ્યું, જડમાં. તેં એનો સંબંધ કર્યો એટલે એમાંથી મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષની ઉત્પત્તિ તેં કરી. આહા..હા..! એ તારા સ્વભાવનું સામર્થ્ય ન હોવા છતાં આહા..હા..! એમ કહે છે. સમજાણું કાંઈ? પર્યાય નામ વર્તમાન અવસ્થા, હાલતમાં, સ્ફટિકની જેમ વર્તમાન હાલતમાં ફૂલના સંયોગે લાલ-પીળું દેખાય, એમ ભગવાન આત્મામાં કર્મના સંબંધમાંથી પોતાની દશામાં એને રાગ, દ્વેષ અને મિથ્યાદર્શન દેખાય છે. સમજાણું કાંઈ?

અવિરતિ આદિ અન્ય જડ ભાવો. '**અન્ય-વસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી,...**' પહેલો સાધારણ મોહ કહ્યો હતો. અનાદિથી અન્ય વસ્તુ મોહ. મોહના ત્રણ પ્રકાર પાડ્યા પાછા. મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ. એ ત્રણેને મોહ કહ્યો અહીં. '**મોહનો સંયોગ હોવાથી, આત્માના ઉપયોગનો,...**' ભગવાન આત્મામાં નિર્મળતાના ઉપયોગમાં '**મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખવો.**' તારા પરિણામને લઈને વિકાર થાય છે એમ દેખવું. આહા..હા..! લ્યો, દેખવું અહીં કીધું છે. ક્યાં દેખે? આત્મા નિર્મળાનંદ પ્રભુ છે. સિદ્ધસ્વરૂપી સદા પદ મેરો. એનું પદ તો ચૈતન્યમૂર્તિ આનંદનું પદ નિરંતર એવું છે. અને એનું પરિણમવું પણ સ્વભાવપણે થવું એ જ એનું સ્વરૂપ છે કહે છે. પણ આ એક વચમાં ઊભું કર્યું એ કર્મના સંગે તારી દૃષ્ટિ ગઈ એથી એમાં મિથ્યાદર્શન, રાગ-દ્વેષના પરિણામ થયા એમ દેખવું એમ કહે છે. તારાથી છે એમ દેખવું. પરથી થયા

એમ દેખવું નહિ અને તારામાં થયા એમ દેખવું. સમજાય છે? આહા..હા..! હવે આવી વાતમાં ક્યાં નવરા માણસ? વખત મળે નહિ. ચોવીસ કલાકમાં એકાદ કલાક મળે આવું સાંભળવા. અને સાંભળવા જાય ત્યાં વાર્તા બધી એવી મૂકે કે વાર્તા જેવી ને જડ જેવી.

શ્રીમદ્ કહે છેને? કે એક તો જાણે સંસારી પ્રાણીઓ રળવામાં, ખાવા, પીવામાં, ભોગમાં, સૂવામાં, રોગમાં વખત જાય. થોડો-ઘણો વખત મળે ત્યાં સાંભળવા જાય ત્યાં કુગુરુ લૂંટી લે. એને એમ બતાવે કે તમે આમ પાળો, આમ કરો, આમ કરો, જાઓ ધર્મ થાશે. વ્રત પાળો, દયા પાળો, ભક્તિ કરો, પૂજા કરો ધર્મ થાશે. એ તો બધો રાગ છે. આહા..હા..! પૈસાવાળાને એમ કહે કે તમે પૈસા ખર્ચો તો તમારે ધર્મ થાશે. શરીરના સામર્થ્યવાળાને એમ કહે કે તમે તપસ્યા કરો તો ધર્મ થાશે. મનના સામર્થ્યવાળાને કહે કે તમે શાસ્ત્રનું ભણતર કરો તો ધર્મ થાશે. ત્રણે ખોટું. સમજાય છે કાંઈ? શરીરનું બળ હોય ઠીક તો તમે અપવાસ કરો તો કર્મો ગળશે. ધૂળેય નહિ ગળે સાંભળને. અપવાસમાં તો રાગની મંદતાનો ભાવ હોય કદાચિત્ (તો) પુણ્ય બાંધે. પણ ભગવાન આત્માના સ્વભાવની સમીપ ગયા વિના ધર્મ ક્યાંય થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ... એવી ગાથા છે હોં!

સ્વભાવનું સામર્થ્ય તો આવું પ્રભુ છે હોં! પર્યાયમાં વિકાર થયો એ તારા સ્વભાવનું સામર્થ્ય નથી. એ પર્યાયની યોગ્યતા છે એમ કહે છે. અવસ્થા જે થાય સ્ફટિકમાં લાલ-પીળી દેખાય એ એનો સ્વભાવ નથી. એનો સ્વભાવ ઉજળાપણે થવું એ છે. પણ લાલ, પીળા પાત્રમાં જો એને મૂકો તો એની પર્યાયમાં લાલ-પીળી ઝાંય દેખાય. એ ઝાંયનું ટકવું એની દશામાં-સ્ફટિકમાં છે અને એ ઝાંયનો કર્તા એ પોતે છે. એ પાંદડા મૂક્યા હોય કે પાત્રમાં મૂક્યું હોય એ એનું વિકારી જે પરિણામ અંદર દેખાય સ્ફટિકમાં એનો કર્તા એ પાંદડા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમજવાની વાત આકરી અને સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? એમ કહીએ છીએને. કાંઈ સમજાય છે? એમ. બધું સમજાય તો તો ન્યાલ થઈ જાય. આહા..હા..! જુઓને! વાત કેવી કરી છે! આહા..હા..!

ભગવાન! તારું સ્વરૂપ તો આનંદ અને જ્ઞાનપણે થાય એ છે હોં! આહા..હા..! તું તો પવિત્ર આનંદ અને જ્ઞાનની શાંતિપણે થા એ તારું સામર્થ્ય છે. પણ છતાં એ ચીજને ભૂલી અખંડાનંદ પ્રભુ એના હોવાપણાને ભૂલી અને કર્મના સંગે જતા તને જે વિકાર મિથ્યાદર્શન, અજ્ઞાન થાય એ બધા પરિણામ તારાથી થયા એમ દેખવું. એમ કહ્યું છેને? પરિણામ-વિકાર દેખવો. પહેલા અરીસાનો દાખલો આપ્યો હતો. આમાં આપ્યો આ. મેળવાળો આપ્યો. એમ કે થયું શું આ? પ્રશ્ન એમ હતોને એનો? **'ચૈતન્યપરિણામનો વિકાર ક્યાંથી થયો?'** આ શું થયું? આવો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે. જેમ શક્કરકંદ છે તો એ શક્કરકંદમાં ક્યાંય કડવાશ છે? ક્યાંય ખારપ છે? ક્યાંય ઉણપ છે? શક્કરકંદ નથી થતા?

શક્કરકંદ. શક્કરકંદ સમજો છો? શક્કરકંદ ... શિવરાત્રીએ ખાય છે વૈષ્ણવ લોકો. શિવરાત્રી હોયને? મહા સુદ ચોથ. એ શક્કરકંદ બાફીને ખાય. અનંતા જીવ છે એમાં. એક કટકીમાં અનંતા જીવ છે. એક-એક જીવ પૂર્ણાનંદથી ભરેલો છે. આહા..હા..!

પણ કહે છે કે એ સ્ફટિક તો પૂર્ણ સ્વચ્છતાથી જ ભરેલું છે અને સ્વચ્છપણે થવું એ જ એનું સામર્થ્ય છે, પણ એને રંગના નિમિત્તથી એના સંયોગમાં એનામાં ઝાંય દેખાય એ એની છે એમ દેખવી. એમ ભગવાન આત્માનો સ્વભાવ તો આનંદ અને જ્ઞાનપણે થવું એ એનું સ્વરૂપ છે. છતાં એ કર્મના સંયોગમાં, સંબંધમાં જતાં એના વેપાર જાણવા-દેખવામાં જે ત્રણ પ્રકારનો વિકાર દેખાય છે એ ચૈતન્ય પરિણામનો વિકાર દેખવું. એ જડનો વિકાર અને જડને લઈને થયો એમ દેખવું નહિ. કહો, સમજાણું કાંઈ? એ ટીકા થઈ લ્યો. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૯, સોમવાર, તા. ૩૦-૧૦-૧૯૭૨
## ગાથા-૮૯-૯૦, પ્રવચન-૨૦૭

કર્તાકર્મ અધિકાર. ૮૯મી ગાથા છે એનો ભાવાર્થ. ટીકા થઈ ગઈ ટીકા. શું કહે છે? ઝીણો વિષય છે. અનંતકાળથી એની ચીજ જે વસ્તુ ભગવાન આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાન દર્શનનો પિંડ છે એની તો એણે કોઈ દિ' ખબરું, શ્રદ્ધા, જ્ઞાન કર્યા નથી. અને એના વિના જન્મ-મરણ મટતા નથી, પણ એનામાં જે ભૂલ થાય છે એ શું ચીજ છે એની એને ખબર નથી. ભૂલ જાણે કોઈ કર્મ કરાવતું હોય, કોઈ કહે ઈશ્વર કરાવતું હોય, પરપદાર્થ આત્માની ભૂલ કરાવતું હોય એમ માનીને ભૂલની પણ દશા સ્વતંત્ર પોતે કરે છે એની એને ખબર નથી. એ કહે છે જુઓ, ભાવાર્થ. ભાવાર્થ છેને?

'**આત્માના ઉપયોગમાં ત્રણ પ્રકારનો પરિણામવિકાર...**' કહે છે, ઝીણી વાત છે. જેને ધર્મ કરવો હોય એટલે કે જેને સુખી થવું હોય એણે આ આત્મા શું ચીજ છે એને જાણવી જોઈએ. હવે એમાં પણ પ્રથમ એ અનાદિથી અંતર વસ્તુ એની શુદ્ધ અને આનંદ

હોવા છતાં એની વર્તમાનદશાના વેપારમાં, ઉપયોગ એટલે વેપાર વર્તમાન જાણવા-દેખવાનો, એ ત્રણ પ્રકારના પરિણામ-વિકાર (થાય છે). મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા રાગ-દ્વેષના પરિણામ. એ ત્રણ આત્માના વર્તમાન જાણવા-દેખવાના ઉપયોગમાં વિકારરૂપ ત્રણ પરિણામ છે એ. એ જીવે કરેલા છે. સમજાય છે કાંઈ? એ અનાદિથી વસ્તુપણે શુદ્ધ છે, પણ અનાદિથી પર્યાયપણે શુદ્ધ નથી. અને એ અશુદ્ધ કોઈને કારણે થયેલ નથી. પોતાને કારણે અશુદ્ધ છે અને એ કરી શકે તો એ પોતાના પરિણામના વિકારને જ કરે, બીજું તો કરી શકે નહિ.

**'આત્માના ઉપયોગમાં...'** એટલે એના જાણવા-દેખવાના પરિણામમાં, પર્યાયમાં આ **'ત્રણ પ્રકારનો પરિણામવિકાર...'** લ્યો! અહીં તો પરિણામ મિથ્યાદર્શન. પરમાં સુખ છે, પરનું કરી શકું છું, પર મને કાંઈક મદદ આપે તો હું મારો ભાવ કરી શકું એવી જે મિથ્યાશ્રદ્ધા, મિથ્યાદષ્ટિ એ જીવે કરેલી વિકારી પર્યાય છે. એ દુઃખરૂપ છે. સંયોગો અનુકૂળ-પ્રતિકૂળ એ દુઃખરૂપ નહિ. સંયોગો પ્રતિકૂળ હોય એ દુઃખ નહિ, સંયોગો અનુકૂળ હોય એ સુખ નહિ. એ તો જગતની ચીજ છે. પોતાનો સ્વભાવ જ્ઞાન અને આનંદ જેનું સ્વરૂપ છે આત્માનું એની ખબર વિના, એક તરફના ઝુકાવ વિના પર તરફના ઝુકાવને કારણે અનાદિથી એના જાણવા-દેખવાના વેપારમાં ત્રણ પ્રકારના પરિણામનો વિકાર જણાય છે.

મિથ્યાશ્રદ્ધા. સમજાય છે કાંઈ? હું કોઈનું કરી દઉં એ પણ એક મિથ્યાદર્શન શલ્ય મિથ્યાભાવ છે. સમજાય છે કાંઈ? કોઈ જગતનો કર્તા ઈશ્વર છે એણે આ બનાવ્યું એ માન્યતા પણ મિથ્યાદર્શન અજ્ઞાન છે. અને અંદરમાં પુણ્ય અને પાપના ભાવ થાય, રાગ અને દ્વેષ એ પણ જીવના પરિણામરૂપી વિકાર છે. એ જીવનો સ્વભાવ નહિ. તેમ કોઈએ કરાવ્યા નથી. કર્યા વિના થયા નથી, કોઈએ કરાવ્યા નથી. આહા..હા..! ભારે વાત!

મનુષ્યપણું મળ્યું, એમાં આ આત્મા શું ચીજ છે અને એમાં શું ખાણ છે? એની તો ખબરું નથી, પણ અજ્ઞાનપણે કેમ રખડું છું? એ મારી ભૂલ છે એ ભૂલ મેં કરી છે, એ ભૂલ મારું કાર્ય છે, ભૂલનો કર્તા અજ્ઞાનભાવ છે... સમજાણું કાંઈ? એની પણ જેને ખબર નથી એને તો રખડવાના રસ્તામાંથી નીકળવું નથી. આહા..હા..! ચોર્યાશીના અવતાર. એક અવતાર કાંઈક અને એક અવતાર કાંઈક. એ કોઈએ કર્યા નથી. એના ભાવ તો એણે પોતે કર્યા છે. શરીરાદિ મળવા એ તો પરને લઈને છે. આ કાંઈ આત્માની ચીજ નથી. સંયોગો સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસો એ તો બધી પર ચીજ છે. એ કાંઈ આત્માથી આવી નથી અને આત્માના પુરુષાર્થથી આવતી નથી. એ તો એના સંયોગે જ્યારે પલટતી ક્રિયા હોય ત્યારે આવે. એને અજ્ઞાની માને કે મેં આ મેળવ્યું અને એમાંથી મને કાંઈક સગવડતા મળશે. ઘણી જ ભ્રમણા.

મુમુક્ષુ :- ઘણી એટલે પૂરેપૂરી.

ઉત્તર :- ઘણી એટલે પછી... એય..! પૂરેપૂરી ભ્રમણા અજ્ઞાનીની છે. આહા..હા..!

**'અનાદિ કર્મના નિમિત્તથી છે.'** એ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યા પુણ્ય-પાપના આચરણ—અંદર ભાવ, એ અનાદિથી કર્મનું નિમિત્ત છે. ભાવ પોતાનો છે. એનું કારણ સ્વભાવની ભૂલ પોતાની છે, એમાં નિમિત્ત છે કર્મ. એ કર્મ એને જોર કરાવતું નથી, તેમ કર્મને એ રાગ-દ્વેષ અડતા પણ નથી. ભૂલ કરે પોતે, એ ભૂલ પરને અડતી નથી. અડતી નથી સમજો છોને? છુતી નથી અને કર્મ વિકારને અડતા નથી. આહા..હા..! એમ નથી કે પહેલા એ શુદ્ધ જ હતો પર્યાયમાં હોં! વસ્તુ તો શુદ્ધ અનાદિ-અનંત છે. આનંદનું ધામ, આનંદનું ક્ષેત્ર, અતીન્દ્રિય આનંદનું ક્ષેત્ર, અતીન્દ્રિય આનંદના ભાવવાળું એ તત્ત્વ છે. એ તો અનાદિનું છે. પણ આ ભૂલ પણ અનાદિની છે કહે છે. ભૂલ નહોતી અને નવી થઈ એમ નથી. એમ નથી કે પહેલા એ શુદ્ધ જ હતો. પર્યાયમાં, વર્તમાન હાલતમાં, વર્તમાન દશામાં એ શુદ્ધ હતો અને પછી અશુદ્ધ થયો એમ નથી. સમજાણું કાંઈ? હવે તેમાં નવો આ પરિણામ-વિકાર થયો છે એમ નથી. અનાદિ શુદ્ધ જ હતો અને હવે નવો થયો પર્યાયમાં (એમ નથી). પર્યાયની વાત છે હોં આ.

**'જો એમ હોય તો સિદ્ધોને પણ નવો પરિણામવિકાર થવો જોઈએ.'** સિદ્ધ ભગવાન જે અશરીરી થયા, પરમાત્મપદને પામ્યા, ભૂલ ટાળીને ભગવાન થયા. જો નવો વિકાર થાય તો એને નવો થવો જોઈએ. સમજાય છે કાંઈ? અનાદિનો એ ભૂલમાં જ પડ્યો છે. અરે! સાધુ થયો, તોપણ ભૂલમાં પડ્યો છે. કેમકે રાગની ક્રિયા મારી અને રાગ મને લાભ કરે, એ ક્રિયાકાંડ પુણ્ય કરતાં-કરતાં ધર્મ થાય, મહાવ્રત પાળતા-પાળતા ધર્મ થાય એ બધું મિથ્યાદૃષ્ટિપણું છે. એ પણ ભૂલ અનાદિની છે. **'પણ એમ તો થતું નથી. માટે તે અનાદિથી છે એમ જાણવું.'** લ્યો! વસ્તુ ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનનું તત્ત્વ ધ્રુવ, નિત્ય એ પણ અનાદિ છે અને એની ભૂલ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા રાગ-દ્વેષ એ પણ અનાદિની દશાની ભૂલ છે. કહો, સમજાણું કાંઈ?

## ગાથા-૯૦

अथात्मनस्त्रिविधपरिणामविकारस्य कर्तृत्वं दर्शयति --

एदेसु य उवओगो तिविहो सुद्धो णिरंजणो भावो।
जं सो करेदि भावं उवओगो तस्स सो कत्ता।।९०।।
एतेषु चोपयोगस्त्रिविधः शुद्धो निरञ्जनो भावः।
यं स करोति भावमुपयोगस्तस्य स कर्ता।।९०।।

अथैवमयमनादिवस्त्वन्तरभूतमोहयुक्तत्वादात्मन्युत्प्लवमानेषु मिथ्यादर्शनज्ञानाविरतिभावेषु परिणामविकारेषु त्रिष्वेतेषु निमित्तभूतेषु परमार्थतः शुद्धनिरंजनानादिनिधनवस्तु-सर्वस्वभूतचिन्मात्रभावत्वेनैकविधोऽप्यशुद्धसांजनानेकभावत्वमापद्यमानस्त्रिविधो भूत्वा स्वयमज्ञानीभूतः कर्तृत्वमुपढौकमानो विकारेण परिणम्य यं यं भावमात्मनः करोति तस्य तस्य किलोपयोगः कर्ता स्यात्।

---

હવે આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું દર્શાવે છેઃ-

એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;
જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦.

ગાથાર્થ :- [एतेषु च] અનાદિથી આ ત્રણ પ્રકારના પરિણામવિકારો હોવાથી, [उपयोगः] આત્માનો ઉપયોગ- [शुद्धः] જોકે [શુદ્ધનયથી] તે શુદ્ધ, [निरञ्जनः] નિરંજન [भावः] (એક) ભાવ છે તો પણ-[त्रिविधः] ત્રણ પ્રકારનો થયો થકો [सः उपयोगः] તે ઉપયોગ [यं] જે [भावम्] (વિકારી) ભાવને [करोति] પોતે કરે છે [तस्य] તે ભાવનો [सः] તે [कर्ता] કર્તા [भवति] થાય છે.

ટીકા :- એ પ્રમાણે અનાદિથી અન્યવસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણાને લીધે પોતાનામાં ઉત્પન્ન થતા જે આ ત્રણ મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિભાવરૂપ પરિણામવિકારો તેમના નિમિત્તે (-કારણથી)-જોકે પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ, નિરંજન, અનાદિનિધન વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યમાત્રભાવપણે એક પ્રકારનો છે તોપણ-અશુદ્ધ, સાંજન અનેકભાવપણાને પામતો થકો ત્રણ પ્રકારનો થઈને, પોતે અજ્ઞાની થયો થકો કર્તાપણાને પામતો, વિકારરૂપ પરિણમીને જે જે ભાવને પોતાનો કરે છે તે તે ભાવનો તે ઉપયોગ કર્તા થાય છે.

ભાવાર્થ :- પહેલાં કહ્યું હતું કે જે પરિણમે તે કર્તા છે. અહીં અજ્ઞાનરૂપ થઈને ઉપયોગ પરિણમ્યો તેથી જે ભાવરૂપ તે પરિણમ્યો તે ભાવનો તેને કર્તા કહ્યો. આ રીતે ઉપયોગને કર્તા જાણવો. જોકે શુદ્ધદ્રવ્યાર્થિકનયથી આત્મા કર્તા છે નહિ, તોપણ ઉપયોગ અને આત્મા એક વસ્તુ હોવાથી અશુદ્ધદ્રવ્યાર્થિકનયે આત્માને પણ કર્તા કહેવામાં આવે છે.

## ગાથા-૯૦ ઉપર પ્રવચન

'હવે આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું દર્શાવે છે :—' ૯૦. ૯૦ ગાથા.

**एदेसु य उवओगो तिविहो सुद्धो णिरंजणो भावो।**
**जं सो करेदि भावं उवओगो तस्स सो कत्ता।।९०।।**

ભાષા જુઓ, નીચે એનું હરિગીત.

**એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;**
**જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦.**

'**ટીકા :- એ પ્રમાણે અનાદિથી...**' ભગવાન આત્મા પરમપવિત્ર અને શુદ્ધચિદ્‌ઘન હોવા છતાં '**અનાદિથી અન્યવસ્તુભૂત મોહ સાથે...**' એ કર્મ જડ છે એની '**સાથે સંયુક્તપણાને લીધે...**' તેનો સંબંધ એણે કર્યો છે અનાદિથી. આહા..હા..! '**પોતાનામાં ઉત્પન્ન થતાં...**' સંયુક્ત મોહથી હોવા છતાં એ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને રાગ-દ્વેષના પરિણામ એ '**પોતાનામાં ઉત્પન્ન થતાં...**' આત્માની દશામાં ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ શરીર, વાણી, કર્મ, પૈસો એ કાંઈ આત્માની અવસ્થામાંથી નથી આવતા અને એ આત્માની અવસ્થાથી ઉત્પન્ન થતા નથી. એ તો જગતની ચીજ સ્વતંત્ર છે.

મુમુક્ષુ :- પૈસા..

ઉત્તર :- પૈસાથી ઉપજ્યું... આવી એને મમતા. રતનલાલજી! પૈસા ક્યાં આવ્યા છે તમારી પાસે? પૈસા આવતા નથી, પૈસા તો જડ છે. એને સાંભળતા એમ થાય કે મારા, એ મમતા આવી. ભગવાનજીભાઈ! કાંઈ પૈસા લઈને આવ્યા છે અહીં? અહીં તો કાંઈ .... પહેરણ પહેર્યું છે.

મુમુક્ષુ :- .. પડી જાય.

ઉત્તર :- ધૂળેય એને.. પણ વાત સાચી. પૈસા મારા એવી મમતા એની પાસે છે. પૈસા તો જડ છે. જડ તો આત્માને અડતું નથી અને આત્મા એને અડતો નથી. એ તો સ્વતંત્ર જગતની ચીજ છે. પણ એ ચીજ આવે છે ત્યારે એને એમ થાય છે કે આ મને આવ્યું, મારે માટે આવ્યું, મારા થઈને આવ્યું એવી જે માન્યતા (એ) મિથ્યાશ્રદ્ધા છે. એય..! ચીમનભાઈ! એમ જ છે? શું કીધું? આહા..હા..!

ભગવાન તો આનંદસ્વરૂપ છે આત્મા. પણ એની ખબર નથી, એનું જ્ઞાન નથી. એથી અનાદિની પરચીજ મારી અને હું એનો એવી જે શ્રદ્ધા એ તદ્દન મિથ્યા, તદ્દન જૂઠાણ છે, તદ્દન જૂઠાણ છે. આહા..હા..! એ જૂઠો થઈને ધૂણે છે. પાળિયાદમાં એક ભુવો હતો આપણો જૈન. પાળિયાદમાં એય..! ..ભાઈ! ખબર નહિ હોય તમને. ભુદરભાઈ હતા, નહિ? ભુદરભાઈ હતા. સુખલાલ ગાંધીના ઘરે રહેતા. ... બોટાદ નહિ? સુખલાલ ગાંધીનું ઘર, ત્યાં હેઠે રહેતા. .. મોઢાઆગળ ઘર. ભુદરભાઈ હતા. ... ચોમાસુ ૭૫માં હતુંને ત્યાં પાળિયાદ ચોમાસુ. પછી ભુવા હતા ભુવા. એના કુળમાં એનો હશે કોક પિતા. બાપનો .. જૂઠા. સમજ્યાને શું કહેવાય? સુરધન-સુરધન. જૂઠો બાપો સુરધન હતો. કેટલીય પેઢીએ. એ સુરધન હતા, પછી ધુણે. પછી કહે આ પણ ભુદરભાઈ તમે આ જૈન થઈને પોષા કરનારા અને આ તમે ભુવા થઈને ધુણો. પણ મહારાજ હું એ વખતે કહું છું કે કોણ આવ્યું? કે જૂઠો. એમ હું કહું છું. પણ એ તો માયા થઈ કીધું. ઓલા બાપનું નામ જૂઠો હતોને, સુરધન-સુરધન. પેઢી હોયને. એનું નામ જૂઠો. પણ તમે એ તો માયા કરો છો કીધું. કોણ આવે છે? જૂઠો. હું જૂઠો છું. ઓલા સમજે કે તારો દાદો આવ્યો ઓલો મરી ગયો ઈ સુરધન. આવા જૈન થઈને પણ... પોષા કરે, પડિક્કમણા કરે અને ઓલા ભુવા થાય. ભુવા સમજો છો? ધુણે છેને દેવી પાસે? હુ..હા.. આસો મહિનામાં આઠમ .. આસો મહિનો ગયોને. નોરતામાં એ ચારે કોર ધુણે. ડાકલા વગાડે અને ધુણે. ઢોંગે ઢોંગ બધા. આહા..હા..!

એમ આ અનાદિનો આત્મા અંદરમાં જૂઠાણથી ધુણે છે. આહા..હા..! દીકરો સારો આવે અને ખુશી થાય, એક દીકરી સારી આવે અને ખુશી થાય. દીકરી સારું ભણેને એલ.એલ.બી. ... મારી દીકરી આમ ભણે છે. હવે પણ દીકરી કે દિ' તારી હતી? ... એનું નામ સાંભળીને ખુશી થાય, કહો! આહા..હા..! વહુને માટે ત્રણ હજારનો સાડલો લાવી આપ્યો હોય. દીકરાની વહુને સાડલો પાંચ હજારનો, દસ હજારનો ઘણો થાયને. જરીનો ભરેલો. એ પહેરીને નીકળે અને એનો સસરો બેઠો હોય દુકાન ઉપર. અને પહેરીને નીકળે અને માણસો એના ઉપર નજર કરે ઓલી બાઈ ઉપર. ઉંચો હોયને. સાડલો સમજો છો? સાડી. પાંચ-પાંચ હજારની સાડી થાય છેને તમારે દસ-દસ હજારની. જરી એટલી ભરેલી હોય. કોઈકને તો હીરા ટાંગ્યા હોય છેડે. હીરા. ઓલો સસરો દુકાન ઉપર બેઠો હોય અને એ વહુ સાડલો પહેરીને નીકળી હોય. બીજા નજર કરે બીજી રીતે એના ઉપર, પણ ઈ એમ માને કે મારા પૈસા તો બહાર પડે છે કે આ ગૃહસ્થ છે. આરે..! આરે..! મારી નાખ્યા જગતને. એ સાડલાને દેખી અને બીજા નજર કરે એના ઉપર તોપણ એ ખુશી થાય એનો સાસરો. સાડલો પાંચ હજારનો મારી વહુને છે એવું કોઈ સાધારણને ન હોય. એટલું તો બહાર પડે છે. શું પડ્યું પણ ધૂળ? સુમનભાઈ! આમ છે? આહા..હા..! છોકરાની વહુનું સગપણ થતું હોય, ઘરેણું ચડાવા જાયને

ઘરેણું. .. કહે છે? સગાઈ કરીએને સગાઈ? એમાં ખુશી થઈ જાય. આહા..હા..! મેં ચડાવ્યું એવું કોઈએ ચડાવ્યું નથી જોઈ લ્યો.

કહ્યું હતુંને? હમણા જયપુરવાળા નહિ? દુર્લભજી ઝવેરી. એના નાના ભાઈ છેને, છેલશંકર. એના દીકરાના લગન આવ્યા હતા અહીં ભાવનગરમાં. નાના દીકરાના. અબજપતિ છે. અહીં લગન આવ્યા. એ કહેતા હતા ભાઈ નહિ ભોગીભાઈ, ભોગીભાઈ છેને મોટા ગૃહસ્થ. એની દીકરી દીધી હતી અને આનો દીકરો. દોઢ કરોડ રૂપિયાનો તો દાગીનો લાવ્યા હતા લગનમાં. દોઢ કરોડ. ગૃહસ્થ માણસ છે, અબજપતિ માણસ છે દશાશ્રીમાળી ઝવેરી. ... દોઢ કરોડ રૂપિયાના તો દાગીના. દાગીના સમજો છો? ઝેવર. હવે એમાં .. હોય. કોઈએ આટલું કર્યું હશે? દોઢ કરોડનો દાગીનો ક્યાંથી લાવે? કોણ ચડાવે દોઢ કરોડનો? હજી તો પચાસ લાખની મૂડી હોય તો દસ લાખનો ચડાવે કદાચ. પણ એટલું બધું ચડાવે શેનો? ... એનું પણ અભિમાન હોય પાછું એય..! ચીમનભાઈ! આહા..હા..!

કહે છે, આ ત્રણ પ્રકારના જે પોતામાં ઉત્પન્ન થતાં ભાવ. છે ભગવાન શુદ્ધ ચિદાનંદ મૂર્તિ, પણ અનાદિ કર્મના સંયોગના સંબંધમાં થતાં એને પોતામાં ઉત્પન્ન થતાં. ભાષા છેને. આત્માની પર્યાય, દશામાં ઉત્પન્ન થતાં જે આ ત્રણ મિથ્યાદર્શન. આહા..હા..! અરે..! શુભભાવ હોય અને મને ધર્મ થશે એ પણ મિથ્યાદર્શન શલ્ય મિથ્યાત્વ છે. આહા..હા..! એ પોતામાં ઉત્પન્ન, પર્યાયમાં ઉત્પન્ન કરે છે. '**ઉત્પન્ન થતા...**' એમ છેને? એ કાંઈ ગુણ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? દીકરાની વહુ સારી મળે, દીકરાનો દીકરો સારો થાય, અરે..! સાળાનો સાળો સારો હોય એમાં ખુશી થાય. આવા ગાંડા તે કાંઈ... સાળાનો સાળો કરોડપતિ છે. પણ તારે શું? ગાંડા તે કાંઈ. હીરાલાલભાઈને ખબર છે. એના ઘરે આમ છે... અરે..! શું છે પણ તારે? મારી નાખ્યા જગતને. મિથ્યા ભ્રમણા, મિથ્યાશ્રદ્ધા મહાપાપ. કસાઈખાનાના જે પાપ છે એનાથી પણ મિથ્યાશ્રદ્ધા મહાપાપ છે, પણ એની ખબર નથી જગતને. મિથ્યાશ્રદ્ધામાં કેટલું પાપ અને કેટલું એમાં દુઃખ (એની ખબર નથી). આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે, અરે! ભગવાન આત્મામાં '**અનાદિથી અન્યવસ્તુભૂત મોહ...**' જડ '**સાથે સંયુક્તપણાને લીધે પોતાનામાં ઉત્પન્ન થતા જે આ ત્રણ મિથ્યાદર્શન,...**' પૂર્વના પુણ્ય કોઈ રજકણ જડ પડ્યા હોય એ પાકવા કાળે કાંઈક સામગ્રી કોઈ અનુકૂળ થાય એટલે એને એમ થાય કે આહા..હા..! આપણે તો સુખી છીએ. મૂઢ છે. મોટો મિથ્યાશ્રદ્ધાનો સેવનારો છે એમ કહે છે. એય..! ચંદુભાઈ! હિંમતભાઈ આ બધું ક્યાં મૂકીને ગયા હતા તમારી પાસે છે એટલું? એ બધું જાતે મહેનત કરીને કર્યું હશે કે નહિ? ... આહા..હા..! હિંમતભાઈ તો ઘડિયાળ પહેરતા. ઘડિયાળી કરતા. તમારી પાસે ૨૦-૨૫ લાખ ક્યાં ત્યાં હતા? આહા..હા..! ભગવાનજીભાઈ! પણ વ્યવસ્થા, ડહાપણ કાંઈક કર્યું હશે કે નહિ?

મુમુક્ષુ :- કર્યું તો ખરું.

ઉત્તર :- કર્યું હતું. શું? કે મેં કર્યું છે એવો ભાવ. ભાવ મેં કર્યો હતો, પરવસ્તુને નહિ. ઈ કહે છે અહીં. એના ભાવનો કર્તા થાય. મિથ્યાશ્રદ્ધાનો કર્તા થાય, પણ પરનો કર્તા થાય ત્રણ કાળમાં અજ્ઞાની પણ પરનો કર્તા બની શકતો નથી. આહા..હા..! એમાં ઓલા ચમત્કાર આદિ.. ચમત્કાર-ચમત્કાર એકલા વર્ણવ્યા છે. સાધારણ માણસ તો અંજાઈ જાય એવું છે. આમ કાઢી. શિવશંકરની ઓલી કાઢી, કેટલીય મૂર્તિયું કાઢી. પણ શું ધૂળમાં કાઢી? શું થયું પણ હવે તને? આહા..હા..! પુદ્‌ગલનું કરે અને કર્તા માને તો મૂઢ મોટો છે. હવે એને આ વાણિયા માને. આહા..હા..! વાણિયા મોટા વાણિયા પાણિયા જેવા છે પથરા જેવા. ભાન ન મળે કે આ તે શું કરું છું? આહા..હા..!

ત્રણ લોકનો નાથ અરિહંત વીતરાગ જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા, જેની વીતરાગતા પૂર્ણ સ્વરૂપે પ્રગટી... આહા..હા..! જેના અનંત આનંદમાં, અનંત આનંદ આગળ દુનિયાનો ક્યાંય આનંદ એમાં છે નહિ એવો અનંત આનંદ પ્રગટ્યો, એવા અરિહંત પરમેશ્વર એને મૂકીને બીજાને ઝાલ્યા, માને મૂકીને કૂતરીને ધાવે એવું છે આ. આહા..હા..! એવી ચીજ જે પરમાત્મા, અને એવી ચીજ જે આ આત્મા. કારણ કે એ અરિહંત જે સર્વજ્ઞને અનંત આનંદ પ્રગટ્યો ક્યાંથી આવ્યો ઈ? કાંઈ બહારથી આવતો નથી. અંદરમાં છે પૂર્ણ. આહા..હા..! સમજાય છે કાંઈ?

પીપરના દાણામાં ચોસઠ પહોરી ચરપરાઈ-તીખાશ તો પડી જ છે. લીંડીપીપર હોય છેને? છોટીપીપર. કાળી નહિ? આવડી છોટીપીપર? ચોસઠ પહોર ઘસે છેને. તો ચોસઠ પહોરી ચરપરાઈ હોય છે એમાં તીખાશ. અમારી કાઠિયાવાડી ભાષાએ તીખાશ. તમારી ભાષાએ ચરપરાઈ. તો ક્યાંથી આવી એ ચોસઠ પહોરી તીખાશ? પત્થરમાંથી આવી? અંદર હતી. એ તીખાશ એમાં હતી ઈ બહાર આવી છે. જો પથરામાંથી આવતી હોય તો પથરા ઉપર લાકડી ઘસોને. છે ક્યાં એમાં? એ પીપરના નાના દાણામાં તો એવી (તીખાશ) છે. આહા..હા..!

એમ ભગવાન આત્મા શરીર પ્રમાણે હોવા છતાં, નાનો લીંડીપીપર જેવો આત્મા, અંદરમાં પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ એવી અંદર શક્તિ સ્વભાવ પડ્યો છે. આહા..હા..! એના ભાન વિના પોતાની ચીજને છોડીને કોઈપણ પરચીજનું એક પણ રજકણ એની અનુકૂળતાથી મને ઠીક છે, પ્રસન્નતા છે, હોંશ છે એ બધો મિથ્યાશ્રદ્ધા ભાવ છે. ગજબ વાત છે! સમજાય છે કાંઈ? અભિનંદન આપે મોટા પૂંછડા. શું કહેવાય આ? અભિનંદન આપે છેને? માનપત્ર. માનપત્ર ઓગાળીને પી જવા છે તારે? શું છે? આહા..હા..! માન તો પોતાનું સ્વરૂપ અહો..! પરિપૂર્ણ ભગવાનને પ્રગટ્યું એવો જ હું પૂર્ણ છું. એવો જ હું પરિપૂર્ણ પ્રભુ છું. એવું જે અંતરમાં ભાન થવું એ સુખરૂપ દશા છે, એ ધર્મદશા છે. બાકી

આ તો મિથ્યાશ્રદ્ધા પાપદૃષ્ટિ છે. આહા..હા..! ત્રણ લોકનો નાથ આવો પરમાત્મા પોતે એને છોડીને ક્યાંકથી મને લાભ થાય... આહા..હા..! કાંઈક બહારની સગવડતા, દુનિયા કાંઈક અધિકપણે માનેને મને, લોકો કાંઈક કલ્પેને કે આ છે ચમત્કારી જીવ હોં! મૂઢ છે. ચમત્કાર તે કેવળજ્ઞાનનો ચમત્કાર કે આ તારો બહારનો ચમત્કાર? આહા..હા..!

કહે છે કે અનાદિની વર્તમાનદશામાં કર્મના મોહના સંબંધને કારણે '**પોતાનામાં ઉત્પન્ન થતા જે આ ત્રણ મિથ્યાદર્શન, અજ્ઞાન,...**' પોતાના સ્વરૂપનું ભાન નથી. '**અને અવિરતિભાવરૂપ...**' રાગ-દ્વેષનો ત્યાગ નહિ. રાગ-દ્વેષનું ગ્રહણ એવો અવિરતિભાવ. એવા '**પરિણામવિકારો...**' એ પરિણામવિકારો ભાષા છેને. એ પર્યાયની વિકારદશા છે. આહા..હા..! '**તેમના નિમિત્તે...**' હવે શું કહે છે? '**તેમના નિમિત્તે...**' અશુદ્ધ દેખાય છે એમ કહેવું છે.

'**જોકે પરમાર્થથી તો ઉપયોગ...**' આહા..હા..! ભગવાન આત્મા ખરેખરથી જુઓ તો ઉપયોગ ત્રિકાળી જે જ્ઞાન-દર્શન ભાવ એ તો '**શુદ્ધ...**' છે. આહા..હા..! અંતર સ્વરૂપ ચૈતન્યનું એ તો શુદ્ધ છે, પૂર્ણ છે, પવિત્ર છે. આહા..હા..! '**શુદ્ધ, નિરંજન,...**' છે. ભગવાન આત્માનો ત્રિકાળી સ્વભાવ અંજન—મેલ વિનાનો છે. આહા..હા..! અરે! કેમ બેસે? અને '**અનાદિનિધન...**' અનાદિ-અનંત ભગવાન આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન અનાદિ-અનંત, અનાદિ-અનિધન—આદિ નહિ અને મૃત્યુ નહિ, શરૂઆત નહિ અને નાશ નહિ. એવો ભગવાન આત્મા એનો સ્વભાવ તદ્દન શુદ્ધ પવિત્રનો પિંડ પ્રભુ આત્મા છે. એ '**વસ્તુના સર્વસ્વભૂત...**' આહા..હા..! ભગવાન આત્માનું સર્વસ્વ. સર્વસ્વ હોય તો '**ચૈતન્યમાત્રભાવપણે...**' (છે). એ તો ચૈતન્યમાત્ર જાણક-દેખન સ્વભાવમાત્ર. રાગ-દ્વેષ, અલ્પજ્ઞતા એ ચીજમાં નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? અરે..! ક્યાં નવરાશ? નવરાશ ન મળે, ફુરસદ ન મળે. દુઃખ કરવાના પ્રસંગમાં ફુરસદ નહિ, દુઃખ ક્યાં થાય છે એની નિવૃત્તિ નહિ, નિવૃત્તિ નહિ. ભાઈ નથીને? પુનમભાઈ ગયા ત્યાં?

કહે છે.. આહા..હા..! બેય વાત મૂકી છે. પાઠમાં છેને? '**एदेसु य उवओगो तिविहो सुद्धो णिरंजणो भावो।**' પ્રભુ આત્મા તો શુદ્ધ નિર્મળ આનંદકંદ નિરંજન-અંજન નહિ એમાં, મેલ નહિ અને ભાવ અસ્તિ. અનાદિ-અનંત ભાવ. આહા..હા..! એ '**વસ્તુના સર્વસ્વભૂત...**' સર્વસ્વભૂત. પૂર્ણ પોતાનું સ્વરૂપ અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ. આહા..હા..! હવે એ સ્વીકાર તે ક્યા..? હવે આવી વાતું મૂકી દઈને દુનિયાને કાંઈકને કાંઈ .. ચમત્કાર થયા ને ધૂળ થઈ ને... એ ભગવાન કહેવડાવે. આહા..હા..! મારી નાખ્યા જગતને. એય..! ભગવાન મરીને જાશે ભૃગુ-પશુ થાશે. વૈકુંઠમાં પણ ન જાય. વૈકુંઠ એટલે વ્યંતર. એમ. ... આહા..હા..! વૈકુંઠમાંથી આવ્યો છું. તમારે ઘરે આવતા શું વાર? એમ બોલે. આહા..હા..! વૈકુંઠ ક્યું હશે? ભ્રમણના પાર ન મળે જગતને. લોકોને ચમત્કાર કાંઈક જોવે. આ ચૈતન્ય ચમત્કારની ખબર

નથી એને. કહે છેને આ, જુઓને આ શું કહે છે? આહા..હા..!

ભગવાન આત્મામાં અનાદિ-અનંત જ્ઞાનમાત્ર, ચૈતન્યમાત્ર વસ્તુ જે છે એ અનાદિ-અનંત શુદ્ધ અને નિરંજન છે. એક પ્રકારનો સ્વભાવ ત્રિકાળ ધ્રુવ છે. એના ચમત્કારની શું વાતું એની! આહા..હા..! એની ખબરું ન મળે જેને એ દુનિયાની પંડિતાઈ અને દુનિયાના માનમાં વેચાઈ ગયા. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે, વસ્તુ તો પરમાર્થથી દેખીએ તો, ખરેખર જો જોઈએ તો. પરમાર્થ એટલે ખરેખર. ઉપયોગ આત્માનો સ્વભાવ જાણવું-દેખવું એ તો ત્રિકાળ શુદ્ધ છે અને નિરંજન છે. અંજન-મેલ એમાં બિલકુલ નથી. અનાદિ-અનંત '**વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યમાત્રભાવપણે...**' એ તો જાણકસ્વભાવ... જાણકસ્વભાવ... જાણન-દેખન સ્વભાવ. આહા..હા..! આ ચમત્કાર આગળ જગતની ચીજ ક્યાં છે? જેની પાસે કેવળજ્ઞાન પણ અપરમભાવ. કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે (અને) આ તો ત્રિકાળી ચીજ છે. આહા..હા..! ભાઈ! એ અંતર વિશ્વાસ આવવો નિઃશંકપણે, એ ચીજ કોઈ બીજી છે. સમજાય છે કાંઈ? કેમકે પર્યાયમાં પ્રગટ તો અવસ્થા છે. હવે એ પ્રગટ અવસ્થાની પાછળ આખું દ્રવ્ય એટલે શું? વસ્તુ શું? એ વસ્તુ ધ્રુવ ત્રિકાળ છે. પર્યાય તો ઉપર ઉપરથી ફરે છે. આહા..હા..!

આ ઘંટીના પડનું .. હતો ભાઈ! ઉપરનું પડ ચાલે અને નીચેનું પડ એમ ને એમ રહે. દૃષ્ટિની અપેક્ષાએ હોં. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ. શું કહ્યું ઈ? આ ઘંટી-ઘંટી સમજો છો? ચક્કી. ઘંટીના બે પડ હોય છેને. એમાં નીચેનું પડ એમ ને એમ રહે છે. ઉપરનું ફરે છે. એમ ભગવાન આત્મા... આ ઈ વાત કરે છે. અંદર સર્વસ્વ ચૈતન્યમાત્ર ભાવ તો એક પ્રકારે ધ્રુવ છે. એ તો પલટતો નથી, પર્યાયમાં આવતો નથી, દોષ છે જ નહિ. અપૂર્ણ નથી. આહા..હા..! આચાર્યો કહે છે હોં અંદર.

કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત જે ભગવાન પાસે ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. કુંદકુંદાચાર્ય. મહાવિદેહમાં પરમાત્મા બિરાજે છે ત્યાં સીમંધર પરમાત્મા. પોતામાં મર્યાદાનો સ્વભાવ પૂર્ણ પ્રગટ થઈ ગયો છે. એવા સીમંધર પ્રભુ એની પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ. આઠ દિવસ રહીને આ શાસ્ત્ર બનાવ્યું. આહા..હા..! સાક્ષાત્ ભગવાનની દિવ્યધ્વનિ. ત્રણ લોકના નાથ પરમાત્મા તીર્થંકર અરિહંત. આચાર્ય કહે છે કે ભાઈ! અનાદિના તારા પરિણામમાં મોહના સંગે તને વિપરીત માન્યતા, અજ્ઞાન અને રાગ-દ્વેષ થયા છે. જોકે ત્રિકાળી તારી ચીજ તો શુદ્ધ છે એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? તારો પ્રભુ તો પૂર્ણ પડ્યો છે અંદર. આહા..હા..! એને પ્રભુ કહીએ. એ ભગવાન છે. સમજાણું કાંઈ?

આત્માનો અનાદિ-અનંત કલંક-અંજન વિનાનો અને સર્વસ્વભૂત, આત્માનું સર્વસ્વ. અહીં તો ભાઈ પર્યાયને કાઢી નાખી. એય..! ઓલું કીધું એવું આત્મા. દ્રવ્ય આત્મલાભ હેતુ.

આચાર્યની કથન તો જ્યાં જોવે ત્યાં એક પ્રકાર. એ ટીકા અમૃતચંદ્રાચાર્યની છેને, પાંચ ભાવની. પંચાસ્તિકાય. દ્રવ્ય આત્મલાભ હેતુ પારિણામિક. વસ્તુની સ્વરૂપની હયાતીરૂપ ભાવ એને પારિણામિક કહીએ. અહીં પણ એ કહે છે કે વસ્તુનો ત્રિકાળી સ્વભાવભાવ તે વસ્તુ. તે વસ્તુનું સર્વસ્વ. આહા..હા..! નિર્ણય કરે છે પર્યાય, પણ નિર્ણય કરે છે એનો-સામાનો (કે) આ ચૈતન્ય સર્વસ્વરૂપ છે. આહા..હા..! અમરચંદભાઈ! આહા..હા..! જેમાં કેવળજ્ઞાનની પર્યાયો એક સમયમાં ત્રણ કાળે જાણે ભગવાન એવી પર્યાય તો પર્યાય છે, અવસ્થા છે. આ તો ત્રિકાળી વસ્તુ છે. આહા..હા..! અને તે પણ પર્યાય વિનાનું સર્વસ્વભૂત ચૈતન્યમાત્ર અહીં તો ભાઈ કહેવામાં આવ્યું છે. આહા..હા..! કહો, છોટાભાઈ! નિર્ણય કરે છે એ શ્રદ્ધા, પણ કહે છે કે આ વસ્તુનું સર્વસ્વરૂપ છે. આહા..હા..! આ આત્માનો ત્રિકાળી સ્વભાવ, ત્રિકાળી જ્ઞાન દર્શન એ વસ્તુનું સર્વસ્વભૂત છે. પર્યાયને લઈને સર્વસ્વભૂત છે એમ ન કહ્યું. ...ભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ? સ્વરૂપચંદભાઈ! આ વીતરાગના .. ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ. આહા..હા..!

ભાઈ! એકવાર સાંભળ તો ખરો. તને તારી ભૂલ તારામાં થઈ એ તો અવસ્થામાં થઈ, પર્યાયમાં થઈ. વસ્તુ જે છે ત્રિકાળી... આહા..હા..! જેના ઉપર દૃષ્ટિ દીધે સત્ય સાહેબ આત્મા દૃષ્ટિમાં આવે એવો જે ભગવાન આત્મા, કહે છે '**જોકે પરમાર્થથી તો ઉપયોગ...**' એટલે ત્રિકાળી ભાવ. અહીં ઉપયોગ એટલે પર્યાય નહિ. '**શુદ્ધ, નિરંજન, અનાદિનિધન...**' ઉપયોગ. આહા..હા..! ત્યાં પણ ઉપયોગ કહ્યો છેને સંવર (અધિકારમાં), નહિ? ઉપયોગમાં ઉપયોગ છે. એ ઉપયોગમાં એ પર્યાય, ઉપયોગ છે એ દ્રવ્ય. સંવર અધિકાર. ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં એટલે પરથી ભેદજ્ઞાન થયું એ જ્ઞાનમાં ખ્યાલમાં આવ્યો એમાં એ ખ્યાલમાં આવ્યો એટલે એ ઉપયોગમાં એ ઉપયોગ છે. આહા..હા..! બીજો ઉપયોગ એ ત્રિકાળી અને પહેલો ઉપયોગ એ પર્યાય. સમજાણું કાંઈ? ભારે આવી વાતું! આહા..હા..! મોટો પરમેશ્વર પણ સંતાડી રાખ્યો છે. સમજાણું કાંઈ? આ કહે છે કે આ ત્રણ પરિણામ કરીને એને સંતાડી રાખ્યો છે. આહા..હા..! મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને રાગ-દ્વેષના પરિણામમાં આવી ચીજ ઢંકાઈ ગઈ. કર્મને લઈને નહિ, પરને લઈને નહિ. સમજાણું કાંઈ?

આ વસ્તુ બેસે એવી છે અને એ વસ્તુ આવી જ છે. સમજાણું કાંઈ? અહીંયાં તો એક સમયની જે વર્તમાન પર્યાય જે મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા રાગ-દ્વેષ એ સિવાયની આખી વસ્તુ તેને અહીં વસ્તુ સર્વસ્વ કીધી છે. એ સર્વસ્વ. સર્વસ્વભૂત ત્રિકાળ એમ ને એમ છે એ સ્વ કહેવાય. પલટતી અવસ્થા પણ જેમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાર્થથી નિરંજન ભગવાન. આહા..હા..! જુઓને ગાથામાં જ યાદ કર્યો છે હોં. ભૂલ તો બતાવી એનામાં કે તારામાં ઉત્પન્ન થયું છે મિથ્યાત્વ, ભગવાન છે ત્રિકાળી એમાં ભૂલ નથી.

આહા..હા..! એથી ભૂલ ટાળવી હોય તો એ સાધન છે. ત્રિકાળી ભગવાનનો આશ્રય લેતા ભૂલ ટળે છે એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

અરેરે..! જ્યાં હજી વાતની ગંભીરતા નથી. ત્યાં આગળ એને દેવ માનવા અને એને ગુરુ માનવા એના ચમત્કાર માનવા. અરેરે! ભગવાન! શું થયું તને આ? એ કહે છે તો આવો પણ એની પર્યાયમાં ત્રણ દોષ ઉભા કર્યા છે. રતનલાલજી! છે તો રતન કહે છે. પણ કિંમત રતનની કરી નથી. ચૈતન્ય હીરલો ત્રિકાળી ભગવાન ધ્રુવ સ્વરૂપ પોતાનું નિજ, જેમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ શુદ્ધ નિરંજન અનાદિ-અનંત વસ્તુનું, આત્માનું સર્વસ્વભૂત. સર્વસ્વ પૂર્ણ સ્વરૂપ. આહા..હા..! એ જ આત્મા એમ કહે છે અહીં તો.

'**સર્વસ્વભૂત...**' '**વસ્તુના...**' વસ્તુ એટલે આત્મા. એનું '**સર્વસ્વભૂત ચૈતન્યમાત્રભાવપણે...**' ચૈતન્યમાત્રભાવપણે. જેમાં મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા રાગ-દ્વેષ તો નથી, પણ જેમાં નિર્મળ પર્યાય પણ નથી. આહા..હા..! જુઓને, શું કીધું? ચૈતન્યનું સર્વસ્વભૂત. એય..! કાંતિભાઈ! બ્રહ્મચારી છે, પંદરસોનો પગાર હતો, એરોપ્લેનમાં મુંબઈ. પંદરસોનો પગાર છોડી દીધો. પગાર છોડી દીધો, માસિક પંદરસો હોં!

મુમુક્ષુ :- તત્ત્વ સમજવા માટે?

ઉત્તર :- હા, આ સમજવા માટે. બ્રહ્મચારી છે. ગૃહસ્થ છે. આહા..હા..! આ ... અને આ વસ્તુ ક્યારે મળે? આહા..હા..! અરે! તારા ગુણ તેં સાંભળ્યા નહિ હોં! તારા ગુણ સાંભળ્યા નથી તો રુચે તો ક્યાંથી? કાને પડ્યા નહિ કે તું આવો આવો છો ભગવાન! આહા..હા..! હવે આ જ્યાં ત્યાં ભગવાન માને. સમજાણું કાંઈ? જ્યાં ગંધેય નથી. આવા સ્વરૂપની વાતેય જ્યાં નથી, ઉંધી વાત બધી.

મુમુક્ષુ :- આડે ભરાય જાય એવું છે.

ઉત્તર :- આડે ભરાય જાય એવું છે. સાચી વાત છે. આહા..હા..!

કહે છે, ભગવાન! તારી દશામાં ભૂલ તો તેં કરી છે હોં. ઈ કહેશે જુઓ, '**અજ્ઞાની થયો થકો, કર્તાપણાને પામતો,...**' એમાં છેને? પાઠમાં એમ છેને. '**जं सो करेदि भावं**' એમ. એવો ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન સર્વસ્વસ્વરૂપ ચૈતન્યમાત્ર એવો હોવા છતાં પણ પોતાના અજ્ઞાનને કારણે અને મિથ્યાશ્રદ્ધાને કારણે. આહા..હા..! '**એક પ્રકારનો છે તોપણ—અશુદ્ધ, સાંજન અનેકભાવપણાને પામતો...**' પરિણામવિકારો તેમને કારણે. એમ માથે કહ્યું ઈ. બીજી લીટી. વિકારી પરિણામને કારણે એમ કહે છે. '**અશુદ્ધ, સાંજન અનેકભાવપણાને પામતો,...**' થકો. છે? સાંજન. સાંજન-અંજનવાળો, મેલવાળો. આવો એકસ્વરૂપે પ્રભુ અંદર છે, પણ તારી દૃષ્ટિ ત્યાં ગઈ નથી કહે છે. તને તારી ખબર નથી. તને તું કોણ છો એની તને ખબર નથી. આવી ચીજ સર્વસ્વ ભગવાન બિરાજે છે

અંદર. આવો હોવા છતાં એની વર્તમાન દશામાં પરિણામવિકારને કારણે એમ કહ્યું. કર્મને કારણે એમ નથી કહ્યું ત્યાં. આહા..હા..! જુઓ, '**પરિણામવિકારો તેમના નિમિત્તે (-કારણથી)...**' તેમના નિમિત્તથી. એ નિમિત્ત લીધું. ઓલું ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય... આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ તો એકરૂપ પ્રભુ છે. ત્રિકાળ તો શુદ્ધ નિરંજનસ્વરૂપ અનાદિ-અનંત વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યમાત્ર. વસ્તુનું સર્વસ્વસ્વરૂપ તે ચૈતન્યમાત્ર. એમાં રાગાદિ નહિ, શરીર તો નહિ, પુણ્ય-પાપના ભાવ પણ નહિ, એક સમયની પર્યાય પણ નહિ. એ વસ્તુનું સર્વસ્વ. એય..! આહા..હા..! પણ એક સમયની પર્યાય છે તે એક સમય છે. ક બોલે એમાં અસંખ્ય સમય જાય. એમાં એક સમય પર્યાય છે આ. રાગ-દ્વેષ, અજ્ઞાન અને કેવળજ્ઞાન એક સમય છે. એક સમય. આહા..હા..! વસ્તુ તો ત્રિકાળ છે, અનાદિ-અનંત. આદિ અને અંત વિનાની ચીજ નિરંજન નિરાકાર શુદ્ધ ધ્રુવ અનાદિ-અનંત એવો હોવા છતાં પોતામાં મોહના સંગે ચડેલો, પોતામાં ઉત્પન્ન થતા મિથ્યાશ્રદ્ધા, જ્ઞાન અને રાગને કારણે અશુદ્ધ દેખાય છે, અશુદ્ધ થયો છે. સમજાણું કાંઈ? શુદ્ધની સામે અશુદ્ધ, નિરંજનની સામે સાંજન, એકની સામે અનેક.

'**અનેકભાવપણાને પામતો થકો...**' આહા..હા..! આ શું કહે છે? અજાણ્યા માણસને ગ્રીક-લેટીન જેવું લાગે. આવો ઉપદેશ! આ કઈ જાતનો આ? ભાઈ! તેં ભગવાનને ઓળખ્યા નથી. સમજાય છે કાંઈ? તારો ભગવાન કેવડો, કોણ છે એની તને ખબર નથી. એમ સર્વજ્ઞ પોકારે છે. કેવળીઓ ત્રણ કાળના જાણનાર છે. સભામાં ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે લોકના નાયક એવા ઈન્દ્રો... આહા..હા..! મોટા અર્ધ-અર્ધ લોકના સ્વામી અસંખ્ય દેવના લાડા, ઈ માનતા નથી, ઈ તો સમકિતી છે. આહા..હા..! ઈ તો કહે, અમે સર્વસ્વ ચૈતન્ય છે એ છીએ. અમે આ તો નહિ, ઈન્દ્રાણી નહિ, શરીર નહિ, વિમાન નહિ, રાગ નહિ અને એક સમયની પર્યાય એટલા પણ અમે નહિ. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? એવા આત્માને એક સમયની પર્યાય જેટલો માનવો, રાગ જેવો માનવો એ અશુદ્ધ માન્યો એણે એમ કહે છે. આહા..હા..!

'**અનેકભાવપણાને પામતો થકો ત્રણ પ્રકારનો થઈને,...**' એક પ્રકારનો ધ્રુવ ચૈતન્ય ભગવાન હોવા છતાં અવસ્થામાં ત્રણ પ્રકારનો થઈને એમ કહે છે. એ પોતે થઈને. એમ. '**પોતે અજ્ઞાની થયો થકો...**' દેખો, કર્મને લઈને નહિ, પરને લઈને નહિ, કોઈ ઈશ્વર એને અજ્ઞાની કરતા નથી. આહા..હા..! '**પોતે અજ્ઞાની થયો થકો, કર્તાપણાને પામતો,...**' લ્યો! મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને રાગ-દ્વેષ એ પરિણમતો એ પોતાને કર્તાપણે માનતો. આહા..હા..! '**કર્તાપણાને પામતો,....**' છેને? પરિણમે છેને એ? આહા..હા..! પણ કર્તા કોનો? એ વિકારી પરિણામનો. પરનો, ધંધામાં બોલવાનો અને શરીરનો અને બીજા કામકાજ પૈસા દેવા-લેવાની ક્રિયાનો એ કર્તા એ આત્મા તો અજ્ઞાનભાવે પણ નથી. આહા..હા..!

સમજાણું કાંઈ?

ઉલ્લસિત વીર્ય જોઈએ એમ કહે છે. નમાલા જેવી વાત અહીંયા નથી. આહા..હા..! વીર્ય ઉલ્લસતું ચૈતન્યને પકડે એનું નામ વીર્ય કહીએ, એનું નામ પુરુષાર્થનો વેપાર કહીએ. આ વેપાર છે. આહા..હા..! ધંધાના વેપાર તો કરી શકતો નથી. એમ હશે ભાઈ? ચંદ્રકાંતભાઈ! શું આ નોકરી-બોકરીમાં નામા બહુ લખવા પડે તમારે. સાધારણ માણસ પહેલા તો ઓળખાતા નહોતા. પછી બોલ્યા ત્યારે આ ચંદ્રકાંતભાઈ.. બે હજારનો પગાર છે માસિક. મોઢું જોઈને લાગે નહિ. મહિનાનો બે હજાર. આ ચંદુભાઈની પાછળ બેઠા ઈ. ભાગ્યશાળી છે. એને આ વાત રુચે છે પાછી. પ્રેમ છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- ઈ જ કહું છુંને, ભાગ્યશાળી. ઓલા પૈસાના નહિ. આ વાત એને ગોઠે છે. .. વાત તો આ કરવા જેવું છેને, ચંદ્રકાંતભાઈ! બાકી બધા ધૂળધાણી છે. પાંચ હજારના પગાર અને દસ હજારના પગાર. હેરાન થઈને મરી જવાના બિચારા. જાધવજીભાઈ! આહા..હા..!

કેવી પણ ટીકા! કેવી વાણી! આહા..હા..! 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ,' વચનોને અમૃત કહી દીધા. ભગવાન આત્મા તો અમૃતસ્વરૂપ છે, પણ એના વાચકને પણ અમૃત કહી દીધા. આહા..હા..! એના નામને એને ઓળખાવનારી ભાષાને? આખી દુનિયાનું અજ્ઞાનનું ઝેર ઉતરી જાય એવો એ ભગવાન આત્મા (છે). એવો હોવા છતાં એ '**ત્રણ પ્રકારનો થઈને, પોતે અજ્ઞાની થયો થકો...**' ભાષા ઓહો..હો..! '**કર્તાપણાને પામતો,...**' એ મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષ મારા છે. આહા..હા..! એ વિકારના કર્મ, વિકારી ભાવ મેં કર્યા અને મારા છે એમ અજ્ઞાની કર્તાપણાને પામતો. આહા..હા..! કર્તા નહિ હોવા છતાં એમ કહે છે. વસ્તુસ્વરૂપે કર્તા નહિ હોવા છતાં અજ્ઞાનભાવે કર્તાપણાને પામતો એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

'**અજ્ઞાની થયો થકો કર્તાપણાને પામતો, વિકારરૂપ પરિણમીને...**' એ સ્વરૂપની સંભાળ વિના વિકારના દોષના, મિથ્યાશ્રદ્ધાના પરિણામને પામીને '**પરિણમીને જે જે ભાવને પોતાનો કરે છે...**' જુઓ, જે જે ભાવને પર્યાયમાં પોતાનો કરે છે. આહા..હા..! જે એનો ભાવ નથી. પુણ્ય અને પાપ, દયા અને દાન વિકલ્પ એનો ભાવ નથી. છતાં પોતે '**જે જે ભાવને...**' ભાવ એટલે પર્યાય. જે જે વિકારી પર્યાયને, જે જે વિકારી પર્યાયને '**પોતાનો કરે છે...**' તે વિકારી પરિણામને પોતાનો માનીને પરિણમે છે '**તે તે ભાવનો તે ઉપયોગ કર્તા થાય છે.**' પર્યાય ... ઓલો ઉપયોગ ત્રિકાળી છે એ નહિ. પહેલો જે કીધો હતો ઉપયોગ એ ત્રિકાળી એ નહિ. સમજાય છે કાંઈ? ઉપયોગ શુદ્ધ નિરંજન અનાદિ-અનંત એ નહિ. પણ એની વર્તમાન જાણવા-દેખવાની જે પર્યાય. આહા..હા..! એ ભગવાનની

દેશના આવી છે. આ એને સોંઘુ લાગે એવી નથી. મોંઘી લાગે એવી છે, પણ છે સરળ અને સત્. અરેરે..! નવરાશ ન મળે પણ હોં! પોતાને સુખ કેમ મળે એને માટે નવરાશ ન મળે. દુઃખ કેમ મળે એને માટે ચોવીસ કલાક. આહા..હા..!

કહે છે, એ **'વિકારરૂપ પરિણમીને...'** થઈને **'જે જે ભાવને પોતાનો કરે છે...'** એ વિકારી મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને રાગ-દ્વેષ પરિણામ જે જે ભાવને પોતાનો કરે છે, માને છે અને કરે છે અને પરિણમે છે એમ કહે છે. **'તે તે ભાવનો તે ઉપયોગ કર્તા થાય છે.'** તે તે વિકારી પર્યાયનો તે વિકારી ઉપયોગ તે તેનો કર્તા થાય છે. આહા..હા..! બહુ સરસ ગાથા છે. આહા..હા..! એક ગાથાએ જૈનદર્શનનો નિકાલ! જૈન વીતરાગનું રહસ્ય, પરમાત્મા ત્રિલોકનાથને શું કહેવું છે એ એક-એક ગાથાએ મુનિઓની, દિગંબર સંતોની કથની અલૌકિક છે! ભગવાનને ઘરે બેસાડી દે એવી વાત છે ઈ. બહારમાં ફરે છેને. આમથી આમ ભટક્યા ભટક, ભટક્યા ભટક. આહા..હા..!

**'જે જે ભાવને પોતાનો કરે છે...'** તે કાળે. **'તે તે ભાવનો તે ઉપયોગ કર્તા થાય છે.'** એની વર્તમાન દશા તે તે પોતાના પરિણમને પરિણમે છે તે તેની કર્તા થાય છે. સમજાય છે કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૧૦, મંગળવાર, તા. ૩૧-૧૦-૧૯૭૨
## ગાથા-૯૦-૯૧, પ્રવચન-૨૦૮

૯૦ ગાથા, સમયસાર. એનો ભાવાર્થ છે. ઝીણી વાત છે થોડી. ઘણો અભ્યાસ જોઈએ. **'પહેલાં કહ્યું હતું કે જે પરિણમે તે કર્તા છે.'** એટલે શું? કે આ જે આત્મા છે... આ કર્તાકર્મ અધિકાર છે, આ આત્મા જે છે આત્મા એની ચીજ તો શુદ્ધ અને આનંદકંદ પ્રભુ છે. એ આવે છે ભાવાર્થમાં. એમાં કહ્યું છેને ઈ એમાં આવે છે. આ આત્મા જે છે અંદર વસ્તુ તરીકે એનો જે સ્વભાવ જે ત્રિકાળી છે એ અપેક્ષાએ તો એ સર્વજ્ઞ સ્વભાવી અને નિત્યાનંદ સ્વભાવી છે. ...ભાઈ! આ તમારા મુંબઈ જેવું નથી. આ જે.પીની પદવી

કેમ આપી? ત્યારે કોક કહે, સેવા કરતા હશે બહુ. ધૂળેય સેવા કરતા નથી કોઈની.

મુમુક્ષુ :- સેવા તો કરે જ છેને.

ઉત્તર :- સેવા કરે રાગની. મુંબઈમાં જે.પી. થયા છે. આ જે.પી. કેમ કહે છે? ... સેવા કરે છે ...

અહીં તો કહે છે કે આત્મતત્ત્વ શરીર, વાણી, મન, બીજા તત્ત્વનું તો કાંઈ કરી શકતો નથી. એ અજ્ઞાન સેવે. પોતાના સ્વરૂપની એને ખબર ન હોય છતાં એ આત્મા સિવાય અનંત બીજા આત્માઓ અને બીજા અનંતા રજકણો શરીર, વાણી આ, એને એ કરી શકતો નથી. જડને શું કરે? અથવા જડ અને ચૈતન્ય જેનું હોવાપણું જગતમાં અસ્તિપણે છે એના અસ્તિપણામાં પ્રવેશ કર્યા વિના એનું શું કરે? બીજી ચીજમાં આ આત્માનો પ્રવેશ તો નથી. સમજાય છે કાંઈ? એટલે શરીરનું પણ કાંઈ કરી શકે નહિ. આ હાલવું-ચાલવું એ એનું કાર્ય નહિ, જડનું છે એ બધું. આહા..હા..! એટલે પરનું કામ તો કરી શકે નહિ એ વાત લીધી નથી. ફક્ત પોતે જે ચૈતન્ય મૂર્તિ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એનું અનાદિથી ભાન, જ્ઞાન, અનુભવ અને શ્રદ્ધા નહિ હોવાથી એ પોતાના પરિણામને તે કરે. એ વિકારપણે પરિણમે છે. હું કરી દઉં પરનું કે પરથી મારામાં થાય કે પુણ્યના પરિણામ તે ધર્મ છે કે પાપના પરિણામમાં પણ મને ઠીક પડે છે એવો જે મિથ્યાત્વભાવ, એ રૂપે પરિણમે છે માટે એનો કર્તા એ છે. સમજાણું કાંઈ?

**'જે પરિણમે તે કર્તા છે.'** પરિણમે છે આત્મા. મિથ્યાશ્રદ્ધાપણે અને રાગ-દ્વેષપણે. એ પરિણમે છે વિકારપણે તો એની અવસ્થામાં ત્રિકાળી ચીજને ભૂલીને વર્તમાન દશામાં, વર્તમાન અવસ્થામાં, ચાલતી પર્યાયમાં એ પોતે રાગ અને દ્વેષ અને મિથ્યાત્વપણે થાય છે. પરિણમે છે માટે એનો કર્તા છે. કહો, ચીમનભાઈ! પરનો (કર્તા) નહિ જરીએ. આહા..હા..! શું કરે? શરીર આ તો બધા જડ (દ્રવ્ય) છે, બીજા આત્માઓ છે એ પણ સ્વતંત્ર પદાર્થ છે. એનું હોવાપણું એને લઈને છે. એને હોવાપણામાં આનું હોવાપણું ગયા વિના એને શું કરે? મૂઢને અનાદિની અજ્ઞાન... એય..! બલુભાઈ! શું હશે આ? તમારે મોટું દવાખાનું (છે). ૫૦ લાખનું દવાખાનું મોટું. દવા બનાવે છે ત્યાં. ગયા હતાને અમે. ત્યાં અમે ગયા હતાને અમે તો જોયું છેને. શું કઈ જમીન કહેવાય એ? કાંદિવલી. ભાઈ હતા, રામજીભાઈ હતા. તમારી દવાઓ જોઈ બધી ઓલી. આમ-આમ થતી હતી.

મુમુક્ષુ :- કેટલું મોટું કારખાનું ચલાવે છે.

ઉત્તર :- હવે ધૂળમાંય ચલાવતો નથી. કોણ ચલાવે?

મુમુક્ષુ :- ઈ અહીં છે તોપણ ત્યાં તો ચાલે છે.

ઉત્તર :- એ તો એની મેળાએ ચાલે છે, એને કારણે ચાલે છે. મારા વિના ચાલે નહિ

એ માન્યતા અજ્ઞાનીની ભ્રમ છે. બરાબર છે? ચંદુભાઈ! આહા..હા..! અરે! એણે ખોયું છેને. પોતાને, હોં! પોતાને ખોયો. પોતે આનંદસ્વરૂપ, સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેના જ્ઞાનમાં સંપૂર્ણ વસ્તુ જણાય છે, એવી જ આ ચીજ ભગવાને જાણી અંદર કે એ તો પૂર્ણ આનંદ અને જ્ઞાનનો સાગર ચૈતન્યમૂર્તિ પ્રભુ પરમાત્મસ્વરૂપી જ છે. આહા..હા..!

એવું નિજસ્વરૂપ એના અજ્ઞાનને લઈને, એના શ્રદ્ધાના ભાન વિના એ પુણ્ય-પાપ અને રાગ-દ્વેષ અને મિથ્યાશ્રદ્ધા તને થાય, પરિણમે, એ અવસ્થાપણે થાય. કારણ કે આ વસ્તુ આવી છે એ રૂપ દૃષ્ટિમાં નથી એટલે દૃષ્ટિમાં નથી એટલે એ રૂપે પરિણમવું નિર્મળ એ છે નહિ. સમજાણું કાંઈ? આ વસ્તુ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ આનંદ એક-એક આત્મા હોં. આ સાંઈબાબાને ખીચડો છે બધો. જોયુંને વાંચ્યું હતુંને. વેદાંતી ને બધા એકે એક. ચમત્કાર બતાવે છે, ગમે તે હોય. જ્યાં હોય ત્યાં હાર કાઢે ને ફલાણું એટલે મોટા વાણિયા બિચારા ભિખારા જેવા હોયને... એય..! બલુભાઈ! આહા..હા..! અરે! એ તો વિદ્યા એવી મેલી એવી હોય છે અનંતવાર. વ્યંતર હોય અભવિ, વ્યંતર અભવિ દસ હજારની આયુષ્યની સ્થિતિવાળો. પહેલા તો .. બતાવ્યું છે. એમાં છે શું?

ભગવાન ચૈતન્યચમત્કાર વસ્તુ અંદર એક ક્ષણમાં પૂર્ણાનંદ અને શાંતિનો સાગર એ તો છે. આહા..હા..! અરેરે! એને એ વસ્તુની દૃષ્ટિ નથી એટલે સ્વીકાર નથી, એથી તે વસ્તુનું શુદ્ધ અને આનંદરૂપે થવું નથી. સમજાય છે? એના સ્વીકાર વિના પરના સ્વીકારમાં એ ગયો છે કે આનું કરી દઉં અને આનું કરી દઉં અને આની કરી દઉં. એવો જે ભાવ. એ કરી શકે નહિ, પણ એવો જે ભાવ મિથ્યાત્વ એ પણે પોતે થાય છે, એ પરિણમે છે માટે તે પર્યાય તેનો કર્તા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અહીં અજ્ઞાનરૂપ થઈને ઉપયોગ પરિણમ્યો...**' શું કહ્યું? ભગવાન આનંદમૂર્તિ પ્રભુ સ્વયંસિદ્ધ, સ્વયંભુ એવો ભગવાન આત્મા પોતાના સ્વરૂપના અજ્ઞાનને લઈને. એ ઉપયોગ અજ્ઞાનરૂપ થઈને ઉપયોગ પરિણમ્યો. ઓલું ત્રિકાળી દ્રવ્ય નથી થતું એમ સિદ્ધ કરવું છે. એની વર્તમાન દશા જાણવા-દેખવાનો વેપાર એ '**અજ્ઞાનરૂપ થઈને ઉપયોગ પરિણમ્યો...**' મિથ્યાશ્રદ્ધાપણે, રાગ-દ્વેષપણે. '**તેથી જે ભાવરૂપ તે પરિણમ્યો...**' તેથી જે એની અવસ્થા, દશા રૂપે જે થયો '**તે ભાવનો તેને કર્તા કહ્યો.**' જે રૂપે એ દશા થઈ એની મિથ્યાશ્રદ્ધા. બહુ મારું ડહાપણ છે એટલે આ પૈસા-પૈસામાં હું... કાળિદાસભાઈ! કેમ હશે એમાં? આને તો એકવાર સરકારને સોંપી દીધું હતું. ઓલું કામ દસ લાખ પેદા થયા હતાને? સરકારને સોંપી દીધું. હવે .. ક્યાં છે? બે લાખ આવ્યા પછી બે લાખ તો બે લાખ. પણ એ પણ રહેવું કે ન રહેવું તે આત્માના અધિકારની વાત નથી. સમજાય છે કાંઈ? એની માન્યતામાં એમ કે હું આમ કરું તો આમ રહે અને આમ કરું તો આમ ન રહે. એવી જે મિથ્યા શ્રદ્ધા,

મહાપાપ હોં! કસાઈખાનાના પાપથી પણ આ મહાપાપ. કેમકે અંદર સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ અનંત ગુણનો સમાજનો પિંડ પ્રભુ એનો જ્યાં અનાદર વર્તે છે. એવો હું નહિ, આવો હું નહિ. એટલે કે પોતાનું જીવન જે શુદ્ધ ત્રિકાળ ધ્રુવ છે એનો નકાર કરે છે ઈ. એટલે કે જીવન આ હું નહિ, એટલે કે હું તો રાગવાળો અને પુણ્યવાળો છું એ જ આત્માની મહામિથ્યા શ્રદ્ધાથી હિંસા થઈ રહી છે. બલુભાઈ! આ પણ કાળા-ધોળા .. કાળા-ધોળા નહિ લાલ-પીળા હોં. એમાં આ બધી વાતું ક્યાં બેસે? પાંચ-પાંચ હજારના પગાર હોય, દસ-દસ હજારના પગારમાં આંખ ફાટી જાય, અજ્ઞાનીની હોં! ધીરૂભાઈ! આહા..હા..!

કહે છે કે ભગવાન આત્મા જે સ્વરૂપે શુદ્ધ અને આનંદ છે એ રૂપે તું ન થયો. કેમકે એની દૃષ્ટિ ત્યાં એના સ્વીકારમાં નથી. પરના સ્વીકારમાં થાય. કર્મના નિમિત્તે વિકાર જે થાય એ મારો છે એવો જે મિથ્યાત્વભાવ. આહા..હા..! મિથ્યાશ્રદ્ધા, જેને મિથ્યાદર્શન શલ્ય કહે છે એની અવસ્થાપણે એ જીવ થયો અને જે થયો તેનો તે કર્તા કહ્યો. બલુભાઈ! સમજાય છે કે નહિ આમાં? તમે ક્યાં અજાણ્યા છો? તમે તો ઘણીવાર આવો છો.

મુમુક્ષુ :- આપ નવી-નવી વાત કરો તો...

ઉત્તર :- નવી ક્યાં હતી આમાં? આ તો જૂની-પુરાણી છે વાત.

મુમુક્ષુ :- અમારે માટે નવી છેને.

ઉત્તર :- આ તો ૫૦ વર્ષથી તો કહેતા આવ્યા છીએ આ. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે... આ વિકારની વાત તો ૫૦, ૫૭ વર્ષથી વાત છે. ૭૧ની સાલથી. ૭૧. ૫૭ વર્ષ થયા. ૫૦ ને ૭. ભાઈ! કીધું, વિકાર જે થાય છે એ જીવની દશામાં જીવ પોતે કરે તો થાય છે. કોઈ એને કરાવતું નથી અને કોઈના દબાણમાં એ છે નહિ. એ પરને વશ હોય તો પોતે વશ થઈને થાય છે. કોઈ બીજી ચીજ એને દબાવે છે એવું ત્રણ કાળમાં છે નહિ. સ્વરૂપચંદભાઈ! શું હશે આ બધું? આ બધા .... આભે પાટુ મારે એવા છોકરા બધા. નીચે પાટુ હોય? આમ ચાલે તો. ... ધૂળેય નથી સાંભળને. ગાંડપણ છે પાગલ.

આત્મા અખંડાનંદ પ્રભુ સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર, પરમેશ્વરે કેવળજ્ઞાનમાં જોયો એવી ચીજ જ છે. સમજાણું કાંઈ? એવી ચીજને ભૂલી અને એ ચીજનો આશ્રય કર્યા વિના અનાદિથી મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષપણે થાય છે. જે થાય છે તે પરિણમ્યો કહેવાય. પરિણમે છે માટે એને કર્તા કહેવાય. થાય છે માટે એનો કર્તા કહેવાય. જે રૂપે ન થાય એનો કર્તા શી રીતે (કહેવાય)? એમ કહે છે. સમજાણું કાંઈ?

'તેને કર્તા કહ્યો. આ રીતે ઉપયોગને કર્તા જાણવો.' એટલે શું કહ્યું ઈ? ત્રિકાળી દ્રવ્યને નહિ. આહા..હા..! ભીખાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રિકાળી દ્રવ્ય જે છે એ તો ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકમૂર્તિ છે. સદશ્યરૂપે એકરૂપ છે. એ વસ્તુ પોતે વિકારપણે પરિણમે દ્રવ્ય એમ નથી. આહા..હા..! એની વર્તમાન દશા વિકારપણે થાય છે તેથી તે ઉપયોગને કર્તા જાણવો. એ જાણવા-દેખવાની પર્યાય એ વિકારપણે પરિણમે માટે એને કર્તા જાણવો. વિકારી અવસ્થાની કર્તા વિકારી અવસ્થા એમ કહે છે. વસ્તુ ત્રિકાળ ધ્રુવ છે. આહા..હા..! ધ્રુવ શું અને આ શું? આહા..હા..!

'જોકે...' ઉપયોગને કર્તા જાણવો. એની મેળાએ અજાણ્યા માણસ વાંચે એને તો કાંઈ હાથ પણ આવે એવું નથી, ગજનો ફાંકો સૂઝે એવું નથી. શું કહે છે આ તે? પાગલ જેવું લાગે લ્યો. ગ્રીક-લેટીન જેવું લાગે. આહા..હા..! કોઈ દિ' સાંભળ્યું નથી સત્ય. સત્યને કોઈ દિ' સાંભળીને વિચાર્યું નથી. વિચારીને આ તે ચીજ આમ જ હોય અને બીજી ન હોય એવા તરફના ઇહા અને વિચારણામાં નિર્ણય કર્યા નથી. તેથી અનાદિનો અજ્ઞાની પોતાની ચીજને ભૂલીને, ભગવાનસ્વરૂપ પોતે પ્રભુ એને ભૂલીને પામર જે વિકારી ભાવ તેનો તે વર્તમાન ઉપયોગ જે છે એ વિકારીનો કર્તા થાય છે.

'જોકે...' એટલે વાત તો નાખી પાછી અંદર. '**શુદ્ધદ્રવ્યાર્થિકનયથી...**' હવે શુદ્ધદ્રવ્યાર્થિકનય શું? ક્યાંથી આ શબ્દ આવ્યો હશે? કહે છે, 'જોકે શુદ્ધ...' ત્રિકાળી દ્રવ્ય એટલે વસ્તુ. નિત્યાનંદ પ્રભુ અનાદિ-અનંત અવિનાશી એવા 'શુદ્ધદ્રવ્ય..' એટલે વસ્તુ. એનો અર્થ એટલે જેને પ્રયોજન છે. એવું જે નય એટલે જ્ઞાન. જે જ્ઞાનનું પ્રયોજન ત્રિકાળી દ્રવ્યને જાણવાનું છે તેને અહીંયાં શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહે છે. આહા..હા..! વાણિયાના ચોપડામાં આવે નહિ. આવું આવે તમારે ત્યાં ઇજનેરમાં? શુદ્ધદ્રવ્યાર્થિકનય. આહા..હા..! ભાઈ! એમ કહે છે કે તું પોતે જે રૂપે થા તે રૂપ એનો કર્તા કહેવાય. એ આત્મા કાંઈ પરરૂપે થતો નથી. તેમ શુદ્ધ સ્વભાવનું ભાન નથી એટલે શુદ્ધરૂપે થતો નથી. બલુભાઈ! લોજિકથી તો સમજવું પડશે, ન્યાયથી વાત ચાલે છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકર ન્યાયથી તો વાત કરે છે જગતને.

જે વસ્તુ છે એ તો જ્ઞાન અને આનંદનો પુંજ પ્રભુ છે. તું પોતે હોં! અનાદિથી એવો છો. પણ એવા હોવાપણાનો વિશ્વાસ અને એનો સ્વીકાર જ્યાં નથી ત્યાં એનું સ્વભાવનું પરિણમન કેમ હોય? અને સ્વભાવના પરિણમન વિના એનો કર્તા કેમ કહેવાય? ત્યારે એનું પરિણમન છે ક્યાં? મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષમાં. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો સાદી વાત છે, પણ કોઈ દિ' ક્યાંય નવરો થાય નહિ પાપ આડે. ચોવીસ કલાક. સાચી વાત હશે? આહા..હા..! જે રૂપે થાય છે તે રૂપે તેનો કર્તા કહેવાય છે. ત્યારે એ પોતે શુદ્ધ આનંદઘન છે એનું ભાન નથી એટલે એ રૂપે વર્તમાન થતો નથી. વર્તમાન તે રૂપે થતો નથી. ત્યારે કાંઈક થાય તો ખરુંને? એટલે વિપરીત માન્યતા અને રાગ-દ્વેષ રૂપે થાય છે.

અને થાય તે તેનો કર્તા કહેવાય છે. જેમાં ન થાય, પરરૂપે થાય છે? પરની દયા પાળી શકે છે? પૈસા રાખી શકે છે? પર રૂપે થાય છે? પર રૂપે થાય તો એને રાખી શકે.

મુમુક્ષુ :- વ્યવહારથી રખાય છે.

ઉત્તર :- ધૂળેય રખાય નહિ વ્યવહારથી. એય..! ભગવાનજીભાઈ! વ્યવહારથી રખાય કાંઈ? અજ્ઞાનીની ભાષા હોય એવી, પણ એમ છે નહિ.

આહા..હા..! કેટલી વાત કરી! .. જયચંદ્ર પંડિતે સરસ કરી હોં! જે પરિણમે તેનો તે કર્તા કહેવાય. એટલે આત્મા જે અવસ્થાને ધારણ કરે તેનો તે કર્તા કહેવાય. એટલે ઉપયોગ એનો કર્તા છે, વસ્તુ તો નહિ એમ કહે છે. કેમકે વસ્તુ જે છે એ તો '**શુદ્ધદ્રવ્યાર્થિકનયથી આત્મા કર્તા છે નહિ,...**' એટલે કોનો? વિકારનો પણ કર્તા નથી વસ્તુ તો. અજ્ઞાનભાવે અજ્ઞાનભાવ એ વિકારનો કર્તા છે. આહા..હા..! '**શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી...**' શુદ્ધ ત્રિકાળી ભગવાન પરમાત્મસ્વરૂપ આનંદમૂર્તિ એને જોવાની દૃષ્ટિ વડેથી જુઓ તો એ આત્મા કર્તા છે જ નહિ. એ વિકારનો એ કર્તા છે નહિ. જો કે નિશ્ચયથી તો પરિણતિનો પણ કર્તા નથી, પણ અત્યારે તો આ લેવું છે. સમજાણું કાંઈ?

'**તોપણ...**' હવે શું કહે છે? ઉપયોગ અને દ્રવ્યને ભેગા કરીને. એનો જે ઉપયોગ છેને વર્તમાન જાણવા-દેખવાનો એ રાગ-દ્વેષ અને મિથ્યાપણે પરિણમે છે માટે ઉપયોગ તેનો કર્તા. પણ ત્રિકાળી દૃષ્ટિની અપેક્ષાએ કર્તા નથી. '**તોપણ ઉપયોગ અને આત્મા એક વસ્તુ હોવાથી...**' એ જાણવા-દેખવાનો વેપાર એ આત્માની પર્યાય છે. અભેદ તરીકે ગણીને '**અશુદ્ધદ્રવ્યાર્થિકનયે આત્માને પણ કર્તા કહેવામાં આવે છે.**' શું કીધું ઈ? વર્તમાન જે જાણવા-દેખવાનો ભાવ એ વિકારરૂપે પરિણમે છે તેથી તે ઉપયોગને વિકારનું પરિણમવું થયું માટે કર્તા કહેવાય. દ્રવ્ય પોતે એ વિકારરૂપ થયું નથી. પણ ત્યારે કહે એને કહેવું હોય તો? કે ઓલો ઉપયોગ પર્યાય જે છે એ જીવની છે, આત્માની છે એમ અભેદ ગણીને શુદ્ધદ્રવ્યાર્થિકનયે નહિ, પણ અશુદ્ધદ્રવ્યાર્થિકનયે. આહા..હા..! એ ઉપયોગ જે જાણવા-દેખવાનો છે, જે મિથ્યાત્વપણે પરિણમે છે એ ઉપયોગ જીવનો છે એમ ગણીને અશુદ્ધદ્રવ્યાર્થિક એટલે દ્રવ્ય મલિનપણે થયું. વસ્તુ મલિનપણે થઈ એવી નયે '**આત્માને પણ કર્તા કહેવામાં આવે છે.**' સમજાણું કાંઈ? એ શું કીધું? રાતે પૂછીએ એ કરતાં અત્યારે પૂછીએ છીએ. લ્યો શું કીધું આ?

'**શુદ્ધદ્રવ્યાર્થિકનયે...**' કર્તા છે નહિ. છતાં તે ઉપયોગને કર્તા કીધો વિકારીભાવનો. એ ઉપયોગને જીવદ્રવ્ય એક ગણીને. કારણ કે એ ઉપયોગ એનો છે વ્યવહારનયે. એક ગણીને અશુદ્ધદ્રવ્યાર્થિકનયે એટલે એ દ્રવ્ય પોતે અશુદ્ધપણે પર્યાયમાં પરિણમ્યું. સમજાણું કાંઈ? માટે તેને જીવદ્રવ્યને પણ આ રીતે વ્યવહારે કર્તા કહેવામાં આવે છે. અશુદ્ધદ્રવ્યાર્થિકનય કહો કે

વ્યવહાર કહો. આ બધું ધ્યાન રાખવું પડશે. એમ ને એમ અદ્ધરથી ન ચાલે. એય..! રસિકભાઈ! આહા..હા..! અરે! આવા વખત મળવા બાપા! શું થાય? આહા..હા..! આ જુઓને વાંચીએ છીએ બધું.. ઘર બેઠા જુઓ. ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... આહા..હા..! વાણિયાને મારી નાખ્યા. હવે એમાં શું? પાધરું આમ કરીને માળા કાઢી. હરિકેશમાં ગયા અને એક માળા કાઢીને આપી આને. હવે પણ શું એમાં? મેલીવિદ્યા કોઈ હોય. એથી શું પણ આત્માને? હીરાના ઢગલા કર્યા એમ કહે છે. ફલાણું કર્યું ને ઢીંકણું કર્યું.

મુમુક્ષુ :- હીરા વેચાયા ક્યા ગામમાં?

ઉત્તર :- વેચાય ક્યાં? એ તો જે એને મળવા જાયને મોટા-મોટા ઓલા શિવાનંદ નહિ શિવાનંદ? .... એના ગુરુ ત્યાં એ ગયા હતા. બોલાવ્યા હતા તો. એ માંદા હતા બહુ. એટલે આ એમ કે જાય. .. સાજા થઈ ગયા એમના પ્રતાપે છે. આના પ્રતાપે.. ગુરુએ અમને સ્વીકાર્યા. હવે એ કલ્પનાની ભ્રમણા છે બધી. આહા..હા..! ભગવાન આત્મા બીજાનું કરી શકે કેમ? બનાવી શકે કેમ? એ અજ્ઞાન... અજ્ઞાન... અજ્ઞાન... મૂઢતા છે. આહા..હા..!

મુમુક્ષુ :- ચમત્કાર બનાવે. જણાવે.

ઉત્તર :- ચમત્કાર બનાવે એ અજ્ઞાની છે એમ કહે છે અહીં તો. આહા..હા..! હોય કોઈ વિદ્યા એવી. ઘણી વિદ્યાઓ આવે છે. ઓલો બળદ નહોતો આવ્યો અહીં આપણે? બળદ આવ્યો હતોને. આવ્યો હતો અહીં. ટીકા સમયસારની કોણ કરે છે? ઓલો કહે કે હું તો કાંઈ સમજતો નથી. એનો માણસ-ધણી. પંચાસ્તિકાયની ચાલતી હતી. તમારી પાસે બેસાડ્યોને? એ એવી એક વિદ્યા મેલી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... મારી મારીને બિચારા રાડ નાખે હોં! એવી મારીને વિદ્યા શીખવે લ્યો. બળદ! ફલાણી છોડી ક્યાં છે? ભાઈએ પૂછ્યું. આનંદભાઈની દીકરી વિદ્યા. કેવી? વિદ્યા. નાની હતી ત્યારે એક .. હું ઊભેલો. એને પૂછ્યું ક્યાં છે? કે એ આદમી ત્યારે જવાબ દે જુઓ ઓલો બળદ. એનો ધણી કહે પણ ત્યાં ક્યાં છે? એ તો બાઈનું, દીકરીનું પૂછે છે. તોપણ ત્યાં ગયો. અને જ્યાં છોડી આમ હતી ત્યાં જઈને ઉભો રહ્યો બળદ. આ મેં નજરે જોયું હતું. એ તો એ અજ્ઞાનીની વિદ્યા એમાં આત્માને શું? એય..! વધારી સંસારને બગાડીને ચાલ્યા જવાના, નરક અને નિગોદમાં જવાના. લ્યો! ભાઈ તો કહે .. ઘણા એવા બળદ આવે છે હોં. એક આવ્યો હતો અહીં. અહીં ... ગામમાં. ... વિદ્યા .. લ્યો, માણસ કહે એમાં શું થયું પણ? આહા..હા..!

અહીં તો ભગવાનનો ચમત્કાર (છે). જેણે ચૈતન્યને જાણ્યો નહિ એનો વિરુદ્ધ ભાવ કર્તા થઈને કરે એ અજ્ઞાની છે. ભાવ કરે એટલો બસ. પરનું કાંઈ કરે એ હરામ. એ દવાખાનાનું

ને એ દવા ને .... એય..! બલુભાઈ! તમારે કારખાના લોઢાનું. એને શું છે? ઈજનેર? ઈજનેરનું. બધા ગપ્પ મારનાર છે.

મુમુક્ષુ :- અહીં સોનગઢમાં જ ચાલે.

ઉત્તર :- સોનગઢમાં... આ તો પરમસત્ય છે એ ગમે ત્યાં ચાલે. બાદશાહનું નામ હોય એ ગમે તે દેશમાં ચાલે એનું. એમ વસ્તુસ્થિત જ આવી છે સત્ય. આહા..હા..!

અરે..! તને ખબર નથી ભાઈ! તારી મોટપની તને કિંમત નથી. તું કેવડો ક્યાં છો? કેમ છે? એની તને ખબર નથી. આહા..હા..! પૂર્ણાનંદ અનંત આનંદથી બિરાજમાન તત્ત્વ છે એ તો. વસ્તુ હોય એ અપૂર્ણ હોય? વસ્તુ હોય એ વિકારી હોય? વસ્તુ હોય એની આદિ હોય? વસ્તુ એનો કોઈ અંત હોય? વસ્તુ હોય એ કોઈ સ્વભાવથી ખાલી હોય? આહા..હા..! એવી ચીજના ભાન વિના અજ્ઞાની અનાદિથી પરનું કરી દઉં અને મારી હુશિયારીથી જગતને ફેરવી દઉં. આહા..હા..! આ તો એમ કહે કે હું ઉગારવા આવ્યો છું. અહીં કહે છે પરને ઉગારવાની પર્યાયનો કર્તા માને એ મૂઢ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવું બધું ભારે આકરું પડે. ભાઈ! આકરું નથી, બાપુ! તને ખબર નથી. તું દુઃખી થઈને એ દિવાળા કાઢ્યા અંદરમાં તેં.

આવો ભગવાન અંદર... આહા..હા..! એની વાતું કરતા જ્યાં ઉત્સાહ વધી જાય, એની સમજણ અને અનુભવ કરતા આનંદ વધી જાય. એવો ભગવાન આત્મા એને ભૂલીને એણે શું કર્યું? કે આત્માને તો જાણ્યો નહિ, ઓળખ્યો નહિ એટલે ધર્મ તો ન કર્યો. ત્યારે કર્યું શું એણે અત્યાર સુધી અનંતકાળથી? કે આ મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષ કર્યા. કારણ કે એ રૂપે થયો એને કર્યા. બીજા રૂપે તો થતો નથી એટલે બીજાનો તો કર્તા છે જ નહિ. આહા..હા..! બરાબર હશે? એય..! નવીન! તારા લોઢાના વેપારને કરે છેને. પહેલા ઈ કરતા હવે તને સોંપ્યું. એ કહે છે, બાપુ! તમે અહીં જાવ અને હું અહીં રહું. નાનો. તું રહે અહીં. નવીનની વાત કરતા હતા. ઓલા કહેતા હતા. નવીન એમ કહે છે કે બાપુ! મને અહીં રહેવા દો. તમે જાવ. ઓલો આવશેને. તું જા, મેં પાપ ઘણા કર્યા અત્યાર સુધી, હવે તું કર. આહા..હા..!

અરે! ભગવાન! આખી દુનિયા વિકલ્પથી માંડીને પર છે. એનાથી પાર એ પર એ આત્મા છે. એવી ચીજની ખબરું વિના... આહા..હા..! એ ચોર્યાશીના અવતારમાં રખડી મર્યો છે. દુઃખી છે હોં એને. આ મોઢું ... જેમ ... શું કહેવાય? ધબો મારીને લાલ મોઢું કરે એવું છે આ. અમે સુખી છીએ ધૂળે, પૈસાએ, આબરૂએ, કાંઈક પગાર પાંચ હજારના મહિને મળ્યા. ધૂળેય નથી સાંભળને! મૂર્ખાઈના તારા પ્રદર્શન છે બધા.

મુમુક્ષુ :- એ ક્યાં કહે છે ધૂળ છે. એ તો પૈસા છે.

ઉત્તર :- એ પૈસા કહો કે ધૂળ કહો બધું એક છે. અજીવ કહો, પુદ્ગલ કહો, પૈસા

કહો બધું એક જ છે. આહા..હા..!

અહીં તો આચાર્ય ભગવાન જગતને કરૂણાના વિકલ્પમાં આવ્યા અને શાસ્ત્રો રચાઈ ગયા. ભગવાન! તું ભૂલ્યો હોં. ભૂલીને પણ તારા ભાવમાં કર્તા થયો તું. ભૂલીને કાંઈ પરનો કર્તા થઈ જાય એમ ત્રણ કાળમાં ન થાય. '**અશુદ્ધદ્રવ્યાર્થિકનયે...**' ભાષા એવી છેને જરી. ટૂંકામાં સમાડ્યું છેને. આહા..હા..! ભાઈ! તારી ચીજ જે છે એની દૃષ્ટિએ જોઈએ તો તો એ રાગ અને પુણ્યનો કર્તા છે જ નહિ. વસ્તુનો સ્વભાવ શુદ્ધ અને આનંદઘન એ તે કેમ રાગને કરે? એમાં ક્યાં રાગ હતો તે રાગ અને મિથ્યાશ્રદ્ધાને કરે? પર્યાયમાં રાગ અને મિથ્યાશ્રદ્ધા છે તો પર્યાય એને કરે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ઝીણું પડે. જશુભાઈ છેને? આ બધું ઝીણું. દુકાનમાંથી આવે અને એમાં આવું આવે લ્યો. આહા..હા..! ભાઈ! તને ખબર નથી. તારી ચીજની મહત્તા સર્વજ્ઞ પણ ગાઈ શક્યા નથી. આહા..હા..! અરે! એને વિશ્વાસ કેમ આવે? એક રાગનો જરી કણ કરીને શુભને પણ એમ માને કે આહા..હા..! અમે તો શું કર્યું! એને આવો રાગ વિનાનો ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ ભગવત્ સ્વરૂપ જ ઈ પોતે છે. (એ કેમ બને?) આહા..હા..! એને ભૂલીને અજ્ઞાનથી રાગ અને દ્વેષ અને મિથ્યાશ્રદ્ધા કરે છે. એથી એને પર્યાયથી કરે માટે પર્યાય એની ગણીને એ દ્રવ્યે કરી એમ કહેવામાં આવે છે વ્યવહારથી, એમ કહે છે.

'**આત્માને પણ કર્તા કહેવામાં આવે છે.**' લ્યો! કહો, સમજાણું આમાં? કહો, ભીખાભાઈ! આ વાંચ્યું છે કે નહિ ઘરે તમે? આહા..હા..! વાંચીને આવે એ સારું કહેવાય. ખબર પડેને કે આ કયા શબ્દનો કેવો અર્થ થાય છે? અમારે કીધુંને માસ્તર એવા હતા અમારા. વાંચીને આવજો. પછી તમને કહીશું એટલે તમને ખબર પડે. આનો અર્થ તો અમે બીજો કરતા અને આ તો બીજો કહે છે. ૭૦ વર્ષ પહેલાની વાતું છે. માસ્તર હતા, નરોત્તમ માસ્તર. બાયડી નહોતી પછી રાંધતા હોય અને અમને છોકરા મોટા હોયને સારા-સારા એને બોલાવે. વાંચીને આવ્યા? પોતે દાળ-ભાત કરતા હોય, રોટલી વણતા હોય. પૂછે. વાંચો આ પાઠ. આ પાઠનો અર્થ આવો છે. અરે! આપણે તો આવું સમજ્યા નહોતા. ત્યારે તમને યાદ રહી જશે. રામજીભાઈને માસ્તર એવા મળ્યા હતા, ઈ કહે, વાંચ્યા વિના આવજો. કહ્યું હતું. અને આ તો અમારે સાધારણ માસ્તર હોય તે દિ' તો ચોથી, પાંચમી, છઠ્ઠી ભણતા. માસ્તર એમ કહે, વાંચીને આવજો કે જેથી તમને ખબર પડે કે તમે શું સમજ્યા અને આ પાઠનો અર્થ કેવો થયો? એનો તમને આંતરો પડશે. ભગવાનજીભાઈ! આહા..હા..! કહે છે. બહુ સમાડ્યું પણ આમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .... આહા..હા..! કોઈ દિ' આવ્યા નથી? કહો, કયા ગામના છે? રાજકોટ.

આવો માર્ગ છે ઝીણો. આ બધું જાડું-બાડું ત્યાં તમારે છે એવું નથી આ. આહા..હા..! કરોડોપતિઓ તો ઘણા થયા, પણ સ્વપતિ થયો નહિ. સ્વસ્વામી પતિ ન થયો. જેનો નથી થતો એને થવાનું માને છે, થાતો નથી. આહા..હા..! પોતે પોતાના પરિણામનો પતિ થાય અજ્ઞાનભાવે વિકારી અને ભાન ભાવે નિર્મળાનંદ પર્યાયનો પતિ થાય. બાકી એ સિવાય કાંઈ વાતમાં માલ નથી. બધા હેરાન કરીને બિચારા મરી ગયા. અબજોપતિ થયા. અબજોપતિ. સો કરોડનો એક અબજ. છેને અત્યારે વાણિયા બે? અબજોપતિ. બે અબજ-અબજ. સો કરોડનો એક અબજ. તો શું છે પણ એમાં હવે? કાંકરા ઘણા છે બહાર. આહા..હા..!

કહે છે કે એ હું રળી શકું છું, મેળવી શકું છું, એવી જે માન્યતા મૂઢની, અજ્ઞાન અને મિથ્યાત્વની છે. મહાપાપ પાખંડનું છે એમ કહે છે. આહા..હા..! માણસને શ્રદ્ધાના પાપની કિંમત નથી અને શ્રદ્ધાના ગુણની કિંમત નથી. આહા..હા..! રાગ-દ્વેષ તો હોય છે ભાઈ જ્યાં સુધી ... રાગ-દ્વેષ હોય, પુણ્ય-પાપનો ભાવ પણ હોય. ઈ અલ્પ છે. એ દોષ વિશેષ નથી. ચરિત્ ભટ્ઠા સિજ્ંતી એમ કહ્યું છેને? છેને આપણે શ્લોક. દંસણં ભટ્ઠા ન સિજ્ંતી. વસ્તુના સ્વરૂપની શ્રદ્ધાથી ભ્રષ્ટ છે, ભલે પોતે બ્રહ્મચર્ય પાળતો હોય અને ત્યાગી હોય, પણ જેના સ્વરૂપની શ્રદ્ધાથી ભ્રષ્ટ (છે તે) ન સિજ્ંતી. નહી સીજે-મુક્તિ નહિ થાય. ચરિત્ ભટ્ઠા સિજ્ંતી. અહો...! જેને ખ્યાલમાં છે કે આ રાગ અને દ્વેષ એ દોષ છે. એવા રાગ-દ્વેષને છોડી શકતો નથી, પણ જેની શ્રદ્ધામાં રાગ અને દ્વેષ મારી ચીજ નહિ. હું તો પૂર્ણાનંદ છું. એવી દૃષ્ટિવાળો સીજી જશે-મુક્તિ થશે. સમજાણું કાંઈ? આહા..!

---

## ગાથા-૯૧

अथात्मनस्त्रिविधपरिणामविकारकर्तृत्वे सति पुद्गलद्रव्यं स्वत एव कर्मत्वेन परिणमतीत्याह --

जं कुणदि भावमादा कत्ता सो होदि तस्स भावस्स।
कम्मत्तं परिणमदे तम्हि सयं पोग्गलं दव्वं।।९१।।
यं करोति भावमात्मा कर्ता स भवति तस्य भावस्य।
कर्मत्वं परिणमते तस्मिन् स्वयं पुद्गलं द्रव्यम्।।९१।।

आत्मा ह्यात्मना तथापरिणमनेन यं भावं किल करोति तस्यायं कर्ता स्यात्, साधकवत्। तस्मिन्निमित्ते सति पुद्गलद्रव्यं कर्मत्वेन स्वयमेव परिणमते। तथा हि -- यथा साधकः किल तथाविधध्यानभावेनात्मना परिणममानो ध्यानस्य कर्ता स्यात्, तस्मिंस्तु ध्यानभावे सकलसाध्यभावानुकूलतया निमित्तमात्रीभूते सति साधकं कर्तारमन्तरेणापि स्वयमेव बाध्यन्ते विषव्याप्तयो, विडम्ब्यन्ते योषितो, ध्वंस्यन्ते बन्धाः तथायमज्ञानादात्मा मिथ्यादर्शनादिभावेनात्मना परिणममानो मिथ्यादर्शनादिभावस्य कर्ता स्यात्, तस्मिंस्तु मिथ्यादर्शनादौ भावे स्वानुकूलतया निमित्तमात्रीभूते सत्यात्मानं कर्तारमन्तरेणापि पुद्गलद्रव्यं मोहनीयादिकर्मत्वेन स्वयमेव परिणमते।

---

હવે, આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું હોય ત્યારે પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે જ કર્મપણે છે એમ કહે છે :-

જે ભાવ જીવ કરે અરે! જીવ તેહનો કર્તા બને;<br>
કર્તા થતાં, પુદ્‌ગલ સ્વયં ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧.

ગાથાર્થઃ- [आत्मा] આત્મા [यं भावम] જે ભાવને [करोति] કરે છે [तस्य भावस्य] તે ભાવનો [सः] તે [कर्ता] કર્તા [भवति] થાય છે; [तस्मिन्] તે કર્તા થતાં [पुद्गलं द्रव्यम्] પુદ્‌ગલદ્રવ્ય [स्वयं] પોતાની મેળે [कर्मत्वं] કર્મપણે [परिणमते] પરિણમે છે.

ટીકા :- આત્મા પોતે જ તે પ્રકારે (તે-રૂપે) પરિણમવાથી જે ભાવને ખરેખર કરે છે તેનો તે કર્તા થાય છે- સાધકની (અર્થાત્ મંત્ર સાધનારની) જેમ; તે (આત્માનો ભાવ) નિમિત્તભૂત થતાં, પુદ્‌ગલદ્રવ્ય કર્મપણે સ્વયમેવ (પોતાની મેળે જ) પરિણમે છે. આ વાત સ્પષ્ટપણે સમજાવવામાં આવે છે :- જેમ સાધક તે પ્રકારના ધ્યાનભાવે પોતે જ પરિણમતો થકો ધ્યાનનો કર્તા થાય છે અને તે ધ્યાનભાવ સર્વ સાધ્યભાવોને (અર્થાત્ સાધકને સાધવાયોગ્ય ભાવોને) અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર થતાં, સાધક કર્તા થયા સિવાય (સર્પાદિકનું) વ્યાપેલું ઝેર સ્વયમેવ ઊતરી જાય છે, સ્ત્રીઓ સ્વયમેવ વિડંબના પામે છે અને બંધનો સ્વયમેવ તૂટી જાય છે; તેવી રીતે આ આત્મા અજ્ઞાનને લીધે મિથ્યાદર્શનાદિભાવે પોતે જ પરિણમતો થકો મિથ્યાદર્શનાદિભાવનો કર્તા થાય છે અને તે મિથ્યાદર્શનાદિભાવ પુદ્‌ગલદ્રવ્યને (કર્મરૂપે પરિણમવામાં) અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર થતાં, આત્મા કર્તા થયા સિવાય પુદ્‌ગલદ્રવ્ય મોહનીયાદિ કર્મપણે સ્વયમેવ પરિણમે છે.

ભાવાર્થ :- આત્મા તો અજ્ઞાનરૂપ પરિણમે છે, કોઈ સાથે મમત્વ કરે છે, કોઈ સાથે રાગ કરે છે. કોઈ સાથે દ્વેષ કરે છે; તે ભાવોનો પોતે કર્તા થાય છે. તે ભાવો નિમિત્તમાત્ર થતાં, પુદ્‌ગલદ્રવ્ય પોતે પોતાના ભાવથી જ કર્મરૂપે પરિણમે છે. પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવ

માત્ર છે. કર્તા તો બન્ને પોત પોતાના ભાવના એ નિશ્ચય છે.

## ગાથા-૯૧ ઉપર પ્રવચન

‘**હવે, આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું હોય...**’ હવે શું (કહે છે)? આગળ લઈ ગયા વાત. એક-એક ડગલું આગળ જાય છે કે આત્મા પોતે પોતાને ભૂલી અને જ્યારે મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષના ભાવ કરે એ કાળે કર્મના રજકણો, કર્મ થવાને લાયક (હોય) એ કર્મપણે થાય. આત્મા એને ન કરે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે કર્મપણે જીવ થતો નથી. થતો નથી એને કેમ કરે? એટલે કહે છે ‘**આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું...**’ એ મિથ્યા માન્યતા... આહા..હા..! સર્વ આત્મા એક છે. જ્યાં હોય ત્યાં બધું એક જ ભાળું છે. માટે ઉપકાર કોને કરીએ અમે? આહા..હા..! અમે કોઈનું કરતા નથી. તમે અને અમે જુદાં ક્યાં છીએ કે અમે તમારું કરીએ? એવું બોલે. ત્રણે કાળે જુદા (છે), ભાઈ! તારે પરની સાથે શું સંબંધ? એકલો રખડતો, રઝળતો ચોર્યાશીના અવતારમાં એકલો રખડે છે. એ આવી ગઈ છે વાત. એકલો બંધપણાને પામે છે, એકલો મુક્તિપણાને પામે છે. એને કોઈ બીજાની સહાય નથી. આહા..હા..! દુઃખને સહન કરે તો એકલો, કલ્પનાના સુખને માને તો એકલો અને ધર્મ પામીને આનંદને પામે તો એકલો. આહા..હા..!

હજી તો જેના દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતામાં ફેર. આહા..હા..! દેવ કોને કહેવા? અરિહંત સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન. જેને રોગ નહિ, ક્ષુધા નહિ, તૃષા નહિ. આહા..હા..! શરીર છતાં રોગ નહિ, શરીર છતાં ક્ષુધા નહિ, શરીર છતાં તૃષા નહિ. આહા..હા..! અને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ. એવી વીતરાગ દશાવંતને પરમાત્મા અને અરિહંત કહેવાય. એ અરિહંત જગતનો ઉદ્ધાર પણ કરતા નથી. એ જગતના ઉદ્ધાર માટે જન્મ્યા નથી. પોતાનું પૂરું કરવા જન્મ્યા છે. અધૂરું મૂકીને આવ્યા... આહા..હા..! એ પૂરું કરવાનો અવતાર છે એનો. પરનું અટકાવવાના યજ્ઞ બહુ થતા હતા. મહાવીર ભગવાને... કહે છેને? ભગવાને યજ્ઞ અટકાવ્યા, બોકડાની હિંસા અટકાવી. કાંઈ અટકાવી નથી અને કર્યું નથી કાંઈ. વાણી પણ એમણે કરી નથી, વાણી તો જડ છે. એમણે તો વાણીનું અને પરનું શું થાય એનું જ્ઞાન કર્યું છે. આહા..હા..! ભારે આકરું કામ. અનાદિનો અભ્યાસ નહિ. સત્યને પડખે ચડ્યો નથી. અસત્યના પડખા સેવી પુષ્ટ થયો છે. ચણો જેમ પાણીમાં પોઢો થાય એમ અસત્યના પડખે પુષ્ટ થયો છે. આહા..હા..!

કહે છે, 'ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું હોય...' જીવમાં વિકારી શ્રદ્ધા, વિકારી મિથ્યાત્વ, રાગ-દ્વેષ એના પરિણામનો કર્તા હોય ત્યારે, તે સમયે 'પુદ્‌ગલદ્રવ્ય...' એટલે રજકણો 'પોતાની મેળે...' એટલે એને કારણે. અહીં રાગ કર્યો માટે એમ નહિ. આહા..હા..! 'પોતાની મેળે જ કર્મપણે પરિણમે છે...' એ પરમાણુઓમાં જેમાં જે કર્મ થવાની પર્યાયની લાયકાત છે એ કર્મપણે પરિણમે છે. એ કાંઈ આણે રાગ-દ્વેષ કર્યો માટે પરિણમે છે એમ નથી. આહા..હા..! અને એ કર્મના પરિણમનનો આત્મા કર્તા નથી. આહા..હા..! સૂક્ષ્મ મિથ્યાત્વ અને અજ્ઞાનને કરે, એ સૂક્ષ્મ રજકણોને પર્યાય ન કરે એ આ બધું જગતનું કરી નાખે. આહા..હા..! બલુભાઈ! ડાહ્યાના દીકરા થઈને દુકાને બેસે એટલે જાણે... આહા..હા..!

મુમુક્ષુ :- ડાહ્યાનો દીકરો નહિ ડાહ્યા પોતે.

ઉત્તર :- ડાહ્યાનો દીકરો ન હોય. એનો બાપ સાધારણ પણ હોય. પણ એ માને એવું કે અમે તો એવા... અરે! કોના દીકરા અને કોના બાપ? બાપા! આહા..હા..! ભ્રમણા જગતની છે. અહીં તો કહે છે કે ભાઈ! તું ભૂલ કર તો ભૂલનો કર્તા થા, પણ પરનો કર્તા પરને તું કરે છો તો કર્તા થા? કુટુંબનું પોષણ કરીએ ને ફલાણું આ કરીએ, ઢીંકણું આ કરીએ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય કરતો નથી. કોણ પોષણ કરે? આહા..હા..! મા-બાપની ફરજ છે કે બાળકોને આમ સમજાવવા, આમ રાખવા એથી લઈને બાળકો સુધરે છે. આહા..હા..! ભાઈ! આકરી વાતું છે. મા-બાપને લઈને સુધરે-બગડે એવું છે નહિ. આહા..હા..! હવે ૯૧ ગાથા. મૂળ શ્લોક.

जं कुणदि भावमादा कत्ता सो होदि तस्स भावस्स।
कम्मत्तं परिणमदे तम्हि सयं पोग्गलं दव्वं।।९१।।
જે ભાવ જીવ કરે અરે! જીવ તેહનો કર્તા બને;
કર્તા થતાં, પુદ્‌ગલ સ્વયં ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧.

આહા..હા..! ટંકશાળ ગાથાઓ છે બધી.

'ટીકા :- આત્મા પોતે જ...' સ્વયં 'તે પ્રકારે...' મિથ્યાશ્રદ્ધા આદિ પ્રકારે 'પરિણમવાથી...' એટલે થવાથી 'જે ભાવને...' એટલે જે પર્યાયને 'ખરેખર કરે છે તેનો તે કર્તા થાય છે...' આહા..હા..! ઓલા કહે અમે તમને તારી દઈએ. અમે તમારે ઘરે આવીને રોગ મટાડી દઈએ. અમારા પગલા થાય ત્યાં આમ થાય. ધૂળેય ન થાય સાંભળને. આહા..હા..! એ એમ કહે. કોના પગલા અને કોની વાતું ભાઈ! પગલા તો જડ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ભ્રમણા મોટી.

ઉત્તર :- ભ્રમણા મોટી. આ જ્યાં જાય ત્યારે કેટલા પૈસા આપે છે? મુંબઈમાં પગલા. ચાર મહિના. એક ૨૮ દિ' રહ્યા તે ૪૬ હજાર રૂપિયા આવ્યા હતા પગલાના. એય..! ૨૮ દિ' રહ્યા ને તો ૨૫ દિ'... ભાઈ ચિંતનભાઈના મકાનમાં રહ્યા હતા. કઈ સાલ? ૨૫ની સાલ. ૨૬ની સાલ. ૨૦માં. ૨૫માં તો અહીં. ૨૦ની સાલમાં તો એકલા રહ્યા. ૨૮ દિ'માં ૪૩ હજાર આવ્યા હતા પગલા અને ૧૭ હજાર આવ્યા હતા બજા ત્રણ મહિનાના ૬૦ હજાર આવ્યા. પછી આ હિંમતભાઈને દેવા માંડ્યા લ્યો તમે આ .. ના ... ૨૦ની સાલ નહિ? ૨૦ની. ૨૫માં અહીં .. તમારા મકાનમાં રહ્યા હતા. એક-એક દિ'માં ત્રણ-ત્રણ હજાર. લોકોને એમ છેને. પણ અહીં તો ભાઈ કહીએ છીએ કે જુઓ તમારા પુણ્ય હોય તો થાય. અમારાથી નહિ.

મુમુક્ષુ :- અમે તો એમ જ માનીએ કે આપના પગલા થયા, બસ બેડો પાર અમારો.

ઉત્તર :- આ ચોપડીમાં કહે છે. આ ચોપડીમાં કાંઈક ઈલમ છે. આ ચોપડીમાં કાંઈ નથી. એ તો લાકડી છે. પ્લાસ્ટિકની આ. પહેલી હતી એ સુખડની. એ ચોરાઈ ગઈ. આહા..હા..! આ નિહાલની વાત તો આ છે, ભાઈ! એ સમજે તો એમાં નિમિત્ત તરીકે કહેવામાં આવે. એનાથી થાતું નથી. આહા..હા..! કહો, ભીખાભાઈ! ભીખાભાઈ કહે, અમારો છોકરો સારો થયો, પૈસા લાખો થયા. પહેલા કાંઈ નહોતું. આહા..હા..!

મુમુક્ષુ :- સીધું ફળ બેસે અને આપ ના પાડો એમ કેમ ચાલે?

ઉત્તર :- એ તો સાંભળવાનો વખત હોય આવો. પરમસત્ય સાંભળવામાં જે વિકલ્પ છે એ પુણ્યનું કારણ છે. આવું પરમસત્ય અને પુણ્યને બાંધે. થોડો કાળ હોય તો એને બહારનો સંયોગ આવે. એ તે કાંઈ આનાથી આવે છે એમ છે? સમજાણું કાંઈ? એમ છે એમ કહેવાય છે. કોના ... થાય? આહા..હા..! ત્રણ લોકના નાથ ભગવાન હોય તોપણ તરતા નથી જીવો. તરણતારણ કહેવાય. ઓલા તરે એને નિમિત્ત થાય માટે. આહા..હા..! ભગવાન વખતે પણ એના વિરોધીઓ નિંદા કરનારા હતા. સર્વજ્ઞ પરમેશ્વર પૂર્ણાનંદ. આહા..હા..! એમાં ભગવાન શું કરે? કોને તારે અને કોને ચોર્યાશીમાં નાખે? ભગવાન નાખતા હશે? આહા..હા..!

**'આત્મા પોતે જ તે પ્રકારે પરિણમવાથી જે ભાવને ખરેખર કરે છે...'** અહીં વિકારીની વાત છે હોં. **'તેનો તે કર્તા થાય છે—સાધકની જેમ;...'** દૃષ્ટાંત દે છે હવે. **'સાધકની જેમ; તે (આત્માનો ભાવ) નિમિત્તભૂત થતાં,...'** ભગવાન પોતાની ચીજને ભૂલીને જે મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષ કરે એ પરિણામનું નિમિત્તપણું. નિમિત્ત એટલે હાજરી. **'પુદ્‌ગલદ્રવ્ય કર્મપણે સ્વયમેવ પરિણમે છે.'** ભાષા દેખો. તે કાળે તે કર્મ થવાને લાયક પુદ્‌ગલો સ્વયમેવ (પરિણમે છે). અહીંયાં મિથ્યાત્વ સેવ્યું માટે દર્શનમોહનું પરિણમન નવું થયું એમ નથી. આહા..હા..! વીતરાગનો માર્ગ અલૌકિક છે. .... બીજી રીતે ખતવાઈ ગયો.

આહા..હા..! '**સાધકની જેમ; તે (આત્માનો ભાવ) નિમિત્તભૂત થતાં,...**' પરિણામ એના. '**પુદ્‌ગલદ્રવ્ય કર્મપણે સ્વયમેવ...**' પોતાની મેળે '**પરિણમે છે.**' એ ત્યાં કર્મ બંધાય છે એ કર્મ પોતાના પરમાણુ છે એને કારણે પરિણમે છે. આણે વિકાર કર્યો માટે પરિણમે છે એમ નથી. સમજાણું કાંઈ? પણ બેનો સમય એક છે. ... સમય એક છે, પણ આનાથી આ થાય અને આનાથી આ થાય એ રહ્યું ક્યાં? જીવે વિકાર કર્યો એ વખતે કર્મરૂપે પુદ્‌ગલ પરિણમ્યા. સમય એક છે કે આગળ-પાછળ? સમય આગળ-પાછળ નથી ત્યારે આણે આમાં શું કર્યું? એ સમયે આ થયું અને એ સમયે આ થાય છે. દાખલો આપે છેને.

'**સ્પષ્ટપણે સમજાવવામાં આવે છે :– જેમ સાધક તે પ્રકારના ધ્યાનભાવે પોતે જ પરિણમતો થકો...**' સાધક કોઈ મંત્ર સાધે તો એ ભાવે તો એ સાધક પોતે થાય છે મંત્રના પરિણામપણે. મંત્ર-તંત્રએ મારી નાખ્યા જગતને. એ '**પરિણમતો થકો ધ્યાનનો કર્તા થાય છે...**' જે પ્રકારે સાધનારો જીવ પોતાના પરિણામને રાગ આદિને કરે તેનો એ કર્તા થાય. '**અને તે ધ્યાનભાવ સર્વ સાધ્યભાવોને...**' એ ધ્યાન જે કાંઈ એનું લક્ષ છે તેને '**સાધ્યભાવોને (અર્થાત્ સાધકને સાધવાયોગ્ય ભાવોને) અનુકૂળ હોવાથી...**' નવી ચીજમાં કાંઈ થાય તેને આનો ભાવ અનુકૂળ નિમિત્ત છે. લ્યો, આ નિમિત્તને અનુકૂળ એ ૮૬માં આવી ગયું છે આપણે. '**નિમિત્તમાત્ર થતાં,...**' ભાષા પાછી જુઓ. '**અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર...**' નિમિત્તમાત્ર. '**સાધક કર્તા થયા સિવાય...**' સાધક એ નવી ચીજને કાંઈ કરતો નથી. આહા..હા..! જેમ સર્પનું ઝેર ચડ્યું હોય અને સાધક મંત્ર સાધે એ તો એના ભાવમાં રહીને સાધે છે. ઓલું નિમિત્ત જે છે સામે ચીજ સર્પ ચડેલો જીવ. '**વ્યાપેલું ઝેર સ્વયમેવ ઉતરી જાય છે,...**' એ સર્પનું ઝેર ઉતરે એમાં મંત્ર કારણ નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- કેમ મનાય?

ઉત્તર :- રામજીભાઈ કરતા વીંછીમાં. એને જરી આમ થાય એટલે હાથ આમ આમ ફેરવે. લોહી ફરતું... કોને?

મુમુક્ષુ :- શાંતિભાઈને.

ઉત્તર :- હા, પણ એને વીંછી કરડ્યો હતો. હોય એ તો એના પરમાણુઓ અહીં .. હોય. જામી ગયા હોય તો છૂટા થઈ જાય. છૂટા થયા તો... આમ આમ કરેને.

મુમુક્ષુ :- ... ઝેર ફેલાઈ જાય.

ઉત્તર :- ફેલાઈ જાય. આહા..હા..! કહો, પહેલા શરૂઆતમાં હતાને અહીં વીંછી બહુ હતાને. આ જંગલ હતુંને? પહેલા આ જંગલ હતું. હવે વસ્તી વધી. અહીં તો જંગલ એકલું મકાન હતું ૯૪માં લ્યો. આહા..હા..! વીંછી અને સર્પ બહુ નીકળતા.

અહીં તો કહે છે કે મંત્રસાધકનો ભાવ મંત્રના સાધકવાળા પાસે રહ્યો. એ ભાવ ત્યાં કાંઈ સર્પના ઝેર ઉતારવાને કાંઈ કરે નહિ. .. અમે તો આમ કર્યું. અમે રોગ મટાડી દીધો લ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી એને દીધે રાખે. આહા..હા..! અમે એક જ છીએ. તમે રોગ મટાડી દીધો, ફલાણું કીધું. અરે! વાણિયા પણ ભાન વિનાના.

મુમુક્ષુ :- વાણિયા ભાનવાળા હોય એમ કોણે કહ્યું?

ઉત્તર :- વાણિયા વેપારી છે તો કાંઈક તો થોડોઘણો બુદ્ધિવાળો હોય કે નહિ? એમ કહે છે માણસ. નાની ઉંમરના એમ કહે છેને કાંઈક, નહિ? ભરવાડની વહુ ડાહી, ડાહીમાના ગાંડા અને ગાંડીમાના ડાહ્યા એમ કહે છે આપણે. વાણિયાની ... ભોળી બિચારી એમ કહે. ભાન-બાન ન ... ગાંડીમાના ડાહ્યા. ભરવાડ હોય એ હુશિયાર હોય એ ડાહીમાના ગાંડા. ભરવાડ બિચારા .. બકરા અને ભેંસુ ચારે. એવી વાતું સાંભળી છે નાની ઉંમરથી અમે. કહો, ભીખાભાઈ! સાંભળી છે કે નહિ?

અહીં કહે છે કે ઓલો મંત્ર સાધે માટે એના ઝેરના ઉતરવાનો કર્તા એ છે એમ નથી. એમ જીવ પરિણામ કરે અજ્ઞાનના માટે ત્યાં કર્મ બંધાય છે એમ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૧૧, બુધવાર, તા. ૦૧-૧૧-૧૯૭૨
## ગાથા-૯૧-૯૨, પ્રવચન-૨૦૯

૯૧ ગાથા ચાલે છે. અહીં સુધી આવ્યું જુઓ, મંત્રનો સાધનાર. દૃષ્ટાંત છે પહેલો. મંત્ર-તંત્રના સાધનારનો ભાવ. મંત્ર-તંત્રના સાધનાના ભાવમાં છે એનો. એ ભાવ કોઈને કરી દે એમ નથી. એ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? એ ભાવ મંત્રનો છે એ એની પાસે રહ્યો, પણ એથી બીજાનું કાંઈ કરે ઈ એમ નહિ. '**સાધક કર્તા થયા સિવાય (સર્પાદિકનું) વ્યાપેલું ઝેર સ્વયમેવ ઉતરી જાય છે,...**' સર્પ કરડ્યો હોય કોઈને... આ દૃષ્ટાંત છે પછી સિદ્ધાંત કહેશે, એનું ઝેર ઉતરવાનો પ્રસંગ એનો હોય તો એને કારણે ઉતરે. પણ

સાધક મંત્ર કરે માટે એ ઝેર ઉતરે એમ નહિ. આહા..હા..! આ મોટા ગોટા છેને અત્યારે?

મુમુક્ષુ :- મંત્ર સાધનારની કાંઈ કિંમત રહી નહિ.

ઉત્તર :- કિંમત શેની રહે.

પોતે જેમ સત્ છે એમ સામી ચીજ એ સત્ છે કે નહિ? સત્ છેને? આત્મા સત્ છે, જડ આ સત્ છે, આ માટી વસ્તુ. સત્ છે એ પોતામાં જ્યારે પોતાની અવસ્થાપણે થાય ત્યારે બીજી ચીજ ભલે નિમિત્ત હો, પણ એને લઈને નિમિત્ત છે માટે એની અવસ્થામાં બીજામાં કાંઈ થાય છે એમ નથી. જુઓને, આ બધી ભ્રમણા ચાલે છેને મુંબઈમાં નહિ? ફલાણા આમ કરી દે છે અને ફલાણા આમ કરી દે છે. બધી ભ્રમણા અજ્ઞાનીની છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ગાથા ચાલે છે આપણે અહીંયા. ફલાણો રોગ ઉતારી દે, રોગ મટાડી દે, પૈસા આપે, એનો આશીર્વાદ મળે તો પૈસા મળે. બધી વાત ભ્રમ છે. લાકડી ફેરવે. અહીંનું ચાલે છેને, આ લાકડીમાં કંઈક ઈલમ છે. લાકડી ફરે એને પૈસા થઈ જાય. એ વાત તદ્દન ખોટી છે. એ તો એના પુણ્ય હોય પૂર્વના પુણ્યને પાકવાને કાળે, પાકવાને કાળે ઓલો યોગ થવાનો હોય તો એ પુણ્યને લઈને, એના પુણ્યને લઈને થાય છે. બરાબર હશે? ચંદુભાઈ!

મુમુક્ષુ :- સોગઠી ગોઠવાઈ જાય.

ઉત્તર :- સોગઠી ગોઠવાઈ જાય. હા.

મુમુક્ષુ :- અક્કલ તો વાપરવી પડેને?

ઉત્તર :- બીજામાં શું વાપરે? આ વકીલ અક્કલ બીજામાં વાપરે તો બીજાને જીતાડી દે એમ હશે? એ વકીલ છેને એટલે કહે છે, અક્કલ તો વાપરવી જ પડેને. ધૂળેય થાતું નથી. એ તો એના પુણ્યનો યોગ હોય તો એ પાક થાય એટલે જીતી જાય. રામજીભાઈ જીતાડી દે બીજાને મોટા વકીલ (છે) માટે એ વાતમાં કાંઈ એકેય દોકડો સાચો નથી.

મુમુક્ષુ :- પણ ખોટો તો નથીને?

ઉત્તર :- ખોટેખોટો. દોકડો સાચો નથી એનો અર્થ શું થયો? ખોટેખોટો દોકડો સોએ સો ટકા. બરાબર હશે? આ બધા ભેગા થઈને તમને ઈલકાબ આપ્યો હશે?

મુમુક્ષુ :- કોણે આપ્યો?

ઉત્તર :- એમ કહે છેને માણસો. શું કહેવાય એને એય? જે.પી.નો ઈલ્કાબ આપ્યો એને મુંબઈમાં. એના ઘરે શાંતિ(ના) નહિ ઠેકાણા અને શાંતિના દૂત ક્યાંથી થઈ ગયા? જે.પી.નો ઈલ્કાબ હમણા મળ્યો મુંબઈમાં, આ ચીમનભાઈને. ચીમનલાલ ચુનિલાલ શેઠ. ધૂળમાંય નથી ત્યાં જે.પી.માં. એ તો પૂર્વના કોઈ પુણ્યનો ઉદય હોય તો એ સોગઠી ગોઠવાઈ જાય. દુનિયા એમ કહે ઓહો..હો..! સેવા કરી ફલાણાની. સમાજ.. હોસ્પિટલમાં. ધૂળેય સેવા કરતા નથી. સેવા કરે અને મટાડી દે તો અહીં .. નથી ...બાને? કહો, છે કે નહિ? ... તો મરવાની

તૈયારીએ રહી ગયા હતા. એ તો આયુષ્ય હોય એને કોણ તોડે અને ન હોય તો કોણ એને જોડે? બીજા કહે હું આને જીવાડી દઉં, આને મારી નાખું. બિલકુલ જુઠાણ છે બધું. ભગવાનજીભાઈ! આહા..હા..! એય..! બલુભાઈ! બરાબર હશે?

મુમુક્ષુ :- અહીં તો આપની પાસે તો બરાબર જ કહેવું પડેને.

ઉત્તર :- પણ ન્યાયથી તુલના કરવી પડશે કે નહિ? કે જેમ બીજો પદાર્થ છે એમ આ પણ એક પદાર્થ છે કે નહિ? સત્ છેને? તો હોય એ સત્ છેને. સત્ છે એ બીજાનો આશરો કેમ લે? સત્ છે એ બીજાને કારણે કેમ બદલે અને પરિણમે? બીજો બીજાને કારણે પલટે તો બે સત્ રહેતા નથી. સત્ની હજી ખબર નથી, શું ચીજ આ? આત્મા શું છે? આ જડ શું છે?

અહીં તો એમ સિદ્ધ કરવું છે, સિદ્ધાંત તો બીજો સિદ્ધ કરવો છે. પહેલો તો દૃષ્ટાંત છે કે સાધક સાધનાર મંત્રના ભાવને સાધે, પણ એથી સર્પનું ઝેર ઉતરી જાય આને લઈને એમ નથી. વસ્તુ ત્રિકાળ સત્ છેને. સમજાય છે કાંઈ? **'સ્ત્રીઓ સ્વયમેવ વિડંબના પામે છે...'** એની મેળાએ સ્ત્રીઓ ધુણવા માંડે. એને કારણે ધુણે છે. એની અવસ્થા સ્ત્રીમાં છે. બીજો મંત્રવાળો શું કરે ત્યાં? ધૂળેય કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓને આ મુંબઈમાં તો ચાલ્યું છેને બધું સાંઈબાબા, ફલાણા કેવા? જલારામ ને. એ લુહાણા છેને કાંઈક અહીં શું? ક્યુ ગામ ભાઈ ઈ? જલારામ. વીરપુર ગયા છેને. ત્યાં વીરપુર ગયા છે. એનો જે અત્યારે ગાદીવાળો છે એ પગે લાગવા આવ્યો હતો બિચારો. અત્યારે ગાદી છેને ગીરધરલાલની. બીજાના રોગ મટાડે છે અને આ ગીરધરભાઈને તો આખા શરીરે કોઢ છે. અત્યારે જે આ જલારામની ગાદીએ છેને. લુહાણા છે લુહાણા. આવ્યા હતા, દર્શન કરવા આવ્યા હતા. સો રૂપિયા લઈને આવ્યા હતા. એ તો મોટું ... કહેવાયને એટલે મહારાજના દર્શન ખાલી હાથે ન થાય. તો ૧૦૧ રૂપિયા અને એક નાળિયેર અને સાકર શેર. પોતે જગ્યાનો માલિક આવ્યો હતો. મોહનભાઈએ છપાવ્યો હતો ... કાંતિભાઈ હતાને ભાઈ આને શું કરવું? ... રાખો, કીધું, અહીં નાખો જ્ઞાન ખાતે. ખુશી થઈ ગયો બિચારો. છેને જલારામ આ? એને કોઢ છે આખા શરીરમાં લ્યો. અમે આવતા હતા એટલે મોટર ઉભી રાખી દીધી. ઉભી રાખીને હેઠે ઉતરી ગયા. પછી દર્શન કરવા આવ્યા. ગપેગપ છે કે આનાથી આમ થાય અને આનાથી આમ થાય. તારાથી તારું થાય. સમજાણું કાંઈ? આહા..હા..!

**'બંધનો સ્વયમેવ તૂટી જાય છે;...'** લ્યો! મુનિનું કહ્યુંને? તાળા તૂટી ગયા. કેવા કહેવાય ઈ? માનતુંગ આચાર્ય. 'ભક્તામરપ્રણિત મૌલિ મણિ..' બોલવા મંડ્યા તો તાળા તૂટવા મંડ્યા. એ તો એના તૂટવાને કારણે તૂટ્યા, મંત્રને કારણે નહિ એમ કહે છે. આહા..હા..! ભારે ઉંધું ભાઈ! સમજાણું? **'તેવી રીતે...'** આ તો દૃષ્ટાંત કહ્યો. હવે સિદ્ધાંત. **'આ આત્મા...'**

આ દેહમાં રહેલો ભગવાન આત્મા પોતાના '**અજ્ઞાનને લીધે...**' પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ આત્મા છે. એની જેને ખબર નથી એવા જે અજ્ઞાની સ્વરૂપના બેભાનવાળા '**અજ્ઞાનને લીધે મિથ્યાદર્શનાદિભાવે પોતે જ પરિણમતો થકો...**' પોતે ઊંધી માન્યતા કે પુણ્યથી મને ધર્મ થાય, પર બીજો મને કાંઈ કરી દે, હું બીજાનું કાંઈ કરી દઉં એવી જે મિથ્યા માન્યતા. એ મિથ્યાશ્રદ્ધાપણે અજ્ઞાની આત્મા પોતે થાય છે. એને કોઈ અજ્ઞાનપણે પરિણમાવે છે તો અજ્ઞાન થાય છે એમ નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અહીં તો અજ્ઞાન અત્યારે દોષની વાત છે હોં. ગુણમાં પણ એમ છે.

ધર્મ પણ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ છેને? સત્ શાશ્વત છે, અવિનાશી આત્મા છે, અનાદિનો છે, અનંત કાળ રહેવાનો છે. જેવું એનું તત્ત્વ છે એવું જ એનું સત્ત્વ છે. એનો આનંદ, જ્ઞાન અનંત-અનંત આનંદ અનંત, જ્ઞાન અનંત, શાંતિ, સ્વચ્છતા એવા સ્વભાવો પણ સત્ છે. એ સત્ છે આત્મામાં. એવા સ્વભાવના સત્‌નું ભાન ન હોવાને લીધે કોઈ મને કરી દેશે, હું કોઈકનું કરી દઉં, ચમત્કાર બતાવીને બીજાને કાંઈક અમે કરી દઈએ અને બતાવી દઈએ એ બધી મિથ્યાશ્રદ્ધા છે, જૂઠાણાને સેવનારા છે. સમજાણું કાંઈ?

કહે છે, '**અજ્ઞાનને લીધે મિથ્યાદર્શન...**' મિથ્યાશ્રદ્ધા. આહા..હા..! હું જગતને રોગથી મુક્ત કરી શકું, મારી ફૂંક પડે ત્યાં અંદરમાં રોગ મટી જાય. ભ્રમણા અજ્ઞાનીની છે. પવન નાખે છે-મારે છે? શું ફૂ? આ તો જડ છે. પવન એ જડ છે. ભગવાન તો અરૂપી ચૈતન્યઘન છે. આત્મામાં તો રંગ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. એ તો અરૂપી છે. આ વાણી આદિ તો બધા જડ છે. જડને આત્મા કરી શકે એમ જે માનવું એ અજ્ઞાન છે. કહો, સમજાણું કાંઈ? આમ હાથ કર્યો અને આ હાર કાઢ્યો, આમ હાથ કર્યો અને નાળિયેર કાઢ્યું. શું ધૂળ કરે? સાંભળને. વાણિયાની બુદ્ધિ પણ વેચાઈ ગઈ એની.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... બિચારો કહેતો હતોને. અહીં નહોતો આવ્યો? ખબર નથી? અહીં આવ્યો હતો. આ કે.લાલ નથી જાદુગર? મોટો જાદુગર, જબ્બર જાદુગર. કાંતિલાલ નામ છે એનું. અહીં આવ્યો હતો અંદરમાં. ... મોટો. ઘણા લાખો પેદા કરે છે. અહીં આવ્યો હતો, ત્યાં રાજકોટ આવ્યો હતો. પછી રાજકોટ આવ્યો ત્યારે બોલ્યો બિચારો મહારાજ! એ કે.લાલ પોતે કાંતિલાલ. રાજકોટ, મહારાજ! અમારું બધું ધતીંગ છે હોં. અમારી પાસે શું કહે? મરી જશો કીધું આમ ને આમ. પૂર્વના પુણ્ય છે તો આ ખાવ છો. લાખો રૂપિયા પેદા કરે. એક-એક દિ'ના દસ-દસ હજાર રૂપિયા, પંદર-પંદર હજાર રૂપિયા રાતના. .. બાયું બેઠી હતીને હમણા આવ્યો હતો અહીં. પાંચ મહિના પહેલા. અહીં હતાને ઈન્દોર. ત્યારે આવેલો. એક

રાત મોટી કરી હતી અને બીજે દિવસે દર્શન કરવા આવ્યો હતો. પોતે કાંતિલાલ. એણે કીધું. ... છે નરમ માણસ. એ તો ચોખ્ખું બોલ્યો કે ધતીંગ છે મારું બધું. ખોટે ખોટું છે. એવું અમારું અને સાંઈબાબા અને રજનીશનું, ત્રણે જાદુગર છીએ. એ તો ચોખ્ખું કહેતો હતો બિચારો. જાદુગરીની વાત છે. ધર્મ-ફર્મની કાંઈ વાત નથી એમાં. બહુ પેદા કરે છે. એક ફેરી તો ત્રણ કલાકમાં પાંચ લાખ પેદા કર્યા હતા. ત્રણ કલાકમાં શું કહે છે એ બતાવે ભાઈ! ટેલિવિઝન. એ તમારી ભાષા હશે કાંઈક. ... આખા જાપાન ને બધા... ત્રણ કલાકના પાંચ લાખ લીધા, બહુ પૈસા. મરી જશો આ બધા પૂર્વના પુણ્ય છે તો બળી જાય છે. પૂર્વના પુણ્યને લઈને આ બધું થાય છે. જો આ ધર્મ-બર્મ નહિ સમજો તો તો ક્યાંય હાથ નહિ આવો ચોર્યાશીના અવતારમાં રખડતા. અહીંયા બતાવ્યું હતું થોડું. અમારી પાસે બતાવ્યું હતું, શેઠને બતાવ્યું હતું. રાજકુમારસિંહ છેને? સર હુકમીચંદના પુત્ર. મોટા બંગલા, મોટો શેઠ. શેઠ વીસ કરોડ રૂપિયા. એના બંગલામાં અમે રોકાણા હતા. ત્યાં આવ્યો હતો. એને પણ બતાવ્યું. પણ એ બધા સમજે કે આ તો જુવાન માણસ છે, વાણિયો છે, બાયડી, છોકરાવાળો છે અને ... એની નજરબંધી છે એમ માને. એને ઓલા ત્યાગી છેને એટલે એની શક્તિ માને, પણ છીએ અમે ત્રણે સરખા. સાંઈબાબો અને આ કેવો? રજનીશ છેને મુંબઈમાં. આહા..હા..!

અહીં તો પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ જેને આત્માનું એક સમયનું ત્રણ કાળનું જ્ઞાન પ્રગટ્યું હતું એવું અંદરમાં. એ પરમાત્મા સર્વજ્ઞદેવ ફરમાવે છે કે ભાઈ! આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લઈને મિથ્યાશ્રદ્ધા કરે, મિથ્યાજ્ઞાન કરે, મિથ્યા રાગ-દ્વેષ કરે. એથી એ '**પોતે જ પરિણમતો થકો...**' આત્મા વિકારી ભાવપણે, મિથ્યાશ્રદ્ધાપણે ભાન વિના પોતે જ એ અવસ્થાપણે થયો થકો. '**મિથ્યાદર્શનાદિભાવનો કર્તા થાય...**' પોતાના અજ્ઞાનભાવનો એ કર્તા થાય. સમજાણું કાંઈ? આહા..હા..! '**અને તે મિથ્યાદર્શનાદિભાવ પુદ્‌ગલદ્રવ્યને અનુકૂળ હોવાથી...**' નવા જે કર્મ બંધાયને નવા કર્મ એને આ મિથ્યાદર્શનાદિ પરિણામ નિમિત્ત છે. નવા રજકણો જે નસીબ જેને કહીએ એ એને કારણે રજકણો બંધાય છે. આ મિથ્યાદર્શનને કારણે ત્યાં રજકણોનું કાર્ય છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**મિથ્યાદર્શનાદિભાવ પુદ્‌ગલદ્રવ્યને અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર થતાં, આત્મા કર્તા થયા સિવાય...**' આત્માના પરિણામ અજ્ઞાનભાવે હો, પણ એ અજ્ઞાનભાવ નવા કર્મ બંધનને કર્તા થયા સિવાય કર્મના રજકણો નસીબપણે પરિણમે છે. એને આત્મા કરે છે, કર્મ બાંધે છે એમ છે નહિ. આહા..હા..! બલુભાઈ! શું હશે આ બધું? તમારે તો મોટું દવાખાનું ત્યાં, મુંબઈ નહિ? કારખાનું દવાનું. અમે તો ઉતર્યા હતાને કાંદીવલી. પચાસ લાખનું દવાખાનું છે. બલુભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- હુશિયારી બહુ.

ઉત્તર :- ધૂળમાંય હુશિયારી નથી. જોયું નહિ ત્યાં એના ઘરમાં જઈને? કહો, સમજાણું? નહોતી ચાલતી? દવા આમ-આમ ચાલતી હતીને. ગોળીઓ આ થાય છેને બધી? થાતી હતી આમ આમ ફરતી હતી, અમે જોયું હતુંને એના કારખાનામાં. આહા..હા..! એ તો જડની ક્રિયા જડથી થાય. એ બીજાથી ન થાય. બીજો માને કે મારે લઈને આ થાય છે. મોટો મૂઢનો સરદાર છે. ચંદુભાઈ! અહીં તો આ છે. આહા..હા..!

કહે છે, ઓહો..હો..! જીવ પોતે પોતાના સ્વરૂપને ભૂલે અને ભૂલીને ભ્રમણા કરે. એ ભ્રમણારૂપે ભલે થાય, પણ ભ્રમણા નવા કર્મને બાંધે, નવા કર્મનું કાર્ય આ ભ્રમણા કરે અને એનો કર્તા ભ્રમણા થાય એમ છે નહિ. ભગવાનજીભાઈ! ભારે વાત ભાઈ! અંદરમાં ભ્રમણા કરે તોપણ કર્મ બંધાય એને કારણે. હવે એને કરવું છે શું? બીજાનું શું કરવું છે એને? આનું આ કરી દઉં, આનું આ કરી દઉં. બધી અજ્ઞાનીઓની ભ્રમણા છે. સમજાણું કાંઈ? એ ભ્રમણાનું નિમિત્ત પામી અને તે કાળે કર્મના રજકણો કર્મરૂપે થવાના તે કર્મરૂપે થાય છે. થનાર તે કર્તા છે, થયું તે તેનું કાર્ય છે. આહા..હા..! અરેરે! ક્યાં જગતને (પડી છે)? ક્યાં સત્ય છે અને કેમ છે એની ખબરું નથી. રખડ્યા રખડ ચોર્યાશીના અવતારમાં. આહા..હા..!

'**આત્મા કર્તા થયા સિવાય...**' છેને? હા, એ અજ્ઞાન કરે, ભ્રમણા કરે કે મને કોઈ તારી દે, મને કોઈ રોગ મટાડે, મને કોઈ સ્વર્ગમાં લઈ જાય એમ મૂઢ અજ્ઞાની અજ્ઞાનને કરે, પણ એથી કર્મબંધનને પણ એ અજ્ઞાનભાવ કરે, અજ્ઞાનભાવ કર્તા અને કર્મબંધન એનું કાર્ય એમ નથી. તેમ કર્મબંધનના રજકણો પણ જગતની ચીજ અજીવ છે એ કર્મપણે થવામાં એ થાય છે. થાય તે તેનો કર્તા અને થયું તે તેનું કાર્ય. આત્મા કાંઈ રજકણપણે થતો નથી. ભગવાન તો અરૂપી છે પ્રભુ. એ ભૂલે તો અજ્ઞાન કરે અને જાગે તો ભાન કરે. કહો, ભાનમાં જવું છે કે નહિ? સુજાનમલજી! ધર્મ કરે. ઓહો..! હું તો શુદ્ધ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત ત્રિકાળ અવિનાશી આનંદનો ધણી. એ આ રાગનો સ્વામી અને પરનો સ્વામી કેમ થાય? સમજાય છે કાંઈ? એવી જેને અંતરમાં સત્યદૃષ્ટિનો જાગૃતભાવ થાય, તો એ સત્‌દૃષ્ટિ કોઈ ગુરુ કરાવી દે કે પરમાત્મા, અરિહંત અને તીર્થંકર કરાવી દે એ વાતમાં એકેય દોકડો સાચો નથી.

મુમુક્ષુ :- નિમિત્ત થાય.

ઉત્તર :- એનો અર્થ શું થયો પણ? છે એટલું. પણ એ છે માટે આ છે? એ છે માટે આ છે તો તો કર્તાકર્મ થઈ ગયું. કહો, ઝીણી વાત છે, ભાઈ! અંદરનું શલ્ય રહી ગયું છે ઝીણું. અનાદિનું આ રહી ગયું છે. આહા..હા..! કાં મને કોઈ બુડાડે છે, કાં મને

કોઈ તારી દે. આવા ભ્રમણામાં અને ભ્રમણામાં એના અવતાર ચોર્યાશીના મટતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, ભગવાન આત્મા પોતાને ભૂલી, પૈસામાં સુખ છે, આબરૂમાં સુખ છે, શરીરમાં સુખ છે, ખાવા-પીવામાં સુખ છે એવી જે માન્યતા એ મિથ્યા માન્યતામાં ભ્રમણા છે. સુખ એમાં ક્યાંય નથી. સુખ આત્મામાં છે. સચ્ચિદાનંદ પ્રભુ એ પોતે છે. એ આનંદનો નાથ સત્ સ્વભાવી પ્રભુ આનંદ છે. એની જેને ખબર પડે એ ખબર પડે તોપણ એ પોતે ખબરપણે પરિણમે છે એનો કર્તા ઈ આત્મા થાય છે. એનો કર્તા કોઈ શાસ્ત્ર, ગુરુ ને દેવ નથી. એને ધર્મ પમાડી દે (એમ નથી). જે પરિણમે તે કર્તા થાય. તો સમ્યગ્દર્શનપણે, ધર્મપણે તો આત્મા પોતે પરિણમે છે. ગુરુ આવે છે ત્યાં પરિણમાવવા એને? અરિહંત, સર્વજ્ઞ એને પરિણમાવે છે બીજાને? આહા..હા..! પાંગળો, માન્યું છેને. મને આણે બુડાડ્યા અને આ મને તારે. આવો આંધળો છે. આહા..હા..!

તારું તત્ત્વ અંદર શાશ્વત ચૈતન્યજ્યોત છે. વસ્તુ છેને, સત્ છેને અને સત્ છે તે સત્ય છે. એમ એનો આનંદ અને જ્ઞાન ત્રિકાળી ગુણ પણ સત્ છે. સત્ તે જ સત્ય છે. રાગાદિ જેના પરિણામ એ એના સત્ય સાચા નથી. એ જૂઠા ઉઠાવેલાં છે. આહા..હા..! ભારે કામ! સલવણી પણ ભારે થઈ જાય હોં. કહે છે, એ આત્મા ભલે અજ્ઞાનભાવને કરે. એ વખતે કર્મના રજકણો કર્મપણે થાય. એમાં આત્મા કર્તા થવા સિવાય એ કર્મ બંધાય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'પુદ્‌ગલદ્રવ્ય મોહનીયાદિ કર્મપણે...'** જુઓ, મોહનીય નાખ્યું. જ્ઞાનાવરણીય આદિ નહિ. **'સ્વયમેવ પરિણમે છે.'** આહા..હા..! સમજાણું કાંઈ? જીવ પોતાને ભૂલીને અજ્ઞાનભાવરૂપે થાય. તો એ અજ્ઞાનનો કર્તા થાય, પણ એ વખતે કર્મ બંધાય એનો એ કર્તા થાય એમ છે નહિ. આહા..હા..! એને કર્મ બંધાય એનો કર્તા ન થાય, માને તોપણ ન થાય. આ દુનિયાના કામ કરી દે બીજાના. મોટા થઈને નથી કરતા? આ પ્રમુખ અને શેઠિયા શેના નામ આપે છે? સંઘવી લ્યોને. આ સંઘના સંઘવી. શેના સંઘ? કોણ સંઘવી હોય? એય..! સંઘવી તો પોતાના અનંતગુણનો સંઘ-પિંડ એનો તું સંઘવી છો. સમજાણું કાંઈ? આહા..હા..! પરનો ધણી થાય અને પરનો પતિ, પત્નીનો ધણી પતિ, મનુષ્યનો ધણી નૃપતિ—રાજા, પૈસા ધૂળનો ધણી કરોડપતિ જડ. ... એય..! લખપતિ, કરોડપતિ, નૃપતિ એવા નામ આવે છે કે નહિ? દેશપતિ, ઉદ્યોગપતિ, લ્યો ચાલો ભાઈ. એય..! કહો, આ ઉદ્યોગપતિ મરી ગયોને હમણા. પુનમચંદ ભાષણ કરતાં-કરતાં. બીજા બધા વખાણે કે આહા..હા..! આપણા ઉદ્યોગપતિ. ત્રણ-ચાર કરોડ રૂપિયા. હવે ધૂળમાં શું છે તારા? ત્રણ-ચાર કરોડ તો ઘણા કાંકરા પડ્યા છે જગતમાં. એમાં તારી ચીજ ક્યાં હતી?

મુમુક્ષુ :- કાંકરા કહેવાય?

ઉત્તર :- કાંકરાનો બાપ (છે). મારી નાખે આ તો. બીજા કાંકરા મારે નહિ. આ તો મારવામાં નિમિત્ત થાય. સારા હીરા-માણેક પહેર્યા હોય અને કોઈ ચોર આવે તો મારીને લઈ જાય. કાંકરા દુઃખમાં નિમિત્ત થયું એ તો. કાંકરા દુઃખમાં નિમિત્ત ન થાય. એય..!

મુમુક્ષુ :- એને ખબર ન પડે. સાચવીને રાખે તો...?

ઉત્તર :- કોણ રાખે પણ? ધૂળ રાખે? લક્ષ્મી રળાય નહિ, રાખી રખાય નહિ, વાપરી વપરાય નહિ આત્માથી. એ તો જડ છે. જડના કામ હું કરું અને જડને આપું એ વાતમાં એકેય દોકડો સાચો નથી. બલુભાઈ! બરાબર હશે? આ બલુભાઈએ ઘણા પૈસા આપ્યા હતા હમણા નહિ? મલાડમાં આપ્યા હતા કે નહિ? કેટલા? પંદર હજાર? થોડા. ભગવાનની દીક્ષામાં આપ્યા હતા. નહિ? સોળ હજાર. મુંબઈ દીક્ષા થઈને જ્યારે આ. ૨૫ની સાલ આહારદાન. અપાતા હશે? ફૂલચંદભાઈ!

મુમુક્ષુ :- આપ્યા હતા, છાપામાં આવ્યું હતું.

ઉત્તર :- છપાય છે જડ. જડમાં લખાણ થાય એ જડ. જડનું લખાણ છે ઈ. આત્મા અંદર આવી જાય છે?

મુમુક્ષુ :- તો રૂપિયા ગયા?

ઉત્તર :- કોના ગયા? રૂપિયા હતા ક્યાં એના બાપના? ચુનીભાઈના હતા?

મુમુક્ષુ :- છોકરાના તો હતા.

ઉત્તર :- કોઈના નહોતા. રૂપિયો રૂપિયાનો. રૂપિયો અજીવનો. એ જીવનો થઈને ત્રણ કાળમાં કોઈ દિ' રહે નહિ. પૈસા અજીવ થઈને રહ્યા છે. બરાબર છે? ચીમનભાઈ! તમે તો એકલા છો એટલે. .. ભાગ એમ કે પાડવો છેને. આહા..હા..! એક જ છોકરા હોય, છ છોકરા હોય. આહા..હા..! કોણ ભાગ કરે ભાઈ! તને ખબર નથી. આહા..હા..!

તારી પુંજીમાં તો મોટી અનંત આનંદની લક્ષ્મી પડી છે. પ્રભુ! તને ખબર નથી. ભાઈ! તું તો અનંત જ્ઞાન અને આનંદની લક્ષ્મીનો ધણી છો. એ ધણી છોડીને ધર્મી એ રાગના કાર્ય અને બહાર ફળાદિ એનો ધણી થાય નહિ. કહો, સમજાણું કાંઈ? બહુ કામ આકરું પણ ભાઈ! આ ઓલું કોઈક તારી દેતો હોય અને લઈ જતો હોય તો ઉપાડી જાય. ચાલો ભાઈ મરતા-મરતા બચાવ્યો, લઈ લ્યો વૈકુંઠમાં. વૈકુંઠમાં ક્યાં છે? ત્યાં આત્મા ભેગા થતા હશે? આવા બધા રાગ-દ્વેષવાળા? આહા..હા..! અહીં તો કહે છે કે અજ્ઞાનપણે થાય તોપણ જીવ અને આનંદ અને ધર્મપણે થાય તોપણ જીવ. એને ધર્મપણે થવામાં બીજા કર્તા થાય અને એ ધર્મનું કાર્ય એને થાય એમ છે નહિ.

'**ભાવાર્થ :- આત્મા તો અજ્ઞાનરૂપે પરિણમે છે,...**' અનાદિથી મમતા-મમતા. દેશ

મારો, શરીર મારું, બાયડી મારી, પૈસા મારા, આબરૂ મારી. મારા-મારા પણ કેટલા મારા એના? પૈસાવાળો, આબરૂવાળો. એક વાળો આવે ત્યાં .. નીકળી જાય. પગમાં ઓલો વાળો થાય છેને વાળો. એમ પૈસાવાળો, બાયડીવાળો, આબરૂવાળો, મકાનવાળો, છોકરાવાળો, જમાઈવાળો. કેટલા વાળા પણ આ તે! આહા..હા..! કહે છે, આત્મા પોતાના સ્વતંત્ર સત્ સ્વભાવના અજાણને લઈને અજ્ઞાનરૂપે થાય છે એટલે કે **'કોઈ સાથે મમત્વ કરે છે,...'** આ મારા એમ માને છે. શરીર મારું. અરે..! શરીર તો જડ છે, માટી છે આ તો. તારા હોય એ જુદા પડે? તારા હોય એ તારા વિના રહી શકે? તારા વિના રહે છે આ તો, પરમાણુ થઈને ઉડી જાય ફટ દઈને. આ તો માટી છે, જડ છે. એ અજ્ઞાની પોતાના સ્વરૂપને જાણ્યા વિના અજ્ઞાનપણે પૈસા મારા, સ્ત્રી મારી, દીકરાઓ મારા... આહા..હા..! એવી પરચીજને એની સાથે મમતા કરે છે. એ મમતાપણે થાય ઈ પોતે. મમતા એને કોઈ કરાવે એમ નથી. આહા..હા..!

**'કોઈ સાથે રાગ કરે છે,...'** પ્રેમ કરે પ્રેમ. આમાં એ આવ્યું છે. બે સાંઈબાબા થયા અને ત્રીજો થવાનો હવે. પ્રેમ સાંઈબાબા થવાના છે હવે. એક તો થયો ઓલો ફકીર. શેરડીનો નહોતો? શીરડી, શીરડી. મુસલમાન હતો. આમાંથી હું આવ્યો છું એમ કહે છે અને હજી એક ત્રીજો આવવાનો પ્રેમ સાંઈબાબો. ભ્રમણા જગતની. હું બધાને જાણું છું. સાત સાગરની પાર છું. પણ આ તારો ભગત હતો ને મરી ગયો એ જાણ્યું નહિ તેં. એય..! અજ્ઞાનીઓના આવા બફમ છે બધા. અને વાણિયા જેવા પણ પાછા મૂંઝાઈને પડે.

મુમુક્ષુ :- લાભ મળે.

ઉત્તર :- લાભ ધૂળેય નથી લાભ. એવાઓને માન્યે પુણ્ય ઘટે અને પાપ વધે. સમજાણું કાંઈ? એવા અજ્ઞાનીઓ, જે જગતના અમે કરી દઈએ, આમ કરી દઈએ, આમ કરી દઈએ એવી માન્યતાવાળા અજ્ઞાનીઓ એને જે માને એને પૂર્વના પુણ્ય હોય એ ઘટી જાય અને નવા પાપ વધી જાય. આહા..હા..! એમ હશે આ? બહુ ફેરવવું પડે પણ આમાં તો હોં! ફેરવવું બહુ પડે. આહા..હા..!

**'કોઈ સાથે રાગ કરે છે, કોઈ સાથે દ્વેષ કરે છે;...'** અજ્ઞાનપણે. **'તે ભાવોનો પોતે કર્તા થાય છે.'** જે ભાવ કરે અજ્ઞાનભાવે તેનો એ કર્તા થાય. પરિણમે તે કર્તા. **'તે ભાવો નિમિત્તમાત્ર થતાં, પુદ્ગલદ્રવ્ય પોતે પોતાના ભાવથી જ કર્મરૂપે પરિણમે છે.'** પોતાના ભાવથી. એ જડ પોતાની તાકાતથી કર્મરૂપે થાય છે. તેં અજ્ઞાનપણે ભાવ કર્યા માટે થાય છે એમ છે નહિ. આહા..હા..! ભારે! જગતને ઘણું ફેરવવું પડશે. આહા..હા..! **'પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવ માત્ર છે.'** પરસ્પર હોં! રાગને પૂર્વ કર્મનું નિમિત્ત અને નવા કર્મને અને આ રાગ-દ્વેષ (નિમિત્ત થાય). એટલી ફક્ત વાત. પણ એને લઈને અહીં

થાય, એને લઈને અહીં થાય, કર્મને લઈને રાગ-દ્વેષ થાય અને રાગ-દ્વેષને લઈને કર્મ થાય એ વાત સોએ સો ટકા જૂઠી છે. આ બધા બાળપોષણ કરે છેને શું કહેવાય? એય..! કાલે આવ્યા હતા એક નહિ? બોટાદના? ગઢવી છેને બોટાદના નહિ? ... છોકરાનું. કોલેજ ત્યાં ગયા હતા. બોટાદથી. કાલે આવ્યા હતા. આખું કુટુંબ લઈને આવ્યા હતા. કોણ? કે ગઢવી. .. શું કહેવાય તમારે? ... કીધું ત્યાં. જુવાનને બધાને ભણાવનાર. સાચું હશે ઈ?

મુમુક્ષુ :- ફીમાં આટલા બધા રૂપિયા ખર્ચે...

ઉત્તર :- હિંમતભાઈને કહ્યું નહોતું? હિંમતભાઈ આવ્યો હતોને હમણા. એ બધા ઉઘરાવ્યા છેને પૈસા બધા નહિ? ... આવ્યો હતોને. હિંમતભાઈ આવ્યા હતા. કીધું, તમે આ કર્યું કોલેજ? પૈસા તમે ઉઘરાવ્યા? એય..! કાળીદાસભાઈ! જુઠાણ છે બધું કીધું ખોટેખોટું. આવે છે બિચારા આવે છે. જ્યારે દેશમાં આવે ત્યારે આવે. પાળિયાદ નહિ? બેચરભાઈનું ... શું? જયંતિભાઈ. બચુભાઈનો નહિ? નાનો જયંતિભાઈ ... એ આવ્યા હતા.

અહીં તો કહે છે કે પરસ્પર નિમિત્તમાત્ર વસ્તુ છે. પણ કોઈ કોઈના કર્તા છે નહિ. આહા..હા..! એ બચુભાઈનું આ રહ્યું, તમારું આ બાજુ રહ્યું નહિ? .. એ આઘા.. બચુભાઈની ઓલી કોર પાછળ... તમારું અહીં આ બાજુ રહી ગયું. ખબર છેને. આહા..હા..! '**કર્તા તો બન્ને પોતપોતાના ભાવના છે...**' કહો, બલુભાઈ! અજ્ઞાની રાગ-દ્વેષનો કર્તા અને અજ્ઞાનનો કર્તા પોતાના ભાવનો. આહા..હા..! પણ પરનો કર્તા થઈને પરને પરિણમાવે અને બદલાવે, ત્રણ કાળ, ત્રણ લોકમાં સત્‌માં એ છે નહિ. આહા..હા..!

---

## ગાથા-૯૨

अज्ञानादेव कर्म प्रभवतीति तात्पर्यमाह —

परमप्पाणं कुव्वं अप्पाणं पि य परं करिंतो सो।
अण्णाणमओ जीवो कम्माणं कारगो होदि।।९२।।

परमात्मानं कुर्वन्नात्मानमपि च परं कुर्वन् सः।
अज्ञानमयो जीवः कर्मणां कारको भवति।।९२।।

अयं किलाज्ञानेनात्मा परात्मनोः परस्परविशेषानिर्ज्ञाने सति परमात्मानं कुर्वन्नात्मानं च परं कुर्वन्स्वयमज्ञानमयीभूतः कर्मणां कर्ता प्रतिभाति। तथा हि - तथाविधानुभवसम्पादनसमर्थायाः रागद्वेषसुखदुःखादिरूपायाः पुद्गलपरिणामावस्थायाः शीतोष्णानुभवसम्पादनसमर्थायाः शीतोष्णायाः पुद्गलपरिणामावस्थाया इव पुद्गलादभिन्नत्वेनात्मनो नित्यमेवात्यन्तभिन्नायास्तन्निमित्ततथाविधानुभवस्य चात्मनोऽभिन्नत्वेन पुद्गलान्नित्यमेवात्यन्तभिन्नस्याज्ञानात्परस्परविशेषानिर्ज्ञाने सत्येकत्वाध्यासात् शीतोष्णरूपेणेवात्मना परिणमितुमशक्येन रागद्वेषसुखदुःखादिरूपेणाज्ञानात्मना परिणममानो ज्ञानस्याज्ञानत्वं प्रकटीकुर्वन्स्वयमज्ञानमयीभूत एषोऽहं रज्ये इत्यादिविधिना रागादेः कर्मणः कर्ता प्रतिभाति।

---

હવે, અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે એમ તાત્પર્ય કહે છેઃ-

પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,
અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.

ગાથાર્થઃ- [परम्] જે પરને [आत्मानं] પોતારૂપ [कुर्वन्] કરે છે [च] અને [आत्मानम् अपि] પોતાને પણ [परं] પર [कुर्वत्] કરે છે [सः] તે [अज्ञानमयः जीवः] અજ્ઞાનમય જીવ [कर्मणां] કર્મોનો [कारकः] કર્તા [भवति] થાય છે.

ટીકા :- અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ (તફાવત) ન જાણતો હોય ત્યારે પરને પોતારૂપ કરતો અને પોતાને પર કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો, કર્મોનો કર્તા પ્રતિભાસે છે. તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છેઃ- જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે, તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. જ્યારે અજ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશષ ન જાણતો હોય ત્યારે એકપણાના અધ્યાસને લીધે, શીત-ઉષ્ણની માફક (અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશકય છે તેમ), જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશકય છે એવા રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો (અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો), જ્ઞાનનુ અજ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો, 'આ હું

રાગી છું (અર્થાત્ આ હું રાગ કરું છું)' ઈત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.

ભાવાર્થ :- રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે; તેથી તે, શીત-ઉષ્ણપણાની માફક, પુદ્‌ગલકર્મથી અભિન્ન છે અને આત્માથી અત્યંત ભિન્ન છે, અજ્ઞાનને લીધે આત્માને તેનું ભેદજ્ઞાન નહિ હોવાથી તે એમ જાણે છે કે આ સ્વાદ મારો જ છે; કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગદ્વેષાદિનો સ્વાદ, શીતઉષ્ણપણાની માફક, જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય એવું અજ્ઞાનીને ભાસે છે. તેથી તે એમ માને છે કે 'હું રાગી છું, હું દ્વેષી છું, હું ક્રોધી છું, હું માની છું' ઈત્યાદિ. આ રીતે અજ્ઞાની જીવ રાગદ્વેષાદિનો કર્તા થાય છે.

## ગાથા-૯૨ ઉપર પ્રવચન

૯૨. 'હવે, અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે એમ તાત્પર્ય કહે છે :—' પોતાનો સચ્ચિદાનંદ પ્રભુ આનંદનો નાથ ભગવાન આત્મા પોતે જ છે એની જેને ખબરું નથી, એ અજ્ઞાનને લઈને કર્મ ઉત્પન્ન થાય છે એમ તાત્પર્ય છે એ કહે છે.

परमप्पाणं कुव्वं अप्पाणं पि य परं करिंतो सो।
अण्णाणमओ जीवो कम्माणं कारगो होदि।।९२।।

પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,
અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.

આહા..હા..! એની 'ટીકા :- અજ્ઞાનથી...' પોતાના આનંદસ્વરૂપને (ભૂલીને). જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ તો જગતની આંખ છે ચૈતન્ય તો. જ્ઞાનચક્ષુ જે જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા છે, પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છે, આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. એવી જેને ખબરું નથી, એવી જેને શ્રદ્ધા નથી, એવા તેના તરફ જેની સન્મુખતા નથી તે અજ્ઞાની. 'અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ (તફાવત) ન જાણતો હોય...' જુઓ, બેની જુદાઈને ન જાણતો હોય 'ત્યારે પરને પોતારૂપ કરતો...' પરની ક્રિયા હું કરું, રાગ-દ્વેષ મારા એવું 'પરને પોતારૂપ કરતો અને પોતાને પર કરતો,...' આનંદસ્વરૂપ ભગવાન પ્રજ્ઞાસ્વરૂપ આત્મા એ દયા, દાનના વિકલ્પને પોતાના માનતો. આહા..હા..! સમજાણું કાંઈ? ... ઓલા પંડિત કહે, પ્રશસ્ત રાગ અને સંવર એક છે. કહો, આવા બધા ગપ માનનારા.

પ્રશસ્ત રાગ આ દયા, દાન, વ્રત એ શુભરાગ છે, પુણ્ય છે, ધર્મ નહિ. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ પ્રભુનું એ બધા વિકલ્પો છે, રાગ છે, પુણ્ય છે, ધર્મ નથી. પુણ્ય અને ધર્મ બે ચીજ ભિન્ન છે. સમજાય છે કાંઈ? એ પુણ્ય પરિણામથી પણ ભગવાન આત્મા ભિન્ન (છે) એમ ભાન નથી એને લઈને એ રાગને પોતાને કરે પરને અને પોતાને પર કરે. એ રાગભાવને પોતાના માને અને પોતે રાગરૂપ છે એમ માને. આહા..હા..! સમજાણું કાંઈ?

બેનો '(તફાવત) **ન જાણતો હોય ત્યારે પરને પોતારૂપ કરતો અને પોતાને પર કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો,...**' લ્યો. આહા..હા..! પોતે પોતાના સ્વરૂપના અજ્ઞાનને લઈને, અજ્ઞાનરૂપ થયો થકો '**કર્મોનો કર્તા પ્રતિભાસે છે.**' આ કર્મ બંધાય એનો હું કર્તા છું એમ અજ્ઞાનીને ભાસે છે. કહો, સમજાણું કાંઈ? '**તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે :-- જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા...**' જરી ઝીણી વાત છે. આ ઠંડી અને ગરમ દશા છેને. ઠંડી અને ગરમ દશા, અવસ્થા એ જડની છે. ટાઢું-ઊનું અવસ્થા એ જડની છે. ટાઢો-ઊનો આત્મા ન હોય. આહા..હા..! સમજાણું? '**શીત-ઉષ્ણ પુદ્‌ગલપરિણામની...**' અહીં તો રાગને પુદ્‌ગલપરિમામ કીધા. '**જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે...**' ઝીણી વાત લઈ જાય છે હોં આગળ. સમજાણું કાંઈ? આ ટાઢું-ઊનું છે ઈ તો જડ છે. જડની અવસ્થા જડથી અભિન્ન છે. ટાઢી-ઊની અવસ્થા પુદ્‌ગલથી એક છે, જુદી નથી.

'**અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...**' એટલે જ્ઞાન. ટાઢા-ઊનાનું જ્ઞાન આત્મામાં થાય. આ ટાઢું-ઊનું છે એ જાણે છે જ્ઞાન. જ્ઞાનમાં ટાઢું-ઊનું જણાય છે. આત્માનું જ્ઞાન ટાઢુ-ઊનું નથી. આહા..હા..! સમજાણું? '**તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે...**' ટાઢા-ઊનાની અવસ્થા હાલત પુદ્‌ગલ જડ રજકણોની, એ અવસ્થા જડથી એકમેક અભિન્ન છે. અને તેના નિમિત્તમાં થતું પોતાનું જ્ઞાન એનું જે જ્ઞાન કહેવું એ વ્યવહાર છે. પણ પોતાના જ્ઞાનમાં એ જણાય એ જ્ઞાનની અવસ્થા અને આત્મા બે અભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે...**' શું કહે છે? ટાઢી-ઊની અવસ્થા. આ ગરમ અગ્નિ, ટાઢો બરફ એ તો જડની અવસ્થા છે, પરમાં છે. આત્મા એને જાણનારો, એનું જ્ઞાન છે એ જ્ઞાનથી આત્મા અભિન્ન છે અને પુદ્‌ગલની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે. બે જુદી-જુદી ચીજ છે. હવે આવું ઝીણું. નવરા હોય... માંડ રોટલા માટે રળવાનું કરે. એઈ..! રળતા-રળતા, રડતાં-રડતાં મરી જાય પછી. જાય ચોર્યાશીના

અવતારમાં. આહા..હા..!

અહીં તો પહેલો કહે છે કે નિર્ણય તો કર. અરે! તું કોણ છો? એ પુદ્‌ગલની અવસ્થા ઠંડી-ઊની જડથી એકમેક અભિન્ન છે. એમ એનાથી થતું જ્ઞાન પોતાનું એ જ્ઞાનથી આત્મા અભિન્ન છે. એ જ્ઞાનથી પુદ્‌ગલની અવસ્થા જુદી છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'સદાય અત્યંત ભિન્ન છે,...' 'પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે,...' 'આત્માથી અભિન્નપણાને લીધે...'** જ્ઞાન-જ્ઞાન હોં જાણવું. ઠંડા-ઊનાનું જ્ઞાન, એ જ્ઞાન આત્માથી અભિન્ન અને **'પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે,...'** એમ. હવે એ તો દૃષ્ટાંત થયો.

**'તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...'** જુઓ હવે અંતર લઈ ગયા આઘે. **'રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા...'** ફેરવી વાત હવે. પરનો કર્તા ભાસે છે અને આમ ઓલો રાગનો કર્તા ભાસે છે. કહે છે, આત્મામાં રાગ અને દ્વેષ, દયા અને દાન, વ્રત અને પૂજાના ભાવ થાય એ રાગ છે. એ રાગ અને દ્વેષ અને સુખ-દુઃખ. કર્તા-ભોક્તા બેય. સુખ અને દુઃખ કલ્પનાના. અનુકૂળ દેખીને સુખી છું, પ્રતિકૂળ દેખીને દુઃખી છું એવી જે કલ્પના. એવા પુદ્‌ગલપરિણામની અવસ્થા છે એ તો કહે છે. એ આત્માની નહિ. કહો, અમરચંદભાઈ! પહેલા બે જુદાં પાડ્યા કર્મ અને વિકાર. હવે અહીં વિકાર અને સ્વભાવ જુદાં પાડે છે. આહા..હા..! ઘડીકમાં ફેરવ્યું પાછું.

કહે છે કે આત્મા જે ભગવાન શુદ્ધ જ્ઞાનઘન, આનંદનો કંદ પ્રભુ એની પર્યાયમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, હરખ-શોક એ જે અવસ્થા છે એ ખરેખર ત્રિકાળી સ્વભાવ જીવની નથી. એ પુદ્‌ગલની અવસ્થા છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુદ્‌ગલની અવસ્થા છે. કેમકે એ વિકાર છે, ભગવાન ચૈતન્યમૂર્તિ નિર્વિકાર છે. નિર્વિકારીની એ વિકારી અવસ્થા હોઈ શકે નહિ. આહા..હા..! હજી તો હું બીજાનું કંઈકનું કરું અને પછી અમારી મહિમા તમારા ઉપર અસર કરે. આહા..હા..!

ભાઈ! તું તો ત્રિકાળી તારી ચીજ તો આનંદ અને જ્ઞાનઘન છે. એ ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ જેટલા પરિણામ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, કામ, ક્રોધ, માન, માયા, લોભ એ બધા પરિણામ છે. છે તો એની અરૂપી અવસ્થા પણ ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ તેને પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવ્યા છે. એ જડના સંગે થયેલો જડનો ભાવ છે કહે છે. ભગવાન આત્મા આનંદના સંગે થયેલો એ ભાવ નહિ. આહા..હા..! ભારે આકરું કામ! એણે આ કોઈ દિ' કર્યું નથી. આ આત્મા તો જ્ઞાન અને આનંદ સાક્ષી જ્ઞાતા છે, પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છે. એ પુણ્ય-પાપના ભાવ અને હરખ-શોકના ભાવનો કર્તા પણ નહિ અને એનો ભોક્તા પણ નહિ. આહા..હા..! બલુભાઈ! કહો, આ વર્ષીતપમાં શું કર્યું હશે? વિકલ્પ કર્યો હોય મિથ્યાત્વનો. એઈ..! એટલે તો મિથ્યાત્વ કીધું. રાગ મંદ હોય તો પુણ્ય બાંધે. મિથ્યાત્વ

અજ્ઞાનસહિત છે. આહા..હા..! આકરું કામ ભારે. એણે માન્યું છે એટલે આ તો હોં. બાકી તો એના ઘરની વાત સહેલી છે. પણ ઘરના કોઈ દિ' માહાત્મ્ય જ આવ્યા નથી. પરના જ એણે માહાત્મ્ય કર્યા છે. આહા..હા..!

કહે છે, જેમ ટાઢી અને ઊની અવસ્થા એ જડની સ્પર્શની અવસ્થા છે. એ આત્માની નહિ. આત્મા એનો જાણનાર, એ જ્ઞાન અવસ્થા એ આત્માની છે. એમ શીત-ઉષ્ણની માફક, ટાઢા-ઊના, રાગ અને દ્વેષભાવ, પુણ્ય અને પાપ, શુભ-અશુભરાગ. આ શુભરાગ એમાં આવતો હશે કે નહિ? આહા..હા..! આ બધા પંડિત કહે છેને શુભરાગ એ સંવર છે, લ્યો.

મુમુક્ષુ :- પ્રશસ્ત.

ઉત્તર :- એ પ્રશસ્ત-અપ્રશસ્ત બેય એક જ જાતના છે. એય..! આહા..હા..!

'**રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ...**' રતિ, અરતિ, પ્રસન્નતા, શોક, દિલગીરી વગેરે જે પરિણામ છે એ '**પુદ્ગલપરિણામની અવસ્થા...**' આહા..હા..! એ જડપણે પરિણમેલી દશા છે. આહા..હા..! કેમકે તેમાં ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપી એનો અંશ રાગ-દ્વેષ, સુખ-દુખમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલા કીધા હતા અજ્ઞાનભાવના રાગ-દ્વેષભાવનો કર્તા એ પરિણામનો કર્તા અજ્ઞાની કહ્યો છે. એટલે અજ્ઞાની એના વિકારનો કર્તા ખરો, પણ કર્મબંધનનો કર્તા નહિ. હવે અહીં તો જ્ઞાનીની વાત ચાલે છે હવે. એટલે કે આત્માની. ઓલી તો અજ્ઞાનની વાત હતી. સમજાણું કાંઈ?

આત્મા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત રહેનારું તત્ત્વ નિત્યાનંદ પ્રભુ. તત્ત્વ જ એવું છે કહે છે. એ નિત્યાનંદ આત્મા એ પુણ્ય-પાપ અને રાગ-દ્વેષપણે થાય નહિ. એ તો આનંદસ્વરૂપ છે. એ અજ્ઞાનભાવે થતો એ વસ્તુ ભાવે હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ આવે છે કે નહિ? બધું સમજે તો તો નિહાલ થઈ જાય. પણ શું કહે છે (એ કાંઈ સમજાય છે?) આહા..હા..! મુંબઈમાં તો ધમાધમ ચાલતી હોય. એઈ..! આહા..હા..! ઓલો કહે પચાસ હજાર આવ્યા, ઓલો કહે લાખ રળ્યો, ઓલો કહે બે લાખ રળ્યો. ઓલો કહે અધ શેર ઝેર પીધું, ઓલો કહે શેર મેં પીધું. એમ હોડાહોડ ઝેર પીવાની. ઓલે કહે મારે બે મોટરું, ઓલો કહે મારે દસ મોટરું લેવી છે. શું છે પણ? મોટર ક્યાં તારી હતી? એ તો જડ છે. આ તો એના પ્રત્યેનો રાગ થાય... આહા..હા..! એ રાગની જાત ચૈતન્યની નહિ. આહા..હા..! કેમકે પ્રભુ તો જ્ઞાનસ્વરૂપે આત્મા છે અંદર, જ્ઞાનસૂર્ય આત્મા છે. જેમ સૂર્ય પ્રકાશનો પિંડ છે જડ, આ જ્ઞાનનો પ્રકાશનો પુંજ, ચૈતન્યપ્રકાશના નૂરનું પૂર છે. આહા..હા..! એવો ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ સચ્ચિદાનંદ પ્રભુ એ પોતે વિકારના પરિણામપણે કેમ થાય? એમ કહે છે. એ વિકારના પરિણામ તો પુદ્ગલના છે. માટે જુદા પડીને છૂટી જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આવો હોવા છતાં મફતનો દુઃખી થાય છે.

ઉત્તર :- દુઃખી થાય છે મફતનો. પણ વળગે છેને પરાણે. ચુડેલની પેઠે વળગે છે. કહો, કાંઈ કોઈની સાથે સંબંધ નથી. સૌ જુદે જુદા આત્માઓ, જુદે જુદાં રજકણો. એના પોતાના કામ જુદે જુદાં સૌના થઈ રહ્યા છે. વચમાં પડીને મારો આ મારા... આ મારા.. આ મેં કર્યા. આહા..હા..!

કહે છે, એ શીત-ઉષ્ણની પેઠે. તેવી રીતે છેને? 'તે **પ્રકારનો અનુભવ** કરાવવામાં **સમર્થ એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામની અવસ્થા...** ' આહા..હા..! એક તો પુદ્ગલની અવસ્થા ન કહેતા પુદ્ગલપરિણામની અવસ્થા (કહ્યું છે). એનું પરિણામ છે, પરિણમન એનું છે. આહા..હા..! ભગવાન આનંદની મૂર્તિ પ્રભુ, જ્ઞાનનો પુંજ એ જ્ઞાનપણે થાય કે રાગપણે થાય? એમ કહે છે. સમજાણું કાંઈ? એ રાગ-દ્વેષ, સુખ-દુઃખ એટલે? પુણ્ય-પાપના ભાવ અને હરખ-શોકના ભાવ. આ કાંઈક પાંચ-પચ્ચીસ લાખ મળે તો હરખ આવે છેને. અને ખોટ જાય ત્યારે ભલે, ભલે કરોડપતિ હોય તોપણ બે લાખ જાય તોપણ આવ્યા સામે પણ ગયા સામે નહિ એમ લોકો વાતું કરે છે. આવે તો તો સમાઈ જાય એમ કહે. દાગીનામાં, બાયડીને દે, કાંઈકને દે એમ કરીને. પણ જાય ત્યારે... હવે કરોડમાં બે લાખ ગયા એમાં શું તારું ગયું? સાંભળને. કહે છે, એવો જે ખેદ એ ચૈતન્યની જાત નહિ. ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ એના તો જાણવા-દેખવાના આનંદના પરિણામ હોય. આહા..હા..! સમજાય છે કાંઈ?

બરફ ઓગળે તો ઠંડાપણે ઓગળે. કે ગરમીપણે ઓગળે? એમ ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ પ્રભુ એ પરિણમે તો આનંદ અને જ્ઞાનપણે થાય એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ પુણ્ય ને પાપ, રાગ અને હરખ અને શોક એ અગ્નિપણે એ પરિણામ ન થાય. એ પરિણામ તો પુદ્ગલના છે, ભાઈ! આહા..હા..! અરેરે! એના તત્ત્વની વાતું સાંભળવા મળે નહિ એને. એના ઘરમાં શું છે અને શું થાય છે એ સાંભળવા મળે નહિ એ કે દિ' વિચારે? અને કે દિ' રુચિ કરીને અંતરમાં જાય? આહા..હા..! દુર્લભ થઈ પડ્યું જગતને. પોતે પોતા પાસે પણ દુર્લભ થઈ પડ્યો. આહા..હા..!

કહે છે, '**તે પ્રકારનો અનુભવ** કરાવવામાં **સમર્થ** એવી **રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે...**' એ કર્મથી એકમેક છે કહે છે. એની સાથે, જડની સાથે સંબંધ છે. આહા..હા..! '**આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...**' શુભ અને અશુભ રાગ, પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનના નામનું સ્મરણ એ બધો વિકલ્પ રાગ. એ બધો જડની સાથે સંબંધ છે, આત્મા સાથે નહિ. ભારે! ૯૧માં કહ્યું પહેલું કે અજ્ઞાનભાવે તો એના છે, પણ વસ્તુસ્વભાવે એના નથી. સમજાણું

કાંઈ? હવે આટલું બધું પહોંચવું અને આટલું બધું જાણવું. રાગના પરિણામ પુદ્‌ગલના અને પુદ્‌ગલ સાથે અભિન્ન છે. એનું જ્ઞાન થાય એ જ્ઞાન પરિણામ જીવના અને જ્ઞાન સાથે અભિન્ન, આત્મા સાથે અભિન્ન. આહા..હા..! આવું ભાન થયા વિના એના જન્મ-મરણ મટે નહિ. ચોર્યાશીના અવતાર ઘોદા ખાઈને મરી ગયો. ઘાણીમાં પીલાય છે બિચારો હોં. બધા પૈસાવાળા એવા હશે?

મુમુક્ષુ :- પૈસાવાળા છે જ ક્યાં પણ?

ઉત્તર :- આ પૈસાવાળા રહ્યા. જુઓ આ રહ્યા, આ રહ્યા. આ રહ્યા સામે પૈસાવાળા ઘણા બેઠા છે. ખીમચંદભાઈ ને... કહો, સમજાણું કાંઈ?

પહેલું તો કહ્યું, પ્રભુ! કે તારી પ્રભુતાની ચીજને ભૂલે અજ્ઞાનભાવે એ અજ્ઞાનભાવે તો જે રાગ-દ્વેષ થાય એ તો પર્યાય એની છે. અને એનાથી જુદો છે એ તો જાણ્યું નથી. પણ જ્યારે વસ્તુની દૃષ્ટિથી જોઈએ, વસ્તુથી જોઈએ કહો કે વસ્તુની દૃષ્ટિથી જોઈએ કહો બે એક જ વાત છે. તો વસ્તુ પોતે ભગવાન આત્મામાં એ પુણ્ય અને પાપ રાગ કાંઈ અંદર પડ્યા છે? એના ઘરમાં તો અનંત જ્ઞાન અને અનંત આનંદ પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ઉકેલ પામે તો એમાંથી રાગ થાય એવું છે? વસ્તુ પોતે આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ એનો ઉકેલ થાય તો જાણવું ને દેખવું ને આનંદના પરિણામ થાય. એ પરિણામને અને આત્માને સંબંધ છે, પણ રાગ-દ્વેષ અને હરખ-શોકના ભાવ એનો ઉકેલ જીવદ્રવ્યે નથી કર્યો, એનો ફાળો જીવદ્રવ્યમાં નથી જાતો. આહા..હા..!

ટાઢી-ઊની અવસ્થાની પેઠે લીધુંને અહીં તો? જેમ ટાઢી-ઊની અવસ્થા જડ સાથે સંબંધ રાખે છે એમ રાગ-દ્વેષ અને હરખ-શોક પરિણામ પુદ્‌ગલ સાથે સંબંધ રાખે છે. ભગવાન આનંદકંદ પ્રભુ આહા..હા..! ત્રિકાળી જેના ઘરમાં રાગ અને સંસારની ગંધ નથી એવી એ ચીજ પ્રભુ, એ વસ્તુની અપેક્ષાએ એ પુણ્ય અને પાપ અને હરખ-શોકના ભાવ પર સાથે સંબંધ રાખે છે. એ પરના છે. તારા હોય તો જુદાં પડે નહિ. માટે જુદા પડે એ તારા નહિ. બરાબર છે? દીકરો મારો. નહિ? અહીં તો તમે દેખો છોને ઘરમાં જુદો રહે અને તમે જુદા. પછી આવે છે ખરા ભેગા. કોઈ કોઈનું છે કોઈનું? પણ માને, ઉપર પડી પડીને માને છે. ગળે પડે છે. એ મારા છે. પણ ઓલો કહે કે ભાઈ હું તો મારામાં છું. તારામાં ક્યાંથી આવ્યો? આહા..હા..!

કહે છે, એ ભગવાનની ભક્તિનો ભાવ હોં, રાગ છે. એ આત્માનો સ્વભાવ નથી. એ પુદ્‌ગલની અવસ્થા કહેવામાં આવી છે. એનો જાણનાર આત્મા છે. એ જાણવાની દશા જીવની છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ-૧૨, ગુરુવાર, તા. ૦૨-૧૧-૧૯૭૨**
**ગાથા-૯૨, પ્રવચન-૨૧૦**

ટીકા ફરીને જુઓ, ટીકા છેને ટીકા. '**અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ (તફાવત) ન જાણતો હોય ત્યારે...**' એટલે? પોતે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી છે. વસ્તુ દૃષ્ટિએ શુદ્ધ આનંદકંદ છે. એવા આત્માને અને પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ પરવસ્તુ છે. એને '**આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ ન જાણતો હોય ત્યારે...**' જૈનદર્શનનું તત્ત્વ એવું છે કે સૂક્ષ્મ બહુ.

મુમુક્ષુ :- આપ ..

ઉત્તર :- લોકોને જૈનમાં જન્મ્યા પણ એને આ જૈન શું છે વસ્તુ (એની ખબરું ન મળે).

ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી સનાતન ચીજ છે. એનું જેને સ્વસન્મુખનું જ્ઞાન નથી એને પરસન્મુખથી થયેલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એને અને આત્માને પરસ્પર જુદા ન જાણતો હોય ત્યારે '**પરને પોતારૂપ કરતો...**' એ શુભભાવ અને અશુભભાવને પોતાપણે કરતો. કેમકે એની દૃષ્ટિ વસ્તુ સ્વભાવ ઉપર નથી. અનાદિથી અજ્ઞાનીની દૃષ્ટિ વિકારના પરિણામ ઉપર છે. એટલે એ પોતે કોણ છે અને રાગ શું છે એના તફાવતને, ભિન્નતાને, જુદાઈને ન જાણતા '**પરને પોતારૂપ કરતો...**' એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ કે અશુભભાવ વિષય રાગાદિ એ ખરેખર તો એ અચેતન જડ, પર છે. એનો અને આત્માની જુદાઈને ન જાણતો, '**પરને પોતારૂપ કરતો અને પોતાને પર કરતો,...**' દયા, દાન, ભક્તિ, વ્રત, તપના વિકલ્પો જે રાગ છે એ ખરેખર તો આત્માની જાતથી આસ્રવતત્ત્વ ભિન્ન તત્ત્વ છે. એવો જે ભગવાન આત્મા.. પોતાના કરતો અને પોતાને પર કરતો. હું રાગ છું. આહા..હા..! પર્યાયબુદ્ધિ છેને? હું એ દયાના ભાવનો કર્તા, દયાનો ભાવ મારો. દયાનો ભાવ હોં! આહા..હા..!

ભગવાનની ભક્તિનો ભાવ એ મારો. એ પોતે પરને પોતાનું કરતો અને પોતાને પરરૂપ કરતો, '**પોતે અજ્ઞાનમય થયો થકો,...**' પોતે પોતાની મેળાએ અજ્ઞાનમય થયો થકો, કર્મને લઈને નહિ. આહા..હા..! ભગવાન આત્મા શુદ્ધ આનંદ સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપી છે. એને અંતર્મુખ દૃષ્ટિથી નહિ જાણતો. એટલે રાગના જે પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિના થાય

એને અને પોતાને જુદા ન જાણતો. એ રાગભાવ (રૂપ) પોતાને કરતો અને પરને પોતાપણે કરતો અને પોતાને પરપણે કરતો. કહો, બલુભાઈ! સાંભળ્યું હતું આવું વર્ષીતપ પહેલા?

મુમુક્ષુ :- સાંભળ્યું પણ નહોતું અને આપ કહો છો એ સમજાતું પણ નથી.

ઉત્તર :- કેવા માણસ કહેવાય એ? દવાખાના. આહા..હા..!

ભાઈ! તારી વસ્તુ ચીજ મહિમાવાળી ચીજ પ્રભુ! તારી મહિમા શું કરવી? કહે છે. એવો જે મહિમાવંત પદાર્થ સ્વયંસિદ્ધ સ્વતંત્ર અને રાગ તે સ્વયંસિદ્ધ સ્વતંત્ર વિકાર. આહા..હા..! એવા ચાહે તો ભગવાનની ભક્તિ હો, ષોડશકારણ ભાવનાનો રાગ એ તો સમકિતીને હોય, છતાં એ સમકિતી રાગને પોતાનો માનતો નથી. આહા..હા..! એ સ્વ જે ચૈતન્ય ભગવાન પોતાની નિર્મળતાનું ભાન (નથી તે) એને પર રાગરૂપે કરતો અને રાગને પોતાપણે ખતવતો. આહા..હા..!

'**પોતે અજ્ઞાનમય થયો થકો,...**' એટલે શું કહ્યું? કે કાંઈ કર્મે એને અજ્ઞાનમય કરાવ્યો છે એમ માન્યતા આવી એમ નથી. કોઈ ઈશ્વરે એને કરાવ્યો અને ઈશ્વર એને મૂકાવે એવી એ ચીજ નથી. સમજાણું કાંઈ? '**પોતે અજ્ઞાનમય થયો થકો, કર્મોનો...**' એટલે કે શુભ-અશુભ રાગના વિકલ્પનો '**કર્તા પ્રતિભાસે છે.**' સમજાણું કાંઈ? કહો, ભારે ઝીણું! અજ્ઞાનથી આ આત્મા પોતાની જાતને અને વિભાવને ભિન્ન ન જાણતા સ્વરૂપના અજ્ઞાનને કારણે '**આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ (તફાવત) ન જાણતો...**' ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એને પર તે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ તે પર વિકાર છે. હવે આ લોકો તો કહે કે આપણે પરની દયા પાળવાનો ભાવ એ ધર્મ છે. આહા..હા..! ભારે વાત! આ લોકો એમ કહે કે ભગવાનની ભક્તિનો ભાવ એ ધર્મ છે. એ બેય એક જાતના મિથ્યાદૃષ્ટિ છે કહે છે. સ્વરૂપચંદભાઈ! આહા..હા..! ભાઈ! તારી જાતને તેં જાણી નથી. ભાઈ! તું કોણ છો? સમજાણું કાંઈ?

પરસ્પર હોં! '**પરસ્પર...**' કીધુંને? પુણ્ય-પાપના ભાવ વિકલ્પ જે વૃત્તિ ઉઠે એ પણ વિભાવ પરવસ્તુ છે અને વિભાવથી (ભિન્ન) ભગવાન આત્મા સ્વભાવ સ્વવસ્તુ છે. આહા..હા..! એનો '**(તફાવત) ન જાણતો હોય ત્યારે...**' એમ કીધુંને? કર્મને કારણે કે એમ નહિ. આહાહા..! પોતાના જ્ઞાનમાં વસ્તુનો સ્વભાવ દૃષ્ટિમાં ન લેતો હોય ત્યારે અને વસ્તુના સ્વભાવને ભૂલેલો છે ત્યારે એ રાગ અને દ્વેષ જે પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિઓ જે છે એને '**પરને પોતારૂપ કરતો...**' આહા..હા..! ભગવાનજીભાઈ! આ તો દયા એ ધર્મ છેને એમ આવે છેને? 'દયા ધર્મનું મૂળ...' દયા ધર્મ એ પરની દયા એ તો રાગ છે. સમજાણું કાંઈ? અને રાગ એ તો વિભાવ છે. વિભાવ એ તો અધર્મ છે. આહા..હા..! અને આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ એ એનો ધર્મ છે. એવા ધર્મને અથવા ધર્મીને શુદ્ધ આનંદનો ધણી પ્રભુ, આનંદનો

સ્વામી આત્મા એને અને રાગની વચ્ચે તફાવત હોવા છતાં. અજ્ઞાનને કારણે તફાવત ન જાણે. આહા..હા..! સૂક્ષ્મ વાતું બહુ ભગવાન! જયસુખભાઈ! આવો માર્ગ છે.

ત્યારે પરને પોતારૂપ કરતો. એ ભગવાન સ્વરૂપમાં આત્માના આનંદસ્વરૂપમાં એ વિકલ્પ, પર જે રાગાદિ પરિણામ એને પરિણામી ભગવાનની સાથે મેળવતો થકો અને રાગરૂપ થયો થકો '**પોતે અજ્ઞાનમય થયો થકો,...**' લ્યો, આમાં કાંઈ કર્મને લઈને થયું છે એવું કાંઈ આમાં નામ નથી. ... '**કર્મોનો કર્તા પ્રતિભાસે છે.**' કર્મો એટલે અહીંયાં જડના અત્યારે કામ નથી હવે. એ રાગ અને... છેલ્લે આવે છેને? રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે. એ પુણ્ય અને પાપના વિકલ્પો એવું જે વિકારી કર્મ નામ કાર્ય એને કરતો અજ્ઞાની ભાસે છે. સમજાય છે કાંઈ?

ક્યાં એને ઊંડે જાવું છે એની એને ખબર નથી. ઉપરટપકે જે વિકલ્પ થાય એને પોતાના માને છે. સમજાણું કાંઈ? અરે! સાધુ થયો બહારનો બાવો, મુનિ, સાધુ દિગંબર હોય, પણ અંદરમાં એ પંચ મહાવ્રતના વિકલ્પ જે રાગ છે, પંચ મહાવ્રતનો વિકલ્પ એ રાગ-આસ્રવ છે એને અને આત્માની જુદાઈને ન જાણતો એ રાગ આસ્રવને પોતાપણે માનતો અને પોતે રાગરૂપ છે, થયો છું એમ જાણતો કર્મોનો કર્તા પ્રતિભાસે છે. એ વિકારી પરિણામનો હું રચનારો, હું એ રૂપે થનારો, પુણ્ય અને પાપરૂપે મારો ભેખ છે એમ માનતો અજ્ઞાનભાવનો કર્તા પ્રતિભાસે છે. કહો, સમજાય છે કાંઈ? ભારે વાતું આકરી! ઓલા તો કહે, પરની દયા પાળો, ઓલો કહે કે ભગવાનની ભક્તિ (કરો), દેરાસર બનાવો તમારે ધર્મ થાશે. અહીં ભગવાન ના પાડે છે. બેય તરફના જે રાગના વિકાર એને અને સ્વભાવની જાત બે જુદી છે એમ ન જાણતો રાગાદિ પરિણામ...

'**ત્યારે પરને પોતારૂપ કરતો...**' જે ભગવાન સ્વરૂપમાં, આત્માના આનંદ સ્વરૂપમાં એ વિકલ્પમાત્ર નથી, છતાં એ પુણ્યના પરિણામને મારા કરતો '**અને પોતાને પર કરતો,...**' બસ, હું રાગ જ છું. રાગને પોતાના કરતો અને પોતે રાગરૂપ થતો. આહા..હા..! ગજબ વાત છે! આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ વ્યવહાર-વ્યવહાર કરે છેને. કહે છે કે વ્યવહારના રાગને અને સ્વભાવને ભિન્ન ન જાણતો. ભિન્ન ન જાણતો હોય ત્યારે એટલે કે જેની દૃષ્ટિ અંતર્મુખ નથી ત્યારે, એટલે કે જેની દૃષ્ટિ વર્તમાન રાગ અને વિકાર હોય છે ત્યારે. ..ભાઈ! આવું ઝીણું છે વીતરાગી તત્ત્વ. આમ જન્મ્યા વીતરાગમાં પણ વીતરાગ શું કહે એની ખબર ન મળે. આહા..હા..! ઓલો કહે હું સ્થાનકવાસી, ઓલો કહે હું દેરાવાસી, ઓલો કહે હું દિગંબર. ભાઈ! તું છો તો એ ત્રણેથી પાર. ત્રણેના જે વિકલ્પ છેને એ રાગસ્વરૂપ ઈ આત્મા નહિ. આહા..હા..! ભિન્ન વસ્તુ છે. કહો, સમજાણું કાંઈ? ક્યાં ગયા શાંતિભાઈ? આઘે બેઠા? કહો, સમજાણું આમાં? આ તો તમારા ... લઈને... આહા..હા..!

ભગવાન! તારી જાત તો જ્ઞાન અને આનંદની છે. તારી જાત એ પુણ્ય-પાપના રાગની એ તારી જાત નહિ હોં. એ તો કજાત છે. એ કજાતને પોતાપણે માનતો અને પોતે કજાતરૂપ છે એમ માનતો. આહા..હા..! એનો અર્થ એ થયો કે જ્યાં સુધી પર્યાય ઉપર, રાગ અને પુણ્ય ઉપર દૃષ્ટિ છે ત્યાં સુધી એને એનાથી ભિન્નતાના સ્વભાવની દૃષ્ટિ નથી અને સ્વભાવની દૃષ્ટિ નથી તેની દૃષ્ટિ રાગ ઉપર છે. એ પુણ્ય-પાપના પરિણામનું અસ્તિત્વ જ મારું છે એમ માને છે. ભગવાન મહાપ્રભુ એની ચૈતન્યની મહાસત્તા એને નજરમાં આવતી નથી. ઓલા તો કહે પરની દયા પાળો, ઓલો કહે ભગવાનની ભક્તિ (કરો અને) દેરાસર બનાવો, તમારે ધર્મ થાશે. અહીં ભગવાન ના પાડે છે. એ બેય તરફના જે રાગના વિકાર એને અને સ્વભાવની જાત બે જુદી છે એમ ન જાણતો રાગાદિ પરિણામ એ જ અહીં કર્મ છે. સમજાય છે કાંઈ? એનો કર્તા પરિણમતો એને ભાસે છે. પણ શુદ્ધપણાની દૃષ્ટિ નથી એટલે શુદ્ધપણું પરિણમવું એવું એને ભાસતું નથી.

'**તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે :— જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ...**' આહા..હા..! જડનો દાખલો આપ્યો ચોખ્ખો. ઠંડી અને ગરમ અવસ્થા જડની-જડની પુદ્‌ગલની. ઠંડી બરફની અને ઊની અગ્નિની એ બેય અવસ્થા જડની છે. એ ઠંડી અને ઊની '**અનુભવ કરાવવામાં સમર્થ...**' હા, એ જ્ઞાનમાં નિમિત્ત થવાને સમર્થ છે. જ્ઞાનમાં જણાવાને શીત-ઉષ્ણ નિમિત્ત છે. સમજાણું કાંઈ? '**શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ...**' કોણ? શીત-ઉષ્ણ પુદ્‌ગલ પરિણામની અવસ્થા એ તો જ્ઞાન કરાવવામાં સમર્થ છે. સમર્થ એટલે? આત્માનું જ્ઞાન થાય એમાં એ જ્ઞાનમાં એ નિમિત્ત છે જડ. એ જ્ઞાન કરાવવામાં સમર્થ છે, પણ શીત અને ઉષ્ણ થવામાં એ શીત-ઉષ્ણ સમર્થ નથી. જીવ શીત-ઉષ્ણરૂપે થાય એવી શક્તિ એનામાં નથી. તેમ આત્મા શીત-ઉષ્ણની અવસ્થાને કરે એમ નથી. આહા..હા..! બહુ ઝીણું પણ ભાઈ. એવા રવાડે ચડ્યા છે, માણસને.. ઉદ્ધાર કરી દઉં બધાનો. તું તારો તો કર. અનાદિથી રખડી મરે છે.

મુમુક્ષુ :- કરીને આવ્યો છે ઉદ્ધાર.

ઉત્તર :- ધૂળમાંય કર્યો નથી. અજ્ઞાન છે. પરદ્રવ્યનું કરી દઉં, પરને ઉગારી દઉં, રોગ મૂકાવી દઉં... એ ..ના ઠેકાણા નહિ. ઘણું સહન કરવું પડે છે અમારે તો. ક્યાંનું ક્યાં જાવું પડે. સૂક્ષ્મ દેહમાં જાય સ્થૂળ દેહ... આહા..હા..! કોની ભ્રમણા પણ ભ્રમણા. પાછા વાણિયા એને કબુલે એ ભારે કરી.

મુમુક્ષુ :- વાણિયા તો ડાહ્યા કહેવાય.

ઉત્તર :- વાણિયા તો ડાહ્યા કહેવાય.

મુમુક્ષુ :- પૈસા કમાવામાં, આત્મા...

ઉત્તર :- પૈસા કમાવામાં. પૈસા કમાવા કરતા પૈસા લઈને ન ફુલાય એમાં એ હુશિયાર છે એમ કહે છે. ઓલા ગરાસિયાને બે-ચાર લાખ થઈ જાય ત્યાં તો ઓહો..! વાણિયાને એવું કાંઈ નહિ. પચાવી શકે બસ એટલું. મમતા. ..ભાઈ!

કહે છે જેમ ટાઢી-ઊનીનું જ્ઞાન કરાવવામાં સમર્થ '**એવી શીત-ઉષ્ણ પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે...**' ઠંડી-ઊની અવસ્થા આત્મામાં જ્ઞાન થાય એમાં નિમિત્ત થાય, જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે. સમજાણું કાંઈ? છતાં '**એવી શીત-ઉષ્ણ પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્ન...**' છે. ઠંડી-ઊની અવસ્થા જડથી એક-મેક છે. બરાબર છે? અગ્નિ ઉષ્ણ છે. એ ઉષ્ણતા કાઢી નાખે અને એકલી અગ્નિ રહે? ઉષ્ણતા અને અગ્નિ બે અભિન્ન છે. એમ બરફની ઠંડી અને બરફ બેય એક અભિન્ન છે. ઠંડી જુદી કરે અને બરફ જુદો રહે એમ છે? ઉષ્ણતા જુદી કરે અને અગ્નિ જુદી રહે એમ છે? એમ પુદ્ગલ જડ છે એની ઠંડી અને ગરમ અવસ્થા પુદ્ગલથી અભિન્ન છે. સમજાણું કાંઈ?

'**આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...**' એ ઠંડી-ઊની અવસ્થા. આમ મોઢામાં બરફ પડે ત્યારે ઠંડુ નથી લાગતું બહુ? આત્મા ઠંડો થતો હશે? મોઢામાં મરચું આવે આટલું. મોઢું તીખું થઈ ગયું. મોઢું તીખું થાતું હશે? તીખી અવસ્થા મરચાની મરચામાં રહી ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! આ ભારે. માવાની ચીજ પેંડો ઊંચો બહુ. બહુ ગળ્યો. ગળ્યો કોણ પણ? ગળ્યો જડ છે? કે ગળ્યો તું છો? ગળ્યું છે એવું અહીં જ્ઞાન થવામાં ગળી અવસ્થા નિમિત્ત ખરી, પણ ગળ્યાપણે જીવનું થવું એ ત્રણ કાળમાં બનતું નથી. એને ભ્રમ પણ એવો. કહે છે એ '**પુદ્ગલથી સદાય અત્યંત...**' પુદ્ગલથી અભિન્ન છે. '**તેવી રીતે...**' એ તો દૃષ્ટાંત થયો. હવે સિદ્ધાંત.

'**તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...**' એટલે કે જુઓ, તે પ્રકારનો લીધોને? જેટલા પ્રકારનો અંદર દયા, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનો રાગ થાય તે જ પ્રકારનું જ્ઞાન કરાવવામાં એ સમર્થ નિમિત્ત. જ્ઞાન કરાવવામાં એ નિમિત્ત એટલું. સમજાણું? પણ તે જ પ્રકારનું થાયને? જ્ઞાન તો જાણે કે આ રાગ છે, આ દ્વેષ છે. જ્ઞાન જાણે કે આ ઠંડુ છે, ગરમ છે. ઠંડુ-ઊનું એ પ્રકારનું જ્ઞાન થવામાં નિમિત્ત. એમ રાગ અને દ્વેષ, રાગ અને દ્વેષ, દયા અને દાનના પરિણામ એ પ્રકારનું જ્ઞાન થવામાં એ સમર્થ. એ તો જ્ઞાન થવામાં સમર્થ એટલે? આત્મા એનું જ્ઞાન કરે એમાં એ નિમિત્ત. સમજાણું કાંઈ?

'**તે પ્રકારનો અનુભવ કરાવવામાં...**' એમ શબ્દ છેને? પણ એમ જ થાયને. જે ચીજ જેવી હોય એવું અહીં જ્ઞાન થાય. જ્ઞાન ઊંધુ થાય? રાગ આવે દયાનો તો એ રાગનું જ્ઞાન થવામાં સમર્થ અને જ્ઞાનમાં એ રાગ નિમિત્ત થાય. એવું જ્ઞાન કરાવવામાં સમર્થ. સમર્થનો

અર્થ? જ્ઞાન કરનારને રાગનું જ્ઞાન થાય એમાં નિમિત્તપણું એનું. પણ રાગ જ્ઞાનરૂપે થઈ જાય એવી રાગમાં તાકાત નથી. ભારે … આહા..હા..!

'**તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ…**' એમ છેને? એવા રાગ-દ્વેષ, સુખ-દુઃખ. પુણ્ય અને પાપનો રાગ અને હરખ-શોકનો ભાવ. અનુકૂળની સગવડતા દેખતા એ … એ તો જ્ઞેય છે. એને હરખ થાય. અને પ્રતિકૂળ થતાં, છોકરા હોય ૨૦ વર્ષનો અને પરણાવ્યો અને ચાર મહિના થયા. સર્પ કરડીને મરી ગયો. એમાં એને દ્વેષ થાય. તો કહે છે એ દ્વેષ કાંઈ આને લઈને થયો નથી, તેમ દ્વેષ આત્માને લઈને થયો નથી. અજ્ઞાનને લઈને થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ છોકરો મરી ગયો માટે અહીં દ્વેષ થયો એને લઈને એમ નથી. એ તો પરચીજ છે. છોકરો મરી ગયો તો એ જ્ઞાનમાં જ્ઞેય થવાને સમર્થ છે, પણ જ્ઞાનમાં દ્વેષ કરવાને એ સમર્થ નથી. હવે જ્યારે દ્વેષ કર્યો એ દ્વેષ જ્ઞાન જણાવામાં એ સમર્થ છે. પણ દ્વેષનું સામર્થ્યપણું નથી કે દ્વેષ જ્ઞાનરૂપે થઈ જાય. આહા..હા..! ભારે વસ્તુ! ઓ..ઓ..હો..! સ્વતત્ત્વ છેને. ચાહે તો શુભ હો કે અશુભ હો. શુભરાગ એ આસ્રવ છે.

મુમુક્ષુ :- …

ઉત્તર :- બેય એક જ છે. વિભાવ છે, અધર્મ છે, દુઃખ છે. આહા..હા..! એ દુઃખનો ભાવ જ્ઞાન કરાવવામાં સમર્થ એટલે કે આત્મા જ્ઞાન કરે એમાં નિમિત્ત. એ જાતનું જ્ઞાન થાય એમાં નિમિત્ત.

'**એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામની અવસ્થા…**' આહા..હા..! આ શરીર તો જડની અવસ્થા. બરાબર છે? સ્મશાનમાં સળગે તો અહીંથી અગ્નિ નીકળે. લ્યો. આત્મામાંથી નીકળે? આ તો જડ છે, માટી છે. આહા..હા..! કહે છે, એ બળે તે પણ આત્માના જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે અને તેમાં દ્વેષ તેને થયો. અરર! આહા..હા..! એ દ્વેષભાવ આત્માના જ્ઞાન થવામાં નિમિત્ત છે, પણ આત્મામાં દ્વેષરૂપે થવું એવી તાકાત દ્વેષની છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! '**પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે…**' એ શુભ અને અશુભરાગ અને હરખ અને શોક, પ્રસન્નતાની અંદર મુદ્રા દેખાય ભાવની હોં ભાવ, એ પ્રસન્નતાનો ભાવ, કોઈ વિષય-વાસનાનો, માનનો, હરખનો, છોકરાના લગનનો, પાંચ-પચ્ચીસ લાખ મળ્યા એનો એવો જે હરખનો ભાવ અને જ્યારે ખોટ જાય, છોકરો મરે ત્યારે શોકનો ભાવ, એ હરખ અને શોકભાવ જીવથી તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ?

'**આત્માથી સદાય અત્યંત ભિન્ન છે…**' સદાય ત્રણે કાળ અત્યંત ભિન્ન એમ પાછું. આહા..હા..! '**અને તેના નિમિત્તે થતો…**' નિમિત્તે થતો છેને? જુઓને! જેવો અંદર રાગ અને દ્વેષ થાય અને જેવી ત્યાં હરખ અને શોકની લાગણી થાય તે પ્રકારના '**તેના નિમિત્તે**

**થતો...**’ તે પ્રકારનો અનુભવ એટલે જ્ઞાન. રાગ અને દ્વેષ અને સુખ-દુઃખની કલ્પના. એ તો અચેતન (છે), એમાં જ્ઞાનનો અંશ નથી, પણ તે પ્રકારનું જ્ઞાન થવામાં એ નિમિત્ત છે. છેને?

‘**તેના નિમિત્ત થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે...**’ એનાથી જે જ્ઞાન થાય એ જ્ઞાનથી આત્મા અભિન્ન છે. ‘**પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે.**’ લ્યો ‘**પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે.**’ હવે પુદ્‌ગલ લીધા. એ વિકારી પરિણામ... આહા..હા..! સમજાણું કાંઈ? ‘**આત્માથી અત્યંત ભિન્ન છે**’ અને તે પ્રકારનું જ્ઞાન થવાથી પુદ્‌ગલથી સદા અત્યંત ભિન્ન. આહા..હા..! બહુ ધીમે, ધીમી અને ધીરી ગતિથી ધ્યેય શું છે એ પકડાય. આહા..હા..! આ.. જુઓને ટાઢા-ઊનાની અવસ્થા એ પુદ્‌ગલથી અભિન્ન છે. ટાઢું-ઊનું આત્મામાં જ્ઞાન થવામાં નિમિત્ત છે. એ પર છે, પરજ્ઞેય છે. આ જ્ઞાન છે. પણ જ્ઞાનથી આત્મા શીત-ઉષ્ણપણે થવું અશક્ય છે. શીત-ઉષ્ણનું જ્ઞાન થવું તે શક્ય છે, પણ શીત-ઉષ્ણપણે થવું તે અશક્ય છે. આહા..હા..!

એ ‘**જ્યારે અજ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ ન જાણતો હોય ત્યારે...**’ લ્યો! આહા..હા..! પોતે તો આનંદસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપી પ્રભુ ત્રિકાળ ચૈતન્ય પ્રકાશનું પૂર-નૂર. ભગવાન અંદર આત્મા ચૈતન્ય પ્રકાશનું નૂર છે. એનો તો પ્રવાહ વહે છે પૂર. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ઓ..હો..હો..! આહા..હા..! કહે છે, એ ‘**અજ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ...**’ રાગ-દ્વેષ અને સુખ-દુઃખ અને તેનું થતું અહીં જ્ઞાન. બેની જુદાઈ ન જાણતો, બેની જુદાઈ ન જાણતો હોય ત્યારે ‘**એકપણાના અધ્યાસને લીધે,...**’ જુઓ, ટેવ થઈ ગઈ, કહે છે. રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, હરખ અને શોક એને એકપણાનો અનાદિથી અજ્ઞાનને લીધે અધ્યાસ—ટેવાઈ ગયો છે. ટેવાઈ ગયો એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ગાથા છે. હિંમતભાઈ! તમે .... એક-એક ગાથા ટંકશાળ! ચૈતન્ય ચમકે એવો છે એક એક ગાથાએ!! આહા..હા..! ભાઈ! તારું સ્વરૂપ તો જ્ઞાનનું છેને. એ આ રાગરૂપે થવું એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

એ કહે છે જુઓ, ‘**એકપણાના અધ્યાસને લીધે, શીત-ઉષ્ણની માફક...**’ ટાઢા-ઊનારૂપે આત્મા વડે થવું અશક્ય છે તેમ. ટાઢા-ઊનાપણે આત્મા વડે થવું અશક્ય છે તેમ. ‘**જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે...**’ આહા..હા..! એ રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, હરખ અને શોક એવા ભાવપણે થવું, જીવદ્રવ્ય એ રૂપે થવું અશક્ય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એક તો શરીરની જુવાની હોય, પાંચ-પચ્ચીસ લાખની મૂડી હોય, છોકરા કહ્યાગરા હોય અને પાંચ હાથના લાંબા એવા છ-સાત હોય અને એક-એક

દસ હજાર પેદા કરતા હોય એક-એક દિવસના. એને એમ થઈ જાય કે આહા..હા..! આપણે તો .... આપણા જેવી સરખાઈ કો'કને હશે. અમે તો બધું જોયું છેને. બધું ઘણું જોયું છે. આહા..હા..! તારા જેવી દુઃખની સગવડતા કો'કને હશે. આહા..હા..! કેમકે એ ચીજો તો દુઃખમાં નિમિત્ત છે. આત્માના આનંદમાં એ નિમિત્ત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્મા જ એવો છે એમ કહે છે. એ આત્માનો પોકાર છે. આહા..હા..! કહો, છોટાભાઈ! શું છે આ? આહા..હા..!

સિદ્ધાંત તો કેવો કહ્યો? કે જેમ ટાઢા-ઊનાની અવસ્થાપણે જીવને થવું તે અશક્ય છે, બની શકે નહિ. આહા..હા..! તેમ પુણ્ય અને પાપના વિકલ્પો અને હરખ-શોકના ભાવ એ વિભાવપણે જીવને થવું એ અશક્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે...**' આહા..હા..! દાખલો તો કેવો ... આપ્યો! ટાઢી-ઊની અવસ્થા એ તો જડ છે, અજીવ છે, એ તો સ્પર્શની અવસ્થા છે. પુદ્ગલ વસ્તુ, એનો ગુણ સ્પર્શ એની અવસ્થા શીત-ઉષ્ણ. સમજાય છે કાંઈ? એમ કર્મ જડ અને એના ફળ તરીકે રાગ અને હરખ-શોક આવ્યા એ પણ જડ. એ ચૈતન્ય જ્ઞાનમૂર્તિ પ્રભુ એનો એકેય અંશ એમાં રાગમાં આવતો નથી. સૂર્યના કિરણો તો ધોળા-સફેદ હોય. કોલસાની કળ કાપે એ કાંઈ સૂર્યનું કિરણ કહેવાય? એમ ભગવાન આત્મા ચૈતન્ય અનંત-અનંત... શું કહેવાય તમારે આ મોટું નહિ? સર્ચ લાઈટ મૂકે છેને, આમ હજારની શું કહેવાય? ત્યાં છેને. હજાર (હોર્સ પાવર). ત્યાં છેને? બાહુબલીજી. રાતે ગયા હતાને જોવા. બે મોટી સર્ચ લાઈટ એના ઉપર પડે. આ બાહુબલી ૫૭ ફૂટ ઉંચા ભગવાનના પુત્ર. એક હજાર વર્ષની મૂર્તિ છે. દુનિયામાં જેટલા લોકો આવે છે એ બધા જોવા જાય છે. ગયા છો કોઈ દિ' ત્યાં? સ્વરૂપચંદભાઈ! જઈ આવ્યા છો? રાતે એ બધું દેખાય. આ તો અનંત સર્ચ લાઈટ મૂકે એવો ચૈતન્ય છે. એમાં તો અનંતી-અનંતી જ્ઞાનની પર્યાય પ્રગટ થાય એવો એ આત્મા છે. એમાં તો જ્ઞાનના કિરણો નીકળે એવો આત્મા છે. પુણ્ય અને પાપ, હરખ-શોકના કિરણ અંધારાના કોલસાના કણિયાના નીકળે એવો એ છે નહિ. સમજાણું કાંઈ? આવો કેવો ધર્મ ભાઈ? જૈનધર્મ આવો હશે વીતરાગનો? ઓલા તો કહે કે દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, આ પર્યુષણના દસ દિવસ હોય તો દસ અપવાસ કરવા, આઠ દિવસ હોય તો આઠ અપવાસ કરવા.

મુમુક્ષુ :- આ ન આવે.

ઉત્તર :- આ ન આવે. એમાં રાગની મંદતા હોય તો મિથ્યાત્વના મહાપાપસહિત પુણ્ય બાંધે. સમજાય છે કાંઈ? આહા..હા..! કારણ કે પરના ગ્રહણ-ત્યાગનો તો ભાવ છે. મેં આ ગ્રહ્યું અને મેં આ છોડ્યું. એ આત્મામાં પરનો ગ્રહણ-ત્યાગ તો છે નહિ. એને ગ્રહણ-ત્યાગવાળો માનવો એ જ પહેલો તો મિથ્યાત્વનો સેવક છે. એ ભગવાન આત્માનો સેવક

નથી. આહા..હા..!

કહે છે, જેમ ટાઢી-ઊની પુદ્‌ગલ પરમાણુઓની સ્પર્શગુણની અવસ્થા એમ તે રૂપે થવું જીવને અશક્ય છે. દુર્લભ છે એમ નહિ. દુર્લભમાં તો કોઈ કાળે થઈ શકે. અશક્ય છે. ટાઢા-ઊનાની જડની અવસ્થા એ પણે ભગવાન આત્માને થવું એ અશક્ય છે, શક્ય જ નથી. એમ '**જેમના રૂપે આત્મા વડે પરિણમવું...**' થવું... આહા..હા..! શુભ અને અશુભ રાગરૂપે પરિણમવું અશક્ય છે. આહા..હા..! સ્વભાવમાં ક્યાં છે ઈ? આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્યવહારરત્નત્રય જેને કહે શુભરાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા, શાસ્ત્રના જ્ઞાનનો વિકલ્પ રાગ. સમજાણું કાંઈ? અને પંચમહાવ્રતના પરિણામનો રાગ. આહા..હા..! કહે છે કે ભગવાન આત્મા વડે એ રાગરૂપે થવું અશક્ય છે. આત્મા વ્યવહાર વડે પરિણમે એ આત્મામાં અશક્ય છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? જેમ જડપણે (થવું) અશક્ય છે એવી રીતે વિકારના હરખ, શોક અને રાગ-દ્વેષપણે પરિણમવું અશક્ય છે. આહા..હા..! અરૂપી ભગવાન ચૈતન્યબિંબ અનાદિ-અનંત અવિનાશી ભગવાન આત્મા અને એનો જ્ઞાન અને આનંદ ગુણ અવિનાશી અનંત, એવા ગુણપણે પરિણમવું એ તો શક્ય છે. એ તો યથાર્થ છે. પણ વ્યવહારના રાગપણે થવું તે તો જીવને અશક્ય છે. આહા..હા..! અને એ વ્યવહાર નિશ્ચયનું કારણ થાય (એમ અજ્ઞાનીઓ કહે છે).

કાલે જ આવ્યું હતું ભાઈનું. કૈલાસચંદજીનું. વ્યવહાર પહેલો. વ્યવહાર થાય તો એને નિશ્ચય થાય. પણ વ્યવહારથી ન થાય પાછું એમ (લખ્યું છે). વ્યવહાર.. એનાથી એ હોય તો થાય. પહેલો વ્યવહાર જોઈએ, પણ વ્યવહાર રાખીને થાય એમ પણ નહિ. એનો અર્થ શું? લખ્યું છે એમાં. વ્યવહાર રાખીને થાય એમ નહિ. વ્યવહારની રુચિ છોડવી જોઈએ. વ્યવહાર કરતાં-કરતાં થાય એમ પણ નહિ અને વ્યવહાર વિના થાય એમ પણ નહિ. એમ પાછું. આહા..હા..! મૂકને ચોખ્ખું હવે. એ વ્યવહાર કરતાં પણ ન થાય અને વ્યવહાર હોય તોપણ એનાથી નિશ્ચય થાય નહિ. એ તો વ્યવહારપણે પરિણમવું જ અશક્ય છે, અહીં તો એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલા એને શાસ્ત્રોના અર્થો ફેરવવા પડે? ઓલા એમ કહે, તમારે કેટલા ફેરવવા પડે? ભગવાન છેને. ઊંધો પડે તો એટલી એની શક્તિ છેને. આહા..હા..!

મુમુક્ષુ :- ઊંધો પડે તો બીજાનો વાંક કાઢે.

ઉત્તર :- કર્મનો વાંક કાઢે ને આનો કાઢે અને આને કાઢે. આહા..હા..! કહે છે. વાત તે પણ વાત છેને. અરે! પરમેશ્વર ચૈતન્ય ભગવાન પરમેશ્વર વિભાવ પામરપણે થાય (એ) અશક્ય છે. સમજાણું કાંઈ? છેને? પુસ્તક છે કે નહિ? આહા..હા..! ભગવાન ચૈતન્યનું પૂર છે. એ તો જ્ઞાનનો પ્રવાહ છે ... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન...

આનંદ... આનંદ... આનંદ... એ આનંદપૂર એવો પ્રભુ (એનું) દુઃખરૂપે થવું એ અશક્ય છે કહે છે. આહા..હા..! આનંદ તે દુઃખરૂપે કેમ થાય? સમજાણું કાંઈ? પર સંયોગરૂપની વાત પણ અહીં નથી અત્યારે તો. સંયોગીભાવ જે પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ અને હરખ અને શોકના ભાવ એ પણે, શીત-ઉષ્ણપણે થવું જેમ અશક્ય છે, એમ એવા વિભાવની વાસનાપણે પ્રભુ એના રૂપે થાય એ અશક્ય છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

ગૃહસ્થાશ્રમમાં તો થાય છેને. છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય, લડાઈમાં ઉભો દેખાય. આહા..હા..! એ છન્નું હજાર સ્ત્રીના વૃંદના વિષયમાં દેખાય, પણ કહે છે કે એ વખતે જે આસક્તિ થઈ એ રૂપે પરિણમવું તે અશક્ય છે વસ્તુમાં. સમજાણું કાંઈ? આવી વાત કેવી! આ તો નિશ્ચયની વાત છે. નિશ્ચય એટલે સાચી વાત છે. ખોટી વાત તો કરો જોડે થોડી. એમ કહે છેને? નિશ્ચય-નિશ્ચય. પણ નિશ્ચય નિશ્ચય એટલે સાચું અને વ્યવહાર-વ્યવહાર એટલે ઉપચાર અને ખોટું. ખોટું એટલે જે છે એમ નહિ. વસ્તુ છે ભલે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો પરમાત્મા સંતો પોકારે છે ભાઈ! તું તો જ્ઞાન અને આનંદની જાતનું તત્ત્વ છોને. એ જ્ઞાન અને આનંદપણે થાય એ તો શક્ય છે, પણ એ અજ્ઞાન રાગ-દ્વેષ અને દુઃખપણે થાય એ તો અશક્ય છે હોં! આહા..હા..! અરે! સાંભળવા મળે નહિ એને વાત. એ કે દિ' વિચારે અને કે દિ' અંદરમાં ઘડ બેસાડે? આમ જિંદગી ચાલી જાય. ઢોરની જેમ જિંદગી ચાલી જાય છે. આખો દિ' પશુ ખાધા જ કરે. એને ગમે તેટલું દ્યો એ ખાધા જ કરે. એમ આખો દિ' રાગ અને દ્વેષને જ ઓગાળ્યા કરે છે. આહા..હા..!

કહે છે,.. એક-એક ગાથા જુઓ તો આમ પરમાત્માને ખડો કરે છે! એ વસ્તુની દૃષ્ટિએ અને વસ્તુ પોતે વસ્તુ પોતે વિકારપણે થવું અશક્ય છે એમ વસ્તુની દૃષ્ટિવાળો પણ વિકાર થવાપણે અશક્ય છે. એ શું કીધું વળી? વસ્તુ ભગવાન આત્મા એ તો જ્ઞાનનો પુંજ અને અતીન્દ્રિય આનંદનો ઢગલો છે ઈ. એવી ચીજ એ રાગ-દ્વેષ અને હરખ-શોક થવાપણે અશક્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એટલે કે એ ચીજ વિભાવપણે અને હરખના, શોકના વિભાવપણે (થતી નથી). ભાઈ! એમાં ક્યાં ગરી ગયું? જેમાં જે નથી એનાપણે થવું એ તો અશક્ય છે એમ કહે છે. આવી ધર્મકથા કેવી? આહા..હા..!

આ તો વીતરાગ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્માનું આ ફરમાન છે. આહા..હા..! આમ બોલે મંગળિકમાં કે કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. આવેને? સ્વરૂપચંદભાઈ! મંગળિકમાં આવે. ગડીયો હાંકે. ભાન ન મળે અર્થની કાંઈ. ભગવાન શરણ છે, ભગવાનનો ધર્મ (શરણ) છે. ધર્મ શું છે ખબર છે? ભગવાનનો ધર્મ આ દયા પાળવી, વ્રત કરવા, પૂજા કરવી એ ધર્મ. એ ધર્મ નહિ. એ વીતરાગનો ધર્મ નહિ. એ તો રાગીઓના રાગનો

ધર્મ છે. ચીમનભાઈ! બહાર રોકાય, આ કે દિ' સમજાય? ઘરડા થાય તોય નવરા થાતા હશે એમ હશે? પાંજરાપોળ... હવે છોકરાને કરવા દ્યો. કેમ સ્વરૂપચંદભાઈ! એ છોકરાને કરવા ક્યાં દે છે? એ તો પોતે જાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- મહેનત બહુ કરે છે.

ઉત્તર :- યથાર્થ મહેનત હોય તો છૂટો થયા વિના રહે નહિ. એય..! બરાબર છે? મરી જાય ત્યારે છૂટો થાય છે કે નહિ? આમ બધી તૈયારી કરી હોય લ્યો. લગન માંડ્યા હોય દીકરીના અને દીકરાના બધાના હોં. રાણપુરમાં ભત્રીજાના... ભત્રીજાને પરણાવવાનો દિ'. તે દિ' હોં લગનને દિ'. ખબર છે? રાણપુરવાળા કોણ છે? ગોપાણી એના ભત્રીજાના લગન. દીકરો જ .. એ ત્યાં નહિ જોડે? અપાસરાની જોડે હતો. તે દિ' એને દમ ઉપડ્યો. જાન જાય, ખસમાં. એના છોકરા તરીકે માનેલો. ... હવે શું કરવું? જાન તો કાઢો. જાન એ ત્યાં જાન ગઈ અને અહીં પતી ગયું. એ માંડવા હેઠે કાઢ્યા એને. આ .. એમ થયું હતું .. ... એના લગન કર્યા અને ત્યાં ગયા. ... આમ માંડવો હતો હજી. ત્યાં મરી ગયા. જે ઠેકાણે પરણ્યા એ ઠેકાણે મડદું કાઢ્યું. કેમ? આ છબીલભાઈને લ્યો ખબર છેને. જે માંડવે પરણ્યા હતા એ જ માંડવે એનું મડદું કાઢ્યું. ત્યાં સુધી માંડવો હતો. બોટાદમાં, કામદાર. એ તો દુનિયાની અવસ્થા એને રાખે કોણ? રોકે કોણ? આહા..હા..! અભિમાનીઓ (એમ કહે), અમે રાખી દઈએ, મરતા બચાવી દઈએ, રોગ આવે અને ટાળી દઈએ. મહા અજ્ઞાનના ભંડાર છે. એવાને પાછા ભગવાન માનવા! આહા..હા..!

અહીં તો પરમાત્મા પોતે ચિદાનંદસ્વરૂપ અહો..! વિભાવપણે થવું તે અશક્ય છે. પરપણે થવું તો અશક્ય છે પણ એમાંથી એની નબળાઈથી ઉત્પન્ન થયેલા મિથ્યાત્વભાવપણે થવું અશક્ય છે એમ કહે છે. ભગવાન ભ્રમપણે થાય એમ ન બને એમ કહે છે. આહા..હા..! ભગવાનજીભાઈ! ભાઈ! તને ખબર નથી. તારી ચીજની મહત્તા અને તારી ચીજમાં શું પડ્યું છે એની ખબર નથી. સાક્ષાત્ પરમાત્માનું સ્વરૂપ જ તારું છે. અંશ પણ નહિ. ઈશ્વરનો અંશ નહિ. આખો ઈશ્વર આનંદ અને જ્ઞાનનો ધણી પોતે છે. એવો ભગવાન આત્મા રાગપણે થવો અશક્ય છે. આહા..હા..! નાથ! તારી વાત તો જો. સમજાણું કાંઈ?

જેમ ઠંડી અને ગરમ અવસ્થાપણે પ્રભુ આત્મા અચેતનપણે કેમ થાય? એમ રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, હરખ અને શોક અચેતન છે. આહા..હા..! એમાં ચેતનપણું નથી. એ ચૈતન્ય ભગવાન ચેતનપણે થાય, એ આવા અચેતનપણે થવાને તો અશક્ય છે. આહા..! ગજબ વાત છેને! વસ્તુ તે ચેતન તે અચેતનપણે કેમ થાય? જેમ ઠંડી-ઊની અવસ્થાપણે ન થાય એમ આ રાગ અને દ્વેષ, હરખ-શોક એ પણ ચૈતન્યની શક્તિ વિનાના છે. આહા..હા..! એ ચેતનરૂપે કેમ થાય? એ તો ઈ ચેતનરૂપે કેમ થાય, પણ આ તો ચેતન આ રૂપે કેમ

થાય? આહા..હા..! સમજાણું કાંઈ? એનું અહીં વિસ્મય દેખાડે જોયું. અરે! ભગવાન વીતરાગી મૂર્તિ પ્રભુ એ રાગરૂપે કેમ થાય? જેમાં વીતરાગતા જ ભરી છે આત્મામાં. વીતરાગતા કહો કે અકષાય સ્વભાવ કહો. એવો અકષાય સ્વભાવ, એ રાગ દયા, દાનના પરિણામ રાગના એ ભક્તિના રાગના એ રૂપે કેમ થાય? આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો દુનિયાની વ્યવસ્થા વેપારની ફલાણાની અને ઢીંકણાની બધી અમે કરીએ.

મુમુક્ષુ :- અહીં તો રાગ ન કરે એ...

ઉત્તર :- અહીં તો રાગપણે થવું અશક્ય છે, દુનિયાનું કરવું ક્યાં છે તારામાં? કેમ હશે? નવીનભાઈ! ... આહા..હા..! આ તો દાખલો હોં! એવું તો ઘણાને એમ છેને. એમ જ ચાલે. આહા..હા..!

અહીં તો પ્રભુ! તારી સત્યની સત્યતા. એ સતીયો સત્ એ વિકારપણે કેમ થાય? આહા..હા..! એમ સતીયો સત્ કેમ છોડે? એમ કહે છે. ઓલા માગવા આવતા હતા અને બોલતા હતાને? 'સતિયા સત મત છોડીએ, સત્ છોડે સત્ જાય.' એય..! દેવશીભાઈ! બોલતા હતાને એ? 'સતિયા સત્ મત છોડીએ, સત્ છોડે પત જાય, સતની બાંધી લક્ષ્મી ફિર મિલેગી આય.' 'સતિયા સત્ મત છોડીએ.' આહા..હા..! ઓલા હરિશચંદ્રમાં આવે છેને? સત્‌ને ખાતર ભંગીયાના ઘરે નોકર થયા. હરિશચંદ્રનું. મોટું ... એ વખતે નાટકો એવા હતા. આ તો કાળા નાગ જેવા બધા ફીલમના. બાયડી આમ જોવે, એક બાયડી આમ હાથ રાખે. અરર! આ દેખાવ! સજ્જનને બહાર ન શોભે એવા તો દેખાવ કરે છે. નૈતિક જીવનના ઠેકાણા ન મળે. આહા..હા..! પહેલા તો છોકરું થાય અને મા-બાપ બેઠા હોય તો ઉપાડી શકે નહિ છોકરું. એવું હતું પહેલા. જોયું છેને, અમે તો ૫૦-૬૦ વર્ષ પહેલા. છોકરો થાય એનો બાપ બેઠો હોય તો તેડી ન લઈ શકાય. મૂકી દે નીચે. એની મા પણ ન લઈ જાય. એની મા નીકળી હોય અને સાસરો બેઠો હોય તો છોકરાને મૂકી દે. અંદર ગરી જાય. એય..! ધીરૂભાઈ! એવું હતું કે નહિ? આ તો બધા... શરમ પણ ક્યાં રહી છે? આહા..હા..!

અહીં કહે છે, ત્રણ લોકનો નાથ બિરાજેને પ્રભુ. ત્યાં વિકારને કેમ લઈ જવાય? આહા..હા..! ત્યાં વિકાર કેમ નીકળી શકે? આહા..હા..! સમજાણું કાંઈ? ચૈતન્ય શુદ્ધ આનંદકંદ પ્રભુ છેને. એની આગળ આ વિભાવની, ચાંડાળણીની પરિણતિ કેમ લઈ જવાય ત્યાં? એ આત્મા એ રૂપે કેમ થાય? આહા..હા..! જયસુખભાઈ! આવી વાત છે ભગવાનના ઘરની બાપુ! ઓલા કહે કે એય..! એકલી નિશ્ચયની વાતું કરે છે. અરે! પ્રભુ! સાંભળને ભાઈ! નિશ્ચય સત્ તો તારું સ્વરૂપ છે. એ રાગરૂપે થવું એ પ્રભુ! તારું સ્વરૂપ નહિ. આહા..હા..!

**'જેમના રૂપે આત્મા વડે...'** જેમના રૂપે એટલે? વિભાવરૂપે. રાગ અને દ્વેષ, હરખ અને શોક. આહા..હા..! પણ આ થાય છેને. એ તો અજ્ઞાનપણે માને છે એમ કહે છે.

એ થયું નથી, થાતો નથી આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવાં રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે...**' પર્યાયમાં બેભાનપણે પરિણમતો થકો એટલે પરિણમ્યો છું એમ માનતો થકો. ભાષા તો ... પરિણમવું અશક્ય છે પછી કેમ પરિણમે? એમ કહે છે. અશક્ય તો આપ્યું છે ભાઈ! પછી એને પરિણમે છે એમ કેમ કહેવું? એ પરિણમ્યો છે એમ માનતો થકો.. આહા..હા..! સમજાણું કાંઈ?

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા સભામાં આમ ફરમાવતા હતા. ત્રિલોકનાથ તીર્થંકરદેવ આમ જગત પાસે જાહેર કરતા હતા. ભાઈ! પરની અવસ્થાપણે પ્રભુ કેમ થાય? એમ અચેતન રાગ-દ્વેષ અને હરખ-શોકપણે કેમ થાય? ત્યારે કહે, આ થાય છેને? એ તો અજ્ઞાનપણે માને છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કહો, સ્વરૂપચંદભાઈ! આવું છે ત્યાં? ક્યાંના, મૂળ તમે ક્યાંના છો? વલસાડ. ... આહા..હા..! ગજબ વાત છે! પરમસત્યનો ઢંઢેરો છે આ તો. આહા..હા..! ભગવાન! તું ચંડાળણીની પરિણતિપણે કેમ થા? આહા..હા..! કહો, સુજાનમલજી! ઓલા મખનલાલજી કહે છેને, તમારી ભાષામાં ... મખનલાલજી પંડિત છેને એક. .. ત્યાં છેને કેવું નામ? ... એને ... મા-બાપ, છોકરા ... છે. અમે ગયા હતાને, જયપુર. ... ... પણ .... એ અને મખનલાલજીને બધા પછી આ પંડિતો.. પછી પૂછ્યું કે શુભરાગ અને સંવર બેય એક? કહે હા. કહો, એય..! આ તમારી નાતના બધા પંડિત. આહા..હા..! વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૧૩, શુક્રવાર, તા. ૦૩-૧૧-૧૯૭૨
## ગાથા-૯૨, પ્રવચન-૨૧૧

આ ૯૨ ગાથા. સમયસાર, કર્તાકર્મ (અધિકાર). સાડા ત્રણ લીટી છે. ફરીને જુઓ, '**જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે...**' એટલે? બહુ આ તો પરમાર્થ સત્યની વાત છે. આ આત્મા તો આનંદ અને જ્ઞાનનું સ્વરૂપ છે. એ જેમ ઠંડી અને ગરમ અવસ્થાપણે થવાને અશક્ય છે, દુર્લભ છે એમ નહિ, થઈ શકે જ નહિ, અરૂપી ભગવાન આત્મા શીત

અને ઉષ્ણપણે કેમ થાય? એ તો જડની અવસ્થા છે. એમ આત્મા રાગ અને દ્વેષ, દયા અને દાન, વ્રત અને ભક્તિ એવા શુભાશુભભાવ એ અચેતન છે. ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાનનો પુંજ છે. એ જ્ઞાનસ્વભાવી આત્મા અચેતનભાવી રાગાદિ સુખ-દુઃખની કલ્પનાપણે કેમ પરિણમે? એમ કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

આ તો કર્તાકર્મ બતાવે છે. પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, સુખ-દુઃખની કલ્પના એ આત્માનું કર્તવ્ય નથી. એ આત્માનું કર્મ નહિ, કાર્ય નહિ, એની એ અવસ્થા નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? જે ટાઢી-ઊની અવસ્થા જડની જડપણે એ જડના સ્પર્શગુણની પર્યાય છે. એ પણે ભગવાન આત્મા કેમ થાય? એમ કહે છે કે વિકારી ભાવ એ ખરેખર અચેતન પુદ્ગલના પાકથી થયેલો એ ભાવ છે. એ ચૈતન્યના પાકથી થયેલો પુણ્ય અને પાપનો, દયા, દાનનો ભાવ એ સ્વભાવના પાકનું ફળ નથી. આહા..હા..! આવી વાત ક્યાં છે? આ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ સભામાં સમવસરણમાં આમ કહેતા હતા એ વાત અહીં આવી છે. આહા..હા..!

કહે છે, પ્રભુ! તું કોણ છો? તું તો જ્ઞાન અને આનંદ સ્વભાવી ત્રિકાળી ચીજ છોને. અને ત્રિકાળી જ્ઞાન અને આનંદસ્વભાવી ચીજ એ આનંદ અને જ્ઞાનસ્વભાવના પર્યાય પરિણમનપણે પરિણમે એ તો એનું કર્તવ્ય છે કહે છે. નારણભાઈ! આવી વાત આકરી બહુ. વીતરાગમાર્ગ, તીર્થંકર પરમેશ્વરે કહેલ માર્ગ દુનિયાને ખ્યાલ બહાર વયો ગયો છે. આહા..હા..! અને એ માર્ગ બીજે જૈન વીતરાગ સિવાય ક્યાંય નથી. બધાએ ગપેગપ માર્યા હોય. આનાથી કલ્યાણ થાશે અને આનાથી કલ્યાણ થાશે, વ્યવહાર કરતાં-કરતાં કલ્યાણ થાશે. એ વીતરાગના વચન નહિ. એ અજ્ઞાનીઓના વચન છે. આહા..હા..!

ભાઈ! તું વીતરાગમૂર્તિ પ્રભુ છોને. આહા..હા..! 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ' વિકારી પરિણામ તો કર્મ. અહીં કીધુંને કર્મ? આહા..હા..! એ જડ કર્મ જેમ અચેતન છે એમ પુણ્ય અને પાપના ભાવ પણ અચેતન જડ છે. એ કામ ચૈતન્ય ભગવાનનું કેમ હોય? આહા..હા..! માણસના પેટમાંથી કાંઈ કૂતરું જન્મે? માણસના પેટમાંથી માણસ આવે. એમ ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ એના સ્વભાવમાંથી વિભાવ આવે ક્યાંથી? આહા..હા..! એમાં એ છે નહિ. ભાઈ! આહા..! આવી ચીજ. એને બીજો કહે હું તને કરી દઉં, તારું કલ્યાણ કરી દઉં. ભારે ભ્રમ ભાઈ! આહા..હા..! ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... અરેરે! અવતારમાં જૈન પરમેશ્વરના વાડામાં જન્મ્યા છતાં એને વાસ્તવિક તત્ત્વની ગંધ ન મળે અને ઊંધી ગંધે ચડી ગયા. આહા..હા..! એના અવતારના આરા ક્યાં હોય? સમજાણું કાંઈ?

અહીં તો ભવના અભાવસ્વભાવની વાત છે. આહા..હા..! કેમકે પ્રભુ આત્મા જ્ઞાન જાણક સ્વભાવભાવ, આનંદ સ્વભાવભાવ એમાં ભવના ભાવ અને ભવ બેય છે નહિ એમાં. અહીં

તો એમ પ્રભુ કહે છે કે ભવનો ભાવ જે પુણ્ય-પાપનો ભાવ જે સંસારમાં પ્રવેશ કરનારો એવો ભાવ, ભવનો ભાવ એ ભગવાનનો ભાવ કેમ હોય? બલુભાઈ! આહા..હા..! દયાનો ભાવ, દાનનો ભાવ, ભક્તિનો ભાવ, પૂજાનો ભાવ, ભગવાનનું નામ સ્મરણ. નમો અરિહંતાણં. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. કહે છે કે એ વિકલ્પ છે હોં. આહા..હા..! ગજબ વાતું છે. એ શુભરાગ, એ શુભરાગ જીવનું કર્તવ્ય કેમ હોય? જયસુખભાઈ! કેમકે એના પેટમાં ક્યાં રાગ છે તે રાગ પકવે? આહા..હા..! એના પ્રભુના પેટમાં તો આનંદ અને જ્ઞાન અને સ્વચ્છતા પડી છે અંદર. એવો જ્યાં સ્વીકાર દ્રવ્યનો થયો, કહે છે કે તેને કે દ્રવ્યદૃષ્ટિવંતને કે દ્રવ્યને પુણ્ય અને પાપના ભાવનું કર્તવ્ય અને કાર્ય એ એનું નહિ. આહા..હા..! તો આ બધા દુનિયાના કામ પરોપકાર કરી દઈએ ને આનું કરી દઈએ, આનું કરી દઈએ (બધી ભ્રમણા છે). સમજાણું કાંઈ? નટુભાઈ! કહો આ વકીલ છે તો બધું કરતા હશે કે નહિ આ બધા? નટુભાઈ! આહા..હા..!

પ્રભુ! એકવાર સત્ય તો સાંભળ. આ સત્‌ના ભણકાર તો જો. એ પોકાર જીવનો છે અંદરનો હોં. એના ભાવની વાત છે, ભાઈ! તું ચૈતન્ય છોને પ્રભુ કે જડ છો? તું ચૈતન્ય છો તો ચૈતન્યનો સ્વભાવ તો જાણવું-દેખવું અને આનંદ છે. આહા..હા..! એવા સ્વભાવમાંથી દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પ્રસવે ક્યાંથી? એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! આમાં તો ભારે આકરું કામ, હોં! આહા..હા..! કહે છે... ગજબ વાત કરી છેને! એ તો જેને વ્યવહાર પર છે એમ જ્યાં કહ્યું એનો અર્થ એ વિભાવ પર છે. સમજાણું કાંઈ? ૧૦ મિનિટ મોડા પડ્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અવસ્થા છેને. આહા..હા..! ભગવાનની આ અવસ્થા તો વીતરાગી છે કહે છે. શરીરની અવસ્થા એની નહિ, પુણ્ય-પાપના, દયા, દાનના, વ્રત અને પૂજાના ભાવની અવસ્થા એની નહિ. આહા..હા..! અવસ્થાઈ જેવો હોય એની અવસ્થા એના જેવી હોય. એ ભગવાન તો જ્ઞાન અને આનંદનો પુંજ છે. એ જ્ઞાન અને આનંદ એનું સ્વરૂપ જ છે. એ સ્વરૂપ તે પોતે વિભાવપણે કેમ પરિણમે? એમ પોકાર કરે છે અહીં. આહા..હા..! અરે! જગતને કઠણ પડે હોં! ભાઈ! તું તો આત્મા છોને. આત્મા એટલે શું? એનું હોવાપણું એટલે શું? એના હોવાપણામાં શું છે? એના હોવાપણામાં તો જ્ઞાન અને આનંદ છે. એવો ભગવાન આત્મા, કહે છે '**જેમના રૂપે આત્મા વડે...**' હોં! ભાષા કેવી છે! '**પરિણમવું અશક્ય છે.**' આત્મા વડે થવું અશક્ય છે. આહા..હા..!

'**એવા રાગદ્વેષસુખદુઃખાદિરૂપે...**' દયા, દાનના પરિણામ એ રાગ. પ્રતિકૂળ સંયોગમાં ઠીક ન પડે તો આમ દ્વેષ. અનુકૂળતામાં સુખની કલ્પના થાય એ સુખ એ પણ વિભાવ-

વિકાર ઝેર અને પ્રતિકૂળતાના દુઃખ થાય (કે) આ નહિ. એ બધી દશાઓ વિકૃત, અચેતન જેમાં ચૈતન્ય ભગવાનનો અંશ નથી. જેમાં જ્ઞાનસ્વભાવી પ્રભુ, આનંદસ્વભાવી પ્રભુ જેમાં આનંદનો અંશ નથી. એ ચીજપણે આત્મા કેમ થાય? આહા..હા..! સમજાણું કાંઈ? આ તો કહે છેને, વ્યવહારથી નિશ્ચય થાય. અરે! પ્રભુ એકવાર સાંભળ તો ખરો નાથ! વ્યવહાર એટલે શુભરાગ. શુભરાગ એટલે અચેતન. અચેતનથી ચૈતન્યની જાગૃતિ થાય માટે અચેતન પહેલો અને ચેતન પછી, એમ હશે? જગતમાં પણ ચેતન અને અચેતન બે તત્ત્વ એક સાથે છે. અનાદિના છે. એમાં પહેલું અચેતન અને પછી ચેતન એમ છે? સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલો પદાર્થ છે. એ અનાદિ છે, એની આદિ નથી, એનો અંત નથી. એના અવિનાશી સ્વભાવથી એ પ્રભુ ખાલી નથી. સમજાય છે કાંઈ? એ ચીજમાં તે ચીજ વડે કરીને, કહે છે, એ શુભ-અશુભ રાગે પરિણમવું (અશક્ય છે). આહા..હા..!

૭૩ (ગાથામાં) આવ્યું છેને કે રાગ-દ્વેષના સ્વામીપણે સદાય ન પરિણમું એવો હું છું. ૭૩માં આવ્યું છે ઈ. આહા..હા..! ૭૩. એનો પુદ્‌ગલ સ્વામી છે. આહા..હા..! સ્વામી તો એની દશાનો હોય કે જેમાં નથી એનો સ્વામી ક્યાંથી હોય? કડક લાગે હોં ભાઈ! આ તો જન્મ-મરણથી મૂકાવાની વાત છે. સમજાણું કાંઈ? બાકી તો એમ ને એમ કર્યા કરે દયા, દાન, વ્રત, ભક્તિ ને પૂજા ને નામસ્મરણ, શાસ્ત્ર રચવા, મંદિરો બનાવવા એવા ભાવ શુભ કર્યા કરે. એ કર્તાપણે માને એ તો અજ્ઞાનથી માને છે કહે છે. પરિણામનો કર્તા હોં, ઓલી ચીજનો નહિ. આહા..હા..!

આવું વસ્તુનું સ્વરૂપ એ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરના ઘરમાંથી આવેલું આ છે. પરમેશ્વરનો આ હુકમ દિવ્યધ્વનિમાં આ આવ્યો છે. ભાઈ! એ ટાઢા-ઊનાની અવસ્થા કોની એ તને પ્રત્યક્ષ ખબર નથી? એ તો જડની છે. આ ઊનું શરીર થાય. એ આત્મા ઊનો છે? આ શરીર ઊનું થાય. આમ જુઓ. એ ગરમને આત્મા જાણે, પણ ગરમપણે થાય? અને ટાઢ્યો તાવ આવે, એટલો તાવ (કે) ધ્રુજે. ગોદડા નાખો ગોદડા. એ ટાઢી અવસ્થા તો જડની છે. એ જડ અવસ્થાની ઠંડી અને ગરમીપણે આત્મા થાય? આત્મા ટાઢો-ઊનો થાય? આહા..હા..! એ તો શરીર ટાઢુ-ઊનું થાય આ માટી. સ્વરૂપચંદભાઈ! બરાબર છે કે નહિ? લોજિકથી, ન્યાયથી છે વાત તો. આહા..હા..! ભગવાન! તારા ઘરની વાત છેને આ. અરે! એણે ઘરને કોઈ દિ' જોયું નહિ હોં! કારણકે ઘર રહી ગયું વર્તમાન પર્યાયની પાછળ, આડમાં રહી ગયું. સમજાણું કાંઈ? રાગની પાછળ તો ઠીક પણ રાગને જાણનારી જ્ઞાનની વર્તમાન અંશ દશા એની પાછળ. એટલે? આત્મા અસંખ્યપ્રદેશી ચીજ છે એ અસંખ્યપ્રદેશમાં પર્યાય છે. એ ઉપર છે અને નીચે નથી એમ નથી. શું કીધું ઈ? એની જે પર્યાય છે એ અસંખ્ય પ્રદેશે

(છે). મધ્યમાં, બાહ્ય, બધે પ્રદેશે-પ્રદેશે પર્યાય છે એક સમયની. એ શું કીધું સમજાણું? રાગ-દ્વેષ તો નહિ, એક કોર રાખ, પણ એની જે પર્યાય છેને અવસ્થા એક સમયની એ અસંખ્ય પ્રદેશમાં બધે સ્થાનમાં આ મધ્યમાં પણ પર્યાય અંદર છે, બાહ્યમાં પર્યાય બધે પર્યાયનો એક સમયનો અંશ એ પર્યાયની અંતરમાં પાછળ, અંતરમાં એટલે આમ કે આમ એમ નહિ, એ આમ છે અને આમ નથી (એમ નહિ). સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- બહુ ઊંડે લઈ ગયા પાતાળ કૂવામાં.

ઉત્તર :- ત્યાં ભગવાન બિરાજે છે કહે છે. ધ્રુવ પ્રભુ પર્યાયની પાછળ બિરાજે છે ઊંડે-ઊંડે આમ. એ બધી પર્યાય છેને. આ નહિ હોં! આ નહિ. પર્યાય અને ધ્રુવ બે થઈને ચીજ (છે). તો એનો જે પર્યાય અવસ્થા બદલે છે એ તો એક સમયની છે અને એક સમયની ઉપર-ઉપર છે એનો અર્થ? કે અહીં ઉપર છે અને અંદરમાં નથી એમ છે? આહા..હા..! એ તો અસંખ્ય પ્રદેશે એક સમયની પર્યાય મધ્યમાં, બાહ્ય બધે વ્યાપી રહેલી છે. એક સમયની પર્યાયની અંદરમાં પાછળ ધ્રુવ પડ્યું છે આખું તત્ત્વ. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? એવો ધ્રુવસ્વભાવી ભગવાન આત્મા એને, કહે છે કે એ ટાઢા-ઊનાપણે ન થાય એમ એ પુણ્ય અને પાપપણે ધ્રુવ સ્વરૂપ ન થાય એમ કહે છે. સમજાણું કાંઈ? પર્યાય એ પણે ન થાય એમ કહે છે. ધ્રુવ તો ઠીક. સમજાણું કાંઈ? ઉંડી વાતું છે, ભાઈ!

કહે છે એ '**જેમના રૂપે**...' આનો અર્થ ચાલે છે આ. '**આત્મા વડે પરિણમવું અશક્ય છે**...' કેવા? '**એવા રાગદ્વેષ**...' દયા, દાન, પુણ્ય, પાપ, કામ, ક્રોધ, વિષયવાસના અને સુખ-દુઃખની કલ્પના. હું હમણા સુખી છું પૈસેટકે, પૈસેટકે, હમણા બાયડી-છોકરાઓએ સુખી છું હું. આબાળ ગોપાળ બધું મારે ઠીક છે. કહે છે કે એવી જે કલ્પના છેને તારી એ પણ જડ અને અચેતન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એવી અચેતન જડ કલ્પના જે છે એની પાછળ ભગવાન આખી ધ્રુવ ચીજ છે. એવો ભગવાન પોતા વડે, આત્મા વડે કીધુંને? પોતા વડે પોતે થઈને રાગદ્વેષરૂપે પરિણમે એવું છે નહિ. સમજાણું કાંઈ?

'**અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો**...' પણ માનતો થકો. સ્વરૂપના અભાનમાં, સ્વરૂપ જ્ઞાન અને આનંદ સ્વરૂપના અભાનમાં અજ્ઞાનપણે મિથ્યાશ્રદ્ધાપણે માને છે કે હું રાગરૂપ થયો, દયાના પરિણામરૂપ થયો, પુણ્ય-પાપના ભાવરૂપ થયો, હું સુખી-દુઃખીની જે કલ્પના થાય છે એ રૂપ થયો એમ મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વને લઈને માને છે કહે છે. આહા..હા..! ગજબ વાત છેને! એઈ..! પરની દયા પાળવી એ ધર્મ જગત કહે છે. અહીં તો કહે છે, પરની દયા તો પાળી શકે નહિ. કારણ કે એ સ્વતંત્ર પદાર્થ છે. એનો કર્તા તું હોઈ શકે નહિ, પણ તારામાં જે ભાવ દયાનો, દાનનો, ભક્તિનો આવે એ પણે હું છું એ તો અજ્ઞાનપણે તારી માન્યતા છે. આહા..હા..! કહો, છગનભાઈ! કાર્યકર્તા. આવે છેને ગીરધરભાઈ. વઢવાણ

નહિ? કાર્યકર્તા હતાને મોટા? ૪૫ હજાર ખર્ચ્યા ત્યાં ચુંટણીમાં. નીકળી ગયા, હારી ગયા. એ આવે છે. સંતોષ રાખે છે કે સારું થયું આ બધું... ગીરધરભાઈ આવે છેને ત્યાંના વઢવાણના શેઠિયા અને કાર્યકર્તા ત્યાં. ૪૫ હજાર ખર્ચ્યા હોં નામ રાખવા. નામ શું કહે છે તમારે? ... આહા..હા..! આ રાજાના કુંવર લાખો રૂપિયા ખર્ચે. એક હતોને ઓલો? જસદણનો રાજકુમાર. એ ઉભો હતો એક ફેરી. બહુ પૈસા ખર્ચ્યા. એના મકાનમાં વ્યાખ્યાન માટે જઈએ ત્યારે કહીએ, જડ જેવા ભરવાડના ... આ શું કરવા? એનો વોટ લેવા માટે ઘરે ઘરે માંગવા. આહા..હા..!

અહીં કહે છે, અરે પ્રભુ! શું કરે છે તું આ? શું આ ભૂતડું તને વળગ્યું? કે આ રાગ અને દ્વેષપણે હું થયો. હું થયો એ તો તને ભૂતડું મિથ્યાત્વનું વળગ્યું છે કહે છે. દેશપણે થાતો હશે કે નહિ? દેશનો થાતો હશે કે નહિ? અમારો દેશ છે. અમારા દેશ માટે અમે શહીદ થાશું. શું કહે છે? શહીદ. તું ધૂળેય નથી થતો ભાઈ! તને ભાન નથી. આહા..હા..! અરે! ભગવાનને રાગરૂપે પરિણમવું એ પણ અશક્ય છે છતાં માને ભલે ઈ, કહે છે. એ જ્ઞાયકભાવ ફીટીને માને તોપણ જ્ઞાયક બીજો થાતો નથી. પર્યાયમાં માને એ માને અજ્ઞાનપણે. આમાં તો કંઈક ખુલાસા છે. ભાઈ! વ્યવહાર કરતાં થાય, વ્યવહાર સાધન છે, વ્યવહાર કારણ છે, વ્યવહાર હેતુ છે, વ્યવહાર હળવે... હળવે... હળવે... અંદરમાં લઈ જાય નિશ્ચયમાં. એ બધામાં તો ના આવી. એય..! ચંદુભાઈ! આ બધામાં ના આવી આમાં તો. આહા..હા..!

'**(અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો), જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો,...**' આમ કહે છે. એ ભગવાન તો ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વરૂપી મહાકુંડ જ્ઞાનનો ભરેલો. આહા..હા..! એમાંથી તો જ્ઞાનનું ઝરણું ઝરવું જોઈએ, જાણવા-દેખવાના પરિણામ થવા જોઈએ. એને ઠેકાણે '**જ્ઞાનનું અજ્ઞાનત્વ...**' અજ્ઞાનપણું એવું પ્રગટ કરતો. આહા..હા..! રાગનો કર્તા (થાય છે). રાગરૂપે થાઉં છું એ અજ્ઞાનત્વને પ્રગટ કરતો એમ કહે છે. હું રાગરૂપ થાઉં છું, હું પરની દયાના ભાવે થાઉં છું, હું પરની ભક્તિ, ભગવાનની ભક્તિના ભાવરૂપે હું થાઉં છું એ જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાનત્વ છેને? પરિણમન છેને એ જાતનું વિપરીત એમ કહે છે. પણું કીધુંને? પર્યાય. '**જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો,...**' જ્ઞાનસ્વરૂપ ભગવાન જાણવું એવું પ્રગટ થવું જોઈએ. તો એની સાથે આનંદ અને શાંતિ હોય. આ તો જ્ઞાનનું અજ્ઞાનપણું (પ્રગટ કરે છે). રાગ અને પુણ્ય હું છું અને એ રૂપે હું થાઉં છું. એ અજ્ઞાનત્વપણું પ્રગટ કરતો થકો '**પોતે અજ્ઞાનમય થયો થકો,...**' લ્યો! છે ચોખ્ખી વાત પાછી. '**પોતે અજ્ઞાનમય થયો થકો,...**' પરિણમન થયું છે એ જાતનું એમ કહે છે. મિથ્યાશ્રદ્ધાએ માન્યતા થઈ એ થયું છે ત્યાં. આહા..હા..! કહો, રસિકભાઈ! આવી શૈલી ભારે આકરી હોં!

'પોતે અજ્ઞાનમય થયો થકો,...' છેને અંદર? 'ज्ञानस्याज्ञानत्वं प्रकटीकुर्वन्स्वयम-ज्ञानमयीभूत' 'આ હું રાગી છું...' ભાષા જુઓ! આ વિકલ્પ જે ઉઠ્યો દયા, દાન, વ્રત, કામ, ક્રોધનો.. આ હું. 'આ હું રાગી છું...' એમ અજ્ઞાની માને છે. આહા..હા..! ભાઈ! દયા એ ધર્મ છે, ભગવાનની પૂજા એ ધર્મ છે. એ શુભરાગ હો અશુભથી બચવા, પણ એ વસ્તુ નહિ, એ ધર્મ નહિ. આહા..હા..! લોકોએ એને ચડાવી દીધા બિચારાને. નવરા ન હોય, ૨૩ કલાક તો રળવું હોય, સૂવું હોય, ભોગ હોય ને રોગ હોય. એમાં રોગ થાય, વળી કાંઈક ભોગમાં જાય, કાંઈક વળી ખાવા-પીવાની લહેરમાં જાય. થોડો કલાક સૂવામાં જાય. આખો દિ' વેપારમાં જાય ધંધાના પાપમાં. એમાં કલાક-કલાક મળે ત્યાં જાય તો ઓલો લૂંટી લે. તારે આ થાશે હોં. પણ તું દુકાન છોડીને આવ્યો અને શું પાપ કર્યા છે તેં? પણ ઓલો રાગ કરે છે એ મારો છે એ માને એ જ પાપ છે. અને એ પાપ તો મિથ્યાત્વનું પાપ પાછું એમ. આહા..હા..!

લ્યો, એક જણા કહેતા હતા, તમે અહીં અપવાસ કરો છો, આ માસખમણ કરો છો શું કાંઈ એમાં ધર્મ નથી? શું કરવા કરો છો? તમારે કાંઈ જોવે છે? હા, જોવે છે રાગ. આહા..હા..! ઓલા વળી એમ કહે કે અનાસક્તિ ભાવે કરવું. આ વળી રોગ આવ્યો છે બીજો. કરવું ખરું, પણ અનાસક્તિએ કરવું. એનો અર્થ શું? કરી શકાય છે કે અનાસક્તિએ કરવું? સેવા કરવી. દરિદ્ર નારાયણની આપણે એ ભગવાન છે એમ જાણીને સેવા કરવી. ભગવાન છે એની ભગવાનની સેવા શી વળી? આહા..હા..! સમજાણું કાંઈ? એમાં પણ આવ્યું છે હોં, આમાં ભાઈ બધું આવ્યું છે. આખો ખીચડો એકે એક દેવદેવલા જેટલા છે એ બધાને માનનારા છે. આજ પૂરું કર્યું, અધ્યાય. પછી તો આ જયધવલ એ ... આહા..હા..! ક્યાં જયધવલની વાતું અને ક્યાં અજ્ઞાનીની વાતું. ક્યાંય ઉગમણે આથમણે ક્યાંય મેળ ન મળે. ઓહો..હો..!

અહીં તો કહે છે, આ હું (એમ કહે છે). આ હું આત્મા છું એમ નહિ. આહા..હા..! પર્યાયબુદ્ધિમાં ગયોને, રાગ થયોને (એટલે માને છે કે) હું દયાનો પાળનાર છું, હું ભક્તિના ભાવરૂપે થનાર છું. એય..! ...ભાઈ! આવું .. છે. આહા..હા..! 'આ હું રાગી છું...' એટલે કે હું રાગ કરું છું, એટલે કે રાગરૂપે હું પરિણમું છું. એમ દ્વેષ, એમ વિષયની વાસના. આહા..હા..! એને પર તરફના વલણની વૃત્તિ જે ઉઠી હોંશની, એ તો કહે છે વિકાર છે. એ આ હું વિકારપણે થાઉં છું. 'ઈત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.' આ રીતના પ્રસંગે એ પ્રસંગમાં એને રાગ અને દ્વેષ અને વાસનાનો, કર્મનો, વાસનારૂપી કર્મ હોં જડની વાત નહિ અહીં. આહા..હા..! કહો, આ સમયસાર વાંચ્યું છે કે નહિ? સ્વરૂપચંદભાઈ! વાંચ્યું છે. ... કહે છે આ.

'ઇત્યાદિ...' ઇત્યાદિ એટલે રાગ-દ્વેષ, વિષયવાસના, રતિ-અરતિ વગેરે '**વિધિથી રાગાદિ...**' દ્વેષાદિ, વાસનાદિ કાર્ય એનો કર્તા પ્રતિભાસે છે. આ કાર્ય, આ કર્તવ્ય મારું એમ એને ભાસે છે. રાગ કર્તવ્ય, દયાનું કર્તવ્ય મારું એમ ભાસે છે. પરની દયા કરી શકું એ પ્રશ્ન નહિ. સમજાણું કાંઈ? પણ પરના તરફના વલણવાળો શુભરાગ થયો એ રાગપણે હું થાઉં છું અને એ રાગનું કાર્ય અને કર્તવ્ય મારું છે એવો કર્તા પ્રતિભાસે છે મિથ્યાદૃષ્ટિને. સમજાણું કાંઈ? કહો, પ્રવીણભાઈ! બહુ ઝીણું પણ હોં આ. વાણિયાને આવું નવરો થાય ક્યારે સાંભળવા? આહા..હા..!

'**ભાવાર્થ :- રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા પુદ્ગલકર્મના ઉદયનો સ્વાદ છે;...**' એમ કહે છે. એની પર્યાયમાં જે રાગ-દ્વેષ, સુખ-દુઃખ થાય છે એ પુદ્ગલકર્મનો સ્વાદ છે, એ ચૈતન્યનો સ્વાદ નથી. આહા..હા..! આવું દેવશીભાઈ! ત્યાં ગામડામાં હતું તમારે ઘરે? સારું ... હોં. આહા..હા..! રાગ દયા, દાન, વ્રત, ભક્તિ અને સ્ત્રી આદિ કુટુંબનો રાગ અને દ્વેષ-દુશ્મન પ્રત્યે પ્રતિકૂળતાનો દ્વેષ કે શરીરમાં વીંછી કરડ્યો અને ન ગોઠે એવો જે દ્વેષ અને અનુકૂળતાના ઢગલામાં ઠીક છે મને અત્યારે. સુખી છું... સુખી છું... સુખી છું... બધી રીતે હમણાં સુખી છું. એવી જે કલ્પના અને ચારે કોરથી રોગ (આવે), દીકરો મરી જાય, દીકરી રાંડે. મરી જાય તો તો વાંધો નહિ, પણ દીકરી રાંડે, દીકરો મરે, દીકરી રાંડે, દુકાનના માલમાં ખોટ જાય, વીમાવાળો તે દિ' ભાંગે.

મુમુક્ષુ :- કાં વીમો જ ન હોય.

ઉત્તર :- કાં વીમો હોય અને કાં વીમો ઉતાર્યો હોય તો તે દિ' ભાંગે. અરેરે! ચારે કોરથી દુઃખી છીએ એમ બિચારા કહે. એય..!

મુમુક્ષુ :- છે જને.

ઉત્તર :- નથી એમ કહે છે. તું તો આનંદસ્વરૂપ છો, પ્રભુ! તને ખબર નથી. અમે દુઃખી છીએ, અમે ગરીબ પ્રાણી છીએ, અરે! અમારો પોકાર કોઈ સાંભળતા નથી હોં! અમારા ગરીબ માણસનું કોણ સાંભળે? પૈસાવાળા હોય તો માથું મારીને ગરી જાય અંદર.. એમ કહે છે બિચારા હોં! અમારું કોણ સાંભળે? વિધવા બાઈ હોય, ગરીબ બાઈ હોય, દીકરો હોય નહિ, ધણી મરી ગયો હોય. રળી ખાતા હોય, પૈસા મૂકી ગયો હોય નહિ, કુટુંબમાં કોઈ હોય નહિ. આહા..હા..! બીજા ધ્યાન રાખવા આવે નહિ. એ વખતે એ બાઈનો પોકાર... આહા..હા..! અરે! એ શેનો પોકાર? પ્રભુ! તને શું છે આ? એ દુઃખમાં છું એવું એણે માન્યું છે હોં! દુઃખની અવસ્થાપણે છું એમ માન્યું છે હોં! સંયોગપણે છું એમ નહિ. આહા..હા..! પણ એ દ્વેષાદિ તો પુદ્ગલકર્મના ઉદયનો સ્વાદ છે. પહેલા આવી ગયું છે એ પુદ્ગલકર્મનો સ્વાદ છે, એ અજીવ છે અને આત્મા ઉપયોગ આકાર એમાં થાય એ જીવ

છે. એમ આવ્યું હતું. આ તો એ કર્મનો ઉદય જે છે જડ એનો જે ઉપયોગરૂપે થયો એ પણ જડનો જ સ્વાદ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ઉપયોગ જે રાગ-દ્વેષ અને સુખ-દુઃખનો, વસ્તુ પોતે પ્રભુ તો આનંદ અને જ્ઞાનનો (રસકંદ છે). સમજાણું કાંઈ? આહા..હા..! વીણા વાગે તો વીણાનો તાર વાગે અને અવાજ આવે. એમ ચૈતન્ય ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એને જ્યાં હલાવે તો ત્યાં આનંદનો તાર વાગે છે. આનંદની ઝણઝણાટ થાય ત્યાં. એ એનું કર્તવ્ય ખરું. બલુભાઈ! ભારે આવી વાતું! પણ આ અંદર અણગમો (થાય).. આહાહા..! ... સુકાણું ભાઈ! અને અપવાસ તો એવા જ હોયને બાપા. જેટલું સહન કરે એટલી નિર્જરા. એમ ગપ્પા મારે. બાયું નવરી હોયને. વર્ષીતપ કરે. ઉનાળાના અપવાસ ભાઈ અને તે ચોવિહારા! આહા..હા..! અને જેટલું સહન કરે કાયક્લેશ એટલી નિર્જરા. ધૂળમાંય નથી નિર્જરા સાંભળને. એય..! નારણભાઈ! આહા..હા..! એમાં તો તને વિકલ્પ આવ્યો એક રાગ છે કલ્પના. એને તો એ રૂપે હું થયો છું અને એ મને થયું છે. એ માન્યું છે એ તો મિથ્યાભ્રમ છે. આહા..હા..! એ ગળે-બળે પાણી ચોપડે, ઠંડુ રાખે, આમ કરે ત્યારે હવે ઠીક છે... હવે ઠીક છે. બેય ભ્રમણા છે.

મુમુક્ષુ :- આકુળતા વધારે છે એવું થયુંને?

ઉત્તર :- આકુળતા જ છે ત્યાં. ઓછી-વત્તી હતી જ કે દિ'? એ તો બહારની પ્રતિકૂળતા ઘટી એટલે એને એમ લાગ્યું કે મને આકુળતા ઘટી. પણ એને લઈને આકુળતા ઘટે છે? આહા..હા..! એય..! જયસુખભાઈ! આ કાયદા જુદી જાતના છે. આહા..હા..! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથના દરબારમાં આ કહેવાય છે. આ કહે છે, પ્રભુ હોં! ... આહા..હા..! અનંત તીર્થંકરો એ રીતે કહી ગયા છે. અનંત તીર્થંકરો ભવિષ્યમાં થશે તે આ જ કહેશે. આહા..હા..!

કહે છે એ '**પુદ્ગલકર્મના ઉદયનો સ્વાદ છે;...**' ભાઈ! તારો સ્વાદ તો આનંદ હોય. તારો સ્વાદ આ રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પના એ તારો સ્વાદ છે? એ પર્યાયનો સ્વાદ જડનો એ તો પુદ્ગલનો છે કહે છે. આહા..હા..!

**ભાવાર્થ :-** '**તેથી તે, શીત-ઉષ્ણપણાની માફક,...**' ભાવાર્થ. ટાઢા-ઉના સ્પર્શની માફક '**પુદ્ગલકર્મથી અભિન્ન છે...**' જેમ ઠંડી અને ગરમ અવસ્થા પર્યાય જે પુદ્ગલથી એક-મેક છે, પુદ્ગલની સત્તામાં એ છે. સમજાણું કાંઈ? તેથી તે ઠંડી-ઊની અવસ્થાની પેઠે રાગ-દ્વેષ અને સુખ-દુઃખના સ્વાદનો ભાવ પુદ્ગલકર્મથી અભિન્ન છે. આહા..હા..! વેંચીને મારફાડ કર્યા છે. આહા..હા..! એ વિકલ્પ તે તું નહિ, વિકલ્પની પાર ભગવાન બિરાજે નિર્વિકલ્પ આનંદનો નાથ એને જોતાં આવા વિકલ્પપણે થાય આત્મા એમ બનતું નથી. એમ કહે છે. આહા..હા..! અને આ લોકો તો પોકાર કરે છે. અરેરે! સોનગઢવાળા એકાંત નિશ્ચય કરીને

નિશ્ચયાભાસ થઈ ગયા એમ કહે છે. બધી ખબર છે લોકો (શું કહે છે ઈ). વ્યવહારને ક્યાંય સ્થાન પણ આપતા નથી. વ્યવહારને સ્થાન આપે છેને આ. એ અચેતનમાં છે ઈ.

મુમુક્ષુ :- એના સ્થાનમાં સ્થાન આપ્યું.

ઉત્તર :- એના સ્થાનમાં છે. આહા..હા..! અને ભગવાનની વાણીથી પણ ધર્મ ન થાય. આમ કહેનારાને જીભ નહિ મળે એમ વળી કહે છે. વાત સાચી. શરીર નહિ મળે. ભગવાનની વાણી તો પર છે. જીભ જોઈએ, શરીર જોઈએ અને સાંભળવાનું ઓશિયાળું જોવે. આહા..હા..! કહો, એવા નીકળ્યા છે અત્યારે. અરરર! ભગવાનની વાણી! તીર્થંકરની વાણી! અને એના દર્શનથી રાગ થાય અને એનાથી કાંઈ લાભ ન થાય આત્માને? પણ પરદ્રવ્યથી શું થાય? ભગવાન! તને ખબર નથી. લાભની ખાણ તો તારી પાસે તું છો. ત્યાં ખાણ છે? ત્યાંથી મળે એવું છે? આહા..હા..! શેત્રુંજય જઈએ, સમ્મેદશિખર જઈએ અને પહેલા દર્શન સવારમાં વહેલા કરીએ. સૌથી પહેલા દર્શન કરે એને બહુ લાભ થાય. અમારે ગઢડામાં કહેવાતું. ૮૧માં ચોમાસું હતુંને. વહેલા ઉઠે ઓલા સ્વામિનારાયણના સાધુ. સાધુ ઉઠીને બોલે, વહેલા જે પાણીને જગાડે એ બહુ પુણ્ય કરે. પાણીને જગાડે એટલે નહાવા. કારણ કે પછી દસ વાગ્યા સુધી હોય કોઈવાર. પછી તો પાણી પડ્યું હોય એમને એમ. એ પહેલા જગાડે એને જઈને પહેલું. ... આવા ને આવા.

અહીં તો કહે છે કે એ પાણીમાં પડવાની ક્રિયાનો ભાવ તો રાગ છે. ક્રિયા તો જડની છે. એ રાગમાં પણ જ્યારે દયાનો ભાવ હોય છે એ પણ રાગ છે. એ રાગપણે હું થાઉં છું એ તો જડના સ્વાદપણે થાઉં છું એમ છે. સમજાણું કાંઈ? આવી સ્પષ્ટ વાત, ચોખ્ખી વાત. ન્યાય, લોજિકથી પણ બેસી શકે એવી વાત. એને બેસાડવા પ્રયત્ન કરે નહિ અને ઉંધા (અર્થ) કાઢે શાસ્ત્રમાંથી. આ શાસ્ત્રમાં આમ કહ્યું (છે). બધું કહ્યું ત્યાં. શું કહ્યું એની તને ખબર નથી. આખા શાસ્ત્રનો સાર તો વીતરાગતા છે. વીતરાગતા ક્યારે થાય? પરદ્રવ્ય અને રાગની ઉપેક્ષા કરી અને સ્વભાવની અપેક્ષા કરે ત્યારે થાય. સમજાણું કાંઈ?

**'અજ્ઞાનને લીધે આત્માને તેનું ભેદજ્ઞાન નહિ હોવાથી...'** કોનું? ઓલા દયા, દાન અને સુખ-દુઃખની જે કલ્પના થઈ એ આત્મા નહિ અને આ તે જડનો ભાવ છે એ ખરેખર મારો પાક નથી. એ આંબે કાંઈ બોર પાકે? આંબે તો કેરીયું પાકે. એમ ભગવાનના આંબે તો અંદર આનંદ પાકે. આ રાગ પાકે? આહા..હા..! એક જણ અહીં જોર આપતો હતો બાયુંને, ભાષણ કરતો હતો. અરે! બાયું એવી થાવ કે જ્યાં છોકરા મોટા રાજકુમાર જેવા અને બધા આહા..હા..! પાતળા શરીર, નમળા શરીર એવા બાયુંને કુખે સારા થતા હશે? બોરડીએ કાંઈ આંબા પાકે? એમ કહીને ચડાવે. ધૂળેય નથી સાંભળને હવે. આહા..હા..! બાયુંને આવા શરીર જોઈએ... આવા શરીર જોઈએ... છોકરા મોટા રાજકુંવર કલૈયાકુંવર જેવા

પાકે. આ નમાલા શરીર, ખોરાક પચે નહિ, ઢીંકણા આહાર એવાને સારા છોકરા કેમ થાય? બોરડીએ આંબા ન પાકે. એમ રહેવા દે હવે. અહીં આંબે બોરડી ન પાકે એમ કહે. ભગવાન તો આંબો છે અંદર. આનંદના રસના ભાવથી ભરેલો છે. 'કહે વિચક્ષણ પુરુષ સદા મૈં એક હૂં, અપને રસ સું ભર્યો અનાદિ ટેક હૂં' એ તો મારી અનાદિ મર્યાદા છે. આનંદરસથી ભરેલો અતીન્દ્રિય એ તો મારી મર્યાદા છે. એ મારો રસ છે. આહા..હા..! ત્યાં આત્મામાંથી આ રસ પાકે. સમજાણું કાંઈ? આહા..હા..!

ઓલા કાઠીની વાત નહોતી કરી એક ફેરી? જેતપુરની. .. ચાંપો. ચાંપાવાળા. ચાંપાવાળો પણ એ જન્મ્યો ત્યારથી એની આંખ એવી. આ જેતપુર છેને? જેતપુર નથી અહીં? કાઠી. અત્યારે કાઠીઓ બહુ છે ત્યાં. ચાંપાવાળો વર્ષ, દોઢ વર્ષનો હતો. એની માને ખોળે આમ સૂતેલો પડખે. આંખ જબરી પુણ્યશાળી મોટો. એમાં એની માને એના બાપે જરી ચાળો કર્યો. પતિ-પત્ની તરીકે. આમ મોઢું ફેરવ્યું. છોકરો હોં દોઢ વર્ષનો. એની માને પડખે સૂતો અને એની માને ચાળો કર્યો કાંઈક પતિ તરીકે. એટલો તો દોઢ વર્ષની ઉંમરે વિચિક્ષણ. એની માને ખબર પડી... આહા..હા..! એ ઘરમાં જઈને બળીને મરી ગઈ. આ બનેલું છે જેતપુર. ચાંપાવાળાના કુટુંબી છે, એના દીકરાઓ છે. અંદર જઈને બળી મરી. અરર! આ છોકરો આટલી ઉંમરે આવું જોઈ ગયો. કહો, પછી તો મરી ગઈ એટલે શું? પછી એની છાપ બહાર આવી. અને ક્યાંક કાઠીનું ગામ હશે કો'ક મોટું. એમાં ચારણ આવ્યો. એને દીકરો નહોતો દીકરો. ચારણ આવ્યો એની પાસે. એને રીઝવ્યો ચાંપાના બાપને. એટલે ઓલો ચારણને કહે છે માગ માગ તું. અરે! આપા નહિ અપાય હોં. હું માગીશ પણ તમે નહિ આપો. માગ માગ તું કહે એ આપીશ. તમે આવો મારા ગામમાં. હેં! હા. તમને અમે કાઠિયાણી પરણાવશું બીજી. અને જેવો ચાંપા જેવો અમારે છોકરો થાય ત્યારે રાજનો વારસો જોઈએ. આવું શું? હા પાડી, હવે ના પડાય નહિ. એ ચારણને બેય ચાલ્યા. એકાદ ગામ ગયા હશે. એટલે એને કહ્યું, એય..! ભાઈ! .. કહેને એ લોકોને. .. એ ચાંપાની મા તું ક્યાંથી લાવીશ? કે જેને કૂખે ચાંપો પાકે. એ બોરડીએ આંબા નહિ પાકે. રહેવા દે મને લઈ જવો ત્યાં. જે-તે કાઠિયાણી પરણાવી દઈશ મને અને એનો છોકરો ચાંપો થાશે? ઓલી એની મા આટલું સહન ન કરી શકી એને કૂખે ચાંપા હોય. સમજાણું કાંઈ? નારણભાઈ! આ બનેલું છે જેતપુર. ... બાપા! એ કાઠિયાણી કેવી હશે? આ એની મા તો જુઓ. એનો છોકરો આમ જોઈ ગયો ત્યાં બળી મરી. એને કૂખે ચાંપા પાકે. કાંઈ બોરડીએ આંબા પાકતા હશે?

એમ ભગવાનને આંબે તો રાગ-દ્વેષ ન પાકે. ત્યાં તો આનંદ અને શાંતિ પાકે એવો એ આંબો છે, ભગવાન! ... એ પુણ્ય અને પાપના, સુખ-દુઃખની કલ્પના ત્યાંથી ન પાકે. એ તો જડના પાક છે, નાથ! તને ખબર નથી. સમજાણું કાંઈ? સ્વરૂપચંદભાઈ! જરી ઊંચો

થાય એવું છે પણ ગણકારતો નથી. કેવો કહેવાય છે? નનૂર. નનૂર. ન-નૂર. નનૂર એટલે શું? નૂર નહિ તે. કોરણા પડે તોપણ ... આહાહા..! અરે! જાગ તો જાગ એકવાર તું, ઊંઘમાંથી નીકળ હવે. આહા..હા..! એ રાગ અને સુખ-દુઃખની કલ્પના પ્રભુ તારી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ ૧૪મી ગાથામાં આવ્યું છેને? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં નહિ? ભગવાન આત્મા... આમાં છેલ્લો શ્લોક છે. છે આમાં? છેલ્લો છે જુઓ તમે.

एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।
प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।

પાછળ ગાથામાં છે છેલ્લી. 'એ રીતે આ આત્મા...' ભગવાન કર્મકૃત—કર્મના સંગે થયેલો રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આદિ ભાવ અને શરીર એવા 'ભાવોથી સંયુક્ત ન હોવા છતાં...' એવા વિકારી ભાવ અને શરીર અજીવ અને વિકારી આસ્રવ, એ બે તત્ત્વોથી ભગવાન તત્ત્વ તે જુદું છે. એ આત્મા આનાથી સહિત છે નહિ. આહા..હા..! એવો હોવા છતાં પણ 'અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે...' આહા..હા..! પણ એ રાગ અને શરીરસહિત છું એવું ભાસે છે 'તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે.' એ મિથ્યાત્વ એ સંસારમાં નરક અને નિગોદમાં જવાનું બીજ છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? હજી રાગ દયા, દાનનો રાગ સહિત આત્મા ભાસે એ મિથ્યાત્વ છે એમ કહે છે. બલુભાઈ! આહા..હા..! ચીમનભાઈએ તો કોઈ દિ' સાંભળ્યું પણ નહિ હોય. નારણભાઈ તો બિચારા કો'ક દિ' આવતા વ્યાખ્યાનમાં. ચુનીભાઈના બાપ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! નારણભાઈ તો ... જૂની રૂઢીના માણસ. આ વાત ક્યાં હતી? આહા..હા..! વસ્તુના દુકાળ પડી ગયેલા હોં. દુકાળ પડી ગયેલા દુકાળ. આહા..હા..!

કહે છે... પુરુષાર્થસિદ્ધિ ઉપાયની ગાથા છે ૧૪મી. અમૃતચંદ્રાચાર્ય ટીકા કરનારા જે કહે છે ઈ. ભગવાન! તું આત્માને? અને રાગાદિ, દયા, દાન, ભક્તિના પરિણામ, કામ, ક્રોધના પરિણામ તો આસ્રવ અને શરીર અને કર્મ તો અજીવ. તો એ અજીવતત્ત્વ, આસ્રવતત્ત્વ, અને ભગવાનતત્ત્વ આત્મા એ ત્રણે તો જુદા છે. જ્ઞાયક ભગવાન આત્મા રાગસહિત કે શરીરસહિત છે નહિ. આહા..હા..! છતાં સહિત છે એમ ભાસવું એ ચોર્યાશીના અવતારમાં રખડવાનું મિથ્યાત્વ બીજડું છે. કહો, સમજાણું કાંઈ? પણ હવે સતિ જેવી સ્ત્રી હોય એ સહિત તો આત્માને માનવો કે નહિ? એય..! નટુભાઈ! રાગ વિકલ્પ દયા, દાનનો, અરે! વીતરાગદેવની શ્રદ્ધાનો રાગ, ત્રણ લોકના નાથ પરમાત્મા છે એવી શ્રદ્ધાનો જે રાગ એ રાગસહિત આત્માને ભાસે એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એય..! બતાવ્યું કે નહિ? આહા..હા..!

તત્ત્વ છેને? રાગાદિ પરિણામ એ આસ્રવતત્ત્વ છેને? શરીર, કર્મ એ અજીવતત્ત્વ છેને?

ભગવાન જ્ઞાનતત્ત્વ છે. એવો આત્મા ભગવાન જ્ઞાનનો નાથ પ્રભુ આનંદનું ધામ, એને વિકારસહિત અને શરીર સહિત માનવો... આહા..હા..! મિથ્યાદૃષ્ટિ જીવ છે કહે છે. એ જુઠાણમાં જૂઠું સેવનારો છે. એમ વસ્તુનું સ્વરૂપ છે નહિ એને માને છે એ જૂઠો છે.

અહીં કહે છે, એ '**અજ્ઞાનને લીધે આત્માને તેનું ભેદજ્ઞાન નહિ હોવાથી...**' કોનું? રાગ અને સુખ-દુઃખની કલ્પના, પર ઉપર બુદ્ધિ છે એટલે એનું અને ત્રિકાળી જ્ઞાયકભાવનું અંદરમાં ઉતર્યા વિના બેનું ભેદજ્ઞાન નહિ હોવાથી '**તે એમ જાણે છે કે આ સ્વાદ મારો જ છે;...**' એ રાગ અને સુખ-દુઃખની કલ્પનાનો સ્વાદનો અનુભવ એ મારો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સુંદર શરીર (હોય) અને મૈસુબ ખાધો હોય અને એમાં ભોગની વાસનાએ ચડ્યો હોય પછી જુઓ એ ગાંડો એ તો તમારે. કહે છે કે એ મીઠાશ મને આવી, મારી આવે છે હોં. આહા..હા..! એય..! ભગવાનજીભાઈ! ભારે! જુવાન શરીર ૨૫ વર્ષનું, બાયડી જુવાન ૨૫ વર્ષની હોય. બેય નિરોગી હોય, રોગ આવવાના લક્ષણ હમણા દેખાતા ન હોય તરતમાં. પછી તો વળી .. ક્ષય લાગુ પડે એ જુદી વાત છે. તરતમાં દેખાતા ન હોય અને રળવા દુકાને ક્યાંક ઉત્સાહથી માંડ્યું હોય તો કાંઈક પાંચ-પચ્ચીસ લાખ મળે પણ ખરા. અને એમાં જુઓ.. આહાહા..! અરે ભગવાન! શું છે તને આ? એમાં પણ પકવાન ખાઈને ભોગ લેવો એમાં મીઠાશ એને આવે. મરી ગયો છે ઈ. આહા..હા..! એય..! પ્રભુ! તને શું થયું આ? કહે છે કે ચોર્યાશીના અવતારના બીજડા સેવ અને માન કે મને મજા પડે છે, એ અનંતા દુઃખને વહોરવા બેઠો ત્યાં કહે કે મને સુખ. નટુભાઈ! વાત તો આવી છે. આહા..હા..! ઝેરને પીતા માને કે મને તો બહુ મજા પડે છે. આહા..હા..!

એ અહીં કહે છે જુઓ, '**એ સ્વાદ મારો જ છે;...**' આહા..હા..! હરખનો ભાવ, રાજીપાનો ભાવ, ખુશી થઈને રતિ થવાનો ભાવ, ભાઈ! કહે છે કે એ તો જડનો સ્વાદ પ્રભુ! અજ્ઞાની માને છે કે આ મારો સ્વાદ, મારો અનુભવ છે. આહા..હા..! આ ઓલા કહે છેને? રજનીશ. ભોગાનંદમાં બ્રહ્માનંદ છે. પહેલા એમ કહેતો હતો. હવે બીજું (કહે છે). ગપેગપ મારનાર છે. ભોગમાં આનંદ આવે છે એ બ્રહ્માનંદ છે. આહા..હા..! ઝેરીલો મિથ્યાત્વનો ડંખ મોટો વાગ્યો છે ભાઈ તને. આહા..હા..! શું થાય? જગતમાં પુણ્યને લઈને બહાર દેખાય, પણ એ સંધ્યા પાછળ અંધારા છે. ખીલેલું દેખાય આમ જાણે, ખીલેલું આમ જાણે. ઓહો..હો..! એમાં કાંઈક લબ્ધિ-બબ્ધિ જો પ્રગટી હોય થોડી ઘણી અજ્ઞાનભાવે, જુઓ ગાંડો એ તો તમારે. આહા..હા..!

કહે છે, '**કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગદ્વેષાદિનો સ્વાદ શીતઉષ્ણપણાની માફક, જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં,...**' આમ કહે છે. એ હરખ, શોક અને રાગના પરિણામ ચૈતન્ય અરીસામાં જાણવામાં એ નિમિત્ત થાય. એ પ્રતિબિંબ, જ્ઞાનનું એમાં પ્રતિબિંબ થાય.

એ બિંબ છે રાગ આદિ અને અહીં પ્રતિબિંબ એનું જ્ઞાન થાય. એ જ્ઞાન થવામાં નિમિત્ત છે એ. એવા **'જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગદ્વેષાદિનો સ્વાદ શીતઉષ્ણપણાની માફક, જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય...'** પર્યાયબુદ્ધિ થઈ ગઈ. આહા..હા..! આ આત્મા જે વસ્તુ જ્ઞાનસ્વરૂપ પ્રભુ ચૈતન્ય અરીસો જ જાણે વિકારરૂપ થઈ ગયો. જુઓ! આ મિથ્યાત્વ શલ્ય. સમજાણું કાંઈ? આમ બીજા કુદેવ-કુગુરુને માનવા છોડી દેવા એ થઈ રહ્યું સમકિત. એમ નથી, ભાઈ! તને ખબર નથી. આહા..હા..! આવી માન્યતા એ તો તારા કુગુરુ અને કુદેવની માન્યતા છે. આહા..હા..! દેવને ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એને તેં ન જાણ્યો અને રાગના સ્વાદને પોતાનો જાણીને અર્પાઈ ગયો. જાણે કે હું રાગ-દ્વેષ થઈ ગયો. આહા..હા..! ગાથા તે ગાથા છેને પણ જુઓ! .. છેને ભેગો? **'એવું અજ્ઞાનીને ભાસે છે. તેથી તે એમ માને છે કે હું રાગી છું, હું દ્વેષી છું, હું ક્રોધી છું, હું માની છું...'** આહા..હા..! **'ઈત્યાદિ. આ રીતે અજ્ઞાની જીવ રાગદ્વેષાદિનો કર્તા થાય છે.'** આ રીતે કર્તા માને છે કહે છે. આહા..હા..! હવે એમાંથી સવળાની વાત આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૯૩

ज्ञानात्तु न कर्म प्रभवतीत्याह —

परमप्पाणमकुव्वं अप्पाणं पि य परं अकुव्वंतो।
सो णाणमओ जीवो कम्माणमकारगो होदि।।९३।।
परमात्मानमकुर्वन्नात्मानमपि च परमकुर्वन्।
स ज्ञानमयो जीवः कर्मणामकारको भवति।।९३।।

अयं किल ज्ञानादात्मा परात्मनोः परस्परविशेषनिर्ज्ञाने सति परमात्मानमकुर्वन्नात्मानं च परमकुर्वन्स्वयं ज्ञानमयीभूतः कर्मणामकर्ता प्रतिभाति। तथाहि -- तथाविधानुभवसम्पादनसमर्थायाः रागद्वेषसुखदुःखादिरूपायाः पुद्गलपरिणामावस्थायाः शीतोष्णानुभवसम्पादनसमर्थायाः शीतोष्णायाः पुद्गलपरिणामावस्थाया इव पुद्गलादभिन्न-

त्वेनात्मनो नित्यमेवात्यन्तभिन्नायास्तन्निमित्ततथाविधानुभवस्य चात्मनोऽभिन्नत्वेन पुद्गलान्नित्यमेवात्यन्तभिन्नस्य ज्ञानात्परस्परविशेषनिर्ज्ञाने सति नानात्वविवेकाच्छीतोष्णरूपेणेवात्मना परिणमितुमशक्येन रागद्वेषसुखदुःखादिरूपेणाज्ञानात्मना मनागप्यपरिणममानो ज्ञानस्य ज्ञानत्वं प्रकटीकुर्वन् स्वयं ज्ञानमयीभूतः एषोऽहं जानाम्येव रज्यते तु पुद्गल इत्यादिविधिना समग्रस्यापि रागादेः कर्मणो ज्ञानविरुद्धस्याकर्ता प्रतिभाति।

જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી એમ હવે કહે છેઃ-

**પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,**
**એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.**

ગાથાર્થ :- [परम्] જે પરને [आत्मानम्] પોતારૂપ [अकुर्वन्] કરતો નથી [च] અને [आत्मानम् अपि] પોતાને પણ [परम्] પર [अकुर्वन्] કરતો નથી [सः] તે [ज्ञानमयः जीवः] જ્ઞાનમય જીવ [कर्मणाम्] કર્મોનો [अकारकः भवति] અકર્તા થાય છે અર્થાત્ કર્તા થતો નથી.

ટીકા :- જ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે પરને પોતારૂપ નહિ કરતો અને પોતાને પર નહિ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો, કર્મોનો અકર્તા પ્રતિભાસે છે. તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છેઃ- જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્નછે, તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગદ્વેષસુખદુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. જયારે જ્ઞાનને લીધે આત્મા તે રાગદ્વેષસુખદુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે, તેઓ એક નથી પણ ભિન્ન છે એવા વિવેકને લીધે, શીત-ઉષ્ણની માફક (અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશકય છે તેમ), જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશકય છે એવાં રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે જરાય નહિ પરિણમતો થકો, જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો, 'આ હું (રાગને) જાણું જ છું, રાગી તો પુદ્‌ગલ છે (અર્થાત્ રાગ તો પુદ્‌ગલ કરે છે)' ઇત્યાદિ વિધિથી, જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત રાગાદિ કર્મનો અકર્તા પ્રતિભાસે છે.

ભાવાર્થ :- જયારે આત્મા રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થાને જ્ઞાનથી ભિન્ન જાણે અર્થાત્

'જેમ શીત-ઉષ્ણપણું પુદ્‌ગલની અવસ્થા છે તેમ રાગદ્વેષાદિ પણ પુદ્‌ગલની અવસ્થા છે' એવું ભેદજ્ઞાન થાય, ત્યારે પોતાને જ્ઞાતા જાણે અને રાગાદિરૂપ પુદ્‌ગલને જાણે. એમ થતાં, રાગાદિનો કર્તા આત્મા થતો નથી, જ્ઞાતા જ રહે છે.

---

## આસો વદ-૧૪, શનિવાર, તા. ૦૪-૧૧-૧૯૭૨
## ગાથા-૯૩, પ્રવચન-૨૧૨

૯૩ ગાથા. સમયસાર. કર્તાકર્મ અધિકાર. '**જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી એમ હવે કહે છે :—**' મથાળું છે એ. છેને માથે? '**ज्ञानात्तु न कर्म प्रभवतीत्याह—**' શું કહે છે? કે ૯૨માં એમ કહ્યું કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી ત્રિકાળ અવિનાશી છે. એનું જેને ભાન નથી તે અજ્ઞાનપણે રાગને, દ્વેષને ઉત્પન્ન કરે છે. એ અજ્ઞાનીનું કર્તા થઈને વિકારી પરિણામ એનું કાર્ય એમ એ માને છે. પણ એ તો વસ્તુસ્વરૂપ છે ભગવાન આત્મા, જેની પાસે હીરો નથી અંતરમાં. એથી એના સ્વભાવના અજાણને લઈને અજ્ઞાનપણેથી અજ્ઞાની પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિના પરિણામ શુભાશુભને ઉત્પન્ન કરે છે. કેમકે એ રાગાદિભાવ તે અજ્ઞાનભાવ છે. એ કાંઈ આત્મજ્ઞાનભાવ નથી. એને ઉત્પન્ન કરે છે એ જ્ઞાનસ્વભાવનો અજાણ છે એ ઉત્પન્ન કરે છે.

'**જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી...**' ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ ત્રિકાળ છે. એવું જ્યાં અંતરમાં ભાન થતાં જ્ઞાનમાંથી રાગની ઉત્પત્તિ થતી નથી. વ્યવહારની ઉત્પત્તિ થતી નથી એમ કહે છે અહીં. આહા..હા..! કહો, ચંદુભાઈ! આહા..હા..! વસ્તુ પોતે ચૈતન્યઘન છે. એકલો જ્ઞાનનું સત્‌નું સત્ત્વ એકલું છે. એવો જે ચૈતન્ય ગોળો. આહા..હા..! એ બદલે અને પરિણમે તો એ જ્ઞાનના પરિણામને કરે. પણ વિકારના પરિણામને એ કરે એ આત્મા નહિ. આહા..હા..! આવી વાત છે. જે કોઈને અંદર પરિણામમાં રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ જેને દેખાય છે અને જેને એના ઉપર દૃષ્ટિ છે. એવો સ્વરૂપનો અજાણ એવા વ્યવહારુ રાગને ઉત્પન્ન કરે છે. આહા..હા..! અજ્ઞાની કરે છે. આહા..હા..! ભાઈ! તારી ભેટું જુદી જાતની છે. તું ચૈતન્યસ્વરૂપ છોને, ભગવાન! તને માહાત્મ્યની ખબર નથી. આહા..હા..! એ તો કેવળજ્ઞાનનો કંદ છે. કેવળ એટલે? એકલું જ્ઞાન એમ. એમાં રાગ ને દ્વેષ ને સંસાર એમાં ગંધ નથી. આહા..હા..! એવી ચીજના ભાનમાં કહે છે કે જ્ઞાનસ્વરૂપનું

આત્મજ્ઞાન થયું એ જ્ઞાન પુણ્ય અને પાપના વિકારભાવો ઉત્પન્ન કરતું જ નથી. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે. આહા..હા..! એ જ વસ્તુનો સ્વભાવ છે અને એ જ વસ્તુની સ્થિતિ છે. એ કહે છે જુઓ, અહીં તો જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી એની વ્યાખ્યા. સમજાય છે કાંઈ?

परमप्पाणमकुव्वं अप्पाणं पि य परं अकुव्वंतो।
सो णाणमओ जीवो कम्माणमकारगो होदि।।९३।।

૯૩ મૂળ ગાથા. નીચે એનું હરિગીત. આ હરિના ગાણા છે આ. અજ્ઞાન અને પાપને હણે એવો જે આત્મા હરિ ઈ આવો છે એમ કહે છે.

**પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,**
**એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.**

એની ટીકા. ૯૨માં નાસ્તિથી વાત હતી. અજ્ઞાનથી કર્મને ઉત્પન્ન કરે એ. અહીં જ્ઞાનથી કર્મને ઉત્પન્ન કરતું નથી એ વાત કરે છે. આહા..હા..! ભગવાનના ભંડોળમાં ક્યાં રાગ-દ્વેષ પડ્યા છે તે ઉત્પન્ન કરે? સમજાય છે કાંઈ? એના ભંડોળમાં તો ભગવાન રાગ અને દ્વેષરહિત ચૈતન્ય અને આનંદનો કંદ પ્રભુ છે. આ કેમ બેસે આવો ભગવાન? એ જ્યાં હોય ત્યાં ભીખ માગે. મને ક્યાંકથી સુખ આપો. સુખ આપો. મને કાંઈક સગવડતા આપો. આહા..હા..! સુખનો ભરેલો ભગવાન બહારમાં સુખને ઢંઢોળે. કહે છે કે એ અજ્ઞાનભાવથી જેને શુભભાવ પણ અજ્ઞાનભાવથી ઉત્પન્ન થાય છે એમ કહે છે અહીં તો. આહા..હા..!

વસ્તુ ભગવાન આત્મા, ભાઈ! તું તેને અપૂર્ણ અને તે વિકારી એને માન્યો છે. એ વસ્તુનું સ્વરૂપ એવું છે નહિ. એ અવિકારી અને પૂર્ણસ્વરૂપે છે પ્રભુ. એવું જ્યાં અંતરમાં સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું. એને કહે છે કે રાગની ઉત્પત્તિ દયા, દાન, વ્રત, ભક્તિના રાગની ઉત્પત્તિ થતી નથી એમ કહે છે. કહો, નવરંગભાઈ! મારે! આહા..હા..! કેમકે ભગવાન પોતે શુદ્ધ આનંદનો ધરનાર એકલા જ્ઞાનનું સત્ત્વ, સમજણનું સત્ત્વ, સમજણનું સોએ સો ટકા સમજણસ્વરૂપનો એ સાગર. એવું જે તત્ત્વ એક ક્ષણનો વિપરીતભાવ, વિભાવભાવ, અધર્મભાવ, દુઃખભાવ. એ આનંદભાવ એ દુઃખભાવને કેમ ઉત્પન્ન કરે? કહે છે. અથવા એ જ્ઞાનભાવવાળું તત્ત્વ જેના ભાનમાં આવ્યું એ જ્ઞાન પુણ્ય અને પાપનો જે અજ્ઞાનભાવ. અજ્ઞાન એટલે કે એમાં જ્ઞાન નથી. એને કેમ ઉત્પન્ન કરે? આહા..હા..! ગજબ વાતું છે આ. સમજાણું કાંઈ?

મીરાંબાઈનું નાટક એક ફેરી જોયું હતું ભરૂચમાં. ભરૂચ. ૬૨-૬૩ની સાલ હશે. સંવત્. પછી મીરાંબાઈના નાટકમાં એ વખતે તો વૈરાગ્ય ભજવતા હોં. આ તો અત્યારે બહુ ફેરફાર થઈ ગયો છે. પરણે છે જ્યારે ઓલા રાણાને. રાણા પાસે જાય છેને તો ભક્તાણી થઈને આમ જાય છે. .. વૈરાગ્યની મૂર્તિ દેખાય. એ વખતે દેખાવ તો એવો કરેને ભાઈ! ...વાળા

સમજ્યાને. રાણા કહે આ શું થયું તને આ બધું? રાણાને કહે છે, 'ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ. એ સાધુડાની સંગે હું તો ઘેલી થઈ.' હું ગાંડી થઈ ગઈ છું, હે રાણા! સાધુને સંગે મને કાંઈ પરનો હવે ઈશ્વરના પ્રેમ. ઈશ્વરને માનતાને એ પ્રકારે. ઈશ્વરના પ્રેમ આગળ હું તો ગાંડી થઈ ગઈ છું. સમજાય છે કાંઈ? તારે કલ્પવું હોય એટલું કલ્પે જા. એમ જ્ઞાની જ્યારે આત્માના ભાનમાં આવે છે. દુનિયાથી ગાંડો થઈ જાય છે. સમજાય છે કાંઈ? કે આ શું થયું તને આ? રાગ અને દયા, દાન, વ્રતના પરિણામને આત્મા ઉત્પન્ન ન કરે? ત્યારે જડ ભીંત ઉત્પન્ન કરતી હશે? અરે..! પ્રભુ! સાંભળતો ખરો એકવાર. એ તારા સ્વભાવની વાત તે સાંભળી નથી, નાથ! આહા..હા..!

કહે છે કે અમે તો દુનિયાથી ગાંડા થઈ ગયા હોં હવે. પરમાત્મપ્રકાશકમાં કહ્યું છેને ભાઈ! પાગલ દુનિયા ધર્માત્માને પાગલ માને અને ધર્માત્મા દુનિયાને પાગલ દેખે પાગલ. આહા..હા..! શું કરીને એ રાજી થાય છે અને શું કરીને એ ઝેર પીવે છે એની એને ખબર નથી. અહીં કહે છે કે જેને ભગવાન આત્મા આનંદનું ધામ જેના ક્ષેત્રમાં આનંદ જ પાકે. એ ક્ષેત્ર અને ભાવમાં આનંદ અને જ્ઞાન જ પાક થાય. એના ક્ષેત્રમાં ભગવાન! જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે એ ભાવ ઉત્પન્ન એના ક્ષેત્રમાં ન થાય. આહા..હા..! આ તે કાંઈ વાત! એ રૂપે પરિણમતો નથી. એઈ..! ષોડશકારણ ભાવના ભાયે. આહા..હા..! કહે છે કે જ્ઞાની આઠ વર્ષની બાળિકા હોય અને આત્મજ્ઞાન થાય તો એ જ્ઞાનમાંથી વ્યવહારના રાગપણે પરિણમવું એ અશક્ય થઈ ગયું છે જ્ઞાન. એને માટે અશક્ય થઈ ગયું છે. સમજાણું કાંઈ? આવી ધર્મદશા છે. એ કાંઈ બહારની વાતુંએ ધર્મ થાય એવો નથી. આહા..હા..!

'**ટીકા :- જ્ઞાનથી...**' એટલે કે આત્મા આનંદ અને જ્ઞાનનો ધોધ વહે છે અંદરમાં. એવું જે અંદરમાં ભાન થતાં એ '**જ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે...**' પર શબ્દે એ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના વિકલ્પો રાગ એ પર છે. આહા..હા..! લોકોને એની કિંમત નથી. મિથ્યાત્વની હલકાઈનું ફળ શું છે એની ખબર નથી? સમ્યગ્દર્શન અને જ્ઞાનમાં શું એનું ફળ છે અને એની શું કિંમત છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? કહે છે '**જ્ઞાનથી...**' ક્યું જ્ઞાન? આત્મજ્ઞાન. એ જ્ઞાનનું જ્ઞાન. ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એનું જ્ઞાન. એવું જે જ્ઞાન થતાં જ્ઞાન '**આ આત્મા પરનો...**' ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવ છે, પુણ્ય અને પાપનો ભાવ મેલો અને દુઃખ અને આકુળતા છે. એમ પોતાનો અને પરનો '**પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે...**' પરસ્પર વિશેષ. વિકારભાવ તે આત્મા નહિ અને આત્મા તે વિકારભાવ નહિ. નટુભાઈ! બહુ એવું કામ આકરું છે આ. આહા..હા..! ભાઈ! ધર્મ તે કાંઈ એંદીફંદીની વાત હશે? આહા..હા..! ધર્મી જીવને ધર્મ કેમ થાય? કે જ્ઞાન સ્વભાવી ભગવાનના જ્ઞાનથી એને આ આત્મા તે

જ્ઞાનસ્વભાવ અને આનંદ છે અને જે વિકલ્પ ઉઠે તે પર, વિકાર, દુઃખ અને અજ્ઞાન છે. આહા..હા..!

એ 'પરસ્પર...' પરસ્પર છેને? વિકારભાવ અને આત્મભાવ બેય પરસ્પર વિશેષ બેયને જાણતો થકો. બેનો તફાવત જાણે ધર્મી. આહા..હા..! ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હોય, પણ એ દુઃખરૂપ અને આકુળતાને પર છે એમ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યક્ ધર્મી જીવ, સમ્યક્દૃષ્ટિ જીવ જેને આત્મબોધ થયો, આત્મબોધ આત્માનો. એ ધર્મી પોતાને અને વિકારને પરસ્પર તફાવત જાણે છે. વિશેષ જાણતો હોય ત્યારે. એમ કહે છેને? એટલે કે જ્ઞાની રાગ અને પોતાને બેને ભિન્ન જાણે છે. ઓહો..હો..! કર્મ જડની તો વાત અહીંયાં છે નહિ. જડકર્મ તો તદ્દન અજીવ તરીકે જગતમાં અજીવના અસ્તિત્વ તરીકે છે. પણ આ પુણ્ય અને પાપના ભાવ એ ચૈતન્યની અપેક્ષાએ અચેતનના અસ્તિત્વ તરીકે છે. ભગવાનજીભાઈ! આહા..હા..! અરે! એના ઘરમાં આવું છે એની એને ખબર પણ ન મળે. આહા..હા..! ભીખ માગવાની ટેવ પડી ગઈને. કાંઈક મને આપો. સુખ મને સગવડતા આપો. શેની સગવડતા? ભગવાન! આનંદની સગવડતા એ માગતો હો તો એ તો તારી પાસે છે. બહારની સગવડતા માગતો હોય તો જડની સગવડતા એ તો દુઃખરૂપ નિમિત્ત છે. આહા..હા..! કોઈ એવો ચમત્કારીવાળો બતાવનાર આવે. જાવ તમને સુખી કરી દઈએ લ્યો.

મુમુક્ષુ :- એ પોતે સુખી નથી.

ઉત્તર :- સુખી નથી. એટલે એ પણ સુખી નથી દેનારો પણ. દુઃખી છે ત્યારે આવાને દુઃખી ભાળીને આપવા માગે છે. આહા..હા..! એ દુઃખી છે. ભગવાન આત્મા પોતાની ચીજને અને રાગાદિભાવને માંહોમાંહે બે જાત જ જુદી છે. બેયના ભાવ જુદાં, બેના ફળ જુદાં. એમ '**જાણતો હોય ત્યારે પરને પોતારૂપ નહિ કરતો...**' એ રાગભાવને પોતાપણે ન માનતો. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવને પણ પોતાપણે નહિ કરતો. આહા..હા..!

મુમુક્ષુ :- દુનિયા આખી એનું મહત્ત્વ ગાય છે.

ઉત્તર :- દુનિયા આખી હો. ષોડશકારણ ભાવના ભાયે. શ્રીચંદજી! પર્યુષણમાં બેસે બરાબર. પરમગુરુ હોય.

મુમુક્ષુ :- દશ વિશુદ્ધિ ભાવના ભાયે ષોડશ તીર્થંકરપદ પાયે.

ઉત્તર :- હા, એ રાગની ભાવના કરે? અહીંયાં તો પ્રભુ આત્મા, રાગપણે પરિણમવાને અશક્ય થઈ ગયો છે. એ રાગની ભાવના કેમ ભાવે? આહા..હા..! સમજાણું કાંઈ? રાગપણે થવું એને અયોગ્યપણે લાગે છે. મારી યોગ્યતા નથી હોં રાગપણે થવાની. આહા..હા..! સમજાય છે કાંઈ?

એ '**પરને પોતારૂપ નહિ કરતો...**' એ રાગને પોતાપણે ન જાણતો, '**નહિ કરતો,...**' હું રાગ છું એમ નહિ કરતો. આહા..હા..! એ તે કાંઈ વાત હશે? એ તે કાંઈ વસ્તુની સ્થિતિની અપૂર્વ પુરુષાર્થની જાગૃતિ છે? આહા..હા..! એ '**પરને...**' પર શબ્દે રાગ હોં અહીંયાં. કર્મ અને બાયડી, છોકરા, કુટુંબ ને દેશ તો ક્યાંય, પરમાં ક્યાંય ઝાટકી દીધા. એ તો પર... પર... પરમાં રહીને પણ તારામાં જે પરિણમન થાય રાગનું એ પણ પર છે. આહા..હા..! અરે! સ્વભાવનો સાગર એ તે વિભાવરૂપે કેમ થાય? એમ કહે છે. અતીન્દ્રિય આનંદનો દરિયો એ રાગના વિકલ્પપણે કેમ થાય? આહા..! એ અમૃતનો સાગર એ ઝેરપણે કેમ પરિણમે? એમ કહે છે. આજ અપવાસ કરું એવો વિકલ્પ તે રાગ એમ કહે.

એ '**પરને પોતારૂપ નહિ કરતો...**' આ તે શબ્દ છે? આ તે વાચ્ય શું આમાં? આહા..હા..! હું એક આનંદ અને જ્ઞાનનો સ્વભાવવાળો પદાર્થ. અને આ રાગભાવ વિકાર દુઃખ અને આકુળતા. બેની જાત જ જુદી છે. બેની ઉત્પત્તિના સ્થાન જ જુદાં છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એમ '**પરને પોતારૂપ નહિ કરતો અને પોતાને પર નહિ કરતો,...**' રાગને પોતાપણે નહિ કરતો અને પોતે રાગરૂપે નહિ થતો. આહા..હા..! હવે આ ઝઘડા મોટા વ્યવહારના હોં! વ્યવહાર કરો પછી નિશ્ચય થાય. અહીં કહે છે કે સ્વભાવ આત્મા વ્યવહાર થવાને માટે લાયક જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**પોતે જ્ઞાનમય થયો થકો,...**' જુઓ, ઓલામાં અજ્ઞાનમય થયો થકો હતું. પોતે જ્ઞાનમય. જ્ઞાન ચૈતન્ય સમજણનો પિંડ પ્રભુ એ જાણકસ્વભાવમય થયો થકો. '**કર્મોનો અકર્તા પ્રતિભાસે છે.**' ધર્મીને એ પુણ્ય અને પાપના રાગનો કર્તા પ્રતિભાસતો નથી એટલે અકર્તા પ્રતિભાસે છે. આહા..હા..! અરે..! કહો, રસીકભાઈ! આવો ધર્મ ક્યાંથી કાઢ્યો? માણસ એમ કેટલાક કહે. આ સોનગઢનું પુસ્તક છે?

મુમુક્ષુ :- છપાણું છે.

ઉત્તર :- છપાણું તો આ બીજું છપાણું એમાં પણ એ છે. શ્રીમદ્ તરફથી છપાણા છેને? એમાં પણ આ છે. અને એમાંથી આ તો ગુજરાતી કર્યું છે પાછું. ગાથામાં અર્થ ભર્યા હોય સ્પષ્ટ માટે એ વળી અહીં મૂકો. પણ આ તો એમાં છે એ શબ્દો ગુજરાતી એમ આ હિન્દી છે. હિન્દીમાંથી આ ગુજરાતી કર્યું. છેને અહીં હિન્દી? પુસ્તક છે. આ? આ હશે આ. આ બધા એક પુંઠાવાળા તે આ. આ હિન્દીમાંથી ગુજરાતી કર્યું છે આ ભાઈએ પંડિતજીએ લ્યો! આ શ્રીમદ્‌માં છપાણા છેને આ? એક હજાર. પૈસા ૭૭ કે એમ હશે. ૫૦૦ ખપ્યા હતા ૯૦ દિ'માં. આપણે ચોમાસું હતુંને ત્યારે. સદણમાં. ૯૦. પંદર વર્ષમાં ૫૦૦ ખપ્યા હતા આ પુસ્તક. સાડા ત્રણ રૂપિયે આપતા. અત્યારે ૧૫ રૂપિયે વેચ્યે ન મળે. ત્યાં શરૂ કર્યું વાંચવાનું ... પુસ્તક. પાંચસો પડ્યા હતા એ ખપી ગયા. ૯૦ની સાલમાં શરૂ કર્યુંને? પાંચસો પડ્યા હતા. પછી છેવટે ૮૦-૮૨ બાકી રહ્યા હતા. તે આ ૯૪માં જ્યારે

આનું મુહૂર્ત થયુંને આનું? સ્વાધ્યાય મંદિરનું મુહૂર્ત થયું. શું કહેવાય એને? ખાતમુહૂર્ત. ત્યારે ૮૦ મંગાવી લીધા સાડા ત્રણ રૂપિયે. સાડા ત્રણે આપતા હતા. અત્યારે તો ૧૫માં મળે. સાડા ત્રણે. એ પછી તમે પોણો બે કર્યા. એ તો પછી બધા પોણા બે આના ખાતમુહૂર્તમાં. સમજ્યાને? સાડા ત્રણ મળતું એ પોણા બે રૂપિયે પુસ્તક આ. અત્યારે વીસે પણ મળે નહિ આવું. અને તે પોણા બે પાછા મૂળજીભાઈ જેવા એ બધાય પોણા બેએ લઈ ગયા પાછા. એય..! રતિભાઈ! એલા પણ તમે દસ-દસ, વીસ લાખના આસામી. તે દિ' કહ્યું હતું હોં પછી. પોણા બેએ તમે શેઠિયા લ્યો. એ હોય? પાલવે આવું? બધા લઈ ગયા મારા પોણા બેએ. ત્યાંથી ૮૦ આવ્યા હતા. ખાતમુહૂર્તમાં ૮૦ મગાવ્યા હતા સાડા ત્રણે. બે મફત આપ્યા હતા. બે ભેટ આપી હતી. આ ૯૪માં માગશર સુદ દશમે આ કર્યુંને મુહૂર્ત જ્યારે આનું? ત્યારની વાત છે. ૩૪ વર્ષ થયા. આહા..હા..!

એ તો છપાયેલું પહેલેથી છે. અને એ શ્રીમદ્દે કાંઈ કર્યું નથી. એ તો પહેલેથી છે. ઓલું નહિ પહેલું સમયપ્રાભૃત. એમાંથી આ છે. ..ભટ્ટારક. એ પહેલેથી છે. એમાંથી આ કર્યું અને એમાંથી આ કર્યું. આહા..હા..! કહે છે એ ભગવાન આત્મા આહા..હા..! એણે જ્યારે જ્ઞાનનો ભેખ લીધો કે હું તો જ્ઞાન છું હોં. આહા..હા..! એય..! એટલે એ જ્ઞાન અને રાગનું એકપણું હવે થાય નહિ કોઈ દિ'. આહા..હા..! ...ભાઈ! ઓલા કીધું હતુંને રાવણનું નહિ? રાવણ કહે લઈ આવ્યો હું સીતા પણ સીતા પ્રસન્ન થતી નથી. શું કરવું? ઓલી બાઈ પતિવ્રતા, પતિ સિવાય વિકલ્પ જેને ન આવે. એવા અને ધર્માત્મા. લાવ્યો અહીં તે શું? એની વહુ રાવણની વહુએ કહ્યું કે આ નાગણ લાવ્યો તું. કોણ છે એ? અહીં જો ફરી તો બાળીને ભસ્મ કરશે. એવી એ પોતે સીતા છે. અરેરે..! ઘણા હું ઉપાય કરું પણ એ પ્રસન્ન થતી નથી. એક જણાને કહ્યું કે આ કેમ પ્રસન્ન થાય? તું રામનું રૂપ લે. રામનું રૂપ લે તો પ્રસન્ન થાય. બાપુ! રામના રૂપ લઉં ત્યાં મને માતા ભાસે છે. મારે કરવું શું આમાં? આહા..હા..! એમ આત્માને જ્યાં જ્ઞાનનું રૂપ આવ્યું ત્યાં રાગને ઝેર ભાસીને પર ભાસે છે. એ મારા છે નહિ. મારા છે નહિ. આહા..હા..! નાનાલાલભાઈ! આ નાની વાત નથી હોં! આહા..હા..!

જ્યાં મારો ભેખ પહેરું છું, જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ. ત્યાં જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ મને મારાથી પર, ઝેર અને આકુળતા દેખાય છે કહે છે. આહા..હા..! મારા આતમરામમાં એ હોય નહિ. સમજાય છે કાંઈ? એ '**જ્ઞાનમય થયો થકો...**' પુણ્ય અને પાપના પરિણામનું મારું સ્વરૂપ છે તેમ એને ભાસતું નથી. તેનો અકર્તા ભાસે છે. સમ્યગ્દર્શનમાં રાગનો અકર્તા ભાસે છે. આહા..હા..! તો પછી આ બધા વેપાર અને ધંધા ને કરતા ભાસે એને? આહા..હા..! '**તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે :—જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ...**' વળી પાછું કોઈને એમ લાગે એ ટાઢું-ઉનું અહીં જ્ઞાન કરાવવામાં તો તાકાત છેને

એની? કઈ અપેક્ષાએ કહે છે મારા સાંભળતો ખરો. જેમ ટાઢું-ઉનું, બરફ અને અગ્નિ એ જ્ઞાન અહીં થાય પોતામાં એમાં એ નિમિત્ત છે. ટાઢું-ઉનું એ આત્મા ન થાય ટાઢા-ઉનાપણે. ઠંડી, ગરમ અવસ્થા, સુંવાળી, કર્કશ એ બધી જડ અવસ્થા. એ જડ અવસ્થાનું જ્ઞાન થાય આત્મામાં અને એ જ્ઞાન કરાવવામાં એ નિમિત્તરૂપ છે એમ પણ કહેવાય. એ ટાઢા-ઉનાનું જ્ઞાન. અનુભવ એટલે જ્ઞાન '**કરાવવામાં સમર્થ...**' આમાં પણ ગોટોવાળે ભાઈ કહેશે. જુઓ, આમાં નિમિત્તથી. નિમિત્તનું જ્ઞાન કરાવવામાં સમર્થ છે. લ્યો! એય..! ચંદુભાઈ! વાંધા આવા તે.

છોકરા વાંધાવાળા હોયને તો ક્યાંકને ક્યાંક વાંધો કાઢ્યા જ કરે મારા. આહા..હા..! એનો બાપ જાણતો હોય કે આ છોકરો બેઠશે ઓલો. પછી તરબુચ મોટું લાવ્યા હોય તો સરખી ચીરું પાડીને લઈ લે પહેલો તું તારી રીતે. પછી પાછળથી કહે. એક લાંબી આમ લીધી હોય. ... બધાને આપી દે. પણ આ લાંબી છે પણ નીચે પહોળી નથી. પણ... વાંધો જ કાઢવો છે તારે. મારે હેઠલો ભાગ તો કાંઈ રહ્યો નહિ, પણ મોટી લાંબી ચીર ખાઈ ગયો હવે શું હેઠો રહે? આ તો ઘણા જોયા છેને. છોકરાઓ મારા આવા. પછી ઓલું કરે. પહેલું પસંદ કરી લે. લ્યો આ દસ ચીર છે. ત્રણ છોડી અને પાંચ તમારા છોકરાનું અને બે અમારી. એવું હોય છે. ઓલો પાસ કરે અને પછી મારો ઉપરનું ખાઈ જાય. બાપુ આ નાની છે નીચે. ઓલાને નીચે પહોળી છે મોટી, પણ એને લાંબી નહોતી આમ. તારે લાંબી હતી. મારા તને પાસ કરવા માટે તો આપ્યું હતું. એમ અજ્ઞાનીઓ જ્યાં ત્યાં વાંધા કાઢે. જુઓ કહ્યું.

શું કીધું? '**શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ...**' ઈ કરાવે છે જ્ઞાન. એઈ..! લખ્યું છે? આવા અર્થ કરતા હશે વકીલ? આહા..હા..! શીત-ઉષ્ણનું જ્ઞાન કરાવવામાં. અહીં તો કહે છે કે શીત-ઉષ્ણપણે થવામાં, શીત-ઉષ્ણ તાકાતવાળી નથી કે જીવને શીત-ઉષ્ણ કરે, પણ એનામાં તાકાત એટલી કે આ જાણે એમાં નિમિત્ત થાય એવી તાકાત છે એમ કહે છે. કહો, ચંદુભાઈ! આમાં ને આમાં વાંધા કાઢે. તે '**શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ...**' એમ કહે છે. ત્યારે એમ થયુંને કે શીત-ઉષ્ણ હોય તો જ્ઞાન થાય. એમ નહિ. અહીં તો એ જ્ઞેય છે અને અહીં જ્ઞાન છે. બે ભિન્ન છે. એ જ્ઞેયનું જ્ઞાન અહીં થાય. પણ એ જ્ઞેય અહીં પરિણમી જાય આત્મામાં ઠંડા-ઉનાપણે એમ એ જ્ઞેયમાં તાકાત નથી. એ શીત-ઉષ્ણમાં તાકાત નથી. ફક્ત શીત-ઉષ્ણ(નું) આત્મા જ્ઞાન કરે, એમાં જ્ઞેયરૂપે જણાય એટલું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી...**' શીત-ઉષ્ણ, ઠંડી અને ગરમ એ '**પુદ્‌ગલપરિણામની અવસ્થા...**' ભાષા જુઓને. પુદ્‌ગલ પરિણમ્યો એની અવસ્થા છે. પરિણામની અવસ્થા. આહા..હા..! પુદ્‌ગલ પરિણામ અથવા પુદ્‌ગલની અવસ્થા. એક-એક

શબ્દ ન લીધો. પુદ્‌ગલપરિણામ. એ પુદ્‌ગલ પરિણમે એવી એની અવસ્થા છે. આહા..હા..! ટાઢું-ઉનું પુદ્‌ગલ પરિણમ્યું છે એની એ અવસ્થા છે. પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે. એ ટાઢી-ઉની અવસ્થા જડથી એક-મેક છે. એનાથી એ જુદી જરીએ નથી. **'આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...'** ટાઢી-ઉની અવસ્થા ભગવાન આત્માથી તદ્દન જુદી છે. આહા..હા..! આમ સુંવાળું શરીર લાગે અને ચામડી એવી હોય આ ગોરા હોય છેને. રૂપાળા દેખાય પણ એની ચામડી હોય ઘો જેવી. બરડ બહુ હોય. આ ભૂરા છેને બધા? રાજી થઈ જાયને ધોળા દેખીને. અમથુંય એનું ગોરઠ શરીર હોય. બહુ ઠંડો દેશ ખરોને. ચામડી જ એની બરઠ હોય. પણ ભાન વિનાને એવું લાગે આહા..હા..! કેવા રૂપાળા ગોરા જુઓને. હાથમાં લાકડી. એ એમ અહીં કહે છે એ જડની અવસ્થા જડની સાથે સંબંધ રાખે છે અને **'આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...'** એ ટાઢી-ઉની અવસ્થા ભગવાન આત્માથી તદ્દન જુદી છે. આહા..હા..!

**'અને તેના નિમિત્તે થતો...'** જોયું! આવ્યો હવે ખુલાસો પાછો એ. ઓલું જે કીધું હતુંને? તેના ઠંડા અને ઉનાના નિમિત્તે **'થતો તે પ્રકારનો અનુભવ...'** પછી અહીં ખુલાસો કરી નાખ્યો ત્યાં ઓલા એને સામર્થ્ય-સામર્થ્ય કીધું હતું. આહા..હા..! તે પ્રકારનું જ્ઞાન. તે પ્રકારનું જ્ઞાન-અનુભવ આત્માથી. તે પ્રકારનું જ્ઞાન. જેવું ઠંડુ છે, ગરમ છે એવું અહીં જ્ઞાન થાય પોતામાં પોતાથી. એ **'અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે...'** ઠંડા-ઉનાનું જ્ઞાન, જ્ઞાન આત્માથી અભિન્ન એક-મેક છે. **'પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે,...'** એ દૃષ્ટાંત થયો. **'તેવી રીતે તે પ્રકારનું જ્ઞાન કરાવવામાં સમર્થ...'** લ્યો! વ્યવહારનો રાગ-દ્વેષ જ્ઞાન કરાવવામાં સમર્થ. એય..! **'તે પ્રકારનો અનુભવ જ્ઞાન કરાવવામાં સમર્થ...'** એટલે જેવું રાગ-દ્વેષ હોય તેવું જ અહીં જ્ઞાન પોતાથી થાય. તેના જ્ઞાનમાં એ રાગ-દ્વેષ, સુખ-દુઃખ નિમિત્ત છે. એની જાતમાં નથી. આહા..હા..!

**'એવી રાગદ્વેષસુખદુઃખાદિરૂપ...'** પ્રસન્નતા, પ્રેમ, દ્વેષ, અણગમો એવો જે ક્ષોભ, રતિ, અરતિ એવા જે ભાવો તે **'પુદ્‌ગલપરિણામની અવસ્થા...'** એ તો પુદ્‌ગલપરિણામની અવસ્થા. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આત્મરામ રાગપણે કેમ થાય? કહે છે. આહા..હા..! **'રાગદ્વેષસુખદુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા...'** એટલે બધાને ઘણાને આ ભડાકા લાગે છેને કે આ શું કહ્યું? આ શું કહ્યું? પુદ્‌ગલ પરિણામ કેમ કહ્યા? મોટો પ્રશ્ન ઉઠ્યોને? તે દિ' ભાઈ વળી સોમચંદભાઈ એમ પૂછતા હતા કે આ તો નિશ્ચયથી જડના? કે નિશ્ચયથી જડના? ભાઈ પણ પૂછતા હતા એકવાર. મનોહરલાલજી વર્ણી ક્ષુલ્લક. જયપુર આવ્યા હતા. માણસ ટાઢા છે... પણ વસ્તુ જરી ફેર છે, પણ આ પુણ્ય-પાપના ભાવ એમ કે પુદ્‌ગલના પરિણામ ભારે આ તો! ભાઈ! એ પુદ્‌ગલ નામ આત્માની પર્યાય યથાર્થ નથી. એની હોય તો જુદી પડે નહિ. આહા..હા..! જુદા પડે એના એ છે. પુદ્‌ગલ જુદાં

એને જુદી પડી એના છે આત્માના નહિ. આહા..હા..!

અહીં તો હજી બાયડી, છોકરા, કુટુંબને, દેશને ગળે વળગ્યો છે. આ મારા અને અમે, ભાઈ! ભાયું-ભાયું કાંઈ ડાંગે માર્યા પાણી કાંઈ જુદા પડે? એમ વાતું કરે વળી. પાણીમાં લાકડી મારેને આમ પાણીમાં? પાણી પાછું ભળી જાય. કોણ ભળે? સાંભળને! એમ કહે ડાંગે માર્યા કાંઈ પાણી જુદાં પડે? એમ વાતું કરે બધા ભાયું ભેગા હોય. ભાઈઓ કાંઈ જુદા થાય? પણ ભાઈઓ જુદા જ છે વળી જુદા થાય શું? આહા..હા..! એક મરીને નરકમાં જાય અને એક મરીને મોક્ષમાં જાય. એક ભાણામાં જમનારા તમે. શાસ્ત્ર પાઠ છે. જુઓ શ્રેણિકરાજા. આહા..હા..! એની રાણીયું. એનો અભયકુમાર. એક ભાણે જમે આમ. શ્રેણિક જ્યાં નરકે અભયકુમાર મોક્ષ. રાણીયું ગઈ કેટલીક સ્વર્ગમાં. લ્યો! એક ઘરના માણસ એક ક્યાંક ગયો અને એક ક્યાંય ગયો, પણ જુદા હતા તો જુદે જુદે જાય. એમાં શું છે? એય..! જુદા હતાને ત્યાં કે દિ' એક હતા? આહા..હા..!

ભાઈ! અર્ધાંગના કહેવાય બાઈ. લ્યો અડધું અંગ કહેવાય. ઓલા રામચંદ્રજીને એમ થયું હતું. ઓલા લક્ષ્મણને વાગીને વિદ્યા. ત્યારે અમે જાતા ત્યાં પાલેજ. ૬૩-૬૪ની વાત છે હોં આ. સંવત્ ૬૩-૬૪. ઓલી વિદ્યા પડીને એને. સીતાજી રાવણ લઈ ગયો. લક્ષ્મણ અહીં વિદ્યા ઓલામાં ઘેરાઈ ગયો, મૂર્છિત થઈ ગયો. ... હતોને એવો એક પછી ... એવી વાત આવે છે 'ભાઈ મરે ભવ હારીએ ને બેની મરે દિશ જાય.' બેની મરે એટલે દિશાએ જવું અટક્યું. દિશાએ એટલે દિશે ન જાય? એને ઘરે જાવું અટકી ગયું. 'ભાઈ મરે ને ભવ હારીએ અને બહેન મરે દિશ જાય અને નાનપણામાં જેની માઉં મરે એને ચારેય દિશામાં વા વાય.' નાની ઉંમરમાં મરી ગયેલાને મારી માતાજી ૧૧ વર્ષની વાત. એટલે લોકોને એવું લાગતું હતું કે આહા..હા..! 'જાગને હોં જીવ રે બંદા બોલ દે એકવાર.' એકવાર બોલ તો ખરો કહે છે. 'નહિતર તો આવ્યા ત્યારે ત્રણ જણા, જાશું એકાએક' ત્રણ જણા આપણે વનવાસ નીકળ્યા છીએ સાથે. આ સીતા ગઈ અહીં, તું પડ્યો અહીં, હું ઘરે જઈશ તો મા શું પૂછશે મને? એ તો બધી કલ્પનાની વાતું છે. અહીં રામ સરખો ભગવાન એ વિકલ્પમાં જાય તો એ પોતે ક્યાં જુદો રહેશે? સમજાણું કાંઈ? જેણે જાણ્યો આત્માને એ રાગમાં કેમ જાય? અને રાગરૂપે કેમ થાય? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે એ '**રાગદ્વેષસુખદુઃખાદિરૂપ...**' રતિ-અરતિ '**પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...**' જે પ્રકારનો રાગ, જે પ્રકારનો દ્વેષ, જે પ્રકારનો રતિ, જે પ્રકારની અરતિ તે પ્રકારનું અહીં જ્ઞાન થાય. કે બીજું થાય? એ જ પ્રકારનું જ્ઞાન ભાષા જુઓને. આહા..હા..! એ નિમિત્તે થતો તે રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પના એના નિમિત્તે

એટલે નિમિત્ત તો રહી ગયું આમ ને આમ અને અહીં રહી ગયું ઉપાદાન પોતે. એના જ્ઞાનમાં આ નિમિત્ત થતાં તે પ્રકારનું જ્ઞાન થાય. જેવું એ વસ્તુ સામી છે એવું અહીં જ્ઞાન થાય. એ અભિન્ન હોવાને લીધે એ જ્ઞાન આત્માથી અભિન્ન છે. એ જ્ઞાન આત્માથી ભિન્ન નથી. રાગ-દ્વેષના પરિણામ આત્માથી ભિન્ન અને પુદ્‌ગલથી અભિન્ન. આહા..હા..! ભારે આકરું કામ જગતને. હજી તો અહીં રાગ કરીએ અને એનાથી પછી ધર્મ થાય. માટે વ્યવહાર પહેલો જોઈએ અને પછી નિશ્ચય થાય. આહા..હા..! અહીં તો કહે વ્યવહારરૂપે પરિણમતો નથીને. પરિણમે તે આત્મા નહિ લે. આહા..હા..! એય..! આવી વાતું વીતરાગના ઘરની એને સાંભળવા મળે નહિ, એને વિચારે કે દિ' અને અંદરમાં જાય ક્યારે એ? આહા..હા..!

કહે છે એ પ્રકારનું જ્ઞાન કરાવવામાં સમર્થ અને એ જ્ઞાન આત્માથી એક હોવાને લીધે **'પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે જ્યારે જ્ઞાનને લીધે આત્મા તે રાગદ્વેષસુખદુઃખાદિકનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે,...'** પહેલું હતુંને ત્યાંથી આવ્યું છે અહીં પાછું ફરીને. એ પહેલી સમ્મુચય વાત કરી હતી. એનો આ વિસ્તાર થયો છે. **'જ્યારે જ્ઞાનને લીધે આત્મા...'** જ્ઞાનને લીધે એટલે હું તો આત્મા જાણનાર પ્રજ્ઞા બ્રહ્મ, જ્ઞાતા-દૃષ્ટા તે મારી ચીજ. એમ જ્યારે જાણતો હોય ત્યારે **'જ્ઞાનને લીધે આત્મા તે રાગદ્વેષસુખદુઃખાદિકનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે, તેઓ એક નથી પણ ભિન્ન છે...'** આહા..હા..! જુઓ, આ ભેદજ્ઞાન. જયસુખભાઈ! આવું ભારે તત્ત્વ! આહા..હા..!

અહીં તો કહે છે કે જેણે સાંભળ્યું એને બેઠું એણે સાંભળ્યું કહેવાય. આહા..હા..! ભાઈ! તું તો ચૈતન્ય બ્રહ્મ છોને. આહા..હા..! એ રાગે કેમ રંગાય ભગવાન? આહા..હા..! એ આકાશને વાદળાનો રંગ કેમ ચોંટે? આહા..હા..! આકાશને વાદળા વિચિત્ર દેખાય એ આકાશને કેમ ચીતરી શકે? એમ ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, જ્ઞાનસ્વભાવી પ્રભુ. એવું જેને જ્ઞાન થયું એ રાગે કેમ રંગાય? એ વિચિત્ર રાગના ભાવોથી કેમ એ વાદળા જીવને રંગી શકે? આહા..હા..! હવે આ વાતની વહેંચણી કરવાનું જે જ્ઞાન જોઈએ એ નહિ અને આ કરો ને આ કરો આ જિંદગી ચાલી જાય છે. આહા..હા..! અને એમાં વળી આવા મળે કે અમે આમ કરી દઈશું આનું. કેવો ઓલો? પોંડુચેરી અરવિંદ ઘોષ સ્વર્ગને ઉપરથી ઉતારી દેશું. ઓશિયાળાના દિકરા જાણે. આહા..હા..! આપણે પછી સુખી થઈશું. ઉપરથી સ્વર્ગને ઉતારશું. આવા ને આવા ભ્રમણા વીતરાગ પંથને સમજ્યા વિના આવી ભ્રમણાઓ જ્યાં-ત્યાં ગરી જાય હોં. ઓહો..હો..! છેને એક ઓલો મોટો નહિ? મહેન્દ્રભાઈના બનેવી છેને એ તારાચંદ. બડજાત્યા. ત્રણ-ચાર કરોડ રૂપિયા છે. ઘણા લાખો આપે છે. એ આવ્યો હતો એકવાર ત્યાં. મહેન્દ્રભાઈના ઘરે હતા તો એના બાપ પણ આવ્યા હતા. તે આ તો જ્યાં સર્વજ્ઞની વાત કાઢી પહેલી.

એક સમયમાં જ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોકનું હોય એને જ્ઞાની અને એને સર્વજ્ઞ કહીએ. ઉઠી ગયો ફટ દઈને. હાય... હાય... આ મારા ગપ્પા મારે છે કહે. પહેલા અરવિંદમાં તો બસ આમ કરવું, આમ કરવું. મરી ગયો ત્યાં દાટ્યો છેને ત્યાં બધા માથુ નાખીને બેસે આમ. ઓટલા ઉપર. એવું છે. સાંભળ્યું હતું. ગયા છો કોઈ દિ' કે નહિ? ગયા હતા? હા.

મુમુક્ષુ :- ... ભગવાનના..

ઉત્તર :- હરિહરા દેવ દૃષ્ટા. હે નાથ! મેં હરિહરને પહેલા જોઈ લીધા કે હવે મારું મન ક્યાંય જાતું નથી. ના, ના એમ ઘણે ઠેકાણે છે. ભક્તાંબરમાં એમ આવે છે. માનતુંગ. પ્રભુ પહેલેથી હરિહરા કોણ છે? બધાને જોઈ લીધા હતા. હવે તારામાં આવ્યે એ હવે અમારું મન ક્યાંય જાતું નથી. તને ઓળખ્યો તું ત્રણ લોકનો નાથ વીતરાગ. જાણનાર-દેખનાર, કરનાર કાંઈ નહિ. આહા..હા..! એવા સ્વરૂપને પ્રભુ અમે આવ્યા, હવે અમે કોને માનીએ? જોઈ લીધા હતા બધા પાગલપણા. આહા..હા..! સમજાણું?

અહીં કહે છે કે સુખ-દુઃખનો અને આત્માના જ્ઞાનનો **'પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે,...'** એમ પાછું. ભાષા શું છે? આમ જાણતો હોય અંદર ત્યારે એમ. આહા..હા..! મગજમાં ધારી રાખ્યું હોય કે આ. એ નહિ કહે છે. એય..! બેને ભેદપણે જાણતો હોય ત્યારે. એમ ભાષા છેને? જ્યારે અંદર જાણતો આ જ્ઞાનસ્વભાવ ભગવાન અને આ રાગ ભિન્ન છે એમ જાણતો હોય તે કાળે. **'તેઓ એક નથી પણ ભિન્ન છે...'** એ રાગ-દ્વેષના ભાવ, સુખ-દુઃખની કલ્પનાના ભાવ અને ભગવાન આત્માનો જ્ઞાનભાવ બે એક નથી. ઓહો..હો..! ભાષા કેવી કરી જુઓને! પહેલેથી લીધું છેને? **'જ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે...'** પહેલી લીટીમાં છે એ. આહા..હા..! એ તો શબ્દાર્થ કર્યો, પછી આનો વિસ્તાર કર્યો. ચૈતન્ય સ્વભાવ હું જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ એમ જ્યારે રાગને અને પુણ્યને અને સ્વભાવને ભિન્ન જાણતો હોય ત્યારે. સમજાણું કાંઈ? આહા..હા..! **'તેઓ એક નથી પણ ભિન્ન છે એવા વિવેકને લીધે,...'** એવી જુદાઈને લીધે. સમજાય છે કાંઈ?

**'એવા વિવેકને લીધે શીત-ઉષ્ણની માફક (અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ),...'** ટાઢું-ઉનાપણે આત્માથી થવું એ અશક્ય છે. આત્મા ટાઢો-ઉનો થાય? એમ આત્મા વડે ટાઢા-ઉનાપણું થવું તે અશક્ય છે. દુર્લભ છે એમ નહિ. શક્ય જ નથી. આહા..હા..! સંભવ જ નથી. આહા..હા..! સંભવની વ્યાખ્યામાં વાંધા કાઢતા હતા. એ તો સંભવ કહ્યો છેને. નથી જ એમ ક્યાં કહ્યું? વળી એમ કહે. અમારે બહુ ચર્ચા ચાલતીને દામોદર શેઠ સાથે. આહા..! આમ સંભવ છે, અસંભવ લાગે છે એમ કહે. સંભવ છે એમ કીધું છે. .. અસંભવ છે એમ. પણ અસંભવમાં જોર છે. સંભવિત થવાને લાયક

નથી. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ટાઢા-ઉનાની માફક. આહા..હા..! મેળવ્યું કોની સાથે? જુઓ, ટાઢા-ઉનાની માફક કે ટાઢા-ઉના પણે. ટાઢું-ઉનું જીવપણે થવું અશક્ય અને જીવ ટાઢાપણે, ઉનાપણે થવું અશક્ય. આહા..હા..! તેમ **'જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે...'** આહા..હા..! જુઓ તો ખરા ઢંઢેરો. ત્રિલોકનાથ વીતરાગનો ઢંઢેરો આ. કહો, સમજાય છે કે નહિ આમાં? **'જેમના રૂપે...'** એટલે? રાગ-દ્વેષ, દયા-દાન, શુભ-અશુભભાવ અને સુખ-દુઃખની કલ્પનાના ભાવપણે **'આત્મા વડે પરિણમવું અશક્ય છે...'** આહા..હા..! આત્મા વડે જેમ ટાઢા-ઉનાપણે થવું અશક્ય છે, અસમર્થ છે, લાયકાત નથી. એમ પુણ્ય અને પાપ અને હરખ-શોકપણે થવું, જીવમાં લાયકાત નથી, અયોગ છે, અશક્ય છે. આહા..હા..! કહો, સુજાનમલજી! આહા..હા..!

મુમુક્ષુ :- જાણે ત્યારે... નહિ? તમે અમારા વજન બહુ નાખી દીધું.

ઉત્તર :- વસ્તુની સ્થિતિ એમ છેને? જુદું ભાસે ત્યારે. આહા..હા..!

**'જેમના રૂપે...'** આહા..હા..! આત્મા વડે. આત્માથી, આત્મા વડે થવું, એ વ્યવહારના રાગરૂપે થવું એ આત્મા વડે અશક્ય છે. આહા..હા..! આ વીતરાગી માર્ગ. આ વીતરાગી પંથ. કહે છે કે જે આત્મા જે ભાવે છે એ તો વીતરાગ સ્વભાવે છે. એવા વીતરાગ સ્વભાવનું રાગપણે થવું એ તો અશક્ય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? લ્યો આ બધા દીવાળીના ગાણા ગવાય છે આ. ગાથા એવી આવી છેને ૯૨, ૯૩. સવારમાં પણ એવું હતું. લ્હાણી વહેંચાતી હોય તો કેમ ભેગા થઈ જાય છે માણસ? આહા..હા..! કહો, કીર્તિભાઈ! સમજાય છે આ? આ બધું બાપે ભાગ ... તો કાંઈ કરી શકતો નથી એમ કહે છે. આહા..હા..! એ પણ ત્યાં કરે છેને બધું? નાગરભાઈ અહીં રહ્યા. કોણ કરે? આહા..હા..! ભારે ભાઈ! આવી વાતું! મારો પોતે ઉભો હોય, હાથ ચલાવે અને ત્યાં આગળ કાંઈ થાય અને કહે છે કાંઈ કરતો નથી. પણ તારી આંખમાં શું આવ્યું એ તને ખબર પડી? એ થાય છે શેમાં? તારામાં? થાય છે ત્યાં. હવે ત્યાં થાય એમાં તારાથી થયું એમ માન્યું ક્યાંથી તે? એ તો તારી ભ્રમની દૃષ્ટિએ તે જોયું. આહા..હા..!

અશક્ય શબ્દ વાપરીને તો ગજબ કામ કર્યા. વાસ્તવિક તત્ત્વને ચીરી નાખ્યા છે અંદર. આહા..હા..! 'એ વાત છે ઝીણીયું, લોઢા કાપે છીણીયું' કહે છેને. એવી વાત છે, ભગવાન! આહા..હા..! તારો પ્રભુ તને જ્યારે જાણવામાં આવ્યો એ વખતે તને રાગાદિમાં એકપણે ભાસે એવું કોઈ દિ' બને જ નહિ. આહા..હા..! રાગ મેં કર્યો, રાગ મારામાં થયો એમ એને ભાસે જ નહિ. આહા..હા..! એકકોર એમ કહે ૪૭ નય. કે રાગનું પરિણમવું એક નય છે એ જ્ઞાની જાણે છે કે આમાં થાય છે. આહા..હા..! અહીં કહે કે રાગપણે પરિણમવું અશક્ય છે. એય..! ૪૭ નયમાં આવે છે. કર્તૃત્વનય અને અકર્તૃત્વનય, ભોક્તૃત્વનય અને

અભોક્તૃત્વનય. ત્યાં તો એમ માને છે કે ગણધરો પણ પોતાના આત્માને જોતા રાગરૂપે જેટલી અવસ્થા થઈ તે કર્તૃત્વબુદ્ધિ કરવાલાયક છે એમ નહિ, પણ એટલું પરિણમન છે એટલું જ્ઞાન કરે છે. અહીં કર્તૃત્વબુદ્ધિની વાત છે. સમજાય છે કાંઈ? ત્યાં કર્તૃત્વ પરિણમન એ નય છે એક. અને એ યથાર્થપણે છે એમ કીધું. અહીં કહ્યું કે એ રાગપણે પરિણમવું પર્યાયપણે એ વસ્તુની દૃષ્ટિએ તો અશક્ય છે. ત્યાં તો જ્ઞાન કરાવવા દર્શનશુદ્ધિમાંથી થયેલું જ્ઞાન એ જાણે છે કે આ પર્યાયમાં જરી આ પરિણમન આટલું છે. બસ એટલું. અહીં તો કહે છે એ પણે પરિણમવું અશક્ય છે લ્યો! એય..! ત્યાં કહે પરિણમન છે એનું એમ જાણવું એને. આહા..હા..!

મુમુક્ષુ :- આત્મા વડે છેને ત્યાં?

ઉત્તર :- આત્મા વડે થવું અશક્ય છે. એ નબળાઈ પરમાં નાખી દીધી અહીં તો. પરિણમવું એ મારી ચીજ જ નથી. એવી દૃષ્ટિ અને એવું ભાન થયું ત્યારે તે વખતનું જ્ઞાન રાગરૂપ જરી થયું છે એમ જાણે છે બસ એટલું. આહા..હા..! વીતરાગનો માર્ગ તે અનેકાંત તે અમૃત છે આ રીતે. એમાં ફેરફાર ક્યાંય નથી. એ રાગનો અંશ પણ પર્યાયમાં થયો એમ જાણે છે કહે. બસ એટલું. કરવાલાયક છે અને માટે પરિણમવું એમ નથી.

તો કહે છે કે '**આત્મા વડે પરિણમવું અશક્ય છે એવાં રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે...**' એ રાગ એ અજ્ઞાન છે. એ '**વડે જરાય નહિ પરિણમતો થકો,...**' આહા..હા..! વ્યવહારના, રાગના, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ, શાસ્ત્રના ભણતરનો વિકલ્પ એપણે થવું અશક્ય છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ શામજીભાઈ ત્યાં કરાંચીમાં સમજાવતા ત્યાં આ બધું હતું ત્યાં? કરાંચીમાં ક્યાં હતા? કલકત્તા. કરાંચી. પછી કલકત્તા. આહા..હા..! એવી ગંધ ન મળે વીતરાગ શાસ્ત્ર સિવાય. એ દિગંબર શાસ્ત્રો એટલે ભગવાનના કહેલા સિદ્ધાંતો. એમાં એક અક્ષરમાત્ર ફેરફાર નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે એવો આત્મા જેને આત્મા છે એવું જ્ઞાન થયું. જ્ઞાન એટલે તેના સન્મુખનું ભાન થયું. એ ભાનવાળા વડે સુખદુઃખની પ્રસન્નતા વડે થવું અશક્ય છે. પણ એ વડે જરાય નહિ પરિણમતો. આહા..હા..! કિંચિત્ પણ રાગપણે નહિ થતો. અરે..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવે પણ ન થતો. આહા..હા..! અજ્ઞાનીઓને તો એવું લાગે કે આ શું છે પણ આ? આવો આત્મા? રાગ તો દસમા ગુણસ્થાન સુધી હોય. મુળચંદભાઈ! હોય તો ભલે હોય તો શું છે? આત્માથી એ નથી. જગતના દ્રવ્ય નથી છ? તો એ આત્માથી છે એ છ દ્રવ્ય? '**જરાય નહિ પરિણમતો...**' વ્યવહારપણે જરાય નહિ પરિણમતો. એ આવી ગયું બારમી ગાથામાં વ્યવહારનો જાણનાર છે. જાણેલો પ્રયોજનવાન છે. એરૂપે થતો નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ-૧૫, રવિવાર, તા. ૦૫-૧૧-૧૯૭૨**
**ગાથા-૯૩, પ્રવચન-૨૧૩**

ગાથા. કર્તાકર્મ અધિકાર. ધર્મી જીવનું કર્તવ્ય શું? અને અધર્મી જીવનું કર્તવ્ય શું? એ ચાલે છે. અધર્મી-અજ્ઞાનીનું કર્તવ્ય પોતાના ચૈતન્યસ્વભાવને ત્રિકાળીને ન જાણતા અજ્ઞાનપણે એટલે સ્વરૂપના બેભાનપણે વર્તમાન પુણ્ય અને પાપના ભાવનો કર્તા થઈ અને મિથ્યાત્વપણે પરિણમે છે. ધર્મીનું શું કર્તવ્ય? એ ચાલે છે. જુઓ, અહીં આવ્યા. '**જેમના રૂપે...**' સાડા ચાર લીટી પછી. દૃષ્ટાંત તો એમ રહ્યો કે જેમ શીત અને ઉષ્ણ, ઠંડી અને ગરમ અવસ્થાપણે જીવને થવું તે અશક્ય છે. સમજાય છે કાંઈ? શુભ અને અશુભ, દયા, દાન, ભક્તિ, વ્રત, તપ આદિના ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષય ...ના ભાવ એ શીત અને ઉષ્ણની પેઠે આત્મા તેના શીત અને ઉષ્ણપણે થવું તે અશક્ય છે. એમ ધર્મી જીવને એ શુભ-અશુભરાગપણે થવું તે અશક્ય છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**જેમના રૂપે...**' એટલે પુણ્ય અને પાપના રૂપે. મુખ્ય તો વધારે શુભભાવના રૂપે. ભગવાનની ભક્તિ, ગુરુની ભક્તિ, નામસ્મરણ વગેરેના રાગના પરિણામ જે છે એમનારૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે. એ આત્મા વડે.. કેમકે આત્મા જ્ઞાન અને આનંદનો સ્વભાવ એવી જેની દૃષ્ટિ થઈ છે એને અહીંયાં ધર્મી અથવા જ્ઞાની કહે છે. એને દ્રવ્યના સ્વભાવની દૃષ્ટિને લઈને વિકાર ઉપર જેની દૃષ્ટિ ઉઠી ગઈ છે. ચાહે તો વ્યવહાર, દયા, દાન, ભક્તિ, ભગવાનનો રાગ. દેવ, ગુરુ અને શાસ્ત્રનો પ્રેમ એ રાગ પણે એને ધર્મી જીવને (થવું અશક્ય છે). ધર્મી એવો જે આત્મા, જેમાં અનંત ધર્મો શુદ્ધ રહેલ છે. એ આવી ગયું ભાવાર્થમાં. એનો જે ધર્મ ત્રિકાળી આનંદ અને જ્ઞાન એનાપણે થવું તે ધર્મીને શક્ય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પણ એ વ્યવહારનો વિકલ્પ જે છે એપણે ચૈતન્યના સ્વભાવની દૃષ્ટિવંત ધર્મી એટલે આત્માનો જાણનાર એને એ રાગપણે થવું એ અશક્ય છે. ટાઢી-ઉની અવસ્થાપણે જેમ થવું જીવને અરૂપી હોવાથી તે રૂપીની અવસ્થાપણે થવું જેમ અશક્ય છે એમ સ્વભાવ શુદ્ધ ચૈતન્ય હોવાને લીધે ધર્મીને એ વ્યવહારના રાગપણે પરિણમવું એ અશક્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ભારે આકરી. હવે દુનિયા તો એમ કહે કે આપણે રાગ કરીએ. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ કરતાં-કરતાં સમ્યગ્દર્શન થાય. એટલે કે બહિર્ ઉપરની દૃષ્ટિ વડે અંતર દૃષ્ટિમાં જવાય. મોટો ઉગમણો-આથમણો ફેર છે. સમજાય છે કાંઈ?

કહે છે કે **'જેમના રૂપે...'** એટલે કે વિકારરૂપે, એટલે કે શુભરાગરૂપે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ અને દેવ-ગુરુ-શાસ્ત્રએ કહેલી વ્યવહારે આજ્ઞા, એવો જે વિકલ્પ અને રાગ. આહા..હા..! એ પણે, આત્માને એપણે થવું અશક્ય છે. સમજાય છે કાંઈ? અને એણે આત્મા છે એમ જાણ્યો ઈ આત્મા થયો. એ આત્મા જાણ્યો એ આત્મા થયો એ વીતરાગપણાની પર્યાયે થયો એ જીવનું કર્તવ્ય છે. ભારે આકરું કામ ભાઈ! કહો, સમજાણું આમાં? હજી તો વાતની ખબર પણ નહિ કે આ શું થાય અને કેમ થાતું હશે? ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરની વાણીમાં એમ આવ્યું અને એમ સ્વરૂપ છે એમ આવ્યું. કે તારો સ્વભાવ શુદ્ધ આનંદઘન ચૈતન્યજ્યોત છે. એવું સ્વભાવનું જેને ભાન થાય એને આત્મજ્ઞાની અને ધર્મી અને ધર્મનો કરનાર એને કહેવામાં આવે છે. શું એ ધર્મને કરે? કે વીતરાગી નિર્મળપર્યાયપણે કરે એ નિર્મળ પર્યાય તેનું કર્મ નામ કર્તવ્ય અને કર્તા એનો જીવ. એવો ભેદ પાડીને કથન કરે તો આ રીતે થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે **'જેમના રૂપે આત્મા વડે...'** આત્મા વડે. તો આત્મા સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન એ આત્મા છે. એ **'આત્મા વડે પરિણમવું તે અશક્ય છે...'** આહા..હા..! જુઓ એ આત્મ માર્ગ! અહીંયાં તો કહે છે કે વ્યવહારનો જેટલો રાગ થાય એપણે થવું એ અજ્ઞાનીનું કર્તવ્ય છે. એ મિથ્યાદૃષ્ટિનું એ કર્તવ્ય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ધર્મીને વસ્તુનો ત્રિકાળી સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન એવો જે ધર્મી આત્મા, એનું જેને ભાન થયું તે પર્યાયમાં ધર્મી થયો. એ પર્યાયમાં ધર્મી થયો એ વીતરાગભાવપણે થવું તેને માટે તો એનું પરિણમન બરાબર છે. પણ એને ઓલા શુભરાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ ને પ્રેમ ને એવા પણે થવું એ જ્ઞાનીને અશક્ય છે. ટાઢી-ઉની અવસ્થાપણે જો જીવ થાય તો એ રાગપણે ધર્મી જીવ થાય. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! એણે વીતરાગી તત્ત્વ શું છે અને સરાગવાળો એ વ્યવહાર જે છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ આદિનો રાગ. એ રાગવાળો માનવો એ જ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? એ જ મોટી અધર્મદૃષ્ટિ છે કે હું શુભરાગવાળો છુંને? શુભરાગ મારું કર્તવ્ય છેને? શુભરાગ તો મારે કરવો જોઈએને. નીચે રહું છું અને રાગ તો દસમા ગુણસ્થાન સુધી રહે છે. એટલે મારે નીચે તો રાગ કરવો જ જોઈએ. એમ જે રાગને કર્તૃત્વ તરીકે સ્વીકારીને રાગવાળો આત્મા સ્વીકારે એ જૈન નથી. એ મિથ્યાદૃષ્ટિ છે. કહો, મગનભાઈ! આવું આકરું ભારે માણસને. વાડાવાળાને તો સાંભળતા એવું લાગે, ઝંકારા વાગે અંદરથી. અરર..! ત્યારે હવે અમારે કરવું શું? એય..! ભીખાભાઈ! શું કરવું આમાં?

મુમુક્ષુ :- ... પોતાના સ્વરૂપનું જોવું.

ઉત્તર :- એમ.

કહે છે કે **'જેમના રૂપે આત્મા વડે...'** જેમના રૂપે આત્મા વડે. બે શબ્દોમાં કેટલું

આવ્યું લ્યો! '**જેમના રૂપે...**' એટલે વ્યવહારના રાગરૂપે અને પ્રસન્નતાના સુખરૂપે. દ્વેષરૂપે અને દુઃખરૂપે. એવી દશાપણે '**આત્મા વડે પરિણમવું અશક્ય છે...**' આહા..હા..! પ્રેમચંદભાઈ! આવી વાત છે. ઓલા તો કહે અમારી ભક્તિ કરો, ભગવાનની ભક્તિ કરો, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરો. ભક્તિ કરતાં-કરતાં જ્ઞાન થશે. અહીં તો ના પાડે છે કહે. કે રાગ કરતાં-કરતાં જ્ઞાન થશે એ દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? એ રાગ અને દ્વેષ, સુખ અને દુઃખ. કલ્પનાનું હોં સુખ-દુઃખ. સંયોગી ચીજની વાત નથી અહીંયાં. પ્રસન્નતા, રાજીપો અંદર થવો. કોઈપણ ચીજની અનુકૂળતા દેખીને રાજીપો થાય અને પ્રતિકૂળતા દેખીને અણગમો થાય. કહે છે કે એવા રાજીપા અને અણગમાપણે અને અનુકૂળતામાં રાગના કર્તાપણે પરિણમવું એ તો જીવને માટે અશક્ય છે. જીવને માટે અશક્ય છે એટલે કે જીવને જાણનારને માટે અશક્ય છે. સમજાણું કાંઈ?

આત્મા વડે અશક્ય છે એટલે. આત્મા જેવો છે એવો જાણનારને માટે તે અશક્ય છે. આહા..હા..! એ વીતરાગ એમ કહે હોં. ઓલા તો કહે અમારી ભક્તિ કરો, અમારા સાધુને આહાર આપો. તમારું કલ્યાણ થઈ જશે, પરિત્ સંસાર ઘટી જશે. ભગવાન કહે છે કે એમાં રાગ થાય છે. એ રાગ વડે પરિણમવું જીવને એ તો જીવના સ્વભાવના ન જાણનારને માટે છે. વસ્તુને ન જાણનારને માટે, અજ્ઞાનીને માટે છે. આવો વીતરાગમાર્ગ છે. બધા શેઠીયા થઈને બીજું બધું સાંભળ્યું હોય લ્યો! આહા..હા..! ગાથા તે ગજબ આવી છેને. સવારમાં પણ એવી છે અને અત્યારે પણ એવી છે. આ તો દીવાળીનો દિ' છેને.

તો કહે છે કે એ અજ્ઞાન આત્મા વડે જરાય નહિ પરિણમતો થકો. આહા..હા..! આત્મા વડે પરિણમવું અશક્ય છે. ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘન, આનંદકંદ એવો આત્મા અને એ આત્મા વડે અશક્ય છે એટલે કે એવા આત્મામાં જાણનારને માટે અશક્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો બહારના ઝઘડા હજુ તોફાન... તોફાન... તોફાન... વીતરાગ માર્ગ છે ભાઈ! આ તો ઈન્દ્રોએ કબુલ્યો છે, ગણધરોએ અનુભવ્યો છે. ભગવાનના શ્રીમુખે આ વાત આવી છે. આહા..હા..! વીતરાગ માર્ગને પહોંચવું અલૌકિક પુરુષાર્થ છે. એમ પણ કહે છે કે ધર્મીને રાગપણે પરિણમવું અશક્ય છે એટલે કે એને રાગની મંદતા થાય તો તેથી સ્વભાવપણે પરિણમે અશક્ય છે. સમજાણું કાંઈ? પોતાનો પંથ વાળવા અને વાડો વાળવા એમ કહે. સમજાણું? આમ કરો. અમારી ભક્તિ કરો, આહાર-પાણી અમને દ્યો અથવા અમારા સાધુને દ્યો. આ તો વીતરાગ માર્ગ તો કહે છે અમારા સાધુને દેવાનો ભાવ પણ રાગ છે હોં! ધર્મ નહિ. આહા..હા..! અને એ રાગપણે પરિણમવું એ ધર્મીનું કર્તવ્ય નહિ. આહા..હા..! ધીરૂભાઈ! ગજબની વાત? આહા..હા..! એણે વર્ષીતપ કર્યો હતોને એક ફેરી. વળી ગયા તો ઠેકાણે આવી ગયા. એ તો એમ બધા જ્યાં સુધી ન ખબર હોય. અમે પણ ત્યાં એકાંતરા

અપવાસ કરતા. પર્યુષણમાં ભાઈ એકાંતરા. બાર મહિને તો કોણ નવરા હતા? આઠ દિ' હોયને આઠ દિ'? ચાર અપવાસ ચોવિહારા કરીએ હોં દુકાન ઉપર. ૬૩-૬૪-૬૫ની સાલ સુધી. પહેલો એક અપવાસ પછી પારણું, બીજો અપવાસ પારણું, વચ્ચે બે દિ' ખાવું .. રહે એટલે આઠ દિ'. પછી પાછો એક અપવાસ. બે દિ' એક સાથે ખાવાનું હોય. નવ દિ' ... પછી રાતે નવરા થઈએ. શું કહેવાય તમારે? ગાવાનું. રેકોર્ડિંગ. રેકોર્ડિંગ ગાય અને ગાયન ગાઈએ થોડું. આ તો નાની ઉંમરની વાતું છે ૧૮-૧૯ વર્ષની. ૧૮-૧૯ વર્ષની ઉંમરે. આપણે ધર્મ કર્યો એમ માનીએ. અમે વેપારમાંથી નવરા થઈને કરીએ છીએ ... આહા..હા..! ક્યાં પ્રભુ તું હતો? ક્યાં છે તું? તું એ રાગમાં છે?

એ વિકલ્પ છે એ રાગ છે. શું રાગમાં આત્મા છે? એ તો આસ્રવ છે. આસ્રવમાં આત્મા છે? તો આસ્રવથી રહિત ભગવાન છે. એવા ભગવાન આત્માનું જ્યાં અંતરજ્ઞાન થયું ત્યારે એ આત્મા વડે કરીને વિકારપણે પરિણમવું તે અસમર્થ છે. આત્મામાં તાકાત નથી. રાગની તાકાત નથી કે આત્મારૂપે થાય અને આત્માની તાકાત નથી કે આત્મા રાગરૂપે થાય. એમ કહે છે. સમજાણું કાંઈ? એ અજ્ઞાન આત્મા વડે એમ લીધું છેને? અજ્ઞાન આત્મા એટલે? એ રાગપણે થવું એ અજ્ઞાન આત્મા છે. આહા..હા..! '**અજ્ઞાનાત્મા વડે જરાય નહિ પરિણમતો થકો,...**' આહા..હા..! ઓલા વ્યવહારવાળાને તો એવા ઘા પડે. ભક્તિવાળાને પણ ઘા પડે. ભગવાનની અને ગુરુની ભક્તિથી હળવે-હળવે થાશે. એય..! ભીખાભાઈ! ઘા પડે એવું છે. એ વસ્તુમાં છે નહિ એમ ઉડી જાય છે. રાગ, વિકલ્પ ભલે ચાહે તો તીર્થંકરગોત્ર બાંધવાનો રાગ શું આત્મામાં છે? તો આત્મા જેણે જાણ્યો એ રાગરૂપે પરિણમે? એમ કહે છે. આહા..હા..! જેનાથી તીર્થંકરગોત્ર બાંધે એ ભાવપણે પરિણમવું અશક્ય છે. આહા..હા..! થાય તેને એ જાણે ભિન્ન રહીને. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન તો ત્રિકાળી ચૈતન્યઘન છે. એ તો આનંદનું ધામ ધ્રુવ ધામ છે. ધ્રુવ ધામના ધ્યેયે રાગપણે થવું. ક્યાંથી એનું ધ્યેય ક્યાં છે? એનું ધ્યેય તો ભગવાન પૂર્ણાનંદ ઉપર છે. એવો આત્મા અને એવો આત્માનો જાણનાર-ધર્મી. બેય '**અજ્ઞાનાત્મા વડે જરાય નહિ પરિણમતો થકો,..**' ભાષા જુઓ, એ વ્યવહારના રાગપણે જરાય નહિ થયો થકો. ગજબ વાત છેને. હવે આ રાડુંમાંથી એ .. વ્યવહાર પહેલો હોય, પછી નિશ્ચય થાય. કરતાં-કરતાં થાય. કાંઈક શુભરાગમાં આવ્યા વિના એકદમ શુદ્ધ થવાય? લ્યો! આ અજ્ઞાનીનો પોકાર. અહીં તો કહે છે અજ્ઞાનપણે જ્યારે હતો ત્યારે તો એ રાગની પર્યાયબુદ્ધિથી પરિણમવું એ તો એની મિથ્યાશ્રદ્ધામાં હતું. પણ જ્યાં આત્મા આત્મારૂપે જ્યાં થઈને જોયો અને જાણ્યો, એ આત્મા વડે રાગપણે થવું, અજ્ઞાન આત્મા વડે જરાય થવું. આહા..હા..! એનો અર્થ જ એ થઈ ગયો. ૧૨મી ગાથા .. વ્યવહારને જાણેલો પ્રયોજનવાન. જણાયેલો પ્રયોજનવાન

છે ... રાગાદિને જાણ્યો. એ જાણવાની પર્યાયપણે પરિણમે, પણ રાગની પર્યાયપણે પરિણમે એ અશક્ય છે. એ તો ચારેબાજુથી જુઓ, ઓહો..હો..! દિગંબર સંતોના કથનો, કેવળીની વાણી રામબાણ જેવી છે. રામના બાણ ફરે નહિ. જે બાણ નાખ્યું ત્યાં ઓલો ખલાસ. એમ અહીંયાં કહે છે.

ભાઈ! તું એટલે કોણ? આત્મા એટલે કોણ? આત્મા રાગવાળો છે? એટલે કે આત્મા પવિત્ર એ આસ્રવવાળો, મેલવાળો છે? નિર્મળાનંદ ભગવાન એ રાગ છે, ચાહે તો ભક્તિ આદિનો શુભરાગ હોય એ પણ મેલ છે. શું આત્મા મેલવાળો છે? મેલ જુદી ચીજ છે, આત્મા જુદી ચીજ છે. આહા..હા..! કેમકે આસ્રવતત્ત્વ ભિન્ન છે અને ભગવાન આત્મા ભિન્ન છે. તત્ત્વ ભિન્ન નહિતર નવ તત્ત્વ સિદ્ધ નહિ થાય. કહો, બરાબર છે? ભગવાનજીભાઈ! આહા..હા..! આફ્રિકાવાળાને તો આ ... ભક્તિ કરતા હોય બધા. એ આ રાગપણે પરિણમવું એ ધર્મ નહિ. આ નાસ્તિક શું છે આ? સંસારના નાસ્તિક આ શું કહે છે કહે. આહા..હા..! એકવાર સાંભળતો ખરો પ્રભુ તારા નાટકને.

કહે છે, ભાષા તો જુઓ, કે '**અજ્ઞાનાત્મા વડે જરાય નહિ પરિણમતો થકો,...**' એટલે કે ધર્મી, સમ્યગ્દૃષ્ટિ જીવ, એટલે કે આત્મા છે એ આત્મા વડે છે એવું ભાન થયું ત્યારે આત્મા થયોને એ? એવા આત્મા વડે અજ્ઞાન આત્મા રાગ છે તે અજ્ઞાન છે એ તો. એમાં જ્ઞાનનો અંશ ક્યાં છે રાગમાં? સમજાણું કાંઈ? જરા. આહા..હા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન રાગરૂપે જરાય પણ થાય એવી વસ્તુ જ નથી કહે છે. એને ઠેકાણે દુનિયાનું કરી દઉંને. દુનિયાના દુઃખ મૂકાવી દઉં. ભારે અભિમાન અજ્ઞાન. આહા..હા..!

'**જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો,...**' વસ્તુ જે જ્ઞાનસ્વરૂપ ભગવાન ત્રિકાળ એનું જ્ઞાનત્વ, જાણવાપણાની પર્યાય પ્રગટ કરતો. જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો. જ્ઞાન એવો જે ભગવાન આત્મા એનું આત્મપણું એટલે જ્ઞાનપણું એટલે જ્ઞાનની પર્યાય, શ્રદ્ધાની પર્યાય, શાંતિની પર્યાય, આનંદની પર્યાય એ જ્ઞાનનું જ્ઞાનત્વ છે. સમજાય છે કાંઈ? એ આત્માનું આત્મપણું પર્યાયનું એ પર્યાય જ એ છે. આહા..હા..! '**જ્ઞાનનું જ્ઞાનત્વ...**' જાણવું, દેખવું, ઠરવું, શાંતિ એ બધું જ્ઞાન વસ્તુ એનું જ્ઞાનત્વ એને '**પ્રગટ કરતો,...**' લ્યો! આ એનું કર્તવ્ય. આહા..હા..! ધર્મીનું આ કર્મ, કર્મ એટલે કાર્ય. સમજાણું કાંઈ? આ દીવાળીના દિ'એ ઓલા ગાય. બધા નહિ ઘરડા હોયને ઘરડા એવું કાંઈક ગાયન આવે છે એક ફેરી જોયું હતું. બોટાદમાં એક આવે તો ગાય પછી. આમ રાજા હતા અને પછી .. વિવાહ કર્યા, પછી આમ થયું. અને ચૌદશ અને અપવાસ કર્યા છઠના. ભગવાન મોક્ષ પધાર્યા. એમાં દીવાળી એવું કાંઈક છે. સજ્ઝાયમાળામાં છે.

મુમુક્ષુ :- આજ દિન દીવાળી.

ઉત્તર :- હા એવું કાંઈક છે. આહા..હા..! દી-વાળી તો તારો.. એ કાલે આવ્યું હતું. તમને બોલાવ્યા હતા તમે નહોતા. ભાઈ આ ૧૧મો ભાગ છેને જયધવલ. એમાં કાળનો અધિકાર લીધો છે. ભાવકાળનું મૂળ આગમ ભાવકાળ કોણ? આગમ ભાવકાળ તો કાળનું જ્ઞાન વર્તે એ આગમભાવકાળ. પણ નોઆગમભાવકાળ કોણ? કે પાંચ ભાવ. .. તમે નહોતા. એમાં ન્યાય આપે છે કે નોઆગમભાવકાળ કોણ? પાંચ ભાવ. પારિણામિકભાવ ત્રિકાળી કાળભાવ અને આ વર્તમાનપર્યાયરૂપ ભલે રાગાદિ પણ એ એનો કાળ છે.

મુમુક્ષુ :- ઓલો ત્રિકાળકાળ છે.

ઉત્તર :- ઓલો ત્રિકાળકાળ છે. આહા..હા..! નોઆગમ ભાવકાળ. આગમભાવકાળ તો ફક્ત કાળનું જ્ઞાન બસ એટલું. સમજાણું કાંઈ? એ ... અને નોઆગમ એટલે જ્ઞાન એકલું નહિ. સમજાણું કાંઈ? પણ જ્ઞાન ત્રિકાળી વસ્તુ અને એની વર્તમાન અવસ્થા. એને અહીંયાં નોઆગમકાળ ભાવકાળ કહેવામાં આવે છે. કેવી રીતે સમાડ્યું છે જુઓને! ઓલા આવે છેને. આ કળશમાં ચાર બોલ નથી આવતા? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. એના બબ્બે ભેદ. સ્વદ્રવ્ય-પરદ્રવ્ય, સ્વક્ષેત્ર-પરક્ષેત્ર, સ્વકાળ-પરકાળ, સ્વભાવ-પરભાવ. ત્યાં સ્વકાળમાં આ લીધું છે. સ્વકાળ એટલે ત્રિકાળી વસ્તુ તે સ્વકાળ. ત્રિકાળી વસ્તુ જે એક-એક સમયનો પર્યાય કાળ એ વર્તમાન કાળ એ પરકાળ છે. અને ત્રિકાળી વસ્તુ તે સ્વકાળ. સમજાય છે કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! આવી વાતું ક્યાં સાંભળવા મળે? આહા..હા..!

મુમુક્ષુ :- ૨૫૨ કળશમાં?

ઉત્તર :- હા, છેને ત્યાં. એ અહીં કીધું. આમાં આમ કીધું જુઓને. સ્વકાળ. આત્માની દરેક પર્યાય, દરેક અવસ્થા એ સ્વકાળ, પણ એ ક્ષણિક સ્વકાળ-પરકાળ. આહા..હા..! ત્રિકાળી વસ્તુ તે સ્વકાળ, સ્વ-ત્રિકાળ એ સ્વકાળ. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો એમ કહે છે કે એ પુણ્ય અને પાપના ભાવ અને રાગાદિના ભાવ પ્રભુ! એ તો મેલ છે. એપણે પ્રભુ કેમ પર્યાયમાં પરિણમે? એમ કહે છે. કારણ કે એનો સ્વકાળ જે ત્રિકાળ છે એ તો શુદ્ધ આનંદકંદ છે. એ વર્તમાનમાં એનો સ્વકાળ હોય તો શુદ્ધપણે થાય તે એનો સ્વકાળ છે. સમજાણું કાંઈ? એમાં છે હોં. એ વખતે આવ્યું હતું. બોલાવ્યા પણ વયા ગયા તમે. વાત કરી. જુઓ આ નોઆગમ ભાવકાળમાં પાંચ ભાવ લીધા છે. એ વાંચતા વખતે મોઢા આગળ લખ્યું છે. એ વાંચતા. કેટલામો ભાગ? ૧૧મો ભાગ જયધવલ ૧૧મો. દરિયો ભર્યો છે. કોણ વાંચે બાપા એ મગજ અત્યારે કામ ન કરે. એટલું અંદર. અહીં તો માલ-માલ માખણને ખેંચીને કાઢ્યું બહાર. સમજાય છે કાંઈ? આચાર્યોના જ્ઞાનના ક્ષયોપશમ. એક-એક પાનું સમજવા માટે મહિનાના મહિના જોવે. એવો શુદ્ધજ્ઞાનનો દરિયો જ્યાં પર્યાય. એના ત્રિકાળી જ્ઞાનના સ્વભાવની શું વાત કરવી? અરેરે..! સમજાણું કાંઈ?

દાખલો એકફેરી આપ્યો હતોને ભાઈ! આ છગનભાઈ હતાને આપણે. ડ્રાઈવર તરીકે આવ્યા હતાને. ચાર જણા હતાને... એ દાખલો એકવાર આપ્યો હતો. એ દાખલો ભાઈને યાદ રહી ગયો. સમજાણું? એક ઓલો વાણિયાનો દાખલો આપ્યો હતોને વાણિયાનો? અને ઓલા મોતીનો. મોતીનો દાખલો હીરો. મોતીનું પાણી. વાણિયો હતો તો મોતી હતું એક. ઉઘરાણીએ ગયો ગામડામાં. તે દિ' તો ગામડામાં જતા બે ગાઉ હોયને તો ચાલીને જાય. શેઠિયા હોય તો જાય. બહુ ઓલા ખાટલો નાખી દે, ગોદડું નાખી દે. બેસો બેસો. પાણી લાવો કહે પાણી. વાણિયાએ માગ્યું પાણી લાવો. કણબીના ઘરે. તે દિ' તો પીતા નહિને. હવે તો પીવે છે બધા.

કહે, પાણી લાવો. પાણી લાવ્યા. ત્યાં ઓલું મોતીનું એક. મોતીનો વેપાર હતો. સારું મોતી હશે અહીં છેડે બાંધેલું. એ છોડીને જોતા હતા. એટલે ઓલો કહે લ્યો શેઠ પાણી. એય..! પટેલ! આમાં પાણી ભર્યું છે. મોતીમાં ઓલી ઝલક દેખાયને ઝલક. લાખ-લાખ રૂપિયાના મોતી થાય છેને. વીસ-વીસ હજારનું મોતી તો ભાઈ કહેતા હતા. એય..! કાનજીભાઈ! તમારે વીરજીભાઈ! વીરજીભાઈ કહેતા હતા એકફેરી કલકત્તામાં ગયો તો ૨૦ હજારનું એક મોતી. અને અત્યારે આપણે છેને મોતીની પ્રતિમા નહિ? શું કહેવાય એ? મુડબિદ્રી. ૫૦-૫૦ હજારની એક મૂર્તિ છે અત્યારે નિલમની. એક હોય એવી તો ૫૦ લાખ. ૫૦ લાખની. કોણ લે પણ? લઈને ચોરે કોણ? અને ચોરે તો એને પૈસા આપે કોણ? મુડબિદ્રીમાં છે. જોઈ છે? એમ ઠીક. એ મોતીનું ઝલક-તેજ. આહા..હા..! અરે..! એના તેજ કેવા કે પ્રભુ ચૈતન્ય હીરાના તેજ કેવા.

ઓલો ભાઈ કહે, પટેલ કહે પણ આ પાણી હોય તો પાણી મગાવ્યું શું કરવા? જો આમાં પાણી હોય તો મગાવ્યું શું કરવા? પછી ઓલો વાણિયો એ ઠગ હતો જરી. એય..! પટેલ! આમાં તો દરિયો ઉછળે છે. આ ઓલું નથી આ શું કહેવાય આ? વાયર. આ કપડાનો વાયર નથી થાતો. આમ ઝલક દરિયો ઉઠે છે. હોય તો પાતળો ત્યાં કાંઈ તાણા-વાણાને બે ન હોય પણ ઝલક ઉઠે ઝલક. એમ એ મોતીમાં ઝલક એટલી. એટલે કહે આમાં તો દરિયો ઉછળે છે. મારી પછેડી અડાડું અને પલળે તો માનું કે એ. કહે, પટેલ! એ પછેડીએ પરખાય નહિ. એ મોતીના પાણીના પછેડીએ પરખાય નહિ. એ તો એની આંખમાં, એની નજરમાં એની કિંમતવાળાને પરખાય. સમજાણું કાંઈ? એમ આ દેહમાં ભગવાન ચૈતન્ય હીરો. એ તો મોતી હવે જડ ચાલે એમાં ધૂળમાં કાંઈ નથી. આ દેહમાં બિરાજતો ચૈતન્ય હીરો અજ્ઞાનીને એમ લાગે કે ત્યારે અમે શુભના રાગથી એને પરખી લઈએ. શુભરાગથી અમે એને પરખી લઈએ, શુભરાગથી અમે એને પહોંચી વળીએ. ભગવાન ના પાડે છે, ભાઈ! એ ચૈતન્ય હીરા શુભરાગે સ્પર્શાઈ નહિ. સમજાણું કાંઈ? અરેરે..! એને એની ખબર પણ ન પડે. ભગવાન

દેહમાં બિરાજમાન સચ્ચિદાનંદ પ્રભુ.

કહે છે કે એવો હીરો એ અજ્ઞાનીના છેડેથી પલળે તો પરખાય એવી ચીજ નહિ. આહા..હા..! એમ રાગના કણ વડે પણ એ આત્માને સ્પર્શે એ આત્મા એ નહિ. આહા..હા..! અરેરે..! એના ઘરની સાચી વાતું પણ એકકોર પડી રહી અને બીજી વાતું હલવી જગતમાં. પ્રભુ અંદર ચૈતન્ય હીરો પૂર્ણાનંદનો નાથ એક સમયમાં પરખનાર તો પર્યાય છે. પણ કઈ પર્યાયને પરખે? આહા..હા..! ભગવાન આત્માની સન્મુખ થયેલી પર્યાય એને પરખે. રાગાદિ તો પરસન્મુખની બીજી પર તરફની દશા. રાગની દિશા-દશા તો પરતરફની દિશા તરફ રાગ છે. ભગવાન ભક્તિ તીર્થંકર, સર્વજ્ઞ કોઈની પૂજા ભક્તિ. એ રાગ તો પરતરફનો વળેલો ભાવ છે. એનાથી સ્વતરફ વળેલા ભાવ એનાથી પ્રગટે? સમજાણું કાંઈ? મારો આવો તે ધર્મ કઈ જાતનો કહે? ભાઈ! ધર્મ તો એવો છે તને ખબર નથી. ધર્મ કોને કહેવો? આમ એક આરતી ઉતારીને કહે ભગવાનને માટે દાન આપ્યા, કાં કાંઈક પૈસા મૂક્યા ફૂલ પર. થઈ ગયો ધર્મ. એ ફૂલે રાજી થાય એવો આત્મા નથી. એ તો એની સન્મુખ જોતા રાગના કણથી જુદો પડતા. આહા..હા..! એના વલણમાં ઢાળા ઢળતાં એની જ્ઞાનની નિર્મળ પર્યાયે પરખ્યો જાય એવો છે. એ દેવ-ગુરુથી પણ પરખ્યો જાય એવો નથી. એય..! ભીખાભાઈ! શું છે આમાં? આટલું પણ કાઢી નાખ્યું આ તો મૂળમાંથી કહે. આહા..હા..!

આ વસ્તુ એવી ભાઈ! તને ખબર નથી. આ દેહના રજકણની પાછળ, અરે..! વિકલ્પ જે ઉઠે રાગ એની પાછળ પ્રભુ ચૈતન્ય હીરો. એ ચૈતન્ય હીરલા. ઓલા હીરાને સો પાસા હોય. આ હીરાને અનંતા પાસા ગુણના છે. બલુભાઈ! આ તમારી દવા-બવામાં આવું કાંઈ આવતું હશે? એય..! કીર્તિભાઈ! તમને હવે ખોસ્યા ત્યાં. લ્યો આ પોતે નીકળી ગયો અને નાખો ભાઈને કહે. નામ રાખ્યાને ઓલામાં .. આહા..હા..! કોણ ખાય? કોણ લે? ભાઈ! પરની ચીજું કોણ ખાય? ખાય તો અજ્ઞાની રાગ અને દ્વેષના પરિણામને ખાય છે. એ નથી ખાતો મોસંબી અને નથી ખાતો મૈસુબ. આહા..હા..! અરે..! જડ અને આત્મા અરૂપી કેમ ખાય? એના તરફનું લક્ષ કરીને રાગને કરે અને રાગને ખાય. આહા..હા..! અહીં તો ધર્મી રાગને ખાય નહિ એમ કહે છે. સુખ-દુઃખ છેને આગળ?

અજ્ઞાની રાગના સુખ-દુઃખની કલ્પનાને અનુભવે. એને ખાય. જડને તો કોઈ દિ' ખાઈ શકતો નથી. ધર્મી થાય એ તો રાગને પણ ન ખાય કહે છે. આહા..હા..! રાગના વેદવાપણે પરિણમવું એ જ્ઞાનીને અશક્ય છે. ગજબ વાત છેને. એય..! સ્વરૂપચંદભાઈ! તમે તો બધા જૂના માણસ છો. આવું સાંભળ્યું હતું ત્યાં? પાલનપુરમાં? પાલનપુરમાં? ક્યાં? પાલડી. ઓલા .. પાસે એ? હા પાલડી ગયા હતાને અમે એક ફેરી.

મુમુક્ષુ :- કેરીની ભૂમિ છે.

ઉત્તર :- હા, એ પાલડી અમે ગયા હતા. મેડી ઉપર ઉતર્યા હતા. બ્રાહ્મણ ઓલા હતા બધા. પાલડી આ સુરત પાસે છે એને? અહીં પછી ગયા હતાને અમે ત્યાં. આખો દિ' રહ્યા હતા. પાલડી ગયા હતા. પણ એ તમે આ બાજુમાં ફર્યા એ પહેલાની વાત છે. નહિતર તો ત્યાં એના ગામમાં જઈએ તો તો આવે જને. ઘણા વર્ષની વાત છે. ૧૩ની સાલની વાત. ૧૫ વર્ષ થયા. પાલડી ગયા હતા. આખો દિ' રહ્યા. બજારમાં એક મોટું મકાન છે ત્યાં રસોડું હતું. બજારમાં નહિ રસ્તામાં? માણસ સાથે હતોને. મેડી ઉપર ઉતર્યા હતા. આહા..હા..!

કહે છે, ગજબ કામ છે! ત્રણ લીટીમાં તો ત્રણ ઉતાર્યા છે—દર્શન, જ્ઞાન અને ચારિત્ર. કહે છે કે ભગવાન આત્મા એ હરખ-શોકનો જે વિકલ્પ છેને, આત્મા પરને તો અનુભવી શકે નહિ, પણ આત્મા આત્માપણે થયો એ હરખ-શોકને વેદી શકે નહિ. કહો, સમજાણું કાંઈ? એ ચૈતન્ય હીરલો અંદરથી જ્યાં જાગ્યો પરમાત્મા પોતે સ્વરૂપ. સચ્ચિદાનંદ સત્ શાશ્વત ચિદ્ અને જ્ઞાનનો દરિયો એ. એ જ્યાં જાગ્યો કહે છે કે એ હવે સુખ-દુઃખની કલ્પનાપણે થવું અને વેદવું એ હવે અશક્ય છે કહે છે. આહા..હા..! રાગપણે થવું અશક્ય છે એમ સુખ-દુઃખપણે થવું અશક્ય. એટલે? કે રાગના કર્તાપણે થવું અશક્ય છે એમ સુખ-દુઃખના ભોક્તાપણે થવું પણ અશક્ય છે. સમજાણું કાંઈ? એ સમ્યક્ થયું ત્યારથી. ધર્મનું ભાન જ્યાં થાય ચૈતન્ય પ્રભુ. આહા..હા..! એવો આત્મા અંદર બિરાજે છે. એવો આત્મા છે તેવું અંદર ભાન થતાં. આત્મા વડે કરીને સંસારના સુખ-દુઃખની કલ્પનાપણે પરિણમવું કે સુખ-દુઃખની કલ્પનાપણે વેદાવું અશક્ય છે કહે છે. આહા..હા..! કહો, ચંદુભાઈ! કહો, આ પૈસા નથી અને ફલાણું નથી. એ વાત નથી એમાં રહેતી કહે છે. આહા..હા..! આ બધા પૈસાવાળા સુખી છે. ધૂળેય નથી. કોણ કહે છે સુખી? એય..! ભગવાનજીભાઈ! લ્યો આ બધા કરોડપતિ છે. સો લાખનો એક કરોડ હોં! અને સો કરોડનો એક અબજ. આ બે અબજપતિ છે અત્યારે. અહીં નથી. મોરબીમાં છે અને એક ગોવામાં છે. સો હજારનો એક લાખ અને સો લાખનો એક કરોડ અને સો કરોડનો એક અબજ. એવા બબ્બે અબજપતિ છે અત્યારે વાણિયા હોં! એ વાણિયા મારા સહન કરે આવડું હોં! બીજાને જ્યાં લાખ, બે લાખ, પાંચ લાખ થાય તો આભે પાટુ મારે.

અહીં કહે છે કે આહા..હા..! જ્યાં આત્મા પોતાનો સ્વભાવ જાગૃત થઈને જોવે છે. એ ધર્મીને તો કહે છે કે સુખ-દુઃખની કલ્પનાનું વેદનપણે વેદવું એ અશક્ય છે. આહા..હા..! એય..! ચંદુભાઈ! આહા..હા..! ભાઈ! આ શું કરે? આપણી શક્તિ રહી નહિ. .. બે-પાંચ ઘટી ગયા, હવે છોકરા બરાબર પેદા કરે. એકાદ-બે છોકરા કોક સારે રસ્તે સરાડે ચડી જાય તો ચાલે. કહે છે એવા વિકલ્પપણે વેદાવું જીવને માટે અશક્ય છે કહે છે હોં! આહા..હા..!

અજ્ઞાનપણે એ હરખ-શોકને વેદે છે. છતાં એ પરને તો અનુભવે નહિ. એ બાયડીનું શરીર જડ, માટી, મોસંબીનું પાણી માટી. એ લાડવા અને શીરા જડ-માટી. એને તો અજ્ઞાની પણ ભોગવી શકે નહિ. અજ્ઞાની એના તરફના લક્ષવાળો રાગ અને દ્વેષના પરિણામને વેદે અને ભોગવે. એ અજ્ઞાનપણે પરિણમતો જીવ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો,...'** ઓહો..હો..! એ ચૈતન્ય હીરલો તો પોતાના જ્ઞાનના પ્રકાશને બહાર લાવતો હતો. જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રભુ, ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા. એની જ્યાં અંતર દૃષ્ટિ પડી એટલે જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ થયું. સમ્યગ્જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ એને પ્રગટ થાય એ ધર્મીનું કર્તવ્ય અને કર્મ નામ કાર્ય છે. આહા..હા..! ભારે! તો પછી આ શેના બધા દેરાસર કર્યા? માનસ્તંભ અને દેરાસર મોટા-મોટા. ભાઈ! એ તો ચીજ એને કારણે થાય. અને એમાં કરનારનું લક્ષ હોય એ ઉપર તો એને શુભભાવ થાય. શુભભાવ. પણ શુભભાવ છે માટે એ થાય છે અને એ શુભભાવ છે માટે અંદર ધર્મનું પરિણમન થાય, એમ વસ્તુમાં નથી. આમ પણ ન થાય અને આમ પણ ન થાય. સમજાણું કાંઈ? એ શુભરાગી પ્રાણી શુભરાગમાં આવે અને પરિણમે એટલે બહારની ચીજ થાય એ વાતમાં માલ કાંઈ નથી. એમ શુભરાગ થયો માટે અહીં ધર્મનું પરિણમન થાય (એમ નથી). અધર્મનું પરિણમન થાય એમાં ધર્મનું પરિણમન ક્યાંથી આવ્યું? કહે. રાગ તો અધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાનનું જ્ઞાનત્વ...'** એમાં બે વાત આવી. વસ્તુનું વસ્તુ સ્વરૂપનું ભાન થતાં, વસ્તુની પર્યાય નિર્મળ તેનું કર્તવ્ય થાય અને વસ્તુ પર્યાયની નિર્મળતા તેનો એ ભોક્તા થાય. સમજાણું કાંઈ? અરે..! સમ્યગ્દર્શન. અહીં તો અધ્યાત્મની દૃષ્ટિના વિષયમાં બે ન હોય એક સાથે. એક જ વસ્તુ. ધર્મી થયો એટલે જ્ઞાનની પર્યાયને પ્રગટે અને આનંદની પર્યાયને વેદે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આપણે આવી ગયું છે આ ૧૮માં. ૧૧૮ ગાથામાં નહિ? ચિદાનંદ રૂપી અમૃતથી ભરેલી એની દશા હોય છે. આહા..હા..! ધન્ય રે ધન્ય! સમજાણું કાંઈ? એ ધર્મી જીવની દશા નામ પર્યાય, અવસ્થા કેવી હોય છે? અને અજ્ઞાનીની અવસ્થા કેવી હોય? કે જેની પર્યાયમાં એકલા રાગ-દ્વેષના ઝેર ભર્યા હોય છે. એ અજ્ઞાનીની પર્યાય છે. જ્ઞાનીની અવસ્થા એ ચિદાનંદ સ્વરૂપી ભગવાન અમૃત-અમૃત. એનાથી ભરેલી એની દશા હોય છે. એ આનંદને વેદે છે, એ જ્ઞાનની પર્યાયને કરે છે. એ આનંદની અવસ્થાનો ભોગ્ય થઈને ભોક્તા થાય છે. આહા..હા..! ધર્મીનું રાગ ભોગ્ય અને ભોક્તા એમ નથી. મારે આ તો પણ બાવા થઈ જાય ત્યારે થાય. ઓલું છોડીએ હવે બાયડી, છોકરા રહે, જેના હાથ જાલ્યા એને અમારે પાળવા? કે આવું અમારે કરવું? કે દિ' પાળે છે સાંભળને. એ તો સૌને કારણે સૌ છે. એ તારે કારણે પાળ્યા-પોષ્યા રહે છે? સમજાણું કાંઈ? તારે તો રાગ અને દ્વેષના વિકલ્પ થાય એટલે પાળ્યા-પોષ્યા રહે છે મને એમ તને માનવું છે. ધન્નાલાલભાઈ! કેમ

હશે આ? બાયડીનો હાથ જાલ્યો પછી એને પોષવી તો પડે કે નહિ? કે દિ' હતી તારી બાયડી હતી સાંભળને. બાયડી જ કેવી આત્માને? જ્યાં રાગ જ નથી ત્યાં બાયડી કેવી? પરવસ્તુ તદ્દન સ્વતંત્ર છે. આહા..હા..! એને કાળે આવ્યા અને એને કાળે ચાલ્યા જાય છે. જોયા નથી? આહા..હા..!

જુઓને આપણે અહીં નહોતું થયું ભાઈને? ગંભીરસિંહ. ભાઈને નહિ? રામસિંહભાઈના દીકરાના દીકરાને. બસમાં ભીંસ આવી. લ્યો! આહા..હા..! પણ એ તો જગતની ચીજ સ્વતંત્ર છે. એને કોઈ રાખી શકે અને કોઈ ટાળી શકે. આહા..હા..! ભગવાન આત્મા અંદરમાં. આ મારા છે એમ માને છે એ જ ભ્રમણા એની છે. એનામાં તો આનંદ અને જ્ઞાન એ મારા છે. આહા..હા..! અરે..! ક્યાંથી ખબર પડે? સમજાણું કાંઈ? કહે છે. આહા..હા..! કેટલું ભર્યું છે ભાઈ આમાં! કર્તા-ભોક્તા ઉડાડી દીધા. એય..! રતિભાઈ! આહા..હા..! ત્યારે કહે આ તો બાવા થઈને જંગલમાં જઈએ ત્યારે, પણ બાવો જ અને જંગલમાં જ છો. કોણ કહે છે તને પરમાં છો? સમજાણું કાંઈ? શરીર, વાણી, મન આ તો જડ છે એનાથી તું છો જ નહિ અંદર. તું તો તારાથી છો. અરે..! રાગ અને દ્વેષના પરિણામથી પણ તું નહિ. આહા..હા..! એ તો આનંદ અને જ્ઞાનના સ્વરૂપથી બિરાજમાન ભગવાન સ્વરૂપની દૃષ્ટિ થતાં જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરે એ એનું કર્તવ્ય છે. આ દુકાન હલવવી, ડાહ્યાને બેસાડવા એય..! હિંમતભાઈ! હવે સોંપ્યું ઓલાને. નવીનને. કર હવે માથાકુટ તારી રીતે. એય..! નવીનભાઈ! આહા..હા..! કોણ કરે? ભાઈ! એ જગતની ચીજો એને કારણે બદલીને ટકે. રાગ ને દ્વેષને કરવા અને એને ભોગવવા એ ભગવાનની શોભા નહિ. એ શોભામાં એને હાડકા ટાંગ્યા જેમ સારી દુકાને બ્રાહ્મણની. ઓલા ભાઈ ટાંગતા પહેલા હુતાસણી. હવે બધું ફરી ગયું છે. ૫૦-૬૦ વર્ષ પહેલા ઓલી હુતાસણી આવે ને હુતાસણી. છોકરા ક્યાંકના હાડકા લાવીને દુકાનમાં મારા ટાંગે. એવું કરતા પહેલા હોં હુતાસણીમાં. ઉમરાળામાં જોયેલું. આ તો ૬૦-૭૦ વર્ષ પહેલાની વાત છે. ટાંગે હાડકા. એ હવે પતી ગયું છે બધું.

એમ અહીં તો કહે છે અરે..! ત્રણ લોકનો નાથ આનંદનો ધણી એને તું રાગ અને દ્વેષના હાડકા એની પાસે કાઢીને શોભા માન. એ આર્ય માણસને હાડકું દેખીને ઓલું થઈ જાય. અરરરર! આ ક્યાં લાવ્યો ભાઈ! કોણ લઈ ગયું? લે હવે ચાર આના, આઠ આના પણ લઈ જા હવે અહીંથી. હુતાસણીમાં થતું હતું આમ. ત્યાં તો અમારે ઉમારાળું તો નાનું ગામ ખરુંને પાંચ હજારની વસ્તી. એવું બધું કરતા જુવાનિયા છોકરાઓ. ૭૦ વર્ષ પહેલાની વાત છે. ઘેરૈયા આવે. આહા..હા..! આયે ઘેરી નાખ્યો આને. પુણ્ય અને પાપના વિકલ્પે ઘેરી રાખ્યો ઘેરૈયાએ. અને માને કે અમે કાંઈક સારા છીએ. આહા..હા..!

અહીં તો કહે છે કે સારો તો ત્યારે તને કહીએ. અને તારી શોભા એમાં છે કે હું આત્મા

આનંદનો નાથ પ્રભુ, ચૈતન્યમૂર્તિ પ્રભુ છું. સમજાણું કાંઈ? આહા..હા..! એવો આત્મા વસ્તુ છે અંદર, પદાર્થ છે, તત્ત્વ છે. એવા સ્વતત્ત્વને સંભાળ્યો છે જ્યાં. અહીં જુઓ સંભાળ્યો શબ્દ આવે છે. એક આ જયધવલમાં બહુ આવે છે. કે આ સૂત્ર કેમ કહ્યું? કે શિષ્યોને સંભાળીને કહેવા માટે. એ બહુ આવે છે એમાં. મૂળ પાઠમાં હોં! સંભાળ.. કોની સંભાળ? આહા..હા..! .. આચાર્યોએ ... અનુભવના વેદનના સમયમાં પણ એક આવી ટીકામાં નિમિત્ત બની ગયા. ઓહો..હો..! એની શું જ્ઞાનની ધારા! સર્વજ્ઞને કબુલાવે એવી છે. કે આ જગતમાં સર્વજ્ઞ હતા. આવી પર્યાયવાળા પંચમકાળમાં તો પછી એની પૂર્ણ પર્યાયનું શું કહેવું? એવા પૂર્ણ પર્યાયના સાધનારા કેવળજ્ઞાનના સાધનારા. એ જીવો જ્ઞાનનું જ્ઞાનત્વ વર્તમાન પ્રગટ કરે છે. રાગ પ્રગટ ન કરે. ધર્મી રાગપણે પરિણમે નહિ અને શોક અને હરખપણે વેદે નહિ. આહા..હા..! એનો અર્થ એ થયો કે હરખ અને શોકના વેદનપણે થવું એ અજ્ઞાનપણે થાય છે. હિંમતભાઈ! આહા..હા..!

'**પોતે જ્ઞાનમય થયો થકો,...**' પર્યાયની વાત છે આ હોં! '**પોતે જ્ઞાનમય થયો થકો,...**' આહા..હા..! હું તો એક જાણનાર-દેખનાર જગતની ચક્ષુ છું. જગત મારું જ્ઞેય છે અને હું એનું જ્ઞાન છું અને એ જ્ઞેય છે એ પણ પર છે. સ્વજ્ઞેય તો મારો સ્વભાવ અને હું તે મારું સ્વજ્ઞેય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એલા! એકવાર તો આવ ઝપટમાં કહે છે. આહા..હા..! તારી ચીજની ઝપટ તો એકવાર કર. એ અંદર હીરલો ચૈતન્ય બિરાજે છે એની તને ખબર નથી. તું કેવડો અને ક્યાં છો? કેમ છો? એની તને ખબર નથી. આહા..! બાયડી, છોકરા ને દુકાન સંભાળે. કેમ છે દુકાન? ચાલે છેને? બહુ સારી ચાલે છે. એય..! શશીભાઈ! શું કહેવાય આ તમારે? દવાખાનું. સારું ચાલે છે.

મુમુક્ષુ :- દવાનું કારખાનું.

ઉત્તર :- દવાનું કારખાનું. હા દવાખાનું નહિ. દવાનું કારખાનું ગોળીયું થાય છે નહિ બધી? પચાસ લાખનું કારખાનું છે દવાનું. કાંદીવલી શું કહેવાય એ? કાંદીવલી. આવ્યા હતાને અમે નહિ? આહાર કર્યો હતોને તમારે ત્યાં નહિ. ભાઈ હતા. તમારી ગોળીયું જોઈ હતી બધી આમ આમ થાતી હતી ઓલી. આ દવાઓ થાય છેને વિલાયતી એવી એને ઘરે થાય છે ત્યાં મુંબઈ. ડોક્ટર ગોળીયું આપે છેને. આમ આમ ચાલતી .. પાંચ-પાંચ હજારની ગોળીયું થાય. હવે સરખી થાતી હશે પણ શું થાતું હશે અંદર? આહા..હા..! પણ જોડેવાળા કહેતા હતા કે અમે આ બધું કરીએ છીએ. કરી શકાતું હશે? કીર્તિભાઈ! નહિ? આહા..હા..!

કહે છે '**પોતે જ્ઞાનમય થયો થકો,...**' એ જે હતો તેરૂપે થયો. એમ કહે છે. જાણવું-દેખવું આનંદરૂપે થયો એ તો. આહા..હા..! જ્ઞાનમય થયો થકોનો અર્થ આ. વસ્તુ ભગવાન ચૈતન્ય હીરલા એમાં જ્યાં નજરું પડી અને બહારથી નજરું બધી ઉઠાવી દીધી. અને નજર

મારી ફાટ મારી ધ્રુવ ઉપર. આહા..હા..! કહે છે પોતે ધર્મરૂપ થયો થકો. જ્ઞાનમય એટલે ધર્મરૂપ થયો થકો. એટલે કે જ્ઞાન અને શાંતિરૂપ થયો થકો. થયો થકો કેમ કહ્યું? કે એ કર્તા એ પોતાની પર્યાયનો પોતે છે. સમજાણું કાંઈ?

'**આ હું (રાગને) જાણું જ છું,...**' છે? કીર્તિભાઈ! જુઓ, અંદર છે? '**આ હું (રાગને) જાણું જ છું,...**' તો કારખાના તો ક્યાંય રહી ગયા. આહા..હા..! એ વિકલ્પ ઉઠે છે એને હું મારામાં રહીને જાણું છું એમ કહે. હું રાગમાં આવ્યો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેમ હશે? નટુભાઈ! પણ ઓલી વકીલાત થાતી હશે કોર્ટમાં તો આવું યાદ રહેતું હશે? એ ઝપાટા મારે ત્યાં તો કોર્ટમાં. જજ પાસે આમ છે... આમ છે... આમ છે... આહા..હા..! ભાઈ! એ વાણી પણ તારી નથી. એ તો જડની છે આ તો. જડ ઉપસે છે આ તો વાણી જડ છે. એ આત્મા છે? આત્માથી વાણી નીકળે છે? આહા..હા..! આ આત્માથી રાગ ઉત્પન્ન થાય એ આત્મા નહિ એમ કહે છે અહીં તો. વાણી ઉત્પન્ન થાય એ તો આત્મા નહિ. આહા..હા..! ચંદુભાઈ! લ્યો આ જજ છે. અમદાવાદમાં જજ છે. કહો, સમજાણું?

કહે છે હું '**આ હું (રાગને) જાણું જ છું,...**' આ હું એ જ્ઞાન. રાગ થાય એને જાણું છું. એ રૂપે પરિણમું છું એમ નહિ, એરૂપે થાઉં છું એમ નહિ. '**રાગી તો પુદ્‌ગલ છે...**' આહા..હા..! એ શુભરાગ એ પુદ્‌ગલ છે. આહા..હા..! પ્રેમચંદભાઈ! આ તો ભારે આકરું હોં આવું. તો ઓલા પાછું શું કહે જુઓ ત્યાં રાગને પુદ્‌ગલ કીધો છે કે નહિ? પુદ્‌ગલથી રાગ કરે. સાંભળને કઈ અપેક્ષાએ કીધું છે ભાઈ? ત્યાં કર્મ લીધું. અહીં તો સ્વભાવના ભાનમાં રાગ જે પછી થયો. એ મારાથી થયેલો નહિ એ તો કર્મથી થયેલો એનો હું જાણનાર છું. જાણનાર રહેવું એ તે કાંઈ સાધારણ વાત છે? આહા..હા..!

'**(અર્થાત્ રાગ તો પુદ્‌ગલ કરે છે)...**' જુઓ, એ ખુલાસો કર્યો અમારા પંડિતજીએ. હશે એમાં પહેલાનું કાંઈક. રાગ-રાગ વિકલ્પ મેલને કોણ કરે? નિર્મળાનંદ પ્રભુ એ મેલને કરે? આહા..હા..! એ રાગ તો પુદ્‌ગલ. વિકલ્પ ઉઠે દયા, દાન, ભક્તિનો હોં! પુદ્‌ગલ. મારામાં નહિ, મારાથી નહિ અને મેં એને કર્યો નથી. આનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. સમજાણું કાંઈ? સોનગઢને પાદર આવું હશે આવું. અહીં તો બધા પાડા બેસતા હતા. ત્યાં આવી વાતું આવી હવે આ. આહા..હા..! ભગવાન! ત્રિલોકનાથના મુખે નીકળેલી વાણી તે આ છે. આહા..હા..! '**જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત રાગાદિ કર્મનો અકર્તા પ્રતિભાસે છે.**' વસ્તુ સ્વરૂપનું ભાન થતાં જ્ઞાતા-દૃષ્ટાથી વિરુદ્ધ વિકલ્પ એનો આત્મા અકર્તા પ્રતિભાસે છે. એનો કર્તા પ્રતિભાસતો નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ- ૧, સોમવાર, તા. ૦૬-૧૧-૧૯૭૨
## ગાથા-૯૩-૯૪, પ્રવચન-૨૧૪

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

બહુ સરસ અધિકાર છે. બે દિ'થી ચાલે છે. 'જ્યારે આત્મા...' ભાવાર્થ. આત્માનું કર્તવ્ય શું છે ધર્મીનું અને અજ્ઞાનીનું શું કર્તવ્ય છે એની વાત છે.

મુમુક્ષુ :- અહીં તો ધર્મીને જ આત્મા કહીએ છીએ.

ઉત્તર :- અજ્ઞાનીનું કર્તવ્ય તે અણાત્મા છે.

અહીં કહે છે કે **'જ્યારે આત્મા રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થાને જ્ઞાનથી ભિન્ન જાણે...'** એ પુણ્ય અને પાપના વિકલ્પો રાગ, એનાથી ભગવાન આત્મા જુદો છે એમ જાણે. **'જેમ શીત-ઉષ્ણપણું પુદ્ગલની અવસ્થા છે...'** ટાઢી અને ઉની અવસ્થા એ પુદ્ગલની, જડની છે. એમ શુભ-અશુભભાવ જે શુભ-અશુભના અસંખ્ય પ્રકાર. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ શુભભાવ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસના વગેરે અશુભભાવ. એ ભાવને પણ પુદ્ગલની અવસ્થા છે એવું ભેદજ્ઞાન થાય. આહા..હા..! જેમ ટાઢી-ઉની અવસ્થા પણ જડની છે એમ એ વિકલ્પ જે છે દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો આદિ. એ પણ શુદ્ધ ચૈતન્ય સ્વભાવની એ અવસ્થા નથી. એ તો પુદ્ગલની અવસ્થા, એક સમયમાં નિમિત્તને સંબંધે, નિમિત્ત પુદ્ગલ છે તેનો પાક પણ રાગ-દ્વેષ અને સુખ-દુઃખ પુદ્ગલ છે એમ કીધું, ભાઈ! આહા..હા..! આકરી વાત છે. જગતને બેસવું ભારે કઠણ. આજે આવ્યું છે લખાણ ઘણું ઓલામાં. કે પૂજા, ભક્તિ, દાન, દયા એ બધા સમકિત પામવાના સાધન છે. એમ કહે છે.

મુમુક્ષુ :- આમાં એમ છે કે અજ્ઞાની માને છે.

ઉત્તર :- શું થાય? અને લોકની કુરૂઢી એવી આ જે કુરૂઢી છેને પરંપરાની? એને અથવા લોકની લૌકિકરીતને જે છોડે એ સમકિતી છે. એવી વાત કરી છે. અહીં તો પુણ્ય અને પાપના જે પૂજા, દયા, દાન, ભક્તિ (પુદ્ગલની અવસ્થા છે) ભગવાન! માર્ગ તો આવો છે હોં! લોકોને કઠણ પડે, સૂક્ષ્મ પડે પણ વસ્તુ તો આ છે. એ વસ્તુને એ રીતે જાણ્યા વિના એનું કોઈ દિ' કલ્યાણ થતું નથી. બહારથી ભલે માને, મનાવે અને સંતોષ આપે. સમાધાન કરે કે ... એ રાગની મંદતાની પૂજા, ભક્તિ, દાન, દયા, ક્રિયા બધી કરતાં-કરતાં સમકિત થાય. આહા..હા..!

મુમુક્ષુ :- શ્વેતાંબર પણ એમ કહે છે?

ઉત્તર :- શ્વેતાંબર પણ એમ કહે છે. અહીં તો કહે છે કે ભાઈ! જરી સૂક્ષ્મ વાત છે, પ્રભુ! તું તો ચિદાનંદ અને જ્ઞાનાનંદનો દરિયો છોને પ્રભુ! એ દરિયામાં તરંગ ઉઠે, મીઠા મહેરામણમાંથી તરંગ ઉઠે એ તો મીઠું ઉઠે. એ તરંગ કાંઈ ખારું ઉઠે? ભગવાન આત્મા ચૈતન્ય પરમાનંદની મૂર્તિ. કવિ! સમજાય છે થોડું આમ ગુજરાતી? હિન્દી છે હિન્દી? હિન્દી લાવો હિન્દી. હિન્દી લાવો. અહીં લાવોને ગમે તે. હિન્દી છે? પુસ્તક છે તમારી પાસે? ઝીણી વાત છે. વર્તમાન ચાલતી જે અવસ્થા લોકો કહે છે એનાથી ભિન્ન ચીજ છે ભગવાનની. કહે છે કે અજ્ઞાનરૂપ. ભાવાર્થ છેને? '**જ્યારે આત્મા...**' દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ આદિનો જે ભાવ છે એ રાગ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ વાસના એ તો રાગ છે જ, પણ ભગવાનની ભક્તિ, પંચ પરમેષ્ઠીનું સ્મરણ, પંચ પરમેષ્ઠીની શ્રદ્ધા, મહાવ્રતના પરિણામ એ બધો રાગ છે.

મુમુક્ષુ :- સવારે તો મહાવ્રતના પરિણામને આપ ધ્યાન કહેતા હતા.

ઉત્તર :- એ બીજી વાત હતી. અંતર આનંદ સ્વરૂપ ભગવાન. એમાં અંતર અતીન્દ્રિય આનંદની ધારા વહે એનું નામ પંચ મહાવ્રત યથાર્થ છે. આ લોકો નગ્ન થઈ જાય અને પંચ મહાવ્રતની ક્રિયા કરે છે માટે અમે ચારિત્રવંત છીએ. બિલકુલ ખોટું છે.

એ કહે છે જુઓ, '**જ્યારે આત્મા રાગદ્વેષસુખદુઃખાદિ...**' એ શુભભાવ થાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ રાગ છે. પ્રતિકૂળતા અને અણગમો ઉત્પન્ન થાય છે એ દ્વેષ છે અને અનુકૂળ સગવડતામાં કલ્પના કરે છે કે હું સુખી છું. એવા સુખની કલ્પના. અને પ્રતિકૂળતામાં હું દુઃખી છું એવી કલ્પના. સંયોગી સુખ-દુઃખ ચીજ નથી. અંદરમાં કલ્પના થવી, હું સુખી છું, હું દુઃખી છું. એ બધી કલ્પના પુદ્‌ગલની દશા છે, જડની અવસ્થા છે. એ અવસ્થાને જ્ઞાનથી ભિન્ન જાણે છે. એ રાગ અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી ભગવાન આત્મા એનાથી ભિન્ન છે એમ જ્યારે જાણે તો એને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ?

'**ભિન્ન જાણે છે અર્થાત્ જેમ શીત-ઉષ્ણતા પુદ્‌ગલની અવસ્થા છે...**' ઠંડી અને ગરમ એ જડની અવસ્થા છે. બરાબર છે? બરફ અને અગ્નિ એ જડ છે. શીત અને ઉષ્ણ સ્પર્શગુણની અવસ્થા જડ છે. સ્પર્શગુણ છે પુદ્‌ગલનો અને પુદ્‌ગલના સ્પર્શગુણની ઠંડી-ગરમ અવસ્થા એ જડ છે. '**તેમ રાગદ્વેષાદિ પણ પુદ્‌ગલની અવસ્થા છે...**' આહા..હા..! ગજબ વાત છે. છે? ભાવાર્થમાં છે. '**જેમ શીત-ઉષ્ણતા...**' ભાવાર્થની બીજી લીટી. '**જેમ શીત-ઉષ્ણતા પુદ્‌ગલની અવસ્થા છે...**' આહા..હા..! કઠણ ભારે! '**તેમ રાગદ્વેષાદિ...**' દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આદિ એ પણ પુદ્‌ગલની અવસ્થા છે. છે એમાં? આવું

તે કાંઈ કઠણ! ‘**એવું ભેદજ્ઞાન થાય,...**’ એવું જ્યારે રાગથી મારી ચીજ ભિન્ન છે. અપૂર્વ કાળમાં, અનંતકાળમાં એવું કદી કર્યું નથી. નવમી ગ્રૈવેયક ગયો. ‘મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો’ પણ એ રાગથી ભિન્ન મારી ચીજ શું છે એને જાણી નહિ. તો સ્વર્ગમાં ગયો, ત્યાંથી પટકાણો મનુષ્ય થઈને, તિર્યંચ થઈને, નરક-નિગોદમાં જાશે. કેમકે જે આત્મા રાગથી, પુણ્યની ક્રિયાથી ભિન્ન છે એવો બોધ થયા વિના એના જન્મ-મરણની ગાંઠ ગળતી નથી. સમજાણું કાંઈ? ગળતી નથી સમજાણું? નાશ નથી થતી. આહા..હા..! ભારે વાતું! એ આજે વિદ્યાનંદજીનું આવ્યું છે. બહુ આવ્યું છે. ખૂબ આવ્યું છું અહીંનું વિરુદ્ધનું. આ ..માં છેને? બધા એમ કહે છે જ્ઞાન અને ચારિત્ર એ બહારની ક્રિયા. એ પામવામાં પુરુષાર્થ છે અને સમકિત પામવા તો લોટરી છે. આહા..હા..! ભગવાન! શું થાય? પણ આ આત્મદર્શન વિના, સમ્યગ્દર્શન વિના જેટલું જ્ઞાન છે શાસ્ત્રનું અને પંચ મહાવ્રતાદિની ક્રિયા એ અજ્ઞાનનું ચારિત્ર. એ જ્ઞાન અને ચારિત્રમાં પુરુષાર્થ છે, પણ સમકિતમાં લોટરી છે. આવી જાય તો આવી જાય. આહા..! ગજબ વાત છે.

મુમુક્ષુ :- અહીં ધર્મના કામમાં લોટરી આવી?

ઉત્તર :- હા, નાખ્યું છે. છે કે નહિ ક્યાં ગયું? એ લખ્યું છે. આજે આવ્યું છે. શું છે આ? ક્યાં આવ્યું? વીર-વીર. એમાં આવ્યું છે. પહેલા તો એ આવ્યું છે કે નિશ્ચય અને વ્યવહાર બેય સત્ય છે. કઈ રીતે? બેયથી રાગ થાય એ અપેક્ષાએ. આહા..હા..! પછી ‘આપ ભગવાનકી નિત્ય જાપ, પાઠ, સ્તુતિ, પૂજા કિ જિસમેં ભી રુચિ હો કરતે જાઓ, આપકો અવશ્ય સમ્યગ્દર્શનકી પ્રાપ્તિ હોગી.’ વળી ત્યાં આ કહ્યું. પણ સાંભળનારને ખબર ન મળે. જૈન દિગંબરમાં જન્મ્યા એને પણ ખબર ન મળે. જય ભગવાન એ તો. કહે છે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પુરુષાર્થથી સંભવ છે. ‘સમ્યગ્દર્શન તો લોટરી કે...’ લાટરી કહે છે. લોટરી પણ આ લાટરી કહે છે. ‘લાટરી કે પુરસ્કારકી તરહ હૈ.’ એમાં રૂપિયો મૂક્યો પૈસો આવે તો આવે અને ન આવે તો ન આવે. આહા..હા..! એય..! સ્વરૂપચંદજી!

મુમુક્ષુ :- અહીં એક લીટીમાં અવશ્ય થાય છે એમ કહ્યું. અહીંયાં પાછું...

ઉત્તર :- અહીંયાં આ કીધું. અહીંયાં આ કીધું. કાંઈ વાતમાં ઠેકાણા ન મળે. લોકો સાંભળે. આહા..હા..! ‘ઉન્હેં .. વ્યવહાર ઔર નિશ્ચય દોનોં દૃષ્ટિકો સમજના ચાહિયે. સારી ક્રિયા યે આત્મકલ્યાણકે લિયે હી કી જાતી હૈ.’ અહીં ના પાડે ભગવાન કે બધી ક્રિયા તારા દયા, દાન, ભક્તિના પરિણામ એ રાગની ક્રિયા છે. અધર્મની, પુદ્‌ગલની અવસ્થા છે. આહા..હા..! ગજબ વાત છે! સમજાણું કાંઈ? અને ‘સમ્યગ્દર્શનકી ઉત્પત્તિકા કારણ શાસ્ત્ર ઔર જિનેન્દ્ર ભગવાન હૈ.’ અહીં કહે છે કે પુણ્યના વિકલ્પથી ભિન્ન કરીને પોતાનો અખંડ આત્મા એ સમ્યગ્દર્શનમાં કારણ છે. ઘણો ફેર. સમજાણું કાંઈ? આહા..હા..! ‘અંતરમેં દર્શનમોહ કે ક્ષય

કે લિયે જિનેન્દ્ર ભગવાનકા દર્શન, સ્વાધ્યાય બહુત આવશ્યક હૈ. શાસ્ત્ર સ્વાધ્યાયસે તો આત્મા કો ઉજ્વલ હોતા હૈ, પર શરીરકી કાંતિ ભી બઢતી હૈ.' આવા લખાણ અને આ બધા દિગંબર જૈનો માને. શાસ્ત્ર અભ્યાસે હોં. અને 'મેરી દષ્ટિમેં તો જો સામાજિક કુરીતિયાં, સામાજિક કુરીતિઓ કો હટાતા હૈ વહ સબસે બડા સમ્યગ્દષ્ટિ હૈ.' આ પંડિતજી! એ અહીંનું એકાંત કહે છે. અંદર લખે છે. આહા..હા..!

આ ભગવાન કુંદકુંદાચાર્યદેવ સર્વજ્ઞ પરમાત્માની સમીપમાં જઈને આવ્યા મહાવિદેહમાંથી. ત્યારે આ લખ્યું અને જગત પાસે આ જાહેર કર્યું કે જેમ એ દયા, દાન, પૂજા, ભક્તિ આદિનો ભાવ એ રાગની પર્યાય અને પુદ્ગલની અવસ્થા છે. આહા..હા..! એય..! શું પુદ્ગલમાં થાય છે કે આત્મામાં? થાય છે આત્માની પર્યાયમાં. પણ એ પર્યાય પુદ્ગલના નિમિત્તના સંગે ઉત્પન્ન થાય છે. સ્વભાવનો સંગ જેણે છોડી દીધો. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એની આશ્રય દૃષ્ટિ છોડી દીધી. એણે જે પરના આશ્રયે જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ થાય છે એ શીત-ઉષ્ણની જેમ રાગદ્વેષાદિ પણ એ વ્યવહારરત્નત્ર જેને કહીએ એ પુદ્ગલની પર્યાય છે અહીં તો કહે છે. આહા..હા..! ગજબ વાત છે. અમરચંદભાઈ! સાંભળ્યું જાય નહિ. વ્યવહાર સમ્યગ્દર્શન એ વિકલ્પ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા, પંચ મહાવ્રતના ભાવ એ વિકલ્પ નામ રાગ છે. શાસ્ત્ર વાંચવું એ પણ રાગનો એક ભાગ છે. એ બધી પુદ્ગલની અવસ્થા છે અહીં તો કહે છે. કેમ? કે ભગવાન આત્મા તો આનંદનું ધામ, એની અવસ્થા તો આનંદની હોવી જોઈએ. આ રાગ તો દુઃખ છે. ચાહે તો પંચમહાવ્રતના વિકલ્પ હોય કે ભગવાનની ભક્તિનો ભાવ એ બધું દુઃખ છે. આહા..હા..! આકુળતા છે, કષાયનો ભાગ છે. ભાઈ! એને ખબર નથી. આહા..હા..!

એ એમ ભેદજ્ઞાન થાય છે. જેમ ઠંડી, ગરમ અવસ્થા જડની છે, પુદ્ગલની છે. એમ જ પુણ્ય-પાપની અવસ્થા શુભ-અશુભભાવ એ જડની અવસ્થા છે. આહા..હા..! એવું ભેદજ્ઞાન થાય ત્યારે પોતાને જ્ઞાતા જાણે છે. ત્યારે સમ્યગ્દૃષ્ટિ પોતાને જાણનાર-દેખનાર માને છે. એ રાગની ક્રિયા મૈં કરી એમ માનતા નથી. આહા..હા..! આ બીજી જાતની વાત છે, કવિજી! આહા..હા..! આ પુસ્તક તો હજાર-બે હજાર વર્ષ પહેલાનું કુંદકુંદાચાર્યનું છે. એની ટીકા એક હજાર વર્ષ, નવસો વર્ષ પહેલા અમૃતચંદ્રાચાર્યની છે. અને એ જયપુરના જયચંદ્ર પંડિત એનું આ હિન્દી છે. હિન્દીમાંથી આપણે ગુજરાતી બનાવ્યું છે. આ એનું હિન્દી છે. જયચંદ્ર પંડિતનું. આહા..હા..!

ભગવાન એક સમયની વિકલ્પદશા જે ત્રિકાળી ભગવાન આત્મા, ત્રિકાળી આનંદનું ધામ, જ્ઞાનનો પુંજ, એ જ્ઞાનનો સાગર આત્મા એની અપેક્ષાએ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ પુદ્ગલની અવસ્થા છે. કેમકે એનો બંધ પણ પુદ્ગલનો થાય છે અને એના ફળમાં પણ બાહ્ય સંયોગ મળે છે. એ આત્માની ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ

પંચ મહાવ્રત ને પૂજા ને ભક્તિને એ ધર્મ છે. ધૂળેય ધર્મ નથી અહીં તો કહે છે. આહા..હા..! ધર્મચંદજી! એય..! ભાઈ! આવું બધું સમજવું પડશે હોં ત્યાં ધૂળમાંય કાંઈ નથી.

મુમુક્ષુ :- ધૂળ એટલે?

ઉત્તર :- આ પૈસા. દવાખાના પેદા કરે ધૂળ બે-પાંચ હજાર મહિને. જાણે. આહા..હા..! ધૂળેય નથી ત્યાં હવે કોણ પેદા કરે? કોણ પેદા કરે છે એને? એ તો પુદ્‌ગલને કારણે પુદ્‌ગલ આવે છે. કાંઈ તારે કારણે આવે છે? સમજાણું કાંઈ?

'ત્યારે પોતાને જ્ઞાતા જાણે...' આહા..હા..! ત્યારે સમ્યગ્દર્શન થયું. આહા..હા..! એ રાગની સર્વ ક્રિયાથી પોતાને ભિન્ન જાણે અને રાગને પોતાની અવસ્થા ન માને ત્યારે તેને રાગથી અને પુદ્‌ગલથી પોતાની દશા ભિન્ન છે એવું પોતામાં ભેદજ્ઞાન થાય ત્યારે એ જ્ઞાની અને ધર્મી થાય છે. એ વિના જ્ઞાની અને ધર્મી થતો નથી. ત્રણ કાળમાં થતો નથી. સમજાણું કાંઈ? વ્રત પાળે ને તપ કરે માટે ધર્મી છે એમ છે નહિ. એ તો રાગની ક્રિયા જડની. આહા..હા..! રાગ પોતે જ નિજસ્વરૂપે જડ છે. રાગ અને આત્માના જ્ઞાનસ્વભાવના અંશનો અભાવ છે. સૂર્યનું કિરણ નીકળે છે એ તો સફેદ નીકળે છે. કે કોલસાની કણીનો નીકળે છે?

મુમુક્ષુ :- કાળું.

ઉત્તર :- કાળું કોઈ કિરણ નીકળે છે એમાંથી? એમ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનું ધામ પૂર્ણાનંદ સ્વરૂપ, એમાંથી તો જ્ઞાન અને આનંદનું કીરણ નીકળે છે. ક્યારે? કે રાગથી પોતાને ભિન્ન જાણે ત્યારે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ અલૌકિક છે. હવે તો લોક જેવો થઈ ગયો છે. બહારથી બધાએ ધર્મ મનાવી લીધો. જાત્રા કરો ધર્મ થઈ જશે, ભક્તિ કરો, આગમ શાસ્ત્ર વાંચો. સમજાણું કાંઈ? માર્ગ એવો નથી, ભાઈ! આ વીતરાગ માર્ગ છે. વીતરાગ માર્ગ તો પોતાનું વીતરાગ સ્વરૂપ ત્રિકાળ પ્રભુ. એના આશ્રયે વીતરાગતા પ્રગટે છે. એ ભેદજ્ઞાનમાં એનું નામ ધર્મ કહે છે. આહા..હા..! પાછું એમ કહે કે એનું કોઈ સાધન? લ્યો! કોઈ સાધન. પણ પોતાના સ્વરૂપમાં સાધન નથી? પોતાનો નિર્મળાનંદ પ્રભુ અંતર્મુખ થઈને જે નિર્મળ પરિણતિ કરે છે એ જ સાધન છે. સમજાણું કાંઈ? આકરી વાત, ભાઈ! અનંત-અનંત જન્મ-મરણ કર્યા. એવા આત્માનું જ્ઞાન, સ્વરૂપના આશ્રય વિના અનંતવાર જૈન સાધુ દિગંબર અનંતવાર થયો. અનંતવાર થયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો? કે એ પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ સાધુના એ રાગ દુઃખ છે. આહા..હા..! ગજબ વાત છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' તો એ વ્રત દુઃખરૂપ છે, વિકલ્પ રાગ છે. પણ 'આતમ જ્ઞાન બિન...' રાગથી ભિન્ન પોતાનું આત્મજ્ઞાન ભિન્ન. એક અંશે પણ સુખની દશા થાય... આહા..હા..! સમજાણું કાંઈ? કહો, શશીભાઈ! આવી આકરી વાત છે. અહીંયાં પણ પુદ્‌ગલ?

ઠંડી-ઉની અવસ્થા પુદ્ગલ? એમ દયા, દાન અને વ્રતના પરિણામ પુદ્ગલ? ચૈતન્ય તો જ્ઞાનસ્વરૂપી પર્યાય પ્રગટ થાય એ ચૈતન્ય છે. કહો, સિદ્ધમાં છે રાગ દયા? વ્રત, ભક્તિ સિદ્ધમાં છે? એ તો રાગ હતો. સમજાણું કાંઈ?

જ્યારે આત્મા પોતાને રાગથી, પુણ્યની ક્રિયાથી અક્રિયબિંબ ચૈતન્યમૂર્તિ પરથી ભિન્ન જ્યારે જાણે છે તો પોતાને જ્ઞાતા જાણે છે. પોતાને જ્ઞાતા જાણવાનો અર્થ? કે પોતાને રાગની ક્રિયાનો કર્તા નથી માનતા. સમજાણું કાંઈ? કહો, ટાઢા-ઉનાની અવસ્થાની પેઠે. ભારે! આહા..હા..! આ વર્ષ બેસતાની સાથે આવું આવ્યું કહો. આ તો અમૃત છે. આહા..હા..! એણે કદી સાંભળ્યું નથી. જિંદગી એમ ને એમ વ્યર્થ. સાધુ થઈને વ્યર્થ જિંદગી અજ્ઞાનમાં ગઈ બધી. આહા..હા..! સાધુ તો એને કહીએ કે પોતાના રાગની ક્રિયાથી ભિન્ન. એ રાગની ક્રિયા જે અંદર થાય છે એનાથી હું ભિન્ન. એવો આનંદનો સ્વાદ આવે છે અને પ્રચુર આનંદનો સ્વાદ આવવો એનું નામ સાધુપણું કહે છે. બાકી બધા એકડા વિનાના મીંડા છે. મીંડા સમજો છો? બિંદી. એક વિનાની બિંદી. શૂન્ય-શૂન્ય. આહા..હા..! એય..! નટુભાઈ! ભારે આકરું કામ લોકોને. આવું સાંભળવું મુશ્કેલ પડે. આહા..હા..!

'**અને રાગાદિ પુદ્ગલને જાણે.**' જુઓ, ભાષા. પોતાને આનંદ અને જ્ઞાન સ્વરૂપ જાણે છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાને પુદ્ગલના જાણે છે. આહા..હા..! ગજબ વાત છે. ધ્રુજી ઉઠે જગત અજ્ઞાની. '**એમ થતાં, રાગાદિનો કર્તા આત્મા થતો નથી,...**' સિદ્ધાંત આ સિદ્ધ કરવો છે. એવો જ્યારે રાગથી જડની અવસ્થાથી ચૈતન્યનો સ્વભાવ તદ્દન ભિન્ન છે એવી દૃષ્ટિ અને જ્ઞાન થતાં રાગની દશા પુદ્ગલની છે. હું એને જાણનાર છું, એવો જાણનાર રાગનો કર્તા નથી થતો. આ કર્તા-કર્મ છેને? એ વ્યવહારરત્નત્રયના વિકલ્પનો કર્તા જ્ઞાની થતો નથી. અને કર્તા હોય તે જ્ઞાની નહિ, અજ્ઞાની, અધર્મી છે. આહા..હા..! ભારે આકરી વાત છે. દુનિયાથી ઉલટી ભારે. '**રાગાદિનો કર્તા આત્મા થતો નથી, જ્ઞાતા જ રહે છે.**' આહા..હા..! હું તો રાગને જ જાણનારો. દેહની ક્રિયા કરનારો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

## ગાથા-૯૪

कथमज्ञानात्कर्म प्रभवतीति चेत् —

तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि कोहोडहं।
कत्ता तस्सुवओगस्स होदि सो अत्तभावस्स।।९४।।

त्रिविध एष उपयोग आत्मविकल्पं करोति क्रोधोऽहम्।
कर्ता तस्योपयोगस्य भवति स आत्मभावस्य।।९४।।

एष खलु सामान्येनाज्ञानरूपो मिथ्यादर्शनाज्ञानाविरतिरूपस्त्रिविधः सविकारश्चैतन्यपरिणामः परात्मनोरविशेषदर्शनेनाविशेषज्ञानेनाविशेषरत्या च समस्तं भेदमपहुत्य भाव्यभावकभावापन्नयोश्चेतनाचेतनयोः सामान्याधिकरण्येनानुभवनात्क्रोधो-ऽहमित्यात्मनो विकल्पमुत्पादयति; ततोऽयमात्मा क्रोधोऽहमिति भ्रान्त्या सविकारेण चैतन्यपरिणामेन परिणमन् तस्य सविकारचैतन्यपरिणामरूपस्यात्मभावस्य कर्ता स्यात्। एवमेव च क्रोधपदपरिवर्तनेन मानमायालोभमोहरागद्वेषकर्मनोकर्ममनोवचनकायश्रोत्रचक्षुर्घ्राण-रसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयान्यनया दिशान्यान्यप्यूह्यानि।

હવે પૂછે છે કે અજ્ઞાનથી કર્મ કઈ રીતે ઉત્પન્ન થાય છે? તેનો ઉત્તર કહે છે :-

'હું ક્રોધ' એમ વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૪.

ગાથાર્થ :- [त्रिविधः] ત્રણ પ્રકારનો [एषः] આ [उपयोगः] ઉપયોગ [अहम् क्रोधः] 'હું ક્રોધ છું' એવો [आत्मविकल्प] પોતાનો વિકલ્પ [करोति] કરે છે; તેથી [सः] આત્મા [तस्य उपयोगस्य] તે ઉપયોગરૂપ [आत्मभावस्य] પોતાના ભાવનો [कर्ता] કર્તા [भवति] થાય છે.

ટીકા :- ખરેખર આ સામાન્યપણે અજ્ઞાનરૂપ એવું જ મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ તે, પરના અને પોતાના અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ રતિથી સમસ્ત ભેદને છુપાવીને, ભાવ્યભાવકભાવને પામેલાં એવાં ચેતન અને અચેતનનું સામાન્ય અધિકરણથી (-જાણે કે તેમનો એક આધાર હોય એ રીતે) અનુભવન કરવાથી, 'હુ ક્રોધ છું' એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે; તેથી 'હું ક્રોધ છું' એવી ભ્રાંતિને લીધે જે સવિકાર (વિકાર સહિત) છે એવા ચૈતન્યપરિણામે પરિણમતો થકો આ આત્મા તે સવિકાર ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.

એવી જ રીતે 'ક્રોધ' પદ પલટાવીને માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન અને સ્પર્શનનાં સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં; અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

ભાવાર્થ :- અજ્ઞાનરૂપ એટલે કે મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકરનું જે સવિકાર ચૈતન્યપરિણામ તે પોતાનો અને પરનો ભેદ નહિ જાણીને 'હું ક્રોધ છું, હું માન છું' ઈત્યાદિ માને છે; તેથી; અજ્ઞાની જીવ તે અજ્ઞાનરૂપ સવિકાર ચૈતન્યપરિણામનો કર્તા થાય છે અને તે અજ્ઞાનરૂપ ભાવ તેનું કર્મ થાય છે.

## ગાથા-૯૪ ઉપર પ્રવચન

'**હવે પૂછે છે કે અજ્ઞાનથી કર્મ કઈ રીતે ઉત્પન્ન થાય છે?**' સમજાણું કાંઈ? શિષ્યનો પ્રશ્ન છે. પ્રભુ! આત્માનું રાગથી ભિન્ન જ્ઞાન ન હોય અને રાગની એકત્વબુદ્ધિ હોય એ પુદ્‌ગલની દશા મલિન એ મારી છે, એવી અજ્ઞાનમાં રાગ-દ્વેષની ઉત્પત્તિ કેમ ઉત્પન્ન થાય છે? એવા અજ્ઞાનમાં રાગ-દ્વેષની ઉત્પત્તિ કેમ થાય? એ પ્રશ્ન કરે છે. કહો, સમજાણું કાંઈ? '**તેનો ઉત્તર કહે છે :—**' એવી જેને જિજ્ઞાસા ઉત્પન્ન થઈ તેને ઉત્તર દે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કે આ રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ ભાવ અજ્ઞાનથી ઉત્પન્ન કેમ થાય? આહા..હા..! છે કે નહિ? સંસ્કૃતમાં છે. '**कथमज्ञानात्कर्म प्रभवतीति चेत् —**' અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર સંત એ ૯૪ની માથે સંસ્કૃત છે. '**અજ્ઞાનથી કર્મ કઈ રીતે ઉત્પન્ન થાય છે?**' કર્મ શબ્દે વિકારભાવ હોં! જડકર્મની અહીંયાં વાત નથી. વિકારભાવ એ જ કર્મ અને જડ યથાર્થમાં છે. પુણ્ય અને પાપ, દયા... જેને લોકો વ્યવહાર સાધન કહે એને અહીંયાં અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો વિકાર કહે છે.

મુમુક્ષુ :- ..માં કારણ કીધું હતું.

ઉત્તર :- એ કારણ તો નિમિત્તનો ઉપચાર કરીને કહ્યું છે. કારણ-ફારણ કેવું? સમજાણું કાંઈ? '**અજ્ઞાનથી કર્મ...**' કર્મ શબ્દે પુણ્ય-પાપનો ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ રાગ એ અજ્ઞાનથી કેમ ઉત્પન્ન થાય? એમ કહે છે. આહા..હા..! ભારે ભાઈ! ૯૪ એની ગાથા.

तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि कोहोडहं।
कत्ता तस्सुवओगस्स होदि सो अत्तभावस्स।।९४।।

નીચે એનું હરિગીત છે. નીચે હરિગીત છે.

**'હું ક્રોધ' એમ વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,**
**ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૪.**

આહા..હા..! માખણની ચીજ છે માખણ. વીતરાગનું માખણ. માખણ સમજો છો? મકખન-મકખન. મકખન કહે છેને? વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞદેવ પરમાત્માએ કહેલું માખણ છે આ. આહા..હા..!

ટીકા. ટીકા છેને એની? '**ખરેખર આ સામાન્યપણે...**' સંક્ષેપમાં સામાન્યપણે '**અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન...**' એ રાગને ધર્મ માનવો, રાગથી મને ધર્મ થશે એમ માનવું એ મિથ્યાદર્શન છે. એ પુણ્યની ક્રિયા કરતાં-કરતાં મને ધર્મ થશે એ મિથ્યાદર્શન. આકરી વાત.

**'આ સામાન્યપણે અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન...'** વિપરીત પ્રતીતિ. કે એ વ્રતાદિના, તપાદિના વિકલ્પથી જીવને કલ્યાણ થશે, જરૂર સમ્યગ્દર્શન થશે. એવી માન્યતા મિથ્યાદર્શન છે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ છે. રાગથી લાભ માને એ વીતરાગમાર્ગ નથી એ તો અજૈનમાર્ગ છે. આહા..હા..! જૈનમાર્ગ તો એવો છે કે રાગને ઉત્પન્ન કરનાર અજ્ઞાન એનાથી તો વિકાર જ ઉત્પન્ન થાય છે. એ જૈનમાર્ગથી વિપરીત દૃષ્ટિવાળો. સમજાણું કાંઈ?

**'મિથ્યાદર્શન...'** આહા..હા..! **'અજ્ઞાન...'** સ્વરૂપ જ્ઞાયકમૂર્તિ ભગવાન એનું અ-જ્ઞાન, અ-ભાન અને **'અવિરતિરૂપ...'** રાગથી નિવૃતિ નથી એવી અવિરતિ રાગનો ભાવ એ ત્રણેને અજ્ઞાનરૂપ કહ્યા. સમજાણું કાંઈ? રાગ, પુણ્યના પરિણામ એ મારા છે એવી માન્યતા અજ્ઞાનરૂપ મિથ્યાદર્શન છે. અને પોતાને ન જાણે એકલા રાગને જાણે એ અજ્ઞાનરૂપ અજ્ઞાન છે. અને રાગમાં એકાકાર થવું એ અવિરતિભાવરૂપ રાગ છે. એ અવિરતિ પણ અજ્ઞાનરૂપ ભાવ છે. રાગનો વિકલ્પ છે એ મારું સ્વરૂપ છે, મને લાભદાયક થશે એવી શ્રદ્ધા મિથ્યા અજ્ઞાનરૂપ મિથ્યાદર્શન છે. અને સ્વરૂપનું જ્ઞાન ભૂલીને એકલા રાગનું જ્ઞાન કરે એ અજ્ઞાનરૂપ અજ્ઞાન છે. અને રાગમાં આચરણ કરવું અવિરતિરૂપ ભાવ એ અજ્ઞાનરૂપ અવિરતિભાવ છે. રાગમાં લીન થવું, અવિરતભાવમાં લીન થવું એ અજ્ઞાનરૂપ અવિરતિભાવ છે. આહા..હા..! ભારે આકરું કામ! આહા..હા..!

એ **'ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ તે,...'** ભાષા લીધી પાછી. એ ત્રણ પ્રકારનું વિકારસહિત ચૈતન્ય પરિણામ છે. આહા..હા..! એ વિકારવાળા ચૈતન્યના પરિણામ છે. ભગવાન આત્મા પોતાને ભૂલીને એ રાગના કણને પણ પોતાનો માને અને રાગના કણથી મારી ચીજમાં લાભ થશે અને રાગના કણસહિત હું છું એનું નામ મિથ્યાદર્શન છે. સમજાણું કાંઈ? આ ગુજરાતીવાળાને સમજાય. કાંઈ ભાષા એવી અમારી હિન્દી નથી આકરી. આહા..હા..! સામાન્યથી મિથ્યાદર્શન એટલે કે એ અજ્ઞાનના ત્રણરૂપ. બસ, સામાન્યપણે અજ્ઞાન. ભગવાન આત્મા સ્વરૂપ ચિદાનંદ પ્રભુ એનું ભાન નથી. એનો અનાદર અને વિકલ્પ રાગનો આદર. ચાહે તો શુભરાગ હો, ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત. એ રાગનો આદર એ મિથ્યાદર્શન છે. એ અજ્ઞાન છે. અજ્ઞાનરૂપ અજ્ઞાન એમ. અને અવિરતિ અજ્ઞાનરૂપ અવિરતિભાવ છે રાગાદિ. રાગાદિનો ત્યાગ નથી. રાગનો ત્યાગ નથી એવો જે અત્યાગભાવ, એ પણ અજ્ઞાનરૂપ અત્યાગભાવ છે. આહા..હા..!

એ **'ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ...'** જુઓ, આ પુદ્ગલના પરિણામ જે ત્યાં કહ્યા હતા, અહીંયાં એને વિકારવાળા સદોષ, રાગસહિત, ચૈતન્યની અવસ્થા પરિણામ છે એમ કહ્યું છે. સમજાણું કાંઈ? છે તો એ ચૈતન્યની પર્યાયમાં થાય છે, કાંઈ જડમાં નથી થતાં. કર્મમાં રાગ-દ્વેષ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન કાંઈ જડમાં-કર્મમાં નથી થતો. થાય છે તો

એની પર્યાયમાં. પણ એ પર્યાય સવિકારી પર્યાય એને અહીંયાં પુદ્ગલ અવસ્થા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એમ '**તે, પરના અને પોતાના અવિશેષ દર્શનથી,...**' શું કહ્યું? કે સામાન્યપણે અજ્ઞાનરૂપ સ્વરૂપના બોધ વિના, અબોધરૂપ. મિથ્યા શ્રદ્ધા, મિથ્યા જ્ઞાન અને મિથ્યા આચરણરૂપ અવિરતિ રાગભાવ એ સવિકાર ચૈતન્યની પર્યાય પરિણામ છે. જુઓ, ત્યાં પુદ્ગલની અવસ્થા કહી હતી એનો ખુલાસો કર્યો અહીંયાં. સમજાણું કાંઈ? એ '**સવિકાર ચૈતન્યપરિણામ તે, પરના અને પોતાના અવિશેષ દર્શનથી,...**' એ વિકારી પરિણામ જે ચૈતન્યની અવસ્થા એ પોતાને જે શુદ્ધ આનંદકંદ પ્રભુ અને પર. રાગાદિ પરિણામ પર બેના અવિશેષદર્શન. ભિન્ન નથી, બે એક છે એવી માન્યતા. આહા..હા..! રાગનો વિકલ્પ જે છે સવિકાર પરિણામ. એ પરના અને પોતાના અવિશેષ દર્શનથી. પર રાગાદિ અને પોતાનો ભગવાન સ્વભાવ બેની અવિશેષ નામ સામાન્ય શ્રદ્ધા, બે એક છે એવી શ્રદ્ધા. આહા..હા..! ભારે કામ.

મૂળ ચીજનો ભાવ હાથ આવ્યો નહિને એટલે ચડાવી દીધા બીજે. ઓલાને બિચારા ખબર ન મળે. વાણિયા વેપાર કરતા નવરા થઈને આવે બે ઘડી, ચાર ઘડી સાંભળવા આવે ત્યાં. જે માથે કહે એ હા. એય..! શિવલાલભાઈ! આ તો વાણિયાને ઉડાડ્યા અહીં તો. વાણિયા એટલે વેપાર કરે એ હોં. પાછું દશા, વિશાનું કાંઈ નહિ. ગમે તે નાતનો હોય નહિ. આહા..હા..! વેપારમાં ઘૂંચે ત્યાં ડાહ્યા વેપારમાં કહેવાય અજ્ઞાની. આહા..હા..! અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ ગણધરો અને ઇન્દ્રોની સમક્ષમાં જાહેરનામું, જાહેર દાંડી પીટીને કહે છે. એ વાત છે. આહા..હા..!

કહે છે કે '**સામાન્યપણે...**' સંક્ષેપમાં '**અજ્ઞાનરૂપ...**' એ અજ્ઞાનરૂપના ત્રણ પ્રકાર. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને રાગનો અભાવ, રાગનો અભાવનો અભાવ. રાગનો અભાવ નહિ. મિથ્યાચારિત્ર. મિથ્યા આચરણ, રાગનું આચરણ એ મિથ્યા આચરણ છે. આહા..હા..! એ દયા, દાન, વ્રતાદિના વિકલ્પનું આચરણ એ મિથ્યા આચરણ છે.

મુમુક્ષુ :- પોતાનું માને એ મિથ્યા છે.

ઉત્તર :- પોતાનું માન્યું છેને એણે? અમે સારું કરીએ છીએ. અહીં કર્તાકર્મ છેને? એ રાગાદિનું કાર્ય મારું છે અને રાગથી મને કરતાં-કરતાં મને લાભ થશે. ત્રણે ભાવ મિથ્યાદર્શન, મિથ્યજ્ઞાન, મિથ્યાચારિત્ર છે. કહો, બલુભાઈ! આવું સાંભળ્યા પહેલા વર્ષીતપ કર્યું હતું. આવું સાંભળ્યું હતું ત્યાં? એય..! કનુભાઈ! એ તો તરત થઈ ગયા હતા. એ માર્ગ બાપા બીજો છે. જન્મ-મરણને ટાળવાના માર્ગ તો એવા છે. વિકલ્પમાત્ર રાગની ક્રિયા જેટલી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ સ્મરણ, પંચ પરમેષ્ઠીની શ્રદ્ધા, પંચપરમેષ્ઠીનું જ્ઞાન અને પંચ પરમેષ્ઠીના કહેલા વ્યવહાર રાગની લીનતા. આહા..હા..! એ બધું મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રને

અને **'પોતાના અવિશેષ દર્શનથી,...'** બેની જુદાઈની શ્રદ્ધા નહિ. અવિશેષ એટલે બેની એક શ્રદ્ધા. રાગ અને આત્માનો સ્વભાવ બે એક એવી અવિશેષ શ્રદ્ધા. આહા..હા..! ભારે ઝીણી વાતું ભાઈ આ તો!

ભગવાન એમ ફરમાવે છે કે અમારા સન્મુખની તારી ભક્તિનો ભાવ અને તારી ચીજ બેયને એક માને એનું નામ મિથ્યાદર્શન અવિશેષ છે. ભારે કામ ભાઈ આવું આ. પંડિતોના તો પાણી ઉતરી જાય એવું છે આમાં તો. આહા..હા..! અહીં તો કહે છે કે જેટલા વ્યવહાર શાસ્ત્રે કહ્યા એ હોં. જિનેશ્વરે વ્યવહાર કહ્યો ચરણાનુયોગમાં. એ બધા રાગના પરિણામ જણાવ્યા, પણ એ રાગના પરિણામ ચરણાનુયોગમાં કહ્યા એ રાગ મારો છે અને રાગથી મને લાભ થાય એ મિથ્યાદૃષ્ટિ, મિથ્યાજ્ઞાની, મિથ્યા આચરણમાં પડ્યો છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? આ તો સીધી વાત છે આ. તમારા ડોક્ટરના ભણતર કરતા આ સીધી વાત છે. માથાકુટ કરીને મારા એમાં હેરાન-હેરાન. કહો, જયંતિભાઈ! એ કણબી છે. કાનાતળાવના. રુચિવાળા છે. એને લઈને તો ગામમાં મંદિર બધું થયું. નિમિત્તથી.

મુમુક્ષુ :- મંદિર બનાવ્યું.

ઉત્તર :- બનાવ્યુંને. તમે આવ્યા હતાને? નહોતા આવ્યા? ના તમે નહોતા આવ્યા. આહા..હા..! ભગવાન આત્મા એ તો ચૈતન્યમૂર્તિ અને આનંદનું ધામ એ આત્મા. એ આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ ધ્રુવ નિત્ય અને આ રાગની પર્યાય જે વિકારી, સવિકાર ચૈતન્ય પરિણામ. બેની એક માન્યતા છે ત્યાં સુધી એ મિથ્યાદૃષ્ટિ છે. એ ધર્મી નહિ. આહા..હા..! કહો, ચંદુભાઈ! ભાઈ તમારા તરફથી એક દલીલ આવી હતી એ તમને કહી દીધી. નહિતર આમને ક્યાં યાદ પણ હતું. કોક આવ્યું તમારામાંથી કોક. નામ નથી લેતા. ભાઈ! આવું કાંઈક કહેજો એને ઘરે વાંચે. મેં કીધું ભાઈ કહેશું અવસરે. એય..!

મુમુક્ષુ :- .. બાવચંદભાઈ..

ઉત્તર :- એ બાવચંદભાઈની હા છેને એ ક્યાં ના છે એને? ત્યારે તો કહ્યું. બધી વાતની ખબર છે. શું ફેરફાર થયો અને શું થયું બધી ખબર છે. કહો, સમજાણું કાંઈ? આકરી વાતું, બાપા! આહા..હા..!

અજ્ઞાની સવિકાર પરિણામને લઈને પોતાનું નિજસ્વરૂપ જ્ઞાન અને આનંદ અને પરસ્વરૂપ જે વિકલ્પ નામ રાગ, શુભરાગ. એ પર. બેના અવિશેષ દર્શનથી. બેનું વિશેષ નહિ એટલે જુદું નહિ. બે જુદાં જ છે. પરને આમ આત્મસ્વ એમ થઈ ગયુંને? પર અને સ્વ. એમ કીધુંને જુઓને. **'પર અને પોતાના...'** પર અને પોતાના. પર કોણ? કે એ રાગ. પોતાના કોણ? કે આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ. આહા..હા..! ગાથા તો એ છે ભાઈ ઝીણી. વીતરાગ માર્ગનું રહસ્ય છે. વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને ઇન્દ્રો સાંભળતા, અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર,

૩૨ લાખ વિમાનનો લાડો. એક-એક વિમાનમાં અસંખ્ય દેવ એ સાંભળતા સમકિતી છે એ. એ સમકિતી છે શક્રેન્દ્ર, ઇન્દ્ર અને ઈશાન ઇન્દ્ર એ સમકિતી છે અર્ધલોકના સ્વામી. એ બેય ભગવાનના સમવસરણમાં આવે ત્યારે ભગવાન આમ ફરમાવતા હતા. ભગવાનની વાણીમાંથી આ બધું આવ્યું છે. આહા..હા..!

'**પર અને પોતાના...**' પર કોણ? કે ઓલા સવિકાર પરિણામ એ '**પર અને પોતાના અવિશેષ દર્શનથી,...**' એટલે બે એક છે એવી શ્રદ્ધા. '**અવિશેષ જ્ઞાનથી...**' બે એક છે એવું જ્ઞાન. '**અને અવિશેષ રતિથી...**' સામાન્ય લીનતા એટલે રાગમાં એકાકારતા. એ '**રતિથી સમસ્ત ભેદને છુપાવીને,...**' આહા..હા..! જ્ઞાયકભાવ ચિદાનંદ પ્રભુ જ્ઞાનમૂર્તિ અને રાગ એ વિકારભાવ એ સવિકાર પરિણામ છે તે. સ્વપરના ભેદને છુપાવીને. એમ લેવું છેને ત્યાં? જે સવિકાર ચૈતન્ય પરિણામ છે તે સ્વપરના સંબંધ ભેદને છુપાવીને. આહા..હા..! પોતાનું સ્વરૂપ ભગવાન જ્ઞાનમૂર્તિ અને રાગ વિકારભાવ, બેના સવિકાર ચૈતન્ય પરિણામ, બેની ભેદતાને છુપાવીને. આહા..હા..! કોણ? સવિકાર ચૈતન્ય પરિણામ. જે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યા આચરણ. એવું જે અજ્ઞાનરૂપ સવિકાર ચૈતન્ય પરિણામ. આહા..હા..! સ્વરૂપચંદભાઈ! ભારે! આહા..હા..!

પહેલી સમજણ તો કરે કે માર્ગ આ છે, બીજો કોઈ માર્ગ છે નહિ. વ્રત પાળીને મરી જાયને દ્વેષ કરી કરીને. એની માન્યતામાં મહાવ્રત પાળીએ છીએ. સમજાય છે કાંઈ? આહા..હા..! અહીંયાં તો પ્રભુ કહે છે કે તારી ચીજ પોતાનું સ્વરૂપ તો જ્ઞાતા-દૃષ્ટા આનંદ. પર એ રાગ એ અજ્ઞાનરૂપ મિથ્યાદર્શન, જ્ઞાન અને ચારિત્ર એવા સવિકાર પરિણામ તે, બેના ભેદને છુપાવી દે છે. બેને ઢાંકી દે છે. આહા..હા..! હજી તો એનો અર્થ સમજવો કઠણ પડે. આહા..હા..!

છે એમાં જુઓ, '**ખરેખર આ સામાન્યપણે અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ...**' એ મિથ્યાદર્શન જ્ઞાની '**તે, પરના અને પોતાના અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ રતિથી સમસ્ત ભેદને છુપાવીને,...**' આહા..હા..! ભેદને ઢાંકી દે છે. છે ભેદ. છુપાવો છે મારે. કે હું ભેદ નથી, હું એક છું. રાગની ક્રિયા અને આત્માનો ભાવ બે એક છું. એવા સવિકાર પરિણામ મિથ્યાદર્શન, અજ્ઞાન અને અચારિત્ર એવા સવિકાર પરિણામ એવી બે ચીજની ભિન્નતાને ઢાંકી દે છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈનો અર્થ સમજમેં આતા હૈ? એમ. ગુજરાતી તો આવેને થોડી ગુજરાતી. અહીં અમારે થોડા-થોડા બધા હિન્દી સમજે છે. ગુજરાતી(ને) હિન્દી ન સમજાય. આજે જ એક આવ્યો હતો. બધા ગામના ભેગા થયા છે. આહા..હા..!

કહે છે અજ્ઞાનરૂપ એવી જે ચીજ મિથ્યાદર્શન, મિથ્યજ્ઞાન, રાગના આચરણવાળી. એ

સવિકાર ચૈતન્ય પરિણામ એ પરને અને પોતાના રાગના ભેદને છુપાવી દે છે. બે ભિન્ન છે એવું છુપાવીને બે એક છે એમ માને છે. સમજાણું કાંઈ? કહો, ડાલચંદજી! આવો માર્ગ છે. હવે ઓલા કહે કે નહિ પહેલો વ્યવહાર છે, વ્યવહાર આવે તો થાય. એ આમાં કાંઈ રહેતું નથી. વ્યવહાર એટલે રાગ આવે તો મારો થાય. રાગ હોય તો સમકિત વીતરાગી પર્યાય સમકિત પ્રગટે એવું કાંઈ છે નહિ. વસ્તુની મર્યાદામાં એવી મર્યાદા છે નહિ. કહો, શિવલાલભાઈ! આવા ગુરુની ભક્તિ કરીને કલ્યાણ થાય. ટોકરા વગાડે નહિ સવાર-સાંજ. એના બાપા કરતા હતા ત્યાં. હજી એટલી ખબર નહોતી એને કે દેવ-ગુરુ-શાસ્ત્ર શુદ્ધ એ પર કહેવાય કહે? એને ખબર નથી? દસની સાલમાં પ્રશ્ન કર્યો હતો. શિવલાલભાઈ! ૧૮ વર્ષ થયા. એના બાપે. શ્રીમદ્‌ના ભગત અને લલ્લુજી પાસે ખૂબ રહ્યા. મકાન છે ત્યાં એને. સવારે ૯-૧૦ વાગ્યા સુધી ટોકરી વગાડે અને ગાયન ગાય. એમાં મ્યુનિસિપાલિટીમાં ઉતારો હતો દસની સાલમાં. એમાં જ્યારે આ વાત આવી ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્ર એ તો શુદ્ધ છે. એ શુદ્ધ એ પર? કહો, હવે એટલાની હજી ખબર ન પડે, એય..! શિવલાલભાઈ! અહીં તો કહે છે કે એને માનવાની શ્રદ્ધાનો રાગ એ પર છે. એ તો પર ક્યાંય રહી ગયા. સમજાણું કાંઈ? દેવ, ગુરુ અને શાસ્ત્ર તો પરદ્રવ્ય, પરદ્રવ્ય, અનંતવાર પરદ્રવ્ય. એની તો અહીં વાત પણ નથી. આહા..હા..! અમરચંદભાઈ! ખબર છે એ વાતની? તમને નહિ ખબર હોય.

મુમુક્ષુ :- પ્રશ્ન કર્યો હતો એ ખબર છે.

ઉત્તર :- હા ખબર છે એટલી. મ્યુનિસિપાલિટીમાં વ્યાખ્યાન ચાલતું હતું ત્યારે પ્રશ્ન કર્યો હતો. પણ એલા આટલા વર્ષ સુધી અગાસ તમે ગુમાવ્યા. ગુમાવ્યા છે બધા. અને આટલી વાતની ખબર ન મળે? પણ દેવ અરિહંત ત્રણ લોકનો નાથ એ પર? અને પરને માનવો અને પરની ભક્તિ કરવી એ રાગ? અને એ રાગ આત્માના સ્વભાવથી પર ભિન્ન છે. કહો, ભીખાભાઈ! આમાં તો કાંઈ રહેતું નથી હોં! આહા..હા..! ટીકા પણ ટીકા કરી. ઓહો..હો..! **'तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि कोहोडहं।'** એમ છેને મૂળતો? **'तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि कोहोडहं।'** આવો જે ઉપયોગ જે સવિકાર પરિણામ એ પરને અને પર શબ્દે વિકલ્પ જે દયા, દાન, ભક્તિ, પૂજાની વૃત્તિ ઉઠી એ પર અને એનો જાણનારો ભગવાન સ્વ. એને સ્વપરનો સમસ્ત ભેદ. અહીં તો સ્વપર ભેદ જ છે. પણ મારો અજ્ઞાનપણે બેને છુપાવી દે છે. છુપાવી દે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો પરમાત્મા થાય. અમે ભગવાન છીએ. અમે તમને તારી દેશું. મૂઢ છે. એ ભગવાન કેવો એ? સમજાણું કાંઈ? અમારી ભક્તિ કરો તમારું કલ્યાણ થશે. એમ માનનારા મૂઢ જીવ છે. ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. પ્રેમચંદભાઈ! વાતું આવી છે. આહા..હા..! ત્રણ લોકનો નાથ વીતરાગ બિરાજે છે મહાવિદેહમાં. એનું કથન આ કુંદકુંદાચાર્ય અંતરથી લઈને આવ્યા છે આ. ભગવાન

આમ સંદેશો કહેતા હતા. ભગવાન ભરતને માટે આ સંદેશો છે. સમજાણું કાંઈ? એનો બાપ કે ક્યાંક ગયો હોયને છ મહિના બહાર તો પછી ઓલા બાયડી, છોકરા બધા ભેગા થાય. શું મારે માટે લાવ્યા તમે? ઓલા છોકરા કહે કે ઇંડીપેન લાવ્યા? ફલાણું લાવ્યા? ઢીંકણું લાવ્યા? બાયડી કહે છે લૂગડું લાવ્યા? દાગીનો લાવ્યા? એમ કરીને બધા ચોંટે મારા. પણ અહીં તો કહે છે હે નાથ! તમે ભગવાન પાસે ગયા હતા. પ્રભુ! અમારે માટે શું તમે લાવ્યા ભરતને માટે? આહા..હા..! આ ભરતના ક્ષેત્રને માટે સંદેશો ભગવાનનો શું લાવ્યા? તો આ કહે છે કે આ લાવ્યા અમે તો. કે રાગ અને પોતાના સ્વભાવને એક માને એ અજ્ઞાની. એવો સંદેશ ભગવાનનો છે. સમજાય છે કાંઈ? આહા..હા..! ભારે આ તો બધા વાડાના બંધાયેલા આવું સાંભળે તો ધ્રુજી ઉઠે. અરરર! આ તો નખ્ખોદ વાળે છે. પણ સંસારના નખ્ખોદ વાળવાની વાત છે. જેને સંસારને પુષ્ટ કરવો હોય તો રાગની ક્રિયા અને આત્માને એક માને એ સંસારની પુષ્ટિ કરે છે, મિથ્યાત્વની પુષ્ટિ કરે છે, અજૈનભાવની પુષ્ટિ કરે છે. આહા..હા..! કહો, પંડિતજી! આહા..હા..! પ્રેમચંદજી એકલા રહી ગયા. પાલિતાણે એકલા રહી ગયા એ. આહા..હા..!

સ્વપરના '**સમસ્ત ભેદને છુપાવીને, ભાવ્યભાવકભાવને પામેલાં...**' આહા..હા..! શું કહે છે? કે જીવમાં જે રાગાદિ પર્યાય થઈ એ ભાવ્ય છે. ભાવ્ય-થવા લાયક વિકારી પરિણામ અને ભાવક કર્મ છે. ભાવક કર્મ અને ભાવ્ય એ વિકારીભાવ. એ વિકારીભાવ અને ભાવકભાવ પ્રાપ્ય એને પ્રાપ્ત થયો અજ્ઞાની. '**એવા ચેતન અને અચેતનનું સામાન્ય અધિકરણથી...**' શું કહે છે? રાગ જે છે એ અચેતન છે. એનું અધિકરણ પણ આત્મા અને પોતાના જ્ઞાનની ઉત્પત્તિનો આધાર પણ આત્મા. એવું માનનારો અજ્ઞાની મૂઢ બેનો આધાર એક માને છે. આહા..હા..! ભાવ્ય નામ વિકારી પર્યાય, ભાવક નામ કર્મનું નિમિત્ત. એનો જે ભાવ. ભાવ્યભાવકથી ઉત્પન્ન થયેલો ભાવ. એને પ્રાપ્ત. અજ્ઞાની સવિકારી ચૈતન્ય પરિણામથી આવા ભાવ્યભાવકને પ્રાપ્ત. ભાષા જ જુદી જાતની. ગ્રીક-લેટીન જેવી લાગે નવાને તો. આ શું છે? ભાઈ! ભાવક નામ ભાવનો કરનારો એટલે નિમિત્ત કર્મ જડ, અને ભાવ એટલે જીવમાં, આત્મામાં એક થવાની, વિકારી થવાની લાયકાત એ ભાવ્ય. એ ભાવ્યભાવક બેને પ્રાપ્ત થઈને અજ્ઞાની '**ચેતન અને અચેતનનું સામાન્ય અધિકરણથી (-જાણો કે તેમનો એક આધાર હોય એ રીતે) અનુભવન કરવાથી,...**' આહા..હા..! એ શુભરાગ જે ઉત્પન્ન થયો એ રાગ મારાથી ઉત્પન્ન થયો અને એનું જ્ઞાન કરવું એ પણ મારાથી ઉત્પન્ન થયું. સમજાણું કાંઈ? આ બેનો એક આધાર માને છે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

એમ '**અનુભવ કરવાથી, હું ક્રોધ છું એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે,...**' બહુ ભાષા ઝીણી છે હોં! એ વિકલ્પ થયો. ખરેખર એનો આધાર તો કર્મ છે. ભાવકનો

એ ભાવ્ય છે. પોતાનો નહિ. તો એને છુપાવીને પોતામાં 'હું ક્રોધ છું...' આહા..હા..! એ વિકારી પરિણામ હું છું એનું નામ અહીંયાં આત્માના સ્વભાવ પ્રત્યે અનાદરનો ક્રોધ છે. રાગ મારો છે અને હું ચીજ ભિન્ન છું એમ છુપાવીને, એ રાગ હું છું એને અહીંયાં આત્માના સ્વભાવ પ્રત્યે અનાદર થઈને ક્રોધ થયો. આત્માના સ્વભાવ પ્રત્યે ક્રોધ થયો એમ કહે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ – ૨, મંગળવાર, તા. ૦૭–૧૧–૧૯૭૨
## ગાથા–૯૪, પ્રવચન–૨૧૫

આ સમયસાર. કર્તાકર્મ અધિકાર. ૯૪ ગાથા. જરી ઝીણું છે. અનંતકાળથી અભ્યાસ નહિને એટલે ઝીણું વસ્તુસ્થિતિ એવી છે. અહીંયાં આત્મામાં બે ભાગ. એક આત્મા ત્રિકાળી સ્વભાવસ્વરૂપ અને એની વર્તમાનદશામાં એ વિકાર હું. સમજાય છે કાંઈ? વસ્તુ આખી ત્રિકાળ ચૈતન્ય આનંદકંદ એ ત્રિકાળી સ્વભાવરૂપ અને વર્તમાનમાં એક વિકારી પરિણામરૂપ. એમાં જેની દૃષ્ટિ વિકાર પરિણામ ઉપર છે એની શ્રદ્ધામાં હું વિકાર છું એવી જે શ્રદ્ધા, એવું જે જ્ઞાન અને એમાં જે ટકવું વિકારમાં. એ અજ્ઞાનરૂપ સવિકાર પરિણામ છે. ઝીણું ભારે! સમજાય છે કાંઈ? એ સવિકાર પરિણામ ઉપર જ્યાં સુધી એની દૃષ્ટિ છે ત્યાં એને એમ લાગે છે કે એ રાગનો આધાર હું અને એને જાણવાની જ્ઞાન અવસ્થા એનો આધાર પણ હું. ઝીણી વાત છે. વસ્તુમાં ભગવાન આત્મા તો આનંદ અને જ્ઞાનની ખાણ એકલી ચૈતન્ય છે. જો એવી રાગની રુચિ અને વિકારના પ્રેમનો ભાવ છોડીને જો ત્રિકાળભાવને આચરે. ફરીથી.

ત્રિકાળ નિત્યાનંદ એવી જો દૃષ્ટિ હોય, તો પરિણામમાં જે વિકાર છે તે મારું કર્તવ્ય છે એમ ન રહે. ભાઈ! અને જ્યારે એને વિકારના પરિણામમાં અજ્ઞાનરૂપ સ્વરૂપના અભાનરૂપ એ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યા આચરણ એ રાગ વિકાર. એના પરિણામને કારણે એ વિકાર અને સ્વભાવને એક માનતો થકો, વિકારને સ્વભાવને એક જાણતો થકો. વિકારને સ્વભાવમાં બેમાં એકરૂપે આચરણ કરતો થકો. સમજાણું કાંઈ? એને હું ક્રોધ છું એવો વિકલ્પનો એ કર્તા થાય છે. આહા..હા..! ભારે ભાઈ! સમજાય છે કાંઈ? આજ તો બધા ઘણા વિધવિધ ગામના માણસો છે. હવે એને જરી ઝીણી રીતે સમજવું પડશેને. આહા..હા..!

અહીંયાં કર્મની, જે જડકર્મ છે એના નિમિત્તે દૃષ્ટિ ત્યાં છે તો એના નિમિત્તે તો એને ભલે પુણ્યનો ભાવ થાય કે પાપનો બે એક જ હું વિકાર છું. સમજાય છે કાંઈ? આહા..હા..! આકરી વાત. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ અને શાસ્ત્રની શ્રદ્ધા દેવ-ગુરુની. વિકાર પરિણામ છે. આહા..હા..! એ વિકાર પરિણામનો હું અને રાગ બેય એનો આધાર છે. અથવા કર્મ અને હું બેય એના આધાર છીએ. એમ માન્યતા છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. શાંતિભાઈ! બહુ ઝીણું. બહુ ઝીણું. એટલે લોકોને એમ જરી સોનગઢની વાતે. સોનગઢની છે કે આ તે શાસ્ત્ર ભગવાનની છે? આહા..હા..! વસ્તુસ્થિતિ આવી છે એમાં, વસ્તુ છે એ આત્મા એમાં અનંત શાંતિ, આનંદ વસેલા એવી એ ચીજ છે. કેમકે એ વસ્તુ પોતે સત્ છે, અનાદિ-અનંત છે એવા જ એના આનંદ અને જ્ઞાન અને શાંતિ આદિ ગુણો સત્ છે. અવિનાશી છે. એવા ત્રિકાળી સ્વભાવવંત આત્મા. એની દૃષ્ટિનો જ્યાં અભાવ અનાદિથી છે એથી એની દૃષ્ટિમાં તો રાગ તરવરે છે વિકાર. મેં આ રાગ કર્યો, મેં આ પુણ્ય કર્યું, મેં વિકાર, મેં ભક્તિ કરી, મેં આ કર્યું અને મેં તે કર્યું. એવા જે વિકલ્પો એટલે રાગ. એના ઉત્પન્નનું સ્થાન પણ હું અને ઉત્પન્ન સ્થાન કર્મ. બેને એક માને છે એ. ભગવાનજીભાઈ! ભારે! વ્યવહારવાળાને આકરું પડે એવું છે બહુ. ભગવાનની ભક્તિ ન કરવી ત્યારે? એ પ્રશ્ન ક્યાં છે? એ ભાવ હોય એના ઉપર જેની દૃષ્ટિ છે એ વિકારનો જ કર્તા થાય છે. અને વિકારનો કર્તા થાય એટલે હું ક્રોધ છું એમ એ માને. એટલે? કે હું જ્ઞાનાનંદસ્વભાવી છું એનો એ અનાદર કરી. હું એક જ્ઞાતા-દૃષ્ટા અને આનંદકંદ પ્રભુ છું. એનો અનાદર મહા જેનું ચૈતન્ય આનંદ, જીવન ટકવું છે. આત્માનું ટકવું તો નિત્ય આનંદ અને જ્ઞાનથી ટકવું છે. એવા ટકવાના તત્ત્વ ઉપર લક્ષને છોડી દઈને નહિ ટકતો કૃત્રિમ જે વિકાર જે ચાહે તો પુણ્યનો દયા, દાન, વ્રત, ભક્તિનો હો, પણ એ રાગ મારાથી ઉત્પન્ન થયો છે. માટે હું એનો કર્તા છું. એનું નામ મિથ્યાદૃષ્ટિપણું છે. સ્વરૂપચંદભાઈ! આવું ભારે આકરું લાગે. હજી દુકાનમાં ધંધા પાપને છોડીને નિવૃત્ત થવું હોય કઠણ એમાં આ વળી આવ્યું. ભાઈ! એની વાત તો આ છે હોં! સંસારની દુકાન જો ઉથાપવી હોય, ચોર્યાસી લાખના અવતાર કરીને ભાઈ તારા હોથા નીકળી ગયા છે. આહા..હા..! એને ભૂલી ગયો માટે. જરી કાંઈક માણસ પણું મળેને કાંઈક સગવડતા પૈસાની બાયડી, છોકરાની ... ઠીકમાં થઈ રહ્યું. ઠીકમાં નથી એ અઠીકમાં છે. સમજાણું કાંઈ?

અહીં તો ભગવાનનું એમ કહેવું છે અને વસ્તુસ્થિતિ એમ છે. કે જેને રાગ, પછી રાગમાં પુણ્ય-પાપ બધા ભાવો એમાં આવી જાય છે. એ રાગ અને આત્મા, રાગ એ કર્મના નિમિત્તે થયેલું કર્મ ભાવક છે અને એની અવસ્થામાં વિકાર થાય એ ભાવ્ય છે. બેનો સંબંધ છે તે વ્યવહાર છે. એ સ્વભાવથી વિરુદ્ધભાવનો ભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! ચંદુભાઈ! સત્યને રુચવું તો પડશેને ભાઈ! કે વિકાર તો અસત્ય છે, કૃત્રિમ

છે. ભગવાન આત્માના ત્રિકાળી સ્વભાવથી દુશ્મનરૂપ વિરોધભાવ છે. આહા..હા..! ચાહે તો એ વ્રતનો વિકલ્પ હો, ભક્તિનો હો, શાસ્ત્ર શ્રવણનો હો. ભારે કામ!

ભગવાન! તારી જાત એવી છે કે એ રાગને સહન ન કરી શકે એવી ચીજ છે એ. સમજાય છે કાંઈ? એ રાગ મારો એ વાત સ્વભાવ સહન ન કરી શકે. સમજાય છે કાંઈ? આહા..હા..! વ્યવહાર રત્નત્રય હોં! આહા..હા..! આ લોકોએ એમાં જ રાડ પડે છેને. સોનગઢ. સોનગઢની ક્યાં વાત છે? ભગવાન! એ તો આત્માની વાત છે, ભાઈ! પણ એને જાણવામાં ન આવે અને નવી લાગે એટલે અહીં સોનગઢવાળાએ કાઢી છે. આહા..હા..! કેટલું લખાણ! આજ તો કેટલા પાના હતા આટલા બધા હતા. આટલા બધા હતા. મુક્યા હતા. કોક ..આવેલા. જોયા થોડા-થોડા. ત્યાં .. છે. કોક કોક પત્રમાં. કોકમાં પ્રતિકૂળ છે. બેય વાતું, બાપા! અનુકૂળ-પ્રતિકૂળ કહેવી કોને? અરે..! આંખ વડે કરીને ડુંગરને ઉંચો કરવો, આંખની પાંપણથી ડુંગર ખોદવો. એમ રાગ વડે કરીને આત્માને કલ્યાણ માનવું. આહા..હા..! સમજાય છે કાંઈ? ... આ તો શાંતિથી સમજવા જેવો માર્ગ છે, ભાઈ! આહા..હા..!

કહે છે સનેપાતિયાને જેમ વાત, પિત્ત અને કફ જ્યારે વકરીને વધી જાય ત્યારે એ ગાંડપણે દુઃખને વેદે છે, પણ છતાં દાંત કાઢે છે. એમ ત્રણનું લાવ્યાને? એમ અજ્ઞાનરૂપ એવું મિથ્યા શ્રદ્ધા, મિથ્યા જ્ઞાન અને મિથ્યા આચરણ, ચારિત્ર અને પરમાં રતિ એવું જે અંદર ત્રણનો સનેપાત એને લઈને એ સનેપાતરૂપ અજ્ઞાનરૂપ દશા એમાં એ વિકાર પરિણામ અને આત્મા બેનો આધાર એક માનીને વિકાર પરિણામ હું છું. એવી માન્યતા તે મિથ્યાદૃષ્ટિની છે. પ્રેમચંદભાઈ! આ તો સીધી વાત છે હોં! પણ માણસને સાંભળવા મળે નહિ એટલે એમ લાગે હોં! આહા..હા..!

કહે છે કે **'સામાન્ય અધિકારણથી અનુભવન કરવાથી,...'** ત્યાં સુધી આવ્યું હતું. છેને? ભાઈ તો ગયા લાગે છે. કવિ. આજ તો ગુજરાતી ચલાવશું. ઘણા માણસો છેને. સમજાય છે કાંઈ? અંદર ત્રણ લોકનો નાથ ઈશ્વર પોતે ભગવાન છે અંદર. આહા..હા..! દરેકનો આત્મા પોતે પોતાનો ઈશ્વર ભગવાન છે. એવા ભગવાનને ભૂલી અને જેની ખાણમાં, જેના ગુણમાં, જેની શક્તિમાં વિકાર નથી. એવો પુણ્ય અને પાપનો વિકલ્પ ઉત્પન્ન કરી અને એનો આધાર હું છું એમ જે માનવું, એના આધારમાં વિકાર જાણે મારાથી થયો. પણ એનામાં તો વિકાર છે જ નહિ. વિકાર મારાથી થયો એમ માનનારો આત્માને ત્રિકાળી નિર્વિકારી ન માનતા. વિકારવાળો જ એને માન્યો. ઝીણું છે, ભાઈ! આ તો મુદ્દાની રકમ વાત છે. શશીભાઈ! બહુ ઝીણું છે હોં એ. આહા..હા..! ભારે વાત કરી. ભાવ્યભાવકમાં ભેદને છુપાવી દે છે કહે છે. આહા..હા..! એ કર્મના સંગે થયેલી યોગ્યતાનો વિકાર એ વિકાર ભાવ્ય અને કર્મ ભાવક. એ બેમાં દૃષ્ટિ હોવાથી રાગ અને સ્વભાવ બે ભિન્ન છે. એવા ભાવને તે ઢાંકી

દે છે મારો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

આ લાપસી ચડતી હોયને લાપસી ચૂલે. તો ચૂલા ઉપર તપેલું હોય અને તપેલામાં ઘઉંનો લોટ નાખ્યો હોય. પછી હલાવે પછી. હજી થોડો-થોડો ચડે પછી હલાવેને? ગાંઠા ન થાય... વિકારની પાછળ ભગવાન પોતે છે એવા ભાવને ઢાંકી દે છે એ. આહા..હા..! ..દાસજી! આવી વાતું છે અહીં તો. આહા..હા..! કહો, આ તો પરમસત્ય આ છે હોં! એ ગમે તે રીતે માને લોકો, પણ વસ્તુ તો આ છે. પરમાત્માથી કહેલી અને પરમાત્મા થવાની આ વાત છે. આવું જે ન માને તે નિગોદમાં જાય એવી મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. આહા..હા..! ભારે!

કહે છે કે બેનો એક અનુભવ કરવાથી એ વિકાર અને નિર્વિકારી ભગવાન બે ભિન્ન. બેનો આધાર, બેય વિકારનો આધાર એ, કર્મ અને હું. એમ બે આધારને જાણવાથી 'હું ક્રોધ છું...' અહીંથી ઉપાડ્યું છે. એટલે? કે જે કાંઈ રાગ શુભ થયો એનાથી જુદાને, આત્મા જુદાને દૃષ્ટિમાં ન લેતા ઢાંકી દીધો એણે, રાગના પ્રેમમાં પરમાત્માને ઢાંકી દીધો છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક માણસ હતો જુવાન. એ બાઈના પ્રેમમાં ઘરમાં ઘર્યો. ઘર્યોને એને ખબર પડી કે એ ધણી આવે છે. હવે શું કરવું? એને પાઈખાનામાં નાખ્યો. આહા..હા..! એ ગંધમાં પડ્યો, પણ હવે બચવું છે. નહિતર તો આ ધણી આવ્યો એ મારી નાખશે. બાયડીને એમ થયું કે ધણી તો કઠણ છે, આકરો છે. આ તો બનેલી વાત છે હોં. આ દાખલો નથી. નાખ્યો પાયખાનામાં અંદર. આહા..હા..! ગંધ મારે. પણ બીજો શું ઉપાય? ત્યાં રહ્યા વિના ઉપાય નથી. એમ જેને ભગવાન આત્મા પ્રત્યેની રુચિ અને સ્વભાવનું ભાન નથી એ રાગના વિકારના પાયખાનામાં પડ્યો છે. .. મોઢું આમ ... આહા..હા..! સમજાણું કાંઈ? પણ બીજો કોઈ ઉપાય નથી. ચીજ તો હાથમાં આવી નથી. અંદર વસ્તુ કોણ છે ભગવાન ચિદાનંદ પ્રભુ. એ ઉપર તો દૃષ્ટિ ગઈ નથી તો ક્યાંક તો હોવાપણું તો એણે માનવું પડશેને? આહા..હા..! સમજાય છે કે નહિ? શું નામ? ભૂલી ગયા. રાજેન્દ્ર. હા. રાજેન્દ્રતા સમજે ત્યારે આની અંદર થાય. લ્યો! તમારા પિતાશ્રી કહે કે આ સમજે તો રાજી થાય. વાત તો એ સાચી ભાઈ! રાજનો રાજેન્દ્ર પ્રભુ. રાજતે શોભતે ઈતિ રાજા. પોતાના શુદ્ધસ્વભાવથી શોભે તે રાજા. એ આવે છે આપણે ૧૭-૧૮માં. ૧૭-૧૮ ગાથામાં આવે છે. શાસ્ત્રમાં બધું ભર્યું છે હો! એકેએક ગાથા. એમાં કોઈ ખામી નથી. ઓહો..હો..! દિગંબર સંતોએ કેવળજ્ઞાનના પેટ ખોલીને મૂક્યા, પણ હવે જગતને સાંભળવાની દરકાર નથી. સમજવાની દરકાર નહિ. વખત મળે ત્યારે બીજે ઉંધે રવાડે ચડી ગયો.

કહે છે એ અધિકરણ બેનું જાણે ચેતન અને અચેતન. એ અચેતન છે હોં રાગ. આહા..હા..! આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ એ ચેતન અને એ રાગનો ભાગ તે જ્ઞાનના ચૈતન્યના સ્વભાવનો

અભાવભાવ. આ ચેતન તો માટી હવે પ્રત્યક્ષ જુદી જડ છે. પણ એ દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ એ અચેતન જડ છે. એય..! કાંતિભાઈ! આકરું લાગે હોં! એ કહે છે કે **'ચેતન અને અચેતનનું સામાન્ય અધિકરણથી...'** આહા..હા..! જાણે કે રાગ પણ મારાથી થયો અને રાગને જાણવાની દશા પણ મારાથી થઈ. એમ બેને આધાર મારો છે. આહા..હા..! ભારે! **'હું ક્રોધ છું એવો પોતાનો વિકલ્પ...'** ભાષા દેખો, ઓહો..હો..! ગજબ ટીકા! અમૃતના સાગર રેડ્યા છે જેણે. દિગંબર સંતોએ એવી વાત બીજે ક્યાંય નથી હોં! સમજાણું કાંઈ? આહા..હા..! આ તો પરમાત્માના ઘરમાંથી આવેલી વાત છે. ભાઈ! તું પરમાત્મા ઈશ્વર પૂર્ણાનંદ છોને. આહા..હા..! અરે..! આટલા ક્ષેત્રમાં આવડો ઈશ્વર કેમ બેઠો? કેમ બેસે? સમજાય છે કાંઈ? પણ એને ક્ષેત્રની, લંબાઈની જરૂર નથી.

આ સાકર થાય છેને સેક્રિન. શું કહેવાય? એ આટલામાં પણ મીઠાશ બહુ હોય છે અને સાકરનો ગાંગડો આવડો હોય તો એટલો સ્વાદ હોય નહિ. એટલે સ્વાદના ભાવ માટે પહોળાઈની જરૂર છે નહિ. ક્ષેત્ર મોટાની જરૂર છે એમ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! એમ ભગવાન આત્માને ક્ષેત્રમાં વ્યાપક થાય મોટો થાય એમ નથી. એ તો આનંદના જ્ઞાનના સ્વભાવથી ભરેલો મહાવ્યાપક ભાવથી વ્યાપક છે. એવા ભાવના વ્યાપકતત્ત્વને ભૂલી અને એ રાગનો ભાગ ઉત્પન્ન થાય એ રાગને અને જાણનાર પર્યાયનો બેયનો આધાર તો હું છું. એમ માનીને ભગવાન પરમાનંદની મૂર્તિ, ક્ષમાની મૂર્તિ પ્રભુ છે. શાંતિનો સાગર છે. એનો અનાદર કરી અને હું રાગ છું એવું માને એનું નામ અહીં ક્રોધ કહેવામાં આવે છે. આહા..હા..! એણે પરમાત્મા પ્રત્યે ક્રોધ કર્યો. આહા..હા..! વ્યવહારકાંડીઓ વ્યવહારના રુચિવાળાને આ તો ઘા વાગે એવું છે. અરરર! લોકો એમ બિચારા કહે છે. જુઓને આવો હળાહળ. બે હજાર રૂપિયા સોનગઢવાળા મોકલે છે ત્યાં. ખૂબ લખાણ છે. જૈનસંદેશમાં. જાણે રામજીભાઈ પાસે કરોડો, અબજો રૂપિયા પડ્યા હશે અને બધાને મોકલતા હશે ત્યાં. આ શું કરે છે આ તે કાંઈ? આવી સજ્જનતા અને આવી લાઈન હોય? આવા માણસ ઉપર આરોપ મૂકવા અરે! ભાઈ! એમ ન હોય, બાપા! તને શું થયું આ? સમજાય છે કાંઈ?

અરે..! ચૈતન્યના નાથને આવા આરોપ નાખીને બગાડવો આત્માને. આહા..હા..! ભાઈ! તારામાં જેટલી વૃત્તિઓ રાગની ઉત્પન્ન થાય એ હું છું એમ કરીને જે એને ક્રોધ થયો સ્વભાવ પ્રત્યે. એ ક્રોધનો કર્તા થાય તે અજ્ઞાની છે. આહા..હા..! અરે..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એનો કર્તા થાય તે અજ્ઞાની એમ કહે છે અહીં તો. આહા..હા..! અરે..! ત્યારે જાવું ક્યાં ભાઈ તારે? અરે..! જાવાનો તો મોટો ભગવાન પડ્યો ત્યાં જાને. ત્યાં ઓથ મળે એવી છે. રાગમાં ઓથ-બોથ છે નહિ. આહા..હા..! એટલે કે જેની વર્તમાન રાગ ઉપર દૃષ્ટિ પર્યાયબુદ્ધિ, વર્તમાનબુદ્ધિ, વ્યવહારબુદ્ધિ, ક્ષણિકબુદ્ધિ, ખંડબુદ્ધિ. એવા જીવને અખંડપણું ચૈતન્યનું છે

એને ભાનમાં આવતું નથી. એ ત્યાં કેમકે ત્યાં એને પ્રેમ લાગ્યો છે. ત્યાંથી દૃષ્ટિ ઉપાડતો નથી. આહા..હા..! 'ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ અમે તો સાધુના સંગે ઘેલી થઈ.' અમે તો ગાંડા થઈ ગયા ભગવાનને સંગે એમ કહે છે ધર્મી. સમજાય છે કાંઈ?

ભગવાન એમ કહેતા હતા અને એ અમને જાણવામાં આવ્યું ત્યારે અમે એમ જાણ્યું અરે..! રાગને માનનારા તો ગાંડા-પાગલ છે. વ્યવહાર કરતાં-કરતાં ધર્મ થાય. દયા, દાન, વ્રત, ભક્તિ પહેલી જોઈએ અને પછી સમકિત થાય. એ બધા રાગના કરનારા કર્તા થઈ ત્રિકાળી સ્વભાવની શાંતિને ઘાત કરે છે. શાંતિનો ઘાત કર્યો એટલે એને ક્રોધ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આહા..હા..! કહે છે, આ હિન્દીમાં આવું સ્પષ્ટ ન આવે બહુ. ત્યાંથી કીધું હતું મેં મારામાં કે અત્યારે ગુજરાતી ચાલશે. હિન્દી નહિ ચાલે. આહા..હા..! ઘરગથ્થુ ભાષા એમાં નીકળવી હોય એવી નીકળે. એમાં એનું લક્ષ ન જાય. આ વસ્તુ ભગવાન આત્મા. એના આદરમાં, એના અસ્તિત્વમાં, એની સત્તાના શરણમાં ન જતાં, એ રાગનો વિકલ્પ ઉઠ્યો તેની સત્તાના સ્વીકારમાં જતાં, એ રાગનો વિકલ્પ ઉઠ્યો તેની હયાતીનું કર્તૃત્વ મારું છે. એમ માનતા, એને સ્વભાવ પ્રત્યેનો અનાદર થઈને એને અનંતાનુબંધીનો ક્રોધ ઉત્પન્ન થયો છે એને. લ્યો આજ કોઈ પૂછતું હતુંને કે આ ક્રોધ અનંતાનુબંધીનો કોને કહેવો? કોઈ પૂછતું હતું નહિ પરમ દિ'?

મુમુક્ષુ :- મનસુખભાઈ.

ઉત્તર :- મનસુખભાઈ. ક્યા મનસુખભાઈ? દાહોદવાળા. ઠીક. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! એક ચક્રવર્તી ચાલીને ઘરે મળવા આવે અને એની સામું ન જોવે અને એક ભંગ્યો પૂછવા આવે કે આજ મને પાયખાને બહુ કાઢવું પડ્યું માટે મને કાંઈક પૈસા વધારે આપજો. એના ખીજાવામાં પડ્યો રહે મારો. એમ ત્રણ લોકનો નાથ ચિદાનંદ પ્રભુ સાક્ષાત્ પ્રસિદ્ધ પોતે છે. એની સામું ન જોતાં વર્તમાન પ્રસિદ્ધ છે, પ્રગટ છે. ચૈતન્યકંદ આનંદકંદ પ્રભુ. એની સામું ન જોતા એ રાગનો, ઝેર રાગ છે, વ્યવહાર છે, ઝેર છે. આહા..હા..! એ હું છું એમ માન્યતાવાળાને કહે છે કે તને અનંતાનુબંધીનો ક્રોધ છે. કેમકે અનંત એવા આત્માના આનંદ આદિના ગુણોનો તે અનાદર કર્યો. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ સમજાય છે કાંઈ? એ આ વર્ષ બેસવાની શું કહેવાય આ? બોણી. એ સુપ્રભાત. ભલે કાલે સુપ્રભાત હોય અહીં તો સદાય સુપ્રભાત છે. આહા..હા..!

અરે..! ભગવાન! એક નાકનો મેલ કાઢીને સ્વાદ લેવો! કહ્યું હતુંને એક ફેરી નહિ? અમારે ઉમરાળામાં હતા એ. શામદાસને ન ખબર હોય. એ શામદાસ એક હતા ભાઈ સુંદરજીરૂપા હતા. એનો .. આવ્યો હતો કોક. સુંદરજીરૂપા હતા. એ સુંદરજી અમારી સાથે ભણતો. ગુંગો કાઢી દાંતમાં રાખી અને પાછો એને જીભ અડાડે. જીભ અડાડે એટલું બસ. અંદર ઓગાળે

નહિ. જીભને અડાડે. નીચે ઉતારી દેવો એવો ભાવ નહિ એનો. નાકમાંથી કાઢે અને દાંત વચ્ચે રાખી પછી જીભનું ટેરવું અડાડે. કીધું સુંદરજી! આ શું કરે છે તું આ? ભાઈ! મને ટેવ પડી ગઈ છે હોં! જરી કાઢી નાખે. વળી અડધો કલાક જ્યા અમારી નજરું આડી-અવળી જાય ત્યાં બીજો કાઢે. આહા..હા..! એ ક્યાં .. જાશે? આહા..હા..! એય..! મનસુખભાઈ! એ તમે ઓળખો નહિ. નહિ તમારે ભાવસાર? સુંદરજીરૂપા હતા. એનો દીકરો છે. એ ત્યાં ડેલા પાસે રહેતા. ડેલો છેને ...

મુમુક્ષુ :- એની દીકરી આવી હતી.

ઉત્તર :- એ હમણા આવી હતી.

મુમુક્ષુ :- કીધું.. દાખલો આપે તો કહે એ મારા દાદા થાય.

ઉત્તર :- દાદા થાય. એ ઘણું કરીને આ સુંદરજી અહીં જ રહેતા. અત્યારે જૈનશાળા કરી છેને .. પાનાચંદની સામે. એ ત્યાં એનું મકાન હતું. જૈન શાળા થઈ ત્યાં. આ તો ૭૨ વર્ષ પહેલાંની વાતું છે. આહા..હા..! અરે..! સુંદરજી! શું કરે છે તું આ? મારા ભાઈ! મને ટેવ પડી ગઈ છે હોં. એમ કહે. આહા..હા..! એમ અનાદિનો અજ્ઞાની પુણ્ય અને પાપના બે ભાવ બે નાકના ગુંગા છે.

મુમુક્ષુ :- બેય સરખા?

ઉત્તર :- બેય સરખા. સાંભળ્યું નથી પ્રવચનસારની ૭૭મી ગાથા? જે કોઈ પુણ્ય અને પાપમાં તફાવત છે એમ માને, ઘોર મિથ્યાદૃષ્ટિ સંસારમાં રખડશે. ઘોરંઘોરા. આહા..હા..! તફાવત નથી. એમ નથી માનતો એમ. તફાવત નથી. તફાવત નથી એટલે કે તફાવત નથી એટલે તફાવત નથી એમાં. પુણ્ય અને પાપ બે સરખા છે. સમજાય છે કાંઈ? ૭૭ ગાથા પ્રવચનસારની. છેને? આ તો અહીં છેને જુઓ, ૭૭ લ્યો એ આવ્યું. પાનું ફેર?

**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पूण्णपावाणं।**
**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।।७७।।**
**નહિ માનતો—એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે,**
**તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે. ૭૭.**

આહા..હા..! જે તફાવત માને છે. શુભભાવ અને અશુભભાવ બેમાં તફાવત માને છે. શુભ તે ઠીક છે અને અશુભ તે અઠીક. એ તફાવત માનનારા મોહથી આચ્છાદિત. મિથ્યાદૃષ્ટિ મોહથી ઢંકાઈ ગયા છે મારા. અહીં ભાવ્ય-ભાવકને ઢાંકી દે છે કીધુંને? આહા..હા..! ભારે કામ ભાઈ! આકરું લાગે માણસને હોં! એકલી નિશ્ચયની વાતું કહે આ. પણ એ નિશ્ચયમાં ઠરી શકે નહિ ત્યારે રાગ હોય, રાગ હોવા છતાં એ દુઃખદાયક અને ઝેર છે. એમ દૃષ્ટિમાં જ્યાં સુધી ન આવે ત્યાં સુધી એને આનંદકંદ ઉપર દૃષ્ટિ પડશે નહિ. ત્યાં રોકાઈ જશે.

આહા..હા..! જુઓને નહિ માનતો કીધુંને? પુણ્ય-પાપમાં ન વિશેષ છે. એમાં વિશેષ છે એમ માને છે. સામાન્ય છે બેય. પુણ્ય હોય કે પાપ હોય બેય બંધના કારણ છે. બેય દોષરૂપ.

યોગસારમાં તો એમ પણ કહ્યું કે પુણ્ય તે પોતે નિશ્ચયથી અનુભવની અપેક્ષાએ પાપ છે. આ ભગવાનની ભક્તિનો રાગ, એ નામસ્મરણ ભગવાનનું એ પાપ છે. આહા..હા..! કહો, સ્વરૂપચંદભાઈ! આકરી વાત છેને? હળવે કહે તોપણ એ કહે છે અને તાણીને કહે તોપણ એ છે. એ તો આ છે, ભાઈ! એ અટક્યો છે અનાદિથી ત્યાં. સમજાય છે કાંઈ? લ્યો આ ૭૭ ગાથા. ૭૭ બે સાતડા. પ્રવચનસાર. ભગવાનની દિવ્યધ્વનિનો સાર. કહે છે **'એવો પોતાનો વિકલ્પ...'** ભાષા પાછી કરી જોયું! એ પોતાનો વિકલ્પ રાગને ઉત્પન્ન કરે છે. આહા..હા..!

મુમુક્ષુ :- પોતાનો માને છેને.

ઉત્તર :- પોતાનો માને છેને? છે નહિ એનો પોતાનો. સ્વભાવનું ભાન નથી એટલે રાગ પોતાનો છે એમ માને છે. જે વૃત્તિ ઉઠે એ મારી છે. પણ વૃત્તિ વિનાની ચીજ મારી છે અંદર. એની તો જેને ખબર નથી. આહા..હા..! જિંદગીયું જાય છે, એળે જાય છે. મરણને સન્મુખ જાય છે. એ પાછા આવા અવતાર મળવા મુશ્કેલ છે, ભાઈ! એ બીજું રાજ મળવા સહેલા, અબજો રૂપિયા મળવા સહેલા. એમાં કાંઈ કોઈ નવી ચીજ નથી. આહા..હા..!

કહે છે એ **'હું ક્રોધ છું એવી ભ્રાંતિને લઈને...'** લ્યો! **'એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે;...'** એ રાગનો ભાગ, આ મારો છે, મારા આધારે થયો છે, રાગ અને હું બે ભિન્ન છું એમ નહિ, પણ બે એક છે. ઝીણી વાત, ભગવાન! તને પકડવો અને તારું કલ્યાણ એ કોઈ જુદો રસ્તો છે, ભાઈ! કરે છે તો આઠ વર્ષની બાળિકા પણ સમ્યગ્દર્શનમાં ભાન કરે. ન કરે તો કરોડપૂર્વ આઠ વર્ષનો ઓછો એટલો દિગંબર સાધુ, પંચ મહાવ્રત પાળે તોપણ કલ્યાણ થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે **'તેથી હું ક્રોધ છું એવી ભ્રાંતિને લઈને...'** છે? એ વિકલ્પ ઉઠે છે રાગ એ હું છું. એવી ભ્રાંતિને લઈને, ભ્રમને લઈને અજ્ઞાનીને **'જે સવિકાર છે એવા ચૈતન્યપરિણામે પરિણમતો...'** લ્યો ઠીક! ઓલામાં તો આવ્યું હતું કે એ માનતો. અહીં તો એ માનતો અર્થ એ માનવારૂપે પરિણમતો. એ આવ્યું હતુંને. આહા..હા..! બાપુ! ધર્મ તો કોઈ અલૌકિક વાત છે. જેણે સ્વર્ગના લોકના સ્વામી જેને સ્વીકારે એ ચીજ કેવી હશે ભાઈ! જેને વૈભવનો પાર ન મળે. જેને ઘરે એક-એક વિમાનમાં અસંખ્યાતા તો દેવ. એવા ૩૨ લાખ વિમાન. એનો એક ઈન્દ્ર. એ કહે છે કે આ વૈભવ અને આ હું નહિ હોં. સમકિતી છેને? આ હું નહિ. અને એના તરફની જતી વૃત્તિ એ હું નહિ. હું તો ચિદાનંદ આત્માનો આનંદનો ધામ જ્ઞાતા અને દૃષ્ટા એ હું

છું. સમજાય છે કાંઈ? કહો, ચંદુભાઈ! અહીં તો જરી ધૂળ સરખી હોય કાંઈક બાયડી, છોકરા અને એમાં બે-પાંચ હજાર રળતો હોય મહિને. ત્યાં તો શું જાણે આભને પાટા માર્યા. મેં શું કર્યું મેં? ધૂળેય કર્યું નથી સાંભળને હવે. કર્યું છે ઝેરના પીણા. આહા..હા..! ભગવાન આનંદનો નાથ એના તરફ ઝુક્યા વિના એ નિર્વિકલ્પ શાંતિના પીણા પ્રગટ થાય નહિ. આહા..હા..!

કહે છે કે '**એવા ચૈતન્યપરિણામે પરિણમતો...**' ભાષા કેવી લીધી પાછી? એ પરિણામ જડના, રજકણના હતા એમ નહોતું કહ્યું ક્યાંય. એ રાગના પરિણામ એ અચેતન એટલે ચેતન નહોતા એમ. એવા રાગના ભાવે, પુણ્યના ભાવે '**પરિણમતો થકો આ આત્મા તે સવિકાર ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.**' જુઓ, એ અજ્ઞાન છે, એ મિથ્યાદર્શન છે, એ સંસારમાં રખડવાનું એ મૂળિયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? માંડ વાત બહાર આવી ત્યારે મારા ભડક્યા કેટલાય. આહા..હા..! હવે એ બધા કાંઈ નથી સાંભળનારા. હવે બધા સાંભળનારા ઘણા નીકળ્યા છે. આહા..! ભાઈ! આ તારા ઘરની વાત છેને. તે તને મોટો ન માન્યો એના આ બધા વાંક છે. તે તને પરમાત્મસ્વરૂપે ચિદાનંદ તું પોતે આખો એ છું. એવું ન માન્યું એના ફળમાં રાગનું હુંપણું માન્યું છે તે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**આ આત્મા તે સવિકાર ચૈતન્યપરિણામ પોતાના ભાવનો કર્તા થાય છે.**' ભાષા પાછી કેવી જુઓને. '**એવા ચૈતન્યપરિણામે પરિણમતો થકો...**' સવિકાર ચૈતન્યપરિણામ જે રાગવાળા ભાવ એને પોતાના ભાવને કરતો થકો '**કર્તા થાય છે.**' લ્યો! કહો, સમજાણું કાંઈ? '**એવી જ રીતે ક્રોધ પલટાવીને માન,...**' એ માનનો અંશ આવ્યો એ વિકાર છે. આહા..હા..! એ માનનો આધાર હું અને માન મારાથી થયું એવી જેની દૃષ્ટિ માનના ભાવના સ્વીકારમાં છે, એ સવિકાર ચૈતન્યપણે પરિણમતો એ માનનો કર્તા થાય છે. આહા..હા..! શું કહે છે એ પકડવું કઠણ પડે. ઓલું તો કહે આ વ્રત પાળો, આ બ્રહ્મચર્ય લઈ લ્યો. સ્ત્રીને સેવવી નહિ. કોણ સેવતો હતો? સાંભળને. જડને કોણ સેવે? સેવતો હતો રાગને. અને માનતો હતો કે આ શરીર સ્ત્રીનું એને સેવું છું. કૂતરો ચાવે હાડકાને અને લોહી નીકળે બહારમાંથી (તાડવામાંથી) અને માને કે આ હાડકામાંથી લોહી નીકળ્યું છે. આ કૂતરા હોય છે કે નહિ? સૂકા હાડકા ચાવે અને દાઢમાં વાગેને લોહી નીકળે. એ જાણે આમાંથી નીકળે. ધૂળમાંય નથી સાંભળને. એમ સ્ત્રીનું શરીર લાડવા અને મોસંબી સૂકા હાડકાં છે. આ એના તરફ લક્ષ જતાં તને લોહી નીકળે તારામાંથી. એ લોહી શેનું? રાગનું. એ રાગનો અનુભવ તને છે. એ દેહનો અને મોસંબીનો નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ! આ દિવાળીમાં તો કેટલુંય ખાય લ્યો તેરશ, ચૌદશ, એકમ. જુદી જુદી જાતના પકવાન લ્યો. એ જડનો

સ્વાદ હશે?

મુમુક્ષુ :- આપ કહો છો કે કાંઈ ખાતો નથી.

ઉત્તર :- ખાતો નથી, પણ સ્વાદ પણ એનો નથી. સ્વાદ તો તેના તરફ જતાં રાગ થાય એનો સ્વાદ છે. આહા..હા..! ઓલો લોહી કાઢીને સ્વાદે છે એમ આ રાગ કાઢીને સ્વાદે છે. સમજાય છે કાંઈ? ધર્મી જીવને આનંદનો નાથ જ્યાં નજરમાં પડ્યો એને કોઈ ઠેકાણે સુખ ભાસતું નથી. એ વિષયની વૃત્તિમાં પણ ઉભો હોય છતાં તે ઉભો નથી ત્યાં. આ નહિ રે નહિ હોં. મારો આનંદનો નાથ તો અહીં છે બીજો. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ કદાચિત્ ચક્રવર્તી તીર્થંકર હોય છે. છન્નું હજાર સ્ત્રી હોય છે. છતાં એ રાગના સ્વાદના ત્યાગી છે. અજ્ઞાની હજાર સ્ત્રીને છોડે, મુનિ થાય નગ્ન દિગંબર અને અઠ્યાવીશ મૂળગુણ પાળે, એ રાગનું કર્તવ્ય મારું છે. સમજાય છે કાંઈ? એ વિકારને સેવનારા છે. આહા..હા..! ભારે કામ ભાઈ! અરે..! બાપુ! અનાદિ સંસારને ઓળંગવો એ કોઈ કળા જ જુદી છે. અનાદિ... અનાદિ... અનાદિ... સંસાર. આહા..હા..! એનો વિચાર પણ ક્યાં કર્યો છે?

એક ફેરી કહ્યું નહોતું? એક સિંહ હતો સિંહ. અજગરે પકડ્યો. માણસો નીકળતા હતા ..ઓલામાં. જંગલમાં અજગર મોટો અજગર લાંબો. એણે સિંહને અજગરે ભરડો માર્યો. કારણ કે ઓલો સિંહ ખાવા આવ્યો મારવા. આમ ભરડો મારીને બે પગ નીચે અને બે ઉપર લટકે. પગનો આધાર રહ્યો નહિ કોઈ. પછી આમ...આમ.. કરવા માંડ્યો. માથુ આમ... આમ.. કરવા લાગ્યો.. ભરડો માર્યો એવો અજગરે. ખાડો પાડી દીધો સિંહે નીચે. ભીંસ કરી કરીને. છૂટવા માટે. છેવટે એવો ભરડો લીધો કે માંસ અને હાડકા જુદા પાડી દીધા. અજગરે. આ એવા ભવ અનંતા કર્યા. ભૂલી ગયો મારો. એ જાણે કે કોકની વાત ચાલે છે આ. આવી વાતું બાપા તે અનંતવાર કરી છે. તું ભૂલી ગયો એટલે કાંઈ, ન જાણ એથી કાંઈ સાચું ખોટું પડી જાય? છ મહિનાના જન્મ કાળ પછી છ મહિના ગયા એ કેમ ગયા એની ખબર છે? ખબર નહોતી માટે નહોતું? ખબર નહોતી માટે નહોતું એમ કોણ કહે? તો તું આ ક્યાંથી થયો મોટો? સમજાણું કાંઈ? આહા..હા..! એમ અનાદિકાળના દુઃખમાં એ હતો. સમજાય છે કાંઈ? એ આ કારણે કહે છે. હું માન છું. અમે માનીએ છીએ. અમારું એક વચને અમને ન બોલાવો, બે વચને બોલાવો. આ ગરાસિયાને એવું. ફલાણાના ભા. એમ બોલાવે. અહીં તકરાર કરે છે એની. એક છોકરાએ એકને કીધું તું .. માર્યો એક ગરાસિયાનો છોકરો નામ ન લેવાય.

**'માન, માયા,...'** એમ કપટ. જેની દૃષ્ટિ વિકાર ઉપર છે. ત્રિકાળી ભગવાનમાંથી ખસી ગઈ છે અનાદિથી. એને એ માયાના, કપટના પરિણામ ઉપર એની દૃષ્ટિ છે. એટલે દૃષ્ટિ

હોવાથી માયાના પરિણામનો કર્તા થાય છે. સ્વભાવનો કર્તા તો નથી. **'લોભ,...'** લ્યો! ઈચ્છા. ઈચ્છાનો કર્તા થાય તે મૂઢ છે. આહા..હા..! 'ક્યા ઈચ્છત ખોવત સબ હૈ ઈચ્છા દુઃખ મૂળ.' ઈચ્છામાત્ર દુઃખનું મૂળિયું છે. એમ ન માનતા ઈચ્છાથી મને લાભ થાય. સમજાય છે કાંઈ? એ ઈચ્છાનો કર્તા થાય. **'મોહ,...'**નો કર્તા થાય છે. મિથ્યાત્વભાવ. અજ્ઞાન છેને અહીં તો? એ રાગનો કર્તા, દ્વેષનો કર્તા, અરે..! કર્મનો કર્તા હવે આવ્યું પાછું. એ જ્યારે રાગનો કર્તા થાય એટલે કર્મ બંધાય છે એનો કર્તા હું છું. એમ અજ્ઞાની માને છે. આહા..હા..! ભારે કામ ભાઈ ધર્મ. કાંઈ સોંઘી રીત હશે બીજી?

સોંઘી તો કીધી નહોતી વાણિયાની એકફેરી. અધમણ શાક લઈને આવેલા ગામડામાંથી. મણ લઈને. પોણો મણ ખપી ગયું હોય આઠ આના શેરે. પછી ઓલા ટુવા હોયને ટુવા અંદર કાણા ઝીણી દૂધીમાં અને કારેલામાં. રહી ગયા હોય દસ શેર. એમાં એક વાણિયો આવ્યો સરખાયનો કંજુસ. ભાઈ લ્યો લ્યો આઠ આના શેર આપ્યું છે અત્યાર સુધી. પણ હવે અમારે લઈ ક્યાં જવું ગામડામાં? જરી ટુવો છે ટુવો, પણ બે આના શેર આપીશ જાવ. દસ શેર લીધું. ઘરે જાય ત્યાં ટુવાને ઠેકાણે આખો ટુવો. કટકો પણ સારો ન મળે. સોંઘું લીધુંને? સોંઘુ લીધુંને? એ સોંઘુ થઈ ગયું મોઘું. એમ આ સિવાય કોઈ માર્ગ સોંઘો છે? એ સોંઘો વાણિયાના ટુવાની પેઠે મોંઘો થઈ પડશે સાંભળને. એવા હોય છેને વાણિયા બરાબર આમ? જરી ટુવો છે કહે છે જુઓ, પણ એ ટુવો એટલામાં નહિ. સોંસરવો છે ઠેઠ. સડી ગયેલું આખું. આહા..હા..! એમ રાગ અને પુણ્યના પરિણામથી ધર્મ માનવો એ આખો આત્મા સડી ગયો છે મિથ્યાત્વથી. સમજાણું કાંઈ? ભારે વાતું આવી! ગીરધરભાઈ! એ તમારા છોકરા કહેતા હતા. આવ્યા હતાને એ. ભાગ્યશાળી અમે હોં કે આવી વાતું. આહા..હા..! છેને? ગ્યા? બહુ પ્રમોદ બતાવતા હતા હોં. મુંબઈથી આવ્યા છેને. આહા..હા..! અમને આવી વાત કણબી થઈને અમને આવી મળી! આહા..! વાત તો એવી છે બાપા!

એ **'કર્મ,...'**નો કર્તા થાય. આવ્યું હવે જડ હોં એ કર્મ જડ. જે કોઈ પોતાના રાગનો કર્તા થાય એને કર્મનો કર્તા માને છે એ. કારણ કે મેં રાગ કર્યો તો કર્મ બંધાણુંને? રાગ ન કરત તો કર્મ બંધાત? પણ સાંભળને હવે મારા. રાગ કર્યો તારામાં અને કર્મની પર્યાય તો જડની જડમાં થઈ. એનો કર્તા કે દિ' તું આવ્યો? મૂઢ રાગનો કર્તા માનનાર કર્મનો કર્તા માને છે. **'નોકર્મ,...'** બહારના નિમિત્તો. એ નિમિત્તો મેળવી લઈએ. નિમિત્તોને મેળવવા. એ નોકર્મની ક્રિયાનો કર્તા થાય છે. આહા..હા..! આ શરીર, વાણી જુદાં આવશે. બહારના નિમિત્તો. આપણા ધર્મને માટે સારા સારા નિમિત્તો મેળવો. નિમિત્તો એટલે નોકર્મ-બહારની ચીજ. એ મેળવવાનો અભિમાની અજ્ઞાની એનો કર્તા થાય છે. આહા..હા..! આકરી વાતું ભાઈ! એ વીતરાગની વાણી આપણે ભેગી લાવો. એને મેળવો. મેળવો. ... એ વીતરાગની

વાણી જડ? આહા..હા..! ઓલા કહે અરર! વીતરાગની વાણી જડ કહે છે. પણ જડ નથી ત્યારે શું છે? પ્રવચનસારમાં તો કહ્યું છે કે એ જડ છે સૂત્ર. એનું જ્ઞાન થાય અહીં એ તો પોતાની દશા છે. એ તો જડ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વીતરાગની વાણી, તીર્થંકરની વાણી! અરર! એને જડ કહેશે એને જીભ નહિ મળે. એવી વાતું સાંભળી છે બહાર. કહેનારા છે અત્યારે એ. વાત શું? જેને જડ માનીને ચૈતન્યને માનશે એને શરીર જ નહિ મળે. જીભ ક્યાંથી લાવશે? સમજાણું કાંઈ? જેણે પરનો આશ્રય છોડીને સ્વનો આશ્રય લીધો એને શરીર જ નહિ મળે. આહા..હા..! સિદ્ધ થશે જ. આહા..હા..! અને એના આશ્રયથી લાભ માનનારા નિગોદ જશે. સમજાણું કાંઈ? અહીં ક્યાં સંતાડ્યું છે હવે ત્યાં? ઓલા માણસ નથી કહેતા કે ભાઈ છાસ લેવા જાય અને દોણી સંતાડે? કે લ્યો આવું મોટું દરરોજ બે શેર, શેર આપું છું. પણ આજ દસ શેર જોવે છે. કેમ ઘરે મામા ને મામીનું કુટુંબ બધું આવ્યું છે એટલે કઢી કરવી છે. દોણું મોઢા આગળ રાખે. આવડું ભરવું છે? કહે હા. કહો, સમજાણું કાંઈ? એમ અહીં ક્યાં સંતાડવાની વાત છે? અહીં તો આ માર્ગ છે.

'**નોકર્મ,...**'નો કર્તા થાય છે. આહા..હા..! ઓલા નિમિત્તો મેળવવા. લખે છેને ભાઈ? નિમિત્તો મેળવવા. અરે..! કોને મેળવે? પ્રભુ એ તો પરવસ્તુ. આહા..! અને એ રાગનો કર્તા .. નોકર્મનો કર્તા થાય છે. મેળવવું. સારા નિમિત્તો મેળવો. ભલે સોનગઢવાળા નિમિત્તસહિત લાભ ન થાય એમ કહે. એમ વળી લખે છે. કાંઈ વાંધો નહિ. તને ઠીક પડે એમ કહેને. બાપુ! એમાં ક્યા? એથી શું? એ તો જગતના જ્ઞેયોમાં અનેક જ્ઞેયો છે જગતની ચીજ. આહા..હા..! એ '**મન,...**'નો કર્તા થાય છે. અહીં મન છે મન. છાતીમાં વિચાર જીવ કરે ત્યારે જડ જેમ આત્મા જાણે ત્યારે આંખનો કોડો આ નિમિત્ત છે આ જડ. જડ છેને આ? જાણનાર ભગવાન ભિન્ન છે. એમ વિચારને જાણનાર ચૈતન્ય ભિન્ન છે અને એક અહીં મન છે ખીલ્યા કમળને આકારે. જડ રજકણથી બનેલું અહીં છાતીમાં. એ જડ છે. પણ જે રાગનો કર્તા થાય એ જડનો કર્તા થાય છે એમ કહે છે. આહા..હા..! મન મળે તો ક્ષયોપશમ થાય, વિચારવાનું સાધન થાય. લ્યો! મનવાળા હોય તો એને ધર્મ સાંભળવાનો યોગ રહે. આવું માનનારા મનને પોતાનું માને છે. આહા..હા..! ગજબ વાતું છે આ. અહીં તો કહે છે કે એ સાંભળવાથી લાભ નથી, મનથી લાભ નથી. આહા..હા..! ગજબ વાત છે. ચૈતન્ય સ્વભાવ ભગવાન આત્માની દૃષ્ટિ પડતા લાભ છે. બાકી હરામ છે. ત્યારે રામ જાગે, નહિતર રામ જાગતો નથી. મન મારું.

'**વચન...**' મારું. અમે બરાબર બોલી શકીએ. મોટી સભા હોય તો તાણીને બોલીએ,

થોડી સભા હોય તો હળવે બોલીએ. કોણ બોલે ભગવાન? વાણી તો જડ છે. જડને આત્મા કરે? એ તો ભગવાન તો અરૂપી છે અંદર. એ અરૂપી વાણીને કરે? આ વકીલો તો કરતા હશે કે નહિ ત્યાં? દલીલો આપે તો કોણ કરે? એ વિના ઓલા શી રીતે પૈસા આપે? એક કેસનું કહ્યું નહોતું કલકત્તામાં નહિ? એક શું હતું ક્યાંક? પૈસા રળી આવ્યા હતા. કલકત્તાનો કેસ હતો કોકનો. નહિ? એવું સાંભળ્યું હતું. કોક વાતું કરેને ત્યારે. આહા..હા..! વચનનો કર્તા થાય એ મૂઢ છે. આહા..હા..! અમે આવો ઉપદેશ દઈએ, અમે સભાને જોઈને ઉપદેશ દઈએ. ભાઈ! તને ખબર નથી. એ વાણીની કળા તો જડની છે. તે આત્મામાં શબ્દો નથી કે વાણી કાઢે અંદરથી. આ તો જડ ઉઠે છે ભાષા. આહા..હા..! એનો જે કર્તા થાય એ અજ્ઞાની છે. એમ '**કાય,...**' શરીરની ક્રિયા હલવા, ચલવાની એ મારાથી થાય છે.

મુમુક્ષુ :- પગ ઉંચો-નીચો તો કરાયને.

ઉત્તર :- હા પગ ઉંચો ઈર્યા સમિતિમાં પાઠ આવે છે શાસ્ત્રમાં. સાધુ ચાલે ત્યારે અહીં કીડી દેખે તો પગ ઉંચો કરવો લ્યો. એ તો એને એ વખતે શું થાય એમ બતાવે છે. કાંઈ પગ ઉંચો કરવો આત્માને ત્રણ કાળમાં કરી શકે નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! ભારે વાતું ભાઈ! આ તો દિવાળીના દિ' છેને બધા? લાડવા જ હોયને, પકવાન હોયને એમાં. તો પકવાન છે આ બધો.. આહા..હા..! લ્યો કાય સુધી આવ્યું. પછી.

'**શ્રોત્ર,...**' આ કાન મળ્યા તો સાંભળવાનું મળ્યું તો આટલાને લાભ થાય લ્યો! એય..! ચંદુભાઈ! એ શ્રોત્રને જેનાથી લાભ પોતાને માને એ પોતાનો માને છે. આ તો માટી-જડ છે. દ્રવ્ય ઈન્દ્રિય. ભાવેન્દ્રિય પર છે. '**ચક્ષુ,...**' આંખ. અરે..! આંખ સારી હોય તો ભગવાનના દર્શન થાય લ્યો. આંખ આમ આમ દેખાય. આમ હોય તો દેખાય નહિ બરાબર લ્યો. શાસ્ત્ર વંચાય નહિ. આંખ સ્પષ્ટ આમ. આમ કરે તો માંડ માંડ દેખાય લ્યો. આંખ સારી હોય તો દેખાય કે નહિ? એય..! હીરાભાઈ! આહા..હા..! એ શ્રોત્ર ઈન્દ્રિય મારી, મને લાભદાયક થાય. એ મારું અસ્તિત્વ એને લઈને સમજાય. આહા..હા..! ચક્ષુનો કર્તા થાય. એમ '**ઘ્રાણ,...**' રસ, જીભ-જીભ. જીભ સારી હોય તો બોલાય કેવું? અને કંઠ કેવો નીકળે! આહા..હા..! કંઠ પણ ક્યાં તારો હતો? એ તો જડ છે. કંઠ તો બધા માટી છે. તું તો ભગવાન ભિન્ન છો. આહા..હા..!

'**સ્પર્શ,...**' આ સ્પર્શ-સ્પર્શ. સુંવાળું. એવા '**સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં;...**' એટલે કે એનો કર્તા છે એમ અજ્ઞાનીનું વ્યાખ્યાન કરવું. '**અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવા.**' જેટલા વિકારીભાવના ભેદો એ બધાનો એ કર્તા થાય છે. એથી મિથ્યાદષ્ટિ છે. અહીં કર્તાકર્મ છેને? વિકારનો કર્તા થાય અને વિકાર મારું કાર્ય તે મિથ્યાદષ્ટિ સંસારમાં રજળનાર પ્રાણી છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણવચન ગુરુદેવ!)

**કારતક સુદ - ૨, બુધવાર, તા. ૦૮-૧૧-૧૯૭૨**
**ગાથા-૯૪-૯૫, પ્રવચન-૨૧૬**

આ સમયસાર. કર્તાકર્મ અધિકાર. ૯૪ ગાથાનો ભાવાર્થ. ટીકા ચાલી ગઈ. કહે છે કે આત્મા અનાદિથી પોતાના સ્વરૂપનું ભાન નહિ હોવાથી, એ આત્મા તો જ્ઞાન અને આનંદસ્વરૂપ એવી જેની દૃષ્ટિ નથી. એના ઉપર જેની દૃષ્ટિ નથી. એટલે કે જેને જ્ઞાનાનંદસ્વભાવ છું એવું ભાન નથી. એવો અનાદિનો જીવ '**અજ્ઞાનરૂપ એટલે કે મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ...**' એ અજ્ઞાનરૂપ છે. સ્વરૂપનું ભાન નથી ત્યાં રાગનું કર્તવ્ય મારું છે એવો જે ભાવ એને અહીં મિથ્યાદર્શન કહે છે. આહા..હા..! મિથ્યાદર્શન, અજ્ઞાન એ સ્વરૂપ પ્રત્યેનું ભાન નહિ એ અજ્ઞાન અને અવિરતિ-મિથ્યા રાગ-દ્વેષ પરિણામ. એ ત્રણ પ્રકારનું જે અજ્ઞાનરૂપ '**ત્રણ પ્રકારનું જે સવિકાર ચૈતન્યપરિણામ...**' વિકારસહિત એવી જે ચૈતન્યની પર્યાય. આહા..હા..! ઝીણી વાત છે ભાઈ ગાથા ઝીણી છે. એ ચૈતન્ય પરિણામ સવિકારી ચૈતન્યદશા.

'**પોતાનો અને પરનો ભેદ નહિ જાણીને...**' પોતે જ્ઞાનાનંદસ્વભાવ અને રાગાદિનો વિભાવસ્વભાવ એમ ન જાણીને. આહા..હા..! '**હું ક્રોધ છું,...**' અર્થાત્ ત્રિકાળી જ્ઞાયકભાવને ભૂલી અને એ સવિકાર પરિણામ હું રાગ છું, ક્રોધ છું એમ માને છે. આહા..હા..! પોતાનું અસ્તિત્વ જે ત્રિકાળી છે એ દૃષ્ટિમાં આવ્યું નહિ અને દૃષ્ટિમાં લીધું નહિ. એથી એને વર્તમાનમાં સવિકારી પરિણામ, વિકારસહિત જે દશા, એમાં થતો ભાવ વિકાર તે હું છું એમ માને છે. એ વિકારી પરિણામ અજ્ઞાનીનું કાર્ય, અજ્ઞાન એનો કર્તા. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ઝીણું! ભગવાનની ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ રાગ સવિકારી ચૈતન્ય પરિણામવાળો. એ રાગને જ પોતાનું સ્વરૂપ અને રાગને પોતાના લાભદાયક માને છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**હું ક્રોધ છું,...**' અર્થાત્ ત્રિકાળી સ્વભાવથી વિરુદ્ધભાવ જે વિકલ્પ રાગ-દ્વેષાદિના પરિણામ એને હું માનનારો સ્વભાવ પ્રત્યે વિરોધભાવનો કર્તા છે. પર્યાય બુદ્ધિવાળો રાગનો કર્તા છે એમ કહે છે. સમજાય છે કાંઈ? ઝીણી વાતું ભાઈ! આહા..હા..! ભગવાન એમ કહે કે અમારા પ્રત્યેનો પ્રેમ તારો રાગ. એનો પણ તું કર્તા થા એ અજ્ઞાન છે. એ જૈન નથી. આહા..હા..! ગંધ આવી કાંઈક. સમજાય છે કાંઈ? અહીં તો નાક-બાક ચોખ્ખું. ક્યાંકથી આવતું હોય તો. એમ છેને ભાઈ! કહે છે અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાશ્રદ્ધા એ રાગનો ભાગ

તે સહિત હું છું. એ રાગ જે વિકલ્પ ઉઠે પુણ્ય-પાપનો એના સહિત છું. એવી જે મિથ્યાદર્શન શ્રદ્ધા એ અજ્ઞાનરૂપ છે. એનું ભાન અને રાગનું જ જ્ઞેય કરીને રાગમાં જ અટકેલું જ્ઞાન તે અજ્ઞાન છે. અને રાગમાં આચરણરૂપ ઠર્યો એ મિથ્યા આચરણ છે. આહા..હા..! બહુ આકરું! ભીખાભાઈ! આમાં ક્યાંય...

મુમુક્ષુ :- ભીખાભાઈ પણ આકરા છેને.

ઉત્તર :- ... આહા..હા..! તારું માખણ જેવું ચૈતન્ય આનંદનો નાથ જ્ઞાનમૂર્તિ પ્રભુ. એનાથી વિરુદ્ધ એવા જે પુણ્ય-પાપનો ભાવ એ સવિકારી પરિણામ. એ સવિકારી પરિણામ ઉપર દૃષ્ટિ હોવાથી એ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યા આચરણરૂપ ભાવ એ રાગને પોતાનો વિકાર માની એ વર્તમાન વિકાર ઉપર દૃષ્ટિ હોવાથી વિકારના જ અસ્તિત્વને સ્વીકારી, અસ્તિત્વ જે છે એમ માની એ વિકારનો કર્તા અજ્ઞાની થાય છે. આહા..હા..! ચંદુભાઈ! ઝીણું ભારે બહુ! વીતરાગનો માર્ગ એટલે ચૈતન્ય વીતરાગી માર્ગ આ તો. અપૂર્વ અનંતકાળમાં કદી સાંભળ્યો અને કર્યો નહિ. માન્યતા કરી અભિમાનની. અમે કાંઈક ધર્મ કરીએ છીએ. ત્રિલોકનાથ એમ ફરમાવે છે. ભાઈ! અવિકારી તારી જાત ચૈતન્યની એને ભૂલીને વર્તમાનના સવિકારી પરિણામ પુણ્ય અને પાપના ભાવવાળા ભાવ. એ પર્યાય પરને, પોતાને એક માની અને એ રાગનો કર્તા અજ્ઞાનભાવે થાય છે.

**'ઇત્યાદિ માને છે; તેથી અજ્ઞાની જીવ તે અજ્ઞાનરૂપ સવિકાર ચૈતન્યપરિણામનો કર્તા થાય છે...'** આહા..હા..! કેમકે એની દૃષ્ટિ ત્રિકાળી ભગવાન આનંદનો નાથ એના ઉપર નહિ હોવાથી, એની દૃષ્ટિ ચૈતન્યના સ્વભાવથી વિરુદ્ધભાવ. એમાં હોવાથી. એટલા જ રાગના પરિણામનો હું કર્તા અને એ રાગ પરિણામ મારું કાર્ય-કર્મ. આહા..હા..! એ મિથ્યાદર્શન છે. ભારે ઝીણું! કહો, ડાલચંદજી! ભારે આકરું આવું! ઓલા તો કહે દયા પાળવી, ભગવાનની ભક્તિ કરવી, જાત્રા કરવી, પૂજા કરવી. આહા..હા..! ભાઈ! એ તો સવિકારી-વિકારસહિત. વિકારરહિત જે ચૈતન્ય છે એનો દૃષ્ટિમાં ભાવ ન લેતા, દૃષ્ટિમાં એનો સ્વીકાર નહિ કરતા. સવિકાર પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ થયા એ સવિકારી પરિણામ. સવિકારી પરિણામને પોતાનો માનતા, વિકાર અને સ્વભાવનો ભેદ કરી શક્યો નહિ. બેને એક માન્યા. બહુ આકરું હોં! લોકોને બિચારાને એવું લાગે છે કે આ સોનગઢની વાત. પણ સોનગઢની છે કે આ કોની છે આ જોને. અરરર!

મુમુક્ષુ :- આ જૈનની વાત હશે?

ઉત્તર :- આ તો જૈનપરમેશ્વરની વાત ત્રિલોકનાથ તીર્થંકરદેવ. હવે આની સાથે દુનિયા માર્ગને મેળવે તો ક્યાંય મેળ ખાય એવું નથી. આહા..હા..! અહીંયાં તો પોતાના વર્તમાન પર્યાયમાં, ઉપાદાનમાં નિમિત્તને લક્ષે થયેલા વિકારીભાવ, નિમિત્તથી થયેલા નહિ. નિમિત્તને

આશ્રયે, સ્વભાવને આશ્રયે અત્યારે છે નહિ. એમ અહીં આશ્રિત છે. આહા..હા..! બહુ ધુમાડો થયો છે કાંઈક. ... કાંઈ કામ હશે? ક્યાંક બહાર.

મુમુક્ષુ :- લીમડાના પાન સળગાવ્યા હોય.

ઉત્તર :- આ લીમડાના પાનની ગંધ છે. કાંઈક બળે છેને એની ગંધ છે. થવા દ્યો એ કાંઈ નહિ. આ તો જરી ઉધરસ છેને તો જીવમાં થાય ઓલું.

મુમુક્ષુ :- લીમડાના પાન બળે છે.

ઉત્તર :- હા બળે છે. એ ગંધ નહિ પાધરી આવતી પહેલેથી શરૂ થઈ છે ક્યાંકથી આવતી હતી. અહીં કહે છે કે જેને રાગની ગંધ આવે છે આત્મામાં. અને રાગનો જ કર્તા માને છે એટલે મિથ્યાદષ્ટિ છે. એને ચૈતન્ય સ્વભાવ નિર્મળાનંદ પ્રભુ એની એને ગંધ આવતી નથી. ગંધ શબ્દ શાસ્ત્રમાં હોં. અહીંથી આ શબ્દ નથી. શાસ્ત્રમાં શબ્દ. અષ્ટપાહુડમાં. અષ્ટપાહુડમાં છે. શાસ્ત્રમાં તો બધું છેને ક્યાં નથી? સમજાણું કાંઈ આહા..હા..! પ્રભુ ચૈતન્ય આનંદનો ધામ, પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનનો દરિયો છે. નજર કર્યા વિના એ દરિયો કેમ દેખાય? તેના તરફ દષ્ટિ વાળ્યા વિના એ ચીજ શું છે એ કેમ જણાય? એથી એના દષ્ટિનો વિષય જે ત્રિકાળી જોઈએ એને છોડી દઈને અનાદિથી રાગના પરિણામ પછી દયા, દાન, વ્રતના હો કે વિષય-વાસનાના હો. એ રાગના પરિણામમાં પરિણમતો. કારણ કે ચૈતન્ય સ્વભાવ ભગવાન પૂર્ણ એ રૂપે નહિ થતો. કેમકે ત્યાં દષ્ટિમાં આવડો મોટો પ્રભુ છે એ તો સ્વીકાર નથી. અને એ સ્વીકાર વિના એનું પરિણમન નિર્મળ હોઈ શકે નહિ. સમજાય છે કે નહિ? એય..! ધનપાલજી! ભાઈ આવું ભારે! આવો જૈન ધર્મ હશે! ઓલા તો કહે દયા પાળવી. આવો ભાઈ! જૈનધર્મ બાપા! આહા..હા..!

કહે છે કે ઈ અજ્ઞાનરૂપ. અજ્ઞાની જીવ તે અજ્ઞાનરૂપ. અજ્ઞાનરૂપ શું? સવિકાર ચૈતન્ય પરિણામ. આહા..હા..! એ ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો. એ સવિકાર રાગસહિત જ પરિણામ વિકારસહિત છે. એનો એ કર્તા થાય છે, એનો એ રચનાર થાય છે. એનો એ રીતે હું બન્યો છું એમ એને ભાસે છે. હું નિર્વિકારી ભગવાન આત્મા, નિર્વિકારપણે થાઉં છું એમ એને છે નહિ. આહા..હા..! મનસુખભાઈ! આવું વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે..! દુનિયાના કામ કરું એ તો અહીં છે જ નહિ, પણ અંદરમાં રાગસહિતના, વિકારસહિતના દયા, દાન, ભક્તિ, વ્રતના પરિણામ પણ એને સહિત જીવ જે માને છે એને એ વિકારસહિત પરિણામમાં બેની ભેદ કરવાની શક્તિ હોતી નથી. બેને એક માનવાની એને તાકાત છે. આહા..હા..! આમાં હિન્દી બહુ ન ચાલે હોં. આ તો ગુજરાતીમાં માંડ ચાલે આ તો. આહા..હા..! એવી ચીજ છે.

વસ્તુ છે આ શરીર, વાણી, મન તો પર છે. પરમાં પોતે નથી અને પોતામાં એ નથી.

એ તો કાંઈ કાંઈ અનંત અત્યંત અભાવ. હવે એની પર્યાયમાં નિમિત્તને લક્ષે થતો વિકારીભાવ એ ખરેખર તો ત્રિકાળી સ્વભાવ અને વિભાવ વચ્ચે અત્યંત અભાવ છે. છતાં અત્યંત અભાવ હોવા છતાં એને વિભાવને અને સ્વભાવને જુદા પાડવાની શક્તિ, સવિકારી પરિણામવાળો છું એમ માન્યું એટલે આ જુદું પાડવાની શક્તિ રહી નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! કહો એક કરોડો અને અબજો રૂપિયા રળતો હોય એક-એક મહિને અને એમાં જે રાગ થાતો હોય, એ રાગનું મારું કર્તવ્ય છે. આહા..હા..! ઓલી ક્રિયાનું બહારનું નહિ. એ તો છે જ નહિ. ભગવાનજીભાઈ! શું કહેવાય તમારી પ્લાસ્ટિકનું કારખાનું ચાલે આત્માથી એ અજ્ઞાનપણે ય નહિ, પણ અજ્ઞાનપણે આ થાય.

મુમુક્ષુ :- પણ રૂપિયા હોય તો હરખ તો થાયને.

ઉત્તર :- ધૂળમાંય હરખ ન થાય. આહા..હા..! પુદ્‌ગલ જડ વિષ્ટાનો ઢગલો મોટો છે એ તો. અરે..! જેને એના પ્રત્યે પ્રેમ છે એને ભગવાન ત્રિલોકનાથ આનંદના પ્રત્યેનું એને વેર છે. આવી વાતું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવા અજ્ઞાનરૂપ સવિકાર. એટલે દોષસહિતવાળા પરિણામ. આહા..હા..! ભગવાન તો આત્મા નિર્દોષ આનંદનો કંદ છે. એના તરફ દૃષ્ટિના અભાવને લઈ, વિકારસહિત પરિણામને પોતાના માની એનો એ કર્તા થાય છે. આહા..! **'અને તે અજ્ઞાનરૂપ ભાવ તેનું કર્મ થાય છે.'** એ પુણ્યના પરિણામરૂપી અજ્ઞાનભાવ, પુણ્યભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ એ અજ્ઞાનરૂપ ભાવ. અને અજ્ઞાનરૂપ એટલે? જેમાં ચૈતન્ય જ્ઞાનસ્વરૂપનું કિરણ નથી એમાં. સમજાય છે કાંઈ? ભારે ભાઈ આવું! આ તો ભાઈ 'અહિંસા પરમો ધર્મ.' બસ પરને ન મારવા એ પરમો ધર્મ. લ્યો! અને ભગવાનની ભક્તિ કરીએ તો આત્મા રીઝી જશે કોઈવાર. અહીં કહે છે કે ભગવાનની ભક્તિના પરિણામ ઉપર તારી દૃષ્ટિ છે. આ આકરું ભારે કામ! જરીક ઓલા સોગાનીએ એમ કહ્યું કે શુભભાવ તો ભઠ્ઠી છે ત્યાં ભડકો થયો. શુભભાવ પણ ભઠ્ઠી છે, પણ કષાય છેને, આકુળતા છેને, વિકાર છેને, સદોષ પરિણામ છેને, ઉપાધિરૂપ વિભાવભાવ છે. એ સહિત પરિણામમાં એ સહિત છું એવું જેને માન્યું છે એને વિકારસહિત પરિણામમાં હું અને પર ભિન્ન પાડવાની શક્તિ નથી. પણ બેને એક માનવાની શક્તિ અજ્ઞાન છે. આહા..હા..! અરે..! આ કરવા જેવું આ અને ક્યાંક સલવાઈ ગયો મારો કહે.

એ **'ચૈતન્ય પરિણામનો કર્તા થાય છે અને તે અજ્ઞાનરૂપ ભાવ...'** એ ભાવ કીધો વિકારી. એ અજ્ઞાનરૂપ ભાવ છે. ભગવાનની જાતનો એ ચૈતન્યની જાતનો નહિ. ચૈતન્યની જાતનો ભાવ તો જ્ઞાન, દર્શન, આનંદ આદિ પરિણતિ પર્યાય થાય એ ચૈતન્યની જાતનો ભાવ છે. સમજાય છે કાંઈ? એ ગાથા પૂરી થઈ. એ ભાવ્યભાવકની ગાથા હતી. એટલે?

હવે જ્ઞેયજ્ઞાયકની ગાથા આવે છે. સમજાણું કાંઈ? પહેલા આવ્યું હતું ૩૧માં જ્ઞેયજ્ઞાયકનો સંકરદોષ. ૩૨માં ભાવ્યભાવકનો સંકરદોષ. સમજાણું કાંઈ? ભાવ્યભાવક સમજાણું? એ તો આવ્યું હતું કાલે. ભાવક એવું જે કર્મ જડ અને એના લક્ષમાં થયેલી વિકારીદશા એ ભાવ્ય. એ ભાવ્યભાવકભાવ એની એકતાબુદ્ધિ વિકારી ભાવની સાથે એનું નામ મિથ્યાદર્શન છે. તો કરવું શું? જેને એ વિકારની રુચિ છૂટે અને વિકારરહિત હું દ્રવ્ય ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ છું એવી દૃષ્ટિ કરે એને એ કરવા જેવું આ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

## ગાથા-૯૫

तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि धम्मादी।
कत्ता तस्सुवओगस्स होदि सो अत्तभावस्स।।९५।।

एष खलु सामान्येनाज्ञानरूपो मिथ्यादर्शनाज्ञानाविरतिरूपस्त्रिविधः सविकारश्चैतन्यपरिणामः परस्परमविशेषदर्शनेनाविशेषज्ञानेनाविशेषरत्या च समस्तं भेदमपह्नुत्य ज्ञेयज्ञायकभावपन्नयोः परात्मनोः समानाधिकरण्येनानुभवनाद्धर्मोऽहमधर्मोऽहमाकाशमहंकालोऽहं पुद्गलोऽहं जीवान्तरमहमित्यात्मनो विकल्पमुत्पादयति; ततोऽयमात्मा धर्मोऽद्दनधर्मोऽहमाकाशमहं कालोऽहं पुद्गलोऽहं जीवान्तरमहमिति भ्रान्त्या सोपाधिना चैतन्यपरिणामेन परिणमन् तस्य सोपाधिचैतन्यपरिणामरूपस्यात्मभावस्य कर्ता स्यात्।

---

હવે એ જ વાતને વિશેષ કહે છેઃ-

'હું ધર્મ આદિ' વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૫.

ગાથાર્થઃ- [त्रिविधः] ત્રણ પ્રકારનો [एषः] આ [उपयोगः] ઉપયોગ [धर्मादिकम्] 'હું ધર્માસ્તિકાર્ય આદિ છું' એવો [आत्मविकल्पं] પોતાનો વિકલ્પ [करोति] કરે છે; તેથી [सः] આત્મા [तस्य उपयोगस्य] તે ઉપયોગરૂપ [आत्मभावस्य] પોતાના ભાવનો [कर्ता] કર્તા [भवति] થાય છે.

ટીકા :- ખરેખર આ સામાન્યપણે અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન-અજ્ઞાન- અવિરતિરૂપ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ તે, પરના અને પોતાના અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ રતિથી (લીનતાથી) સમસ્ત ભેદને છુપાવીને જ્ઞેયજ્ઞાયકભાવને

પામેલાં એવાં સ્વ-પરનું સામાન્ય અધિકરણથી અનુભવન કરવાથી, 'હું ધર્મ છું, હું અર્ધમ છું, હું આકાશ છું, હું કાળ છું, હું પુદ્‌ગલ છું, હું અન્ય જીવ છું' એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે; તેથી, 'હું ધર્મ છું, હું અધર્મ છું, હું આકાશ છું, હું કાળ છું, હું પુદ્‌ગલ છું, હું અન્ય જીવ છું' એવી ભ્રાંતિને લીધે જે સોપાધિક (ઉપાધિ સહિત) છે એવા ચૈતન્યપરિણામે પરિણમતો થકો આ આત્મા તે સોપાધિક ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.

ભાવાર્થ :- ધર્માદિના વિકલ્પ વખતે જે, પોતે શુદ્ધ ચૈતન્યમાત્ર હોવાનું ભાન નહિ રાખતાં, ધર્માદિના વિકલ્પમાં એકાકાર થઈ જાય છે તે પોતાને ધર્માદિદ્રવ્યરૂપ માને છે.

આ પ્રમાણે, અજ્ઞાનરૂપ ચૈતન્યપરિણામ પોતાને ધર્માદિદ્રવ્યરૂપ માને છે તેથી અજ્ઞાની જીવ તે અજ્ઞાનરૂપ સોપાધિક ચૈતન્યપરિણામનો કર્તા થાય છે અને તે અજ્ઞાનરૂપ ભાવ તેનું કર્મ થાય છે.

## ગાથા-૯૫ ઉપર પ્રવચન

હવે ૯૫. 'હવે એ જ વાતને વિશેષ કહે છે :—'

तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि धम्मादी।
कत्ता तस्सुवओगस्स होदि सो अत्तभावस्स।।९५।।

નીચે હરિગીત.

'હું ધર્મ આદિ' વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૫.

છેને એ '**अप्पवियप्पं**' ધર્માસ્તિ એક તત્ત્વ છે દ્રવ્ય જગતનું. એવા છ દ્રવ્યો. પોતા સિવાય છ દ્રવ્ય ભિન્ન છે. સમજાય છે કાંઈ? તો એ હું ધર્મ એટલે ધર્માસ્તિ દ્રવ્ય. ધર્માસ્તિ એ પદાર્થ છે.

'**ટીકા :- ખરેખર...**' યથાર્થપણે જોઈએ તો '**સામાન્યપણે અજ્ઞાનરૂપ...**' સંક્ષેપમાં અજ્ઞાનરૂપ ત્રણના પ્રકાર. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યા રાગ આચરણ. એ ત્રણનું સામાન્યરૂપ અજ્ઞાન. આ બીજી વાત આવશે હોં. ઓલી પહેલી આવી ગઈ એ નહિ. '**અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન...**' અજ્ઞાનરૂપ એવું જે '**અજ્ઞાન...**' અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાચારિત્ર. એ રૂપ '**ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્ય પરિણામ...**' શબ્દ તો એના એ છે. વિકારવાળા,

રાગવાળા, મેલ, પરિણામવાળા, પુણ્યવાળા. એવા જે '**સવિકાર ચૈતન્યપરિણામ તે, પરના અને પોતાના અવિશેષ દર્શનથી,...**' રાગ અને સ્વભાવની એક માન્યતાથી. અવિશેષ એટલે સામાન્ય, વિશેષ એટલે ભેદ. સામાન્ય દર્શનથી. રાગ અને સ્વભાવની એક માન્યતાથી. આહા..હા..! રાગ અને સ્વભાવના એક જ્ઞાનથી અજ્ઞાનરૂપ દશા અને મિથ્યાચારિત્ર એવું '**ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ તે, પરના અને પોતાના...**' સામાન્ય દર્શન, સામાન્ય જ્ઞાન. સામાન્ય એટલે એકરૂપ અને સામાન્ય રતિ એટલે લીનતા. '**સમસ્ત ભેદને છુપાવીને...**' આહા..હા..! બહુ સૂક્ષ્મ ભાઈ! દયા, દાન, વ્રતનો શુભરાગ ઉઠે એને ઈ કહે છે કે પોતાનું માની અને રાગથી ભિન્ન ભગવાન છે તેની દશાને, ભેદને છુપાવી દઈ જાણે કે વસ્તુ જ નથી આત્મા. એ રાગના ભાવથી આ ચીજ હું, પણ રાગરહિત કોઈ ચીજ મહાપ્રભુ છે અંદર. ત્રિકાળી દ્રવ્ય રહેનાર, ત્રિકાળી સ્વભાવભાવ અવિનાશીથી ભરેલો એવો પદાર્થ અને રાગની વચ્ચે જુદું પાડવાને શક્તિ નહિ હોવાથી ભેદને છુપાવી દે છે. આહા..હા..! ભગવાન જ્ઞાનમૂર્તિને રાગથી જુદો એવા ભેદને ઢાંકી દે છે અજ્ઞાની. અરે..! આવી ધર્મની દશા! આવા તો કોઈ બુદ્ધિવાળા સમજતા હશે એમ હશે? ક્ષયોપશમવાળા છે બધા આત્મા. આહા..હા..! આપણા આ બધા જજ જેવા, ડોક્ટર જેવા હોય. કોઈ બુદ્ધિવાળા બહુ ભણેલા હોય એ સમજતા હશે એમ હશે?

મુમુક્ષુ :- નકામી છે.

ઉત્તર :- નકામી છે. લ્યો ભાઈ કહે છે. વાત તો સાચી ભાઈ! આહા..હા..! જે તલવાર હાથમાં પોતાનું ગળું કાપે એ હથિયાર શું કામનું? એમ જે વિદ્યા આત્માને રખડાવે. આવે છેને નિશાળમાં. '**सा विद्या या विमुक्तये**' વિદ્યા એને કહીએ કે જેમાંથી આત્માને બંધનથી મુક્તિ મળે. બરાબર છે? આહા..હા..! એક ફેરી કહ્યું હતું અહીં ગોંડલ. ભાઈ હતાને ચંદુભાઈ. ગોંડલના પટેલ નહિ આ કેળવણી અધિકારી. ચંદુભાઈ હતા એને બિચારાને પ્રેમ હતો આમ. છેલ્લે પછી થોડું રહી ગયું. એ લઈ ગયા ત્યાં ઓલી નિશાળમાં લખેલું '**सा विद्या या विमुक्तये**' તેને વિદ્યા કહીએ કે જે મુક્તિને આપે. એટલે મુક્તિ નામ વિકારના બંધનથી છુટકારો થાય તેને વિદ્યા કહીએ. બાકી તેને કુવિદ્યા કહીએ. આ બધું ડોક્ટરનું ભણતર અને આ રામજીભાઈનું વકીલાતનું ભણતર. એય..! આ જજ છે અમદાવાદમાં. છે અહીંના પણ. એ બધા ભણતર અજ્ઞાન-કુજ્ઞાન છે.

મુમુક્ષુ :- પણ કુજ્ઞાનમાં હુશિયારી બહુ ગણાય.

ઉત્તર :- ગાંડા તો પાગલ તો સારા જ ગણેને પાગલને. પોતા કરતા પાગલ ઠીક હોય. આ હુશિયાર છે મારો. સમજાણું કાંઈ? લક્ષ્મીચંદભાઈ એક હતા એ કહેતા હતા. પોરબંદરના નહિ? કેવા? લક્ષ્મીચંદ પિતાંબર. આપણે આવતા હતા. પ્રેમ હતો એને પણ નિર્ણયના ઠેકાણા

નહિ. એ કહેતા હતા કે એક ફેરી અમારો મિત્ર હતો પાગલ હશે. લોકો કહે કે પાગલ છે અને એને પાગલના ઓલામાં હતું શું કહેવાય? હોસ્પિટલ. પાગલની હોસ્પિટલમાં હું મળવા ગયો.

મુમુક્ષુ :- ગાંડાઓની હોસ્પિટલ.

ઉત્તર :- હા, એમાં હું ગયો. એને ગાંડપણું ક્યાંથી આવ્યું? હું તો હજી આઠ દિ' પહેલા મળીને આવું છું. .. ગયા ત્યાં વાત કરતા કાંઈ ન મળે ગાંડપણું. અડધો કલાક થયો વાત એવી સરસ. અડધો કલાક જ્યાં થયો ત્યાં એક આવ્યો અંદરથી. ઓય મારો આ તો ગાંડો કહે. અડધા કલાક સુધી રિતસર વાત ચાલી. એમાં એક માર્યું ઉંધું કાંઈક. આહા..! આ તો ગાંડો મારો છે. ત્યાં બીજા માણસમાં કહે આ જુઓને આ બોલે તો બરાબર બોલે, આમ બોલે છે. પણ એક કાંઈક આવ્યું કાંઈક દાખલો દલીલ.. અંદરથી મોટો. લાકડું ઉંધુ માર્યું અંદર એકદમ. ઓહો..હો..! આ તો ગાંડો છે મારો, પાગલ છે આ તો. એમ કહે છે કે જગતની વાતું કરવા બેસે ત્યાં ડાહ્યાનો દીકરો લાગે. આહા..હા..! પણ જ્યાં અંદરમાં એક વાત આવે કે આ ધર્મ કેમ થાય? કે આ પુણ્ય કરતાં-કરતાં ધર્મ થાય. પાગલ છો મારા સાંભળ. પાગલની હોસ્પિટલમાં પોસાણો છો તું. આહા..હા..!

કહે છે કે '**સમસ્ત ભેદને છુપાવીને...**' હવે ઓલામાં ભાવ્યભાવક હતું. અહીં જ્ઞેયજ્ઞાયક. આત્મા જ્ઞાયક છે, જાણનારો ભગવાન આત્મા તે જ્ઞાયક સત્તાએ શીલ છે. જ્ઞાયક જાણવાપણે સ્વભાવ છે. અને જ્ઞેય એ દેવ-ગુરુ-શાસ્ત્ર, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, પુદ્ગલ અને જીવ બીજા આત્મા સિવાયના સિદ્ધ અને અરિહંત અને પંચપરમેષ્ઠી. એ બધા જ્ઞાનના પરજ્ઞેય છે. સમજાણું કાંઈ? '**જ્ઞેયજ્ઞાયકભાવને પામેલાં એવાં સ્વ-પરનું સામાન્ય અધિકરણથી અનુભવ કરવાથી,...**' એટલે કે જ્ઞાયકભાવ તે હું છું એમ નહિ, પણ એ દ્રવ્યને જાણતા વિકલ્પ જે ઉત્પન્ન થયો. ધર્માસ્તિકાય એ તત્ત્વ છે સર્વજ્ઞ ભગવાને જોયેલું. ચૌદ બ્રહ્માંડમાં એક ધર્માસ્તિ છે. સર્વજ્ઞ સિવાય ક્યાંય હોઈ શકે નહિ અને કોઈની સાથે મેળ કરે કે આમાં પણ કાંઈક છે. એ છે નહિ. એ ધર્માસ્તિ નામનો એક પદાર્થ છે. એ જડ અને ચૈતન્ય ગતિ કરે. સ્થિરમાંથી ગતિ કરે ત્યારે એને નિમિત્ત હોય. એ ધર્માસ્તિકાયનું જ્યારે જ્ઞાન કરે જીવ ત્યારે એ સંબંધીનો એક વિકલ્પ ઉઠે કે આ ધર્માસ્તિ છે. એ વિકલ્પને પોતાનો કર્તા માને એ ધર્માસ્તિરૂપી જ્ઞેય તત્ત્વને પોતાના જ્ઞાનમાં માને છે. તે જ્ઞેય મારું સ્વરૂપ છે. શું કીધું?

મુમુક્ષુ :- નજીવી ભૂલ છે.

ઉત્તર :- નજીવી નથી. ખબર નથી તમને. વાત કરી નહોતી? ભાવનગર દરબારની. તખતસિંહજી સૂતા હતા અંદર. એમાં એક આવ્યો વાણિયો હતો ચોર મારો ભારે. એના

એ ગામમાં રિવાજ કે આરબ લોકો રાત આખી દરવાજે બેસે. શું કહેવાય ઓલું? કાવો. ગુંદ-ગુંદ. ગુંદનો કાવો પીવે અને રાત મોઢા આગળ પાંચ-દસ આરબ બેસે. એટલે ઓલા ગરવા ન દે બીજાને. પણ ઓલો મારો એવો ચોર. ગઢ હતો ઉંચો મોટો ૨૫-૩૦ હાથ ઉંચો. એવી એક નીસરણી લઈ આવ્યો અને બીજેથી આરબ ત્યાં પીવે ભલે જાગે. ત્યાંથી મૂકીને ચડ્યો બીજે ઠેકાણેથી. એ નીસરણી ઉપાડીને પાછી અંદર મૂકી. અંદર ઉતરવું છેને. તો ત્યાં ઉતરી ગયો એ નીસરણીથી. એમાં દરબાર જ્યાં સૂતા હતા ત્યાં ગયો. તખતસિંહજી. આ અત્યારે બીજો છે. એનો બાપ કૃષ્ણકુમાર અને એનો ભાવસિંહ અને એનો ભાવ તખતસિંહ. તખતસિંહજી આવતા અમારે ઉમરાળામાં. નાની ઉંમરમાં. એ અંદરથી સોનાની ઘડિયાળ ઉંચી બહુ એ લઈ લીધી. ઓલા સૂતા હતા. લઈને પાછો નીસરણીએ ચડી ... અને ઘરે મૂકી આવ્યો. વળી લોભ લાગ્યો.

મુમુક્ષુ :- વાણિયો ખરોને લોભી હોયને જાયને.

ઉત્તર :- મોઢ વાણિયો હતો. એ ફરી ચડ્યો અને અંદર જ્યાં ગર્યો. એ તો દરબાર ખરાને એટલે ઉઘાડી તલવાર પડી હોય આમ. જોડે માથે .. ઘણા હોય. જાગ્યા. કોણ છે? તલવાર ઉંચી કરી મારવા માટે. કાપી નાખું મારા! દરબારગઢમાં તે પણ જ્યાં અમે સૂતા છીએ ત્યાં! એય..! આ ભૂલ નાની નથી. આહા..હા..! પણ એક કાઠીની બાઈ હતી. એનું નામ હતું ભૂલી ગયા. કેવી? કેસરબાઈ. હા. હા. એ સૂતી હતી જોડે. એ જાગી ગઈ. ઓલાને જ્યાં મારવા જાય ત્યાં આહા..હા..! અરે..! પણ આ ઘરમાં તો આવ્યો, પણ પાછા મારા ઘરમાં સૂતો ત્યાં આવ્યો. મારો ભારે! એય..! આ ચાલ્યો ગયો. ઓલી તો બિચારી જા, જા ભાઈ! વયો જા જા. શું લઈ ગયો? એક ઘડિયાળ સોનાની લઈ ગયો હતો મને લોભ આવ્યો ફરીને. એ અહીં થાય એવું નથી કહે છે. આહા..હા..!

ભગવાન આનંદનો નાથ ચૈતન્યમૂર્તિ પ્રભુ સાક્ષાત્ ઈશ્વર સ્વરૂપ પોતે આત્મા છે. એવા ઈશ્વરના ઘરમાં ગયો અને એ કર્તા હું નહિ. હું તો એક ઈશ્વરથી વિરૂદ્ધ એવો રાગ એ હું. એ તો ઈશ્વરનો ગુનો કર્યો એણે. સમજાય છે કાંઈ? ઓલા કહે છેને ચીભડાના ચોરને ફાંસી? એમ નથી. આતો દરબાર અનંત આનંદનો નાથ, અનંત-અનંત ગુણનો સમાજ. ઓહો..! એ ચીજ પોતે જ છે એનો અનાદર કરીને. જે એમાં નથી એવો વિકલ્પ ઉઠાવીને એ વિકલ્પનો કર્તા થાય. મહાગુનેગાર છે. એ ઝેર ચાર ગતિમાં જવાને માટે ગુનેગાર છે. આહા..હા..! એને તો ચાર ગતિનું ઝેર છે. એ દેવમાં જાય તોપણ ઝેર દુઃખ છે ઈ. આહા..હા..! આમાં કાંઈ ચાલતું નથીને. એક જણો કહેતો હતો. .. સુખે છે. મુંબઈમાં કહેતો હતો. .. અમને લાગતું નથી અમે તો બે-પાંચ હજાર પેદા કરીએ છીએ. હજાર, બે હજાર ખાઈએ અને હજાર, બે હજાર વધે. પહેલા આ તો ઘણા વર્ષ પહેલાની વાત ૧૩ની સાલની વાત છે.

૧૫ વર્ષ પહેલા. ઓલો છેને એ શું કીધું? જમુભાઈ! .. એના વેવાઈ. આ કહે છે કે પણ ભાન ક્યાં છે તને? આહા..હા..! સુખ આત્મામાં છે એને તે ઢાંકીને રાગમાં સુખ છે એ મૂઢને ભાન ક્યાં છે કે હું દુઃખી છું? સનેપાતીયો રોગે ઘેરાઈ ગયેલો અને દાંત કાઢે. હું ક્યાં દુઃખી છું? એ તો દાંત કાઢે છે. અરે..! ભાન નથી તને. આહા..હા..!

એ જ્ઞેય સર્વજ્ઞદેવ આ આત્માના જ્ઞાયકના જ્ઞેય છે. આહા..હા..! ગુરુદેવ જો કુંદકુંદાચાર્ય આદિ એ જ્ઞાયકના એ જ્ઞેય છે. એ આત્માનું સ્વરૂપ નથી. એ જ્ઞેયને માને ત્યારે વિકલ્પ ઉઠે છે. આહા..હા..! એ રાગપણે હું છું એમ માનીને એટલે હું જ્ઞેયપણે છું એમ. હું પરપણે છું. મને ગુરુએ આત્મા આપ્યો. શ્રીમદ્‌માં તો એમ આવે છે. એ બીજી રીતે આવે છે. 'તે તો પ્રભુએ આપીયો' આપે કોણ? એ તો વ્યવહારની વાત છે. અમને જેવા હતા એવો નહોતો સમજાણો એ આપે, સમજાવવામાં નિમિત્ત એટલે સમજ્યો હું મારાથી. પણ આ તો નિમિત્તે આપે મને સમજાવ્યો એટલે હું છું એવો મને બતાવ્યો એ મને પ્રાપ્ત થયો. એ આપથી પ્રાપ્ત થયો એમ કહેવામાં આવે છે. પરથી કે દિ' પ્રાપ્ત થાય? અરેરે..! ભારે! સમજાણું કાંઈ?

કહે છે એ બેનું **'અધિકરણ અનુભવ કરવાથી...'** શું કહે છે? એ દેવ-ગુરુ-શાસ્ત્ર પંચ પરમેષ્ઠી પર છે. આત્મા એનાથી પર છે. આ જ્ઞાયક છે ત્યારે એ જ્ઞેય છે. એ બેની જુદાઈને ઢાંકી દઈને. સમજાણું કાંઈ? શિવલાલભાઈ ગયા હશે બોટાદ. એમના પિતાશ્રી શ્રીમદ્‌ના ભગત હતા. નીતીનભાઈ. અને ત્યાં બહુ રહેતા. મકાન કરાવ્યા છે ત્યાં. અગાસમાં. ૧૦ની સાલમાં ચર્ચા ચાલી વ્યાખ્યાનમાં મ્યુનિસિપાલિટીના મકાન છે ત્યાં. ત્યાં દેરાસર હતું નહિને તે દિ'. કીધું દેવ, ગુરુ અને શાસ્ત્ર એ શુદ્ધ હોવા છતાં એ પર છે આત્માથી. હેં! શુદ્ધ એ પર? આત્મા પણ શુદ્ધ અને એ પણ શુદ્ધ. કહો, હવે આટલી ખબર. ત્રણ-ત્રણ કલાક સુધી ટોકરા વગાડે મૂર્તિ સામે. શ્રીમદ્‌નો ફોટો, ઘીનો દીવો અને પુસ્તક વાંચ્યા કરે આખો દિ'. એય..! સ્વરૂપચંદજી!

મુમુક્ષુ :- ત્યાં.. બધુ મોઢે બોલતા એમ કીધું.

ઉત્તર :- બધા મોઢે બોલે. ધૂળેય કાંઈ ન મળે માલમાં. શ્રદ્ધાના મોટા શલ્ય પડ્યા હોય અંદર ઉંધા. આહા..હા..! હેં! એ તો શુદ્ધ વસ્તુ છે. કોણે કીધું? કીધું પર છે કે પોતે? શુદ્ધ પોતે અને પર? અહીં કહે કે ત્રણ લોકના નાથ સિદ્ધ અને અરિહંત એ આ જ્ઞાયકથી પરજ્ઞેય છે. કહો, સમજાણું કાંઈ? એ પરથી ભેદ ન પાડતા હું ભિન્ન છું. ભેદ ન પાડતા જ્ઞેયથી મને જ્ઞાન થાય અને એ જ્ઞેય મને લાભદાયક છે એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની મિથ્યાત્વમાં છે. આહા..હા..! વીતરાગમાર્ગમાં આવું ન હોય ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- એમાં એકાદ અપવાદ તો રાખો.

ઉત્તર :- એક અપવાદ એટલે નિંદા. એક અપવાદ એટલે નિંદા નથી કહેતા? અપવાદ મારે બહુ કર્યો એણે. એક અપવાદ રાખો કે ગુરુથી કલ્યાણ થાય. એમ કહે છે. આહા..હા..! પણ તું ક્યાં નથી ગુરુ તે બીજા પાસેથી કલ્યાણ ગોતે છો? આહા..હા..! સત્ સમાગમ... સત્ સમાગમ... સત્‌થી લાભ થાય... તું સત્ છો કે અસત્? ભાઈએ લખ્યું છેને? સોગાનીએ લખ્યું છે એમાં. .. એલા તું કહે છો કે સત્‌થી લાભ થાય. તો તું સત્ છો કે અસત્? સત્ છો એનાથી લાભ થાય? તો .. તું અસત્ છો અને તારી અપેક્ષાએ એ વસ્તુ અસત્ છે. એ અસત્ છે ત્યાંથી લાભ થાય? એય..! પંડિતજી! તો આ અપેક્ષાએ સર્વજ્ઞદેવ પણ અસત્ છે. સત્ તો આ જ છે. આહા..હા..! આ તે કાંઈ વાત! આ દ્રવ્યની અપેક્ષાએ કેવળજ્ઞાનીનું દ્રવ્ય એ અદ્રવ્ય છે. એની અપેક્ષાએ એનું દ્રવ્ય છે. આની અપેક્ષાએ અદ્રવ્ય છે. આના ક્ષેત્રની અપેક્ષાએ અસંખ્ય પ્રદેશ, એની અપેક્ષાએ ભગવાનનો અસંખ્ય પ્રદેશ એ ક્ષેત્રથી અક્ષેત્ર છે. આ ભગવાન આત્મની પર્યાયમાં સ્વકાળની અપેક્ષાએ કેવળજ્ઞાનીની પર્યાય પણ અકાળ છે. અને આના અનંતગુણની અપેક્ષાએ, ભાવની અપેક્ષાએ ભગવાનના ભાવ અનંતગુણો તે અભાવ છે. આહા..હા..! ભારે કામ ભાઈ! એની અપેક્ષાએ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એના છે. પણ આની અપેક્ષાએ તો બધું અદ્રવ્ય, અક્ષેત્ર, અકાળ અને અભાવ છે. એય..! ચંદુભાઈ! આહા..હા..! અરે..! એના પોતાના.. ત્યારે તું પરના સત્‌ને ગોતવા જા અને એનાથી સત્ મળે તો તારી અપેક્ષાએ તે અસત્ છે. નથી. નથીમાંથી તને સત્ મળશે? આહા..હા..! આવી વાત છે, રાજેન્દ્રભાઈ! હા એવી કાંઈ લાલા-પોલા જેવી નથી અહીં વાત ત્યાં. અમે ભણ્યા એટલે ડોક્ટર થઈ ગયા મોટા બાપ કરતા વધારે એટલે ત્યાં વધે. એવું નથી અહીં કાંઈ પોલું ચાલે એવું. સમજાણું કાંઈ? કોક કહેતું હતું બહુ મોટી પરીક્ષા આપી છે. કોક કહેતું હતું પરીક્ષા મોટી આપી. ચંદુભાઈ કહેતા હતા. કાંઈક કહેતા હતા કોક વાતું સવારમાં.

મુમુક્ષુ :- એમાં શું છે ઘણાય પરીક્ષા દે.

ઉત્તર :- એમાં શું પરીક્ષા? એમાં ધૂળની ધૂળ જેવી વિદ્યા. એવી વિદ્યામાં આઘા ગયા. એય..! પ્રેમચંદભાઈ! આહા..હા..! તારો નાથ અંદર ચૈતન્ય એકલી વિદ્યાનો ભંડાર. ઓલામાં પણ આવે છે હોં. કેવળજ્ઞાન થાય ત્યારે પ્રભુ કેવળી કેવા હોય? તો કહે જગતની બધી વિદ્યાના જાણનાર એવો પાઠ આવે છે.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગપ્રકાશકમાં.

ઉત્તર :- હા, આવે છેને. બધી વિદ્યાના જાણનાર. આહા..હા..!

મુમુક્ષુ :- પણ એ ..ની વિદ્યા નહિ જાણે.

ઉત્તર :- જાણેને. એ જ્ઞેય છે કે નહિ? પણ પરજ્ઞેય છે. એનાથી મારે વિદ્યા છે એમ

નહિ. મારી વિદ્યા મારાથી અંદરથી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી જાતનો ઉપદેશ અને ભાઈ આ કાંઈ નવો કાઢ્યો તમે. આ બે હજાર વર્ષથી વાત ચાલી આવે છે.

મુમુક્ષુ :- બે હજારથી નહિ આ તો અનંતકાળ

ઉત્તર :- આ તો અનંતકાળનો ભાવ છે, પણ આ તો આ શબ્દો બે હજાર વર્ષ પહેલાના. આહા..હા..! અરેરે..! તારી ચીજને શું છે લાભદાયક એની તને ખબર નથી. સમજાણું કાંઈ? દિવાળીએ જ્યારે પાંચ લાખ પેદા કર્યા. આહા..હા..! ઓણ તો ફાવ્યા હોં! ફાવ્યા કે ગુમાવ્યા? આહા..હા..!

કહે છે કે '**જ્ઞેયજ્ઞાયકભાવને પામેલાં...**' આત્મા તો જ્ઞાયક છે જાણનાર અને અરિહંત, સિદ્ધ, પંચ પરમેષ્ઠી, ધર્માસ્તિ અને પરમાણુ શરીર અને કર્મ એ બધા જ્ઞેયને પામેલા છે. આત્મા જ્ઞાયકને પામેલો છે. '**એવાં સ્વ-પરનું સામાન્ય અધિકરણથી...**' જાણે કે એ ભગવાન આત્મા એના તરફનો જે રાગ ભગવાન આવા એ રાગની ઉત્પત્તિ અને મારા જ્ઞાનની ઉત્પત્તિનો આધાર હું એક જ છું. અહીં વિકલ્પ છે એનો હોં એટલું. પાઠમાં એમ છેને. વિકલ્પ. આત્મવિકલ્પ છેને શબ્દ. '**आत्मविकल्प करोति**' આત્મામાં આવા ભગવાન છે તે હું છું એવો વિકલ્પ તે ભગવાન પોતાને વિકલ્પમાં માની અને એનો કર્તા થાય છે. ધર્માસ્તિ અને અધર્માસ્તિ અને સર્વજ્ઞ પરમેશ્વર ક્યાં અહીં આવી જાય છે? એ તો જ્ઞેય તરીકે છે પણ ક્યારે? કે આત્મા એ જ્ઞેયથી કંઈપણ મને લાભ નથી. મારું સત્‌સ્વરૂપ જે ભગવાન એને આશ્રયે મને લાભ છે. આહા..હા..! એવી અંતર દૃષ્ટિ થતાં વિકલ્પ આવે એને પોતાનો ન જાણતા એને પરજ્ઞેય તરીકે એને જાણે. ત્યારે એને દેવ અરિહંતની સાચી શ્રદ્ધા થઈ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આનંદઘનજીમાં આવે છે. 'દેવ ગુરુ ધર્મની શ્રદ્ધા કહો, કેમ રહે, કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.' દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા તને ક્યાં આવશે? જ્યાં સુધી આત્મા પરથી ભિન્ન અને પોતાથી પોતાને લાભ. એવી સુશ્રદ્ધા વિના દેવ-ગુરુ-ધર્મની પણ તારી શ્રદ્ધા સાચી નથી. દેવે કહ્યું એ તને માન્ય નથી. ગુરુએ કહ્યું એનો તને સ્વીકાર નથી, શાસ્ત્ર કહે તેનામાં તારો આધાર નથી. કહો, ભીખાભાઈ! એવી વાતું છે ભાઈ ભારે આકરી! આહા..હા..! સમજાણું કાંઈ? એવા સ્વ-પરનો એકરૂપ આધાર. એટલે કે જાણે કે એ કેવળી પણ મારાથી ઉત્પન્ન થયા અને એનાથી હું ઉત્પન્ન થયો. આહા..હા..! સમજાય છે કાંઈ? પંચ પરમેષ્ઠી અને આ બાયડી, છોકરા અને કુટુંબ એ જાણે મારાથી ઉત્પન્ન થયું બધું માટે મારા. અને મારી હયાતી પણ એને લઈને છે. હું એનો એ બેની ભિન્નતાને છુપાવી દે છે મારો અજ્ઞાની કહે છે. સમજાણું કાંઈ? બેના જુદાંને ઢાંકી દે છે એ. આહા..! ભારે વાત! આવી તે વાત! ઓલું તો કલાક સાંભળવા જાય. દયા પાળી એક માણસે દયા પાળીને પરિત સંસાર કર્યો. લ્યો

હાથીના ભવમાં. મેઘકુમારના જીવે. જ્ઞાતાસૂત્રમાં આવે છે શ્વેતાંબરનું. હાથીના ભવમાં દયા પાળી સસલાની અને પછી બધા પ્રાણીની દયા મનુષ્યનો ભાવ આવી ગયો. સંસાર પરિત્યાગ. તદ્દન ગપ્પ. સમજાણું કાંઈ? અને ભગવાનના નામના શાસ્ત્ર ચડાવ્યા. ભગવાને કહ્યા શાસ્ત્ર. અરે..! આ ભગવાનના શાસ્ત્ર નહિ ભાઈ! એ તો અજ્ઞાનીઓએ કલ્પિત બનાવ્યા છે શાસ્ત્ર. આહા..હા..! ક્યાંય મગજમાં ન્યાય આવવો જોઈએ કે નહિ? પરલક્ષની દયાનો ભાવ એ તો રાગ છે. રાગથી સંસારનો નાશ, રાગ પોતે સંસાર છે. આહા..હા..!

'લોહીએ ખરડ્યું લૂગડું લોહીએ સાફ થાય.' એમ રાગના ભાવથી રાગનો નાશ થાય (એમ નથી). ચંદુભાઈ! એય..! સ્વરૂપચંદભાઈ! વાત આવી છે, ભાઈ! આ તો પરમાત્માના ઘરનું સ્વરૂપ આવું છે. પરમાત્માની વાણીમાં એમ આવે? કે પરની દયા પાળતા સંસાર ઘટી જાય. ત્રણ કાળમાં નહિ. એ અજ્ઞાનીની વાણી છે. મિથ્યાદૃષ્ટિની વાણી છે. એ શાસ્ત્ર મિથ્યાદૃષ્ટિએ બનાવ્યા છે. સમજાણું કાંઈ? એય..! અહીં તો આ છે ઉઘાડું ભાઈ. કાંઈ ગુપ્ત રાખવા જેવું નથી. આહા..હા..!

અહીં કહે છેને કે જ્ઞેય અને જ્ઞાન બે જુદાં છે. એ જુદાં ન માનતા જ્ઞેય રાગપણે એ જ્ઞાનનું જ્ઞેય છે. એ રાગમાં છ દ્રવ્યનો વિચાર આવતા જે વિકલ્પ ઉઠ્યો. એ વિકલ્પને ઉપચારથી એ જ છ દ્રવ્ય માનીને એ વિકલ્પ મારી ચીજ છે અને વિકલ્પનો હું કર્તા છું. એમ માનનાર છ દ્રવ્યને પોતાના માને છે. અને પોતાને છ દ્રવ્ય સ્વરૂપે માને છે. પણ મારું જ્ઞાયકસ્વરૂપ ભિન્ન છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! આ ભક્તિમાં ગુંચાઈ ગયેલા, દયા-દાનમાં ગુંચાઈ ગયેલા, તપમાં, જાત્રામાં (તેને) ભારે ઘા પડે આ તો હોં! પડેને ઘા ભલે પડે. અહીં તો બે ભાગ જુદાં પાડવા છેને. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે બે સ્વ-પર. સ્વ એટલે જ્ઞાયક. પર એટલે રાગથી માંડીને છ દ્રવ્ય. છ દ્રવ્યમાં ભગવાન આવ્યા કે નહિ? છ દ્રવ્યમાં પંચ પરમેષ્ઠી આવ્યા કે નહિ? આહા..હા..! અને એની વાણી? એ પરદ્રવ્યમાં આવે કે નહિ? જે કોઈ જ્ઞેયને અને જ્ઞાયકને એક માને છે. એટલે કે જ્ઞેયથી મારા આત્માને અંદર જ્ઞાન થાય છે. અથવા એ જ્ઞેય જે વિકલ્પ છે તે જ હું છું એટલે કે પરદ્રવ્ય છે તે જ હું છું એમ માનનારા આત્માના સ્વરૂપનો ઘાત કરે છે. પોતાની જીવનજ્યોત જ્ઞાયકભાવ એનો એ અનાદર કરે છે. મોટો હિંસક છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એ હિંસામાં ધર્મ માનનારા છે. ઈ વિકલ્પ ઉઠ્યો એ પરદ્રવ્યને લક્ષ કરીને કે આ ભગવાન, આ ગુરુ, આ શાસ્ત્ર, આ... આ... એ વિકલ્પ મારો એમ માનનાર પરને જ પોતાનો માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આવા સમય-ટાણા આવા મહા. ભાઈ! એ ચક્રવર્તીના રાજ મળવા સહેલા, પણ આવી વાતું મળવી દુર્લભ છે. ભાઈ! અને એ વાત મળી ત્યારે કહેવાય, એ ભિન્ન પાડીને ભાળે તો વાત મળી કહેવાય. આ તો જ્ઞેય

છે. એ પરજ્ઞેય છે. સ્વજ્ઞેય તો જ્ઞાયક છે. પરજ્ઞેય છ દ્રવ્ય બીજી ચીજ છે. સ્વજ્ઞેય તો જ્ઞાયક છે. પરજ્ઞેય તો છ દ્રવ્ય છે. એમાં સ્ત્રી, કુટુંબ, પરિવાર બધું આવી જતું હશે કે નહિ? તો ઓલા હીરાભાઈ મારો દીકરો આવી જતો નહિ હોય? આહા..હા..! એ હીરાભાઈ સંબંધીનો વિકલ્પ ઉઠેને કે આ હીરાભાઈ. એ મારો. એવો વિકલ્પ ઉઠે એને પોતાનો માન્યો એ પરને પોતાનું માન્યો છે. કહો, બલુભાઈ! ભારે કામ ભાઈ! અંદરમાં છોકરાઓ રળે અને પોતે નિવૃત્તિ લઈને બેઠો હોય, પણ અંદરમાં એ રળે ત્યારે સંતોષ થાય સાંભળીને. પરને પોતાનો માને છે. એ હું જ ત્યાં કરું છું એમ કહે છે. એય..! મનસુખભાઈ! ક્યાં ગયો નટુ? સમજાય છે કે નહિ? આ બધા દિવાળીના દા'ડામાં...

મુમુક્ષુ :- આપના દર્શન કરવા આવ્યા.

ઉત્તર :- દર્શન કરવા. પહેલા એકલો આવતો મનસુખ. આ બે જુદાં પડ્યા તો બે આવ્યા. બે દુકાન છે. આહા..હા..!

કહે છે પોતે જ્ઞાયક ચૈતન્યજ્યોત અને જ્ઞેય એ છ દ્રવ્યો જ્ઞેય. છ દ્રવ્યનું લક્ષ જતાં પોતાને જે ભૂલી જાય કે હું એક જ્ઞાયક અને જ્ઞાતા છું એમ ભૂલી જાય એ વિકલ્પને જ પોતાનો માને છે. સમજાણું કાંઈ? એ વિકલ્પને પોતાનો માને એટલે કે પરદ્રવ્યને જ પોતાનું સ્વરૂપ માને એ વિકલ્પથી લાભ થાય અને વિકલ્પ તે પર એમ ન માનતા વિકલ્પથી લાભ થાય એમ માનનાર પરદ્રવ્યથી લાભ થાય એમ માનનાર પરદ્રવ્યને જ પોતાનું સ્વરૂપ માને છે. આહા..હા..! પણ કાંઈક ખાવા-પીવાની સગવડતા હોય, નિરોગતા શરીર આદ્ય ખલું ધર્મ સાધનં. જુઓ. સમયસારમાં કહ્યું ભાઈ ઠીક હોય તો ધર્મ થાય. કહો, એમ માનનારા પરજ્ઞેય છે તેને જ પોતાનું સ્વરૂપ માને છે. હું સ્વજ્ઞેય જ્ઞાયક છું એને જુદો માનતો નથી. આહા..હા..! આવી ધર્મની રીત ભારે આકરી કહે છે. વીતરાગના માર્ગની રીત તો આ છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ. આહા..હા..! સમજાય છે કાંઈ?

એ તીર્થંકરને જાણવા, માનવા એ તો પોતાના ભાનથી માને, પરથી જુદો પડ્યો હોય ત્યારે માન્યો કહેવાય. સમજાણું કાંઈ? ધર્મને માન્યો ત્યારે કહેવાય કે વીતરાગ ભાવ, રાગથી જુદો પડી વીતરાગભાવે પરિણમે ત્યારે એણે ધર્મને માન્યો અને ધર્મને જાણ્યો. આહા..હા..! આ તો મારા એકલી સત્યની વાતું કરે, પણ થોડી વ્યવહારની ખોટી તો નાખો અંદર. ઉપાદાનથી થાય, નિમિત્તથી કાંઈ ન થાય. આ શું માંડી છે તે આ? કે પરજ્ઞેયથી તારામાં કાંઈ ન થાય એમ નિમિત્તથી કાંઈ ન થાય એમ તો કહે છે. નિમિત્તથી કાંઈ મારામાં થાય એ પરદ્રવ્યને અને પોતાને બેને એક માને. જ્ઞાયક અને જ્ઞેય એક માને છે. આહા..હા..! કહો, ત્યાં પણ વાંધા ઉઠાવે. એકાંત ઉપાદાનથી કહે છે, એકાંત નિશ્ચયથી કહે છે. એકાંત આજે આવ્યું હતું .. એકાંત કહેતા હતા ભાઈ. ..કવિના .. એકાંત આ છે એમ આવ્યું. એકાંત એટલે સમ્યક્

એમ. સત્ય એમ આવ્યું હતું. એને બિચારાને નરમ પડ્યો એ જરી. કે અરે..! હું તો રઝળી મર્યો. ક્યાંય સલવાઈ ગયો હતો. આજે આવ્યા હતા. ગયાને અત્યારે. પુસ્તક આપ્યા બે-ત્રણ. વાંચો બાપા ભાઈ! આહા..હા..! મારા જાણીને માને અને તારા જાણીને તોડો. ... આહા..હા..! પોતાનું સત્ તો જ્ઞાયક સત્ છે. એ પરજ્ઞેય પોતાનું સત્ છે?

કહે છે કે સામાન્ય આધાર. એ પરદ્રવ્યની ઉત્પત્તિ મારાથી અને પરદ્રવ્યથી મારી ઉત્પત્તિ અને મારી હયાતી પરને લઈને અને પરની હયાતી મારે લઈને. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? **'એમ સામાન્ય અધિકરણથી અનુભવન કરવાથી, હું ધર્મ છું,...'** ધર્મ એટલે ધર્માસ્તિકાય. એક ધર્માસ્તિકાય દ્રવ્ય છે એનો વિચાર કરતા વિકલ્પ જે ઉઠે એ વિકલ્પમાં એક-મેક થાય એ ધર્માસ્તિકાયને જ પોતાનું માન્યું છે. સમજાય છે કાંઈ? ધર્માસ્તિ નામનો એક પદાર્થ છે. સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલો એક પદાર્થ છે. એનું આ શાસ્ત્ર વાંચતા-સાંભળતા ધર્માસ્તિકાય સંબંધીનો વિકલ્પ ઉઠે કે ધર્માસ્તિકાય આવો-આવો. એ વખતે હું જ્ઞાતા-દૃષ્ટા છું એ ભૂલી જાય. વિકલ્પ મારો નહિ. તો એને ધર્માસ્તિકાયને જ પોતાનું સ્વરૂપ માન્યું છે. આહા..હા..!

**'હું અધર્મ છું,...'** બીજો એક ... દ્રવ્ય છે. ગતિ કરતા પદાર્થ સ્થિર થાય તેમાં નિમિત્ત થાય. એ જ અધર્મનો વિચાર કરતા ગતિમાં, સ્થિરતામાં એ નિમિત્ત છેને? તો એને લઈને હું સ્થિર રહી શકું અને એ મારે લઈને એ મારું નિમિત્ત દ્રવ્ય છે. મારે લઈને એ દ્રવ્ય છે નિમિત્ત. એમ અધર્મના વિકલ્પને પોતાનો માને એને અધર્માસ્તિકાયને જ પોતાનો માને છે એમ કહે છે. સમજાણું કાંઈ? એમ **'હું આકાશ છું,...'** સર્વવ્યાપક આકાશનો વિચાર કરતાં વિકલ્પ આવે એને જ આકાશ માનીને. એટલે આમાં આકાશ તરીકે અહીં આવતો નથી. એ સંબંધીનો વિકલ્પ આવે એને પોતાનું કર્તૃત્વ માને એ આકાશને જ પોતાનું સ્વરૂપ માને છે.

**'હું કાળ છું,...'** છ દ્રવ્યમાં એક કાળ છેને? અસંખ્ય કાળાણુઓ. એ કાળનો વિચાર કરતાં વિકલ્પ ઉઠે તે કાળસંબંધી એને વિકલ્પને જ કાળ કહીએ. એ વિકલ્પને પોતાનો માને એ કાળને પોતાનો માને છે. બે બોલ સારા છે બીજા. આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ - ૩, ગુરુવાર, તા. ૦૯-૧૧-૧૯૭૨**
**ગાથા-૯૫, પ્રવચન-૨૧૭**

૯૫ ગાથા ચાલે છે. ૯૪માં ભાવ્યભાવકનો અધિકાર હતો. એટલે કે આત્મા પર્યાયમાં યોગ્યતા કર્મના નિમિત્તનું ભાવકપણું અને એની યોગ્યતાનો વિકારભાવની યોગ્યતા. એ ભાવ્યને, ભાવકને પોતાની ચીજ માને છે. અજ્ઞાની ક્રોધ, માન, રાગાદિને પોતાના માને છે તે અજ્ઞાન છે. કર્મના સંગે ઉત્પન્ન થયેલો વિકારીભાવ એ મારું સ્વરૂપ છે અને એ મારું કર્તવ્ય છે. એ અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. એનાથી જુદો પડીને જ્ઞાયકભાવ એ મારી ચીજ છે એમ જેની દૃષ્ટિ થાય ત્યારે એને જ્ઞાન અને આનંદની પર્યાય પ્રગટ થાય એ એનું કર્તા અને એ એનું કર્મ છે. ભારે!

હવે આ ૯૫માં છ દ્રવ્ય જ્ઞેયજ્ઞાયકભાવ. આત્મા તો જ્ઞાયકસ્વરૂપે છે ચૈતન્યસ્વરૂપ. એનું હોવાપણું પોતાથી જાણકસ્વભાવથી હોવાપણે છે. અને બીજી ચીજો એના સિવાય આમાં જણાય એવા જ્ઞેયસ્વભાવે છે. એમ ન માનતા એ ધર્માસ્તિકાય એક દ્રવ્ય છે જે સમયે એ શાસ્ત્રમાં વાંચવામાં આવે ત્યારે એનો જે વિકલ્પ ઉઠે આ ધર્માસ્તિકાય છે. એ વિકલ્પને કાળે પોતાના જ્ઞાયકભાવને ન માનતા, ન જાણતા, ન જોતાં. એ વિકલ્પ જ મારું સ્વરૂપ છે એમ માનનાર ધર્માસ્તિકાયને જ પોતાની માને છે. ભારે ઝીણું! એમ અધર્માસ્તિ, કાળ અને આકાશ કાલે (ચાલી) ગયા છે.

'હું પુદ્ગલ છું,...' આ શરીર, વાણી, મન, કર્મ એનો વિચાર કરતાં જે વિકલ્પ ઉઠે છે એ વિકલ્પને પોતાનો માનવો એણે જડ પુદ્ગલને જ પોતાના માન્યા છે. એ જ્ઞેય તરીકે છે એમ ન માનતા. તેના નિમિત્તે થતા વિકલ્પ રાગ એક રજકણનો પણ વિચાર કરતાં, ક્વચિત્ મહાસ્કંધનો વિચાર કરતાં રાગનો અંશ વિકલ્પ થાય એ કાળે હું એનાથી ભિન્ન છું એમ ભાન ન કરતાં. રાગ હોય છતાં હું તો જ્ઞાયક. રાગમાં ગયા વિના મારા સ્વરૂપમાં રહીને ... રાગનો પરજ્ઞેય તરીકે જાણનાર છું. આહા..હા..! એમ ન માનતા પુદ્ગલ સંબંધીનો વિકલ્પ જે ઉઠે એને પોતાનું કર્તવ્ય માને અથવા એનો કર્તા થઈને કર્મ માને મારું. એ અનાદિનું સંસારનું અજ્ઞાનપણું છે. કહો, સમજાણું કાંઈ? વ્યવહારની વાત શાસ્ત્રમાં આવે. પણ આવે એના વિચારકાળે એના સંબંધી પરતરફનો વિકલ્પ જ ઉઠે પરદ્રવ્યને જાણે માટે. પણ એ વિકલ્પકાળે હું એક જ્ઞાતા-દૃષ્ટા છું એવું ભૂલીને વિકલ્પને પોતાનું કર્તવ્ય માને એ પુદ્ગલને

જ પોતાનું માને છે. સમજાણું કાંઈ?

'હું અન્ય જીવ છું,...' હવે અહીં આવ્યું. લક્ષમાં નિગોદના જીવ અનંત છે એ આવ્યા લક્ષમાં. નિગોદના જીવ. તો એને વિકલ્પ ઉઠ્યો કે આ જીવ છે અનંત. એ મારે દયા પાળવા જેવા છે. એવો જે વિકલ્પ ઉઠે અને એ વિકલ્પનું કાર્ય મારું અને એની દયા પાળવાની મારી ફરજ છે. આહા..હા..! એ મિથ્યાત્વભાવ છે.

મુમુક્ષુ :- વાણિયાને દયા પાળવાની ના પાડે છે?

ઉત્તર :- પાળવા, ન પાળવાની વાત (નથી). આ તો પાળવાનો જે ભાવ છે એ રાગને પોતાનો માની રાગ કર્તવ્ય મારું છે એ પરજીવને જ પોતાનું માને છે. આહા..હા..! એ તો હજી ઠીક જ્ઞાન થતું નથી. અહીં તો .. અને દેવ સુધી આવે છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, નાત, જાત, દેશ. અને આ આત્મા હોં. જીવો એના. આત્મા.. તેના જીવો.. એ સંબંધી વિચાર કરતાં જે રાગ ઉઠે, વિકલ્પ ઉઠે. એ વિકલ્પના રાગના કાળમાં હું એનો જાણનાર ભિન્ન છું એમ ભૂલીને એ રાગને જ પોતાનું કર્તવ્ય માને એ પરજીવને અથવા પરદેશને અથવા એ સ્ત્રીના આત્માને, પરના આત્માને પોતાનો માને છે. એ કીર્તિકુમારને દેખીને ... બધા. એવું જ પોતાના શરીર જેવો એનો આકાર હોય. મોઢું, શરીર બધો આકાર એવો હોય પછી પોતાના માનેને? આ શરીરને પાછું પોતાનું માને પછી એને પણ પોતાનું માને. કહો, સ્વરૂપચંદભાઈ! ભારે આકરું! મિથ્યાત્વભાવ છે એ તો.

મુમુક્ષુ :- દીકરાને દીકરો માનવો એ મિથ્યાત્વભાવ?

ઉત્તર :- દીકરો કે દિ' હતો? સુમનભાઈનો આત્મા અને એનું શરીર એ તો કાંઈક જુદી ચીજ છે. રામજીભાઈને ઘરે ક્યાંથી ગરી ગયો અંદર?

મુમુક્ષુ :- તો પછી શું કરવા અહીં આવ્યો?

ઉત્તર :- એ તો એને કારણે આવ્યો? તમારો છે ક્યાં એ? તમારી પાસે ક્યાં આવ્યો છે એ? એનું ક્ષેત્રાવગાહ કરીને એને કાળે ત્યાં આવ્યો છે. એનો વિચાર કરતાં જે વિકલ્પ ઉઠે એ વિકલ્પને કાળે, વિકલ્પથી ભિન્ન મારી ચીજ છે એવું ભાન નથી એને એ વિકલ્પ પર છોકરાને પોતાનો જ માને છે. આહા..હા..! મારો વારસો રાખશે.

મુમુક્ષુ :- વારસો તો ન રાખે, પણ વંશ તો રાખે.

ઉત્તર :- વારસો અને વંશ એક છે. શું હશે? મોહનભાઈ! એક જ છે વારસો. આહા..હા..! તારો વારસો પરદ્રવ્ય રાખે? મારી વંશ પરંપરા મારો દીકરો છે તો રાખશે અને એ દીકરો પાછો બીજા દીકરાને ... ઉપર આવે એટલે નહિતર મનુષ્યની ધારાવાહી જે શ્રેણી ચાલે છે એ ટૂટી જાય. માટે મારો દીકરો મારો વંશ રાખશે, એનો દીકરો એનો વંશ રાખશે. ચંદુભાઈ! મૂઢ છે કહે છે. વંશ તારા દીકરામાં ગરી ગયો વંશ તારો? સમજાણું કાંઈ? અને મેં જે

રીતે દુકાન અને ધંધા ચલવ્યા એ જ રીતે હવે છોકરા ચલવે છે.

મુમુક્ષુ :- એથી વધારે સારો ચલવે છે.

ઉત્તર :- એથી વધારે સારા પણ હોય. સારા એટલે? સારા એટલે શું? કોકને વધારે કમાણી હોય લ્યોને બાપ કરતા છોકરાને. તેથી શું થયું પણ? એ તો પૂર્વના પુણ્યને કારણે એવો યોગ હોય, પણ એ મારા છોકરા માટે એને એની કમાણી વિશેષ દેખીને ખુશી થવું એ પરને જ પોતાનું માને છે કહે છે. બરાબર હશે? રાજેન્દ્રભાઈ! આહા..હા..!

અહીં તો એથી આઘી વાત છે. દેવ અને ગુરુનો જે આત્મા છે એ આનાથી પર છે. પણ એ દેવ અને ગુરુથી મને લાભ થશે. અથવા દેવ અને ગુરુનો વિચાર કરતાં એને જે વિકલ્પ ઉઠ્યો છે એ મારો વિકલ્પ છે. એણે દેવ, ગુરુને જ પોતાના માન્યા છે. પોતાના માને દેવ-ગુરુને તો રાગ કહેવાય.

મુમુક્ષુ :- ગૃહીત મિથ્યાત્વમાંથી બચે.

ઉત્તર :- ગૃહીત મિથ્યાત્વ, આ તો અગૃહીત મિથ્યાત્વ છે. એ ગૃહીત .. કુગુરુ અને કુશાસ્ત્ર એવા અવતાર થાય અને એ માને કે આ અમારા ગુરુ છે. આહા..હા..! મારા ગુરુ એટલે શું? એ સંબંધીનો વિકલ્પ ઉઠ્યો એ તો પર છે. આહા..હા..! અને પરદ્રવ્યને અનુસારે તો રાગ જ ઉઠે. અને એ રાગને પોતાનો માને તો એ ગુરુ અને દેવ એ મારા આત્મા છે, એ મને લાભદાયક છે એમ માનનારા પણ મિથ્યાદૃષ્ટિ છે. ભારે કામ ભાઈ!

મુમુક્ષુ :- ...છ દ્રવ્યને માને.

ઉત્તર :- એ ગૃહીત મિથ્યાત્વ ગયું, પણ અગૃહીત રહ્યુંને પાછું. એય..! આહા..હા..!

જ્ઞાયક સ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત. ચૈતન્ય અરિસો. એમાં એ ચીજ જણાય એ પોતામાં રહીને એને જાણે એ જુદી વાત છે, પણ પોતે છું જે જ્ઞાયક એને છોડી દઈને. આનાથી મને લાભ થશે. એ મને સહાયક છે. મારા જ્ઞાનની આવી દશામાં એ મને મદદગાર છે. એમ કરીને પણ એ પરને જ પોતાનું માને છે. કહો, ...! આ તારા દાદા શું કરતાં હશે? ... આહા..હા..! ભાઈ! એ તો જ્ઞેય છે, પરજ્ઞેય છે. દેવ-ગુરુ એ પરજ્ઞેય છે. એને ઠેકાણે એનાથી મને લાભ થાય, પરદ્રવ્યથી મને લાભ થાય અને પરદ્રવ્યનું બહુમાન કરવાથી જે ઉઠ્યો વિકલ્પ, એ વિકલ્પ મારાથી ભિન્ન છે. હું તો જ્ઞાયક છું. એવું જેને ભાન નથી એ પરદ્રવ્યને જ પોતાનું માને છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'હું અન્ય જીવ છું...' એમ કહ્યું છેને? આહા..હા..! ચંદુભાઈ! આવું આકરું કામ ભારે ભાઈ આવો માર્ગ! વીતરાગનો આવો માર્ગ! આહા..હા..! વીતરાગ એ પોતાનું વીતરાગ સ્વરૂપ. એમાં જે રાગ થાય એને પોતાને લાભ માને એ વીતરાગ માર્ગ નહિ. એ અજ્ઞાનીનો માર્ગ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ત્યારે એકેન્દ્રિયમાં, નિગોદમાં અનંત જીવ છે. એવું જ્યારે

સાંભળે ત્યારે એને એમ થઈ જાય કે આ તો અનંતા જીવો દયા પાળવા માટે છે. એમ નથી. એ અનંત જીવો પરજ્ઞેય છે. જાણવામાં પોતે પોતાને જાણતા પરને જાણવાની પર્યાય જે પોતાની છે. એમાં એ આત્મા છે. એમાં પરને પાળવું એ તો અહીં વાત રહેતી નથી. પણ શાસ્ત્રમાં જ્યાં આવે એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય જીવો, ... એ જીવો મારે પાળવા જેવા, રાખવા જેવા, રક્ષા કરવા જેવા છે. પરદ્રવ્યની રક્ષા થાતી હશે.

મુમુક્ષુ :- અભયદાન તો..

ઉત્તર :- ધૂળેય નથી. અભય તો એને ન મારવાનો ભાવ છે એનું નામ અભય છે. સમજાણું કાંઈ? અને એને મારવાનો ભાવ એ રાગ અને વિકલ્પ છે. પણ મારી શકું છું પરને, એને હણી શકું છું, એની દયા પાળી શકું છું. એમ માનનાર પરદ્રવ્યને જ પોતાનું માને છે. ચંદુભાઈ! આવો માર્ગ છે આ. માર્ગ તો એવો છે.

'હું અન્ય જીવ છું...' જોયું! અન્ય જીવમાં દેવ, ગુરુ અને શાસ્ત્ર પુદ્‌ગલમાં જાય છે. શાસ્ત્ર જે છે સમયસાર આદિ પુસ્તકો. એ તો પુદ્‌ગલ છે. એ પુદ્‌ગલનો વિચાર કરતાં જે વિકલ્પ ઉઠે એને માને કે મને લાભ થયો એ પરચીજ પુદ્‌ગલને જ પોતાનું માને છે. ન્યાયથી તો સમજવું પડશે. આ તો લોજિકથી, યુક્તિથી, ન્યાયથી તો વાત છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અનંત-અનંત કેવળીઓ, તીર્થંકરો પ્રભુ એમ કહેતા આવે છે અને એમ વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! આ તો કેવળજ્ઞાની પરમાત્મા એને દેખીને જે વિકલ્પ ઉઠે. પરદ્રવ્ય છે એટલે વિકલ્પ ઉઠે કે નહિ એના ઉપર બહુમાન કરતા. અને એ વિકલ્પને જ પોતાનો માનવો એ પરને જ પોતાનું, કેવળીને પોતાનું સ્વરૂપ માને છે. એ જ્ઞેય તરીકે છે ફક્ત. જ્ઞાનમાં એ તો જ્ઞેય તરીકે છે. એને ઠેકાણે આ .. એય..! મનહર! હૈદરશા મારા દેવ. એ તો ક્યાંય મહામિથ્યાત્વ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વર સાચા સત્‌સ્વરૂપ. એનું આમ લક્ષ જતાં એ પરદ્રવ્ય અનુસારી વૃત્તિ તો ઉઠે. તે વૃત્તિને ભેદ જુદો ન પાડતાં. આહા..હા..! એ વિકલ્પથી મારી ચીજ ભિન્ન છે એવો હું છું. એમ ન માનતા એ કેવળજ્ઞાનીને મેં દીઠા અને મને વિકલ્પ આવ્યો એ ખોટી વાત. અને વિકલ્પ આવ્યો એ મારી ચીજ છે એ ખોટી વાત. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? શાસ્ત્રમાં તો એવું આવે છે. .. આયુષ્ય પૂરું થાય. ..લાંબુ આયુષ્ય હોય છે. અસંખ્ય અબજ વર્ષનું આયુષ્ય. સમકિતી હોય અને જેમ આયુષ્ય પૂરું થતાં ભગવાનની શાશ્વત ત્યાં પ્રતિમા છે રત્નની શાશ્વત. ત્યાં જઈ પગ ઉપર આમ હાથ મૂકે દેહ છૂટે. લ્યો! એ તો એક વિકલ્પ આવ્યો એની ક્રિયા થઈ. અંતરમાં જાણે છે કે એ વિકલ્પ અને એ ક્રિયા મારી નથી. આવું ભારે ભાઈ! સમજાણું કાંઈ? એવો શાસ્ત્રમાં લેખ છે. ધર્મી, સમકિતી રાગરહિત

પોતાની ચીજને જાણનારો. આયુષ્ય અસંખ્ય વર્ષનું. અસંખ્ય વર્ષ કોને કહે? આ ૧૦૦-૧૦૦, ૨૦૦-૨૦૦ વર્ષની પેઢીયું એવી તો અસંખ્ય પેઢી ચાલી જાય. એક ભવમાં અસંખ્ય પેઢી. કરોડપૂર્વનું આયુષ્ય ભગવાનનું .. જે એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એવા-એવા કરોડપૂર્વ. એવા-એવા કરોડપૂર્વના ભવ પણ દેવના અસંખ્ય વર્ષની અપેક્ષાએ એવા તો અનંતા-અનંતા ભવ જાય છે. અને એને એમ થઈ જાય કે આહા..હા..! અજ્ઞાનીને .. દેખાવ થાય ... આહા..હા..! જ્ઞાનીને પ્રસંગ આવે ત્યારે ખુશી. સ્મરણનું પોતાનું સ્મરણ છે. એ સ્મરણમાં આવો વિકલ્પ આવ્યો તો એ વિકલ્પને પણ પોતાનો માનતો નથી. આહા..હા..!

અને ભગવાનના ... મણિરત્નની મૂર્તિ. એ કહે છે. છતાં એ દેહની ક્રિયા ન આવી અને એનાથી મને લાભ છે એમ એ માનતો નથી. એય..! સ્વરૂપચંદભાઈ! ભગવાનનો જ્યારે અવતાર થાય તીર્થંકરનો. ત્રણ જ્ઞાનસહિત. ઈન્દ્રો આવે. કુટુંબ ભેગા થાય બધા. એની પાસે ઈન્દ્રો ઘુઘરા બાંધીને નાચે. શું કહેવાય એ? તાંડવ નૃત્ય. ભગવાન જન્મ્યા હોય અને ઈન્દ્રો સમકિતી શક્રેન્દ્ર .. એક ભવ એનો મનુષ્યનો બાકી છે બસ. મનુષ્યનો ભવ કરીને મુક્તિ પામવાના છે. છેલ્લો દેહ દેવનો દેવની અપેક્ષાએ. પછી મનુષ્યનો. એ જ્યારે ભગવાનનો જન્મ થાય અને ખબર પડે. વિમાન ચાલે .. અંદર ચેષ્ટા થાય. ઓહો..! ભરત ક્ષેત્રમાં, ઐરાવતમાં અને મહાવિદેહમાં ભગવાન તીર્થંકર જન્મ્યા. એકદમ પોતાનું સિહાંસન હોય એમાંથી નીચે ઉતરી જાય. નમન કરે. આ દેવોને હુકમ કરે ચાલો ભગવાન જન્મ્યા છે. ... પણ એ બધી વિકલ્પની ક્રિયા કાળે, દેહ અને વિકલ્પની ક્રિયા મારાથી ભિન્ન છે એમ જાણે છે. અજ્ઞાનીને એ વિકલ્પને કાળે આ મારું સ્વરૂપ છે અને મારી ફરજ છે કે આ મારે કરવો જોઈએ આવો વિકલ્પ. એય..! આમ તો એમ આવે છે હો. દેવો આવેને. ભગવાનને જ્યારે દીક્ષા લેવાની હોય. દેવ આવે છે. લોકાંતિક એને .. કહે શબ્દ આવે છેને ... આવીને ભગવાનને પગે લાગે છે. મહારાજ! પ્રભુ! આપને હવે દીક્ષીત થવાની યોગ્યતા છે. આમ દીક્ષા લ્યો એવો દેવોનો નિયોગ નામ સંબંધ છે. છતાં એ જ્યારે વિકલ્પ ઉઠે બ્રહ્મલોકના દેવો છે, સમકિતી એકાવતારી છે એ. બ્રહ્મ દેવલોકના દેવો છે એ એક ભવ કરીને મોક્ષ જનારા છે. એ પણ શક્રેન્દ્રની જેમ. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે એ વખતે આમ કહે છે પ્રભુ! આપને હવે તો મોક્ષ સાધુપણાની તૈયારી થઈ ગઈ. આ ઘણા જીવોના ઉદ્ધારને માટે પ્રભુ નીકળો તો એ ઉપદેશ આપતા નથી. ભગવાનને ઉપદેશ કોણ આપે? પણ એવો સંબંધ નિમિત્ત-નૈમિત્તિક છે. છતાં એ બ્રહ્મલોકના દેવ એકાવતારી એમ જાણે છે કે આ વિકલ્પ છે. આ દેહની ચેષ્ટા છે. એ પરજ્ઞેય છે એનો હું જાણનાર છું. ભગવાનજીભાઈ! ભારે વાત ભાઈ!! આહા..હા..! એકકોર શક્રેન્દ્ર ઉતાર્યા લક્ષમાં, એકકોર

આ ઉતાર્યા. લ્યો! જુઓને આપણે પંચ કલ્યાણકમાં કર્યું છે. પાલખી લાવે છે. શું કહેવાય? પાલખી. પાલખીમાં વાદવિવાદ થાય .. દેવ. પહેલા એ ઉપાડે કે ભાઈ એની સાથે દિક્ષીત થવાને લાયક હોય એ. એટલે મનુષ્ય જ દિક્ષીત થવાને લાયક છે. તો એ પહેલા ઉપાડે. પછી ઈન્દ્રને આપે. એય..! સ્વરૂપચંદભાઈ! જોયું છે કે નહિ? આપણે પંચકલ્યાણકમાં આવ્યા હતા મુંબઈ નહિ? દાદર વખતે પંચકલ્યાણક હતું. દાદર વખતે થયું હતું. અને આ બે થઈને એક થયું. મલાડમાં અને ઘાટકોપર બે થઈને એક. ત્રણ પંચકલ્યાણક થયા. અહીંયાં તો ભગવાન આત્મા જ્ઞાયક છે. જાણનાર જ છે બસ. એને જે આવો વિકલ્પ ઉઠે. જેના સંબંધે. એ વિકલ્પને પોતાનો માને એ પરચીજને જ પોતાની માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એ વિસામાનું વાક્ય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ... કે દિ' કરે છે? આ ઓલામાં ગરી ગયા .. જુઓને. નવસારી જાવું? ક્યાં જાવું? સુરત અને નવસારી બે ઠેકાણે છોકરાઓ બાળકનું કરે. માને કે અમે આ કરીએ છીએ. કહો, સમજાણું કાંઈ? એની સત્તામાં શું થયું એવું જોયું છે એણે કોઈ દિ'? એ બધી ક્રિયાઓ તો પરસત્તામાં થાય છે. પરના હોવાપણામાં. આના હોવાપણામાં થાય છે એ? સમજાણું કાંઈ? એના હોવાપણામાં થાય તો અજ્ઞાનપણે રાગ. અને રાગને પોતાનો માને એટલું હોવાપણું છે. જ્ઞાનીના હોવાપણામાં તો રાગનું પણ જ્ઞાન થાય એવું એના હોવાપણામાં છે. આહા..હા..! કહો, ચંદુભાઈ! આવો માર્ગ છે. અરેરે..! વીતરાગનો માર્ગ નિર્મળ. જિનેન્દ્રે કહેલો માર્ગ નિર્મળ. આહા..હા..! એ લોકોને ... સમજાય છે કાંઈ?

સર્વજ્ઞદેવે કહેલું, સંતોએ જાણીને અનુભવ્યું ચારિત્રસહિત. આહા..હા..! અને એની વાણી નીકળી એમાં આ આવ્યું. આહા..હા..! ભાઈ! તને તારા ગુરુ હોય, તારા દેવ હોય ત્રણ લોકના નાથ. તારા એ. એ તો એનું દ્રવ્ય છે. ગુરુનો આત્મા એ તો એનું દ્રવ્ય છે અને ખરેખર તો તારા જ્ઞાયકભાવમાં એ પરજ્ઞેય તરીકે જણાય એવો એનો અને તારો સ્વભાવ છે. પરજ્ઞેય તરીકે આ જાણે અને એ પરજ્ઞેય તરીકે જણાય. સ્વજ્ઞેય તરીકે જણાય ઈ? સ્વરૂપચંદભાઈ! આહા..હા..! આ એક ઉંડા મિથ્યાત્વના લાકડા એટલા ઝીણા હોય છે એની એને ખબર ન હોય હોં! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા એમ ફરમાવે છે અને એમ છે કે તું તો પ્રભુ જ્ઞાયક છોને, જાણનાર છોને. એ જાણવાની પર્યાય તારાથી થાય, પણ પરસંબંધે જે વિકલ્પ ગુરુને દેખીને વિકલ્પ આવ્યો. દેવને વિચારવામાં વિકલ્પ આવ્યો. કેમકે એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જતાં એને રાગ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! એને સ્વદ્રવ્યનો આશ્રય છોડી દઈને એ પરદ્રવ્યને અનુસારે થયેલો વિકલ્પ. અનુસારે થયેલો. થયેલો પોતામાં. એને રાગને અને સ્વભાવની ભિન્નતા છે. એવું જ્યાં અંતર ભાન ન હોય. આહા..હા..!

ત્યાં ત્યાં એ વિકલ્પને, રાગને પોતાનો માને એ અન્ય જીવને જ પોતાનો માને છે. કે જે અન્યજીવ એનો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- કાંઈ છૂટકો નથી. કરવું શું પણ?

ઉત્તર :- આ કરવું અંદરમાં રાગથી ભિન્ન પડીને પોતાનો સ્વઆશ્રય કરવો.

મુમુક્ષુ :- ત્યારે આ વાત થશે?

ઉત્તર :- ત્યારે એની સાચી વાત થાય. આહા..હા..! આ તો પેઢી, દુકાન છોડી દેવાની વાત છે. દુકાન, પેઢી જે માનીને બેઠો હોય એને છોડવી હોય તો આ રીતે છૂટે. આહા..હા..! ધર્મચંદભાઈ! આહા..હા..! અરેરે..! એને સાચી વાત સાંભળવા મળે નહિ. અને એને ધર્મ થઈ જાય.

અહીં તો પરમાત્મા ત્રિલોકના નાથ વીતરાગદેવની ધ્વનિમાં આવ્યું એ સંતો જગત પાસે જાહેર કરે છે. સમજાય છે કાંઈ? એ માલના આડતિયા છે. એ એમ જાહેર કરે છે કે જેની પાસેથી વાણી આવી એ વાણીને પણ વાણીથી મને લાભ થાય એ વાણી પુદ્‌ગલ છે. એ વાણી સાંભળતા જે વિકલ્પ ઉઠે એ વિકલ્પથી મને લાભ થાય અને વિકલ્પ.. જેનાથી લાભ થાય એમ માને એ પોતાનું માને તો લાભ થાય એમ માને. શું કીધું સમજાણું કાંઈ? જેનાથી લાભ માને એ પરને પોતાનો માને ત્યારે જ લાભ માની શકે. એય..! ભીખાભાઈ! આહા..હા..! .. પર્યાય ઉપર. હુશિયાર માણસ છેને. ૩૦ના તલાટી હતા. ૩૦ રૂપિયાના પગારના હવે થઈ ગયા લાખો રૂપિયા. એને લઈને વિચિક્ષણતા થતી હશે કે નહિ? નહિ? ભગવાન! માર્ગ...

મુમુક્ષુ :- એને લઈને

ઉત્તર :- એને લઈને છે. આ તો પૈસાવાળાના છોકરા ડાહ્યા કહેવાય. .. આપણે. સર્વે ગુણા.. ... મોટા મૂર્ખા જેવા હોય પણ કરોડપતિ અને અબજપતિ હોય. ભાઈસાહેબ! ભાઈસાહેબ! ભાઈસાહેબ! ભાઈસાહેબ થોડું.. હવે ભાઈસાહેબ મૂર્ખા હોય. એય..! આહા..હા..! અહીં તો એકલો પ્રભુ જ્ઞાયક એને પરદ્રવ્યનો વિકલ્પ બીજો ઉઠે એને પોતાનો માને એ બેકલો થઈ જાય છે. એ એકડો એકપણે એક અને બગડે બે એ બગડે છે આત્મામાં. એમ કહે છે. આહા..હા..! ગજબ ગાથા છેને. આહા..હા..! ભાઈ! તારે ક્યાં જવું છે? તારે ક્યાં જવું છે? ક્યાં છે તું? તારે પરમાં જાવું છે, ક્યાં છો તું? તારે પરને આશ્રયે દેવ-ગુરુને આશ્રયે વિકલ્પ ઉઠ્યો એમાં તું છો? તો ત્યાં જાવું છે તારે? વિકલ્પમાં આત્મા છે? આહા..હા..! આકરું કામ ભારે ભાઈ! લોકોને તો એવું લાગે આ બધું સોનગઢમાં તો નખ્ખોદ વાળે છે. વાત તો સાચી છે હોં! બાપા! માર્ગ એવો છે. એ વીતરાગનો માર્ગ સંસારના મૂળિયા ઉખેડીને કાઢી નાખે એવો છે. આહા..હા..! ઉખેડીને કાઢે હોં. ફરીને આવે નહિ એવી અહીં તો વાત

છે. આહા..હા..! ઘાસને મૂળીયેથી ઉખાડીને ખાનારા ગધેડા કહેવાય. આ સંસારને મૂળથી ઉખેડી નાખનારા એ ડાહ્યા અને જ્ઞાની કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! આવી વાત ચોખ્ખી આ મૂકી છે કે નહિ? કે સંતાડવા મૂકી છે આ? પ્રસિદ્ધ કરે છે. '**तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि धम्मादी**।' આહા..હા..! થોડા શબ્દમાં પણ કેટલું ભર્યું છે!

ત્રણ પ્રકારનો ઉપયોગ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને રાગનું આચરણ. એવો ઉપયોગ. આહા..હા..! એ '**अप्पवियप्पं करेदि धम्मादी**' એ પરદ્રવ્યને મારા માને એવો વિકલ્પ કરે એ મૂઢ જીવ છે. આહા..હા..! એ વીતરાગ એમ કહે હોં. સંતો, જ્ઞાની એમ કહે. અમને માનવાના લક્ષે તને વિકલ્પ આવે, બાપુ! એનાથી તને લાભ નથી. આહા..હા..! મોં સામો કોળિયો કોને ન ગોઠે? વીતરાગને અને જ્ઞાની સમકિતીને. સમજાણું કાંઈ? નાનો છોકરો અને બે ખાવા બેઠા હોય ... તો પહેલો કોળીયો ખાય પછી નાનાને આપે. પાધરો આપે છે ત્યાં? થોડું વાર લાગેને ખાતા? તો ઓલો નાનો બેઠો હોય. શેરો-બેરો હોય તો આપે. પણ અહીં કર્યા પછી. ઓલું ઓગાળવામાં ખાવામાં જાય જેટલો વખતે એટલું થોડું-ઘણું. વર્ષ, દોઢ વર્ષનો. આહા..હા..! એમ અહીં તો વીતરાગ ત્રિલોકનાથ કહે છે જેણે પહેલું પોતાના આશ્રયે કામ કર્યું. એને પછી એવો કોઈ વિકલ્પ આવે, ... પણ એ વિકલ્પને પોતાનો માનતો નથી. એ પર છે. આહા..હા..! આવી વાત! આ તો કહે છે કે વ્યવહાર. વ્યવહાર સાધન છે. નિશ્ચય વાણી સાંભળી સાધન ત્યજવા હોય. સાધન ત્યજવા ... હોય લ્યો એ આવે છે કે નહિ શ્રીમદ્‌માં? સાધન ક્યા સાધન કરવા? અંદરમાં કરવું એ સાધન. આહા..હા..! શેમાં આવ્યા? ગાડીમાં આવ્યા? કહો, સમજાય છે કાંઈ? એમ આ સાધન કરવા ભક્તિ અને પૂજા સાધન છે એ વાતમાં માલ જરીએ નથી. એનો તો અહીં નિષેધ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનો અર્થ કરે તો આવા અર્થ કરે. શું કરીએ છીએ અને શું માનીએ છીએ અને શું આખો ભૂંસાડીયો વળી જાય છે તત્ત્વનો. એની એને ખબર નથી. અને માને કે હું બરાબર કરું છું. અમે વ્યાખ્યા કરીએ છીએ, આવું છે, આવી છે. ફલાણું છે. આહા..હા..! ભગવાન! ભગવાનની પેઢીએ બેસીને મુનિ થવું એ કાંઈ સાધારણ વાત નથી. કરોડપતિની દુકાને ઘાંચી ૩૦ના પગારે બેસાડે. ભગવાનજીભાઈ! ન ચાલે ત્યાં. ભૂંસાડીયો વાળે ... એમ ત્રણ લોકના નાથ કેવળી પરમાત્મા જેનુ એક સમયનું જ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોકનું. સમયના જ્ઞાન અને ભેગા ત્રણ કાળ, લોક જણાય જાય. ત્રણ કાળ, ત્રણ લોકને જોવા નથી. પોતાની પર્યાય નિર્મળ કેમકે ભગવાન આત્મા સર્વજ્ઞ સ્વભાવી આત્મા છે. અનંત આત્માઓ સર્વજ્ઞ સ્વભાવી છે. એવા સ્વભાવની અંતરમાં એકાગ્ર થયા. પહેલી ઝપટે એકાગ્ર થયા એ સમકિત પામ્યા. બીજી ઝપટે એકાગ્ર થયા એ ચારિત્ર પામ્યા, ત્રીજી ઝપટે એકાગ્ર થયા એ કેવળ

પામ્યા. બાકી પોતાના આશ્રયે પામે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

છે કે નહિ એમાં અંદર? આ એક લીટીમાં છે જુઓ, '**હું ધર્મ છું, હું અધર્મ છું, હું આકાશ છું, હું કાળ છું, હું પુદ્ગલ છું, હું અન્ય જીવ છું...**' એ પૂરી પંક્તિમાં આવી ગયું. આહા..હા..! જેને આત્મા જ્ઞાયકભાવમાં મારી જ્ઞાન અને આનંદની દશાનો કર્તા હું અને એ મારું કર્તવ્ય. એમ ભૂલીને પોતા સિવાયના અનંતા પરદ્રવ્ય. આ છોકરા-બોકરાની વાત હમણા આવી ગઈ હતી. એય..! પોપટભાઈ!

મુમુક્ષુ :- ફરીને કહો.

ઉત્તર :- એ તમારા છોકરા આવ્યા હતા. ..ભાઈ! રાજેન્દ્રનો આવ્યો હતો હમણા. છોકરો બહેનનો રોતો હતોને નાનો. છોકરા આવે છે. લઈ જાવ. આહા..હા..! કોના છોકરા? કહે છે છોકરાઓ મારા એટલે કે એ છોકરા ઉપર લક્ષ ગયું અને વિકલ્પ ઉઠ્યો એ વિકલ્પ મારી ચીજ છે એમ માનનાર છોકરાને પોતાનો માને છે. એ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- પછી છોકરો રાખવો ..

ઉત્તર :- પરજ્ઞેય રાખવો એ તો પરજ્ઞેય તો પરજ્ઞેયથી રહેલું છે. બીજો રાખી શકે એને? પરજ્ઞેય પરજ્ઞેયથી રહેલું છે. કાંઈ આનાથી રહેલું છે? અને એ પરજ્ઞેયથી આત્મા રહેલો છે? એ તો વાત ચાલે છે આ. મોહનભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું! આહા..હા..! સંતોએ તો વીતરાગભાવની રેલ મૂકી છે. બેસી જા એમાં ભાઈ તો તારા અવતાર કેવળજ્ઞાનમાં જાશે નહિતર ઉતારા જાશે નરક-નિગોદમાં. આહા..હા..!

આ '**હું અન્ય જીવ છું...**' એમાં આટલું ઘણું ભર્યું છે. એટલે કે નિગોદના પહેલી વાત કરી. એ નિગોદના અનંતા જીવ છે એમ જ્યાં કાને પડે ત્યાં એને એમ થઈ જાય કે આહા..હા..! મારે દયા પાળવાનો વિસ્તાર ઘણો. ઘણાની દયા પાળી શકું. મૂઢ છે. એ અનંતી ... તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે ભિન્ન. તારા જ્ઞાનની એટલી બધી મહત્તા છે કે એવા અનંતા-અનંતા જ્ઞેયો તારા એક સમયના જ્ઞાનમાં જણાય જાય. એવું જ્ઞાનનું માપ અપાર છે એમ બતાવવા આ અનંત નિગોદ છે એમ કીધું ત્યાં એને એમ થઈ ગયું આપણે હવે દયા પાળવાનું રહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! અને જ્યારે દેવ અને ગુરુની વાત સાંભળે ત્યારે આપણે દેવ અને ગુરુની ભક્તિ કરવાનો આ પ્રસંગ છે. એવો જે વિકલ્પ ઉઠાવીને એમ જ માને કે આની ભક્તિ કરું છું હું અને એનાથી મને લાભ થશે. આહા..હા..! ખોવાઈ ગયો કહે છે પરમાં. એય..! પોપટભાઈ! આ તો અગમ-નિગમની વાતું છે. આહા..હા..! સંસાર ઉઠાવી લેવો હોય જેને અને જેને આત્મા એકલો રાખવો હોય. નહિતર એકડે એક અને બગડે બે. બીજો ગયો .. કર્યું અને લાભ માન્યો તો બગડ્યું તારું. સમજાણું? એ અહીં કહે છે. ૯૫માં વિકારના પરિણામને પોતાના માને એ મૂઢ છે. અહીં જ્ઞેયને પોતાના

માને તે મૂઢ છે એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ત્યાં વિકારના પરિણામ એ છે તો ખરેખર પરજ્ઞેય. પણ એને અંદર ભાવમાં થયેલ છે એટલે ભાવ્યભાવકમાં નાખી દીધા અને આ ચીજ બધી પરમાં રહે છે એનું અસ્તિત્વ. આની તો પર્યાયમાં અસ્તિત્વ છે.

આ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય એ તો પરમાં હોવાપણે રહેલ છે. એમ દેવ, ગુરુ અને બાયડીનો આત્મા એ તો એના પર-તરીકે રહેલા છે. આત્માના થઈને એ રહ્યા નથી. અને એને લઈને હું છું. તો જ્ઞાયકભાવપણે રહેલો છું એ ભૂલી ગયો છે એ. આહા..હા..! ભારે વાત આવી! કેટલા કાળે આવી વાત ક્યાંક મળતી હશે. એમાં મારે નકાર નહિ... નહિ.. નહિ... એ એકાંત છે. આહા..! આવે છેને શ્રીમદ્‌માં એક? 'અગિયાર અંગની શુષ્ક વાતું કરીને સાધનને ઉડાવે છે.' ત્યાં આ વાત કરે બધા અંદર. એય..! એક પત્ર આવે છે. આહા..હા..! ભારે! એ તો કુંદકુંદાચાર્ય .. કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો સાધારણ પ્રાણી માટે વાત કરી હોય, પણ વાસ્તવિક તત્ત્વ જે છે. આહા..હા..! તારો આશ્રય લેવો એ તારું સાધન છે. એને ઠેકાણે પરદ્રવ્યને સાધન માને એ પરદ્રવ્યને અને સ્વદ્રવ્યને એક માન્યતાનું મિથ્યાદષ્ટિપણું છે. એ અનંત તીર્થંકરો અને અનંત કેવળીની આજ્ઞા વિરુદ્ધ છે. પછી ભલે ભગવાન-ભગવાન કરતો હોય અને નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં કરે. સમજાણું કાંઈ? પણ એણે અરિહંતને જેણે દુશ્મનને હણ્યા. એ ઓલાને ગોઠતું નહોતુંને ભાઈ એક પંડિતને નહિ એક? ફીરોજાબાદવાળોને? અરિહંતને આપણે વધ ન કહેવાય. અરિ- દુશ્મન કર્મ છે એમ આપણે ન કહેવાય ધવલમાં, જય ધવલમાં ઠેક ઠેકાણે આવે છે. .. વિકારનું વેરીપણું એનો નાશ કરીને વીતરાગ થયા. આહા..હા..! ઓલા કહે ના નમો અરિહંતાણં નહિ. હવે સાંભળને મારા. ભાષામાં શું છે હવે? અર્હંતાણં કહેવું અરિહંતાણં નહિ. કેમકે અરિ તો દુશ્મન કહેવાય અને દુશ્મન જૈનમાં નામ પડતા વિરોધ અને દ્વેષ આવી જાય. અરે આવા પણ છે એય..! ...ફીરોજાબાદ. આ તો ન્યાય સમજવાની વાત છે. વ્યક્તિને... આહા..હા..!

અરે..! પોતાની ચીજને પડદો નાખી અને બીજી ચીજને બીજાના આશ્રયે વિકલ્પ થયો એનાથી લાભ થાય. આત્માને ઢાંકી દીધો એણે. આવ્યું છેને એમાં? એમાં આવ્યું છેને? સમસ્ત ભેદને છુપાવી દીધો. જુઓ, ચોથી લીટી છે. '**સમસ્ત ભેદને...**' એ સર્વજ્ઞદેવ અને ગુરુ મહા કુંદકુંદાચાર્ય જેવા. પણ એનું લક્ષ કરતાં પરદ્રવ્ય છે અને પરદ્રવ્યને અનુસાર તો વિકલ્પ જ થાય. પરદ્રવ્યને આશ્રયે કોઈ દિ' ધર્મ થાય, સમકિત ને જ્ઞાન થાય ત્રણ કાળ ત્રણ લોકમાં (એમ છે) નહિ. સમજાણું કાંઈ? કહે છે કે જે કોઈ એ પર છું અને હું સ્વ છું એવા ભેદને ઢાંકી દે છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? દેવ-ગુરુ પર છે અને આત્મા સ્વ છે. એય..! દિલીપ! એ તારા અહીં હતા .. શિવલાલભાઈ આવ્યા ત્યારે કહ્યું હતું. તે દિ' તું ... દસની સાલની વાત છે. તારા દાદાએ ... ભોગીભાઈના દીકરા. છોકરાને

રસ છે. સમજાણું કાંઈ? એય..! હિંમતભાઈ! કહે છે કે પર્યાય જ્યાં જુદી છે ત્યાં વળી આ સ્વને લઈને ક્યાં ..

મુમુક્ષુ :- એ પર્યાય તો જ્ઞેય છે.

ઉત્તર :- જ્ઞેય છે. ખરેખર તો એમ જ છે. આહા..હા..! પર્યાય ઉપર રુચિ છે એ પણ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. એક અંશ ઉપર રુચિ તો અનાદિની પર્યાયબુદ્ધિ છે. આહા..હા..! ભારે કામ ભાઈ! જગતના ગાળિયા ખુલી જાય એવી વાત. અરરર..! આહા..હા..! બાપા! સંસારને મૂળમાંથી ઉખેડવો હોય તો આ રીત છે. અને મૂળને રાખવા હોય તો એ અનાદિથી રાખ્યા છે. આહા..હા..! એ કાંઈ નવી ચીજ નથી. કહે છે. આહા..હા..! અન્ય જીવ. નિગોદના અન્ય જીવ. સ્ત્રીનો જીવ અન્ય, દિકરાનો જીવ અન્ય, ભગવાનનો જીવ અન્ય, ગુરુનો જીવ અન્ય. અરે..! સાધર્મી ધર્માત્મા, સમકિતી, શ્રાવક, મુનિ આદિ તેનો જીવ અન્ય.. પંચ પરમેષ્ઠીનો આ જીવ અન્ય. એવા અન્યના ઉપર લક્ષ જતાં અન્યને અનુસરીને થતો રાગ. પરને અનુસરીને કોઈ દિ' સમ્યગ્દર્શન-જ્ઞાન ત્રણ કાળમાં થાય નહિ. એથી ભગવાન કુંદકુંદાચાર્ય તો મોક્ષપાહુડમાં કહે છે. '**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।**' પોતાના દ્રવ્યને છોડીને પરદ્રવ્યનો આશ્રય લેવા જાય તો રાગ થાશે, દુર્ગતિ થશે. દુર્ગતિ એટલે જે આત્માની ગતિ પરિણમન જોઈએ એ પરિણમન નહિ થાય. વિકારનું પરિણમન તો એ દુર્ગતિ છે. આહા..હા..! ભગવાન એનામાંથી ખસીને વિકારને ઘરે ગયો એ દુર્ગતિને ઘરે ગયો. ભારે કામ!

અરે..! વીતરાગી શાંત માર્ગ એણે સાંભળ્યો નહિ. મળ્યો ત્યારે કાંઈક-કાંઈક બહાના કાઢીને ઉંધે રસ્તે ચડી ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે પોતે જ્ઞાયક છે આત્મા ભગવાન અને રાગ તે પણ જ્ઞેય છે એ તો પહેલામાં આવી ગયું અને અહીં તો હવે પરદ્રવ્ય જ્ઞેય છે. એવો જ્ઞાયક અને જ્ઞેયનો વ્યવહાર સંબંધ છે. એમ ન માનતા જ્ઞેયથી મને કાંઈક લાભ થશે. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! આકરું ભારે કામ ભાઈ! એ ભગવાનની વાણી સાંભળતા મને જ્ઞાન થશે. ભાઈ! તને ખબર નથી. જ્ઞાન તો સ્વદ્રવ્યને આશ્રયે થાય. પરદ્રવ્યને આશ્રયે વાણી સાંભળતા એ શુભરાગ છે, વિકલ્પ. આહા..હા..! અરે..! આવો વીતરાગમાર્ગ નિર્મળ, નિર્દોષ એને લજવીને ચુંથી નાખ્યો માર્ગને. ... ઓલા ગોળ હોયને રવાના. તડકા બહુ લાગે તો ઓગળે. એમાં પાંચ વારની તળાયું પડી હોય જોડે નાખી હોય સૂતા વખતે ખબર ન રહી તો ત્યાં નાખી. એ તળાયું બધી ગોળના રસે બગડી. એ સુકાવા નાખી ત્યાં ડાઘા રહ્યા પાંચ-દસ. કૂતરા. ગોળ ખાવા સૂવાના ગાદલા ચુંથી નાખ્યા. એમ ભગવાનની વાણી સાંભળતા શું કહે છે ભગવાન એના અભિપ્રાયને ન પકડતા. પોતાની દૃષ્ટિએ આનાથી લાભ થાય... આનાથી લાભ થાય... આનાથી લાભ થાય... એય..! સૂવાની શૈયા ચૈતન્યમૂર્તિ ભગવાન એમાં જવું જોઈએ એને ચુંથી નાખી. પરને આશ્રયે લાભ મનાવ્યો, માન્યો અને

માન્યતાને રૂડું જાણ્યું એ બધો મિથ્યાત્વભાવ છે. ભારે કામ ભાઈ!

મુમુક્ષુ :- આપ આટલું બધું કહો એમાંથી યાદ કેટલું રહે?

ઉત્તર :- આમાં યાદ તો એકને એક બે જેવું છે. વસ્તુ ભગવાન જ્ઞાયક છે એનો આશ્રય કરતા ધર્મ થાય. પરનો આશ્રય કરતા અધર્મ નામ રાગ થાય. ધર્મ અને અધર્મની વ્યાખ્યા આ છે. આહા..હા..! અહીં આવે છેને ... 'પરથી ખસ, સ્વમાં વશ, ટૂંકું ટચ.' પરદ્રવ્યથી ખસ, આત્મામાં વસ, એ ટૂંકુ ટચ. લ્યો! એ તો પછી આનો વિસ્તાર છે બધો. આહા..હા..! આકરો ધર્મ ભાઈ! આમાં દેવ-ગુરુથી લાભ ન થાય. પાણી ઉતરી જાય ..હોં! ભગવાન એમ કહે એને માનવું કઠણ પડી જાય હોં! મારાથી તને લાભ નથી. એમ ભગવાન કહે છે જુઓને. હું અન્ય જીવ છું તારાથી. મારાથી તને (જે) અન્ય છે એની સત્તાનો લાભ તને ક્યાંથી આવે? આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ માનવું જ પડશે.

ઉત્તર :- વસ્તુનું સ્વરૂપ જ એવું છે. એ માને એનો ઉદ્ધાર છે. બાકી સંસારના મૂળીયા નહિ ખસે. હલશે નહિ. આહા..હા..! શાસ્ત્રમાં દાખલો આવ્યો છે... ઓલો આવે છેને ક્રોધ, માન, માયા, લોભ? અનંતાનુબંધી ક્રોધ કોને કહેવો? મોટા પર્વતની શીલા, એના ભાગ બે પડે અને ભાગ બે થાય નહિ. એમ એવો ક્રોધ એનો કે એમાં તડ પડી એ આત્મામાં એ ભેગા ન થાય. આહા..હા..! ... અનંતાનુબંધીનો ક્રોધ, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની સંજ્વલન ચારની ચાર ઉપમા. માનને ચાર અને માયાને ચાર અને લોભને એવી સોળને સોળ ઉપમા છે. એય..! પ્રેમચંદભાઈ! અનંતાનુબંધી ક્રોધ એને કહેવો કે ભગવાન કહે છે એ માનતો નથી એને અનંતાનુબંધી ક્રોધ છે. સ્વભાવ સાથે વિરોધ છે એને. આહા..હા..! એ એવો ક્રોધ છે કે પર્વતની શીલા બે કટકા થાય અને એ વીજળીએ ભેગા થાય એમ બને નહિ. એવી તીવ્ર કષાય અને ક્રોધ.

એમ માન. સમજાણું કાંઈ? પર્વત નમ્યો નમે નહિ. નમાલાથી તો નમે નહિ. પર્વત હોય મોટો ... તો નમે આમ? એવા માની માણસ. નમ્યા નમે નહિ જરીએ. મૂકે નહિ પોતાની વાત. સમજાણું કાંઈ? અને અનંતાનુબંધી માયા એ વાંસની ગાંઠ હોય. આ વાંસડા નથી વાંસડા? વાંસ. એની ગાંઠ એવી કઠણ અને એવી વળ નાખેલી હોય. કઠણ અને વળ નાખેલી. એમ અજ્ઞાનીની માયા એવી હોય કઠણ અને વળ નાખેલી. અનંતાનુબંધીનો લોભ મજીઠનો રંગ. મજીઠ હોય છેને આ. રંગ-રંગ. એ લૂગડે તો રહે, ધોયે જાય નહિ, પણ બળે એનો રંગ ફરે નહિ. રાખે રાતી થાય. મજીઠનો રંગ આવે છેને. એ લૂગડું તો રાતું થાય, ધોયે, સાબુએ ધોએ રાતું ન જાય. એવો જેને લોભ પરનો પોતાને ભૂલીને કરે છે. આહા..હા..! એ લોભને એ મજીઠના રંગે રંગાયેલું કપડું બળીને રાખ થાય તો લાલપણું ન છોડે. આહા..હા..!

એમ પરપદાર્થની ઈચ્છાથી લાભ થાય એવો અનંતાનુબંધીનો લોભ મારો છોડે નહિ પણ. રંગાઈ ગયેલો હોયને ... અહીં તો ન્યાયથી તો વાત ચાલે છે એય..! રાજેન્દ્રભાઈ! લોજિકથી તો વાત ચાલે છે. એમ ને એમ ક્યાં .. પણ હવે દરકાર ન મળે અને ઓલામાં પૈસાવાળા મળેને .. આહા..હા..! ધૂળમાંય નથી હવે.

મુમુક્ષુ :- પૈસા વિના ચાલે છે?

ઉત્તર :- ક્યા દ્રવ્ય વિના કયે દ્રવ્યે નથી હલવ્યું? કહો, એક સ્વદ્રવ્ય જે છે એ પરદ્રવ્યના અભાવથી તો ટકી રહ્યું છે. હવે એ પરદ્રવ્યના અભાવથી ટક્યું એ પરદ્રવ્ય વિના ન ચાલે કેમ એમ કહે છે. ભગવાનજીભાઈ! સ્વપણે દ્રવ્ય છે એ અનંતા પરદ્રવ્યપણે નથી. આ બધા એ માટે તો અહીં વાત કરે છે. અનંતા જીવોપણે એ નથી. સર્વજ્ઞદેવપણે આ જીવ નથી, ગુરુપણે આ જીવ નથી. આહા..હા..! એય..! દરેક પદાર્થ સ્વપણે હોય અને પરપણે ન હોય. પર વિના રહે તો જ એનું નામ અસ્તિત્વ ટકે. સમજાણું કાંઈ? એમ અહીંયાં કહે છે કે આ ભગવાન આત્મા જ્ઞાયક છે, જાણનાર છે... જાણનાર છે... જાણનાર છે... એ જાણવામાં પરજ્ઞેયોને પરરૂપ જ્ઞેય છે. એ પરતરીકે જ્ઞેય છે. એને જાણવામાં જે કાંઈ વિકલ્પ ઉઠે પરદ્રવ્ય અનુસારી. એનાથી મને લાભ થાય એ પરદ્રવ્યને જ પોતાનું માનીને પોતાની ભિન્નતા ભૂલી જાય છે. પોતાની ભિન્નતા ઉડી જાય છે. આહા..હા..! ભારે કામ! ઘડ બેસાડવી કઠણ પડે. આહા..હા..! કુંદકુંદાચાર્ય આદિ મુનિઓ અને જેનાથી વાણી આવી સાંભળીને અંદરથી આશ્રય મળ્યું એ ભગવાનો બધા અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો આ વાત કરે છે. હવે એ વાતમાં જેને ફેર લાગે એને આત્માની ગંધ આવતી નથી. આહા..હા..! એય..! બલુભાઈ! .. તો બાપુ, છોકરાની હોય. માને છેને કે છોકરા સારા. એય..! છ-છ છોકરા. કહો, ચાર ઉપાડવામાં કામ આવે, એક મોઢા આગળ અગ્નિ લઈને કામ આવે.

મુમુક્ષુ :- એ તો વયા ગયા પછીની વાત છેને.

ઉત્તર :- એ .. કહેતા હોં. ચંદુભાઈ! ખબર છે. તે દિ' છ.. એ છ છોકરા મોઢા આગળ ચાર ઉપાડે. મોઢા આગળ એક દોણી લઈને ચાલે. ... અને પાછળ દોણી લઈને ચાલે બે બીજા. હાય.. હાય.. તો આ છ દ્રવ્ય જે છે તારાથી જુદાં. એને લઈને તું ચાલ અને એને લઈને તારું ટકવું થાય. મરી ગયો તું. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ જબર વાતું! આહા..હા..! ગજબ વાત. ભગવાન જ્ઞાનમાં જણાય. પરવસ્તુ જણાતી નથી ખરેખર. પરવસ્તુ સંબંધીનું પોતાનું જ્ઞાન છે એ જ્ઞાનને આત્મા જાણે છે. છતાં એ એમ માને છે કે આનાથી મને જ્ઞાન થાય. આહા..હા..! જે જાણવાની પર્યાય થાય છે એ પોતાને આશ્રયથી અને પોતામાં થયેલી છે. છતાં આ પરને લઈને આને મને કીધું... આ કીધું મને ત્યારે મને જ્ઞાન થયું. પરને પોતાનું માનીને સ્વને ભૂલી જાય છે. પોતાનું જીવન જ્ઞાયકભાવનું જેનું જીવન

છે. જ્ઞાયકભાવનું જેનું ટકવું છે. એને ટકતો ન ભાળતા પરથી હું ટકું. આ તો ન્યાય-લોજિકથી તો વાત ચાલે છે ભાઈ! નવરંગભાઈ! પણ અભ્યાસ કરવો પડશે થોડો. ઓલા ..ના છોકરાની જેમ.

મુમુક્ષુ :- થોડોક કે વધારે?

ઉત્તર :- થોડોક ... આહા..હા..! અરે..! અમૃતની રેલું ચલવી છે ભગવાને. બાપુ! તારો આત્મા અમૃતનો સાગર એને તું પરદ્રવ્યને અનુસારે લાભ થાય એ ઝેર છે એ તો. આહા..હા..! પણ પૈસા-બૈસાની સગવડતા આવે. છોકરા નિરાંતે રળતા હોય તો અહીં નિરાંતે રહેવાય એટલી તો આશ ખરી કે નહિ? એય..! ભગવાનજીભાઈ! આહા..!

**'હું પુદ્ગલ છું, હું અન્ય જીવ છું એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે;...'** લ્યો! આ આવ્યો સરવાળો. વિકલ્પ-વૃત્તિ ઉત્પન્ન કરે છે કે આ દેવ-ગુરુ મને મદદ કરશે, એનાથી મને લાભ થશે એવો વિકલ્પ ઉત્પન્ન કરે છે. અને **'તેથી, હું ધર્મ છું, હું અધર્મ છું, હું આકાશ છું, હું કાળ છું, હું પુદ્ગલ છું, હું અન્ય જીવ છું એવી ભ્રાંતિને લીધે...'** એને લઈને એને ભ્રમ પડી જાય છે કે મારું હોવાપણું પરને લઈને છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ- ૪, શુક્રવાર, તા. ૧૦-૧૧-૧૯૭૨
## ગાથા-૯૫-૯૬, પ્રવચન-૨૧૮

૯૫ ગાથા. કર્તાકર્મ અધિકાર. અજ્ઞાની પોતાની ચીજ અને પરની ચીજને ભેળસેળ કરીને પર તે હું છું એમ અનાદિથી માને છે. એ હું છું એમ. અહીં હું છું એવી તો ખબર નથી. ચૈતન્યનો સ્વભાવ પૂર્ણ આનંદ અને શાંત ધ્રુવ એવું જે પોતાનું અસ્તિત્વ એટલે સત્તા એની તો ખબર નથી. એથી અજ્ઞાની આ હું છું એવું એ માને છે. અહીં આવ્યુંને ત્યાં? **'હું અન્ય જીવ છું...'** એ દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રીના ..ના આત્માઓ એ હું છું. કેટલીકવાર તો એમ પણ કહે. સન્માન કરવા જાવું હોય ક્યાંક. પોતાને ન જાવું હોય તો છોકરાને કહે એ છે એ હું છુંને. કહે છે કે નહિ? શેઠ! આ બધી સાંભળેલી વાત છે. આહા..હા..! એ છે એ હું છું જા. લગનમાં જો એનો બાપ ન જાય અને એના છોકરાને મોકલ્યો તો વાંધો કાઢે. કે

બાપ! તમે ..ફુવા કેમ ન આવ્યા? માસા કેમ ન આવ્યા? એય..! તને મોકલ્યો? ત્યાં હું છું એમ કહેવા માગે ત્યાં ઓલો ન માને. મારા બાપા જ આવ્યા હતા.. ભાઈ તું છોકરો છો ૨૦ વર્ષનો. ૨૧ વર્ષનો મારા ..થાય, મારા આ થાય. પોપટભાઈ! એવું બને છેને?

અહીં કહે છે. આહા..હા..! પોતે ભગવાન આત્મા બીજા દ્રવ્યનો વિચાર કરતા તેને જે વિકલ્પ ઉઠે ધર્માસ્તિનો, અધર્માસ્તિનો, આકાશ, કાળ, પુદ્ગલ અને જીવ. પાઠમાં તો એ છેને મૂળ. '**तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि धम्मादी।**' બીજા દ્રવ્યોને માટે એ વિચાર કરતાં એને જે વિકલ્પ આવે છે રાગ. એને પોતાનો કરે તો એ વિકલ્પનો કર્તા થાય. એ વિકલ્પ તેનું કર્મ એમ માનનારા પરદ્રવ્યને પોતાનું માને છે. આહા..! ભારે! '**હું ધર્મ છું, હું અધર્મ છું,...**' ત્યાંથી લીધું જોયું! '**धम्मादी**' છેને મૂળ વસ્તુ? એ વસ્તુ સર્વજ્ઞના માર્ગમાં જ એ વસ્તુ હોય છે. હું આકાશ છું, કાળ છું, પુદ્ગલ છું, અન્ય જીવ છું. એવી ભ્રાંતિને લીધે પોતાના ચૈતન્યસ્વભાવ આત્મા એની ખબર નહિ હોવાથી એની ખબરને ભૂલતો હોવાથી એમ કહે છે. જે દ્રવ્યનો એનો વિચાર આવ્યો, એ સંબંધી જે વિકલ્પ ઉઠ્યો એનો એ કર્તા થાય એ પરદ્રવ્યને જ પોતાનું માને છે અથવા પરદ્રવ્યમાં હું છું એમ માને છે. એનામાં ... છે.

'**એવી ભ્રાંતિને લીધે...**' એ વિકલ્પપણામાં પોતાની માન્યતાને લઈને '**સોપાધિક...**' ઉપાધિવાળા જે પરિણામ. જુઓ પણ લેવું છેને ઓલું? રાગપરિણામ લેવા છેને? ઉપાધિવાળા જે પરિણામ, રાગવાળા પરિણામ. એવા '**ચૈતન્યપરિણામરૂપ...**' પરિણમતો. એવા ચૈતન્યના રાગભાવે, દ્વેષભાવે, પુણ્યભાવે, પાપભાવે થતો. '**આ આત્મા તે સોપાધિક ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.**' એ રીતે આત્મા પરને પોતાનો માને એવા વિકલ્પને પોતાનો ભાવ માનતો એ સોપાધિક ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવ. જુઓ અહીં. વિકારી પરિણામ એ જીવના ભાવ છે એમ અહીં સિદ્ધ કરવું છે. એક બાજુ કહ્યું હતું કે વિકારીભાવ એ જડના છે, પુદ્ગલના છે. ... કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએને. આહા..હા..! એવા ચૈતન્યપરિણામે થતો થકો એમ. કાંઈ પરરૂપે થતો નથી. પરના લક્ષે થતાં રાગના ભાવે થતો થકો આ આત્મા તે '**સોપાધિક ચૈતન્યપરિણામરૂપ...**' મલિન વિકલ્પના પરિણામવાળો એવા '**ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? પરનો તો કાંઈ કર્તા થાતો નથી અને પર એમાં આવતા નથી. આહા..હા..! ભારે ધર્મ ભાઈ! છોકરા સારા હોય તો એમ કહેને કે એ હું છું. મારો બધો અનુભવ છે એના આ દીકરા છે. આહા..હા..! અહીં તો છેક અરિહંત અને પંચપરમેષ્ઠી સુધી લઈ ગયા છે. આ હું છું. એના અનુસરીને વિકલ્પ થાય એને હું છું એમ માને છે એ પરને જ હું છું એમ માને છે. એ '**પોતાના ભાવનો કર્તા થાય છે.**'

'**ભાવાર્થ :- ધર્માદિના વિકલ્પ વખતે...**' એમ છેને? મૂળ તો પાઠમાં તો વિકલ્પ છેને? '**अप्पवियप्पं करेदि धम्मादी।**' શબ્દ પડ્યો છે. આહા..હા..! છ દ્રવ્ય એ ભગવાનના શાસનમાં જ હોય. બીજે અન્યમાં ક્યાંય હોય નહિ. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં એ કાળદ્રવ્યને ઉડાવી દીધું છે. પાંચ દ્રવ્યમાં કાળ-દ્રવ્ય ઉપચારિક છે. ઉપચારનો અર્થ છે નહિ એમ. કહેવામાત્ર. એ ત્યાં એ છ દ્રવ્યને લીધા છે. જે સર્વજ્ઞ પરમેશ્વરના જ્ઞાનમાં છ દ્રવ્યો પોતાથી પૃથક્ પોતે ભિન્ન છે. છ દ્રવ્યમાં લ્યો તો ચૈતન્યમાં છે. આમ લ્યો તો છ દ્રવ્યથી ભિન્ન છે. એ આવી ગયું છે આગળ. ... ગાથા. ૪૯. છ દ્રવ્ય સ્વરૂપ લોક જ્ઞેય છે, વ્યક્ત છે, પ્રગટ છે. તેનાથી ભગવાન આત્મા અન્ય એવો અવ્યક્ત છે. સાતમું દ્રવ્ય છે ભગવાન એમ કહે છે. ચૈતન્યમાં હોવા છતાં ચૈતન્યતત્ત્વમાં આ તત્ત્વ હોવા છતાં આ તત્ત્વનો એક સમયનો પર્યાય છ દ્રવ્યને પોતા સિવાય અને પોતે પણ એ પર્યાયમાં જણાય છે. એવી અનંતી-અનંતી પર્યાયનો સંગ્રહાત્મક તત્ત્વ ભગવાન આત્મા આહા..હા..! એવા પરતત્ત્વને પોતાનો માનતો.

'**ધર્માદિના વિકલ્પ વખતે...**' એટલે કે પરજીવના વિકલ્પ વખતે, દેવ-ગુરુ-શાસ્ત્રના વિકલ્પ વખતે. એ સ્ત્રી, પુત્રના અને આત્માના વિકલ્પ વખતે. અને શરીર, કર્મ આદિ પુદ્‌ગલના વિકલ્પ વખતે. રાગ-રાગ વખતે. '**જે, પોતે શુદ્ધ ચૈતન્યમાત્ર હોવાનું ભાન...**' જુઓ, હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર છું. એ વિકલ્પ પણ હું નહિ અને પર મારા નહિ અને હું એનો નહિ. એવું ભાન નહિ હોવાને લીધે '**શુદ્ધ ચૈતન્યમાત્ર હોવાનું ભાન નહિ રાખતાં, ધર્માદિના વિકલ્પમાં એકાકાર થઈ જાય છે...**' એમ કહે છે. જે દ્રવ્યનો વિચાર કરતાં વિકલ્પ ઉઠ્યો એ રાગમાં એકાકાર થઈ જાય છે. એ પરને જ પોતે પર છું એમ એ માને છે. કહો, જેઠાભાઈ! શું છે આમાં તો ભાઈ ભારે! આહા..હા..! ભારે માર્ગ...

'**તે પોતાને ધર્માદિદ્રવ્યરૂપ માને છે.**' પર છ દ્રવ્યના વિચારને કાળે જે વિકલ્પ ઉઠે રાગ. કષાયનો અંશ. એ વખતે કષાયના અંશથી પૃથક્ શુદ્ધ ચૈતન્યમાત્ર હું છું એમ ન પરિણમતા એ પર મારા એવો જે વિકલ્પ ઉઠ્યો. અથવા પર હું તે વિકલ્પ ઉઠ્યો. એ રૂપે પરિણમીને '**પોતાને ધર્માદિદ્રવ્યરૂપ માને છે.**' આ રીતે. સમજાણું કાંઈ? આ બધા કામ ઘણા હોય એવા જુઓને બહારના. મકાનના, ફલાણાના, ઢીંકણાના ... બધું હું કરી દઈશ હું. કહે છે કે નહિ? એમ માને છે. બધું ઠેકાણે વ્યવસ્થિત હું કરી દઈશ. ભાઈ! કોણ કરે? એ પરદ્રવ્યના એવા વિકલ્પને કાળે એ વિકલ્પપણે પરિણમતો એ પરદ્રવ્યપણે પરિણમે છે એમ માને છે. .. હું છું એમ માને છે. આહા..હા..! ભારે આ. આ મોટા ધંધા લાદીના. એય..! અને ઓલાને પ્લાસ્ટિકના. .. ભગવાનજીભાઈને નહિ થાણામાં. પ્લાસ્ટિકનું કારખાનું છેને. તમારે તો સંચા ત્યાં પણ ગયા હતા. ખબર છેને. પ્લાસ્ટિકનું, તમારે લાદીનું.

મુમુક્ષુ :- બેયને ..

ઉત્તર :- .. જ નથી. આહા..હા..! મોટું કારખાનું તો અનંતગુણનો પિંડ પ્રભુ. એણે પરિણમાવનારો, કરાવનારો એ આત્મા છે. રાગરૂપે પરિણમવું એ પણ એનું સ્વરૂપ નથી. આહા..હા..! '**આ પ્રમાણે, અજ્ઞાનરૂપ ચૈતન્યપરિણામ...**' એમ. '**આ પ્રમાણે, અજ્ઞાનરૂપ ચૈતન્યપરિણામ પોતાને ધર્માદિદ્રવ્યરૂપ માને છે...**' અજ્ઞાનરૂપી ભાવ એ પરને પોતાનો માને છે. આહા..હા..! '**તેથી અજ્ઞાની જીવ તે અજ્ઞાનરૂપ સોપાધિક ચૈતન્યપરિણામનો કર્તા થાય છે...**' લ્યો! '**અને તે અજ્ઞાનરૂપ ભાવ તેનું કાર્ય થાય છે.**' એ અજ્ઞાનરૂપ એનું કાર્ય. એ બધા કારખાનાના કાર્ય એના નહિ. કહો, સમજાણું કાંઈ? બલુભાઈને પણ કારખાનું છેને દવાનું. એ કારખાનાનો કર્તા આત્મા નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- આટલી મહેનત કરી અને નહિ?

ઉત્તર :- કોણે મહેનત કરી? ભગવાનજીભાઈને ત્યાં .. જમીન મળી ... કોણ મળે અને ક્યાં મળે? આહા..હા..! આખી દુનિયા પડી છે એના અસ્તિત્વથી અને એનું અસ્તિત્વ મને મળ્યું એનો અર્થ શું? આહા..હા..! અનંત પદાર્થો પોતાના હોવાપણે ટકીને બદલી રહ્યા છે. એમાં મને આ મળ્યું એનો અર્થ શું? સ્વનું હોવાપણું અહીં મળે છે? આહા..હા..! અને પોતાનું હોવાપણું પરમાં જાય છે? કે પરનો થઈ જાય? અને પરપણે-પરપણે પોતે પરિણમી જાય છે પરપણે? એ તો વિકલ્પપણે પરિણમે છે. આહા..હા..! એને દ્રવ્યના સ્વભાવની દૃષ્ટિ કરીને જ્ઞાતા-દૃષ્ટા રહેવું એ એનું વર્તન છે. આહા..હા..! એય..!

વસ્તુ ભગવાન ચૈતન્યમૂર્તિ અંદર. પરમાનંદ અનાકુળ સ્વભાવનો રસકંદ, રસતત્ત્વ એ છે. અનાકુળ શાંતિનો અને આનંદનો એ રસ સત્ત્વ, શક્તિ છે. એને અંદરમાં જોવું અને જાણવું. બસ, એ એનું વર્તન છે. આહા..હા..! એ એને જાણવાનું, દેખવાનું, શ્રદ્ધવાનું, ઠરવાનું એ એનું વર્તન છે. બાકી બધા વર્તન મારા મિથ્યા ભ્રાંતિને લઈને અજ્ઞાની માને છે. ગળે ઉતરી જાય એવું છે આ તો બધું. આહા..! મિથ્યાત્વને લઈને મેં આમ કર્યું ને મેં આમ કર્યું. ગયા? મનસુખભાઈ અને બેય ગયા લાગે છે? મનહર. મનહર છે. મનસુખ ગયો? ગયો. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે એ અજ્ઞાનરૂપ ચૈતન્ય પરિણામ હોં એ. આહા..! એ ભાનરૂપ જ્ઞાનપરિણામ નહિ. એ '**પોતાને ધર્માદિદ્રવ્યરૂપ માને છે...**' લ્યો! '**તેથી અજ્ઞાની જીવ તે અજ્ઞાનરૂપ સોપાધિક ચૈતન્યપરિણામનો કર્તા થાય છે અને તે અજ્ઞાનરૂપ ભાવ તેનું કાર્ય થાય છે.**' એ સિવાય કાંઈ એનું કાર્ય જગતમાં એકેય છે નહિ. અજ્ઞાનમાં પણ હોં! બલુભાઈ! તમે આ બધી દલીલ-બલીલ કરતા હશો ...ની. એ વકીલો હોય તો કેટલા સામે મેજ હોય તો આમ હાથ પછાડે. આહા..હા..! અજ્ઞાની રાગમાં ધુણે છે એ. રાગમાં ધુણે છે. શરીરની ક્રિયા આમ કરી શકે ત્રણ કાળમાં છે નહિ. આહા..હા..!

## ગાથા-૯૬

ततः स्थितं कर्तृत्वमूलमज्ञानम्।

एवं पराणि दव्वाणि अप्पयं कुणदि मंदबुद्धीओ।
अप्पाणं अवि य परं करेदि अण्णाणभावेण।।९६।।
एवं पराणि द्रव्याणि आत्मानं करोति मन्दबुद्धिस्तु।
आत्मानमपि च परं करोति अज्ञानभावेन।।९६।।

यत्किल क्रोधोऽहमित्यादिवद्धर्मोऽहमित्यादिवच्च परद्रव्याण्यात्मीकरोत्यात्मानमपि परद्रव्यीकरोत्येवमात्मा, तदयमशेषवस्तुसम्बन्धविधुरनिरवधिविशुद्धचैतन्यधातुमयोऽप्यज्ञानादेव सविकारसोपाधीकृतचैतन्यपरिणामतया तथाविधस्यात्मभावस्य कर्ता प्रतिभातीत्यात्मनो भूताविष्टध्यानाविष्टस्येव प्रतिष्ठितं कर्तृत्वमूलमज्ञानम्। तथाहि --

यथा खलु भूताविष्टोऽज्ञानाद्भूतात्मानावेकीकुर्वन्नमानुषोचितविशिष्टचेष्टावष्टम्भ-निर्भरभयङ्करारम्भगम्भीरामानुषव्यवहारतया तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति, तथायमात्माप्यज्ञानादेव भाव्यभावकौ परात्मानावेकीकुर्वन्नविकारानुभूतिमात्रभावकानुचित-विचित्रभाव्यक्रोधादि-विकारकरम्बितचैतन्यपरिणामविकारतया तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति। यथा वाऽपरीक्षकाचार्यादेशेन मुग्धः कश्चिन्महिषध्यानाविष्टोऽज्ञानान्म-हिषात्मानावेकीकुर्वन्नात्मन्यभ्रङ्कषविषाणमहामहिषत्वाध्यासात्प्रच्युतमानुषोचितापवरकद्वारविनिस्सरणतया तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति, तथायमात्माऽप्यज्ञानाद् ज्ञेयज्ञायकौ परात्मानावेकीकुर्वन्नात्मनि परद्रव्याध्यासान्नोइन्द्रियविषयीकृतधर्माधर्माकाशकाल-पुद्गलजीवान्तरनिरुद्धशुद्धचैतन्यधातुतया तथेन्द्रियविषयीकृतरूपिपदार्थतिरोहितकेवलबोधतया मृतककलेवरमूर्च्छितपरमामृतविज्ञानघनतया च तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति।

---

'તેથી કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું' એમ હવે કહે છેઃ-

જીવ મંદબુદ્ધિ એ રીતે પરદ્રવ્યને નિજરૂપ કરે,
નિજ આત્મને પણ એ રીતે અજ્ઞાનભાવે પર કરે. ૯૬.

ગાથાર્થઃ- [एवं तु] આ રીતે [मन्दबुद्धिः] મંદબુદ્ધિ અર્થાત્ અજ્ઞાની [अज्ञानभावेन] અજ્ઞાનભાવથી [पराणि द्रव्याणि] પર દ્રવ્યોને [आत्मानं] પોતારૂપ [करोति] કરે છે [अपि

च] અને [आत्मानम्] પોતાને [परं] પર [करोति] કરે છે.

ટીકા :- ખરેખર એ રીતે, 'હું ક્રોધ છું' ઇત્યાદિની જેમ અને 'હું ધર્મદ્રવ્ય છું' ઇત્યાદિની જેમ આત્મા પરદ્રવ્યોને પોતારૂપ કરે છે અને પોતાને પણ પરદ્રવ્યરૂપ કરે છે; તેથી આ આત્મા, જોકે સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય છે તોપણ, અજ્ઞાનને લીધે જ સવિકાર અને સોપાધિક કરાયેલા ચૈતન્યપરિણામવાળો હોવાથી તે પ્રકારના પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે. આ રીતે, ભૂતાવિષ્ટ (જેના શરીરમાં ભૂત પ્રવેશ્યું હોય એવા) પુરુષની જેમ અને ધ્યાનાવિષ્ટ (ધ્યાન કરતા) પુરુષની જેમ, આત્માને કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું. તે પ્રગટ દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છેઃ-

જેમ ભૂતાવિષ્ટ પુરુષ અજ્ઞાનને લીધે ભૂતને અને પોતાને એક કરતો થકો, મનુષ્યને અનુચિત એવી વિશિષ્ટ ચેષ્ટાના અવલંબન સહિત ભયંકર *આરંભથી ભરેલા અમાનુષ વ્યવહારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે; તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ ભાવ્યભાવકરૂપ પરને અને પોતાને એક કરતો થકો, અવિકાર અનુભૂતિમાત્ર જે ભાવક તેને અનુચિત એવા વિચિત્ર ભાવ્યરૂપ ક્રોધાદિ વિકારોથી મિશ્રિત ચૈતન્યપરિણામવિકારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે. વળી જેમ અપરીક્ષક આચાર્યના ઉપદેશથી મહિષનું (પાડાનું) ધ્યાન કરતો કોઈ ભોળો પુરુષ અજ્ઞાનને લીધે મહિષને અને પોતાને એક કરતો થકો, 'હું ગગન સાથે ઘસાતાં શિંગડાંવાળો મોટો મહિષ છું' એવા અધ્યાસને લીધે મનુષ્યને યોગ્ય એવું જે ઓરડાના બારણામાંથી બહાર નીકળવું તેનાથી ચ્યુત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે; તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ્ઞેયજ્ઞાયકરૂપ પરને અને પોતાને એક કરતો થકો, 'હું પરદ્રવ્ય છું' એવા અધ્યાસને લીધે મનનાં વિષયરૂપ કરવામાં આવેલાં ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને અન્ય જીવ વડે (પોતાની) શુદ્ધ ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી તથા ઇંદ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા રૂપી પદાર્થો વડે (પોતાનો) કેવળ બોધ(-જ્ઞાન) ઢંકાયેલ હોવાથી અને મૃતક કલેવર(-શરીર) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન (પોતે) મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.

ભાવાર્થ :- આ આત્મા અજ્ઞાનને લીધે, અચેતન કર્મરૂપ ભાવકનું જે ક્રોધાદિ ભાવ્ય તેને ચેતન ભાવક સાથે એકરૂપ માને છે; વળી તે, પર જ્ઞેયરૂપ ધર્માદિદ્રવ્યોને પણ જ્ઞાયક સાથે એકરૂપ માને છે. તેથી તે સવિકાર અને સોપાધિક ચૈતન્યપરિણામનો કર્તા થાય છે.

અહીં, ક્રોધાદિક સાથે એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ સમજાવવા ભૂતાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત કહ્યું અને ધર્માદિક અન્યદ્રવ્યો સાથે એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ સમજાવવા ધ્યાનાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત કહ્યુ.

## ગાથા-૯૬ ઉપર પ્રવચન

'તેથી કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું...' શું કીધું? રાગનો વિકલ્પ ઉઠ્યો જે લક્ષે. તેને પોતાનું માનતો રાગપણે પરિણમે છે, એ રાગપણે પરિણમવું એનું કારણ અજ્ઞાન છે. કર્તાપણાનું મૂળ અજ્ઞાન છે. આહા..હા..! એ ૯૬.

एवं पराणि दव्वाणि अप्पयं कुणदि मंदबुद्धीओ।
अप्पाणं अवि य परं करेदि अण्णाणभावेण।।९६।।

લ્યો! અહીં મંદબુદ્ધિ કીધો. એ તો અજ્ઞાનીને કહ્યું મંદબુદ્ધિ. મંદબુદ્ધિ એટલે ઓલી બુદ્ધિ છે માટે.. એમ છે?

**જીવ મંદબુદ્ધિ એ રીતે પરદ્રવ્યને નિજરૂપ કરે,**
**નિજ આત્મને પણ એ રીતે અજ્ઞાનભાવે પર કરે. ૯૬.**

લ્યો! બેય લીધું. હવે બેય લીધું. ...હું છું. પરને પોતાપણે કરે અને પોતાને પરપણે કરે. રાગપણે કરે એ પરપણે કરે છે. આહા..હા..!

'**ટીકા :- ખરેખર એ રીતે, 'હું ક્રોધ છું' ઇત્યાદિની જેમ...**' એ ૯૪ ગાથા. સોળ બોલ કીધા હતાને? ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મન, વચન અને કાયા, પાંચ ઇન્દ્રિય વગેરે-વગેરે જેટલા વિકલ્પના ભેદ અને જેટલા નિમિત્તોના પ્રકાર. એ બધા હું છું '**ઇત્યાદિની જેમ અને 'હું ધર્મદ્રવ્ય છું' ઇત્યાદિની જેમ...**' એ ૯૫. '**આત્મા પરદ્રવ્યોને પોતારૂપ કરે છે અને પોતાને પણ પરદ્રવ્યરૂપ કરે છે;...**' જુઓ, એ આવ્યું. એ તો આમાં પણ આવ્યું હતુંને. 'अप्पाणं' આમાં આવ્યું હતું 'अप्पाणं' ગાથામાં. 'पस्मप्पाणमकुव्वं अप्पाणं पि य परं अकुव्वंतो।' ૯૩. ૯૩માં જ આવ્યું હતું.

परमप्पाणमकुव्वं अप्पाणं पि य परं अकुव्वंतो।
सो णाणमओ जीवो कम्माणमकारगो होदि।।९३।।

૯૩. અને ૯૨માં ઓલું. બસ, ઓલામાં નકાર અને આમાં હકાર અહીં.

परमप्पाणं कुव्वं अप्पाणं पि य परं करिंतो सो।
अण्णाणमओ जीवो कम्माणं कारगो होदि।।९२।।

૯૨માં અસ્તિનું લીધું. ઓલામાં નાસ્તિનું લીધું. આહા..હા..! ખરેખર અનાદિથી અજ્ઞાની પોતાની નિજ સત્તાની સંભાળ કર્યા વિના. પોતાની નિજ સત્તા આનંદ અને જ્ઞાનસ્વરૂપે છે એના ભાન વિના ક્યાંક એને અસ્તિત્વપણું પોતાનું અહીં ભાસ્યું નહિ. એટલે ક્યાંક એનું હોવાપણું ભાસવું જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? એથી એને હું ક્રોધ છું, માન છું,

માયા છું, લોભ છું, રાગ છું, દ્વેષ છું, મન છું, વચન છું, કાયા છું, ઇન્દ્રિયો છું. અને હું ધર્મ છું, અધર્મદ્રવ્ય, કાળદ્રવ્ય, આકાશદ્રવ્ય, પુદ્ગલ અને જીવ. **'આત્મા પરદ્રવ્યોને પોતારૂપ કરે છે અને...'** એ પરદ્રવ્યને પોતારૂપ કરે છે એનો અર્થ કે પરદ્રવ્યના લક્ષે જે વિકલ્પ કરે છે એ પરદ્રવ્યને પોતારૂપે કરે છે. **'અને પોતાને પણ પરદ્રવ્યરૂપ કરે છે;...'** રાગરૂપ જ પોતાને માને છે.

**'તેથી આ આત્મા, જોકે તે સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત...'** આહા..હા..! ક્રોધ, માન, માયા આદિ અને ધર્મસ્તિ અને જીવ, દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ. બધી **'વસ્તુઓના સંબંધથી રહિત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય છે.'** જેની ચૈતન્ય ખાણ અનંતને ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની શક્તિવાળું તત્ત્વ છે. બેહદ શુદ્ધચૈતન્યધાતુ, અપરિમિત જેની મર્યાદા નહિ. જેનો સ્વભાવ એનો મર્યાદા શી? એવી શુદ્ધચૈતન્યધાતુ. જેણે શુદ્ધ ચૈતન્ય ધાતુને ધારી રાખી છે. એવો ભગવાન આત્મા છે. આહા..હા..! **'તોપણ,...'** આમ હોવા છતાં પણ. **'અજ્ઞાનને લીધે જ...'** લ્યો અહીં 'જ' આવ્યો પાછો. **'અજ્ઞાનને લીધે જ...'** વળી ભાઈ કથંચિત્ કર્મને લઈને અને કથંચિત્ અજ્ઞાનને લઈને. એ અનેકાંત થાય. અહીં તો અજ્ઞાનને લીધે. પોતાની જાત જ્ઞાતા, દૃષ્ટા અને આનંદ. એવી ધ્રુવ ધાતુ વિનાનો હું છું એમ એણે માન્યું. એ ચૈતન્યધાતુવાળો છે મારો સ્વભાવ ત્રિકાળ. જે થયું, થાય અને થશે તેનો ફક્ત હું જાણનાર જ છું. કર્મ. સમજાણું કાંઈ?

**'અજ્ઞાનને લીધે જ સવિકાર અને સોપાધિક કરાયેલા...'** એમ ભાષા દેખો. કર્મને લઈને કરાયેલા એમ નથી આમાં કાંઈ. હજી તો ત્યાં અટક્યા છે. કર્મને લઈને વિકાર થાય, કર્મ ઘટે તો વિકાર ઘટી જાય. **'અજ્ઞાનને લીધે જ...'** વિકારસહિત અને ઉપાધિવાળા. બે બોલ છેને? બે બોલ છેને પહેલા? ક્રોધાદિને અને ધર્માદિ. **'ચૈતન્યપરિણામવાળો હોવાથી...'** ઓલા ક્રોધાદિમાં સવિકાર પરિણામ લીધા. સોપાધિકમાં છ દ્રવ્ય. સમજાણું કાંઈ? ઓહો..હો..! **'ચૈતન્યપરિણામવાળો હોવાથી...'** એવા વિકારી અને ઉપાધિના ભાવવાળો હોવાથી. ઓલામાં વિકાર નાખ્યો અને મન, વચન અને કાયા અને ઇન્દ્રિયોને જેને નજીક સંબંધ છેને. એમાં નાખ્યો છે. નહિતર એ પણ ખરેખર તો વિકાર વિનાના જેટલા દ્રવ્યો એ પરજ્ઞેયમાં જાય છે, પણ નજીકમાં છેને બધા? ઇન્દ્રિયો, મન, વચન અને કાયા, ક્રોધ, માન, માયા, લોભ... એટલે એને ભાવ્યભાવકમાં નાખ્યા. આ મૂળ છે એને જ્ઞેયમાં નાખ્યા. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગના જ્ઞાન સાથે મીંઢવણી કરવી બહુ કઠણ છે. આહા..હા..!

મુમુક્ષુ :- અશક્ય છે.

ઉત્તર :- અશક્ય નથી. શક્ય છે. દુર્લભ છે. સમજાણું કાંઈ? અશક્ય હોય તો કોઈ દિ' કરી શકે નહિ. દુર્લભ હોય તો ઘણા પુરુષાર્થથી કરી શકે. પરનું કરવું એ અશક્ય છે.

સમજાણું કાંઈ? ખરેખર તો અહીં કીધું કે વિકારપણે પરિણમવું એ પણ અશક્ય છે. આહા..હા..! ત્યાં સુધી લઈ લીધું. સમજાણું કાંઈ? આવી ગયું હતુંને પહેલું ૯૨?

ભગવાન આત્મા શીત અને ઉષ્ણ અવસ્થાપણે થવું એ અશક્ય છે. દુર્લભ નહિ. એમ ખરેખર તો રાગ અને દ્વેષના વિકારપણે થવું એ અશક્ય છે. પણ પોતાના આનંદ અને જ્ઞાનરૂપે થવું એ અશક્ય નથી. દુર્લભ છે અનંતકાળની અપેક્ષાએ. ભૂતકાળની અપેક્ષાએ. સમજાણું કાંઈ? એનો અભ્યાસ નહિ એ અપેક્ષાએ. આહા..હા..! વીતરાગના જ્ઞાન સાથે પોતાના જ્ઞાનનું થવું એ અશક્ય નથી. સમજાણું કાંઈ? રાગપણે વીતરાગની ભક્તિનો રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રના પ્રેમનો રાગ, કહે છે કે એ રાગપણે થવું, ભગવાન આત્માને ઠંડા-ઉના અવસ્થાપણે થવું જેમ અશક્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ વીતરાગના... આહા..હા..! 'વચનામૃત વીતરાગના...' આવે છેને. વચનામૃત કીધું છે જુઓ, વચનરૂપી અમૃત. અમૃતના સાગરને બતાવનારા વચનો એ અમૃત સાગર છે. આહા..હા..! ગમે તે પ્રસંગે પણ આ રાગનો કર્તા બતાવીને પણ એ વીતરાગસ્વરૂપ છે, રાગનો કર્તા નથી એમ ત્યાં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ બાયડી, છોકરા અને પૈસાની હૂંફ તો ક્યાંય ગઈ કહે છે. એ હૂંફ સમજાણું? મને સહાયક છે, મદદગાર છે. એ જીવતા પાળું, મરતા બાળું એમ કહે છેને આપણે? આપણે રિવાજ છે. .. થઈ જાય અને એકલો હોય કુટુંબમાં. એય..! છોટાભાઈ! ..ભાઈના કાકા પણ હતા નહિ? તમારે ત્યાં હતાને? ઉજમશીભાઈને? ... બરાબર. અહીં ઘણા વખત રહ્યા. એ કેટલા .. કે જો ભાઈ અમે તો તમારા છીએ. મારે કોઈ છે નહિ. હવે જીવતા તમારે પાળવા અને મરતા બાળવા. આ મારી મૂડી છે એ બધી તમારી. એમ થાય છે કે નહિ? ભાઈને એમ કહ્યું હતુંને? શેઠિયાને એમ કહ્યું હતુંને એના મામાએ. ૬૦ લાખ રૂપિયા એના મામા પાસે. કેટલુંય છે કહે. પછી આશ્વાસન આપે. એ ૬૦ લાખ ક્યારે? ૩૫ વર્ષ પહેલાંની વાત છે. ... અત્યારના તમારા ૬૦ લાખની ગણતરીમા નહિ ક્યાંય. ૬૦ લાખ એને .. જીવતા પાળવા, મરતા બાળવા. ૬૦ લાખ આપે. એય..! સ્વરૂપચંદભાઈ! શેઠિયા નહોતા એક આપણે સરદારશહેરના આવે છે. .. સરદારશહેર. ...

આણે કીધું મામા! જીવતા પાળું અને મરતા બાળુ પૈસો નહિ લઉં. ૬૦ લાખ. .. પૈસા નહિ. મારી ફરજ છે મામા મારે ઘરે રહેવા આવો. અને હું જીવતા સુધી પાળીશ. મરતા બાળીશ. ...એય..! એમ છે દુનિયામાં ઘણા માણસો આવે છે. કુટુંબમાં એકલા રહી જાય અને કુટુંબના માણસો હોય સારા. મોસાળમાંથી આવ્યો હોય અને એકલો રહી જાયને પછી .. ઘરે રહે છે. જીવતા પાળું, મરતા બાળુ. મારી પાસે જે કાંઈ પચ્ચીસ, પચાસ હજાર છે. તમે રાખશો તો મકાન, ફલાણું, ઢીંકણું, દાગીના બધું આપી દે. પાળી શકતા હશે? આ ... આહા..હા..!

કહે છે એ અજ્ઞાની પોતાના ભાવથી પરને પોતાનું માને અને પોતે પરરૂપ થયો એમ માને. આહા..હા..! બેહદ એવી ચૈતન્ય ધાતુવાળો હોવા છતાં એના ઘરમાં તો અપરિમિત જ્ઞાન ધાતુ પડી છે જ્ઞાન એટલે સ્વભાવ. એવા સ્વભાવનો ધરનાર ભગવાન એને ભૂલી '**અજ્ઞાનને લીધે જ સવિકાર અને સોપાધિક કરાયેલા ચૈતન્યપરિણામવાળો હોવાથી...**' આહા..હા..! વિકારવાળો અને ઉપાધિ એટલે પરદ્રવ્યના નિમિત્તે થતા વિકલ્પ એને અહીં ઉપાધિ કીધી. '**ચૈતન્યપરિણામવાળો હોવાથી તે પ્રકારના પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે.**' પણ એ વખતે પણ એ પોતાના વિકારીભાવનો, ઉપાધિભાવનો જ કર્તા પ્રતિભાસે છે. આહા..હા..! પરનો નહિ. સમજાણું કાંઈ?

'**આ રીતે ભૂતાવિષ્ટ...**' હવે બેનો દાખલો આપે છે. ૯૪ અને ૯૫નો. હું ક્રોધ છું ને રાગ છું, માયા, લોભ આદિ છું. એ ભૂત વળગ્યું છે એને. જેમ એક માણસને ભૂત વળગ્યું હોય અને ભૂત ચેષ્ટા કરે. એ કાંઈ એ માણસની નથી. એ ભૂતની ચેષ્ટા છે. એમ આત્મામાં રાગ-દ્વેષાદિ એ ભૂતડું વળગ્યું કહે છે. એ તારો સ્વભાવ નથી. આહા..હા..! '**આ રીતે ભૂતાવિષ્ટ (જેના શરીરમાં ભૂત પ્રવેશ્યું હોય એવા)...**' અને પછી છેને ધૂણે. આમ કરે ને આ કરે ને આમ કરે... આમ કરે... '**પુરુષની જેમ અને ધ્યાનાવિષ્ઠ પુરુષની જેમ,...**' એ બીજો ભાવ ધર્માસ્તિ. જેનો વિચાર કરવા જાય ત્યાં તલ્લીન થઈ જાય. વિકલ્પમાં એ ધ્યાનાવિષ્ઠ. હવે એમાં એકાકાર થઈ જાય બધા. ...

'**આત્માને કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું.**' એ કર્તાપણાનું મૂળ તો અજ્ઞાન કર્મ ઠર્યું અને દર્શનમોહ છે અને માટે કર્તાપણાનું કારણ દર્શન કર્મ છે એમ નહિ. આહા..હા..! આવી તો સ્પષ્ટ વાત પણ એને કેમ બેસે? જ્યાં-ત્યાં નાખે. એ કર્મ હતું થયું. આ કર્મ હતું માટે થયું, કર્મ હતુંને થયું, પણ તારામાં હતું એ તને થયું? કે એ કર્મનું સત્ હતું માટે તારામાં થયું. એમ ક્યાંથી આવ્યું? બીજા સત્‌ને લઈને તારો વિકારરૂપી સત્ પરને લઈને ક્યાંથી થયો? સમજાણું કાંઈ? કર્મને લઈને નહિ એમ કહે છે. આ બાયડી, છોકરાને લઈને રાગ થાય છે એમ નહિ. આહા..હા..! પોતાને ભૂલે છે તો અજ્ઞાનરૂપભાવ પોતે કરે છે. એ આત્માને કર્તાપણાનું મૂળ તો મૂળ અજ્ઞાન છે. એમ ભાષા એમ છે. એ ગાથામાં તો લીધું અજ્ઞાનરૂપ એવા મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને ચારિત્ર ... એવા પરિણામે પરિણમતો શીતઉષ્ણ સવિકાર ચૈતન્યપરિણામવાળો એ જ્યાં-ત્યાં હું છું એ પરિણામવાળો આ માને છે. આહા..હા..! માટે તારે ધર્મ કરવો હોય તો સચેતન એવો ભગવાન સચેત છે. રાગ તો બધું અચેત છે. આહા..હા..! એવા સચેત ઉપર નજર કરીને સચેત થા. જાગૃત થા. એનું નામ ધર્મ છે. આહા..હા..!

'**તે પ્રગટ દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :— જેમ ભૂતાવિષ્ટ પુરુષ...**' ભૂત જેને વળગ્યું હોય એવો. '**અજ્ઞાનને લીધે ભૂતને અને પોતાને એક કરતો થકો,...**'

જુઓ, ભૂત જુદી ચીજ છે, પોતે જુદી ચીજ છે. **'અજ્ઞાનને લીધે ભૂતને અને પોતાને એક કરતો થકો, મનુષ્યને અનુચિત એવી વિશિષ્ટ ચેષ્ટા...'** આહા..હા..! ભાષા જુઓ, એ ક્રોધ ને માન ને રાગ ને દ્વેષને. આહા..હા..! મન, વચન, કાયા અને ઇન્દ્રિય આ બધું અહીં છે. સંબંધવાળું એક ક્ષેત્રે. એવા ભૂત એને વળગ્યું એક ક્ષેત્રમાં આત્મા છે ત્યાં. ભૂતની જેટલી ચેષ્ટા એ બધી મારી એમ માને છે. **'મનુષ્યને અનુચિત એવી વિશિષ્ટ ચેષ્ટા...'** ધુણે, આ કરે ને તે કરે. એ ભૂતને તો એ જાતનું હાસ્ય-કુતૂહલ કરવું હોય. કેમ .. એ હું છું. ભૂત હું છું. આ બધી ચેષ્ટા મારાથી થાય છે. એમ અનુચિત એવી ખાસ ચેષ્ટા એટલે જુદી જાતની. ભૂતની ચેષ્ટા એમ. એવી મનુષ્યપણાની ચેષ્ટાથી ભિન્ન જાતની ચેષ્ટા. **'અવલંબન સહિત ભયંકર આરંભથી ભરેલા...'** આહા..હા..! ભયંકર જેનું 'કાર્ય; વ્યાપાર; હિંસાયુક્ત વ્યાપાર.' લ્યો! **'અમાનુષ વ્યવહારવાળો હોવાથી...'** ધૂણે, લૂગડા કાઢી નાખે. થાય છેને ઘણા એવા. ભૂતડા વળગ્યા હોયને નાગો થઈ જાય, આ થઈ જાય. કાંઈ ભાન ન મળે. એ બધી ચેષ્ટા ભૂતની છે છતાં એ પોતાની માને છે.

વિશિષ્ટ એટલે જુદી જાતની ચેષ્ટા. મનુષ્યને યોગ્ય નહિ એવી એમ. એવો **'અમાનુષ વ્યવહારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે;...'** તે પ્રકારના વિકારના પરિણામનો કર્તા પ્રતિભાસે છે. ભૂતના ભાવનો જેમ કર્તા પ્રતિભાસે છે. ભૂતની ચેષ્ટા ભૂત કરે છે તારામાં ક્યાં હતી? આહા..હા..! એમ આ રાગ ને દ્વેષ ને વિકારના પરિણામ મલિનતા છે. એ ક્યાં તારામાંથી ક્યાં થયા છે? આહા..હા..! અજ્ઞાનને લીધે એ ચેષ્ટાને પોતાની માનતો તેનો કર્તા પ્રતિભાસે છે. એ પુણ્ય અને પાપના ભાવનો કર્તા અજ્ઞાનપણે પ્રતિભાસે છે એમ કહે છે. એ ભૂતડું વળગ્યું એની ચેષ્ટા છે કહે છે. વિકારભાવ તને ભૂતડું છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? બહારની ચીજ છે એ બધી જ્ઞેય. છતાં એ વસ્તુને દેખતા ક્રોધ ને માન ને માયા ને લોભ આદિ થાય એ ભાવ્યભાવ એ ભૂતની ચેષ્ટા છે. વિકારની ચેષ્ટા એ આત્માની નહિ. આહા..હા..!

**'તેવી રીતે આ આત્મા...'** ઓલા ભૂતનો દાખલો આપ્યો. **'આત્મા પણ અજ્ઞાનને લીધે...'** પોતાની જાતના જ્ઞાનના ભાન વિના **'લીધે જ...'** પાછું ત્યાં બધે 'જ' **'ભાવ્ય-ભાવકરૂપ પરને અને પોતાને એક કરતો થકો,...'** વિકારીભાવ એ ભાવકનો ભાવ એ પરભાવ એને પોતાને એક કરતો થકો. આહા..હા..! એ શુભરાગ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ રાગને પોતાનો કરતો એ રાગ તો ભાવ્ય છે. વિકાર કર્મના નિમિત્તે થયેલી યોગ્યતાવાળો ભાવ છે. એ જીવનો સ્વભાવ નથી. આહા..હા..! ભારે આકરું કામ. **'અજ્ઞાનને લીધે જ ભાવ્ય-ભાવકરૂપ પરને અને પોતાને...'** એ ભાવ્યભાવકરૂપ વસ્તુ છે એ વિકારી પર છે અને પોતે ભિન્ન છે. એમ ભાન ન રાખતાં **'પોતાને એક કરતો થકો, અવિકાર અનુભૂતિમાત્ર**

જે ભાવક...' આહા..હા..! જુઓ, 'અવિકાર અનુભૂતિમાત્ર જે ભાવક...' ભગવાન આત્માની તો અવિકારી અનુભવનો ભાવ કરનારો છે એ તો. આહા..હા..! ભારે ધર્મ ભારે! ઓલા તો કહે પોષા કરો, પડિક્કમણા કરો, સામાયિક કરો. લ્યો! ..ભાઈ ગયા તમારા ભાઈ? ચીમનભાઈ ગયા હશે. એ માને.. હોં બહુ નહિ પાછા. બહુ .. એક-બેવાર. આ બધો પુરુષાર્થ એવો લાગે. જાણે આપણે આ ધર્મ સ્થાનકવાસી ..., દેરાવાસીનો .. બીજો ધર્મ.

દિગંબરવાળાને એમ લાગે કે આ વળી આવો ધર્મ ક્યાં કાઢ્યો નવો? એને એમ લાગે. નવો નથી. દયા, દાન, પૂજા, ભક્તિ એ ધર્મ નથી. અહીં તો કહે એ રાગમાં વ્યાપે છે અને એ રાગ મારામાં પરિણમે છે તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ભૂતની ચેષ્ટાને પોતાની માને એ વિકારની ચેષ્ટાને પોતાની માને એમ કહે છે. સમજાણું કાંઈ? અરે..! અનંતકાળથી દુઃખી છે, પણ એની ખબર નથી. જયસુખભાઈ! કેવું થયું? .. છેને? ભાઈએ બહુ ... આમ થાશે, આમ થાશે એમ કહેતા નહિ? બહુ આવતું હતું. એ ગયા પછી જરી... એ તો અનાદિનું એવું જ છે બધું. એ કાંઈ નવું નથી. આહા..હા..! મા-બાપ હતા, પૈસા હતા, વેપાર હતો, પાંચ છોકરા, ભાઈઓ, બધું હતું. બાયડી હતી. ...

મુમુક્ષુ :- પછી થયુંને સરખું.

ઉત્તર :- એ વખતે એને એ જાતનો ફરવાનો કાળ હતો. ...

મુમુક્ષુ :- અહીં મંત્ર લઈને ગયા હશે.

ઉત્તર :- અહીં મંત્ર-ફંત્ર કાંઈ ન મળે. આપણે તો ચોખ્ખી વાત કરીએ. એને અંદરમાં પ્રેમ થાય અને શુભભાવ થાય. તો વળી ... હોય અને એ વખતે એવો ભાવ થાય અને વળી કર્મ .. જાય. એમાં શું થયું? એ તો એને કારણે છે. એ કાંઈ આને કારણે નથી. એય..! આહા..હા..! વાત તો આવી ચોખ્ખી છે.

અહીં તો કહે છે પોતે પ્રભુ જે ચૈતન્ય છે એ તો અવિકારી અનુભૂતિમાત્ર ભાવક છે. અવિકારી અનુભૂતિનો કરનાર એ છે. એનું કર્તવ્ય તો આ છે. આનંદ અને જ્ઞાનપણે અનુભવપણે પરિણમવું એ એનો ભાવક છે. આહા..હા..! આવા ભાવનો કરનારો એ ભગવાન આત્મા છે. ઓલો સવિકાર છેને સામે? અહીં અવિકાર. ચૈતન્ય પરિણામે પરિણમતો. અહીં કહે કે અવિકારી અનુભૂતિમાત્રપણે પરિણમતી જેની ક્રિયા છે. આહા..હા..! ઓહો..હો..! સમયસાર તે પણ સમયસાર! એક-એક ગાથામાં તડ ને ફડ. બે કટકા. એક વિકલ્પ ઉઠે કહે છે કે રાગનો. ભૂતાવિષ્ઠની પેઠે. ભૂત વળગ્યું તને મારા! એ રાગ મારો ભૂત વળગ્યું છે તને. આહા..હા..! ભૂતની ચેષ્ટા એમાં રાગ અને પુણ્યના ભાવની ચેષ્ઠા એ ભૂતની ચેષ્ટાની જેવી ચેષ્ટા છે કહે. ઓલો ભૂતની ચેષ્ટાને જેમ પોતાની માને એમ આ વિકારની ચેષ્ટાને પોતાની માને બેય સરખા મારા મૂર્ખા છે એમ કહે છે. એય..! આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

એકકોર વિકારી પરિણામ એ ભૂતના વળગેલાની ચેષ્ટાની જેવી છે. ભગવાન તો પોતે એવો છે. અવિકારી અનુભૂતિને માટે ભાવક થનારો છે એ તો. આહા..હા..! વિકારપણે થવું એ એનું સ્વરૂપ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ વાત રુચે નહિને પછી કેટલાકને એવું થઈ જાય. કાંઈક સાધન તો બતાવતા નથી અને પાધરું આવું. આહા..હા..! એ દૃષ્ટિ ફેરવી નાખવી એનું નામ સાધન. આહા..હા..! અરે..! જીવ તે વિકાર થવાને લાયક ભાવ્ય એ જીવનું સ્વરૂપ છે? એમ કહે છે. ભાવક-કર્મ અને ભાવ્યદશાનો વિકાર થાય તે કાળે. એ કાંઈ એની જાતની ચીજ છે? ભૂત વળગેલાની ચીજ છે એ તો કહે. આહા..હા..!

ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ. એ તો કીધું બેહદ ચૈતન્ય ધાતુનો ધરનાર અને રાગ તો એક સમયનો કૃત્રિમ વિકાર, ઉપાધિ મેલ. આહા..હા..! નિર્મળાનંદનો નાથ પ્રભુ જેને નિર્મળપણે પરિણમવું હોય એને માટે એની લાયકાત છે. એમ કહે છે. સમજાણું કાંઈ? ભાવક પોતે અને એનો ભાવ્ય એ નિર્વિકારીદશા. એના માટે ભાવનો કરનાર એ છે. આહા..હા..! એ તો જ્ઞાન અને આનંદની દશાનો કરનાર આત્મા. એને ઠેકાણે રાગ અને ભૂત વળગ્યું એની ચેષ્ટાને પોતાની માને અને રાગની ચેષ્ટાને પોતાની માને મૂઢ છે કહે છે. ભૂત વળગ્યું છે એને મિથ્યાત્વનું. આહા..હા..!

**‘અનુભૂતિમાત્ર જે ભાવક તેને અનુચિત...’** આનંદરૂપે પરિણમવું એવો જે ભાવકનો ભાવ એથી અનુચિત. એને લાયક નહિ. આહા..હા..! **‘એવા વિચિત્ર ભાવ્યરૂપ...’** જુઓ, ભાવ્યરૂપ. **‘ક્રોધાદિ વિકારોથી મિશ્રિત...’** આહા..હા..! દૂધપાકમાં એક રૂપિયાભાર ઝેર પડ્યું એ ઝેર કરી નાખ્યું એને. એમ ભગવાન આનંદનો નાથ આનંદપણે પરિણમવું એ એનો ભાવકપણાનો એ એનો ભાવ. એને છોડી. આહા..હા..! **‘ક્રોધાદિ વિકારોથી મિશ્રિત...’** મિશ્રિતનો અર્થ? થોડું આનંદનું પરિણમન અને થોડું રાગનું પરિણમન એમ? ભાષા તો મિશ્રિત છે. કહે છે કે એને જ્ઞાતા-દૃષ્ટાના ભાવને સાથમાં હતો ખરો, પણ એને રાખ્યો નહિ લક્ષમાં. અને વિકારી પરિણામ જે **‘ચૈતન્યપરિણામવિકારવાળો હોવાથી...’** મિશ્રિત. રાગની સાથે એકત્વ માની. આહા..હા..! ક્રોધ, માન, માયા, લોભ. આ બારમાં બોલમાં ભાઈએ નાખ્યું. આ બોરમો છેને. ક્રોધના બે, લોભના ૨૦. એમ એક એકનો અર્થ કર્યો છે. ... બરાબર હશે. કીધું હતુંને ... મૂળ પાઠમાં. ક્રોધના, માનના, માયાના, લોભના. એક-એક બોલના અર્થ પાછા. એણે આમ કેમ કર્યું? એને આમ કેમ કર્યું? એણે આમ કેમ કર્યું? ૧૬ પ્રકારના છેને? ૪ પ્રકારના ક્રોધ, ૪ પ્રકરના માન, ૪ પ્રકારની માયા, ૪ પ્રકારના લોભ. દરેકનો દાખલા છે. દરેકનો દાખલો ઉદાહરણ છે.

ક્રોધ કેવો છે? આકરો અનંતાનુબંધીનો. જેને કારણે સમકિતથી પડીને મિથ્યાત્વમાં આવી જાય. અને ન થયું હોય સમકિત. તોપણ મિથ્યાત્વમાં આવી જાય અનંતાનુબંધી ક્રોધને લઈને.

એ ક્રોધ જેમ પર્વતની શીલા ફાટે અને તડ પડે એ કોઈ રીતે ભેગા થાય નહિ. એવો ક્રોધ જેને અંદરમાં છે. ક્રોધ એટલે બહારમાં કરે એવું કાંઈ નથી. એ રાગના વિકલ્પને પોતાનો માન્યો એ અનંતાનુબંધીના ક્રોધના ચાળા-ચેષ્ટા છે. આહા..હા..! સમજાણું કાંઈ? માનનો દાખલો આપ્યો છે અનંતાનુબંધીનો માન. પત્થર હલ્યો હલે નહિ, ચળ્યો ચળે નહિ મોટો ડુંગર. એમ માન એ સત્. સત્‌ને આદરે નહિ અને સત્‌નો અનાદર કરે. સત્ય વસ્તુમાં જરીએ નમે નહિ એવો અનંતાનુબંધીનો માન. આહા..હા..! જે સમકિત હોય તો પાડે અને ન હોય તોપણ મિથ્યાત્વમાં રહે એવો જે અનંતાનુબંધીનો માન છે લ્યો. માયા. આ ક્રોધ-માન-માયાની છેને આ વાત? ભૂતાવિષ્ટની વાત છે. માયા. વાંસની ગાંઠ જેમ વાંસ હોને વાંસડા એની ગાંઠ. ગોળ નાખેલી એકલી. એમ એની માયા, કપટ, કુટિલતા અનંતાનુબંધીની. વળ નાખીને પડ્યો એ ભૂતાવિષ્ટમાં. આહા..હા..!

મુમુક્ષુ :- પાક્કો કહેવાય.

ઉત્તર :- પાક્કો. હા. વાણિયા કહે કે ઉંડા બહુ પાક્કા કહેવાય. ઉંડા ..ન આપે મારા! કપાસ વીણવા જાવું હોય ઉગમણું. એમાં નાખી શું કહેવાય? તોલવાનો કાંટો. કાંટો નાખી અને જાવું હોય ઉગમણું અને જાય આથમણે પહેલા. પછી ત્યાંથી આમ થઈને જાય. એટલે એ ક્યાં ગયો હતો એ ખબર ન પડે. વળી બીજો ન આવે ચોર. આહા..હા..!

અહીં કહે માયા અને લોભ. મજીઠનો રંગ. એમ ચાર તો અનંતાનુબંધીના ક્રોધ, માન, માયા છે. પછી ચાર... લાંબી વાત છે. ઘણા બોલ છે ... બહુ. કહે છે એ પોતાની ચીજ જે આનંદમૂર્તિ પ્રભુ. અને આનંદની અનુભૂતિનો ભાવક થઈને થવું એ એની યોગ્યતા અને એ એનો સ્વભાવ છે. છતાં એને અનુચિત. ઉચિત નહિ. .. નહિ, યથાર્થ નહિ, સત્ નહિ. એવા વિચિત્ર ભાવરૂપ. એમ કહેવું છેને અહીં તો? આહા..હા..! **'એવા વિચિત્ર ભાવ્યરૂપ...'** વિકારભૂતની પેઠે. આહા..હા..! **'ક્રોધાદિ વિકારોથી મિશ્રિત ચૈતન્યપરિણામવિકારવાળો હોવાથી...'** વિકારી પરિણામના મિશ્રિતના ચૈતન્ય પરિણામવાળો હોવાથી **'તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.'** કહો, સમજાણું કાંઈ? આહા..હા..! સૂક્ષ્મમાં પણ મહા મિથ્યાત્વ શું છે એ બતાવે છે. ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો, પણ રાગની ચેષ્ટા એ મારી એ ભાવ્યદશા એ મારી અને એને થવાને હું લાયક એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ સૂક્ષ્મ છે. આહા..હા..! અને જેના ફળ અનંત આનંદ અને શાંતિ છે. એવા માર્ગ તો એવા જ હોયને. આહા..હા..! સાધારણ પ્રાણીને તો ખ્યાલમાં ન આવે કે આ શું કહેવા માગે છે? પણ આ બધું આવું કર્યું હવે અમારે કરવું શું ત્યારે? એય..! રાજેન્દ્રભાઈ! લ્યો એ પૂછતા હતા રાજકોટ ગયા છેને. કોક કહેતું હતું. અહીં કોક કહે એ આપણે સાંભળીએ ત્યારે ખબર પડે કે ભાઈ એમ કહે છે કે તો અમારે કરવું શું? આ સાચી

સમજણ કરવી અને હું કોણ છું એને જાણવું એ કરવું એને. પર શું છે એનું એને શું કામ છે? હું કોણ છું? ક્યાં છું? કેવડો છું? કેમ છું?

શ્રીમદ્‌માં ન આવ્યું? એમ આવ્યુંને? 'હું કોણ છું ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું? કોના સંબંધે વળગણા છે રાખું કે પરિહરું? એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા, એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા તો સર્વ આત્મિક જ્ઞાનમાં સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.' ભાઈ! રાજેન્દ્રભાઈ! આ જુઓ આવ્યું કે નહિ આમાં? તમારા ઘરે પુસ્તક પડ્યા છે ઘણા પાના. આહા..હા..! કહે છે ભૂત વળગેલાને ભૂતની ચેષ્ટા જેમ પોતાની ભાસે છે એમ રાગ અને દ્વેષની ક્રિયા આત્માની ભાસે છે એવો એ મૂઢ છે. આહા..હા..! ગજબ વાત છેને. વ્યવહારરત્નત્રયના પરિણામપણે હું પરિણમું, એને માટે લાયક છું મૂઢ છે. આહા..હા..! વીતરાગમાર્ગની અંદર આ હોય. સમજાણું કાંઈ? કહે છે કે એવા પરિણામવાળો '**હોવાથી તે પ્રકારનો કર્તા પ્રતિભાસે છે.**' એક દૃષ્ટાંત થયો. બીજો છે હવે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ-૫, શનિવાર, તા. ૧૧-૧૧-૧૯૭૨
## ગાથા-૯૬, પ્રવચન-૨૧૯

૯૬ ગાથા ચાલે છે. કર્તાકર્મ સમયસાર. એક ભાવ્યભાવકનો અધિકાર થયો. હવે જ્ઞેયજ્ઞાયકનું દૃષ્ટાંત દઈને અધિકાર કરે છે. પહેલા ભાવ્યભાવકમાં એમ કહ્યું કે જેમ એક માણસને ભૂત વળગે અને ભૂતની જે અનુચિત ચેષ્ટા છે એ બધી મારી જ છે એમ જે માને એ જગતનો મૂર્ખ છે. એમ અહીંયાં આત્મામાં કર્મનું નિમિત્તપણું, ભાવકપણું. એના સંબંધે જે આત્માની પર્યાયમાં ભાવ્ય. પુણ્ય-પાપના ભાવ થવાને લાયક જે ભાવ થાય એ ભાવ મારું કર્તવ્ય છે એમ જે જાણે છે એ ભૂતાવિષ્ટ ક્રિયાની પેઠે મારી છે એમ માનનારો અજ્ઞાની છે.

મુમુક્ષુ :- સમજાય શું આમાં?

ઉત્તર :- એય..! ફરીને. આ આત્મા છે માણસનો આત્મા. કે માણસનું શરીર. એમાં ભૂત આવે ભૂત. અને એની ચેષ્ટા કરે. આમ છે ને તેમ છે ને પાણી ...ઉડાડું આમ કરું ક્રિયાઓ. એ ભૂતની ક્રિયા અંદરનો ઓલો આત્મા માણસનો એમ માને કે આ મારી ક્રિયા

છે. કહો, એ મૂર્ખ કહેવાય. લૌકિક મૂર્ખ. લોકોત્તર મૂર્ખ એનું દૃષ્ટાંત. કર્મરૂપી ભૂતડું એક ભાવક છે. એના સંબંધમાં આત્માની પર્યાયમાં કર્મના નિમિત્તની ચેષ્ટા, પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ ભાવ એ ભૂત જેમ વળગેલું એની ક્રિયા ભિન્ન છે. એમ એ વિકારની ક્રિયા ખરેખર આત્માના સ્વભાવથી ભિન્ન છે. છતાં એ વિકારના પરિણામ મારા અને હું એનો કર્તા એ લોકોત્તર અજ્ઞાની મૂર્ખ છે. કહો, સમજાણું કાંઈ? પોતાની ચીજ આત્મા આનંદસ્વરૂપ એનું અંતરમાં ભાન ન મળે આનંદની દશાનું અને ફક્ત જે પરના નિમિત્તે થતાં પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે એ મારા છે, હું એનો કરનાર, રચનાર છું, એ મારી રચેલી ક્રિયા છે એમ માને તે લોકોત્તર મૂર્ખ છે. કહો, હવે તો આ.. સુમનભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એનું વર્તન, એની ક્રિયા એ તો જાણવું-દેખવું અને આનંદની એની ક્રિયાનું વર્તન છે. એનું વર્તન પુણ્ય અને પાપના વિકારી પરિણામનું એ એનું વર્તન યથાર્થપણે નથી. આહા..હા..! પરનું વર્તન તો એનું નથી, પણ શુભ અને અશુભના ભાવનું પણ એનું આચરણ અને વર્તન એ જીવના સ્વભાવનું નથી. એ ભૂતનું વર્તન, કર્મના ભૂતડાનું વર્તન છે. આહા..હા..! સમજાણું કાંઈ? શુભ અને અશુભભાવ ચાહે તો દયા, દાન, ભક્તિ, પૂજાનો હોય કે ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષયનો હોય, પણ બેય ભાવ કર્મરૂપી ભૂતડાની ચેષ્ટાનું લક્ષણ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

જેને અનાદિથી અહિત થઈ રહ્યું છે. આત્માને યોગ્ય નહિ, અનુચિત છે. એ વિકારી પરિણામ જેમ ભૂત વળગેલાને ભૂતની ચેષ્ટા એ એના જીવની યોગ્યતા પ્રમાણે અનુચિત છે. એમ ભગવાન આત્મામાં કર્મના નિમિત્તથી પુણ્ય અને પાપની વિકલ્પોની લાગણીઓ એ જીવના સ્વભાવની અપેક્ષાએ તેને અનુચિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? હિત કરવું હોય આત્માનું જેને, એને તો એ પરિણામ જે પુણ્ય-પાપના છે તે મારા નથી. પણ હું મારા સ્વભાવના આશ્રયે જાણનાર-દેખનારના પરિણામનો કર્તા એ પરિણામ મારા છે. કહો, સમજાણું કાંઈ? આ વેપાર-બેપાર તો ક્યાંય રહી ગયો આમાં. અરે..! સુમનભાઈ! યાદ પણ ન હોય. એ શું ત્યાં પણ લાદી છે .. કહો, સમજાણું? લાદી તો અહીં ખાડામાં છે. ... લાદીની ક્રિયા જડની કોકની અને તેના નિમિત્તથી થતાં પુણ્ય-પાપના વિકલ્પો એ ભૂતડાના, કર્મના ભૂતના. એ ભૂતડાની ચેષ્ટા જેમ માણસ મારી છે એમ માને એ જગતનો મૂર્ખ કહેવાય. એમ અહીંયાં લોકોત્તર મૂર્ખ એટલે.. એ શુભ અને અશુભભાવ એ મારું કર્તવ્ય છે અને હું એનો કર્તા છું અને એ મારી દશા છે એમ છે એ લોકોત્તર મૂર્ખ છે. ભારે કામ!

મુમુક્ષુ :- લોકોત્તર મૂર્ખની સંખ્યા તો ઘણી બધી છે.

ઉત્તર :- એ સંખ્યા જેનું જે રાજ હોય એનું ચલણ હોયને ત્યાં. ગામમાં, એના દેશમાં

એનો સિક્કો ચાલેને? એમ અનાદિનું મિથ્યાત્વનું જ રાજ છે. આહા..હા..! પોતે ધર્માત્મા સચ્ચિદાનંદ પ્રભુ અનંત આનંદ અને જ્ઞાનનો સાગર. સમજાણું કાંઈ? અન્યમતમાં પણ કેટલાકને એમ થઈ જાય છે. ઓલા પ્રકાશ લે છેને અંદર. મોટો પ્રકાશ દેખ્યો. પણ એ બધો પ્રકાશ જડનો છે. અંદર જ્ઞાનમાં.. કાળો છે એ દેખાય છેને અંદર આ? આંખ મીંચે તો કાળાપણું દેખાય છેને. એમ અંદર કોઈ પ્રકાશ દેખાય, પણ એ બધું જડ છે એ તો. એ જડની ક્રિયા મારામાં, મારાથી થાય છે એ માન્યતા જ અધર્મની, મિથ્યાદૃષ્ટિની છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે જેમ એ ભાવ્યભાવકનો દાખલો આપ્યો એમ હવે જ્ઞેયજ્ઞાયકનો આપે છે. બહુ સરસ વાત છે. આહા..હા..! **'જેમ અપરીક્ષક આચાર્યના ઉપદેશથી...'** કહો, સુમનભાઈ! **'જેમ અપરીક્ષક...'** એવા આચાર્ય હોય છેને. પરીક્ષા કર્યા વિનાના, ભાન વિનાના. **'મહિષનું ધ્યાન કરતો કોઈ ભોળો...'** એને કહે કે તું ભેંસનું ધ્યાન કર. ભેંસનું ધ્યાન કરીને શું તારે કામ છે? કે તું ભેંસ જેવો મોટો થઈ જઈશ એમ. સમજાણું કાંઈ? આહા..હા..! **'મહિષનું (પાડાનું) ધ્યાન કરતો કોઈ ભોળો પુરુષ અજ્ઞાનને લીધે...'** એ ભેંસને અને પોતાને એક કરતો થકો. ધ્યાનમાં એકાગ્ર થતાં... થતાં... થતાં... થતાં... એને થઈ ગયું કે હું ભેસ છું. જ્ઞાનમાં ભેંસનો આકાર જણાતા હું જાણે ભેંસ થઈ ગયો. આહા..હા..!

**'એક કરતો થકો, હું ગગન સાથે ઘસાતાં શિંગડાવાળો મોટો મહિષ છું...'** હું તો આકાશ સાથે મોટા લાંબા શિંગડાવાળો એવો હું પાડો છું અથવા ભેંસ છું. **'એવા અધ્યાસને લીધે...'** એ ટેવાઈ ગયો એ. સમજાણું કાંઈ? **'મનુષ્યને યોગ્ય એવું જે ઓરડાના બારણામાંથી બહાર નીકળવું...'** એ ન નીકળી શકે. એને આવું લાંબા શિંગડા મહિષ કેમ નીકળે આ બારીમાંથી? બારણું નાનું હોય એમાંથી કેમ નીકળે એમ થઈ જાય. આહા..હા..! જુઓ, આ તો દૃષ્ટાંત છે હોં એનો સિદ્ધાંત જરી ઝીણો છે. એ મહિષનું ધ્યાન કરનાર અધ્યાસ-ટેવાઈ ગયો માટે **'મનુષ્યને યોગ્ય એવું જે ઓરડાના બારણામાંથી બહાર નીકળવું તેનાથી ચ્યુત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે;...'** કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ઓરડાના બારીમાંથી નીકળતો એને થયું કે હું તો હવે ભેંસ થઈ ગયો. હવે આ બારણામાંથી કેમ નીકળાય? પછી આમ માથું કરીને શિંગડું બહાર કાઢે. એમાં તન્મય થઈ ગયો.

**'તેવી રીતે...'** એ ભેંસની પર્યાય જે એના ખ્યાલમાં આવી. એના આકાર આવ્યો એ રૂપે હું જાણે થઈ ગયો. **'તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે...'** આહા..હા..! જુઓ, ન્યાય તો... ભગવાન! એ તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એને તો ભાન થાય તો એને અતીન્દ્રિય આનંદ આવે. એનું ભાન થતાં ચૈતન્યના પ્રકાશનું પૂર અરૂપી છે એ

તો. સમજાય છે કાંઈ? એનામાં તો અતીન્દ્રિય આનંદ ભર્યો છે. એના ભાન વિના સ્વરૂપની જાતને ઓળખ્યા વિના. પોતાનો પરમ પ્રભુ પદાર્થ ચૈતન્ય એની ખબર કર્યા વિના અજ્ઞાનને લીધે '**જ્ઞેયજ્ઞાયકરૂપ...**' એ જ્ઞેય એટલે આત્મા સિવાય બધા પદાર્થો જ્ઞેય છે. ચાહે તો ધર્માસ્તિ, અધર્માસ્તિ હોય કે ચાહે તો દેવ-ગુરુ હો, કે ચાહે તો સ્ત્રી-કુટુંબનો આત્મા હો કે શરીર હોય. એ જ્ઞેય એટલે જાણવાને લાયક થયો છે. મારા માનવાને લાયક એ આત્મા પણ નથી અને એ ચીજ પણ નથી. આહા..હા..!

એવા '**પરને અને પોતાને એક કરતો થકો, 'હું પરદ્રવ્ય છું'...**' આહા..હા..! એ ધર્માસ્તિકાય તત્ત્વ છે એનો વિચાર કરતા એને વિકલ્પ ઉઠે એમાં તન્મય થઈ જાય. જેમ ભેંસનો વિચાર કરતાં જાણે ભેંસ થઈ ગયો. એમ ધર્માસ્તિકાયનું તત્ત્વ ભગવાને વર્ણવ્યું. એનો વિચાર કરતાં હું જાણે ધર્માસ્તિનો વિકલ્પ તે એમાં તન્મય થઈ ગયો? એના વિકલ્પથી જુદી ચીજ આનંદની છે. એની એને ખબર નથી. આહા..હા..! એવા અધ્યવસાયને લીધે, '**એવા અધ્યાસને લીધે...**' મન, ઈન્દ્રિય અને શરીર ત્રણને વર્ણવે છે. ભગવાન આત્મા તો મનનો વિષય નથી. એ વિકલ્પ રાગનો વિષય નથી. એ તો અણિન્દ્રિય આનંદની પર્યાયનો એ વિષય છે. એ જ્ઞાનની તે તરફ ઝુકતી પર્યાયનો વિષય છે. એને ધ્યેય બનાવનાર નિર્મળ અણિન્દ્રિય પર્યાય એનો એ વિષય જીવ છે. એમ ન જાણતા અનાદિ જ્ઞેયના વિચારકાળમાં અભ્યાસને લઈને ટેવાઈ ગયેલી લાગણીને લઈને. '**મનના વિષયરૂપ કરવામાં આવેલાં...**' મનનો વિષય આમ પર. ધર્માસ્તિકાયનો વિચાર એ મનનો વિષય છે. આહા..હા..! અધર્માસ્તિનો વિષય એ મનનો વિષય છે. આકાશ એ મનનો વિષય છે, કાળ એ મનનો વિષય છે. પુદ્ગલ અને ભગવાન ત્રિલોકનાથ જીવ એ પણ મનનો વિષય છે. અન્ય જીવ છેને?

આત્મા સિવાય બીજા આત્માઓ, ભગવાન હોય, પંચપરમેષ્ઠી હોય એ બધા મનનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એના ઉપર લક્ષ જનાર મનનો વિકલ્પ છે તે લક્ષ જાય છે. આહા..હા..! એ જ્ઞેય છે પર, આ જ્ઞાયક છે જ્ઞેય સ્વ. સ્વ અને પરજ્ઞેયની ભિન્નતા ન ભાસતા પરજ્ઞેયનો વિચાર કરતા તે વિકલ્પમાં તન્મય થઈને, તનરૂપે તેરૂપે થઈને ભગવાન જ્ઞાન અને આનંદરૂપ છે તે રૂપે ન થતા. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળ દ્રવ્ય છે. મનનો વિષય આ પર છ દ્રવ્ય છે એમ કહે છે. ઝીણું બહુ! આમાં ક્યાં લાંબી .. આમાં કોક દિ' આવે ક્યાં બધા શું છે આ? આહા..! ચૈતન્ય આનંદની મૂર્તિ જ આત્મા તો છે. એનો વિષય એને વિષય બનાવનાર તો જ્ઞાનની નિર્મળ અતીન્દ્રિય પર્યાય છે. આહા..હા..! એ અતીન્દ્રિય પર્યાય છે એ આત્માને વિષય કરે. એ વિષય છોડી દઈને અનાદિથી મન જે છે એક અહીં. વિચાર કરવામાં નિમિત્ત. એ મન તરફના જોડાણથી, મનનો વિષય આ છ દ્રવ્ય તે મનનો વિષય છે કહે આહા..હા..! ગજબ વાત છે.

'**મનના વિષયરૂપ કરવામાં આવેલાં**...' વિષય કરવામાં આવેલા. એ વિષય છે નહિ પણ માની રહ્યો છે. ભારે ઝીણું! એ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય '**આકાશ, કાળ, પુદ્‌ગલ**...' પુદ્‌ગલ. અંદરમાં જે પ્રકાશ આદિ દેખાય એ બધો પુદ્‌ગલ જડ. એ મનનો વિષય જડ. આહા..હા..! સમજાણું કાંઈ? '**અને અન્ય જીવ**...' સ્ત્રીનો આત્મા, પુત્રનો આત્મા, નિગોદના જીવો, એનો વિકલ્પ ઉઠતા એ વિકલ્પમાં તન્મય થઈ જાય છે એ મનના વિષયમાં પોતાનું સ્વરૂપ નથી. છતાં એમાં તન્મય થાય એ પરને જ પોતાનું માને છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? મનનો વિષય અને જીવ. અરિહંત ત્રણ લોકના નાથ અને પંચપરમેષ્ઠી ને સિદ્ધ ભગવાન. બે દેવ અને ત્રણ ગુરુ એ મનનો વિષય પર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**અન્ય જીવ વડે (પોતાની) શુદ્ધ ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી**...' આહા..હા..! મનના વિષય તરફ જતાં એ છ દ્રવ્યો લક્ષમાં આવે. એ ચૈતન્ય ધાતુ ભગવાન નિર્મળાનંદ પરમાત્મા. એ ત્યાં વિચારમાં રોકાઈ ગઈ. આહા..હા..! પોતાની શુદ્ધ ચૈતન્ય ધાતુ જ્ઞાનાનંદ પ્રભુ સ્વરૂપ. એવી '**રોકાયેલી હોવાથી**...' ત્યાં રોકાયેલી છે. આહા..હા..! ભગવાન એમ કહે, વીતરાગ અરિહંત સર્વજ્ઞ પ્રભુ એમ કહે. અમે પરદ્રવ્ય છીએ તારા (જીવ)ની અપેક્ષાએ. અને અમારો વિષય કરવા જા ત્યાં મનનો જ વિષય થાય છે. રાગ જ ત્યાં આવે છે એમ કહે છે. આમ ગુલાંટ ખા અંદર. ત્યાં મનનો વિષય છૂટી જાય છે અને જ્ઞાનની પર્યાયનો વિષય ધ્રુવ થઈ જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

અરે..! '**મનના વિષયરૂપ કરવામાં આવેલા**...' આહા..હા..! ગજબ વાત છે. સંતોની ટીકા અમૃત રેડ્યા છે. અમૃતના વિરુદ્ધની વાત કરતાં પણ એને ટૂંકામાં સંકેલીને જે તારા મનના વિષયમાં આવેલા પરમાત્મા કે ગુરુ કે શાસ્ત્ર એ બધો મનનો વિષય છે. એ આત્માનો વિષય નથી. પ્રેમચંદભાઈ! આ વાંચતા નથી માણસ સ્વાધ્યાય. ભાઈ એનું કહેતા હતાને અમરચંદભાઈ કે માણસ સ્વાધ્યાય કરતા નથી. અને સ્વાધ્યાય કરે તો પોતાના વિચાર મૂકીને શાસ્ત્ર વાંચે. પણ શાસ્ત્ર શું કહેવા માગે છે એમ પોતાના વિચારમાં ન લાવે.

મુમુક્ષુ :- એ એવું છેને .. સાંભળ્યા વિના ખબર જ ન પડે.

ઉત્તર :- સાંભળ્યું નથી એણે. આહા..હા..! મહાપ્રભુ આનંદનો નાથ, પૂર્ણ અતીન્દ્રિય આનંદનો કંદ. એને વિષય બનાવવામાં તો અતીન્દ્રિય જ્ઞાન છે. મનનો એ વિષય નથી. આહા..હા..! એ ઇન્દ્રિયનો પછી કહેશે. ઇન્દ્રિયનો વિષય એ ભગવાન આત્મા નથી. આહા..! અણિન્દ્રિય સ્વરૂપ ભગવાન આત્મા. એ તો અણિન્દ્રિયની વીતરાગી પર્યાયનો વિષય છે. સમજાણું કાંઈ? એ ધ્રુવમાં નિત્યાનંદ આનંદસ્વરૂપમાં દૃષ્ટિ કરતાં એનો વિષય, દૃષ્ટિનો વિષય પૂર્ણ સ્વરૂપ છે. સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય, વસ્તુ પૂર્ણ આનંદમૂર્તિ આત્મા છે.

સમજાણું કાંઈ? એ આનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદના સ્વાદિષ્ટ જીવ અતીન્દ્રિય આનંદના સ્વાદિયા સમકિતી એનો વિષય અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણ છે. અને અજ્ઞાનીના મનનો વિષય છ દ્રવ્ય પર છે. સમજાણું કાંઈ?

**'મનના વિષયરૂપ કરવામાં આવેલા...'** ગજબ વાત છે! આહા..હા..! પંચ પરમેષ્ઠી પણ મનનો વિષય. આમાં બેસે નહિ હોં! જેની દૃષ્ટિ વિપરીત છેને અને બીજી રીતે માને આ વાંચવા જાય તો અર્થ બીજો કરે. આમ બીજું કરે શું પણ? એક બાજુ મનનો ઇન્દ્રિયનો વિષય બહાર, એક બાજુ અતીન્દ્રિય જ્ઞાનની પર્યાયનો વિષય અંદર. બે વાતની અહીં વાત છે. આહા..હા..! ભગવાનની વાણી પણ મનનો વિષય છે. પુદ્ગલ આવ્યુંને અંદર? ત્રણ લોકના નાથની વાણી. દિવ્યધ્વનિનો ૐ છૂટે. વાણી હોં એ જડ છે એ તો. એ પણ મનનો વિષય છે. આત્માનો વિષય નહિ.

આ શાસ્ત્ર પાના બધા લખેલા સમયસારના. અને આ બધું કોતરાય છે સમયસાર આદિ. એ બધો મનનો વિષય છે. આત્માનો નહિ. આત્મા એટલે કે દ્રવ્ય, ધ્રુવ તો ઠીક, ગુણ તો ઠીક, પણ એની નિર્વિકલ્પ જે પર્યાય છે એ આત્મા કહેવાય ત્યાં. એ આત્માનો એ વિષય નથી. એ આત્મા છેને? એ આત્મા છે. નિર્વિકલ્પ પર્યાય છે તે આત્મા. આહા..હા..! આત્માને, આત્માથી, આત્મા વડે એટલે એ નિર્વિકલ્પ પર્યાય વડે. એ આત્મા છે. મન અને રાગ તરફનું લક્ષ છોડી, ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ તરફ દૃષ્ટિ જાય. ત્યારે તે દૃષ્ટિ અને તે જ્ઞાનની પર્યાય અણિન્દ્રિય આત્મા થયો. એ આત્માનો વિષય તે આત્મા ત્રિકાળી છે. આહા..હા..! આ મન, ઇન્દ્રિય અને શરીર ત્રણ લેશે. તો આત્માનો વિષય તે આત્મા. એટલે કે અતીન્દ્રિય અંદરમાં મન અને રાગના વિકલ્પથી છૂટીને ત્રણ લોકનો નાથ પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદનો સાગર પડ્યો છે. એનો વિષય કરનાર એ આત્માની નિર્મળ અવસ્થાનો અંશ છે. એ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું બધું ન સમજાય તો બીજું કાંઈક કરે તો કાંઈક થાતું હશે કે નહિ? આ સંસાર રખડવાનો થાય. આહા..હા..! એ તો કહે છે અહીંયાં.

મનનો વિષય એવા છ દ્રવ્યો. આહા..હા..! ગજબ વાત કરી છેને પણ. શાસ્ત્ર અને ગુરુ કહે છે કે હું તો મનનો વિષય છું તારે માટે. આહા..હા..! એય..! પ્રેમચંદભાઈ! આહા..હા..! ભાઈ! તારું લક્ષ પરમાં જાય ત્યારે મન ઉભું થાય. ત્યારે પરમાં જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચંદુભાઈ! આવો માર્ગ આહા..હા..! હવે આ ક્યાં આથડે છે. અહીં તો મનનો વિષય વીતરાગ કહે છે કે મારા ઉપર લક્ષ કરીશ તો એ મન રાગ થશે. કારણ કે હું તો મનનો વિષય છું. આહા..હા..! આવી વાત તો કોઈવાર સાંભળવા મળે હોં! ધ્રુજી ઉઠે કાયર. કાયરના કાળજા કંપી ઉઠે કે અરરર..! આ! ભગવાનને જાણતા રાગ! અરે..! ભગવાનને માનીએ, ત્રણ લોકના નાથ છે કેવળી એમ માનીએ પણ એ રાગ છે કહે છે. એ પરદ્રવ્યની

માન્યતા એ તો વિકલ્પ મનનો વિષય રાગ છે. આહા..હા..! કહો, ભીખાભાઈ! આમાં કાંઈ ચાલે એવું નથી હોં. આ તો વસ્તુસ્થિતિ પરમાત્મા તીર્થંકરદેવ એની વાણીમાં, જ્ઞાનમાં તો એ છે કે હું તારો વિષય મનનો છે એમાં હું છું, પણ વાણી દ્વારા, ભગવાનની વાણી દ્વારા નિમિત્તથી કથન આવે ત્યારે. વાણી એમ કહે કે હું તો તારો વિષય મનનો છું. આહા..હા..!

અરે..! ચૈતન્ય સમુદ્ર ડોલે છેને પ્રભુ તું. એની અંદર ઝટ ન જતાં અમારા ઉપર તારું લક્ષ થાય અને ત્યાં રોકાઈ જા. ચૈતન્ય .. રોકાઈ જશે. એ જાણે કે અમે ભગવાન ઉપર લક્ષ કરીએ, શાસ્ત્ર ઉપર લક્ષ કરીએ તો અમારી વિકાસદશા થાય, અમારો વિકાસ અને ખીલવટ થાય. ત્યારે કહે છે એ શુદ્ધ ચૈતન્ય ધાતુ રોકાયેલી છે ત્યાં. રોકાઈ ગઈ છે. ભગવાનજીભાઈ! ભારે આવી વાતું હોં! આહા..હા..! ... કહો, સમજાણું કાંઈ? તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનો વિકાસ જ્ઞાનનો થઈ ગયો પર્યાયમાં હોં. આહા..હા..! એ ભગવાનની વાણીમાં, એના જ્ઞાનમાં તો એ આવ્યું છે, પણ વાણીમાં એમ આવ્યું. વાણીનો પોકાર જડનો પણ આવો આવ્યો. આહા..હા..! જ્ઞાન તો અંદર જાણે છે કે અમે કેવળી પરમાત્મા પણ તારા માટે મનનો વિષય છે. સમજાણું કાંઈ? લોકોને આકરું બહુ પડે હોં આમાં. એટલે બિચારા જ્યાં-ત્યાં. એ આ વાત સોનગઢની એકાંત છે. સોનગઢની છે કે ભગવાનના ઘરની છે? સાંભળને મારા. આ કોની ચાલે છે આ? અહીંનું લખાણ છે આ? આહા..હા..! પણ આ રીતે ન હોય તો કોઈ રીતે વસ્તુ સિદ્ધ નહિ થાય. આહા..હા..!

પોતાને જ્ઞાનની પર્યાયથી વિષય કર્યા વિના એની પ્રાપ્તિ ત્રણ કાળમાં ન હોય. આહા..હા..! આચાર્ય મહારાજ આહા..હા..! એ ગાંડપણું ઉખેડી નાખે છે અહીં તો. ભગવાન! મનની સાથે જોડાણ છોડી દે. એ પરનું એમાં લક્ષ તારું ત્યાં પર ઉપર જતાં તને રાગ થાશે. આહા..હા..! તારી પ્રાપ્તિ માટે તો તારી નિર્મળ અતીન્દ્રિય પર્યાય. એને અંતરમાં વાળતા એનો વિષય ભગવાન છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? ગજબની ગાથા છે. ગાથાનું ઓલું નહોતો કહેતો ભાઈ તમારે મૂળશંકર સુરતવાળો છેને. ... વાત કરે ગજબની વાત છે એમ બોલ્યો. ગજબના માણસો આવ્યા છે. તે દિ' બાર હજાર માણસો. આહા..હા..! ગજબ તો આ આત્મા છે. આહા..હા..! પૂર્ણાનંદ પ્રભુ. જેનો વિષય અતીન્દ્રિય જ્ઞાનથી થતા, જેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. અતીન્દ્રિય આનંદનો અનુભવ આવે. એ અનુભવનો વિષય ધ્યેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાં ગયા ભાઈ ગયા જામનગર? ... એ કહે હમણા ...અહીં એને .. છે લ્યો. પ્રેમ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન! એકવાર વાત તો સાંભળ તારી. ઓલી વાત તો તે સાંભળી છે. એ વાત એને કહેવાય. મોકાણ માંડી હોય તો વાત આવી છે એમ કહે છે કે નહિ? વાત માંડી. વાત આવી છે અમારી પાસે. વાત આવી છે. એક વાત આવી છે. અમે તો એકવાર સાંભળેલું.

૫૯માં ત્યાં ડાહ્યાભાઈ હતા. એ પ્લેગ હતો કાંઈક ઉમરાળામાં. બે જણા ત્યાં ગયા હતા. ખુશાલભાઈ અને મારી બા સાથે. એને પ્લેગ થયો અને ગુજરી ગયા તો સમાચાર આવ્યા. તો કહે આજ વાત આવી છે એમ બોલ્યા હતા. મેં કીંધુ વાત એટલે શું? પછી બધા ભેગા થયા. ઓહો..! મેં કીધું વાત આ છે. આહા..હા..! એ ભગવાનના ઘરની વાત ઉંધી આ કહે છે એને. એ તારો ઉંધો પડેલો આત્મા મનનો વિષય બનાવી અને પરથી મને લાભ થાય એવી માન્યતા તારી વાત કાણની-મોકાણની વાત છે. કહો, સમજાણું કાંઈ? .. છ છોકરા પાલવે અને અહીં આમ કરે ને ભિન્ન કરે. આહા..!

મનનો વિષય છે એ છોકરો, બાયડી, મકાન, પૈસો. આહા..હા..! એ મનનું લક્ષ જતાં તેનો વિષય તે આવે છે લક્ષમાં. સ્ત્રીનો આત્મા હોય, એનું શરીર હોય, એની વાણી હો એ બધો મનનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને દિવસના લાખ-લાખની પેદાશું કામમાં પડે એ બધો મનનો વિષય રાગ છે. આહા..હા..! ભાઈ! તે તારો વિષય તે બનાવ્યો નથી. તારું ધ્યેય કેમ પકડાય એની તને ખબર નથી. આહા..હા..! છોડ મનનો વિષય દેવ, ગુરુ અને શાસ્ત્ર પણ જણાય નહિ. તું જણાય તે વિષય લે હવે. સમજાણું કાંઈ? ગજબ વાત છે. એ ધર્માસ્તિ, આકાશ, કાળ તો ચાર અરૂપી, પુદ્ગલ રૂપી. આ શરીર સુંદર અને માખણ જેવું, એના અવયવો જડના એ બધો મનનો વિષય છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુદ્ધ ચૈતન્ય ભગવાન પવિત્ર આનંદકંદ પ્રભુ આત્મા. જેણે ચૈતન્યપણું ધાતુ નામ ધારી રાખ્યું છે. જેણે અતીન્દ્રિય આનંદનો સ્વભાવ જેણે ધારી રાખ્યો છે. એ ધારતા ત્યાં અટકી ગયો કહે છે. મનના વિષયમાં, દેવ-ગુરુ-શાસ્ત્રમાં, બાયડી, છોકરા, કુટુંબમાં ત્યાં રોકાઈ ગયો. સમજાણું કાંઈ?

'તથા...' હવે ઈન્દ્રિયો લેશે. '**ઈન્દ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા રૂપી પદાર્થો...**' પુદ્ગલ એકલા. .. અરૂપી છેને? પોતે અરૂપી છે ઓલા એ મનનો વિષય થયો. આ સ્થૂળ હવે જાડા. શરીર, વાણી વગેરે. પૈસો, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, મકાન, અભિનંદનના કાગળો બધા. અભિનંદન આપેને કાગળ? એય..! એ બધા જડ ઈન્દ્રિયના વિષય છે. આહા..હા..! ભાઈ! તારો આત્મા એમાં અટવાઈ ગયો હોં. તું ક્યાં રોકાઈ ગયો? જાવું હતું ક્યાં અને રોકાઈ ગયો ક્યાં? આહા..હા..! કહે છે કે મનના વિષયમાં રોકાણો એક તો અને સ્થૂળરૂપી પદાર્થ જડના એમાં એ ઈન્દ્રિયનો વિષય ત્યાં રોકાણો હવે. આહા..હા..! શું મકાન દસ, વીસ લાખનું મકાન. કોતરણી તે પણ કેવી! આરસ-પહાણના સૂર્ય કોતર્યા છે ચારે બાજુ.

મુમુક્ષુ :- છેને આગ્રામાં.

ઉત્તર :- હા છેને આગ્રામાં. સાડા ત્રણ કરોડનું તે દિ' હતું. હવે તો ઘણું થઈ ગયું. ૧૩ની સાલની વાત છે. કેવો બાગ? દયાળબાગ. છેને એક ધર્મ ઓલો રાધારાણીનો? ઘણા

ત્યાં અટક્યા બિચારા. ગયા હતા જોવા એકવાર. સાડા ત્રણ કરોડનું તો ત્યારે હજી અહીં સુધી આવ્યું હતું. મકાન. પછી તો ઘણા કરોડ નખાણા. સાકરટેટીયું આરસ પહાણની. કોતરીને મૂકેલી આમ થાંભલા પાસે. હજી તો ત્યાં સુધી આવ્યું હતું. ઉપર નહોતું. સાડા ત્રણ કરોડ. અજ્ઞાની ક્યાં ઓછા મળે? ઘણાય બધા મળે એમાં. આહા..હા..! આ સાકરટેટીયું આવેને સાકરટેટી? સાકરટેટી સમજ્યા? આ તરબુચ અને સાકરટેટી નહિ? ઓલું તરબુચ નહિ પણ સાકરનો જેવો સ્વાદ છેને એનો એટલે એને સાકરટેટી કહે છે. એ પણ આરસપહાણની કોતરેલી હોં આમ માથે! આહા..હા..! પણ મનનો વિષય બધો. એ ઇન્દ્રિયનો વિષય. મનમાં સૂક્ષ્મ હતું.

એ અહીંયાં '**ઇન્દ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા...**' વિષયરૂપ કરવામાં આવેલા. આહા..હા..! '**રૂપી પદાર્થો વડે...**' એ રૂપી ચીજ જે જડ સ્થૂળ, ઇન્દ્રિયના વિષયમાં લક્ષ જતાં ત્યાં અટક્યો. આહા..હા..! ભગવાન અણિન્દ્રિય સ્વરૂપ પ્રભુ. એને ઇન્દ્રિયના વિષયમાં રોકી દીધો. એને લઈને '**કેવળ બોધ...**' એકલું અંતર જ્ઞાનમૂર્તિ આનંદસ્વરૂપ પ્રભુ તે '**કેવળ બોધ (-જ્ઞાન) ઢંકાયેલ હોવાથી...**' જ્ઞાનાનંદ સ્વરૂપ છું એ ઢંકાઈ ગયું અને ઇન્દ્રિયના વિષય થઈ ગયા મુખ્ય. આહા..હા..! પલંગ કોતરેલા હોય, વાઘ અને સિંહના મોઢા મોટા કોતર્યા હોય નીચે અને ઉપર. આહા..હા..! ત્યાં ... વચ્ચે .. હોય એમાં અરિસા મૂક્યા હોય. આહા..હા..! સારો ફોટો હોય. કોનો? જડનો કે તારો? આમ જ્યારે એ ફોટો દેખેને ત્યારે પણ ઇન્દ્રિયનો વિષય છે. આહા..! મારો ફોટો છે હોં. એ ત્યાં હશે? એમ ઇન્દ્રિયના વિષયમાં જતાં એકલું જ્ઞાનસ્વરૂપ ભગવાન આનંદ ત્યાં રોકાઈ ગયો, ઢંકાઈ ગયો છે. આહા..હા..! ફોટા સારા પડ્યા હોય તો આમ ફેરવ્યા ફેરવ કરે જોવા માટે. આમાં પાછલો ભાગ આવ્યો છે, આમાં મોઢા આગળનો ભાગ આવ્યો, આમાં આનીકોરનો ભાગ આવ્યો. તારોને? તું ત્યાં ક્યા હતો? આહા..હા..! એ કાગળનો કટકો છે જડનો. આહા..હા..! ઉકાલો પીવે તો ખુશી થાય.

મુમુક્ષુ :- ગાંડો થઈ ગયો.

ઉત્તર :- ગાંડો. આહા..હા..!

કહે છે '**ઇન્દ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા...**' એ ખરેખર તો જ્ઞેય છે. ઇન્દ્રિયનો વિષય કરવાની લાયકાત એ જીવમાં નથી. પણ અજ્ઞાનથી ઉભી કરેલી છે એમ કહે છે. આહા..હા..! એ '**રૂપી પદાર્થો વડે કેવળ બોધ ઢંકાયેલ હોવાથી...**' તે પ્રકારના અજ્ઞાનભાવનો કર્તા ભાસે એમ કહેવું છે. એ પ્રકારના રાગના ભાવનો કર્તા (થાય છે). આહા..હા..! મનના વિષયમાં કરેલા પાંચ ઇન્દ્રિયના અથવા મનના વિષયમાં ભગવાન આત્મા કે સમવસરણ અને શરીર એ ઇન્દ્રિયનો વિષય કરીને ત્યાં જ્ઞાન રોકાઈ ગયું છે એને અહીંયાં

અધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! ગજબ વાતું છે! ઓલા કહે કે પ્રશસ્ત રાગ એ સંવર બે એક કહેવાય. અરે..! ભગવાન! ભાઈ! એ પોપાબાઈના રાજ નથી ત્યાં. આહા..હા..! ત્યાં તો ખરેખર પરમાત્મા બિરાજે છે. એવા પૂર્ણને પ્રાપ્ત કરવા માટે અતીન્દ્રિય જ્ઞાન અને આનંદની દશાથી એ જણાય એવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને આ ઇન્દ્રિયના વિષયોમાં રોકાઈને ભગવાન એકલો ચૈતન્યમૂર્તિ એને ઇન્દ્રિયના વિષયમાં રોકી દીધો. ઘાત કર્યો એણે. પોતાનું જ્ઞાનસ્વરૂપનું જીવન જે ધ્રુવ એનો એણે અનાદર કર્યો એટલે હિંસા કરી. આહા..હા..! ભારે વાતું ભાઈ! હવે છેલ્લું શરીર એને હોં. આહા..હા..!

ઓલા કહે છેને જીવતર શરીરથી એય..! પંડિતજી! આ તમે કરતા હતા એમાં. જીવીત શરીરથી ધર્મની ક્રિયા થાય કે નહિ? આવો એક પ્રશ્ન ઉઠ્યો ખાણિયામાં. આહા..હા..! અરેરે..! આ પંડિતો થઈને આવા પ્રશ્ન કરે! અહીં કહે છે કે '**મૃતક કલેવર વડે...**' આ તો મડદું છે જીવીત શરીર નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ મડદું આ તો ચૈતન્ય વિનાની ચીજ જડ-મડદું છે. મૃતક કલેવર છે આ. જીવ નીકળ્યા પછીની વાત નથી. આહા..હા..! કલેવર આ છે. કલેવર-મડદું-મડદું-કલેવર. આહા..હા..! અરે..! હંસલો જ્યારે મોતી બહાર નીકળ્યા હોય ... સારા મોતી ઉંચા. મોતી હોય તે હંસલો મોતી લે. કાગડો માંસ લે. એમ કહે છે કે આવો ભગવાન આત્મા અમૃતનો સાગર. એને શરીર કલેવરમાં મૂર્છાઈ ગયો. આહા..હા..! આ શરીર મારું. આ શરીર વડે હું કરવા માગું એમ કરી શકું. અને શરીરમાંથી હું વિષય લઈને મોજ કરું. ભગવાન! આહા..હા..!

'**મૃતક કલેવર વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન...**' આહા..હા..! જ્ઞાનસ્વરૂપની વાત તો ઠીક છે એ તો બધુ... આ તો અમૃતસ્વરૂપ ભગવાન છે. અતીન્દ્રિય અમૃતનો સાગર ભગવાન છે. આહા..હા..! '**મૃતક કલેવર વડે...**' આહા..હા..! એની મૂર્છા વડે એમ. મરેલું શરીર મડદું આમાં. આહા..હા..! વિષયની વાસનામાં રમતા એને એમ લાગે કે શું કરું આ શરીરને હવે? આમાંથી જાણે રસ લઈ લઉં? બચકા ભરું, બટકા ભરું, માખણ લઉં? શું કરું આમાં? બાપા! આ તો હાડકા અને ચામડા છે ભાઈ! આ તો મરેલું કલેવર છે. આહા..હા..! છે કે નહિ એમાં લખેલું? આહા..હા..! '**મૃતક કલેવર વડે...**' આ મડદું છે આ તો ભાઈ! આહા..હા..! આ રજકણે રજકણમાં ચૈતન્યનો અંશ નથી. અચેતન છે આ તો જડ, માટી, મૃતક કલેવર છે. હવે એ નડે છે. અત્યારે નહિ. કારણ કે વનસ્પતિને સચેત કેમ કીધી? માટે સચેત શરીર છે. અરે..! ભગવાન! કઈ અપેક્ષાએ વાત? આહા..હા..! એ તો જીવનું નિમિત્ત ગણીને શરીરને સચેત કીધું. પણ એનું સ્વરૂપ છે એ તો મૃતક કલેવર છે એકલું. સમજાણું કાંઈ? એ મડદાની સાથે સગાઈ કરી અને હવે પરણશું. રૂપાળી બાઈ હોય, મરી ગઈ હોય સોળ વર્ષે છોડી. આહા..હા..! ... કરો સગપણ એની સાથે, પછી બે વર્ષે પરણશું.

કોણ પરણશે? સડી જાશે શરીર. આહા..હા..! એમ આ મરેલા શરીર. આ વર્તમાન જીવ અંદર છે એ જુદી ચીજ છે અને આ અચેતન મડદું છે એમ કહે છે. આહા..હા..! એને લાડવા અને પતરવેલીયા ખવડાવીને પોશું હું. અને હું હવે બળવંત થયો હોં. .. પડે ત્યારે હું જીર્ણ થઈ ગયો બાપુ! હું કે શરીર? શરીર હવે કામ કરતું નથી એમ પણ બોલે અને હવે હું કાંઈ કરી શકતો નથી. તું કોણ પણ? શરીર એ તું છો? આ તો રજકણે રજકણ બાપા! જગતની ચીજું અચેતનપણે મડદા કલેવરપણે રહેલા એને તારે તાજા કરવા છે અને એમાંથી તારે સુખ લેવું છે. મૂઢ છે. મિથ્યાદૃષ્ટિ સમકિતનો નાશ કરનાર છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે! ટીકા તે ટીકા કેવી કરી! શબ્દ તો મંદબુદ્ધિ વાપર્યો છે હોં આમાં. આહા..હા..! મંદબુદ્ધિ એટલે મૂઢ અજ્ઞાની.

'**મૃતક કલેવર વડે...**' મરેલું શરીર, મડદા વડે. આહા..હા..! મડદામાંથી કાંઈક કાઢું હું. એવા '**વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન...**' બેય લીધું આનંદ અને વિજ્ઞાન. વાત બે છેને સાથે? પરમ આનંદરૂપ વિજ્ઞાનઘન આત્મા. પરમ અમૃતનો ઢગલો પ્રભુ આત્મા. અમૃત અતીન્દ્રિય આનંદનો ડુંગર મોટો. આહા..હા..! જેમાં આનંદનો અનંત પાવર ભર્યો છે. સમજાણું કાંઈ? આવા આત્માની ખબર ન મળે અને ધર્મ થઈ ગયા અને ધર્મ કરીએ. આહા..હા..! ક્યાંય મનુષ્યપણું ગુમાવી દેશે અને જાશે ચોર્યાસીના અવતારમાં ઢસડાતો. આહા..હા..! કહે છે લ્યો!'શરીર આદ્યં ખલુ ધર્મ સાધનં' નથી કહ્યું? વળી અહીં પાછું કલેવર કહ્યું. કઈ અપેક્ષાએ? સાંભળતો ખરો. આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લઈને જે ધર્મ થાય. શરીર છે ત્યાં નિમિત્ત તરીકે. એમ ગણીને એને કહ્યું. એ તો વ્યવહારના વચનો છે. પરમાર્થના તો આ વચનો છે કે મૃતક કલેવર છે એ. સચેત નહિ. જીવતું શરીર નહિ. આહા..હા..! જુઓ, આ જીવ અંદર છે ત્યાં સુધી આ ડોક આમ ને આમ રહી જુઓ. ઓલું જ્યાં જાય ત્યાં લાડવું પડે. આ લાડવો છેને? આહા..હા..! જગતના ખેલ પણ જડના. ભગવાન તો અમૃતનો સાગર છે હોં. એ અમૃતરૂપ વિજ્ઞાનઘન. એકકોર અમૃત, એકકોર મૃતક અને એકકોર એમાં મૂર્છાવું. ત્રણ મમ્મા છે.

'**મૃતક કલેવર વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન...**' આહા..હા..! પરમ અમૃત પાછું એમ. એવો ભગવાન પરમ આનંદનું રૂપનું વિજ્ઞાનઘન પ્રભુ એ શરીરમાં મૂર્છાણો. આહા..હા..! એના ભોગ માટે એને રમતું કરવા, એની રમતું કરવામાં, રણમાં રમખાણ વળી જાય છે આત્માની એ એને ખબર પડતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન (પોતે) મૂર્છિત થયો હોવાથી...**' પરને કરાવ્યું એ વાત તો અહીં કાંઈ સંભાળી જ નથી. એ ગોમ્મટસારમાં આવ્યું. ગોમ્મટસારમાં હોય તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું, પણ મૂર્છાણો છો મૂઢ તું તારે લઈને. આહા..હા..! આનંદનો નાથ અંદર બિરાજે તું એમાં દૃષ્ટિ ન પડતાં

તને આ શરીરની ક્રિયા અને શરીરની રમતું કરતાં તને રમખાણ થઈ જાય, આત્માના આનંદનો નાશ થઈ જાય છે એની તો તને ખબર નથી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- રમખાણ કીધું.

ઉત્તર :- રમખાણ કીધુંને. આત્માની શાંતિને રમખાણ માંડી છે. હું સુખરૂપ છું એમ ન માનતા. આ ઈન્દ્રિયના વિષયને, શરીરને સુખ થતાં એના તરફના રાગથી મને સુખ થાય છે. ભાઈ! તે હણી નાખ્યો તારા આત્માને હોં! તારું જીવન આનંદથી જીવવું-ટકવું છે, એને ઠેકાણે આ દુઃખથી ટકવું માનીને. આનંદના ધામની તે અશાતના કરી છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ઉંચી જાતનું ઈંજેક્શન લગાવે...

ઉત્તર :- ઈંજેક્શન લગાવે. ઉંચી જાતનું.

મુમુક્ષુ :- એ ઈંજેક્શન લાગ્યા વિના ક્યાં સવળો ચાલે એવો છે.

ઉત્તર :- હા, ઉઠે એવો ક્યાં મારો એવો થઈ ગયો છેને નૂનર-નૂનર. નૂનર સમજાય છે? નૂર વિનાનો, તેજ વિનાનો. એવી કોક બાયું હોય છેને એને માથે સોટા પડે શું કહેવાય? ભૂલી ગયા નામ તમારા ઓલા. પાતળા લાકડા શું તમારે? નેતર-નેતર. સાંભળેલું છે બરાબર હોં. બધું જોયેલું. નીચે હોય ત્યાં માથે ઝપાટા બોલતા હતા નેતરના. પણ ઓલી ઉંકારો ન કરે. સમજાણું કાંઈ? કહે મારા નૂનર થઈ ગઈ છો? ... આહા..હા..! અરે..! ઘાણીએ પીલાણો. શરીર હોં. પણ એમાં એણે એમ માન્યું કે હું પીલાણો છું આમાં હો. આહા..હા..! અરે..! અરૂપી ભગવાન તે કાંઈ પીલાય? પણ શરીરની ક્રિયા અને શરીરને પીલાતા દેખીને ભગવાન અમૃતઘન એ મૂર્છાઈ ગયો છે શરીરમાં. મૃતક કલેવરમાં મૂર્છાણો. આહા..હા..! સમજાણું કાંઈ? એનું નામ અહીં મિથ્યાદૃષ્ટિ કહે છે. સમજાણું?

સમ્યગ્દૃષ્ટિ છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય છતાં એ કલેવર અને રાગમાં મૂર્છાતો નથી. આહા..હા..! એ આનંદસ્વરૂપમાં રમતો હોય છે એ તો કહે.. સમજાણું કાંઈ? આહા..હા..! દૃષ્ટિ ફરી ગઈ. દિશા ફરી દશા ફરી ગઈ. આહા..હા..! રાજકુમાર જ્યારે દીક્ષા લે છેને ત્યારે માતા રોકે છે. માતા કહે એક શરતે રજા આપું. બીજી મા ન કર તો. અરે..! બા એ તો મને જ પ્રિય છે. માતા કહે છે બેટા! એક શરતે રજા આપું. મા મને ક્યાંય રુચતું નથી. મને ક્યાંય ગોઠતું નથી. આ ૩૨ કન્યાઓ દેવ કન્યા જેવી, મા! મને સ્મશાન જેવું ભાસે છે બધું. મારો આત્મા જ્યાં છે ત્યાં મારે તો જાવું છે. મને ક્યાંય ગોઠતું નથી. મા કહે બાપુ તને રજા એક શરતે આપુ હોં. કઈ? બા શું કહે છે? બીજી મા ન કરીશ હવે હોં. આ મને રોવડાવી. અરે..! મા! બીજી મા નહિ હવે જા. બીજું શરીર કરવું હોય તો અમારે હરામ છે. અમે આત્માને એકલો રાખશું. જા બેટા. અરે..! તારે પંથે અમે આવશું હો ભાઈ!

આહા..હા..! એમ કહે છે. એક શાસ્ત્રમાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'વિજ્ઞાનઘન (પોતે) મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.'** એ મનનો જે રાગ થયોને? મનના વિષય ઇન્દ્રિયના વિષય પરથી એવો રાગ થયો એ રાગનો કર્તા એને ભાસે છે. એ મિથ્યાદૃષ્ટિ છે. એને ચૈતન્યને અને ચૈતન્યની સમ્યગ્દૃષ્ટિ શું છે એની એને ખબર નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ - ૬, રવિવાર, તા. ૧૨-૧૧-૧૯૭૨
## ગાથા-૯૬-૯૭, પ્રવચન-૨૨૦

ગાથા ૯૬. કર્તાકર્મ અધિકાર. ભાવાર્થ છે બાકી નહિ? ભાવાર્થ બાકી છે. **'આ આત્મા...'** આ આત્મા કહીને આ જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ નિત્યસ્વરૂપ એ **'આત્મા અજ્ઞાનને લીધે,...'** પોતાના સ્વરૂપના ભાન વિના **'અચેતનરૂપ ભાવકનું જે ક્રોધાદિ ભાવ્ય...'** કર્મ જે જડ છે અચેતન. એ ભાવનો કરનાર. કારણ કે નિત્ય સ્વભાવમાં વિકારપણે એનો સ્વભાવ નથી. એટલે ભાવક એનો લીધો છે જડનો... અને એનાથી થતાં પુણ્ય અને પાપના ભાવ એ ક્રોધાદિ ભાવ બધા. સ્વભાવ જ્ઞાયક ચૈતન્ય એના વિરુદ્ધ ક્રોધ, માન, માયા, લોભના ભાવ એ વિકારીભાવ છે. એ વિકારી ભાવ્ય **'તેને ચેતન ભાવક સાથે...'** ભગવાન આત્મા જાણનાર-દેખનાર એવો આત્મા છે. એ ચેતકભાવ **'ચેતન ભાવક...'** જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ભાવનો કરનાર એ તો નિર્મળ, વિકારી રહિત નિર્મળ પરિણામનો કરનાર છે. એને **'ચેતન ભાવક સાથે એકરૂપ માને છે;...'** એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ જીવની પર્યાય સાથે એકરૂપ મારા છે એમ માને છે. એ મિથ્યાભાવ છે. ભારે ઝીણું! સમજાય છે કાંઈ?

આ કર્તાકર્મ અધિકાર છેને? ચેતન કર્તા અને એનું કાર્ય તો નિર્વિકારી આનંદની દશા એ એનું કાર્ય છે. એને બદલે અનાદિથી સ્વરૂપના અભાનને લઈને કર્મ જે જડ ભાવક એનાથી થયેલી વર્તમાન દશામાં પુણ્ય અને પાપ અને વિકારીભાવ્ય દશા અને ચેતક આત્માની સાથે મેળ કરાવે છે કે જે વિકારી પરિણામ મારું કાર્ય છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભ એ મારું કાર્ય છે એમ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- એમાં ક્રોધ ક્યાં થયો?

ઉત્તર :- એ ક્રોધ થયોને. સ્વભાવ પ્રત્યેની દશાથી વિરૂદ્ધભાવ તે વિકાર. અંતર સ્વરૂપ .. એનાથી વિરુદ્ધ વિકાર, એનો પ્રેમ એનું નામ ક્રોધ. પોપટભાઈ! સ્વભાવ પ્રત્યે વિરુદ્ધ એમ કહ્યું. આહા..હા..! એને શુભ-અશુભ વિકલ્પ જે રાગ છે અને એ મારું કાર્ય છે એમ માનનારને ત્રિકાળી આનંદ સ્વરૂપ પ્રત્યે ક્રોધ થયો એને. ભારે વાત! સમજાણું કાંઈ? એણે ચૈતન્ય જે ભાવક એનો એણે અનાદર કર્યો. અને એ પુણ્ય અને પાપના ભાવ જે છે એનો એણે આદર કરીને એ કાર્ય મારું છે એમ માન્યું. ઝીણી વાત છે આ. સમજાણું કાંઈ?

'વળી...' એ એક વાત પહેલી ભાવ્યભાવકની. એ ૯૪ની વાત છે. બે ગાથા થઈને ૯૪-૯૫? કર્મ એક જડ છે. અજીવ કર્મ વસ્તુ છે. એના સંગે સંબંધે, સંબંધ કરતા જે વિકારી પર્યાય પુણ્ય-પાપની થાય એને અહીંયાં ભાવ્ય કહ્યું છે. થવાને લાયક પર્યાયમાં એ ભાવ થયો કર્મના સંગે પણ એ મારું કાર્ય છે. ચેતનભાવક. ચેતન જ્ઞાયકભાવ ભાવ કરનારો એનો આ ભાવ છે. આહા..હા..! ભારે કામ આકરું! ..ભાઈ! સમજાણું કાંઈ? એટલે? કે જેની દૃષ્ટિ વસ્તુ અખંડ જ્ઞાયક મૂર્તિ છે. એના ઉપર જેની દૃષ્ટિ નથી અને જેની દૃષ્ટિ વર્તમાન વિકારના પરિણામ ઉપર છે. તેથી તે વિકારના પરિણામને પોતાનું કાર્ય માને છે. આહા..હા..! કેમ આમાં કરવું? ધર્મ ક્યાં થાતો હશે? આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામ એ ભાવ્ય મારા.

મુમુક્ષુ :- એ એકતા છે.

ઉત્તર :- એકતા થઈ. વિકારની સાથે અવિકારી ત્રિકાળી ભગવાનની એકતા કરી. પૈસો, લક્ષ્મી, આબરૂ, આ શરીર, માટી, જડ ધૂળ એ તો ક્યાંય રહી ગયા.

મુમુક્ષુ :- એ તો જ્ઞેયમાં જાશે.

ઉત્તર :- એ વિષયમાં આવશે. પણ પોતાનો સ્વભાવ ચેતનભાવક ભાવનો કરનાર તો કોના ક્યા ભાવનો કરનાર? એ તો પોતાના સ્વભાવની દૃષ્ટિમાં આવતા નિર્વિકારી પરિણામનો એ કર્તા ભગવાન આત્મા છે. વીતરાગ પરિણતિનો એ કર્તા આત્મા છે. એને ઠેકાણે એ ભાવકને કર્મના સંગે થયેલો ભાવકનો ભાવ વિકાર એ મારા છે, એ મારું કર્તવ્ય છે, એ મારી ફરજ છે કે પુણ્ય-પાપ મારે કરવા જ જોઈએ. એ મિથ્યાદૃષ્ટિ છે. એને વીતરાગ માર્ગની શ્રદ્ધા નથી. રાગની શ્રદ્ધા છે એને. આહા..હા..! ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ તો એ છે કે પોતે વીતરાગી મૂર્તિ પ્રભુ ચૈતન્ય છે ત્રિકાળ. એની દૃષ્ટિ કરીને જે વીતરાગી પરિણતિ પ્રગટ થવી એ વીતરાગનો માર્ગ છે. પણ કર્મના સંગે થયેલા પુણ્ય-પાપના ભાવ એ મારા અને હું એનો કર્તા એ રાગીનો માર્ગ છે, અજ્ઞાનીનો છે. આહા..હા..! આકરું કામ ભારે જગતને પડે. સમજાણું કાંઈ? એક વાત એ.

બીજી વાત. '**વળી તે, પર જ્ઞેયરૂપ...**' પર આત્માઓ, પર શરીર, વાણી, જડ કર્મ,

છ દ્રવ્ય છે. ભગવાને છ દ્રવ્ય જોયા. આ આત્મા સિવાય છ દ્રવ્ય બીજી ચીજ છે. એ જ્ઞેય છે, આત્મા જ્ઞાયક જાણનાર છે. જાણનાર જ્ઞાયકને જ્ઞેય ચીજ મારી છે એ '**જ્ઞેયરૂપ ધર્માદિદ્રવ્યોને પણ જ્ઞાયક સાથે એકરૂપ માને છે.**' આહા..હા..! એ પૈસા શરીર, સ્ત્રી, કુટુંબના દેહ, એ બંગલા, એ આબરૂ-કીર્તિ બધું જડ. એ જ્ઞેય છે. જ્ઞાનમાં જણાવાલાયક જ્ઞેય છે. એમ ન માનતા જ્ઞાયક સાથે એકરૂપ માને છે. ચૈતન્ય ભગવાન જાણનાર-દેખનાર એને એ જ્ઞેયને અને આત્માને એકપણું છે એમ માને છે. એ અનંત સંસારની ઉત્પત્તિનું બીજડું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પર જ્ઞેયરૂપ ધર્માદિ...**' ધર્મ એ તો ધર્માસ્તિકાય તત્ત્વ છે. ભગવાને જોયું કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય છે. એ ધર્મ દ્રવ્ય ગતિ કરવામાં નિમિત્ત છે. અધર્મ દ્રવ્ય સ્થિરતામાં નિમિત્ત છે. ગતિ પામેલ સ્થિરતામાં નિમિત્ત છે. કાળ બદલવામાં નિમિત્ત છે. આકાશ બાહ્ય રહેવામાં ક્ષેત્ર તરીકે નિમિત્ત છે. પુદ્ગલ તો પરતરફની ચીજ છે. એ જ્ઞાનમાં જ્ઞેય થવાને નિમિત્ત છે. પણ બીજા અનંત આત્માઓ નિગોદના જીવ અને સિદ્ધના અનંત અને પંચ પરમેષ્ઠીના બધા થઈને અનંત. એ બધા જ્ઞેય જ્ઞાનમાં જાણવાલાયક છે. એમ છોડી દઈને જ્ઞેય મારા છે. અથવા એ જ્ઞેયના વિચારકાળે જે વિકલ્પ નામ રાગ ઉઠે છે એને પોતાનો માને છે એ રાગમાં ઉપચાર કરીને છ દ્રવ્ય એમાં છે એમ માને છે. આહા..હા..! ભારે વાતું! ત્યાં તો સહેલોસટ ધર્મ હતો, સુમનભાઈ! પડિક્કમણા કર્યા અને સામાયિક કરી. નહિ?

કહે છે એ જ્ઞેય જે જ્ઞાનમાં જ્ઞાયકસ્વરૂપ પ્રભુ આત્મા એને તો પૃથક્રૂપ રહીને જ્ઞેય જ્ઞાન કરવામાં નિમિત્ત છે. એને ઠેકાણે એ ચીજ મારી છે. સ્ત્રી મારી, કુટુંબ મારા, પૈસા મારા, આબરૂ મારી. કેટલા મારા એમાં? કેટલા મારા ઉભા કર્યા? આ દેવ મારા, ગુરુ મારા અને શાસ્ત્ર મારા લ્યો! એ દેવ, અરિહંત મારા. એમ માનનારા એ અરિહંત તો જ્ઞાયકનું જ્ઞેય છે. એને મારા માન્યા એ મિથ્યાત્વભાવ છે. ..ભાઈ! ઝીણી વાતું છે આ હોં. તમારા ઓલા પૈસામાં પેદા થઈ ગયા ત્યાં ઢગલા. એ પૂર્વના પુણ્ય હતા માટે હોં. કાંઈ ડહાપણ-બહાપણ કરીને નહિ. એ ડાહ્યા થયા માટે. પોપટભાઈ પાસે પહેલા નહોતા હવે છોકરા પાસે થયા. પોપટભાઈના બાપ પાસે ક્યાં હતા આટલા? એમાં કાંઈ માલ નથી. કોણ પૈસા મેળવે અને કોણ પૈસાનું કાર્ય કરે? આહા..હા..! ગજબ વાત છે.

અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા એમને જ્ઞાનમાં જે જણાણું વાસ્તવિક તત્ત્વનું સ્વરૂપ. એને જાહેર કરે છે. ભાઈ! તું આત્મા છો. એ આત્મા છે એમાં તો જ્ઞાન, આનંદની સંપદા પડી છે. એમાં તો જ્ઞાન ને આનંદ ને શાંતિની ઋદ્ધિ પડી છે. એ ઋદ્ધિનો પર્યાયમાં કર્તા થાય એ તો એની વાસ્તવિક સ્થિતિ છે. ધર્મી ઋદ્ધિનો કાર્યનો કર્તા થાય એ તો એનું વાસ્તવિક સ્વરૂપ છે. તો એને છોડી રાગ અને પરજ્ઞેયને પોતાના માને એ

તો મિથ્યાદૃષ્ટિ નરક અને નિગોદમાં જવાના બીજડા રોપે છે એ. એય..! સમજાણું કાંઈ? અને એ બીજ ફાલશે ત્યારે ભવ આવશે. ત્યાં ભવ વિનાની દશા આવશે નહિ. સમજાણું કાંઈ?

**'તેથી તે સવિકાર...'** પહેલા બોલને સવિકાર કીધો. પુણ્ય-પાપના ભાવ જે ક્રોધાદિ ભાવ એ સવિકાર પરિણામને **'અને સોપાધિક...'** અને જ્ઞેય છે પર એને કારણે વિકલ્પ થયો, એ વિકલ્પને પોતાનો માન્યો તે પર ઉપાધિક ચીજને પોતાની માની. **'ચૈતન્ય પરિણામનો કર્તા થાય છે.'** વિકારવાળા અને ઉપાધિવાળા દ્રવ્યો એના લક્ષે થતા વિકાર એનો એ કર્તા અજ્ઞાની થાય છે. એ કર્તા વાસ્તવિક છે નહિ. **'અહીં, ક્રોધાદિક સાથે એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ સમજાવવા માટે ભૂતાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત કહ્યું...'** દૃષ્ટાંત આવી ગયું છે. ભૂત જેને વળગ્યું હોય એ ભૂત એની અનુકૂળતાની ચેષ્ટા કરે આમ ધૂણે અને આમ કરે ને આમ કરે. એ ચેષ્ટા અંદર રહેલો આત્મા ભિન્ન છે એમ માને કે આ મારી ચેષ્ટા છે. એ મૂઢ છે. એમ ભગવાન આત્મા કર્મરૂપી નિમિત્તનું ભૂતડું એના સંબંધે જે વિકાર થાય એ બધી કર્મની ચેષ્ટા ભૂતડાની ચેષ્ટા છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ આવો ભાઈ! આહા..હા..! એ ભૂતડાની ચેષ્ટાને પોતાની માને, એ પરને પોતાની માને એ લૌકિક મૂર્ખ કહેવાય. આ લોકોત્તર મૂર્ખ. કર્મના નિમિત્તથી થતી વિકલ્પ દશાઓ, શુભ-અશુભ લાગણીનો રાગ એ ભૂતની ચેષ્ટા છે કહે છે. તારા સ્વભાવની નહિ. આહા..હા..! એ ચેષ્ટા પુણ્ય-પાપના ભાવ મારા છે એ દૃષ્ટાંતને ભૂતનો દાખલો આપીને સમજાવ્યું છે.

**'અને ધર્માદિક અન્યદ્રવ્યો સાથે...'** અને ધર્માસ્તિ, અધર્માસ્તિ એવા છ દ્રવ્ય ભગવાને જોયા. તારાથી છએ દ્રવ્યો તદ્દન જુદાં. **'અન્ય દ્રવ્યો સાથે એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ સમજાવવા ધ્યાનાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત કહ્યું.'** પાડાનું ધ્યાન કરીએ એમ નહોતું કહ્યું? પાડાનું લક્ષ કરતાં... કરતાં... કરતાં... આને એમ થઈ ગયું કે હું પાડો છું. મોટા શિંગડાવાળો, નાના ઓરડામાં બેઠો હોય એ જાણે હું શું ..? આવા શિંગડાવાળો ઓરડીમાંથી નીકળે શી રીતે? એ માથે આવી ગયું. એમ અજ્ઞાની પરજ્ઞેયના વિકારમાં તન્મય થઈ ગયો એને પરથી જુદું પડવું શી રીતે? જેણે દૂરમાં પરદ્રવ્યને પોતાનું માન્યું. શ્રદ્ધાના દૂરમાં જેણે સર્વજ્ઞદેવ પરમાત્મા એ પણ મારા. આહા..હા..! અને પરદ્રવ્યસ્વરૂપ પોતાને માનીને એમાંથી નીકળવું એને કઠણ પડ્યું. સમજાણું કાંઈ? આવી ધર્મ દેશના કેવી આ? ઓલું તો કહે વ્રત કરવા, અપવાસ કરવા, પોષા કરવા લ્યો! ઝટ દઈને સમજાય એવું જ્ઞાન. અજ્ઞાન. આહા..હા..! અરેરે..! એમ ને એમ જિંદગી ગઈ અનંત. પોતાની જાતમાં એ ભાત નથી. એ ભાત કોકની આવી છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો તકરાર લાગે છે એ આપણને નડે એવું નથી કાંઈ. અહીં ધ્યાન રાખે તો મળે એવું છે. કાલથી સવારે ત્યાં છે. કાલે સવારે. કહો, સમજાય છે આમાં? છોટાભાઈ! આવું ઝીણું છે આ. કહે છે કે ઓલા પૈસા છેને કરોડ

ને ફલાણાને ધૂળને. એ આત્મા જ્ઞાનનો કરનાર એમાં એ જ્ઞેય છે. આમાં જ્ઞાન જાણવામાં ફક્ત નિમિત્ત છે. એને ઠેકાણે એ પૈસા મારા...

મુમુક્ષુ :- એ પૈસા જ્ઞાનના છે.

ઉત્તર :- એટલે એ પૈસા આત્માના છે. એમ માનનાર મૂઢ મિથ્યાદષ્ટિ છે. જૈન કહે છે તે તત્ત્વને એ માનતો નથી. હવે આ છોકરાને શું સમજવું? સારા છોકરા પાકે. એય..! પોપટભાઈ! રામજીભાઈને છ હતા અને તમારે છ છે. રામજીભાઈ કાનાણી રાજકોટ. એક છોકરો તો મરી ગયોને હમણા? પુનમ મરી ગયો પુનમ. ૫૪ વર્ષની ઉંમર હતી. આહા..હા..! એક મિનિટમાં કહે છે ભાષણ કરતો હતો. આમ છે ને તેમ છે એ બધું .. હવે બેસી ગયો શાંતિથી. ઓલા સાંઈબાબા પાસે. આહા..હા..! લથપથ ત્યાં ને ત્યાં પડ્યો છે. ઘરે લઈ ગયા ઉપાડીને. સાંઈબાબાને ખબર આપો કે આમ થયું. શું કરવું હવે? ત્રણ કલાકે જવાબ આપ્યો થાતું હોય એમ કરો. આ બધાને એમ કે જીવાડી દેશે. આ દશા મિથ્યા જગતની. આહા..હા..! કોણ જીવાડે? કોણ મારે? કોણ આપે? કોણ દે? કોણ લે? આહા..હા..! અજ્ઞાનીની એવી ભ્રમણા. આહા..હા..!

અહીં એ જ કહે છે કે પરજ્ઞેયથી મને કાંઈક લાભ કરે પર એ પરજ્ઞેયને જ પોતાનું માને. જેનાથી લાભ માને એને પોતાનું માન્યા વિના માની શકે નહિ. આહા..હા..! ભારે પણ હવે. કહે છે એ '**ધ્યાનાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત...**' પરજ્ઞેયનો વિકાર કરતાં... કરતાં... કરતાં... પરજ્ઞેયમાં વિકલ્પ ઉઠ્યો તેમાં તન્મય થઈ ગયો. પ્રાણભાઈ! સમજાણું? તન્મય-તદ્રૂપ-રાગરૂપ. જ્ઞાયક ચૈતન્ય ભિન્ન રહીને વિચારમાં આવવું જોઈએ એને ઠેકાણે ભિન્નમાં અભિન્ન કરીને એને જાણે એ અજ્ઞાન છે. આહા..હા..! અને આવી દૃષ્ટિ થઈ પછી એ સામાયિક કરે અને પોષા કરે અને પડિક્કમણા કરે એ બધા એના રણમાં પોક મુકીને જેમ કોઈ સાંભળે નહિ એવા છે બધા એના.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કહ્યું છે. સમકિત સહિતની ક્રિયા વિના એ બધી નિરર્થક ગઈ. એ ભગવાનભાઈ! ધ્યાનનો કાળ છે.. સાંભળ્યું કે નહિ? આવશ્યક આવે છે. આહા..હા..! રાગરહિત અને જ્ઞેયરહિત મારી ચીજ છે. મારું સ્વજ્ઞેય તો પૂર્ણ આનંદ અને જ્ઞાયકભાવથી ભરેલું છે એવા સ્વજ્ઞેય અને રાગ વિનાની ચીજને માન્યા વિના, અનુભવ વિના. જે કાંઈ ક્રિયા કરવામાં આવે એ બધી ચાર ગતિમાં રખડવાની ક્રિયા છે. ભલે પછી ચાહે કોઈ અબજોપતિ શેઠિયો થાય, તોપણ બિચારા મિથ્યાદષ્ટિ ભિખારી છે અને રાજા-દેવ થાય. એ વધારે .. જ્યાં મકાન બધા ઉજળા એ બધા જડ છે. આહા..હા..! દુઃખી છે કહે છે. અને દુઃખનો વધારો કરે છે. એ પરજ્ઞેય મારા એમ માનીને દુઃખનો વધારો કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

## ગાથા-૯૭

ततः स्थितमेतद् ज्ञानान्नश्यति कर्तृत्वम् —

एदेण दु सो कत्ता आदा णिच्छयविदूहिं परिकहिदो।
एवं खलु जो जाणदि सो मुंचदि सव्वकत्तितं।।९७।।
एतेन तु स कर्तात्मा निश्चयविद्भिः परिकथितः।
एवं खलु यो जानाति सो मुञ्चति सर्वकर्तृत्वम्।।९७।।

येनायमज्ञानात्परात्मनोरेकत्वविकल्पमात्मनः करोति तेनात्मा निश्चयतः कर्ता प्रतिभाति, यस्त्वेवं जानाति स समस्तं कर्तृत्वमुत्सृजति, ततः स खल्वकर्ता प्रतिभाति। तथाहि--इहायमात्मा किलाज्ञानी सन्नज्ञानादासंसारप्रसिद्धेन मिलितस्वादस्वादनेन मुद्रितभेदसंवेदनशक्तिरनादित एव स्यात्; ततः परात्मानावेकत्वेन जानाति; ततः क्रोधोऽहमित्यादिविकल्पमात्मनः करोति; ततो निर्विकल्पादकृतकादेकस्माद्विज्ञान-घनात्प्रभ्रष्टो वारंवारमनेकविकल्पैः परिणमन् कर्ता प्रतिभाति। ज्ञानी तु सन् ज्ञानात्तदादिप्रसिध्यता प्रत्येकस्वादस्वादनेनोन्मुद्रितभेदसंवेदनशक्तिः स्यात्; ततोऽनादि-निधनानवरतस्वदमाननिखिलरसान्तरविविक्तात्यन्तमधुरचैतन्यैकरसोऽयमात्मा भिन्नरसाः कषायास्तैः सह यदेकत्व-विकल्पकरणं तदज्ञानादित्येवं नानात्वेन परात्मानौ जानाति; ततोऽकृतकमेकं ज्ञानमेवाहं, न पुनः कृतकोऽनेकः क्रोधादिरपीति क्रोधोऽहमित्यादि-विकल्पमात्मनो मनागपि न करोति; ततः समस्तमपि कर्तृत्वमपास्यति; ततो नित्यमेवोदासीनावस्थी जानन् एवास्ते; ततो निर्विकल्पोऽकृतक एको विज्ञानघनो भूतोऽत्यन्तमकर्ता प्रतिभाति।

---

'તેથી (પૂર્વોકત કારણથી) એ સિદ્ધ થયું કે જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે' એમ હવે કહે છેઃ-

એ કારણે આત્મા કહ્યો કર્તા સહુ નિશ્ચયવિદે
-એ જ્ઞાન જેને થાય તે છોડે સકલ કર્તૃત્વને. ૯૭.

ગાથાર્થ :- [एतेन तु] આ (પૂર્વોકત) કારણથી [निश्चयविद्भिः] નિશ્ચયના જાણનારા જ્ઞાનીઓએ [सः आत्मा] તે આત્માને [कर्ता] કર્તા [परिकथितः] કહ્યો છે-[एवं खलु] આવું

નિશ્ચયથી [यः] જે [जानाति] જાણે છે [सः] તે (જ્ઞાની થયો થકો) [सर्वकर्तृत्वम्] સર્વ કર્તૃત્વને [मुञ्चति] છોડે છે.

ટીકા :- કારણ કે આ આત્મા અજ્ઞાનને લીધે પરના અને પોતાના એકપણાનો આત્મવિકલ્પ કરે છે તેથી તે નિશ્ચયથી કર્તા પ્રતિભાસે છે- આવું જે જાણે છે તે સમસ્ત કર્તૃત્વને છોડે છે તેથી તે નિશ્ચયથી અકર્તા પ્રતિભાસે છે. તે સ્પષ્ટ સમજાવવામાં આવે છે :-

આ આત્મા અજ્ઞાની થયો થકો, અજ્ઞાનને લીધે અનાદિ સંસારથી માંડીને મિલિત (-એકમેક મળી ગયેલા) સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી (અર્થાત્ પુદ્‌ગલકર્મના અને પોતાના સ્વાદનું ભેળસેળપણે-એકરૂપે અનુભવન હોવાથી), જેની ભેદસંવેદનની (ભેદજ્ઞાનની) શકિત બિડાઈ ગયેલી છે એવો અનાદિથી જ છે; તેથી તે પરને અને પોતાને એકપણે જાણે છે; તેથી 'હું ક્રોધ છું' ઈત્યાદિ આત્મવિકલ્પ (પોતાનો વિકલ્પ) કરે છે; અને તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન (સ્વભાવ)થી ભ્રષ્ટ થયો થકો વારંવાર અનેક વિકલ્પરૂપે પરિણમતો થકો કર્તા પ્રતિભાસે છે.

અને જયારે આત્મા જ્ઞાની થાય ત્યારે, જ્ઞાનને લીધે જ્ઞાનના આદિથી માંડીને પૃથક પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી (અર્થાત્ પુદ્‌ગલકર્મના અને પોતાના સ્વાદનું- એકરૂપે નહિ પણ-ભિન્નભિન્નપણે અનુભવન હોવાથી), જેની ભેદસંવેદનશકિત ઊઘડી ગઈ છે એવો હોય છે; તેથી તે જાણે છે કે "અનાદિનિધન, નિરંતર સ્વાદમાં આવતો, સમસ્ત અન્ય રસથી વિલક્ષણ (ભિન્ન), અત્યંત મધુર જે ચૈતન્યરસ તે જ એક જેનો રસ છે એવો આ આત્મા છે અને કષાયો તેનાથી ભિન્ન રસવાળા (કષાયલા-બેસ્વાદ) છે; તેમની સાથે જે એકપણાનો વિકલ્પ કરવો તે અજ્ઞાનથી છે;" આ રીતે પરને અને પોતાને ભિન્નપણે જાણે છે; તેથી 'અકૃત્રિમ (નિત્ય), એક જ્ઞાન જ હું છું પરંતુ કૃત્રિમ (અનિત્ય), અનેક જે ક્રોધાદિક તે હું નથી' એમ જાણતો થકો 'હું ક્રોધ છું' ઈત્યાદિ આત્મવિકલ્પ જરા પણ કરતો નથી; તેથી સમસ્ત કર્તૃત્વને છોડી દે છે; તેથી સદાય ઉદાસીન અવસ્થાવાળો થયો થકો માત્ર જાણ્યા જ કરે છે; અને તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન થયો થકો અત્યંત અર્કતા પ્રતિભાસે છે.

ભાવાર્થ :- જે પરદ્રવ્યના અને પરદ્રવ્યના ભાવોના કર્તૃત્વને અજ્ઞાન જાણે તે પોતે કર્તા શા માટે બને? અજ્ઞાની રહેવું હોય તો પરદ્રવ્યનો કર્તા બને! માટે જ્ઞાન થયા પછી પરદ્રવ્યનું કર્તાપણું રહેતું નથી.

## ગાથા-૯૭ ઉપર પ્રવચન

'તેથી (પૂર્વોક્ત કારણથી) એ સિદ્ધ થયું કે જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે...' લ્યો! હવે સવળી વાત આવી. એ આત્મા પોતાના સ્વભાવનું ભાન કરે ત્યારે એ રાગના કર્તાપણાનો નાશ થાય. એ સિવાય બીજી કોઈ રીત છે નહિ. હું શુદ્ધ ચૈતન્યઘન આનંદ છું એવી અંતરમાં દૃષ્ટિ થતાં જે સમ્યગ્જ્ઞાન થાય એ જ્ઞાનથી રાગ અને જ્ઞેય એ મારા એ કર્તાપણાની બુદ્ધિ ત્યાં નાશ પામે છે. સમજાણું કાંઈ? શું કરવું હવે એ આવ્યું આ.

મુમુક્ષુ :- નાશ પમાડવા માટેની વાત આવી.

ઉત્તર :- એ વાત આવી. ભગવાન! તું તો જ્ઞાનની મૂર્તિ પ્રભુ જ્ઞાયકભાવ છેને તારામાં. તારી આત્મસંપદા તો બધી પવિત્ર છે અંદર. તું પોતે પવિત્ર અને તારી શક્તિઓનો સમુદાય બધો પવિત્ર છે. આહા..હા..! તારા અનંતા-અનંતા ગુણોની સેના એ બધી પવિત્ર છે. એવા પવિત્ર આત્માને અંતરમાં, દૃષ્ટિમાં સ્વીકારતા જે કાંઈ બહિર્ભાવે વિકાર આદિ થાય એનો એ કર્તા થતો નથી. આ હજી તો શું કહે છે એ બેસાડવું કઠણ. કરવું તો ક્યાંય રહી ગયું. એક...

અહીં તો એમ કહ્યું કે 'જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે...' એટલે જ્ઞાન એટલે શું? કે શાસ્ત્ર વાંચવા એ? એ જ્ઞાયક ચિદાનંદ પ્રભુ ધ્રુવ નિત્યાનંદ એમાં એકાકાર થવું એનું નામ જ્ઞાન કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્માના જ્ઞાન દ્વારા, આત્મજ્ઞાન દ્વારા, આત્માના અનુભવના જ્ઞાન દ્વારા એ પુણ્ય-પાપના ભાવને જ્ઞેય સમુહ મારા છે એવું કર્તાપણું એને .. નાશ પામે છે. એ ૯૭માં છે. બહુ ગાથા સારી.

एदेण दु सो कत्ता आदा णिच्छयविदूहिं परिकहिदो।
एवं खलु जो जाणदि सो मुंचदि सव्वकत्तितं।।९७।।

નીચે હરિગીત.

એ કારણે આત્મા કહ્યો કર્તા સહુ નિશ્ચયવિદે
-એ જ્ઞાન જેને થાય તે છોડે સકલ કર્તૃત્વને. ૯૭.

રબ્બરનો સર્પ છે એમ જાણીને પકડાઈ ગયો કાળો નાગ. સર્પ થાય છેને? એવા ... એવા સર્પ આબેહુબ સર્પ હોય. વળ નાખતા હોયને આમ નાખે લાકડાના બનાવે છે. ઘણા બનાવે. ઘણું જોયું છેને. એ પકડતા પછી એ જાણે છે મેં લાકડાનો સર્પ પકડ્યો. એમાં નીકલે ઝેરીલો કાળો નાગ. આમ ખ્યાલ આવે ભેગો હાથ છૂટી જાય. એમ આત્મા રાગ

અને પુણ્યને પરની ક્રિયાને વિકારીને પકડીને બેઠો છે. પણ જ્યાં જ્ઞાન થાય ત્યાં તો ઝેર છે, વિકાર છે, દુઃખ છે. એમ અંદર આત્માનું જ્ઞાન થતાં એનું કર્તાપણું છૂટી જાય છે. હાથ જ ઢીલો પડી જાય પાછો.. નાખ. એમ આ પુણ્ય અને પાપના ઝેરીલા વિકાર અને પરજ્ઞેય મારા થાય એ ઝેરીલો વિકાર, મિથ્યાત્વનો વિકાર છે. આહા..હા..! એને પકડતા મારા છે એમ જે માન્યું હતું એમ જોતા અંદર જોયું કે અરે..! આ આત્માનો સ્વભાવ તો રાગ વિનાનો છે. એ તો ચૈતન્યમૂર્તિ જ્ઞાનનો પ્રભુ ચૈતન્યપુંજ છે. એ ચૈતન્યપુંજની દૃષ્ટિ થતાં એ રાગનું ભાવ્ય અને પરજ્ઞેયનો વિકલ્પ જે ઉઠે તે તેનું કર્તાપણું છૂટી જાય છે. સમજાણું કાંઈ? ત્યારે તેને સમ્યગ્દર્શન થઈને ધર્મ થાય. સમજાણું કાંઈ?

'**ટીકા :- કારણ કે આ આત્મા અજ્ઞાનને લીધે...**' અરે..! પોતાની આત્મસંપદાના ભાન વિના એ અતીન્દ્રિય આનંદનો નાથ, અતીન્દ્રિય પૂર્ણ જ્ઞાનનો પુંજ, એના અજ્ઞાન અને અભાનને લીધે, પરમાં અને પોતામાં એકપણાનો આકરો વિકલ્પ કરે છે. પર નામ રાગ, સ્વ નામ ભગવાન જ્ઞાયક. બેનો એકપણાનો આકરો વિકલ્પ કરે મારો એ રાગ કરે છે. એ મારા છે એવો વિકલ્પ ઉઠાવે છે. '**તેથી તે નિશ્ચયથી કર્તા પ્રતિભાસે છે—**' કેમ કર્તા પ્રતિભાસે છે? કે પોતે ભગવાન જ્ઞાયક અને રાગાદિ પર બેને એકપણે માને છે એથી એને આત્મ વિકલ્પ કે આ હું છું. આહા..હા..! હું છું એ તો ચૈતન્યપુંજ પ્રભુ છે. એની ખબર વિના રાગાદિના વિકલ્પને પોતાપણે માનતો તેનો કર્તા પ્રતિભાસે છે. રાગ મારાથી થયો એમ એને ભાસે છે. ભારે કામ ભાઈ! આ તો વ્યવહારરત્નત્રયનો રાગ પણ મારાથી થયો એમ ભાસવું મિથ્યાત્વ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેનો માલિક થાય તે વસ્તુને કેમ છોડે? પણ હું તો એક જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એ રાગનો સ્વામી અને માલિક નહિ. હું તો એનો મારામાં રહીને. પૃથક્પણે જે જ્ઞેય છે એમ જાણનારો. ભારે કામ ભાઈ! એવું તો સાંભળ્યું પણ નહિ હોય. જિંદગીમાં એમ ને એમ આ ઢસરડા કર્યા હોય બહારના રળવાના અને ભોગના. અહીં આવે તો આ કરવાના. રાગ કરો અને દયા પાળો એના. એકની એક જાત બધી છે. છોટાભાઈ!

કહે છે '**આવું જાણે છે તે...**' જાણે એના જ્ઞાનમાં આવ્યું. અરે..! આ તે ચૈતન્ય વસ્તુ. જાણકસ્વભાવથી ભરેલો ભરપુર પ્રભુ. એને આ રાગની એકતા માનવી અને રાગનું કર્તાપણું માનવું એ અજ્ઞાન છે. એવું જાણે '**તે સમસ્ત કર્તૃત્વને છોડે છે...**' ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ હો કે ચાહે તો રળવાનો, વિષય-વાસનાનો રાગ હો. બધાનું કર્તૃત્વ ધર્મીને છૂટી જાય છે. સમજાણું કાંઈ? '**તે સમસ્ત કર્તૃત્વને છોડે છે તેથી તે નિશ્ચયથી અકર્તા પ્રતિભાસે છે...**' એ રાગના વિકલ્પનો હું જ્ઞાયક છું એમ ભાન થતાં તેનો કર્તા પ્રતિભાસે છે જે અજ્ઞાનમાં હતું એ જ્ઞાનમાં એનો અકર્તા પ્રતિભાસે છે. ભારે

શું છે આ! આહા..! કરવું શું આમાં? કરવું એ કે રાગ અને પુણ્યના વિકલ્પમાં જે દૃષ્ટિ પડી છે એને લઈને એ જ્ઞાયકભાવ નજરે પડતો નથી. તેથી તે જે નજરે પડ્યું તેનો એ કર્તા માને છે. આહા..હા..! પણ વસ્તુ આત્મા સચેત પ્રભુ જ્ઞાનથી જાગૃત વસ્તુ, એ તો જાગતી જ્યોત છે. એ તો ચૈતન્યના સ્વભાવથી ભરપૂર પડ્યો છે. એવી અંતરમાં દૃષ્ટિ દ્રવ્ય વસ્તુ ઉપર પડતા તે બધાનો કર્તા છૂટી જાય છે. અકર્તા થાય છે. આહા..હા..! ભારે કામ ભાઈ આ. હજી તો બહારના કામનો કર્તા .. માનતા એ કરી શકતો નથી. અજ્ઞાનભાવે પણ એ લાદીનું કાંઈ કામ કરી શકતો નથી એમ કહે છે. જેને જે મેળ હોય એ. આ તો મોઢા આગળ હોય એની વાત ચાલે. આ નવરંગભાઈને ડોક્ટરનું, રામજીભાઈને વકીલનું, આને તેલનું. સુમનભાઈને તેલનું તેલ. એ તો હવે એનો .. કાઢે છે. એ બધા અમે કરીએ છીએ. પરદ્રવ્યની અવસ્થાને અમે પલટાવીએ છીએ એ પલટતી અવસ્થાને અમે પલટાવીએ છીએ એ માન્યતા મિથ્યાત્વ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ..થી પલટાય છે.

ઉત્તર :- પલટે છે એનાથી. સુમનભાઈ! કર્યું છેને. કોક કહે છે .. કોક વાતું કરે ભાઈ અમે તો સાંભળીએ. સુમનભાઈ છે એ તેલ હોય એને 'એસો' ઉડતો ઘડો. ગયો એ ગયો. એ કહેતા હતા. એ કોઈ કહેતું હતું. એ પણ હમણા કહેતા હતા. અહીં તો બધી વાતું આવે. એ ગયું. પલટવું .. છે નહિ. એ તો નલિનભાઈ... આહા..હા..! નહિ? .. આપણે દિશાએ જતાને. .. આને છેને. ... માથે મંદિર. મોટા-મોટા છે. આહા..હા..!

કહે છે કોનું કોણ કરે ભાઈ! એ પરપદાર્થની પર્યાય વિનાનું એ દ્રવ્ય છે? પલટતી પર્યાય વિનાનું એ દ્રવ્ય રહે છે કે તું એની પર્યાય પ્રગટાવ? આહા..હા..! સમજાણું કાંઈ? આ શરીર આમ છે જુઓ, એને આમ કરે તેથી મારાથી થયું. ઈ તો પલટવાની ક્રિયાથી એના પરમાણુમાં થયું છે. આત્માની અંદર માન્યતા જૂઠી છે. મિથ્યાત્વને લઈને માને કે આ પૈસા મારાથી થયા. આપણે જેમ કરીએ એમ થાય છે જુઓ. આમ કરી તો આમ. પણ એમ નથી. ભ્રમ છે તને. જે સમયની જે જડની અવસ્થા આમ થાય અને આમ થાય એ પર્યાયનો કર્તા એ પરમાણુ, માટી જડ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અમે કરીએ એમ થાય છે કે નહિ? જુઓ, ખાવા બેસીએ તો રોટલીને ફટ બટકુ ભરે. જેટલી ભરવી હોય એટલી રોટલીમાંથી. અને દાળ ભરવી હોય તો આમ જરી પહોળી રાખેને? પણ પીવે કોણ અને કાઢે કોણ એ અહીં તો વાત કરવી છે. એ આમ-આમ થાય એ જડની ક્રિયા છે. આત્માની નહિ અને આત્માથી નહિ. આત્માના અસ્તિત્વમાં અને અસ્તિત્વથી આમ આમ થાય છે આ. આ ચાલે છે આમ .. ચાલેને. એ આત્માથી બિલકુલ નહિ. ભગવાન આત્મા અરૂપી ચૈતન્ય ઘન ભિન્ન છે અંદર.

મુમુક્ષુ :- એ તો રાગથી થાય છેને.

ઉત્તર :- રાગ માને છે કે હું આ કરું છું. રાગથી થતું નથી. એમ આ હું કરું એવો રાગ કરે છે એ રાગનો ખાનાર છે. આહા..હા..! ઝેર ખાય છે કહે છે. એય..! મૈસુબ ખાતો હોય તોપણ ઝેર ખાય છે એમ કહે છે. કેમ એ મૈસુબને હું ખાવ છું એ જડને ખાવ છું એ તો જડ છે. એને હું ખાવ છું એ માન્યતા એ રાગને ઝેર કરે છે. આહા..હા..! ભારે કામ એય..! આવું સાંભળ્યું ન હોય હસમુખભાઈ! .. થયા અને પૈસા થયા. વળી એમાં લુંટાઈ ગયો. ... ... આ તો દાખલો. એ તો બધાને એમ છેને. તમારી આ તો વાત છે. બે છોકરા હોય તો બેને માટે. આ છ. આહા..હા..! કોના છોકરા અને કોને કામ સોંપવું અને કોણ કામ કરે? આહા..હા..! ભાઈ! તારી પર્યાયની યોગ્યતાના કર્મના નિમિત્તથી થતો વિકાર એ પણ મારું કર્તવ્ય છે એમ માનનાર મૂઢ છે. આહા..હા..! કેમકે રાગનો ભાગ છે એ આસ્રવતત્ત્વ છે. ભગવાન આત્મા તો ભિન્ન જ્ઞાયકતત્ત્વ છે. અરે..! એને રાગને ઘેરીને, ઘેરૈયો થઈ ગયો એ આત્મામાં. રાગ એ જ મારું કર્તવ્ય. આહા..હા..! આ દિવાળીમાંથી નથી શું કહેવાય ઘેરૈયા? ભુંડા જ બોલે મારા. ભાષા જ એવી હોય. ઘેરાય. .. ઘરૈયા કહેવાય એને. અમારે પાલેજમાં જીન હતું .. નહિ? મકાનમાં. કુંવરજીભાઈના. એમાં જિન હતું ત્યાં એક ભૈયો રહેતો. ભારે માગે ભારે! હોળીને દિ' બહાર નીકળે અને બધાને .. કરે. આને બેફાટ માગણ બોલે મારે. ભૈયો હતો.. આ તો ૬૫-૬૬ની વાત છે. દુકાન ઉપર. અત્યારે છેને મનસુખના મકાનમાં. ત્યાં જિન છે. આહા..હા..!

એમ આ આત્મા અરે..! પોતાની જ્ઞાન ને દર્શન અને આનંદની સંપદા ભૂલીને હોળીના ગાણા ગાય રાગ અને દ્વેષના. એ અજ્ઞાની કર્તા વિકારનો થાય છે. ભારે કામ ભાઈ! 'તે **સ્પષ્ટ સમજાવવામાં આવે છે.**' લ્યો! '**આ આત્મા...**' આ એમ અસ્તિ બતાવી. છે આત્મા અનંત આનંદગુણનો પિંડ પ્રભુ આત્મા છે. વસ્તુ છેને. જેમ આ જડ છે એમ આત્મા એ વસ્તુ અરૂપી ચીજ છે. અરૂપી હોવા છતાં વસ્તુસ્વભાવ છે એનો. અરૂપી એટલે અવસ્તુ એમ નહિ. અરૂપી એટલે એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્સ નહિ, પણ છે વસ્તુ. આહા..હા..! ચૈતન્ય જ્યોત ભગવાન દેહ દેવળમાં ભિન્ન ચીજ છે. આહા..હા..! એવો જે '**આત્મા જ્ઞાની થયો થકો,...**' એમાં કર્મ-ફર્મની વાત જ નથી. કે કર્મને લઈને અજ્ઞાની થયો અને ફલાણાને લઈને આમ થયો. મારા લાકડા એવા નાખે છે. ઓલાને ખબર ન મળે સાંભળનારને. જુઓ, કર્મને લઈને આવું થાય. ભગવાનભાઈ! સાંભળનારને ખબર ન હોય.

અહીં તો પરમાત્મા કહે છે પ્રભુ! સાંભળતો ખરો એકવાર. એ તારી ચીજને ભૂલીને અજ્ઞાની તું થા છો. તે અજ્ઞાની કર્મને લઈને નહિ, કુગુરુને લઈને નહિ, બીજાને લઈને નહિ. આહા..હા..! '**અજ્ઞાની થયો થકો,...**' એમ શબ્દ છેને? '**અજ્ઞાનને લીધે...**' '**અજ્ઞાની**

**થયો થકો, અજ્ઞાનને લીધે...'** વસ્તુના સ્વરૂપના ભાન વિનાનો પ્રાણી અજ્ઞાની થયો પોતે. નિજ ચીજ અને પરચીજની ભિન્નતાના ભાન વિના અજ્ઞાનને લીધે. '**અનાદિ સંસારથી માંડીને...'** આહા..હા..! નિગોદથી માંડીને. આ બટાટા, શક્કરકંદ, લીલ, ફુગ. એક શરીરમાં અનંતા જીવ છે એમાં. એ લીલફુગ થાય ને લીલફુગ નહિ? કાય એની. બટાટા, શક્કરકંદ, લસણ, ડુંગળી, કાંદા, મૂળા લ્યો. ધોળા હોયને કાંદા. એની એક કટકીમાં રાય જેટલી કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા જીવ છે. એમ બટાટાને પતરી પાડીને ઘીમાં તળે તો કેવી લાગે એને? .. સારો હુશિયાર માણસ હોય તો બરાબર શેકે. અનંત જીવો. છરી અડે ત્યાં અનંત મરે એમાં. બાકી રહ્યા હોય એને ઘીમાં નાખે ત્યાં સડસડ અનંતા જીવો છૂટીને બીજે અવતરે. અરે..! એમાં તું હતો હોં અનંતવાર. આ તારી વાત છે. ત્યાં પણ તું હતો ભાઈ! તું ભૂલી ગયો. માણસપણું મળ્યું, કાંઈક બાયડી-છોકરા ઠીક મળ્યા અને હજીરા અને પૈસા. ભૂલી ગયો. આહા..હા..!

કહે છે '**અનાદિ સંસારથી માંડીને...'** આહા..હા..! પરમાત્મા પોકાર કરે છે. જેની આદિ નથી એવો સંસાર અજ્ઞાનીનો. એક ક્ષણમાં તે પોતે વિકાર વિનાનો રહ્યો છે. વિકારસહિત અનાદિ સંસારમાં છે. '**(-એકમેક મળી ગયેલા) સ્વાદનું સ્વાદન...'** આહા..હા..! જુઓ તો ... કહે છે કે પોતાનો આનંદસ્વાદ છે આત્માનો. અતીન્દ્રિય આનંદસ્વાદનો એ પોતે પિંડ છે. એને ભૂલીને રાગનો સ્વાદ મારો એમ માને છે ઈ. તો આમાં શુભભાવ પણ આવે કે નહિ?

મુમુક્ષુ :- એની મીઠાશ સૌથી વધારે છે.

ઉત્તર :- એની મીઠાશ વધારે છે. આહા..હા..! કહે છે '**અનાદિ સંસારથી માંડીને મિલિત...'** મિલિતનો અર્થ એવો નથી કે થોડો આનંદ આત્માનો અને થોડો રાગનો. એમ નથી. પણ આત્માના આનંદને ભૂલીને રાગનો આનંદ મારો, એ રાગનો સ્વાદ અનાદિથી અજ્ઞાની લે છે. કૂતરો હાડકા ચાવતા એ હાડકામાંથી લોહી નીકળતું નથી પણ એની અણી દાઢમાં વાગતા લોહી નીકળે એને ચાટે. માને કે આમાંથી નીકળે છે. એમ અનાદિનો અજ્ઞાની આ માંસના શરીરને ચુંથતા જાણે મને ત્યાંથી સુખ મળે આવું છે. કરે છે રાગ. એ રાગનો સ્વાદ લે અને માને કે આ શરીરમાંથી આવે છે. હવે શરીર તો જડ, ધૂળ, માંસ છે હાડકા. આહા..! એને તો તું અડી શકતો પણ નથી. એ તો જડ છે. તું તો અરૂપી છો. સમજાણું કાંઈ? આહા..હા..! '**(-એકમેક મળી ગયેલા)...'** મળીનો અર્થ? વિકારનો સ્વાદ ત્રિકાળી આનંદની સાથે એક માને એમ. એમ કે વિકારી આનંદ અને અવિકારી આનંદ બે ભેગા અનુભવાય છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો સાક્ષાત્ આનંદનો નાથ પ્રભુ ત્રણે કાળે એ તો અતીન્દ્રિય આનંદનો કંદ છે આત્મા. શક્કરકંદ જેમ છેને એમ આત્મા

અતીન્દ્રિય આનંદની મૂર્તિ કંદ છે. એની આડે આ પુણ્ય અને પાપના વિકલ્પનો સ્વાદ મિશ્ર બનાવે છે કે આ મારો સ્વાદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને મજા લાગે છે એ રાગની લાગે છે. પરચીજની નહિ. આહા..હા..! એમાં પરણવા બેઠો હોય અને રેશમને કપડા પહેર્યા હોય અને માથે મુગટ. લાખ, બે લાખ રૂપિયાનો ખર્ચ કરતો હોય એનો બાપ એની પાછળ. અને એ કરોડપતિ અને અબજપતિની દીકરી આવવાની હોય બે-પાંચ કરોડ લઈને. જુઓ એન પાગલતા પછી.

મુમુક્ષુ :- એ તો પાગલ.. આનંદ છે.

ઉત્તર :- પાગલ છે. એના તરફનો રાગ કરીને રાગને વેદે છે. આહા..હા..! ભારે કામ ભાઈ!

અહીં તો પરમાત્મા એમ કહે છે પરચીજને લક્ષે તો રાગ એને સ્વાદે છે. એ ઝેરને સ્વાદે છે. આત્મા આનંદની મૂર્તિનો એણે અનાદર કર્યો છે. ભગવાન તું નથી. તને કહે કે તું ભગવાન છો. કહે ના, ના હું નહિ હોં. એ તો આ રાગનો સ્વાદ આવે એ હું. સમજાણું કાંઈ? સ્વાદનું **'સ્વાદન-અનુભવન હોવાથી (અર્થાત્ પુદ્ગલ કર્મના અને પોતાના સ્વાદનું ભેળસેળપણે-એકરૂપે અનુભવન હોવાથી),...'** ભેળસેળનો અર્થ એકલો. કે આનંદની સાથે રાગને એક કરીને રાગનો સ્વાદ લે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગનો અનુભવ કહે છે કે મિથ્યાત્વભાવમાં આવે છે એમ કહે છે. મિથ્યાદૃષ્ટિ, જૂઠી દૃષ્ટિ, અસત્ય દૃષ્ટિ, જૂઠાને પંથે ચડેલો રાગી. રાગના સ્વાદને વેદે છે. પીવે છે ઝેર અને માને છે કે આત્માની મને મજા પડે છે. સમજાણું કાંઈ?

**'જેની ભેદસંવેદનની શક્તિ બિડાઈ ગયેલી છે...'** આહા..હા..! જેને રાગની ક્રિયાથી, ઝેરના પીણાથી નિર્વિકલ્પ ભગવાન ભિન્ન છે એવી ભેદજ્ઞાન શક્તિને તાળા માર્યા છે. સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપના રાગના વેદનમાં મારાપણે માનીને મૂઢ રાગથી ભિન્ન પાડવાની શક્તિ તેણે ગુમાવી દીધી છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'ભેદસંવેદનની શક્તિ બિડાઈ ગયેલી છે...'** આહા..હા..! અજ્ઞાની આત્માના આનંદના સ્વાદને, રાગના સ્વાદ આડે તાળા માર્યા એણે. આહા..હા..! સમજાણું કાંઈ? આ છેક વાત અનુભવ વેદનની. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વેદનનો સ્વાદીયો અહીંથી કહે છે.

ઉત્તર :- અહીંથી કહે છે. આહા..! પહેલા તો આવી ગયું છે આપણે. .. એમાં આવ્યું છેને એક જીવ પદાર્થ નહિ ... એનો ભગવાન આત્માનો રસ તો નિર્વિકલ્પ શાંતિ અને આનંદ છે. એનો રસ જ એ છે. એનું સમ્યગ્જ્ઞાનમાં ભાન થતાં એ નિજઆનંદના સ્વાદવાળો આત્મા છે. પણ એવા જ્ઞાનને ભૂલી રાગના ભાવથી સ્વભાવને ભિન્ન કરવાના અભાવને લઈને એ વિકલ્પ જે રાગનો એનાથી સ્વભાવ ભિન્ન છે એમ ભિન્ન કરવાના ભાવના અભાવને લઈને

એની ભેદવિજ્ઞાન શક્તિ વિકારી પરિણામને જ્ઞેયથી ભિન્ન પડેલો આત્મા એની શક્તિ ઢંકાઈ ગઈ છે. એ આંધળો બની ગયો છે. છતો ભગવાન આનંદનો નાથ જોડે પડ્યો એને ભૂલીને રાગને પોતાનું સ્વરૂપ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? આનંદથી જ વાત ઉપાડી છે અને રાગનું વેદન. બસ. આહા..હા..!

**'અજ્ઞાનને લીધે...'** એ પુણ્ય-પાપના સ્વાદ, રાગનો વિકારનો સ્વાદ એના સ્વાદમાં આંધળો થઈ ગયેલો છે. એનાથી ભિન્ન આત્માની શક્તિ ગુમાવી દીધી છે. એ રાગના સ્વાદથી ભગવાનનું સ્વરૂપ આત્માનું અંદર જુદું છે. એવી ભિન્ન પાડવાની શક્તિ જેને ખોઈ બેઠો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ભારે ધર્મ ભાઈ! કોક કહે નવો કાઢ્યો છે, એય..! વજુભાઈ! .. આ કાંઈ અહીંના શાસ્ત્ર છે? આહા..હા..! ભાઈ! તને ખબર નથી. વસ્તુ ભગવાન અતીન્દ્રિય આનંદથી ડોલી રહ્યો છે અંદર. પણ ત્યાં તારી નજરું અનાદિથી નથી. તારી નજરમાં પડેલો વિકાર તે જ તને નજરમાં આવે છે. અને એ વિકારનું વેદન એ ઝેરીલો સ્વાદ છે. આહા..હા..! દૂધપાકમાં એક .. ચડી ગયો હોય નાગનો. મરી જાય માણસ. એમ ચૈતન્યમૂર્તિ આનંદનો નાથ દૂધપાક છે. એની ઉપર નજર અને એને પોતાનું ન જાણતા જે કાંઈ શુભ અને અશુભ રાગ થયો અને જે શુભરાગ પરજ્ઞેયના લક્ષનો વિચાર કરતા થયો એનો એને સ્વાદ આવે છે. એથી એ સ્વાદથી ભગવાનનો સ્વાદ જુદો છે. એવી ભેદ વિજ્ઞાન શક્તિ, જુદું પાડવાની તાકાત અજ્ઞાનીને બીડાઈ ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ...

લ્યો. કહે છે કે શુભ અને અશુભરાગ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો હો કે ચાહે તો રાગ વિષય-વાસના, આબરૂ-કીર્તિનો હો, પણ એ રાગના સ્વાદમાં તો વિકારી આકુળતાનો સ્વાદ છે. સમજાણું કાંઈ? એ વીંછીના કરડનો એ સ્વાદ છે. ઝેરીલો સ્વાદ રાગનો. પણ ક્યારે છે એને. અંતર ભગવાન આનંદની મૂર્તિ પ્રભુ છે. એવું સમ્યગ્દર્શન. અને એ આત્મા છે તેનું જ્ઞાન. ત્યારે તેને ભાસે કે અરેરે..! આત્મા તો આનંદની મૂર્તિ છે આ. અને રાગ છે એ તો ઝેરીલા ડંખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે એને અંદરમાં સમ્યગ્દર્શન થતાં ધર્મ થાય. કહો, છોટાભાઈ! આવું બધું સાંભળવા પણ મળ્યું ન હોય ત્યાં ઓલા વાડામાં તો. અમને ખબર છે કે નહિ? વાડામાં હતા કે નહિ અમે? આહા..હા..! અરે..! મારા .. મને આ શરીર કામનું લાગે. .. એવા બેઠા હોય તો આમ જાણે. ખબર નથી. અરેરે..! કાને પડેલી વાત આવી. ભાઈ! તું જે દયા, દાનના પરિણામ કહે છો એ તો રાગ છે ભાઈ! અને એનો સ્વાદ તો તદ્દન નિર્વિકલ્પ પરમાત્મા તો ભિન્ન છે. સમજાણું કાંઈ?

આમ જેને શુભ અને અશુભ રાગની મીઠાશે ચડેલો એને આ રાગથી ભિન્ન ભગવાન અંદર છે, ભગવાન ત્રિલોકનાથ કહે છે કે આનંદનો ધામ પ્રભુ તું છો. એને જુદું પાડવાની શક્તિ ગુમાવી બેઠો છો. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે જેણે મિથ્યાત્વરૂપી ભાવને છેદતા

પરથી ભિન્ન પડવાની સમ્યગ્દર્શનની કળા એણે ગુમાવી છે. પછી ભલે એને શાસ્ત્રના જ્ઞાનથી ખ્યાલમાં પણ આવ્યું હોય, પણ જ્યાં સુધી એ રાગથી ભિન્ન પાડીને ભગવાનના સ્વાદનું ભાન ન કરે ત્યાં સુધી રાગના સ્વાદમાં અટકેલો આ ભિન્ન પાડવાની શક્તિ રહી નહિ. રાગના પરિણામમાં શુભ હો કે અશુભ. રાગે રાગના રંગે ચડેલો એને વીતરાગમૂર્તિ પ્રભુ અંદર છે એ જુદું પાડવાની શક્તિ ગુમાવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો અનાદિથી છે સંસાર. એમાં નવો થયો છે એમ નહિ. એ અનાદિથી આમ જ છે. આહા..હા..! પર્યાયની વાત છેને? વસ્તુ તો આનંદસ્વરૂપ ત્રિકાળ છે. પણ અનાદિથી એની વર્તમાન દશાના રાગના રંગે રંગાયેલો છે. ચાહે તો શુભ હો કે ચાહે તો અશુભ. આહા..હા..!

કહે છે '**એવો અનાદિથી જ છે; તેથી તે પરને અને પોતાને એકપણે જાણે છે;...**' તેથી તે રાગના ભાગને અને આત્માને બેને એક જાણે છે. .. હોય તો વાત કઠણ પડે એવી પોપટભાઈ! '**તેથી હું ક્રોધ છું...**' હું વિકારી પરિણામવાળો છું, હું માન છું, માયા છું એવો પોતાનો વિકલ્પ કરે છે. ઈ આત્મામાં રાગને ઉત્પન્ન કરે છે. એથી નિર્વિકલ્પ આનંદનો નાથ ભગવાન એને ભૂલી જાય છે. ભગવાન નિર્વિકલ્પ આનંદનો સ્વાદ એનાથી ભ્રષ્ટ થયેલો રાગના સ્વાદને પોતાનો માનીને કર્તા થાય છે. એ વિશેષ વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ- ૭, સોમવાર, તા. ૧૩-૧૧-૧૯૭૨
## ગાથા-૯૭, પ્રવચન-૨૨૧

૯૭ ગાથા. કર્તાકર્મ અધિકાર. અહીં તો આનંદના સ્વાદથી જ વાત લીધી છે. એ અનાદિનો આત્મા પોતાના આનંદસ્વરૂપી ભગવાનને ભૂલીને '**અજ્ઞાની થયો થકો, અનાદિ સંસારથી માંડીને મિલિત સ્વાદનું...**' ભેળસેળપણું. એ આત્માનો આનંદ સ્વભાવ એની સાથે રાગના સ્વાદને ભેળવે છે. પુણ્ય-પાપના ભાવ જે વિકલ્પ છે એને એ પરિણમતો, કર્તા થતો એ સ્વાદને મારો સ્વાદ છે એમ અનાદિથી માને છે. ઝીણી વાત બહુ.

મુમુક્ષુ :- મિશ્રિત...

ઉત્તર :- મિશ્રિતનો અર્થ રાગસહિત અનુભવવું એ. શક્તિ ક્યાંથી હોય? અહીં રાગને

અનુભવે એ મિશ્રિત કહ્યું એકલો આનંદને અનુભવે એ એકલું સ્વતઃ એમ.. આહા..હા..! એવું ભેદજ્ઞાનશક્તિ બીડાઈ ગઈ છે કહે. શરીરને સ્વાદે છે કે સ્ત્રીના શરીરને સ્વાદે છે એ વાત તો છે જ નહિ. આહા..હા..! ફક્ત રાગ અને દ્વેષના વિકલ્પપણે પરિણમતો એવી શક્તિનું સ્વરૂપ મારું છે એમ માનીને એનાથી ભિન્ન પાડવાની શક્તિ બીડાઈ ગઈ છે.

**'તેથી તે પરને અને પોતાને એકપણે જાણે છે;...'** પોતાનું આત્માનું અસ્તિત્વ હોવાપણું, અતીન્દ્રિય આનંદમય હોવાપણે છે. પણ એમ રાગના સ્વાદની એકતામાં ભિન્ન પાડવાની શક્તિ ઢંકાઈ ગઈ એથી પરને અને પોતાને એકપણે માને છે. પર શબ્દે અહીંયાં રાગ. ભલે ક્રોધાદિનો ભાગ હોય કે ભલે પરદ્રવ્યના લક્ષે થતી વૃત્તિનો ભાવ હોય એ બધા વિકારીભાવને વેદે છે. આહા..! કેટલી ધીરજ જોઈએ. રાગને વિકલ્પને વેદન એને પરનું પણ પોતાનું માનતો. પરને અને પોતાને એકપણે જાણે છે. લ્યો જાણે છે આવ્યુંને? સવારમાં આવ્યું હતુંને જાણે છે. એમ એમ જાણે છે. એ જાણે છે એ વસ્તુ છે. અહીં જાણે છે તેથી હું રાગ છું, દ્વેષ છું, ક્રોધ છું, માન છું, માયા છું, લોભ છું, મન, વચન, કાયા છું. એકેન્દ્રિય આદિ ઇન્દ્રિય છું અને પરદ્રવ્ય જ્ઞેય છે તે લક્ષે થયેલો રાગ તે પણ પરજ્ઞેય છું. એમ આત્મવિકલ્પ કરતો. ઓહો..હો..! ટીકા તો જુઓ, એમ આત્મા પોતાનો વિકલ્પ કરતો. એમ. પરનું તો કાંઈ નથી. એમ પોતાનો રાગ કે વિકલ્પ કે વિભાવનો વિકલ્પ કરતો એથી તે વિકારી પરિણામને કરતો, પોતાપણે કરતો.

**'અને તેથી નિર્વિકલ્પ,...'** ભગવાન આત્માનો સ્વભાવ અનંત નિર્વિકલ્પ છે. આહા..હા..! **'અકૃત્રિમ,...'** છે. નવો નથી. એ તો અનાદિનો છે. **'એક વિજ્ઞાનઘન (સ્વભાવ)થી ભ્રષ્ટ થયો થકો...'** વિજ્ઞાનઘન જે ચૈતન્યઘન છે એનાથી ખસી જઈને ભ્રષ્ટ થયો થકો. જુઓ આમાં કર્મને લઈને થાય છે ફલાણું એ વાત અહીં છે નહિ. પોતાની ચીજ જે આનંદ અને જ્ઞાનઘન એને ભૂલીને રાગ અને પુણ્યાદિના ભાવને કરે એ ભ્રષ્ટ થયેલો જીવ સ્વરૂપના વિજ્ઞાનઘનથી ભ્રષ્ટ થયો છે. **'વારંવાર અનેક વિકલ્પરૂપે પરિણમતો થકો કર્તા પ્રતિભાસે છે.'** એ રાગરૂપે થતો પરિણમતો એનો કર્તા છે એમ ભાસે છે. ભારે વાત! આનું નામ અજ્ઞાન અને મૂઢતા છે.

મુમુક્ષુ :- આવું નિમિત્ત તો બધા જીવોમાં...

ઉત્તર :- બધા જીવોમાં .. છે. .. છે એ. .. સમજાય છે? પાગલ. રાજનું .. હોય એ આખા રાજમાં.. એ અનાદિનો મિથ્યાત્વનો સિક્કો અજ્ઞાનીને અનાદિથી ચાલે છે. આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એ પરજ્ઞેયને લક્ષે થતો ભાવ રાગ. એના વેદનને લઈને એના ઉપર દૃષ્ટિ હોવાથી. એનાથી જુદું પાડવાની શક્તિ નહિ હોવાથી એને પરને અને પોતાને એક માનતો થકો. વિકારીભાવ વિકલ્પ દયા, દાન ... અને એ

અવિકલ્પભાવ ત્રિકાળી એને એકપણે માનીને અવિકલ્પ વિજ્ઞાનઘનથી ખસી ગયો છે. ભ્રષ્ટ થયો છે એ તો. આહા..હા..! નવમી ગ્રૈવેયક ગયો જૈન સાધુ.

મુમુક્ષુ :- તોપણ ભ્રષ્ટ?

ઉત્તર :- તોપણ ભ્રષ્ટ. આહા..હા..! વિજ્ઞાનઘન ભગવાન આત્મા એકલો જ્ઞાનનો રસકંદ પ્રભુ એકલું જ્ઞાનનું સત્ત્વ એ આત્મા. એને એમ ન જાણતા એના અજ્ઞાનને લઈ એનાથી વિપરીત રાગાદિભાવને પોતાપણે કરતો, નિર્વિકલ્પ વસ્તુથી ભ્રષ્ટ થયો થકો વારંવાર અનેક વિકલ્પરૂપે. નિરંતર ઓલો સ્વાદમાં રહે છે તો નિત્ય રહે અંદર. એ નિત્યમાં નિત્ય સ્વાદપણે રહે એક. આ તો વારંવાર અનેક. એક જાતના રાગ નથી દ્વેષ આદિ. ભિન્ન-ભિન્ન રાગ અને દ્વેષના પ્રકારો કરી એને પરિણમતો-પરિણમતો. પર્યાયમાં રાગરૂપે પરિણમતો થકો. લ્યો! ..માં આવ્યું હતું પરિણમતો થકો, માનતો થકો. કારણ કે ટાઢા-ઉનાની અવસ્થાપણે આત્મા તો થાય નહિ. આત્મા તો અરૂપી છે. એ ટાઢા-ઉનાપણે થવું તો અશક્ય છે. એમ પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, કામ અને ક્રોધના પરિણામપણે થવું અશક્ય છે. સ્વભાવ નથીને એવો. એ સ્વભાવથી કેમ એક થાય? પણ પોતાના જ્ઞાનભાવને ભૂલી, અજ્ઞાનને ઉત્પન્ન કરી એ વિકારીભાવપણે પરિણમતો અને એ પણે થાઉં છું એમ માનતો એ વિકલ્પનો કર્તા થાય છે. જુઓને ભારે! ચંદુભાઈ! તમારે ઈંજેક્શન હશે? નહિ. આહા..હા..! એટલું સમજવાનું .... આહા..હા..!

અંદર ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે. એને આત્મા કહીએ. પણ તે આત્મા પોતાની પર્યાયમાં, વિકારના પરિણામ થતાં અને પરલક્ષી પરજ્ઞેય, દેવ-ગુરુ-શાસ્ત્ર કે સ્ત્રી, કુટુંબ, પરિવાર કે અનંત નિગોદના જીવ. અનંત પરમાણુનો પિંડ. એનો વિચાર કરતાં એને આશ્રયે થતી વિકલ્પની વૃત્તિ એને પોતાપણે માનતો, એને જુદી પાડવાની શક્તિ તો છે નહિ. એટલે એ જ હું છું. એમ માનીને અનેક પ્રકારની વૃત્તિઓને ભિન્ન-ભિન્ન જાતિના પરિણામપણે પરિણમો કર્તા પ્રતિભાસે છે. જેરૂપે પરિણમે તે રૂપે કર્તા ભાસે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એને બિચારાને દયા પાળવાનો ભાવ. હજી તો મિથ્યાત્વપણે પરિણમે એમ કહે છે. દયાપણાના ભાવપણે પરિણમે, દેવ, ગુરુ અને શાસ્ત્રની ભક્તિના ભાવપણે થાય, તો એ આત્માપણે ન થયો એ. આહા..હા..!

એકલું વિજ્ઞાનઘનસ્વરૂપ પ્રભુ આત્મા. અકૃતિમ અને નિર્વિકલ્પ. આહા..હા..! ત્રણ વિશેષણ આપ્યાને? એવો જીવ પોતાના જ્ઞાનઘન, આનંદઘન સ્વભાવથી ચુકી ગયેલો, દઢ થયેલો, ત્યાંથી ખસી ગયેલો. આહા..હા..! અને પુણ્ય અને પાપના વિકલ્પપણે થયો થકો, પરિણમતો થકો, જે રીતે પરિણમ્યો તેનો કર્તા એને ભાસે છે. કહો, સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ! પ્રેમચંદભાઈ! એના ધ્યાનમાં પહેલો ખ્યાલ તો આવવો જોઈએ. ખ્યાલ વિના શું કરશે એ?

આહા..હા..!

કહે છે કે એ નિર્વિકલ્પ, અભેદ અને અકૃત્રિમ–નહિ કરાયેલું ઓલું ત્રિકાળી તત્ત્વ એક વિજ્ઞાનઘન એકરૂપ એનાથી ભ્રષ્ટ થયો થકો વારંવાર અનેક વિકલ્પ. એમ. આહા..હા..! દઢ થયો થકો વારંવાર શુભ અને અશુભની લાગણીઓ રૂપે અસંખ્ય પ્રકારની હોવાથી અનેક વિકલ્પરૂપે. આહા..હા..! પરિણમતો થકો. સમ્યગ્દષ્ટિ તીર્થંકરનો ભાવ આવે એ રીતે પરિણમતો જ નથી એમ અહીં તો કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવે પરિણમતો થકો એમ નહિ ત્યાં. એ ભાવને જાણતો થકો જ્ઞાનપણે પરિણમતો એમ. સમજાણું કાંઈ? અરે..! ચોર્યાસીના અવતાર. અરે..! એણે કોઈ દિ' વિચાર પણ કર્યો નથી ક્યાં જવાય? આહા..હા..! એ નરકના દુઃખ, એ નિગોદના દુઃખ. તેને મન અને વાણી ન મળે. નિગોદના જીવને એકલી મૂંઝવણની દશામાં પડ્યા છે બિચારા. આહા..હા..! મૂઢ થઈને એકેન્દ્રિય પડ્યા છે. હવે એમાંથી ક્યારે એ ઈયળ થાય? ક્યારે એને માણસપણું થાય? ક્યા ભાવે? એ ભાવ ઘણા થોડા, માણસ થવાના ભાવ ઘણા જગતમાં થોડા છે. અનંત-અનંત જીવમાં જે ભાવે માણસ થાય એ ભાવ થોડા બહુ છે. સમજાણું કાંઈ? અને અનંત નિગોદમાં જાય એવા જીવના ભાવ જગતમાં ઘણા છે. આહા..હા..! એટલે એ ભાવમાં પરિણતો એ તે ભાવે જે થયો એ રૂપે હું કર્તા છું એમ માનીને ત્યાં અટકી ગયો છે કહે છે. સમજાણું કાંઈ? તિર્યંચમાં જવાના પરિણામ ઘણા, એથી દેવ જવાના પરિણામ પણ ઘણા. તિર્યંચના કરતા ઘણા એમ નહિ પણ ઘણા, પણ માણસ થવાના પરિણામ જ જગતમાં બહુ થોડા છે. સમજાણું કાંઈ? હવે એ પરિણામપણે પરિણમ્યા વિના મનુષ્યપણું આવે નહિ. એ પરિણામ જ જગતમાં થોડા. આહા..હા..! તો પછી એ પરિણામમાં પણ પરિણમતો થકો એ વિજ્ઞાનઘનથી ભ્રષ્ટ થયો થકો પરિણમે છે. આહા..હા..! પંડિતજી! આહા..હા..!

લ્યો પક્ષઘાત થાય, શરીર અટકી જાય. જુઓને આ માણસને.. આવ્યો હોય અને .. એને મળે ત્યારે ભાળે. .. અરે..! ભાઈ આમ થઈ ગયું. .. ઓલું થઈ જાયને પછી જૂના પરિચયવાળા આવેને. રોવા માંડે. અમારે નારણ શેઠ હતા બોટાદમાં નહિ શેઠ? નારણ શેઠ. ... હું ઉમરાળા આવ્યો ત્યાં દર્શન કરવા આવ્યા હતા. ...ગાડીમાંથી માંડ માંડ ઉતર્યા. ઉતર્યા અને આમ ભાળ્યા ત્યાં. ઓહો..! ભાઈ! ... ... એથી કરીને દેખાડ્યો હોય પોતાને. એ આવી ચેષ્ટાથી પીડા થાય છે અંદર. અરરર! પણ એને ભુંડી ચેષ્ટાએ પરિણમ્યો કોઈ ભાળે એની એને દરકાર નથી. ... આહા..હા..! આમ થયું. ..ભાઈ ... બાપા! ન હોય. આહા..હા..! એક-એક ..ના અનંતા રજકણો ક્યાં રહેવાય ક્યાં રોકવા? ક્યાં રોકાય? આહા..હા..! એક તો ત્યાં નહિ? ..માંને? નહિ ઓલા શેઠના .. મોતીલાલજી. આહા..હા..! માણસ ખાનદાન બહુ. પણ આમ બધે સોપારી-સોપારી જેટલા બધા આખા શરીરમાં. આવડી આવડી સોપારી

જેટલા શું કહેવાય? રસોળી. આખા શરીરમાં. આમ ગૃહસ્થ મોટા મકાન. ગાડી મોટી છે લ્યો. ... એવી ચેષ્ટા દેખાડવામાં એને ખેદ થાય. કહો, સમજાણું? એક આંખ ફૂટી ગઈ હોય ને આમ-આમ. દેખાય, ખાડો દેખાય. બાયડીને એવું થઈ જાય પછી જરીક આમ આડો આમ રાખે. આહા..હા..! આટલું દેખાવું પણ એને ગોઠતું નથી. અરે..! એને આવી હીણી દશા થતી બીજા દેખે એમાં એને લાજપ આવે છે. પ્રાણભાઈ! સાચી વાત છે કે નહિ?

અરે..! તને વસ્તુથી ભ્રષ્ટ થયેલો. આહા..હા..! વિકારપણે પરિણમતો તને કર્તા ભાસે છે અને એમાં કાંઈ તને લાજપ નથી આવતી કહે છે. આહા..હા..! વસ્તુ પોતે આનંદઘન એ ચીજ વિજ્ઞાનઘન. અરે..! એમાંથી ખસીને પણ એ કાંઈ બીજા તો દેખે નહિ એને. શરીર સારું હોય, ભાષા સારી હોય એટલે એમ લાગે કે એને... આહા..હા..! પોતે ક્યાં છે અને કઈ રીતે ત્યાં વિકૃતરૂપ થઈ ગયું છે એની એને પણ ખબર ન મળે.

અહીં કહે છે આહા..હા..! '**નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન થયો થકો...**' એકરૂપ છે. એનાથી ભ્રષ્ટ થયો થકો. જુઓ, આ ધર્મ અને અધર્મની વ્યાખ્યા. આહા..હા..! એ પરજ્ઞેયને લક્ષે રાગ થાય કે એકલો ભાવ્યભાવકનો રાગ થાય. એ પણે પરિણમવું. આહા..હા..! મિથ્યાત્વનું સ્થાન છે, નિગોદ અને નરકના ભવ અનંતા કરવામાં એ તાકાત છે, પણ એનો એ કર્તા ભાસે. આ તો ન મળે એટલે શું કરે? સમજાણું કાંઈ? અને જ્યારે હવે સવળો પડે એની વાત છે. આહા..હા..! અને જ્યારે આત્મા જ્ઞાની થાય. વસ્તુના સ્વરૂપનો અનુભવ થઈને જ્ઞાન થાય. પોતે ચીજ જે છે તેની સન્મુખ થઈને એ નિમિત્ત રાગ અને એક સમયની પર્યાયથી ત્યાં વિમુખ થઈને. ત્રિકાળી વિજ્ઞાનઘન ભગવાન આત્મા એની સન્મુખ થયો જ્યારે ત્યારે જ્ઞાની થાય. સમજાણું કાંઈ?

જ્ઞાની થાય ત્યારે. ઓલું અજ્ઞાનને લીધે એમ હતુંને? અજ્ઞાની થયો થકો અજ્ઞાનને લીધે. એમ હતું. આત્મા જ્ઞાની થાય ત્યારે જ્ઞાનને લીધે. આહા..હા..! હું તો એક જાણનાર-દેખનાર આનંદ છું. જેટલા પ્રકાશો અને અંધારા અને વિકલ્પો ઉઠે એ બધા જડ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ આત્મા જ્ઞાની થાય ત્યારે, જે અંતરના આનંદ અને જ્ઞાનસ્વરૂપનો અનુભવ થાય ત્યારે. જ્ઞાનને લીધે વસ્તુના ભાનને લઈને. જ્ઞાનના આદિથી માંડીને. ઓલું અનાદિથી હતું. આ આદિ થઈ. અંતર ચિદાનંદ પ્રભુ શુદ્ધ આનંદઘન છે. અતીન્દ્રિય આનંદનો એ રસીલો પ્રભુ આત્મા છે. એનો જ્યારે રસીલો જીવ થાય ત્યારે એ રસીકના જ્ઞાનની આદિથી માંડીને. જ્યારથી એ સમ્યગ્જ્ઞાન થયું. આત્માનો અનુભવ આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદ. એનું ભાન થઈને વેદન થવું એનું નામ જ્ઞાની થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આટલું ભણ્યો માટે જ્ઞાની થયો કે નવ પૂર્વ કે અગિયાર અંગ કે એમ કહ્યું નથી આમ કાંઈ. આહા..હા..! અરે..! જેને ભણવો જોઈએ એને ભણ્યો નહિ અને નહિ ભણવાના ભણ્યા

કરીને. ખૂંટે મરવા જાય છે. ત્યાં કીધું હતુંને .. હેં! આહા..હા..!

જ્યાં અંદર જઈને રાગથી ભિન્ન પડીને ચૈતન્યના આનંદનો સ્વાદ આવતા જ્યારે જ્ઞાની ત્યારે જ જ્ઞાની થયો. ત્યારે એ સમકિતી થયો. એ સમકિતની આદિથી અથવા એ જ્ઞાનસ્વરૂપના ભાનની આદિથી '**માંડીને પૃથક્ પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી...**' જુઓ, આ જ્ઞાનીના લક્ષણ. સમજાણું કાંઈ? એ જ્ઞાનનું ભાન થયું પ્રભુ આત્મા વિજ્ઞાનઘન આનંદની ગાંઠ એકલી. આનંદમૂર્તિ છે. સુરણની ગાંઠ હોય એમાં જ્યાં જુઓ ત્યાં એ સુરણ જ હોય. આ આત્મા ચારેબાજુ એવો અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ છે. એવા અતીન્દ્રિય આનંદસ્વરૂપના ભાન થઈને જ્યારથી એનું જ્ઞાન વર્તે છે. ત્યારથી પૃથક્-પૃથક્. ઓલામાં હતું પરને અને પોતાને એકપણે જાણે છે. પણ આમાં પૃથક્-પૃથક્. '**સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી...**' આનું નામ જ્ઞાન. આનું નામ સમ્યગ્દર્શન. આહા..હા..! પોતાના આનંદનો સ્વાદ અને વિકલ્પનો સ્વાદ બે ભિન્ન-ભિન્ન ભાસે અંદર. આહા..હા..!

અહીં તો સમ્યગ્દર્શન એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, એ નવ તત્ત્વની માન્યતા. એમ અંદરમાં બીજું ભાસે એ સમકિત. અજ્ઞાની અનાદિથી આમ ને આમ અવસર ગાળે છે. આહા..હા..! કોઈ કહે કે પહેલા સમ્યગ્જ્ઞાન થાય ત્યારે લોકાલોકનું જ્ઞાન થઈ જાય. એય..! હરિભાઈ! એને ઘરેથી. એના બાપુજીને ત્યાં આપણે સિદ્ધાંતને મેળ ન આવે એટલે પછી ... પણ સમકિત થતાં લોકાલોકનું જ્ઞાન થઈ જાય. લોકાલોક ભાસે. આહા..હા..! હવે એક જણો વળી કહે સમકિત થાય ત્યારે બહિર્આત્મા આત્મા પરમાત્મા ત્રણે આંખ ઉપર દેખાય એમ કહે છે. ઉમરાળે હતા. ...વૃદ્ધ થઈ ગયેલા અને શ્રીમદ્ વાંચતા. એ ફરી ગયા ..માં. જુઓ, આવે છેને આમાં? 'ચતુરાંગુલ હે દગ સે ...' ચાર આંગળા છેટે દેખાય બહિરાત્મા અંતરાત્મા. આવા ને આવા. ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... અજ્ઞાનીને દેખે.

અહીં તો કહે છે જ્યારથી સમ્યગ્જ્ઞાન થાય એટલે કે સમ્યગ્દર્શન થાય. જ્ઞાનની પ્રધાનતાથી કથન છેને? ત્યારે '**પૃથક્-પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી...**' આહા..હા..! ત્યાં રાગનો સ્વાદ અને આત્માનો સ્વાદ બે ભિન્ન-ભિન્ન હોવાથી. આહા..હા..! જુઓ, કેટલી વાત લીધી? છેક સુધી. એક બીજે .. જાશે. સમકિત આનું નામ. જ્ઞાન.. એને '**પૃથક્-પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી...**' ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના સ્વાદસ્વરૂપ છે અને દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, શુભાશુભભાવ તે રાગના દુઃખ સ્વરૂપ છે. એ બેયની પૃથક્તાના સ્વાદના અનુભવ હોવાથી. બેના જુદાં સ્વાદ નામ અનુભવન હોવાથી એમ કહે છે.

મુમુક્ષુ :- અનુભવ એટલે પર્યાય થઈ.

ઉત્તર :- હા બેને જુદાં અનુભવે. આનંદસ્વરૂપ આ છે અને રાગ અને પુણ્ય-પાપના વિકલ્પ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? અહીં તો કર્તાનું કર્મ આપ્યું. કે કર્તા આત્મા અને આત્માનું

કર્મ નામ કાર્ય. આનંદની પર્યાયનું અનુભવન એ એનું કાર્ય. સમજાણું કાંઈ? આહા..હા..!

'(**અર્થાત્ પુદ્‌ગલકર્મના અને પોતાના સ્વાદનું—એકરૂપે નહિ પણ—ભિન્ન-ભિન્નપણે અનુભવન હોવાથી),...**' ઓલામાં એમ હતુંને? ... એકપણે સ્વાદ હોવાથી. સ્વાદના અનુભવનમાં શું કહ્યું જુઓ, મિલિત એક સ્વાદનું અનુભવ હોવાથી. બીજી લીટી છે. આહા..હા..! અને ક્યાંય ભ્રમણામાં ન રહી જાય માણસ એટલે આનંદથી જ ઉપાડી વાતને. જ્યાં સમ્યક્ થયું એટલે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે ત્યાં. આહા..હા..! અને એ સ્વાદની આગળ ચાહે તો ભગવાનની ભક્તિનો રાગ હોય એ સ્વાદ બધો બે સ્વાદ છે. કહેશે. એ વિલક્ષણ છે. છેને અંદર? ભિન્ન રસવાળા. એટલે કષાયના. એ રાગાદિ ભિન્ન રસ છે. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એનો પણ આત્માના સ્વાદથી ભિન્ન રસ છે. કારણ કે મહાવ્રતના પરિણામ, પંચ મહાવ્રતના પરિણામ એનો સ્વાદ આત્માના આનંદથી ભિન્ન રસવાળો છે. સમજાણું કાંઈ? આહા..હા..! પોતામાં જેને અનુભવન હોવાથી. '**જેની ભેદસંવેદનશક્તિ ઉઘડી ગઈ છે...**' આહા..હા..! આવી વાત જ ન મળે અને બિચારા તપ કરે અને આ કરે. ભીખાભાઈ! આ કરો ને આ કરો ને આ કરો. અપવાસ કરો ને વ્રત કરો ને સામાયિક કરો ને પોષા કરો, જાત્રા કરો. ઉંચે ઉંચે ચડો સમ્મેદશિખર અને શેત્રુંજય.

મુમુક્ષુ :- શેત્રુંજયનું માહાત્મ્ય ઘણું છે.

ઉત્તર :- હા, શેત્રુંજયનું માહાત્મ્ય શેત્રુંજી નદીમાં માછલા ન્હાય. શેત્રુંજ્ય.. તો ભગવાન ઉપર ચકલા આવીને બેસે છે ઈયળું ખાઈને. ભગવાનની મૂર્તિ ઉપર.

મુમુક્ષુ :- એ તો બેસે એને ના પડાય?

ઉત્તર :- એનું માહાત્મ્ય ક્યાં હતું ત્યાં? જેને પોતે ભગવાન ભાસ્યો છે અંદર. એને ભગવાનનું રૂપ સ્થાપના કરી ત્યાં દેખાય એનું નામ શુભભાવ છે. સમજાય છે કાંઈ? ત્યાં કાંઈ ભગવાનના દર્શનથી સમકિતદર્શન થઈ જાય એમ નથી. આત્મદર્શનથી સમ્યગ્દર્શન થાય.

મુમુક્ષુ :- ભગવાનના દર્શનથી .. એમ આવે ધવલમાં.

ઉત્તર :- એ તો નિમિત્તના કથન બધા. એવું તો અનંતવાર ભાવ્યું છે. એ વખતે એવો વિચાર એને આવે કે ઓહો..! ભગવાનના ભાન વિના, મારા સ્વરૂપના ભાન વિના.. અજ્ઞાનથી કર્યું એથી મને ભાન ન રહ્યું. એવો વિચાર કરતાં અંતરમાં જાય ત્યારે ઓલી બાહ્ય ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. એવી વાત છે. આહા..હા..!

કહે છે ધર્મી જીવને, સમકિતીને, સમ્યગ્દૃષ્ટિ જીવ એને કહીએ કે જેને '**પુદ્‌ગલકર્મના અને પોતાના સ્વાદનું-એકરૂપે નહિ પણ-ભિન્નભિન્નપણે અનુભવન હોવાથી, જેની ભેદ સંવેદનશક્તિ ઉઘડી ગઈ છે...**' જેના તાળા બંધ હતા અજ્ઞાનથી, રાગના સ્વાદવાળો હું એ તાળા તોડી નાખ્યા છે. આહા..હા..! અંતરનું અનંત અતીન્દ્રિય આનંદનો ખજાનો

ખુલી ગયો છે કહે. સમજાણું કાંઈ? આહા..હા..! એને સમ્યગ્દૃષ્ટિ કહીએ.

મુમુક્ષુ :- આવું તો ..

ઉત્તર :- એ સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન કહ્યું પછી સમ્યગ્દૃષ્ટિ થયો. જ્ઞાનમાં બે જાણવું છેને એટલે એ અહીંયાં લીધું. દૃષ્ટિમાં એકલો અભેદભાવ છે. બે જુદાં-જુદાં જાણવા છેને બે. એટલે જ્ઞાન લીધું બે ક્યાં છે? દૃષ્ટિમાં એકલો અખંડ અભેદ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અતીન્દ્રિય આનંદના ઘનથી ખસોખસ-ઠસોઠસ ભરેલો આત્મા. એના સ્વાદના ભાનથી વિકાર પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામનો સ્વાદ બેનો સ્વાદ ભિન્ન ભાસે. આહા..હા..! જેથી બેની જુદા પાડવાની શક્તિ ત્યાં ખીલી ગઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત!

'**જેની ભેદસંવેદનશક્તિ ઉઘડી ગઈ છે એવો હોય છે;...**' સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની આવો હોય છે. સમજાણું કાંઈ? '**તેથી તે જાણે છે કે...**' ભગવાન આત્માનો સ્વાદ આનંદ અને રાગનો સ્વાદ બે. બેસ્વાદ. બેસ્વાદ એટલે? બેસ્વાદ એટલે ભૂંડો સ્વાદ. બેખબરો એટલે બે ખબર છે ત્યાં? ખબર વિનાનો. એમ આત્માના આનંદનો સ્વાદ નહિ, રાગનો એ બેસ્વાદ છે. આહા..હા..! .. જાય. ગરમ હોય તો થોડું .. બહુ ગંધાય એમ આ રાગની ગંધ જુદી જાતની આત્માથી આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેથી એમ જાણે છે કે અનાદિનિધન,...**' મારો આનંદસ્વભાવ તો અનાદિ-અનંત છે. આહા..હા..! જેને નિત્ય વસ્તુને પકડીને અનુભવ્યો છે. એ એમ જાણે કે અનાદિ-અનંત આતો સ્વાદ છે.

'**નિરંતર સ્વાદમાં આવતો,...**' આહા..હા..! અનાદિ-અનંતનો સ્વાદ નિરંતર આવતો. આહા..હા..! એ વર્તમાન કીધું. અતીન્દ્રિય અનાદિ-અનંત આનંદસ્વરૂપ ભગવાન. એનો નિરંતર વર્તમાનમાં સ્વાદ આવતો. ભાષા તે. અનાદિ-અનંત. અનાદિ અને અનિધન એમ. આદિ નહિ જેનું નિધન એટલે અંત નહિ, મૃત્યુ નહિ. છેડો નહિ. એવો ભગવાન આત્મા. એનો જે આનંદનો રસ સ્વાદ એ તો ત્રિકાળી છે. પણ વર્તમાનમાં '**નિરંતર સ્વાદમાં આવતો,...**' આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્ય-પાપની લાગણીઓ તે આકુળતાનો સ્વાદ છે, ભગવાન આત્મામાં નિરંતર શાંતરસનો સ્વાદ. કહે છે. '**નિરંતર સ્વાદમાં આવતો, સમસ્ત અન્ય રસથી વિલક્ષણ...**' જગતના આત્માના સ્વાદથી જેટલા બહારના સ્વાદ માને એનાથી આ વિલક્ષણ સ્વાદ છે. વિપરીત લક્ષણવાળો આ સ્વાદ છે. દુનિયાના સ્વાદ કાંઈ જડનો સ્વાદ લેતો નથી. પણ એના રાગ ને દ્વેષ ને વિકલ્પ ને હરખ ને શોકને. એવી વૃત્તિઓ રાગ છે એનો સ્વાદ લે છે એનાથી આ વિલક્ષણ રસ છે. આહા..હા..! બહુ ટૂંકામાં એની વાતને. આહા..હા..!

સમકિત એટલે એમ નહિ કે અમે માન્યું લ્યો આમ છે હવે. સમ્યગ્જ્ઞાનમાં, સમ્યગ્દર્શનમાં અનાદિ-અનંત એવો જે આત્માનો આનંદસ્વભાવ, આનંદરસ. અન્ય રસથી વિલક્ષણ. '**નિરંતર સ્વાદમાં આવતો,...**' અનાદિ-અનંત નિરંતર સ્વાદમાં આવતો. ઓહો..હો..! ભગવાન તો

આનંદસ્વરૂપ તો એનો અનાદિ-અનંત છે. પણ અંતરમાં રાગથી ભિન્ન પડીને સ્વાદમાં આવ્યો આત્મા. આહા..હા..! ત્યારે એ અન્ય રસથી તો વિલક્ષણ વર્તમાન રસ છે આનંદનો. સમજાય છે કાંઈ? એ ઈન્દ્રોના ઈન્દ્રાસન અને ઈન્દ્રાણીઓ એના ભોગકાળે જે એને રાગનો રસ હોય એ રસથી આત્માનો રસ છે એ વિલક્ષણ છે. સમજાણું કાંઈ? અહીં તો ભોગ બહુ લે તો શરીરમાં રોગ થઈ જાય, જીર્ણ થઈ જાય. ક્ષય થઈ જાય. આહા..હા..! જઠર મંદ પડી જાય, પાચન ઘટી જાય. એવું ત્યાં દેવમાં નથી. એવા દેવના ભોગને કાળે જે રાગનો સ્વાદ છે એ તો ઝેરનો સ્વાદ છે કહે છે. આહા..હા..! એવા રસથી પણ વિલક્ષણ. એનાથી વિપરીત લક્ષણવાળો આનંદનો રસ છે આત્માનો. આહા..હા..! તો આવું ભાન થતાં આત્માનો સ્વાદ આવે એનું નામ સમકિત છે એમ કહે છે. કહો, જેઠાભાઈ! આહા..હા..!

આત્મા જાણ્યો ક્યારે કહેવાય? એ આત્માના અંદરમાં અતીન્દ્રિય આનંદ અનંતગુણ માયલો આનંદ છે. એનું મુખ્યપણું તો એ છે. દુનિયા સુખના સ્વાદ માટે ભટકે છે. સમજાણું કાંઈ? આહા..હા..! મજા પડે. અહીં થાય, આમ થાય. બાગ-બગીચામાં બેઠા હોય. પતરવેલીયા અને સાટા કઢેલા ઘીમાં તળ્યા હોય. .. પડ્યા હોય. બે-પાંચ-દસ જેવા .. જેવા મિત્રો બેઠા હોય. અને ચારેકોર આમ ફૂલઝાડ હોય. જરી અંધારું થાય તો આમ કરે ત્યાં બત્તીઓ થાય ફટ. ગાંડા તે પણ. ગાંડાના ગામ જુદા હશે કાંઈ? આહા..હા..! એમાં એ મજા માણે મૂઢ છો કહે છે ભાઈ! તારા આનંદના ઘનને તે વેરી નાખ્યો, તે હણી નાખ્યો. વેરવું જોઈએ, રાગ અને આત્માના સ્વભાવની વચ્ચે વેરણ કરવું જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..! ટૂંકા શબ્દમાં સત્યને પ્રસિદ્ધ કરવાની રીત. આહા..હા..! કોઈ એમ જ માની લે કે .. આ મને થાય માટે સમકિત થયું. આમ થાય માટે સમકિત થયું. મારી પાસે દેવ આવે માટે સમકિત થયું. પણ દેવ આવે શું? આ પોતે દેવ અનંતવાર થયો. એમાં છે શું પણ હવે? સમજાણું કાંઈ? આહા..હા..! કાં અંદરમાં પ્રકાશ ભળાય. એ તો જડ છે. પ્રકાશ તો જડ છે. આ તો ચૈતન્યના પ્રકાશમાં આનંદ પડ્યો છે. આહા..હા..! એ આનંદના વિજ્ઞાનના ઘનની પર્યાય પ્રગટ થતાં એમાં અતીન્દ્રિય આનંદ પણ ખીલીને ખીલે. આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવાય એમ કહે છે. આહા..હા..! એય..! આહા..હા..! ભારે વાત ભગવાન! એની વાતું પણ મોટી અને ભૂલ પણ મોટી મારાની. આહા..હા..!

'**તેથી તે જાણે છે કે અનાદિનિધન, નિરંતર સ્વાદમાં આવતો, સમસ્ત અન્ય રસથી વિલક્ષણ (ભિન્ન), અત્યંત મધુર...**' લ્યો! મધુર એટલે મીઠો હશે? આહા..! જેના મીઠાશની શું વાત કરવી? જગતમાં કોઈ એવી ચીજ જ નથી. એવો અત્યંત મીઠો, મધુર '**જે ચૈતન્યરસ તે જ એક જેનો રસ છે...**' એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ અને રસ એજ એનો એક રસ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એકવાર ... શરૂઆત ક્યાંથી કરવી

એની ખબર ન પડે. આ શું કહે છે? યશોવિજયે કહ્યું હતું એને. દિગંબરો મોટી-મોટી વાતું કરે, પણ શરૂઆત ક્યાંથી કરવી એની વાતું ન કરે. પણ આ શું કહ્યું આ? જ્ઞાનની આદિથી માંડીને. શરૂઆત તો ત્યાં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ. એના ઝુકાવથી જે આનંદનો સ્વાદ આવ્યો એ શરૂઆત છે. અને એને માટે રાગની મંદતા અને નિમિત્તની, પરકારકોની જેમાં અપેક્ષા છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવું વસ્તુનું સ્વરૂપ તો આ છે. ત્યારે એની દૃષ્ટિમાં આવે તો આમ આવે. આહા..હા..! કહો, જેઠાભાઈ! કેટલા વર્ષે આ ત્યાં સાંભળ્યું હશેને કોક દિ' આવું? નહિ? આહા..હા..!

પ્રભુ! તારી આખી મોટી વખાર પડી છે અતીન્દ્રિય આનંદની. થપ્પી પડી મોટી. મુંબઈમાં મોટા હોય છેને શું કહેવાય? ગોદામ. મોટા ગોદામ ૨૫-૨૫, ૩૦-૩૦, ૪૦-૪૦ એક-એક. થપ્પી હોં. ગુણીની. એ બધા ચડાવનારા ગુણી આમ એક રાખે, બે રાખે, ત્રણ રાખે, ચાર. એમ કરતાં... કરતાં... કરતાં... કરતાં... પચાસ સુધી માથે આમ છેક લઈ જાય. પછી ત્યાંથી ... પાછા નીચે ઉતરે. મજુર. બધું જોયું છે. આહા..હા..! .. લઈ જાય હવે .. આવે કાંઈ? .. ગણ્યું હોયને એક, બે, ત્રણ. આમાં તો ચડાવી પડે નહિ એવી થપ્પીઓ પડી જ છે કહે છે. આહા..હા..! જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત શક્તિની થપ્પી પડી છે. એવું મોટું ગોદામ છે આત્મા. એય..! સુજાનમલજી! લબાલબ છે. આહા..હા..!

કહે છે કે '**અત્યંત મધુર જે ચૈતન્યરસ...**' આહા..હા..! '**एवं खलु जो जाणदि सो मुंचदि सव्वकत्तितं**।' એની વ્યાખ્યા છે આ. સમજાણું કાંઈ? બીજા જાણપણા હોય, ન હોય એની સાથે કાંઈ સંબંધ નથી. ધારણા પણ ન રહેતી હોય હોં. આહા..હા..! ઓલા મુનિને. શિવભૂતિ. મા રુષ અને તુષ મા એ પણ યાદ ન રહ્યું. મારુષ-માતુષ. પણ રાગ-દ્વેષ ન કરવો અને વીતરાગપણું કરવું એ ભાવ ભાન હતું. આહા..હા..! મારુષ ગુરુએ કહ્યું મારુષ. કોઈ ઉપર રોષ ન કરવો. માતુષ-સંતોષ લાવવો અને રાજીપો... કહે. એ નિર્વિકારપણે રહેવું એમ. પણ એ શબ્દો યાદ ન રહ્યા લ્યો. એમાં એક બાઈ અડદની દાળ પલાળેલી ફોતરાવાળી. પલાળી રાખેને સવારે આ કરવું માટે પલાળી રાખે ફોતરાવાળી. કાઢી નાખે. કાઢતી હતી એમાં એક બાઈ. એક બાઈએ પૂછ્યું બીજી બાઈને. કહે શું બહેન કરો છો? કે આ માષ અને તુષ જુદા પાડીએ છીએ. માષ એટલે અડદ અને ફોતરા. એટલું જ્યાં સાંભળ્યું. ભાન તો હતું અંદર. રાગનું ફોતરું વિકલ્પનું અને ભગવાન આ. એ ચડી ગયા અંતર આત્મામાં. એ અંતર્મુહૂર્તે કેવળ. આહા..હા..! મારુષ અને તુષ. શિવભૂતિ.

મુમુક્ષુ :- તુષમા...

ઉત્તર :- હા. એ. અને શાસ્ત્રજ્ઞાન બહુ હોય તો જ આવું ભાન થાય એવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ આ રાગ અને સ્વભાવની ભિન્નતા કરીને જે જ્ઞાન કર્યું. એને ભગવાનનું

જ્ઞાન અને આનંદના સ્વાદનું જ્ઞાન કહે છે. આહા..હા..! ઓલામાં આવે છે. મહારાજ! એમ .. છ કાયની દયા પાળવી અને આ બધું ઘણું ચલાવ્યું હોં! પણ આપ કાંઈક સમકિતનું તો કહો. એમ આવે છે. છ કાયની દયા પાળો, આ કરો ને તે કરો. બહુ ઘણીવાર અમે સાંભળ્યું. પણ આ તો આ માંડે છે સમકિતની વાત. જ્યાં સાંભળવા જાય તો માંડે બીજી વાત. એ કહે છે. પણ તું કોણ છો આનંદનો નાથ. આ રાગની આડમાં છુપાવીને બેઠો તને શરમ નથી થતી? કહે છે. આહા..હા..! એ રાગના પ્રેમમાં તારો ભગવાનનો પ્રેમ છૂટી ગયો તને. આહા..હા..!

કહે છે **'અત્યંત મધુર જે ચૈતન્યરસ તે જ એક જેનો રસ છે...'** આત્માનો. અતીન્દ્રિય આનંદનો રસ તે જ એક આત્માનો આનંદ છે. આહા..હા..! **'એવો આ આત્મા છે...'** એવો આ આત્મા છે. **'અને કષાયો તેનાથી ભિન્ન રસવાળા...'** એ કષાય શબ્દે શુભ અને અશુભ રાગ.

મુમુક્ષુ :- મિથ્યાત્વસહિત

ઉત્તર :- બધાય. આહા..હા..! **'ભિન્ન રસવાળા...'** અહીં તો સમકિત છેને એટલે પછી મિથ્યાત્વ લઈ લીધું. હવે અહીં તો ભિન્ન રસવાળો કષાયનો સ્વાદ. સમજાણું કાંઈ? .. પુણ્ય-પાપના .. છે. એનો સ્વાદ. **'કષાયો તેનાથી ભિન્ન રસવાળા છે;...'** આ આત્મા છે અને પુણ્ય-પાપના વિકલ્પનો રસ આ આત્માના સ્વાદથી ભિન્ન છે. સમજાણું કાંઈ? ભારે ધર્મ કથા! ... આવ્યો, રાવણ માર્યો, ... કૃષ્ણે માર્યા જરાસંઘને. ... એવી વાત આવે તો એ કાલે આવશે જરાસંઘને મારશે. આ .. આમ મૂકે. એ કાલે આ આવશે. કાલે મારશે (આવે) સાંભળવા. આવા ને આવા. એય..! ત્યાં બોટાદમાં એમ થાતું. અમારે .. હતાને. એક જણો આવે પહેલે દિવસે. ... આ શું કહેવાય? પહેલે દિ' જાવ .. ૭૦માં. .. મહારાજ! કહે છે આવોને. અરે..! બધી વિકથા છે કીધું. તારા ગુરુ હોય તો ગુરુ હોય તો એનો ગુરુનો .. છે નહિ. આહા..હા..! આ તો ૭૦ના આસો ...ની વાત છે. ... વાંચતા હતા. ..ભાઈ હમણા જોયું હતું. ..ભાઈ છે. ... એવું .. વાંચે. એમાં દુનિયાને રાજી કરવાની વાત છે. આત્માને વૈરાગ્ય થાય એ વાત નથી એમાં. આહા..હા..!

ઓલામાં તો લખ્યું નથી કળશટીકામાં? ભારત અને રામાયણ એ કથા મિથ્યા છે. ..લખ્યું છેને કળશટીકામાં. ઈ રાગની વાતું છે બધી. આજ આને જીત્યો, આજ ગયા, આણે આમ કર્યું. વીતરાગ સ્વભાવ સન્મુખ થઈને વીતરાગ એ કથા છે. સમજાણું કાંઈ? કળશમાં આવે છે. ... ... નહિ ગુરુદેવે ... .... અરે..! ભાઈ વાત તો એ છે. આ રામાયણ તો રામની માંડે એવી રામાયણ વાત છે આત્મારામની. આહા..હા..! એ કષાયો એટલે શુભ-અશુભભાવ. કે આ અશુભભાવ એકલા? એ શુભ અને અશુભભાવ બેય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો

ભાવ એ કષાયેલો મેલ છે. એ આત્માના સ્વાદથી ભિન્ન જાત છે. આહા..હા..! એમ ને એમ વાંચી જાય તો ... જરી ખુલે નહિ અને ખુલે તો ખબર પડે એને. કષાયો તેનાથી .. એ તો કષાય ક્યાં છે? એમ કહે છેને. ભગવાનની ભક્તિ ઉપર કષાય ક્યાં છે? ... અને તદ્‌ગુણ લબ્ધયે એમ આવે છે જુઓ, એના ગુણની લબ્ધિ માટે અમે એને વંદન કરીએ છીએ. આવે છે. એ શૈલી.. એમ નહિ. લબ્ધિનો અર્થ પ્રાપ્તિને માટે મારું લક્ષ અંદરમાં છે. પણ આ ભગવાનની ભક્તિનો રાગ છે એમાં મારું લક્ષ તો અહીં છે. આહા..હા..! એના અંતરના ગુણની પ્રાપ્તિમાં આ એક વિકલ્પ છે એ નિમિત્ત છે. માટે એ છે માટે આમ થાય છે એમ છે નહિ. આહા..હા..! ... કરે છે. વ્યવહારને કારણ કહ્યું છેને? વ્યવહાર તો થાય છે. કષાયને કારણ કહેવું અકષાય દૃષ્ટિને પ્રગટવામાં? નિમિત્ત આવું હોય છે એનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**(કષાયેલા-બેસ્વાદ)...**' બેસ્વાદ એટલે બે સ્વાદ આવતા હશે? બેખબરો એમ નથી કહેતા? બેખબરો છે આ. એટલે બે ખબર હશે? ખબર વિનાનો. આહા..હા..! બેસ્વાદ છે. ખરાબ છે આ. બે સ્વાદનો અર્થ ખરાબ ભાવ છે. આ કમળો થાય છેને કમળો. એના ઉપર એક દવા એવી હોય છે કે કૂતરાની વિષ્ટાની ગંધ કરતા પણ ખરાબ. એવી કોઈ દવા હોય છે લ્યો. ખરાબ, ગંધ મારે એટલી. આહા..હા..! કમળો થાયને કમળો સમજો છો? પીલીયા. એની દવા એવી હોય છે. એમ આ રાગની ગંધ બેસ્વાદ છે કહે છે. આહા..હા..! અહીં તો પંચ મહાવ્રતના પરિણામનો સ્વાદ બેસ્વાદ છે. ગજબ વાત છે. અને એ પંચ મહાવ્રતના પરિણામ એ ચારિત્ર. ધૂળેય ચારિત્ર નથી સાંભળને. તને ખબર નથી. આહા..હા..!

કહે છે એવો '**ભિન્ન રસવાળા (કષાયેલા-બેસ્વાદ) છે; તેમની સાથે જે એકપણાનો વિકલ્પ કરવો...**' આનંદસ્વરૂપ ભગવાન આત્માનો સ્વાદ અને રાગનો સ્વાદ બેને એક માનવા, એકપણાનો વિકલ્પ કરવો '**તે અજ્ઞાનથી છે;...**' એમ જ્ઞાની જાણે છે. આહા..હા..! '**આ રીતે પરને અને પોતાને ભિન્નપણે જાણે છે;...**' બેને ભેગું લેવું છેને એટલે ... પર એટલે રાગનો, પુણ્ય-પાપના વિકલ્પનો સ્વાદ અને પોતાનો ભિન્નપણે જાણે છે. '**તેથી અકૃત્રિમ (નિત્ય), એક જ્ઞાન જ હું છું...**' હું તો એક જ્ઞાનસ્વરૂપી જાણનાર-દેખનાર આનંદમય એ છું. '**પરંતુ કૃત્રિમ (અનિત્ય), અનેક જે ક્રોધાદિક...**' બેય આવ્યા એને. રાગ અને ઓલો જ્ઞેય. બેય એમાં ભેગા કરી નાખ્યા. ક્રોધાદિ તે હું નથી. એ પુણ્ય-પાપના વિકલ્પ તે હું નથી. આહા..હા..! '**એમ જાણતો થકો હું ક્રોધ છું ઈત્યાદિ આત્મવિકલ્પ જરા પણ કરતો નથી;...**' આહા..હા..! ધર્મી એને કહીએ કે રાગને (રાગરૂપે) જરાય પરિણમતો નથી એમ કહે છે અહીં તો. એમ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ- ૮, મંગળવાર, તા. ૧૪-૧૧-૧૯૭૨**
**ગાથા-૯૭, કળશ-૫૭-૫૮, પ્રવચન-૨૨૨**

થોડો ભાવાર્થ બાકી છે નહિ? ટીકા છે ટીકા. શું કહે છે? ધર્મી જીવ વીતરાગ પરિણતિને જ સ્વીકારે છે. ધર્મી જીવ શુભ-અશુભભાવને સ્વીકારતો નથી. સ્વીકારતો નથી એટલે પોતાપણે સ્વીકારતો નથી જાણવા તરીકે સ્વીકારે છે. છે એમ માને છે. મારા છે હું ધર્મી એવું ... ભાન (થતાં) પુણ્ય અને પાપના ભાવ એ મારા તરીકે સ્વીકારતો નથી. **'તેથી તે સદાય ઉદાસીન અવસ્થાવાળો થયો થકો...'** સદાય શુભ અને અશુભભાવથી પણ ભિન્ન પોતાના સ્વભાવમાં રહેતો થકો. **'માત્ર જાણ્યા જ કરે છે;...'** આહા..હા..! ચાહે તો શુભ કે અશુભ હો, ધર્મી તો એને જાણ્યા જ કરે છે. જાણવાના સ્થાનમાં એ છે. એ રાગના સ્થાનમાં નથી. **'તેથી નિર્વિકલ્પ,...'** આત્મા આનંદસ્વરૂપ નિર્વિકલ્પ **'અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન થયો થકો...'** પોતાના જ્ઞાન અને આનંદ સ્વભાવમાં એકત્વ થયો થકો. આ વસ્તુ છે. **'અત્યંત અકર્તા પ્રતિભાસે છે.'** ધર્મી જીવને રાગના પરિણામનો અકર્તા ભાસે છે. રાગના પરિણામ હોવા છતાં એને એ કર્તા ભાસતો નથી. ભારે ઝીણું!

**'ભાવાર્થ :- જે પરદ્રવ્યના અને પરદ્રવ્યના ભાવોના કર્તૃત્વને અજ્ઞાન જાણે તે પોતે કર્તા શા માટે બને? અજ્ઞાની રહેવું હોય તો પરદ્રવ્યનો કર્તા બને! માટે જ્ઞાન થયા પછી પરદ્રવ્યનું કર્તાપણું રહેતું નથી.'**

## શ્લોક-૫૭

(वसन्ततिलका)
अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी
ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः।
पीत्वा दधीक्षुमधुराम्लरसातिगृद्धया
गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालम्।।५७।।

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

શ્લોકાર્થ :- [किल] નિશ્ચયથી [स्वयं ज्ञानं भवन् अपि] સ્વયં જ્ઞાનસ્વરૂપ હોવા છતાં [अज्ञानतः तु] અજ્ઞાનને લીધે [यः] જે જીવ, [सतृणाभ्यवहारकारी] ઘાસ સાથે ભેળસેળ સુંદર આહારને ખાનારા હાથી આદિ તિર્યંચની માફક, [रज्यते] રાગ કરે છે (અર્થાત્ રાગનો અને પોતાનો ભેળસેળ સ્વાદ લે છે) [असौ] તે, [दधीक्षुमधुराम्लरसातिगृद्धया] દહીં-ખાંડના અર્થાત્ શિખંડના ખાટા-મીઠા રસની અતિ લોલુપતાથી [रसालम् पीत्वा] શિખંડને પીતાં છતાં [गां दुग्धम् दोग्धि इव नूनम्) પોતે ગાયના દૂધને પીએ છે એવું માનનારા પુરુષના જેવો છે.

ભાવાર્થ :- જેમ હાથીને ઘાસના અને સુંદર આહારના ભિન્ન સ્વાદનું ભાન નથી તેમ અજ્ઞાનીને પુદ્‌ગલકર્મના અને પોતાના ભિન્ન સ્વાદનું ભાન નથી; તેથી તે એકાકારપણે રાગાદિમાં વર્તે છે. જેમ શિખંડનો ગૃદ્ધી માણસ, સ્વાદભેદ નહિ પારખતાં, શિખંડના સ્વાદને માત્ર દૂધનો સ્વાદ જાણે તેમ અજ્ઞાની જીવ સ્વ-પરના ભેળસેળ સ્વાદને પોતાનો સ્વાદ જાણે છે. ૫૭.

---

## કળશ-૫૭ ઉપર પ્રવચન

કળશ હવે. ૫૭મો કળશ છે.

(वसन्ततिलका)

अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी
ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः।
पीत्वा दधीक्षुमधुराम्लरसातिगृद्धया
गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालम्।।५७।।

અર્થમાં છેને? ‘નિશ્ચયથી...’ ‘स्वयं ज्ञानं भवन् अपि’ ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. છે એટલે હૈ એમ સમજવું. સમજાણું કાંઈ? આત્મા તો જ્ઞાન સ્વરૂપ જ છે. એ પુણ્ય-પાપના ભાવ એમાં છે એ રાગ છે, વિકાર છે. શરીર અજીવ છે, આ તો માટી છે. કહે છે કે ખરેખર ‘સ્વયં જ્ઞાનસ્વરૂપ હોવા છતાં...’ ભગવાન આત્મા તો જ્ઞાન અને આનંદસ્વરૂપ. જ્ઞાનની પ્રધાનતાથી એમ લીધું છે કે જ્ઞાનનો અંશ વિકાસ બાહ્ય છે. અનાદિનો છે. એવું આખું જ્ઞાનસ્વરૂપ છે એ. જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે. એવો હોવા છતાં ‘અજ્ઞાનને લીધે...’

પોતાના સ્વરૂપના **'અજ્ઞાનને લીધે જે જીવ,...' 'सतृणाभ्यवहारकारी' 'ઘાસ સાથે ભેળસેળ સુંદર આહારને...'** એ સુંદરને નાખ્યું. સુંદર નાખ્યું છેને? અભિનો અર્થ સુંદર, અભિનો અર્થ ઉત્તમ. ટીકામાં ઉત્તમ.. લ્યો આ તો સંસ્કૃતના પ્રોફેસર છે. શબ્દો. કહે છે કે જેમ હાથી આદિ પશુ ઘાસ સાથે ભેળસેળ સુંદર આહાર. અનાજ અને ઘાસ બે એક કરીને પશુ ખાય છે. ઘાસ અને અનાજ. બેને એક માનીને પશુ ખાય છે.

મુમુક્ષુ :- એને બે ભેગા ખાય તો જ એને મજા આવે. એકલો લાડવો હોય તો મજા જ ન આવે.

ઉત્તર :- હા.

**'જે જીવ,...' 'रज्यते' 'તિર્યંચની માફક, રાગ કરે છે...'** આહા..હા..! **'(અર્થાત્ રાગનો અને પોતાનો ભેળસેળ સ્વાદ લે છે)...'** એમ નથી કહ્યું કે અશુભરાગનો સ્વાદ લે છે અને શુભને ભિન્ન પાડે છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ હોય એ રાગ છે. શુભરાગ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના અશુભરાગ છે. બેય રાગ છે. ધર્મ નથી. સમજાય છે કાંઈ? ક્યાં ગયા તમારા હિંમતભાઈ ક્યાં બેઠા છે? ત્યાં. ઠીક. ખબર પડેને .. શું સમજે છે. રાજેન્દ્રના દીકરા બેય. અનીલભાઈ છેને? એ કહેતો હતો. કહો, સમજાણું? આહા..હા..! પશુ અનાજ અને ઘાસ એકસરખા માનીને ખાય છે. એમ અજ્ઞાની મૂઢ જીવ અનાદિનો જે શુભ અને અશુભરાગ એ મારા છે એમ અનુભવે છે. એ મારો છે એમ અનુભવે છે. એ પશુ છે. આ મિથ્યાદષ્ટિ પશુ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કહો, ..ભાઈ! આ રળવાનો રાગ. પણ ઓલો રાગનો અનુભવ કરે છે એકલો. તો કહે રાગ સાથે ભગવાન આત્મા છે એની એને ખબર નથી. ચૈતન્યમૂર્તિ જ્ઞાનનો પુંજ આત્મા છે. તમારો રાગ શુભ હો કે અશુભ હો. એમાં કાંઈ એમ નથી કે ફલાણો રાગ. આહા..હા..! માટે ટીકામાં શબ્દ નાખ્યો. એટલે આમાં એણે નાખ્યું નહિ વિશેષ. આહા..હા..!

જ્ઞાનસ્વરૂપી ભગવાન એને ભૂલીને એ અનાદિથી અજ્ઞાની શુભ અને અશુભરાગનો જ અનુભવ કરે છે. શુભ-અશુભરાગનો કર્તા થાય છે અને શુભ-અશુભ રાગનો ભોક્તા થાય છે. આહા..હા..! એને અહીંયાં મિથ્યાદષ્ટિ કહે છે. પરનો તો કર્તા-ભોક્તા થઈ શકતો નથી. શરીરાદિ પર એ તો જડ છે. એને શું કરે? શું ભોગવે? પરને લક્ષે થનારો શુભ-અશુભ રાગ એ રાગને અનુભવે છે પશુની જેમ કહે છે. આહા..હા..! ગજબ વાત છે. ચાહે તો દિગંબર સાધુ હોય નગ્નમુનિ. પણ અઠ્યાવીશ મૂળગુણ છે, પંચ મહાવ્રત છે એ બધો રાગ છે. તો એ રાગનો અનુભવ મિથ્યાદષ્ટિને છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહારથી તો નગ્ન હોય, દિગંબર હોય, અઠ્યાવીશ મુળગુણ જે સાધુના છે એ ... એ બધો રાગ, વિકલ્પ છે. એનાથી ભિન્ન ભગવાન આત્મા છે, આનંદમય એની તો ખબર નથી. કહો,

સમજાય છે કાંઈ? આહા..હા..! મોટા રાજા બાદશાહ કહેવાતા હોય. ખાં કહેવાતા હોય બુદ્ધિના. કહે છે કે અંદરમાં જે વિકલ્પ ઉઠે છે પુણ્ય અને પાપ. આહા..હા..! એ લાગણી શુભ અને અશુભ રાગ. એને વેદે છે મારો જાણીને. એ હાથીની કે પશુની જેમ અનાજ અને ઘાસને ભેગા ખાય છે એવો એ જીવ છે. આહા..હા..! ભારે પણ. સમજાય છે કાંઈ? એવો જીવ એટલે ઐસા જીવ. એ ગુજરાતી ભાષા થોડી-થોડી આવે છે. આહા..હા..!

'रज्यते' '(**અર્થાત્ રાગનો અને પોતાનો ભેળસેલ સ્વાદ લે છે)...**' ભેળસેળનો અર્થ? એકલો જ્ઞાનનો સ્વાદ લેવો જોઈએ એને છોડીને રાગનો સ્વાદ લે છે એનું નામ ભેળસેળ. થોડો આનંદનો સ્વાદ લે છે અને થોડો રાગ છે. એમ નથી. આહા..હા..! ભારે કઠણ!

મુમુક્ષુ :- ... લાભ સુખ છે.

ઉત્તર :- ધૂળમાંય નથી સુખ ક્યાંય. આહા..હા..! સુખ હશેને આ તમારા આટલા બધા પગારમાં લ્યોને મોટી નોકરી મળે. હો..હા... હો..હા... પણ ઓલો દાખલો એક આપ્યો છે. કે ઓલા શંકરાચાર્ય હતાને. શંકરાચાર્યને ઓલો કેવો બીજો બાદશાહ? બાજીરાવ પેશવા. બાજીરાવ પેશવા પગ ધોવેને. પગ ધોતા બાજીરાવને એમ થયું. બાજીરાવ પેશવા છે રાજા. તમારે નહિ મહારાષ્ટ્રના. હા પુના. બાજીરાવ પેશવા. તો શંકરાચાર્ય ગયા તો એના પગ ધોતા હતા. પગ ધોતા-ધોતા શંકરાચાર્ય બાજીરાવને આમ.. ઓહો..હો..! બાજીરાવ પેશવા જેના પગ ધોવે એ કેટલા સુખી હશે આત્મા! પછી તમારો દાખલો આપ્યો હતો હોં. બાપુજીના પગ દાબો કેટલું સુખ થાય. ... ઓલો કહે છે શંકરાચાર્ય અરે..! બાજીરાવ! અમે શાસ્ત્રના રહસ્યમય કોઈ શબ્દ હોય એનો ઉકેલ જ્યારે મળેને એમાં જ્યારે મને મજા આવે છે એવી મજા તારા પગ ધોવામાં નથી આવતી. સમજાણું કે નહિ? આ એક આઠ-આઠ હજારનો પગારવાળો છોકરો આવીને ત્યાં છોકરો બેસે. એક પગ આ દાબે અને એક આ પગ દાબે.

મુમુક્ષુ :- પગ કોના?

ઉત્તર :- પગ ભલે હોય જડના પણ. આહા..હા..! અહીં તો કહે છે, પ્રભુ! આહા..હા..! ભારે વાત હોં!

**अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी**
**ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः।**

ઓહો..! ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપી ત્રિકાળ હોવા છતાં એ રાગમાં 'रज्यते' રાગમાં રંગાય છે. આહા..હા..! સૂક્ષ્મ રાગ. દયા, દાન, વ્રત, ભક્તિ એ બધો રાગ છે. આહા..હા..! એ રાગમાં રંજાઈ જાય છે એ પશુ જેવો, ઢોર જેવો છે એમ કહે છે અહીં તો. આહા..હા..! કહો, ..ભાઈ! બહુ ઝીણું હોં. ઓલા પૈસાવાળા સુખી હશે એ બધા રાગના સ્વાદિયા છે. ઝેરના સ્વાદિયા છે આમ તો.

મુમુક્ષુ :- સાકર જેવું લાગેને એમ કહે છે.

ઉત્તર :- સાકર કેવા? ધૂળમાં સાકર. લીંડા ઉપર સાકર ચોપડી હોય ઓલા ઘોડાના. આહા..હા..! અમારે એક ફેરી થયું હતું. એને પૈસા જોતા હતા... સાકર લાવીને બે-પાંચ રૂપિયા, દસ રૂપિયા જોતા હતા ભારાના. ... એ તો બીજી પાછી.. કોલસાની ભુકી કરી. ... પૈસા જોતા હતા .. ન મળે. તો ..પાંચ પડીકા બનાવી. માથાના દુઃખાવા મટવા માટેની પડીકી. કોકનું .. માંડ્યું હતું. કોકનું બહું ઠંડુ લાગ્યું ઠીક લાગ્યું હોય. છે સારું. પાંચ-સાત રૂપિયા આવ્યા. હતી તો કોલસાની ભુકી કહે. ૯૦માં મરી ગયા. પોરબંદર. અની-અની. અનીલાલ. અનીલાલ છે. આહા..હા..! એમ આ પુણ્યના પરિણામ કોલસાની ભૂકી છે. એનો સ્વાદ અજ્ઞાની કહે છે કે પશુની પેઠે જે સ્વાદ. આહા..હા..! સમજાય છે કાંઈ?

જ્ઞાનસ્વરૂપી હોવા છતાં. '**सतृणाभ्यवहारकारी**' એની પેઠે રાગ કરે છે. આ રાગમાં શુભ અને અશુભ બેય આવે છે. બરાબર છે? શુભ અને અશુભ બેય. એ બેય અશુભ છે. સમજાણું કાંઈ? કળશટીકામાં આવે છેને? અશુભ. હવે ઓલાને વાંધો ઉઠે છે. .. શુભ છે એ તો નિશ્ચય મોક્ષમાર્ગ. પોતાના દ્રવ્ય(નો) આશ્રય નિશ્ચય નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર એનું નામ જ શુભ છે. અને મહાવ્રતાદિના પરિણામ એનું નામ અશુભ છે. એવી વાત છે. જોયું છે કે નહિ? એને બતાવ્યું કે નહિ? આવ્યું નથી? એમાં છે. એ તો આપણે તો છે. પણ આ તો ઓલા અર્થ કરે છેને ખોટો જરી. આ ખુલાસો આમાં છે એટલું બતાવવા.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગને શુભ કહ્યો છેને.

ઉત્તર :- હા એ. આ રહ્યું. વાંચો. પંડિતજી! સંસ્કૃત છેને તમારે? જુઓ, ... એ શુભ છે. આનંદસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ એનો અનુભવ કરવો એનું નામ શુભ છે. અને પુણ્ય-પાપ બેનો અનુભવ કરવો એનું નામ અશુભ છે. સમજાણું કાંઈ? આ તો ઓલા કહેને શુભ ત્યાં છે. .. આમ છે ને ઢીંકણું છે. અમે તો આજ જોયું હોં કે શું કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- .. ભેદ કરે છે.

ઉત્તર :- આ .. એ. અધ્યાત્મ તરંગિણી છેને. આ તો અહીં શબ્દ.. એમાં ... કાઢ્યો. કે જ્ઞાનસ્વભાવ હોવા છતાં. ભાઈ! એમાં કાઢ્યું. આપણે એમાં એ .. છેને જુઓ, '**જ્ઞાનસ્વરૂપ હોવા છતાં અજ્ઞાનને લીધે જે જીવ,...**' '**તિર્યંચની માફક, રાગ કરે છે...**' બસ, ખલાસ થઈ ગયું. શુભ-અશુભ રાગ કરે છે એ અશુભ છે. અને જ્ઞાનનો અનુભવ એ શુભ છે. સમજાય છે કાંઈ? જે શુદ્ધ છે એને શુભ કહ્યો છે.

મુમુક્ષુ :- એટલે નિશ્ચય એ જ શું?

ઉત્તર :- હા, એ જ શુભ છે. ધૂળમાં તારા પુણ્ય-પાપના ક્યા પરિણામ છે? આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ શ્લોક જ બોલે છે એમ કહે છે હોં. એમાંથી કાઢ્યું છે એ

બરાબર કાઢ્યું છે. 'रज्यते' છેને? રાગમાં 'रज्यते' એ અશુભભાવ છે બેય. આખો અશુભભાવ છે. આહા..હા..! સુંદર. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! આવેશમાં આવી, વેગમાં આવી અને પોતાના નિજ જ્ઞાનાનંદ સ્વરૂપને ભૂલી જાય છે. અને રાગમાં રંગાઈ જાય છે એને અશુભમાં રંગાયેલ એમ કહેવામાં આવે છે. આહા..હા..! ચાહે તો પંચ મહાવ્રતની પર્યાય, પાંચ મહાવ્રત એ પણ વિકલ્પ છે રાગ. પંચ મહાવ્રત રાગ છે, ભાઈ! આસ્રવ છેને? આસ્રવ છે. આહા..હા..!

મુમુક્ષુ :- આત્માને જાણ્યા વિના એમાં રંગાઈ એ તો અજ્ઞાની છે.

ઉત્તર :- અજ્ઞાની જ છે. અહીંયાં અજ્ઞાનીની વાત જ કરી છે. આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ છે એની દૃષ્ટિનું તો ભાન નથી, ખબર નથી, એકલા પંચ મહાવ્રત એ તો અશુભનું વેદન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? વીતરાગમાર્ગ છે આ તો ભાઈ! રાગમાત્ર અશુભ અને વીતરાગમાર્ગ તે શુભ બસ અહીં તો એ વાત છે. આહા..હા..! ટીકાકાર છેને. અમૃતચંદ્રાચાર્યે ત્યાં નાખ્યું. આ ટીકાકારે અહીં નાખ્યું છે. આહા..હા..! .. મોક્ષમાર્ગ છે. ત્યાં તો જીવ આશ્રીત છે ત્યાં એમ કહ્યું છે. જીવ આશ્રીત .. ક્યાંથી આવ્યો? પારશ્રય અશુભ છે, સ્વ આશ્રય શુભ છે. અખંડાનંદ પ્રભુ જ્ઞાયકભાવથી પૂર્ણ ભરેલો પ્રભુ આત્મા એના આશ્રયે જે પર્યાય ઉત્પન્ન થઈ એને અહીંયાં પરમાત્મા શુભ કહે છે. સંવર-નિર્જરાની પર્યાયને શુભ કહે છે. લ્યો બીજી રીતે કહીએ તો. સમજાણું કાંઈ? પુણ્ય અને પાપના બે ભાવ બેય અશુભ. એમાં એમ છે ભાઈ! અત્યારે તો બધી ગડબડ ચાલે છે. પંચ મહાવ્રત પાળો, ત્યાગ કર્યો મુનિ થયા. થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી સાંભળને. નગ્ન થયો અઠ્યાવીશ મૂળગુણ પાળે તોપણ અશુભ છે, એ તો પાપ છે. કહો, વીતરાગ માર્ગ છે આહા..હા..!

**'જ્ઞાનસ્વરૂપ હોવા છતાં...'** એનો અર્થ શું? કે 'रज्यते' રાગમાં રંગાયેલ છે તે જ પાપી છે. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા એમાં રંગાયેલ જેનો ભાવ. જ્ઞાનમાં એકાગ્રતાના સ્વભાવનો ભાવ એને જ શુભ કહેવામાં આવે છે. કે જેને મોક્ષમાર્ગ નિશ્ચય કહે. નિશ્ચય મોક્ષમાર્ગ છે એ જ શુભ છે. અને વ્યવહાર મોક્ષમાર્ગ એ અશુભ છે.

મુમુક્ષુ :- પૂજા, ભક્તિ બધું...

ઉત્તર :- ... ત્યાં અનિત્યનું છે. ... શબ્દ પડ્યો છેને. ત્યાં એવો અર્થ કર્યો છે. આહા..હા..! શાસ્ત્ર પોકાર કરે છેને ચોખ્ખે શબ્દે. આમાં ક્યાં ગુપ્ત રાખ્યું છે? કુંદકુંદાચાર્ય મહારાજ. આહા..હા..! મહાસંત ભગવંત પાસે ગયા હતા. સીમંધર પરમાત્મા પાસે આઠ દિન રહ્યા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. દિગંબર મુનિ. જેની અંતર દશા પોકાર કરે છે જુઓને. કે રાગનો અનુભવ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. ચાહે તો પંચમહાવ્રતના વિકલ્પનો અનુભવ એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! જ્ઞાનનો અનુભવ ભગવાન આત્મા આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ. એની

અંતરદૃષ્ટિ કરીને એનું વેદન કરવું એનું નામ શુભ, એનું નામ મોક્ષમાર્ગ. એનું નામ ધર્મ. આહા..! ધર્મની પર્યાયને અહીંયાં શુભ કહેવામાં આવે છે. અને અશુભ પુણ્ય-પાપનો ભાવ જે અધર્મ છે એને અશુભ કહેવામાં આવ્યો છે. આહા..હા..! આ તો ઓલા આપણે તમે લખ્યું હતુંને ભાઈ .. પંડિતજીએ. આ ટીકાકાર એમ કહે છે. આમાં તો બીજો કોઈ અર્થ આવ્યો છે. આમાં કાંઈ ખ્યાલ નથી.

વસ્તુ જે છે ત્યાં પ્રભુ પોતે ચૈતન્ય આનંદ. એને છોડીને બહાર જાય એવી વસ્તુ જ નથી. આહા..હા..! આવી શૈલી તો વીતરાગમાર્ગમાં હોય હોં. આહા..હા..! સર્વજ્ઞ વીતરાગ એ સંતો દિગંબર મુનિઓએ આ કથની કરી છે. ભાઈ! ત્યારે કહે છે કે લ્યો એ કુંદકુંદાચાર્યે પંચ મહાવ્રત પાળ્યા હતા. અરે! ભગવાન! પાળ્યા નહોતા. હતા એને જાણ્યા છે. એ રાગ અહીં શું કહે છે. એમાં '**रज्यते**' એ તો મૂઢ છે. આહા..હા..! અરે..! એને સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ એ વીતરાગભાવમાં ધર્મ કહે છે. રાગભાવમાં ધર્મ કહેતા નથી. આહા..હા..! એવી વાત છે. કથન કરે. સાધુને પણ ખબર ન મળે. નગ્ન થયા તો આ મારી ક્રિયા, પંચ મહાવ્રત અને આ અમારો ધર્મ છે. ધૂળેય ધર્મ નથી. એ તો રાગ છે. કહો, સમજાય છે કાંઈ? પહેલું વહેલું આકરું આવ્યું તમારે. સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓને ચોખ્ખી ભાષા છે એમાં તો. '**अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः।**' ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ. એમ હોવા છતાં પણ રાગમાં રંજાઈ છે એ પુણ્ય-પાપના ભાવમાં રંગ છે એ ચીજનો એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ચાહે તો દિગંબર સાધુ હોય, અઠ્યાવીશ મૂળગુણ પાળતા હોય, પણ રાગમાં જ ધર્મ માને છે અને રાગ એ આસ્રવ છે. એમાં વેદન કરે એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**તે,...**' '**दधीक्षुमधुराम्लरसातिगृद्धया**' '**દહીં-ખાંડના અર્થાત્ શિખંડના ખાટા-મીઠા રસની...**' જેમ. એ શિખંડ હોય છેને શિખંડ. શું કહે છે? શિખંડ નહિ? દહીં અને સાકર મેળવીને કરે. શિખંડ કહે છે? શિખંડ. એ શિખંડ કહે છે? શિખંડ. ... શિખંડનો અર્થ ખંડ ઓલો ખંડ થઈ ગયો હશે એ. અમારા .. સમજાય એવું બોલે. એવું પહેલેથી છે હોં! .. સમજ્યા પહેલા ૬૮માં વૈશાખ ... અર્થ કરતા જાવ તો સમજાશે નહિતર પકડાશે નહિ ઝટ. ભગવાનની સ્તુતિમાં ભાઈ આવે છેને. સ્થાનકવાસીમાં પહેલી વિહરમાનની સ્તુતિ. ... ૬૮માં વૈશાખ. પાલેજથી આવ્યા. મને કહે જુઓ, ... શું છે એ અમારે જાણવું છે. ... શબ્દ યાદ નહિ રહે. ... એવું આવે છે. સાધુ-સંતો સુધર્મસ્વામીને પૂછતા હતા. ભગવાને ધર્મ શું કહ્યો સંભળાવશો આહા..હા..! આ ભગવાને ધર્મ કહ્યો. ગંધ પણ કે દિ' હતી એ વાતની. ત્યાં તો આ પાંચ મહાવ્રત પાળીને આપણે આચરણ કરીએ. બસ એ ધર્મ. અહીંયાં તો કહે છે

કે એ તો અધર્મ છે. પંચ મહાવ્રતના પરિણામ એ રાગ છે અને રાગ એ અશુભ છે અને અશુભ એ અધર્મ છે. એવી વાત છે. આહા..હા..! દિગંબર સંતોની કથની એવી છે કડક. સમજાણું કાંઈ?

**'દહીં-ખાંડના અર્થાત્ શિખંડના ખાટા-મીઠા રસની...'** જેમ. શું કહ્યું છે? કે શિખંડનો અતિ લોલુપી છેને? તો લોલુપીને એને ખબર નથી પડતી કે આ ખાટો શું અને મીઠો શું? ભાઈએ દાખલો આપ્યો છેને ભાઈ! સમયસાર નાટક. દારૂનો. એમ કે દારૂ પીધો છે. દારૂ સમજો છો? દારૂ પીધો છે એ શિખંડ ખાય તો એને ગાયના દૂધ જેવું લાગે. દારૂ છેને દારૂ? દારૂનો નશો છે. તો શિખંડ ખાય છે તો ગાયનું દૂધ પીતો હોય એવું લાગે. આહા..હા..! ગાય સમજ્યા? ગૌઆ. .. એવા મૂઢ જીવને. આહા..હા..!

**'શિખંડને પીતાં છતાં...'** જુઓ, **'પોતે ગાયના દૂધને પીએ છે એવું માનનાર પુરુષના જેવો છે.'** આહા..હા..! એમ પુણ્ય અને પાપના ભાવ છે તો અજ્ઞાન, પણ એને સેવીને એમ માને છે કે હું ધર્મ સેવું છું. સમજાણું કાંઈ? કઠણ વાત છે, ભાઈ! સર્વજ્ઞ વીતરાગ હિતોપદેશી. હિતનો ઉપદેશ કરનારા. પણ હિત તો આ છે. સમજાણું કાંઈ? ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ જ્ઞાનાનંદનો સરોવર દરિયો ભર્યો છે. એમાં એકાગ્ર થઈને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો અને જ્ઞાનની પર્યાય નિર્મળ એની સાથે પ્રગટ થવી એનું નામ ધર્મ છે. આહા..હા..! એનું નામ શુભ છે. એનું નામ સારું છે સારું. શુભ એટલે સારું. બીજાનું નામ ભૂંડું. આહા..હા..! એ હીત છે અને ઓલું અહીત. આહા..હા..!

અરે..! એને ક્યાં જાવું છે ભાઈ! કોની સાથે તારે રઝડવું છે? ભગવાન પડ્યો છેને અંદર ભંડાર તારો. આનંદ અને શાંતિનો તો ભંડાર તારો છે, ભાઈ! એ તરફની તો તને દૃષ્ટિ, રુચિ નથી અને બહારની રુચિમાં મંથન-મંથન. આહા..હા..! પશુની ઉપમા આપી અહીંયાં તો. ઢોરની જેમ. આહા..હા..! .. છેને એમ કહે છે. વિવેક શું? રાગના પરિણામ અને ભગવાન આત્માના સ્વભાવનું પરિણામ એ બેય ચીજ ભિન્ન છે. આહા..હા..! અનાજ અને ઘાસ બે ચીજ ભિન્ન છે. અનાજ અને ઘાસ એક નથી. એમ ભગવાન આત્મા પોતાના સ્વભાવ સન્મુખ થઈને જે નિર્મળ પરિણામ થાય છે. અને રાગ પરસન્મુખ બેય ચીજ ભિન્ન છે. આહા..હા..! કોલ્હાપુરમાં અત્યારે શિબિર ચાલે છેને. ભાઈ ત્યાં છે નહિ? ... પૂરી થઈ ગઈ? એ કોલ્હાપુર છેને ભાઈ! કોલ્હાપુર. ત્યાં શિક્ષણ શિબિર ચાલે છે એની. ..ભટ્ટારક છેને? એણે કોઈ અનુમોદન કર્યું છે ત્યાં ગયા છે. બે-ત્રણ પંડિત. આહા..હા..!

કહે છે દહીં ખાંડનો સ્વાદ, ખાટા-મીઠા રસની લોલુપતા ત્યાં દુઃખ છે. પછી એનો દાખલો આપ્યો છે. દારૂના પીધેલાના શિખંડનો ખાટા-મીઠાનો વિવેક નથી એમ. દૂધ મોળું લાગે એમ કહે છે. એમ અજ્ઞાનીને... આહા..હા..! રાગ અને સ્વભાવની ભિન્નતાનો વિવેક

નથી. એ રાગને અનુભવતા આત્માને અનુભવું છું એમ એને લાગે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ બધા પૈસાવાળા હશે તો સુખી કહેવાતા હશે કે નહિ? લાલજીભાઈ! કહેવાયને સુખીને. મુંબઈમાં વેપાર એટલો .. મજુરી કરવી છેને. ... નો ધંધો કરે. એ બધા રાગથી દુઃખી છે. સુખ ક્યાં ત્યાં હતું? સુખ તો આત્મામાં છે. હવે આત્મા તરફ તો દૃષ્ટિ નથી. સમજાણું કાંઈ? એય..! કાળીદાસભાઈ!

મુમુક્ષુ :- .. સુખ છે.

ઉત્તર :- એ કહેવામાત્રનું સુખ છે. વ્યવહારનયનું એટલે કહેવામાત્ર. આહા..હા..! કહેવામાત્ર. કાનો-માત્ર. અમારો મામો ત્યાં. મુસલમાન અમારી જોડે રહેતા ગરની. ગીગામામા કહેતા. કીધું ત્યાં ...ભરી જાય અહીં. અને એની વહુને માસી કહેતા. ઉમરાળાનું .. ખરુંને. સતબાઈને માસી કહેતા અને ઓલા ગીરધરમામા. માસી અને મામા બેય ભાઈ બહેન કહેવાય. એ પણ કાંઈ મોસાળું કરતા હશે? અરે..! પાઈ-પાઈનો.. આ લેવા ગયા તો કહે લાવો પૈસા. તે દિ' પાઈ-પાઈ.. એ નીકળે છે નહિ? .. નીકળતું. ... કેટલી પાઈ નીકળી? અઢાર રૂપિયાની. સારી નીકળી હતી. પાઈ-પાઈનો ધંધો. કોળી લેવા આવેને ત્યાં એક પાઈમાં તો અડધી પાઈનું મરચું અને અડધી પાઈનો ગોળ. એ તો અત્યારે તમારા મને ખબર છેને. ... નજીક. જમીન લઈ લીધી. ઓલો કૂવો છેને કૂવો. અત્યારે એ નહિ. એક પાઈ આવે કોળી બીચારા લેવા. અડધી પાઈનું મરચું, અડધી પાઈનો ગોળ. કે અડધી પાઈનું તેલ. અડધી પાઈનું મરચું અને તેલ. એ .. પૈસાની અઢાર રૂપિયાની પાઈ નીકળી. આહા..હા..! તે પણ કાંઈ માસી આપી દે? પેલું આપે ત્યારે પૈસા આપે એ. એમ ને એમ પૈસા આપતા નહોતા.

અહીં કહે છે '**શિખંડને પીતાં છતાં પોતે ગાયના દૂધને પીએ છે એવું માનનાર પુરુષના જેવો છે.**' આહા..હા..! દારૂ પીધેલો છે એમ કહે છે. આહા..હા..! એ રાગનો વિકલ્પ છે પુણ્ય-પાપનો એને પ્રેમથી વેદે છે. મિથ્યાત્વના દારૂ પીધેલા છે. આહા..હા..! મિથ્યા શ્રદ્ધારૂપી દારૂ પીધો છે એણે. ગજબ સંતોની વાણી. આઠ કર્મ ... ભગવાન કહે કે અમારા પ્રત્યેની ભક્તિનો રાગ, અમારે પ્રત્યે ભક્તિનો રાગ એ અશુભ છે. આહા..હા..! એ તો વીતરાગ સંતો અને વીતરાગ કહે હોં. અજ્ઞાનીના ગજા નહિ ત્યાં. ઉભા ન રહી શકે. અરરર..! આહા..હા..! ભાગેલા જ પડ્યા છે. ક્યાં જાવું છે સાંભળને. તત્ત્વની તો શું ચીજ છે એની તો ખબર નથી. આહા..હા..! અહીં તો આત્મા આનંદ અને જ્ઞાનનો પુંજ પ્રભુ, એની દૃષ્ટિ કરીને જે એકાગ્ર થાય છે એને આનંદ અને મોક્ષનો માર્ગ પ્રગટ થયો. એનું નામ ધર્મ. એ સિવાય જેટલો વિકલ્પ ઉઠે છે બહિર્લક્ષે. ચાહે શુભ હો કે ચાહે તો અશુભ હોય. માર્ગ એવો છે. સર્વજ્ઞ તીર્થંકરદેવ ત્રિલોકનાથ વીતરાગ પરમાત્મા એનો માર્ગ આ છે. રાગથી ધર્મ મનાવવો કુમાર્ગ છે, જૈનમાર્ગ નહિ એ. આહા..હા..! ૫૭માં જુઓને લીધું છે.

**'ભાવાર્થ :- જેમ હાથીને ઘાસના અને સુંદર આહારના ભિન્ન સ્વાદનું...'** એ અહીં તો અભિ નો જ સુંદર કર્યો એને. **'આહારના ભિન્ન સ્વાદનું ભાન નથી તેમ અજ્ઞાનીને પુદ્‌ગલકર્મના અને પોતાના ભિન્ન સ્વાદનું ભાન નથી;...'** આહા..હા..! એ પુણ્ય-પાપનો ભાવ તો પુદ્‌ગલ કર્મનો રસ છે. આહા..હા..! શુભ-અશુભભાવ તો જડનો રસ છે એમ કહે છે. પોતાનો નહિ. આહા..હા..! **'તેથી તે એકાકારપણે રાગાદિમાં વર્તે છે.'** એક જ સ્વરૂપે એકાકાર. એક જ રૂપમાં. રાગ અને પુણ્ય-પાપમાં વર્તે છે. **'જેમ શિખંડનો ગૃદ્ધિ માણસ, સ્વાદભેદ નહિ પારખતાં,...'** ખાટા અને મીઠાંનો સ્વાદ એના ખ્યાલમાં નહિ આવતા **'શિખંડના સ્વાદને માત્ર દૂધનો સ્વાદ જાણે...'** આહા..હા..! **'તેમ અજ્ઞાની સ્વ-પરના ભેળસેળ સ્વાદને પોતાનો સ્વાદ જાણે છે.'** એ વાત કરી પહેલી. પુણ્યભાવ એ ષોડશકારણ ભાવ એ સમકિતીને ષોડશકારણ ભાવ હોય છે. તો જ્ઞાની એને આત્માનો સ્વાદ નથી જાણતા. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ રાગ છે. ધર્મથી બંધ થાય? બંધ થાય છે એ તો રાગથી થાય છે. આહા..હા..! એને રાગમાં રસ નથી એને રાગનો ભાવ તીર્થંકરગોત્રનો આવે છે. જેને રાગમાં રસ છે એ મિથ્યાદૃષ્ટિને એવો ભાવ થતો નથી. સમજાણું કાંઈ? **'અજ્ઞાની સ્વ-પરના ભેળસેળ સ્વાદને પોતાનો સ્વાદ જાણે છે.'**

## શ્લોક-૫૮

(शार्दूलविक्रीडित)

अज्ञानान्मृगतृष्णिकां जलधिया धावन्ति पातुं मृगा
अज्ञानात्तमसि द्रवन्ति भुजगाध्यासेन रज्जौ जनाः।
अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरङ्गाब्धिवत्
शुद्धज्ञानमया अपि स्वयममी कर्त्रीभवन्त्याकुलाः।।५८।।

**અજ્ઞાનથી જ જીવો કર્તા થાય છે એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:-**

શ્લોકાર્થ :- **[अज्ञानात्] અજ્ઞાનને લીધે [मृगतृष्णिकां जलधिया] મૃગજળમાં જળની બુદ્ધિ થવાથી [मृगाः पातुं धावन्ति] હરણો તેને પીવા દોડે છે; [अज्ञानात्] અજ્ઞાનને લીધે [तमसि रज्जो भुजगाध्यासेन) અંધકારમાં પડેલી દોરડીમાં સર્પનો અધ્યાસ થવાથી [जनाः द्रवन्ति] લોકો (ભયથી) ભાગી જાય છે; [च] અને (તેવી રીતે) (अज्ञानात्)**

અજ્ઞાનને લીધે (अमी) આ જીવો, [वातोत्तरङ्गब्धिवत्] પવનથી તરંગવાળા સમુદ્રની માફક [विकल्पचक्रकरणात्] વિકલ્પોના સમૂહ કરતા હોવાથી- [शुद्धज्ञानमयाः अपि] જોકે તેઓ શુદ્ધજ્ઞાનમય છે તોપણ- [आकुलाः] આકુળતા બનતા થતા [स्वयम्] પોતાની મેળે [कर्त्रीभवन्ति] કર્તા થાય છે.

ભાવાર્થ :- અજ્ઞાનથી શું શું નથી થતું? હરણો ઝાંઝવાંને જળ જાણી પીવા દોડે છે અને એ રીતે ખેદખિન્ન થાય છે. અંધારામાં પડેલા દોરડાને સર્પ માનીને માણસો ડરીને ભાગે છે. તેવી જ રીતે આ આત્મ, પવનથી ક્ષુબ્ધ થયેલા સમુદ્રની માફક, અજ્ઞાનને લીધે અનેક વિકલ્પો કરતો થકો ક્ષુબ્ધ થાય છે અને એ રીતે- જોકે પરમાર્થે તે શુદ્ધજ્ઞાનધન છે તોપણ-અજ્ઞાનથી કર્તા થાય છે. ૫૮.

## કળશ-૫૮ ઉપર પ્રવચન

'અજ્ઞાનથી જ જીવો કર્તા થાય છે એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :- ' ૫૮.

(शार्दूलविक्रीडित)

अज्ञानान्मृगतृष्णिकां जलधिया धावन्ति पातुं मृगा
अज्ञानात्तमसि द्रवन्ति भुजगाध्यासेन रज्जौ जनाः।
अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरङ्गाब्धिवत्
शुद्धज्ञानमया अपि स्वयममी कर्त्रीभवन्त्याकुलाः।।५८।।

લ્યો! ત્યાં પણ આવ્યું હોં. આહા..હા..!

'અજ્ઞાનને લીધે...' ભગવાન આનંદસ્વરૂપ એકલો જ્ઞાનનો પુંજ પ્રભુ એને ન જાણતા. આહા..હા..! 'મૃગજળમાં જળની બુદ્ધિ થવાથી...' મૃગજળ-મૃગજળ. એ વાડ હોય છેને વેળું. તો ત્યાં ખારી જમીન. સૂર્યના કિરણ પડવાથી પાણી જેવું દેખાય. મૃગજળ. 'મૃગજળમાં જળની બુદ્ધિ થવાથી હરણો તેને પીવા દોડે છે;...' એમ પુણ્યના પરિણામમાં આત્મા છે એવા દોડી હરણા જેવા. આહા..હા..! હરણ જેવા અજ્ઞાની. એ પુણ્ય પરિણામમાં આત્મા છે અને આત્માનો સ્વાદ છે અને આત્માને લાભ થાય છે એને જળની બુદ્ધિ, રાગમાં આત્માની બુદ્ધિ, મૃગજળમાં જળની બુદ્ધિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગ થાય છેને શુભરાગ. તો એમાં જળની બુદ્ધિ. જેમ અહીંયાં મૃગજળમાં જળની બુદ્ધિ. એ મૂર્ખ હરણ છે એમ

રાગથી કાંઈક મને લાભ થશે. રાગ પણ પ્રશસ્ત રાગ એ પણ મારી ચીજ છે. એવા પોતાના આત્માને રાગ માનીને. આહા..! હરણ જેવો વેગ કરે છે. હરણ વેગ કરે છેને પીવા માટે? એમ આ રાગને પીવામાં એમાં આત્મા છે એમાં લાભ થશે. આહા..હા..! ભારે કામ! રાગ તો દસમા ગુણસ્થાન સુધી હોય છે. હોય બીજી વાત છે. પણ એ ધર્મ નથી. સમજાણું કાંઈ?

આ ધર્મના બહાને પણ રાગ કરી અને વેગમાં ચડી જાય મારો. પોતાને હાથ ન રાખે આત્માને. હાથમા રાખે છે? પોતે જ્ઞાતા-દૃષ્ટા છે એમ નજરું ન કરતાં રાગના વેગે ચડ્યો એ રાગને જ આત્મા માનતો અને રાગને જ લાભ માનતો. આહા..હા..! જે કોઈ રાગમાં લાભ માને એ આત્મા રાગને જ આત્મા માન્યો છે એણે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો ભારે ધર્મ ભાઈ! સૂયગડાંગમાં એક આવે છે. હરણ-હરણ. વેગે ચડ્યા હરણો. મૃગલા વેગે ચડ્યા. એને પ્રાણ.. પોકારે છે પાછળથી. અરે..! એનીકોર ન જાઓ... એનીકોર ન જાઓ.. એમ કહે છે. .. નારાયણ. રાડ પાડતો હોય એ માણસ ઉભો .. હોય. ..હતો. પાછળથી .. અરે..! એનીકોર ભાઈ! ... એનામાં શંકા કરે. એનામાં શંકા કરે. ... દેખાતા નથી ત્યાં દોડે જાય ત્યાં શંકા ન કરે. ... જ્યાં શંકા કરવા જેવી નથી ત્યાં શંકા કરે છે. જેમ રાગથી ધર્મ ન મનાય, ધર્મથી ધર્મ મનાવે ત્યાં શંકા કરે છે. સમજાણું કાંઈ? રાગથી ધર્મ મનાવે બરાબર લાગે છે હોં. ... શું કહેવાય? નિશ્ચયની .. આ રાગ બરાબર છે. વ્યવહાર પહેલો હોય, પછી નિશ્ચય થાય. રાગ પંડિતજી! આહા..હા..! હરણ-હરણ.

ભૂલી ગયા. એ ગાથા મોઢે હતીને. સૂયગડાંગની ગાથા નહિ? મૃગલા વેગે ચડેલા જાણે કે ઝાંઝવાના ઝાળું ઉઠી હોય. એનીકોર જાતા હતા દોડીને. પાછળથી કોઈ આમ મોઢા આગળ જોઈને આ બાજુ હાંકે. પથરા મારે છે પછી આ. પથરા મારવાનો હેતુ એમ કે અહીંથી ખસી જા આ બાજુમાં. પથરા મારે છે. જાય છે ત્યાં શંકા કરે છે. આહા..હા..! એમ પુણ્ય અને પાપના રાગથી પાછા અંદરમાં વાળવા માટે ધર્માત્મા એને સત્યનો ઉપદેશ કરે ત્યાં એ શંકા કરે. ભારે માર્ગ! ભગવાનનો માર્ગ તો વ્યવહાર-નિશ્ચય બેય છે. ભગવાનનો માર્ગ તો અનેકાંત છે. રાગથી લાભ થાય અને આત્માથી પણ લાભ થાય. બે થાય. બે નયનો ઉપદેશ છે. પંચાસ્તિકાય, નિયમસાર નથી આવ્યું? ભગવાનનો ઉપદેશ બે નયનો છે. પણ બે નયમાં વિષય છે એમ કહે છે. પણ બે નયથી લાભ થાય એમ ક્યાં ત્યાં વાત છે? એમ કહ્યું. બે નયનો વિષય છે. એમ વાત કરે છે ઈ તો.

**'હરણો તેને પીવા દોડે છે; અજ્ઞાનને લીધે...' 'तमसि रज्जो भुजगाध्यासेन' 'અંધકારમાં પડેલી દોરડી...'** દોરી-દોરી. અંધકાર હોયને. રસ્સી રસ્સી પડી હોય રસ્સી. દોરડીને સર્પ માને. આમ જરી પડી હોય અંધારામાં. એય..! ભાગો. **'અંધકારમાં પડેલી**

**દોરડીમાં સર્પનો અધ્યાસ થવાથી લોકો (ભયથી) ભાગી જાય છે;...'** આહા..! જુઓ, એ જ વાત છે. આહા..હા..! પરમસત્ય માર્ગ જ્યાં સેવાતો હોય પછી ભાગે. અરે..! આ તો નિશ્ચયાભાસ છે, આ તો નિશ્ચયાભાસ છે. '**સર્પનો અધ્યાસ થવાથી લોકો (ભયથી) ભાગી જાય છે; અને (તેવી રીતે) અજ્ઞાનને લીધે (अमी) આ જીવો,...**' '**वातोत्तरङ्गब्धिवत्**' '**પવનથી તરંગવાળા સમુદ્રની માફક...**' જોકે સમુદ્ર તો મૂળસ્વભાવે સ્થિર છે. પણ પવનના નિમિત્તથી તરંગો ઉઠાવીને ડોલાડોલ થઈ રહ્યો છે સમુદ્ર. એ આમ હલાહલ સમુદ્ર. સમુદ્ર દરિયો નહિ? સમુદ્ર સમજો છો? ... એમ ભગવાન આત્મા તો વીતરાગી નિર્વિકલ્પ સ્વરૂપ સ્થિર-ધીર-ધીર. એમ હોવા છતાં પણ '**विकल्पचक्रकरणात्**' વિકલ્પ નામ પુણ્ય-પાપનું ચક્ર. જુઓ, ભાષા વાપરી છે. ચક્ર એટલે સમૂહ. એ ચક્રની અંદર જે પુણ્ય અને પાપના વારંવાર ભાવો કર્યા કરે. એને એ માને કે આ મારું ચક્ર છે. કર્તાકર્મ છેને.

પુણ્ય અને પાપના વિકલ્પનું ચક્ર એ એનો '**સમૂહ કરતા હોવાથી જોકે તેઓ શુદ્ધજ્ઞાનમય છે...**' આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનના શુદ્ધ સ્વરૂપ છે. શાંતિમય છે. પણ પરના લક્ષે '**આકુળતા બનતા થતા...**' આકુળતા બંધ, વ્યાકુળતા બંધ. ધીરજને ખોઈને અધીરજમાં આવીને '**પોતાની મેળે કર્તા થાય છે.**' કોઈ એને કરાવતું નથી એમ કહે છે. પોતાની મેળે જબરદસ્તી એવો શબ્દ આવ્યો છે ઓલામાં. પોતે જબરનથી જ રાગનો કર્તા થાય છે. વસ્તુમાં નથી. એમ કહે છે. આમાં છે ક્યાંક કળશટીકામાં. સમજાણું કાંઈ? આ અર્થમાં ક્યાંક છે. જબરન. કળશટીકા નહિ? ૫૮. '**कर्त्रीभवन्ति**' છેને? એ આવે છે ૫૮માં છે હોં. એ '**कर्त्रीभवन्ति**' છેને? એમાં વ્યાખ્યા છે એ. '**બળજોરીથી જ કર્તા થાય છે.**' મારો. એ તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. જૂઠા જોર કરીને કર્તા રાગનો થાય છે એમ કહે છે. એમાં જ છે. '**विकल्पचक्रकरणात्**' '**અનેક રાગાદિના સમૂહને કરવાથી.**'

સ્વયં સહજ '**शुद्धज्ञानमयाः**' તોપણ એમ. '**મિથ્યાદષ્ટિને લીધે આકુલિત થતા થકા બળજોરીથી જ કર્તા થાય છે.**' જૂઠું જોર વાપરીને રાગનું જોર કરે છે. આહા..! રાગને હું કરું છું. મેં કર્યું છે. પુણ્યભાવ પણ મેં કર્યા છે. પુણ્યભાવ પણ હું કરું છું. બળજોરીથી અજ્ઞાની રાગનો કર્તા થાય છે. આહા..હા..! શું થાય? સંપ્રદાયમાં તો એ રાગની ક્રિયાથી બધો ધર્મ મનાવ્યો. આ કરો, વ્રત પાળો, તપ કરો, અપવાસ કરો, પૂજા કરો અને જાત્રા. બધી રાગની ક્રિયા છે. બળજોરીથી અહીં તો શબ્દ વાપર્યો છે લ્યો. એટલે? વસ્તુમાં રાગના કર્તાપણાનો સ્વભાવ નથી એમ કહે છે. તમારું ઉંધુ મારી અને રાગનો કર્તા જોરથી કરે છે. આહા..હા..! આ ધંધા-બંધા તો કરી શકતો નહિ હોય. ભાઈ! ચીમનભાઈ! ઝવેરાતના ધંધા. આ ઝવેરાતના ધંધા નથી કરતા ચીમનભાઈ અને તમારા નિરંજન? આ ચંદુભાઈનો દીકરો. એ શું કહેતા હતા? કે છોકરો બહુ કમાય છે. ચંદુનો છોકરો.. હીરા ઘસતા હતા. એ કહેતા

હતા. .. તો બધી સાધારણ હતી. પણ આ છોકરાની. શરૂઆત છે. એ કરી શકતા હશે ફેરફાર? આહા..હા..! જડની ક્રિયા કોણ કરે? અહીંયાં તો એ વખતનો વિકલ્પ જે રાગ એનો કર્તા પણ બળજોરીથી થાય છે. સ્વભાવમાં નહિ છતાં એમ કહે છે અહીં તો. આહા..હા..! સુજાનમલજી! આહા..હા..!

કહે છે એ '**विकल्पचक्रकरणात्**' સમજાય છેને એ ત્યાં? આહા..હા..! એ '**करणात्**'માં નાખ્યું ત્યાં. બળજોરીથી મારો કરે છે જોર. બિલકુલ સ્વરૂપ તો જાણવું-દેખવું આનંદમય પ્રભુ છે. વિરૂદ્ધ દૃષ્ટિથી, જોરથી એક રાગ મારું કર્તવ્ય છે એમ એ માને છે. એ અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આવી વાત ક્યાં માણસને. હો.. હા... હો.. હા... મોટા શું કહેવાય? વરઘોડા. અપવાસ કરે અને વરઘોડા કરે. એમાં તો હો.. હા.. ધર્મ થઈ ગયો. ધૂળેય નથી સાંભળને મારા. છ અપવાસ કર્યા. પચાસ લાખના આસામીની છોકરાની વહુએ કર્યા અપવાસ. લ્યો! તો ઉજવવું પડને એના પ્રમાણમાં? એના પ્રમાણમાં પાંચ-દસ હજાર ન ખર્ચે થઈ રહ્યું લાંઘણું કરી હતી અમે? હતી તો લાંઘણ.

મુમુક્ષુ :- .. અપવાસ ન કરે તો..

ઉત્તર :- હા, એમ કહે. મરી ગયો હોયને કોઈ. આ તો જોયેલું. ધારૂકામાં. પછી એક બાઈ રોવડાવવા આવી. ઓલા આવેને .. પાસે. શું આ હાથ નથી ઉપડતો? શું આ લાકડું ભાંગ્યું છે? ઓય મારા! ઓલા માણસ નથી આવતા? ઉતર્યા હતા અમે તો ક્યાંક બહાર. એક જુવાન મરી ગયો હોય અને પછી એક બાઈ રોવડાવે. રોવડાવે. આહા..હા..! પછી એમ બોલે હોં. શું હાથ ઉપડતો નથી? શું આ લાકડું ભાંગ્યું છે? એમ અહીં કહે કે એલા અમે અપવાસ કર્યા એ લાંઘણું કરી? બેય સરખા છે. આહા..હા..! શું પાચ-દસ હજાર ખર્ચવાનો પણ મોભ નથી તમને? આ ૩૬૦ દિ'માં એક દિ' ખાવું અને એક દિ' અપવાસ. કહો, સમજાણું કાંઈ? જેટલો મોભો હોય એના પ્રમાણમાં કરવું જોઈએને ક્યાંક એને મોભાના પ્રમાણમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરે છે પણ તે કર્યું એટલે.. કરે છે રાગ. એમાં શું કર્યું હતું તે? એ પણ મિથ્યાસહિત. કારણ કે ગ્રહણ-ત્યાગ સ્વરૂપમાં છે નહિ. છતાં મેં છોડી દીધું. આહાર છોડી દીધો એ જ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

એ '**જોકે તેઓ શુદ્ધજ્ઞાનમય છે તોપણ—આકુળતા બનતા થકા પોતાની મેળે કર્તા થાય છે.**' જોયું! કોઈ કરાવતું નથી કાંઈ. કર્મબર્મનું જોર નથી ત્યાં કર્તાપણાનું. પોતાની મેળાએ મારો રાગ અમે કર્યો, પુણ્ય અમે કર્યું. ભાઈ! પુણ્ય અને રાગના પરિણામનું કર્તાપણું એ મિથ્યાત્વ છે. સમ્યગ્દર્શનનો નાશ કરનાર છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ– ૯, બુધવાર, તા. ૧૫–૧૧–૧૯૭૨**
**કળશ–૫૮ થી ૬૨, પ્રવચન–૨૨૩**

જ્ઞાનને લોભ નથી. '**શું શું નથી થતું?** હરણો ઝાંઝવાને જળ જાણી પીવા દોડે છે...' મૃગલા ઝાંઝવાનું જળ જાણીને પીવા દોડે '**અને એ રીતે ખેદખિન્ન થાય છે.**' એ અજ્ઞાન ત્યાં. ઝાંઝવાના જળમાં જળ નથી છતાં અજ્ઞાનપણે દોડે છે. '**અંધારામાં પડેલા દોરડાને સર્પ માનીને માણસો ડરીને ભાગે છે.**' એ અજ્ઞાનથી. અંધારામાં પડેલી દોરડી એને સર્પ માની ભાગે. '**તેવી જ રીતે આ આત્મા, પવનથી ક્ષુબ્ધ થયેલા સમુદ્રની માફક,...**' કહો, અહીં તો વિકલ્પ કરે એને અજ્ઞાનથી કરે એ સિદ્ધ કરવું છે. આહા..હા..! '**અનેક વિકલ્પ કરતો થકો...**' અજ્ઞાનથી. જે સ્વરૂપમાં છે નહિ છતાં બેભાને એવા શુભ અને અશુભરાગને કરતો થકો '**ક્ષુબ્ધ થાય છે અને એ રીતે—જોકે પરમાર્થે તે શુદ્ધજ્ઞાનઘન છે તોપણ અજ્ઞાનથી કર્તા થાય છે.**' આહા..હા..! કહો, પહેલો બોલ જોયો હતો. પહેલો બોલ છેને આમાં? આપણે ઓલા શુભાશુભનું જોયુંને? ભાઈએ કહ્યું હતું. પેલામાં શું છે? કળશટીકામાં ભાઈ! તો એમાં એમ છે પુણ્ય-પાપ અહીંયાં લીધું. કળશટીકામાં લીધું છે કર્મની સામગ્રી. હા એ કર્મની સામગ્રી લીધી છે. એ જોયું હતું મેં. અને નાટકમાં લીધું છે પુણ્ય અને પાપ. અજ્ઞાન. શુભ-અશુભ સંસ્કૃતમાં.

મુમુક્ષુ :- ૫૭માં.

ઉત્તર :- હા, ૫૭માં ત્યાં શુભ અને અશુભ લીધા છેને? એટલે શુભ છે એ મોક્ષમાર્ગ છે એમ માનો અને અશુભ એટલે અશુભ પુણ્ય અને પાપ બેય. ત્યારે એણે નાટકમાં પુણ્ય-પાપ લીધા. સનેપાત કરે છે એ અજ્ઞાન છે. વસ્તુસ્વરૂપ નથી. હવે કળશટીકાકારે કર્મની જેટલી સામગ્રી છે એ પર છે એમ લીધું. પછી તો રાગને બધું આવે કર્મની સામગ્રી બધું. કર્મની સામગ્રી એમાં પોતેપણે માને છે એ જ અજ્ઞાન અને મિથ્યા ભ્રમ છે. આમાં નથી. '**અજ્ઞાનથી કર્તા થાય છે.**' લ્યો.

## શ્લોક-૫૯

(वसन्ततिलका)

ज्ञानाद्विवेचकतया तु परात्मनोर्यो
जानाति हंस इव वाःपयसोर्विशेषम्।
चैतन्यधातुमचलं स सदाधिरूढो
जानीत एव हि करोति न किञ्चनापि।।५९।।

જ્ઞાનથી આત્મા કર્તા થતો નથી એમ હવે કહે છેઃ-

શ્લોકાર્થ :- [हंसः वाः पयसोः इव] જેમ હંસ દૂધ અને પાણીના વિશેષને (તફાવતને) જાણે છે તેમ [यः] જે જીવ [ज्ञानात्] જ્ઞાનને લીધે [विवेचकतया] વિવેકવાળો (ભેદજ્ઞાનવાળો) હોવાથી [परात्मनोः तु] પરના અને પોતાના [विशेषम्] વિશેષને [जानाति] જાણે છે [सः] તે (જેમ હંસ મિશ્રિત થયેલાં દૂધજળને જુદાં કરીને દૂધ ગ્રહણ કરે છે તેમ) [अचलं चैतन्यधातुम्] અચળ ચૈતન્યધાતુમાં [सदा] સદા [अधिरुढः] આરૂઢ થયો થકો (અર્થાત્ તેનો આશ્રય કરતો થકો) [जानीत एव हि] માત્ર જાણે જ છે, [किम्चन अपि न करोति] કાંઈ પણ કરતો નથી (અર્થાત્ જ્ઞાતા જ રહે છે, કર્તા થતો નથી).

ભાવાર્થ :- જે સ્વ-પરનો ભેદ જાણે તે જ્ઞાતા જ છે, કર્તા નથી. ૫૯.

## કળશ-૫૯ ઉપર પ્રવચન

હવે 'જ્ઞાનથી આત્મા કર્તા થતો નથી એમ હવે કહે છે :—' વાસ્તવિક આત્માનું ભાન થતા રાગથી ભિન્ન ચૈતન્ય સ્વરૂપ એનું ભાન થતા ધર્મી રાગનો કર્તા થતો નથી. રાગનો અકર્તા થઈને રાગને જાણે છે. ભારે આવી વાત છે. ૫૯.

(वसन्ततिलका)

ज्ञानाद्विवेचकतया तु परात्मनोर्यो
जानाति हंस इव वाःपयसोर्विशेषम्।
चैतन्यधातुमचलं स सदाधिरूढो
जानीत एव हि करोति न किञ्चनापि।।५९।।

'શ્લોકાર્થ :- **જેમ હંસ દૂધ અને પાણીના વિશેષને (તફાવતને) જાણે છે તેમ...**' ચાંચ નાખી અને દૂધને પીવે અને પાણીને કાઢી નાખે. '**હંસ દૂધ અને પાણીના વિશેષને (તફાવતને) જાણે છે તેમ જે જીવ જ્ઞાનને લીધે...**' જુઓ, '**विवेचकतया**' છેને? એનો અર્થ ત્યાં '**વિવેકવાળો (ભેદજ્ઞાનવાળો) હોવાથી...**' એમ. '**परात्मनोः तु**' '**પરના અને પોતાના વિશેષને જાણે છે તે (જેમ હંસ મિશ્રિત થયેલાં દૂધજળને જુદાં કરીને દૂધ ગ્રહણ કરે છે તેમ)...**' આત્મા રાગના વિકલ્પને જુદો પાડી અને પોતાના જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થઈને જ્ઞાનને ગ્રહે એનું નામ ભેદજ્ઞાન, એનું નામ સાચું જ્ઞાન. પરને અને પોતાના તફાવતને બરાબર જાણે એમ કહે છે. રાગની ઉત્પત્તિ એ વિકાર ને દુઃખ છે, ભગવાન આત્મા અવિકારી આનંદ છે. એમ બેની તફાવતની દશા જાણી અને આત્માના આનંદમાં જ્ઞાનમાં એકાગ્ર થાય છે. રાગને ભિન્ન જાણી અકર્તા થાય છે. કહો, ભારે વાત ભાઈ ઝીણી લ્યો! આનું નામ ધર્મ.

શુભરાગનો એ અકર્તા થાય ત્યારે જ્ઞાતા-દૃષ્ટામાં જાય ત્યારે એને ધર્મ થાય. ભારે જવાબદારી ધર્મની! એય..! સુજાનમલજી! બહુ નાખ્યું માથે કીધું હતુંને. વજન છે. શરતું બહુ ઉંચી. ઘણી. આહા..હા..! એક જ વાત જ્ઞાનાનંદ સ્વરૂપની અંદર દૃષ્ટિએ પકડ્યું ખલાસ થઈ ગયું જાવ. એમાં રાગ ને પુણ્ય ને પાપના ભાવ એમાં આવતા નથી. દ્રવ્યદૃષ્ટિ એટલે વસ્તુની દૃષ્ટિ થતાં રાગની એકતા તૂટતા રાગનો કર્તા થતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? એ હંસની જેમ આ જ્ઞાનરૂપી હંસલો રાગને પાણીની જેમ જુદાં પાડી અને આનંદ અને જ્ઞાનરૂપી દૂધને પીવે. ભારે! લ્યો આનું નામ ભેદજ્ઞાન.

'**અચળ ચૈતન્યધાતુમાં...**' કહે છે કે જુદું પાડીને કરે શું એ? '**અચળ ચૈતન્યધાતુમાં...**' ધ્રુવ જ્ઞાન ધાતુ ચળે નહિ એવું એકરૂપ રહેનારું તત્ત્વ એવી ચૈતન્ય ધાતુમાં '**સદા આરૂઢ થયો થકો...**' એટલે કે અચળ ચૈતન્ય ધાતુનો આશ્રય કરતો થકો. રાગ અને પુણ્યના વિકલ્પનો આશ્રય છોડતો થકો. એ નાસ્તિથી છે. આહા..હા..! એકલું ચૈતન્યસ્વરૂપ એનો ધ્રુવનો આશ્રય કરતો. '**जानाति**' માત્ર '**જાણે છે...**' માત્ર જાણે છે. વ્યવહારના દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને પણ કરતો નથી એમ કહે છે. આહા..હા..! એ થાય તેને જાણનાર રહેતો થકો અકર્તા થાય છે. ઓહો..હો..! ભારે! '**जानाति**' '**किञ्चन अपि न करोति**' જરીએ વિકલ્પના ભાવને કરતો નથી. ઓહો..હો..! લ્યો, ચેતનજી! આ કર્મની વિધિ છે. ઓલી વિધિ તો તમારી બીજી છે. વિધિ કરવી અને અવિધિ થવા ન દેવી. પણ એ વિધિ એ જ અવિધિ છે. એય..! જેઠાભાઈ! આહા..હા..! એ આવશેને આગળ. અનુભવનું વિહિતં ભગવાને કર્યું છે. આવશેને અંદર.

ભગવાને તો પુણ્ય-પાપના રાગરહિત આત્માના અનુભવનો ઉપદેશ કર્યો છે. આહા..હા..!

વીતરાગ પરમાત્મા તીર્થંકરદેવે વીતરાગસ્વરૂપ એવું ચૈતન્ય એનો આશ્રય લેવાનું કહ્યું છે અને વ્યવહારનો આશ્રય છોડવાનું ભગવાનના બાર અંગમાં કહ્યું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કહે છે કે આશ્રય કરતો થકો **'जानीत एव हि' 'किञ्चन अपि न करोति' 'કાંઈ પણ કરતો નથી...'** એટલે કે જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એમ અંતરમાં દૃષ્ટિ અને અનુભવ થતાં એ રાગનો જરીએ વ્યવહારનો કર્તા થતો નથી. ભલે પરિણમન હો, એમ જાણે. પણ મારે કરવાલાયક છે એમ કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! **'णियमेण य जं कज्जं'** નિશ્ચયથી કરવાલાયક હોય તો જ્ઞાનની પર્યાય અને આનંદની દશા કરવાલાયક છે. **'किञ्चन अपि न करोति'** એમ. જરીએ રાગના ભાવને કરતો નથી એ તો. શુભ એ ઠીક છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ઠીક છે એમ સમકિતી કરતો નથી. આહા..હા..! કહો, તીર્થંકરગોત્ર બાંધે એને તો મોક્ષ જ હોયને.

મુમુક્ષુ :- બાંધે જ નહિ એ.

ઉત્તર :- બાંધતો જ નથી. બાંધવાના જે પરિણામ છે એને કરતો નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- જે સ્વ-પરનો ભેદ જાણે તે જ્ઞાતા જ છે,...'** આવો માર્ગ. આહા..હા..! હાથ આવવો મુશ્કેલ અંદરથી તારવીને કે જુદી ચીજ છે. એક તો સત્ય વાત ક્યાં છે એ પણ સાંભળવા મળવી મુશ્કેલ અને એમાં સત્ય વસ્તુ ક્યાં અંદર છે? રાગાદિ તો બધા અસત્ છે. સત્ સ્વરૂપ એનું સત્ત્વ જ્ઞાનાનંદ સ્વભાવ એ એનું સત્ત્વ છે. સત્ત્વ છે. એ ક્યાંક આવે છે હોં શબ્દ. આવે છેને સત્ત્વ છે. સત્નું એ સત્ત્વ છે. સત્ એ વસ્તુ છેને? પણ ત્યાં એક સત્ એ વસ્તુ છે અને એનો સ્વભાવ જે છે ત્રિકાળી એ એનું સત્ત્વ છે. પુણ્ય અને પાપનો ભાવ એ કાંઈ સત્નું સત્ત્વ નથી. આહા..હા..! બહુ ઝીણું!

કહે છે કે એ જરાય રાગના વિકલ્પને કરતો નથી. આહા..હા..! પોતાનો સ્વભાવ અનાદિ-અનંત અચળ ચૈતન્ય ધાતુ. એટલે કે ચૈતન્યપણું જેણે ધારી રાખ્યું એવું જે ભગવાન આત્મા એ રાગને ધારતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ કઠણ પડેને પછી બીજી રીતે ભાઈ! માર્ગને આવો છે એમ શ્રદ્ધા તો કર અને જ્ઞાનમાં તો લે કે માર્ગ તો આ છે. વીતરાગભાવની પરિણતિ સિવાય કોઈ ત્રણ કાળમાં ધર્મ નથી. શુદ્ધ ઉપયોગ એ ધર્મ છે. સમજાણું કાંઈ? **'જે સ્વ-પરનો ભેદ જાણે તે જ્ઞાતા જ છે,...'** જાણનાર જ છે. કંઈ પણ એક રજકણને કે રાગને તે કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

## શ્લોક-૬૦

(मन्दाक्रान्ता)
ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था
ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः।
ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः
क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम्।।६०।।

હવ, જે કાંઈ જણાય છે તે જ્ઞાનથી જ જણાય છે એમ કહે છેઃ-

શ્લોકાર્થ :- [ज्वलन-पयसोः औष्ण्य-शैत्य-व्यवस्था] (ગરમ પાણીમાં) અગ્નિની ઉષ્ણતાનો અને પાણીની શીતળતાનો ભેદ [ज्ञानात् एव] જ્ઞાનથી જ પ્રગટ થાય છે. [लवणस्वादभेदव्युदासः ज्ञानात् एव उल्लसति ] લવણના સ્વાદભેદનું નિરસન (-નિરાકરણ, અસ્વીકાર, ઉપેક્ષા) જ્ઞાનથી જ થાય છે (અર્થાત્ જ્ઞાનથીક જ શાક વગેરેમાંના લવણનો સામાન્ય સ્વાદ તરી આવે છે અને તેનો સ્વાદવિશેષ નિરસ્ત થાય છે). [स्वरसविकसन्नित्यचैतन्यधातोः च क्रोधादेः भिदा] નિજ રસથી વિકસતી નિત્ય ચૈતન્યધાતુનો અને ક્રોધાદિ ભાવોનો ભેદ, [कर्तृभावम् भिन्दती] કર્તૃત્વને (કર્તાપણાના ભાવને) ભેદતો થકો-તોડતો થકો, [ज्ञानात् एव प्रभवति] જ્ઞાનથી જ પ્રગટ થાય છે. ૬૦.

---

## કળશ-૬૦ ઉપર પ્રવચન

'હવે, જે કંઈ જણાય છે તે જ્ઞાનથી જ જણાય છે એમ કહે છે :—' ૬૦.

(मन्दाक्रान्ता)
ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था
ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः।
ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः
क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम्।।६०।।

'ज्वलन-पयसोः औष्ण्य-शैत्य-व्यवस्था' '(ગરમ પાણીમાં) અગ્નિની ઉષ્ણતાનો...'

પાણીમાં અગ્નિની ઉષ્ણતા. 'અને પાણીની શીતળતાનો ભેદ જ્ઞાનથી જ પ્રગટ થાય છે.' કળશટીકામાં લીધું છે કે સ્વરૂપગ્રાહી જ્ઞાનથી જણાય છે. વાત સ્વને જાણ્યા વિના. એ વ્યવહારને જાણ્યો કોણે? એમ કહે છે. આ જ્ઞાન શબ્દ એમ લીધો. સ્વરૂપગ્રાહી જ્ઞાન. જેણે સ્વરૂપને પકડ્યું છે એવું જે જ્ઞાન, તે જ્ઞાન ઠંડી અને ઉષ્ણની અવસ્થાને ભેદ તરીકે તે જ્ઞાન જાણે છે. આ લૌકિક જ્ઞાનથી જાણે એ વાતને અહીં લીધી જ નથી. એ જ્ઞાન જ નથી કહે છે કે આહા..હા..! એ એમ કહે છે. આ ટાઢું છે અને આ ઉનું છે. એટલો તો વિવેક કર્યોને? ના. જેણે રાગથી ભિન્ન પડીને જ્ઞાનસ્વરૂપને ગ્રહ્યું છે એ જ્ઞાનસ્વરૂપ સ્વને જાણતા પરની આ ઠંડી અને ગરમ અવસ્થા છે એને એ સ્વરૂપગ્રાહી જ્ઞાન જાણે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એકલા ટાઢું છે અને આ ઉનું છે એમ નહિ એમ કહે છે. ભાઈ! આ ટાઢું છે અને ઉનું છે એ વ્યવહારું જ્ઞાન તો નિશ્ચય વિના આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ? જેણે રાગનો વિકલ્પ અને આત્માનો જ્ઞાનાનંદ સ્વભાવ એવું સ્વરૂપનું પકડીને જ્ઞાન પ્રગટ કર્યું ભેદ પાડીને. એ જગતની ઠંડી અને ઉની અવસ્થાનો ભેદ પાડીને એ જાણે છે કહે છે. એય..! પંડિતજી! આહા..હા..! આમ તો છોકરા નથી જાણતા નાના? દીવો ઉનો છે અને આ બરફ ટાઢો છે. એ નહિ.

જેને રાગના વિકલ્પથી ભિન્ન પ્રભુ પડ્યો છે. જે વિકલ્પને સ્પર્શતો જ નથી એ ચીજ. એવી ચીજનું જ્ઞાન સ્વરૂપગ્રાહી થયું એ ભેદજ્ઞાની જીવ આ ટાઢું અને ઉનાનો વિવેક જાણે છે. કહો, બાબુભાઈ! આ ઝવેરાતની કિંમત કહે છે એ આ નહિ જાણે એમ કહે છે. સ્વરૂપગ્રાહી જ્ઞાન આ હીરાને લાખની કિંમત એ જાણે એમ કહે છે. આહા..હા..! કારણ કે પરસંબંધીની સમ્યક્તા એ નિજસંબંધીની સમ્યક્તા આવ્યા વિના એની સમ્યક્તા વ્યવહારે તો સાચી હોઈ શકે નહિ. કાંઈક ભૂલ કરે, કરે ને કરે. આહા..હા..! કહો, સુમનભાઈ! આ તમારા ભણતર-બણતર કહે છે. નહિ? આહા..હા..! આ જુઓને કેટલી વાત કરી છે!

'ज्ञानात्' છેને? એટલે ભેદજ્ઞાનથી એમ પાછું. 'જ્ઞાનથી જ પ્રગટ થાય છે.' એ જ્ઞાન કોણ? કે સ્વરૂપગ્રાહી જ્ઞાન. આહા..હા..! પોતાનું જ્ઞાન જેને રાગથી રહિત એવા ચૈતન્યનું થયું છે એ આ ઠંડી-ઉની અવસ્થાનો ભેદ યથાર્થ જાણે છે. કહો, સમજાણું આમાં? આ ધંધા-બંધાનું જ્ઞાન એમ છે. રસીકભાઈ! કહો, ગયા ચીમનભાઈ વયા ગયા? કહો, સમજાણું આમાં? શું કીધું આ? કહે છે કે ધંધામાં પણ આ ઠીક પડશે, નહિ ઠીક પડે એવું જે જ્ઞાન એ સ્વરૂપગ્રાહી જ્ઞાનવાળો એ વિવેક કરે છે. સમજાણું કાંઈ? જ્ઞાન હોં. થાય, ન થાય એનો પ્રશ્ન નથી. આહા..હા..! આ હીરો આટલી કિંમતનો છે અને આ હીરો આટલી કિંમતનો છે. ... એવું જ્ઞાન પણ સ્વરૂપગ્રાહી જ્ઞાન છે તે યથાર્થ. જાણે છે એમ કહે છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- બધી વાત..

ઉત્તર :- એમ? આ બંગડી-બંગડીમાં એમ કહે છે. આહા..હા..!

'ज्ञानात्' કીધું છેને ભગવાન! જ્ઞાનથી. તો જ્ઞાનથી એટલે શું? કે રાગ વિનાનું જે જ્ઞાન છે તે જ્ઞાનથી એમ. '**જ્ઞાનથી...**' શબ્દ પડ્યો છેને. 'एव' 'ज्ञानात् एव' લ્યો! 'ज्ञानात् एव' '**જ્ઞાનથી જ...**' એટલે જ્ઞાનથી એટલે શું? વાસ્તવિક ભગવાન આત્મા રાગ અને વિકલ્પથી જુદો એવું જે જ્ઞાન તે જ્ઞાનથી એમ કહે છે. એટલે સ્વરૂપને પક્કડનું જ્ઞાન, સ્વરૂપગ્રાહી જ્ઞાન, સ્વભાવગ્રાહી જ્ઞાન એ ઠંડા-ઉના અવસ્થાને બરાબર જાણે છે. આહા..હા..! કળશટીકાકારે તો મારે ભારે! કળશટીકામાં તો એવું નાખી દીધું છે જુઓને. '**લવણ સ્વાદભેદ જુદાં અને શાકના સ્વાદથી લવણના સ્વાદની તદ્દન ભિન્નતા...**' 'ज्ञानात् एव उल्लसति' એ પણ સ્વરૂપગ્રાહી જ્ઞાનથી જણાય છે. 'ज्ञानात् एव' એમાં 'एव' છેને? આહા..હા..! જ્ઞાનથી જ જ્ઞાન ભગવાન આત્મા... જ્ઞાનથી એટલે શું? રાગને ભિન્ન પાડીને જ્ઞાન પકડ્યું છે એવા જ્ઞાનથી. આ શાકમાં. આ શાકમાં મીઠાનો સ્વાદ આટલો છે અને શાક આવું છે. એવા શાકનો સ્વાદ અને લવણના સ્વાદની તદ્દન ભિન્નતા. લ્યો! તદ્દન ક્યાંથી કાઢ્યું? '**भेदव्युदासः**' '**लवणस्वादभेदव्युदासः**' કહો, સમજાણું?

વાસ્તવિક શાકમાં આ લવણ છે અને આ શાક છે એની ભિન્નતાનો વિવેક સ્વરૂપગ્રાહીને હોય છે કહે. આહા..હા..! સમજાણું કાંઈ? 'ज्ञानात् एव उल्लसति' થાય છે. ભગવાન ચૈતન્યનો ભગવાન જાણવાનો સ્વભાવ એવા સ્વભાવનું જ્ઞાન થયું એ જ્ઞાનથી આ શાક અને આ ખારું, મીઠું એવું એને જ્ઞાન આવાવાળાને યથાર્થ હોય છે. આ બધા મીઠાની વાત કરે છેને. શાક તીખું થાય, બહુ ખારું છે, ખીચડીમાં ખારું છે બહુ, ખીચડી બહુ ખારી. મીઠું કોણે નાખ્યું આમાં? એમાં એકે ધોબો નાખ્યો હોય, તો બીજી વળી બાઈ હોય ઘરમાં વહુ ચાર-પાંચ. તો એક બીજાએ નાખ્યો હોય. લેવા જાય તો ખારું. આવું કોણે કર્યું? કોઈ બોલે નહિ. બોલે શું? આવી ખારી કેમ? પણ એ કહે છે કે એ ખારીનો જાણનારો એકલો પરથી જાણે એ ખારીનો જાણનાર યથાર્થ નથી એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- .. જાણતો જ નથી.

ઉત્તર :- નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'ज्ञानात् एव उल्लसति' ઓલામાં શું છે? 'ज्ञानात् एव' વ્યવસ્થા એટલું જ છેને? વ્યવસ્થા. 'ज्वलनपयसोः औष्ण्यशैत्यव्यवस्था ज्ञानात् एव' આહા..હા..! જેને વિકલ્પથી નિર્વિકલ્પ ચીજ જુદી છે એનું જ્ઞાન કર્યું. એના જ્ઞાનનો ગ્રહણનારો એ આ શાક અને ખારાને જુદા પાડવાનું જ્ઞાન એ કરી શકે છે. આ કરે છેને બીજા? કહે છે કે એને વ્યવહારનું જ્ઞાન પણ જૂઠું છે બધું. એય..! 'ज्ञानात् एव उल्लसति' આહા..હા..! ભગવાન આત્મા તો આનંદ જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપની પક્કડ થઈને જે જ્ઞાન પ્રગટ્યું અને એની સાથે અતીન્દ્રિય

આનંદનો સ્વાદ આવ્યો એ જ્ઞાન શાક અને મીઠાની જુદાઈ જાણી શકે છે. આહા..હા..! ઓલાને જાણનારો પણ ન કહ્યો. ભાઈ! આત્માનું ભલે જ્ઞાન ન હોય, પણ આ બધા વેપાર અને ધંધામાં તો ડાહ્યા છીએને. એમ કહે છેને? એય..! ચંદુભાઈ! હિંમતભાઈ! આ લોઢામાં ડાહ્યા નથી? કોઈક બંગડીમાં ડાહ્યા, કોક ..માં ડાહ્યા, કોઈ વકીલાતમાં ડાહ્યા. આહા..હા..! લ્યો આવું કહ્યું એય..! કહે છે કે એ શાકમાં આ શાક દૂધી, એની મીઠાશ જુદી અને આ શાકમાં જે ખારું એની ખારાશ જુદી. આહા..હા..! એ જેણે ભેદજ્ઞાન પોતાનું કર્યું છે તે આ જાણી શકે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ઘરે આ વાંચો છો કે નહિ? ઠીક. આહા..હા..!

**'स्वरसविकसन्नित्यचैतन्यधातोः च क्रोधादेः भिदा'** ઓલા બે વ્યવહારના દાખલા દઈ અને હવે નિશ્ચય લીધો પાછો. આહા..હા..! એમ **'स्वरसविकसन्नित्यचैतन्यधातोः च क्रोधादेः भिदा'** **'નિજ રસથી વિકસતી નિત્ય ચૈતન્યધાતુનો...'** આહા..હા..! જ્ઞાનાનંદ સ્વભાવ એ નિજ શક્તિ, એનાથી વિકસતી એ રાગ ને મન ને શાસ્ત્ર ને સામા પાના, પૂંઠાને સાંભળ્યું માટે જ્ઞાન વિકસે છે એમ નહિ. **'નિજ રસથી વિકસતી નિત્ય ચૈતન્યધાતુ...'** આહા..હા..! કહો, સમજાણું આમાં? એ જ્ઞાનાનંદનો સ્વભાવ. રસ એટલે સ્વભાવ. એનાથી **'વિકસતિ નિત્ય ચૈતન્યધાતુનો...'** આહા..હા..! ત્રિકાળી જ્ઞાનસ્વરૂપનો અને **'અને ક્રોધાદિના...'** એટલે વિકારમાં. પુણ્ય અને પાપના વિકલ્પો એ બધા ક્રોધ જ કહ્યા છે. સ્વભાવથી વિરૂદ્ધ. સ્વભાવ શાંત તેનાથી વિરૂદ્ધ તે બધા ક્રોધાદિ એમ.

**'ક્રોધાદિ ભાવોનો ભેદ,...'** **'कर्तृभावम् भिन्दती'** **'કર્તૃત્વને (કર્તાપણાના ભાવને) ભેદતો થકો...'** એટલે કે રાગ મારું કર્તવ્ય છે તેનાથી જુદો પાડતો **'તોડતો થકો,...'** કર્તાપણાના ભાવને તોડતો. એ પણ નાસ્તિથી વાત છે. પણ અંદરને પકડતા થકા એ પરથી તોડે છે એમ કહેવામાં આવે છે. કર્તૃત્વ નાસ્તિ બતાવવું છેને? કર્તૃત્વને, કર્તાપણાના ભાવને. આહા..હા..! આમ તો એમ કહે છે કે સંસારના ગાંડપણની વાતું કરતા એ વાતમાં કર્તામાં એને રાગથી ભિન્ન જ્ઞાન ન હોય તો એ ડહાપણનું કર્તવ્યનું અભિમાન થયા વિના રહે જ નહિ. સમજાણું કાંઈ? સંસારની જેટલી ડહાપણની ચતુરાઈનું જ્ઞાન એ જ્ઞાનમાં રાગ અને જ્ઞાનસ્વભાવ ભિન્ન છે એના ભાન વિના એવા જ્ઞાનને અભિમાન થયા વિના રહે નહિ. આહા..હા..! એ કર્તા થયા વિના રહે નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- એ જવાબદારી આવી જાય પંડિતાઈ ઉપર.

ઉત્તર :- પંડિતાઈની પંડિત ક્યાં હતો અહીં?

મુમુક્ષુ :- .. અભિમાની.

ઉત્તર :- હા. અભિમાની. પંડિત છેને એમ કહે.

મુમુક્ષુ :- ના, ના હું પંડિત ક્યાંથી?

ઉત્તર :- જોડે શું કરવા રાખે? .. રાખેને. થોડું ગોઠે છે જગતને-જીવને? થોડું સુખ? થોડું સુખ. આહા..હા..! એ જગતના ડહાપણની વાત વખતે પણ જો રાગથી ભિન્નના ભાન ન હોય. આહા..હા..! તેને જાણે છે એમ કહેવામાં આવતું નથી. આહા..હા..! ગજબ વાત કરે છે. છે તો એ બઢીયા. આહા..હા..!

કહે છે કે આત્મા સચ્ચિદાનંદ પ્રભુ વસ્તુનું સ્વરૂપ જ એ છે અનાદિ-અનંત. એને જેણે પકડ્યું નથી. એ રાગના એ બહારના જાણપણામાં પકડાઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને એ પકડાયેલો કર્તાપણાથી છૂટતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જાણપણાનો ઉપયોગ પોતાની ધારણા પ્રમાણે ન થાય ત્યાં ગોઠવે. એને એ ગોઠવવાનો ભાવ થયા વિના રહે જ નહિ એને. સમજાણું કાંઈ? ગજબ વાત કરે છે. વસ્તુ જે છે ત્યાં ગજબ શું? સત્ જ એવું બિરાજે છેને. આહા..હા..! રાગવાળું જ્ઞાન એ રાગ વિનાના જ્ઞાનના ભાન વિના રાગવાળું જ્ઞાન સાચું નથી કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વ્યવહારે ક્યાંથી થાતું હતું? કહો, છગનભાઈ! તો શું હશે આ બધું આ કાર્યકર્તાઓ બધા? ગામના ડાહ્યા માણસો હોય એ બધા કર્તા નહિ? કાર્યકર્તા. અમારે ગીરધરભાઈ કાર્યકર્તા હતાને વઢવાણ. ૪૫ હજાર ખર્ચ્યા બિચારાએ હોં. નામ રાખવા. શું કહેવાય એને? ચુંટણી. ૪૫ હજાર. વિશેષ ખર્ચ્યા હશે. આને દેવા નહિ? જે હોય એ. એમાં જે ડહાપણ માન્યું કે આમ કરશું, આમ કરશું, આમ થાશે ને આમ થાશે. આહા..હા..! એને ભેદ પડ્યા વિનાના જ્ઞાનને એવા જ્ઞાનના કર્તાપણું અભિમાન થયા વિના રહે જ નહિ. મૂળ તો એમ કહે છે. એથી જ્ઞાન અને રાગથી ભિન્ન પાડેલું જ્ઞાન. એવા જ્ઞાનને બરાબર જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ઓલા અમેરિકાના જ્ઞાન બધા મૂર્ખાઈ ભરેલા છે એમ કહે છે. એય..! તુરખિયાએ જઈ આવ્યો છે ત્યાં. પાંચ હજાર લઈ આવ્યોને અમેરિકા જઈને? રમેશના ભાઈ ઓળખો છો તમે. રમેશ નહિ આપણે ત્યાં? તુરખિયા ત્યાં તમારી કંપનીમાં છે. એના ભાઈ છે. ત્યાં જે હોય એ. ખ્યાલમાં તો આવે કે નહિ? કેવા? મણિકાંત ભૂપતભાઈ. સમજ્યાને? હરખચંદ, રમેશના ભાઈ છેને. એ બાબુભાઈને પણ ભેગું કહે છે. એ આવે. વાત તો બધી આવે જ ને.

મુમુક્ષુ :- હવે બાબુભાઈ નીકળી ગયા.

ઉત્તર :- ના, નીકળવાની વાત નથી આ તો કહે છે. બાબુભાઈ પોતે કહેતા. કે એવી વાતું કરવી હોય.. ભાઈ નથી? ભાઈ પોતે કહેતા હતા ... આવી .. કરો છો તમે? મેં પૂછ્યું પણ મારો જવાબ ન આપ્યો. મેં કીધું કાંઈ બન્યું છે એવું? કાંઈક સાંભળ્યું છે મેં

એવું કે ઠપકો તમને આપ્યો હોય. બહુ .. પણ જવાબ ન આપ્યો કાંઈ. ... બહુ ઓલો નહિ. સાધારણ રીતે. મેં કહ્યું કાંઈક એવું સાંભળ્યું છે. ભૂપતભાઈ આવ્યા હતા ત્યારે એને કહ્યું હતું ઓલા મણિભાઈને. આને કહ્યું હતું. ભાઈએ કહ્યું હતુંને. .. થતું હશેને. લાલભાઈને બોલાવીને કીધું હતું .. મારા શું કરો છો આ? એવી વાત સાંભળી છે. સાંભળેલું. ભાઈ કહેતા હતા. આપણે કાંઈ તો કાંઈ બીજું કહે નહિ. એ ભાઈ કહેતા હતા. આહા..હા..! એવો માર્ગ છે, બાપા! 'ધીરજ ધરને અરે અધીરા' ધીરજથી લે કામ બાપા. એમ કહે છે. રાગ અને વિકલ્પથી જુદો પાડ્યા વિના. હીરાભાઈ છે કે નહિ એમાં?

મુમુક્ષુ :- હવે ..

ઉત્તર :- ઠીક કીધું. ના, ના ઠીક સારું કર્યું. બાબુભાઈ આવ્યા હતા એ અમને .. સાચી વાત છે. હીરાભાઈ ગયા? વઢવાણવાળા નહિ? આ છે. આહા..હા..! અહીં કહે છે જે કાંઈ શાસ્ત્ર સંબંધી, લૌકિક સંબંધી કોઈપણ જાણપણાનો વિકલ્પ ઉઠે એ વિકલ્પનું જ્ઞાન યથાર્થ રાગરહિત સ્વરૂપગ્રાહી જ્ઞાનીઓનું જ્ઞાન. આવો નિશ્ચય હોય એને આવો વ્યવહાર હોય એમ કહે છે. ગજબ વાત છે. વીતરાગના કથનની શૈલી, સંતોની પદ્ધતિ, દિગંબર મુનિઓની પદ્ધતિ. આહા..હા..! મેરુ ડોલાવ્યો છે એણે તો. આહા..હા..! ગજબ વાત છે. આવી પરંપરા સત્ય જેને મળે. સમજાણું કાંઈ? એ પરંપરામાં ભળે થઈ રહ્યું. નિહાલ થઈ ગયો એ. એવી વાત છે. આ પક્ષ નથી. આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે. સમજાય છે કાંઈ?

કહે છે અરે..! '**નિજ રસથી વિકસતી નિત્ય ચૈતન્યધાતુ...**' ભાષા શું કરે? આહા..હા..! એનું વાચ્ય તો જુઓ, કે ભગવાન આત્મા જ્ઞાનાદિ અનંતગુણનો પિંડ એમાં અનંતગુણની વિકસતી પર્યાય એ નિજરસથી પ્રગટ થાય છે. આહા..! એવી '**નિત્ય ચૈતન્યધાતુ...**' આહા..હા..! '**અને ક્રોધાદિ ભાવોનો...**' એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવનો. ક્રોધાદિ એટલે એ હોં બધો. એના '**ભેદ કર્તૃત્વને ભેદતો થકો...**' પરની ક્રિયા અને પરસંબંધીના જ્ઞાનને, કર્તૃત્વને '**તોડતો થકો,...**' આહા..હા..! '**ભેદતો થકો,...**' '**ज्ञानात् एव प्रभवति**' એ '**જ્ઞાનથી જ પ્રગટ થાય છે.**' જોયું! એ શબ્દ અહીંયાં પાછો આવ્યો. આહા..હા..! ત્રણમાં આવ્યુંને ત્રણ? ત્રણમાં '**ज्ञानात् एव**' અહીં '**ज्ञानात् एव**' અહીં '**ज्ञानात् एव**' આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગ ધર્મની કથા છે, ભગવાન! આહા..હા..! ક્યાંય પણ અંશ ગરી જાય બીજો અભિમાનનો, ભણતરનો એ અહીં નહિ ચાલે કહે છે. આગળ નહિ જઈ શકે એ. સમજાણું કાંઈ? ઓહો..હો..! કળશો પણ ભર્યા છેને. અમૃતના રસથી ભરેલા કળશા છે એ. કહે છે એ હંસ જેમ દૂધ અને પાણી જુદા કરે. શાકના ખારા અને શાકને જુદાં કરે એમ જેણે ચૈતન્ય રસ અને રાગ એ બેને જુદાં કરે એ કર્તૃત્વને છોડે. એ કર્તાપણાનું અભિમાન એને ટળી જાય છે. આહા..હા..! અકર્તા થઈને ત્યાં એ શોભે છે. સમજાણું કાંઈ?

## શ્લોક-૬૧

(अनुष्टुभ्)
अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।
स्यात्कर्तात्मात्मभावस्य परभावस्य न क्वचित्।।६१।।

હવે, અજ્ઞાની પણ પોતાના જ ભાવને કરે છે પરંતુ પુદ્‌ગલના ભાવને કદી કરતો નથી-એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છેઃ-

શ્લોકાર્થ :- [एवं] આ રીતે [अग्जसा] ખરેખર [आत्मानम्] પોતાને [अज्ञानं ज्ञानम् अपि] અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ [कुर्वन्] કરતો [आत्मा आत्मभावस्य कर्ता स्यात्] આત્મા પોતાના જ ભાવનો કર્તા છે, [परभावस्य] પરભાવનો (પુદ્‌ગલના ભાવોનો) કર્તા તો [क्वचित् न] કદી નથી. ૬૧.

## કળશ-૬૧ ઉપર પ્રવચન

'હવે, અજ્ઞાની પણ પોતાના જ ભાવને કરે છે પરંતુ પુદ્‌ગલના ભાવને કદી કરતો નથી—એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે :—' ૬૧.

(अनुष्टुभ्)
अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्तात्मानमञ्जसा।
स्यात्कर्तात्मात्मभावस्य परभावस्य न क्वचित्।।६१।।

'શ્લોકાર્થ :- એ રીતે...' 'अग्जसा' 'ખરેખર પોતાને અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ કરતો...' બેય વાત લીધી છેને? ચાહે તો અજ્ઞાન કરો અને ચાહે તો જ્ઞાન કરો. પણ પોતાના ભાવને કરે છે. પુદ્‌ગલને બાંધે અને પુદ્‌ગલને છોડેને એ આત્મામાં છે નહિ. આહા..હા..! કર્મ આત્મા બાંધે કે કર્મ આત્મા છોડે અજ્ઞાનમાં પણ એ નથી એમ કહે છે. વસ્તુના અભાનમાં પણ અજ્ઞાનને કરે. અજ્ઞાનભાવ એટલે રાગાદિને અને કાં જ્ઞાનભાવમાં જ્ઞાન સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિને કરે. આ સિવાય આત્મામાં પરનું કર્તૃત્વ કિંચિત્ છે નહિ. લ્યો હવે ઓલા પંડિત એમ કહે

છે કે પરનો કર્તા ન માને તે દિગંબર જૈન નહિ.

મુમુક્ષુ :- શ્વેતાંબરને એ ભલે હોય.

ઉત્તર :- અરે..! પ્રભુ! શું કરે છે ભાઈ! આવું શોભે નહિ તને. આહા..હા..! શોભે નહિ, ભાઈ! ભગવાન! તું તો છોને નાથ! આહા..હા..! એ કર્તૃત્વ પરનો કર્તા ન માને તો દિગંબર. પાછો જૈન અને દિગંબર જૈન અહીંની ઉપર આક્ષેપ થાય એને. આ દિગંબર જૈન કહેવાય છે પણ દિગંબર જૈન નથી એમ. અરે..! ભગવાન!

મુમુક્ષુ :- એની વ્યાખ્યા કાંઈક જુદી જાત હશે

ઉત્તર :- એને એ બેઠે તો શું કરે? દઢ થઈ ગયા. ... આ ભેદ આવ્યો એને પ્રવાહમાં ઘણા તણાઈ ગયા તો હું પણ તણાઈ જાઉં. જુદું આવ્યું છે. આહા..હા..! કહે છે અરે..! '**ખરેખર પોતાને અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ કરતો...**' બસ, એના પરિણમનમાં કાં અજ્ઞાન મિથ્યાત્વ સેવે અને કાં સમ્યક્ સેવે. એ સિવાય પરનું તો કાંઈ કરી શકતો નથી. આહા..હા..! એક તણખલાના બે કટકા કરવાની તાકાત જીવમાં નથી.

મુમુક્ષુ :- મોટી કંપનીઓ ચલાવે છે અને...

ઉત્તર :- ધૂળેય કંપનીઓ ચલાવતા નથી. એય..! આ પણ એક કંપનીના માલિક બેઠા છે નહિ? આ તો કંપનીના નોકર છે. આહા..હા..! કોણ ચલાવે? પરદ્રવ્યની પર્યાય વિનાનું એ કાર્ય દ્રવ્ય રહ્યું છે ત્યાં? કોઈ સમયે તે પરપદાર્થ એના કાર્યરૂપ પર્યાય વિનાનું રહે છે કે જે પરનું કાર્ય કરે? આહા..હા..! કહે છે આત્મા કાં પોતાના ભાવને ભૂલે તો રાગને, વિકલ્પને, અજ્ઞાનરૂપ ભાવને કરે. એ અજ્ઞાનભાવ છે. અને કાં જ્ઞાનરૂપ કરે. શુદ્ધ ચૈતન્ય ધાતુ ભગવાન આત્મા એમાં રાગના વિકલ્પની ગંધ નથી. એની ગંધ તો આનંદના સ્વાદવાળી ગંધ છે. આહા..હા..! એવો જે ભગવાન આત્મા જ્ઞાનને કરે એટલે કે સમ્યગ્દર્શનને કરે, એટલે કે સ્વરૂપના આચરણરૂપ ચારિત્રને કરે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**आत्मा आत्मभावस्य कर्ता स्यात्**' એ '**આત્મા પોતાના જ ભાવનો કર્તા છે,...**' લ્યો '**स्यात्**'નો અર્થ એ છે ત્યાં છે? '**આત્મા પોતાના જ ભાવનો કર્તા છે,...**' એ પોતાનો ભાવ અહીં. વિકારી કે અવિકારી પોતાનો ભાવ અહીં લેવો છે. સમજાણું કાંઈ? વિકારીભાવ પણ એનો છેને પર્યાયનો? તો જ્યાં પર્યાયબુદ્ધિ છે ત્યાં એનો કર્તા થાય છે અને જ્યાં દ્રવ્યબુદ્ધિ, સ્વભાવબુદ્ધિ થઈ એનો કર્તા નહિ. કર્તા થાય છે પણ સ્વભાવનો. અહીં કર્તા લેવો છેને? આહા..હા..! સમજાણું કાંઈ? '**પરભાવનો...**' પરભાવનો એટલે? પુદ્‌ગલનો. અહીં પરભાવ એટલે પુણ્ય-પાપના ભાવનો નહિ. '**પરભાવનો (પુદ્‌ગલના ભાવોનો)...**' એમ. એ પુદ્‌ગલના ભાવ એટલે અહીં ઓલા પુણ્યના, પાપના ભાવ એ પુદ્‌ગલના ભાવ એ અહીં નહિ. સમજાણું કાંઈ? એ તો પહેલું કહ્યું અજ્ઞાનને, જ્ઞાનને કરે

પોતાના ભાવને. પુણ્ય-પાપના ભાવ પણ અજ્ઞાનમાં એના માન્યા છે અને એના છે. એને કરે. પણ પુદ્‌ગલના ભાવનો કર્તા જડની પર્યાયને કરે, એણે મેં રાગ કર્યો માટે જડની પર્યાય એવી બાંધે. લ્યો! જુઓ, ઓલામાં નહોતું આવ્યું? શિલ્પીનું નહોતું આવ્યું? શિલ્પી કરે. તન્મય ન થાય. ત્રણ બોલ આવ્યા હતા એમાં. શિલ્પી કર્મફળને ભોગવે. તન્મય ન થાય. શિલ્પી કર્મ વડે કરે. એવા ત્રણ બોલ આવ્યા હતા. એય..! ઓલા તમારા ..લક્ષ આવે સ્વાધ્યાય... આહા..હા..! કારીગરો પરની કારીગરી કરે, પણ પરની સાથે તન્મય ન થાય. હવે કરે ક્યાંથી? એ શબ્દો છેને? ત્રણ શબ્દ છે.

મુમુક્ષુ :- કર્તાકર્મમાં આવ્યું કરે તો તન્મય થઈ જાય.

ઉત્તર :- એ તો ૯૯માં આવ્યું. કરે તો તન્મય થઈ જાય. અહીં તો કરે અને તન્મય ન થાય. કરે તો કરો.

મુમુક્ષુ :- કરતો નથીને.

ઉત્તર :- કરતો જ નથી. કરે શું? એ તો દુનિયાની ભાષાએ વાત કરી છે. શિલ્પી કારીગરો બધાય. સોની, કંદોઈ, વકીલ પણ કારીગર છે એ જાતનો. આ સુમનભાઈ પણ એ જાતના કારીગર ઓલા તેલના. આહા..હા..! આ પણ કારીગર છે. એસોમાં છેને એ? ..માં છે હોં.

કહે છે. આહા..હા..! '**આત્મા પોતાના ભાવનો કર્તા છે, પરભાવનો...**' એટલે જડની પર્યાયનો એમ. જડ કે પરભાવનો જડ હો કે આત્મા હો. આત્મા સિવાય પોતાના ભાવને અજ્ઞાની કરે વિકાર, જ્ઞાની જ્ઞાનના આનંદભાવને કરે. એ સિવાય પરવસ્તુની ક્રિયાના કર્તા આત્મા ત્રણ કાળમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**કદી નથી.**' '**क्वचित् न**' '**क्वचित् न**' '**કદી નથી.**' કોઈ કાળે નહિ એમ. તો એક સમયમાં હોય એ સદાય હોય. કારણ કે એક સમયમાં પણ નથી. મફતનો માને છે. હું છું એટલે આ બધું વ્યવસ્થાએ કામ ચાલે. શાકભાજી સરખી થાય. મોરતાં હોં એ સરખું. ઓલું શું કહેવાય? શાકનું નહિ?

મુમુક્ષુ :- ..પાલી ઉપર કરે.

ઉત્તર :- પાલી ઉપર કરે એ દાળા. દાળાને શું કહેવાય એ? ગરમર. દાળા કરે. અહીં ગડબડ તો કરે છે હોં પણ. નહિ? ગરમર ન કરે? કંદમૂળ. ઠીક. પાલી ઉપર રાખીને ડાળા કરે. કઠણ હોયને.

મુમુક્ષુ :- એ મોટા .. હુશિયાર કહેવાય.

ઉત્તર :- હુશિયાર કહેવાય એજ કહું છું.. એવું સાંભળ્યું છે બધું. હુશિયાર કહેવાય. નીચે કોથળો રાખે, એક પાલી ઉભી રાખે. ઉંઘી પણ જાય. આમ બે-ચાર છોકરા હોય તો ઉંઘી જાય. ઉંઘે ત્યાં પાછી એ આવે છે. .. જગ્યા ચડી ગઈ હતી ઓલી. અને જાગ્યા તો

... એમ અજ્ઞાની જરી કામ કરીને સૂતો હોય, પણ જ્યારે જાગ્યો એટલે ઓલા કામના જ વિકલ્પનો કર્તા થાય. લ્યો આ તો શ્લોક પછી આવ્યો. છોકરાઓમાં નથી આ? પરભાવથી આ પરદ્રવ્યની વાત છે. ... પણ છે પરદ્રવ્યની અહીં વાતે. આ છોકરાઓને આપણે આપે છે નહિ પ્રાર્થના વખતે. પહેલેથી કરે છે. ..થી.

## શ્લોક-૬૨

(अनुष्टुभ्)
आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।६२।।

એ જ વાતને દૃઢ કરે છે :-

શ્લોકાર્થ :- [आत्मा ज्ञानं] આત્મા જ્ઞાનસ્વરૂપ છે, [स्वयं ज्ञानं] પોતે જ્ઞાન જ છે; [ज्ञानात् अन्यत् किम् करोति ] તે જ્ઞાન સિવાય બીજું શું કરે? [आत्म परभावस्य कर्ता ] આત્મા પરભાવનો કર્તા છે [अयं] એમ માનવું (તથા કહેવું) તે [व्यवहारिणाम् मोहः] વ્યવહારી જીવોનો મોહ (અજ્ઞાન) છે. ૬૨.

## કળશ-૬૨ ઉપર પ્રવચન

(अनुष्टुभ्)
आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।६२।।

જુઓ, અહીં 'ज्ञानात्' તો છે, પણ આ જ્ઞાન પોતાના સિવાય. શું કરે?

'શ્લોકાર્થ :- આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પોતે જ્ઞાન જ છે;...' એટલે રાગસ્વરૂપ છે નહિ એમ આવી જાય છે, પણ ઓલું સિદ્ધ ઓલું કરવું. એટલી વાત. નહિતર જ્ઞાનસ્વરૂપ જ છે એ તો રાગને કેમ કરે? પણ અહીં તો અજ્ઞાનભાવે રાગને કરે અને જ્ઞાનભાવે વિચારભાવને કરે એ વાત સિદ્ધ કરવી છે. પરનો કર્તા જરીએ નથી. 'આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પોતે જ્ઞાન જ છે;...' વળી એ જ્ઞાનસ્વરૂપ છે એ તો હજી ભેદ રહી ગયો કહે છે. આ તો

સ્વયં જ્ઞાન. પોતે જ્ઞાન જ છે. જ્ઞાનસ્વરૂપ છે એમ કહેતા અહીં બે ભેદ પડી ગયો. ગુણરૂપ છે. આ તો કહે ગુણ નહિ, ગુણસ્વરૂપ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ જ્ઞાનસ્વરૂપ જ છે. વળી આત્મા જ્ઞાનસ્વરૂપ છે. **'आत्मा ज्ञानं' 'स्वयं ज्ञानं'** વિશેષ કહ્યું. **'आत्मा ज्ञानं' 'स्वयं ज्ञानं'** પોતે જ્ઞાનસ્વરૂપ ચક્ષુ સૂર્ય છે. એ જ્ઞાનનો સૂર્ય છે. **'તે જ્ઞાન સિવાય બીજું શું કરે?'** પોતાના જ્ઞાન સિવાય બીજું શું કરે? **'आत्म परभावस्य कर्ता'** એટલે **'આત્મા પરભાવનો કર્તા છે...'** એટલે આત્મા સિવાય પરદ્રવ્યની પર્યાયનો કર્તા છે **'એમ માનવું (તથા કહેવું) તે...' 'व्यवहारिणाम् मोहः' 'વ્યવહારી જીવોનો મોહ (અજ્ઞાન) છે.'** આહા..હા..! **'व्यवहारिणाम् मोहः'** જુઓ, પછી વ્યવહારી છેને, વ્યવહાર છે, વ્યવહારથી જ કરે છે કે નહિ? કહે વ્યવહારીનો મોહ છે. કરે શું ધૂળ? સમજાણું કાંઈ? વ્યવહારથી તો પરને કરે કે નહિ? દુકાનની વ્યવસ્થા. આ વકીલો બરાબર કાઢે ઓલા ચોપડા. આ કાયદો અહીં છે, આ કાયદો અહીં છે એ બધું કરે કે નહિ વ્યવહારે? આહા..હા..! વ્યવહારી જીવોની મૂઢતા છે એ તો કહે છે. આહા..હા..! પરનું કાંઈક કરી શકું છું. દેશનું કર્યું લ્યોને. પહેલું ઘરમાંથી આવે. ઘરનું પહેલું કરે. પંડ માટે ઘરનું, પછી કરે નાતનું, પછી કરે દેશનું. ગામનું, પછી કરે દેશનું. એમ કહે છે લોકો હોં. શરૂઆત કરવી હોય તો આમ કરો. પહેલું કરવું ઘરનું. પણ ક્યું ઘર? પછી બીજું કરવું કુટુંબનું, ત્રીજું કરવું નાતનું, ચોથું કરવું ગામનું, પાંચમું કરવું દેશનું. એમ કહે. પાંચેયમાં કાંઈ કરી શકતો હોય તો હરામ છે કહે છે. કહો, લાલજીભાઈ! આ અનીલભાઈ તો કરતા હશે કે નહિ ત્યાં ધંધો. એ ભાઈ તો કહે છે તમારો છોકરો તો એ બધા મારા કાકા અને બાપુ બધા સંકલ્પ-વિકલ્પ કરે. શું કરે છે? મેં કીધું તારો બાપ કરે છે ત્યાં? દાદાએ કાંઈ કર્યું નથી કહે. શું કરે છે? સંકલ્પ-વિકલ્પ કરે, બાકી પરનું શું કરે? કહે. કહે છેને. એ આવે છે. આવવાના છે હવે.

મુમુક્ષુ :- ... ત્યારે આવશે.

ઉત્તર :- ... હવે? આહા..હા..! એક પરમાણુને, રજકણને નીચેથી ઉંચો મૂકવો કે ઉંચેથી નીચે લાવવો કે નજીકથી દૂર કરવો કે દૂરથી નજીક લાવવો. એ ક્રિયા આત્મા હરામ ત્રણ કાળમાં કોઈ દિ' કરે તો કહે છે. અજ્ઞાની એમ માને છે. એ એનો ભ્રમ છે કહે છે. સમજાણું?

**'હવે કહે છે કે વ્યવહારી જીવો આમ કહે છે :—'** એ ગાથાનું કહે છે. ૯૮માં. વ્યવહારી જીવોનું આમ કહેવું છે. એ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

## પાઠકોની નોંધ માટે

